# પારસમણિ

પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

ભારતી દિપક મહેતા





# स्तौमि भद्रंकरं गुरुम्

ध्यात्वा वीरजिनं विशुद्धमनसा, त्रैलोक्यसम्पूजितम्,
स्तुत्वा श्री श्रुतदेवतां सुमनसां, कुन्देन्दुशुभ्रद्युतिम् ।
नत्वा रामसुधास्रवं सुमुनिपं व्याख्यान-वाचस्पतिम्,
स्तोष्येऽहं जिनधर्मदानकुशलं, पंन्यास भद्रंकरम् ॥

सत्यमधुरवक्तारं, हन्तारं मोहवैरिणम् ।
निस्पृहं बोधदातारं, स्तौमि भद्रंकरं गुरुम् ॥
प्रशान्तं ज्ञानदातारं, योगनिष्ठं महायतिम् ।
आत्मध्याने सदामग्नं, स्तौमि भद्रंकरं गुरुम् ॥

शास्त्रज्ञं शास्त्रदातारं, वात्सल्यापारवारिधिम् ।
प्रसन्नं शान्त-गम्भीरं, स्तौमि भद्रंकरं गुरुम् ॥
चारित्रपथदातारं, दीर्घचारित्रपालकम् ।
मोहबन्धनछेत्तारं, स्तौमि भद्रंकरं गुरुम् ॥

मैत्री-प्रमोद कारुण्यमाध्यस्थ्य-स्थ्येन समन्वितम् ।
त्यागमार्गप्रणेतारं, स्तौमि भद्रंकरं गुरुम् ॥
आभ्यन्तरतपोमग्नं, महामन्त्रस्य साधकम् ।
ध्यानयोगे सदालीनं, स्तौमि भद्रंकरं गुरुम् ॥

श्रुत-चारित्रधर्मस्य, साधकं बोधकं पुनः ।
शमरसे सदा मग्नं, स्तौमि भद्रंकरं गुरुम् ॥
परोपकारमग्नानां, गुरुणां भक्ति-भावतः ।
तच्छिष्यरत्नसेनेन, रचितमिदमष्टकम् ॥

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા




मयि तद्रूपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)



# પારસમણિ

પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

ભારતી દિપક મહેતા

- PARASMANI
Panyas Shri Bhadrankarvijayji Maharaj

A biographical sketch of the divine & inspirational life of Pujya Panyas Shri Bhadrankarvijayji Maharaj by Bharti Deepak Mehta



- © Bharti Deepak Mehta



82, Gautam Buddha Apts.,
opp. Shastri Medan,
Kanji Swami Marg,
Rajkot - 360001.
+91 98252 15500
bharti@mindfiesta.com



- Sponsor :

श्री भद्रंकर विद्यादीपक निधि
Deepak Foundation
Mumbai / Vadodara / Pune

- First edition :

July - 2015 | Copies : 2500 | Pages : 396

- Publishers :

thinkFiesta PUBLICATION
team@mindfiesta.com

- Concept and Design :

fiesta designs
www.fiestadesigns.in
team@fiestadesigns.in

- eBook available on :

www.navkarday.com
www.fiestaflip.in
Google play navkarday

- Printers :

Pragati Offset Pvt. Ltd.,
Hyderabad.
www.pragati.com



શ્રી [illegible] પ્રભુ ([illegible])



શ્રી [illegible] પ્રભુ ([illegible])



શ્રી [illegible] પ્રભુ ([illegible])



શ્રી [illegible] પ્રભુ ([illegible])



શ્રી [illegible] પ્રભુ ([illegible])

# અર્પણ

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના
પૂર્ણયોગરૂપ દિવ્યજીવનની
મૈત્રીમંત્ર વિરાસતને
નિરાશંસભાવે આગળ વધારનાર
આ ગ્રંથના પ્રેરક વિવેકચૂડામણિ

પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યને

સાદર ત્રિકાળ વંદનો સહ
અર્પણ કરતા
ભીતરની ખોજ પૂર્ણ
થયેલી અનુભવું છું.

■

ભારતી દિપક મહેતા



# પૂજ્ય ગુરુમહારાજની ગુણમહિમા...!!

વિક્રમ સંવત ૧૯૫૮ માગશર સુદ ૭નાં પાટણમાં એક અધ્યાત્મયોગનાં સાધક આત્માનો આ યુગમાં પ્રાદુર્ભાવ થયો, જે સંવત ૨૦૬૬ વૈશાખ સુદ ૧૪નાં આ પર્યાય સ્વરૂપે વિલીન થયા પણ ભાવગુણ સાથે યોગપુરુષ આજે પણ યથાવત્ છે.

એ યોગપુરુષનાં સાંનિધ્યમાં મારો બાલ્ય અને યૌવનકાળ પસાર થયો. ગુણોનાં ભંડાર સાહેબજી, ગુણમય ગુણસ્વરૂપ હતાં. કારણ કે ગુણાનુવાદ – ગુણાનુરાગ એમની જીવનચર્યારૂપ બની ગયા હતા. એક અટલ નિયમ છે કે આપણને જેવું ગમે તેવું સામે આવે. ગુણો ગમે તો ગુણો આવે.

સાહેબજી સાથે લગભગ ૩૫ વર્ષ રહ્યો. તેમાં ૨૫ વર્ષ સંયમ જીવનમાં રહ્યો. સાહેબજીનું પારદર્શક જીવન નિહાળ્યું. સાહેબજી જેટલા તીર્થોમાં પધાર્યા પ્રથમવાર અઠ્ઠમનો તપ નિશ્ચિત કર્યો હોય જ... સાધનાભૂમિઓમાં કલાકોની સાધના... જિનમંદિરથી આવીને પરમાત્મભક્ત ચિંતનને શબ્દદેહ આપી જ દેવાનું...

વર્તમાનમાં અદૃશ્ય કેટલીક સાધનાઓ તેમ જ મંત્રોની સિદ્ધિઓ સિદ્ધ હોવા છતાં પણ હંમેશા દેખાવથી પર રહ્યા અને યોગ્ય આત્માઓને પાત્રતા મુજબ આપીને અલિપ્ત રહ્યા. વ્યવહારિક જીવનમાં ક્યારે પણ કોઈની પણ નિંદા, હલકી કે નબળી વાત કરી નથી. પોતે જેવું બોલ્યા તેવું જીવન જીવ્યા. ગુણોથી ભાવિત રહ્યા.

નમસ્કારભાવ, મૈત્ર્યાદિભાવ, આચારપ્રધાન યોગ, નિશ્ચયાત્મક આત્મબોધથી પૂર્ણ ભાવિત બનીને એ ભાવોને પ્રસરાવ્યા. જેથી અનેક આત્માઓ આ ભાવોથી ભાવિત બની શક્યા.

સાહેબજી પોતે તત્ત્વજ્ઞાનથી પૂર્ણ હતા. ભક્તવર્ગ હતો, શિષ્ય પરિવાર પૂર્ણ હતો, વડિલોનાં કૃપાપાત્ર હતા. છતાં ક્યારેય પણ પોતે પામેલા પદાર્થો – તત્ત્વોને હાઈલાઈટ્સ કરીને પોતાનો માર્ગ જુદો ન બનાવ્યો... પ્રભુનો જે માર્ગ તે જ શાશ્વત સત્ય માર્ગ.

વર્તમાનકાળમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, પાતંજલિ વિગેરેનાં ધ્યાનયોગ તેમ જ અનેક ઉપનિષદોનાં પૂર્ણ અભ્યાસ સાથે પ્રેક્ટીકલ આત્માનુભવ કરેલ વ્યક્તિત્વ હોવા છતાં સાહેબજી બાહ્યભાવોથી તો અલિપ્ત જ રહ્યા, આડંબરથી પર રહ્યા.

સાહેબજી કહેતા હતા કે વર્તમાનમાં મધ્યમ માર્ગે જીવાતું સંયમ જીવન માયા-અભિમાનરહિત જીવાય તો તે લોંગ લાઇફ જીવી શકાય. પોતે અને પોતાના સમર્પિત પરિવારને એવું જ જીવન જીવાડી શક્યા.

સાહેબજીનાં જીવન ચરિત્ર ગ્રંથો જ્યારે જ્યારે ગુજરાતી કે હિન્દી પ્રગટ થયા ત્યારે કંઇક વિશેષ આદર્શરૂપ બન્યા છે. કારણ કે તેમનું જીવન એક આદર્શ જીવન હતું.

ગતવર્ષ મારા લઘુ ગુરુબંધુ આ. હેમપ્રભસૂરિજીને વિચાર આવ્યો કે સાહેબજીનું જીવન નવા રૂપ-રંગ-શબ્દ-ભાવ સાથે પ્રગટ થાય તો યુવાપ્રજાને, સાધનાપ્રિય આત્માઓને કંઇક આલંબન રૂપ બને. તે માટે નિમિત્ત બન્યા સાહેબજીના ભક્તહૃદયી સી. કે. મહેતા, ડૉ. કુમારપાળ દેસાઇ અને જીવનચરિત્રની ભાવધારામાં પ્રવાહિત થયા ભારતીબેન...

એમણે પૂજ્યશ્રીના જીવનને કેવી રીતે કંડાર્યું, કેવી ભાવધારા સાથે શબ્દદેહ આપ્યો તે જ આ પ્રસ્તુત ગ્રંથ 'પારસમણિ - પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય'.

ભાવધારામાંથી ભાવાવેશમાં ખેંચાયા વિના ક્યાંય અતિશયોક્તિ ન થઇ જાય તેની કાળજી રાખીને સહજ-સાત્ત્વિક પ્રસંગો શબ્દસ્થ કરાયા છે. છતાં સાહેબજીના જીવનને પૂર્ણ ન્યાય આપવો તો અશક્ય જ છે. છતાં પ્રયત્ન પૂરો કર્યો છે.

સાહેબજીના જીવનનાં આ વાંચન દ્વારા સાહેબજી જેવા ગુણો કેળવી ગુણીયલ બની જૈનશાસનની ગુણપરંપરાને આગળ ધપાવનારા બનીએ.

કસ્તુરધામ, પાલીતાણા.
જયેષ્ઠ માસ, ૨૦૭૧ - જૂન, ૨૦૧૫

પં. વજ્રસેન વિજય



# અમારા દાદાગુરુ મહારાજ
# જૈનજગતનાં પંન્યાસજી મહારાજ

જેમની વિદાયને ૩૫-૩૫ વર્ષના વ્હાણાં વ્યતીત થઈ ગયા... એ દિવ્ય વિભૂતિ એટલે વર્તમાન જૈનજગતનાં એક આદર્શ રૂપ અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી - અમારા દાદાગુરુ મહારાજ. જેવી રીતે ભૂતકાળનાં શ્રી આનંદઘનજી, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી તેવી જ રીતે સાંપ્રતકાળે જૈનજગતનાં શ્રી પંન્યાસજી મહારાજ.

જીવનકાળમાં તેમણે અનેક આત્માઓને પરમાત્માએ પ્રસારેલા મૌલિક તત્ત્વોથી ભાવિત કર્યા. એક તરફ નમસ્કાર મહામંત્રની સાધનાનાં અભ્યાસુ આત્માઓને નમસ્કારભાવથી અભરે ભર્યા, યોગમાર્ગનાં સાધકપણાની યોગ્યતા ધરાવતા પુણ્યાત્માઓને યોગમાર્ગમાં આગળ વધાર્યા, તો બીજી તરફ ધ્યાનમાર્ગનાં આરાધકોને ધ્યાનમાર્ગ, જ્ઞાનમાર્ગ, ક્રિયાયોગ, તપયોગ, મંત્રસાધના ઈત્યાદીમાં યોગ્યતા મુજબ વિકાસ કરાવ્યો. તેની અનુભૂતિ સાહેબજીની હાજરીમાં તો થતી જ પણ સાહેબજીનો આત્મા દેહમાંથી જુદો પડ્યા બાદ આવેલા સેંકડો આત્માઓનાં જાત-અનુભવો દ્વારા ચિંતયોગમાં પણ થયેલી અનુભૂતિઓ તથા સિદ્ધિઓની વિગત જાણી ત્યારે થયું કે ઓહો...! સાહેબજીનાં આત્માની આટલી બધી ઊંચાઈ - ઊંડાઈ - મહાનતા!

'કલ્યાણ' વિશેષાંકના માધ્યમે અનેક પુણ્યાત્માઓએ સાહેબજીનાં જીવન-કવનનાં દર્શન કર્યાં, તો 'પૂજ્ય પંન્યાસજી મહારાજ' પુસ્તકે સાહેબનાં સળંગ જીવનનાં ભાવોથી દરેકને ભાવિત કરાવ્યા. વળી પૂજ્ય સાહેબજીના પ્રવચનો-ચિંતનો-લેખોના પ્રકાશનો દ્વારા પણ પૂજ્યશ્રીનાં તાત્ત્વિક ભાવોને સ્પર્શવા અનેક ભાવિકો આજ પર્યંત સદ્‌ભાગી બન્યાં.

ગત વર્ષે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ કોમા સમી પરિસ્થિતીમાંથી બહાર આવ્યા તે પણ પૂજ્ય સાહેબજીની દિવ્યકૃપાથી જ. એટલે વિચાર આવ્યો કે આ ઉપકારની સ્મૃતિ રૂપે એક નવ્ય ગ્રંથનું સર્જન કરાવવું. વર્તમાનમાં યોગમાર્ગની ભૂમિકાવાળા સાધકોને પૂજ્ય સાહેબજીની અંતરંગ ઓળખ થાય તે માટે કોઈ ભાવુક લેખક દ્વારા નવેસરથી આલેખન કરાવવા સાહેબજીનાં મુંબઈ સ્થિત


ભક્ત સુશ્રાવક સી.કે.મહેતા (ચીમનભાઇ) સાથે અમદાવાદમાં વાત કરી. તેઓ તો તરત પદ્મશ્રી કુમારપાળભાઇ દેસાઇને તેડીને આવ્યા. એમની સાથે વાત થયા પ્રમાણે પૂજ્યશ્રીનાં જીવનચરિત્ર સંબંધી પુસ્તકો તેમ જ અન્ય પ્રસ્તુત ઉપયોગી તાત્ત્વિક ગ્રંથો તેમને મોકલાવાયા.

પૂજ્યશ્રીનાં જીવનનું આલેખન કરવા માટે તેમની ભાવ ઓરાની આધ્યાત્મિક ધારાને સ્પર્શીને વ્હેતાં થવું પડે. તેથી કુમારપાળભાઇએ આ કાર્ય સાહેબજીનાં ભક્ત સુશ્રાવક શશીકાંતભાઇ મહેતાનાં પુત્રવધુ ભારતીબેન દિપકભાઇ મહેતાને સોંપ્યું. તેઓ પૂજ્ય સાહેબજીનાં ભાવોથી ભાવિત હતાં જ, તેથી તેઓએ આ જવાબદારી સ્વીકારી અને સાહેબજીની જીવન સરિતામાં ડુબકી લગાવી.

તેઓએ સાહેબજી સંબંધીત સઘળા યે સાહિત્યનું પઠન કરી, સાહેબજીનાં પરિચિત મહાત્માઓ, પુણ્યાત્માઓ, ચાતુર્માસિક ક્ષેત્રો, સાધનાભૂમિઓ વગેરેમાં રૂબરૂ જઇ કે ફોનથી સંપર્ક કરી ઘણાં પ્રસંગો મેળવ્યા. એ બધાથી ભાવિત બનીને કલમ ચલાવી અને સાહેબજીની આભા નીચે આલેખાયેલી સાહેબજીની જીવન કથા... એટલે જ આ 'પારસમણિ - પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય'.

આ કથા કેટલાય ભવિજનોને સાધનાભરી જીવનચર્યા માટે આદર્શરૂપ પ્રેરક બની રહેશે. ગુરૂભક્ત સી.કે.મહેતાનાં હૈયાની ઉદારતાથી આ દિવ્ય આધ્યાત્મિક ગ્રંથ પ્રકટ થઇ રહ્યો છે તેનો આનંદ છે.

બળેજ તીર્થ - પોરબંદર.
જયેષ્ઠ માસ, ૨૦૭૧ - જૂન, ૨૦૧૫



# આતમજ્ઞાની શ્રમણ કહાયે

આ જીવનચરિત્ર નથી, પણ એક અધ્યાત્મ-યાત્રા છે.

અહીં માત્ર શબ્દ નથી, કિંતુ સદા ચાલતો સત્સંગ છે.

અહીં વિભૂતિની જીવનકથા નથી, બલ્કે પ્રબળ આંતરશક્તિનો આલેખ છે.

અહીં પ્રસંગોની ગૂંથણી નથી, વિશેષ તો સ્વ-રૂપનું સૌંદર્ય છે.

અહીં અક્ષરનો ઉછળતો આનંદ નથી, કિંતુ અ-ક્ષર એવી અલૌકિક પ્રસન્નતાનો સાગર છે.

આ ગ્રંથ વાંચતા હૃદયમાંથી સ્વાભાવિક રીતે જ આવા ઉદ્‌ગારો સરી પડે! એનું કારણ એ છે કે કોઈ સાહિત્યસર્જકનું જીવનચરિત્ર આલેખવું પ્રમાણમાં સરળ છે, કોઈ રાજપુરુષની કાર્યકથા વર્ણવવી એથી ય વધુ સહેલી છે, પરંતુ કોઈ અધ્યાત્મ-વિભૂતિના બાહ્ય-આંતર જીવનની છબી આત્મસાત્ કરીને આલેખવી એ અત્યંત કઠિન છે, કારણ કે એમાં એમને જાણવાની, સમજવાની ને પામવાની હોય છે.

અન્ય વ્યક્તિઓનાં જીવન એવા હોય છે કે જ્યાં માત્ર પ્રત્યક્ષ પર નજર ફેરવીએ એટલે કાર્ય પૂર્ણ થાય, જ્યારે વિભૂતિના જીવનપ્રકાશને આલેખતી વખતે પ્રત્યક્ષને પાર પરોક્ષાનુભૂતિઓ પામવાનો પ્રયત્ન કરવો પડે. એવો મહાપ્રયાસ આ ગ્રંથમાં શ્રીમતી ભારતીબેન દિપકભાઈ મહેતાએ સફળતાથી કર્યો છે.

ગ્રંથરચનાની પશ્ચાદ્‌ભૂમિકામાં વાત એવી બની કે મારા પરમ સ્નેહી-મુરબ્બી શ્રી સી. કે. મહેતાને જ્યારે જ્યારે મળતો, ત્યારે એમના મુખેથી ગુરુદેવ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનો શીતળ પાવન હૃદયસ્પર્શ અને તેઓની આત્મપરિવર્તનની ખૂબીઓનો અહેસાસ થતો. જેમ શિષ્યને જોઈને ગુરુની ભવ્ય પ્રતિભાનો અણસાર સાંપડે, એ રીતે મને પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના પાવન પરિચયનો અવસર મળ્યો. આમ તો એક-બે વખત માંડ નિરાંતે એમનાં દર્શન પામવાની અને એમના આત્મજાગૃતિભર્યા શ્રુતજ્ઞાનના શ્રવણની તક મળી હતી.

પરંતુ જ્યારે જ્યારે શ્રી નમસ્કારમંત્રના આરાધક શ્રી શશિકાંતભાઈ મહેતાને નિહાળતો ત્યારે કે પછી પંન્યાસજી મહારાજને આપેલા વચનને પરિણામે પંચોતેરમા વર્ષે બહોળો કારભાર છોડીને નિવૃત્તિ લેનારા શ્રી સી. કે. મહેતાને જોઉં ત્યારે અથવા તો અમદાવાદમાં કે વિદેશમાં શ્રી બાબુભાઈ કડીવાળાની સાથે હોઉં, ત્યારે પૂજ્ય પંન્યાસજી મહારાજ પ્રત્યે વારંવાર ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક પ્રગટતો તેમનો અખૂટ ભક્તિભાવ અને શ્રી નમસ્કાર મહામંત્ર પ્રત્યેની અડગ શ્રદ્ધા જોઈને મનોમન મારા ચિત્તમાં પૂજ્ય પંન્યાસજી મહારાજની ભવ્ય મૂર્તિ રચાઈ ગઈ હતી. અને આથી જ પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીયશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબનાં પાવન દર્શન પ્રાપ્ત થયાં ત્યારે ને પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભવિજયજી મહારાજની શુભાશિષ મળતાં તેઓએ મને નવકારના મહાસાધક પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના જીવનચરિત્રના લેખનની વાત કરી.

આ પ્રસંગે સ્વાભાવિક રીતે જ મને સ્ફૂર્યું કે હમણાં જ જેમણે 'અધ્યાત્મરવિની પિતૃછબિ' નામનો ગ્રંથ લખ્યો છે એવા ભારતીબેન દિપકભાઈ મહેતા આ કાર્યને સર્વથા યોગ્ય ન્યાય આપી શકે. કારણ એટલું જ કે એમને પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજનાં દર્શન અને શ્રવણનો અપૂર્વ ધર્મલાભ પ્રાપ્ત થયો હતો.

વળી નવકાર મંત્રના આરાધક એવા એમના શ્વશુરશ્રી શશિકાંતભાઈ મહેતા પાંત્રીસ વર્ષ સુધી પંન્યાસજી મહારાજની નિશ્રામાં રહ્યા હતા, એમની પાસેથી તેઓ વિશે અનેક અનુભવો પામ્યા હતા અને એમના પિતાતુલ્ય મામા શ્રી સી. કે. મહેતા અને મામી કાંતાબહેન મહેતાના જીવનમાં પણ પૂજ્ય પંન્યાસજી મહારાજનો અપ્રતિમ ફાળો હતો. આમ જેમણે જિનશાસનની આવી મહાન વિભૂતિના અનુપમ જીવનનો પ્રતિક્ષણ ધબકાર ઝીલ્યો છે એવી વ્યક્તિ જ આ પ્રભાવક વ્યક્તિત્વના અંશો ઝીલીને આપણને એનો સાક્ષાત્કાર કરાવી શકે. આ અંગે શ્રી ભારતીબહેન મહેતાને વિનંતી કરતાં તેઓએ આ કાર્યનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કર્યો.

એ પછી તો એમણે પૂજ્ય પંન્યાસજી મહારાજના અધ્યાત્મ-જીવન અને ધર્મકાર્યો વિશે અથાગ મહેનત કરી. આ માટે એમણે સાધુમહાત્માઓની અને તેઓના પરિચયમાં આવેલા મહાનુભાવોની પ્રત્યક્ષ મુલાકાત લીધી. એમની બાલ્યાવસ્થાના પ્રસંગો આલેખવા માટે એમણે કલ્પનાની પીંછીથી વાસ્તવિક ચિત્રો સર્જ્યાં છે. વળી પૂજ્ય પંન્યાસજી મહારાજમાં બાલ્યાવસ્થામાં જાગતી વૈરાગ્યપ્રીતિ અને મોક્ષલક્ષિતાની ભાવનાનો ક્રમિક આલેખ અને તેઓના આંતરજીવનની સ્થિતિનો જીવંત આલેખ અહીં મળે છે. એ સમયની દેશની રાજકીય પરિસ્થિતિની સાથે આ સઘળી ઘટનાઓને ગૂંથી લઈને ગ્રંથનો વાચક એ સમયસંદર્ભને પામી શકે તેવું આયોજન કર્યું છે. પાટણની ઐતિહાસિક વિગતો હોય કે પછી ભગવાન મહાવીરની દીક્ષાનો પ્રસંગ હોય એ બધી બાબતો આમાં એકરૂપ બનીને આવી છે. અહીં પ્રત્યેક ધર્મક્રિયા સાથે મર્મક્રિયાઓનો આંતરસંવાદ જોવા મળે છે.

'નવકારવાળા મહારાજ' તરીકે જગપ્રસિદ્ધ એવા પૂજ્ય પંન્યાસજી મહારાજના રોમેરોમમાં થતો નવકારનો ગુંજારવ સાધકો સહુ કોઈમાં કેવો દિવ્યધ્વનિ પ્રગટાવે છે, એનું આલેખન જોવા મળે છે. એમની પ્રતિભાના સ્પર્શે જીવનપરિવર્તન પામનારી વ્યક્તિઓની નામાવલી તો જુઓ! શાસનના કેટકેટલા સમર્થ આરાધકો આ પારસમણિનો સ્પર્શ પામીને ઊર્ધ્વજીવન પામ્યા.

કેટલાય માર્મિક સૂત્રો દ્વારા એમના ચિંતનનું પ્રાગટ્ય થયું છે, પંન્યાસજી મહારાજને જ્યારે આચાર્ય પદવી આપવાની વાત થઈ ત્યારે કહ્યું કે મને ગમતો શબ્દ તો 'મુનિ' છે, પંન્યાસ પદને યોગ્ય જીવન જીવવાનો તો પ્રયત્ન કરું છું અને એ રીતે તેઓ પદવીથી દૂર રહ્યા.

એમના જીવનમાં ભક્તિ અને મૈત્રીનો અપૂર્વ સંગમ થયો હતો અને શાસનના પ્રશ્નો પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિ, સંઘર્ષોનો ઉકેલ લાવવાની શક્તિ, વ્યાપક ચિંતન અને સામાન્ય માનવીમાં વૈરાગ્યનો પાયો રચવાની ક્ષમતા – એ બધી જ બાબતો હૃદયસ્પર્શી પ્રસંગો દ્વારા અહીં આલેખવામાં આવી છે.

ઈ.સ.૨૦૧૪માં ભારતીબહેન પાસેથી 'અધ્યાત્મરતિની પિતૃછબિ' નામનો ગ્રંથ મળ્યો અને ૨૦૧૫માં 'પારસમણિ - પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય' નામનો ગ્રંથ મળ્યો. આ બંને ગ્રંથોએ જૈન સાહિત્યના ચરિત્ર સાહિત્ય-સ્વરૂપમાં આગવી, રસાળ છતાં આધ્યાત્મિક અને પ્રવાહી છતાં હૃદયસ્પર્શી સૃષ્ટિ ઉપસાવી છે. ચરિત્ર એ ચારિત્ર્યને ઘડે છે અને આજે જ્યારે સમાજમાં ચારિત્ર્યની કટોકટી સર્જાઈ છે, ત્યારે આવાં ચરિત્રો દીવાદાંડીરૂપ બની રહેશે.

ભારતીબહેનને એમના આ સર્જન માટે ખૂબ ખૂબ ધન્યવાદ અને ભવિષ્યમાં પણ એમના દ્વારા આવા ચરિત્રોનું સર્જન થતું રહે તો સમાજને આવી વ્યક્તિઓ અને વિભૂતિઓના જીવનની અંતરંગ છબી સાંપડશે. આ ગ્રંથ આવનારી પેઢીને જૈન ધર્મના ગૌરવની ઝાંખી આપીને એનામાં જૈનત્વનું ખમીર જગાડી શકનારો બનશે. સામાન્ય માનવીને ઊર્ધ્વજીવનની પ્રેરણા આપશે. સાધકને ઊજળો સાધનાપથ દર્શાવશે અને શાસનને એમના અધ્યાત્મરત્નના પ્રકાશનું અલૌકિક અજવાળું દર્શાવશે.

અમદાવાદ
તા. ૨-૧-૨૦૧૫

કુમારપાળ દેસાઈ



# મારા ગુરુ મહારાજ

In the moments of devotion, there is no doer.

પૂજ્ય ગુરુ મહારાજની નિશ્રામાં મરુભૂમિમાં ગાળેલા એ ૧૪ વર્ષોનાં સુવર્ણ સમયમાં મારી જીવનયાત્રા બદલાઇ ગઇ. ભૌતિક સૃષ્ટિમાંથી આધ્યાત્મિક દુનિયામાં ડોકિયું કરતાં હું ભૂલો પડયો. દિશા શોધવા માંડયો. અંતે ગુરુ શરણે રહીને સમજ્યો કે:

સુખ દેવામાં છે, મેળવવામાં નથી.

આજ દિવસ સુધી આ બંને દુનિયા વચ્ચે હજી ડૂબકી મારતો રહ્યો છું. જો પરમ પૂજ્ય ગુરુ મહારાજ ન મળ્યા હોત તો? ૩૫ રૂપિયાનાં પગારદાર બનવાથી શરુ કરી આગળ વધેલી એક વ્યક્તિ અગાધ સુખમાં આળોટતી થાય તો એ અખૂટ સમૃદ્ધિ નહીંતર એને કયાં લઇ ગઇ હોત?

આજે પણ ગુરુ મહારાજ મારી સાથે જ છે અને મારો એક પણ દિવસ એવો નથી ગયો કે જ્યારે હું તેમનાં દર્શન કરવા પામતો ન હોઉં!

ગુરુ કૃપા વિના કંઇ જ થતું નથી. મારી એ જ પ્રાર્થના છે કે આ ગ્રંથમાંથી દરેક વાચક સર્વ સારભૂત તત્ત્વબોધ જીવન આચરણમાં ઉતારી શકાય તેવો પ્રયત્ન કરે.

न इओ सुंदरं परं । उवमा इत्थ न विज्जइ ।

ગુરુ બહુમાનથી અધિક સુંદર કાંઇ નથી. તે અનુપમેય છે.

પેડર રોડ, મુંબઇ
જૂન ૨૦૧૫

સી. કે. મહેતા

# હું તો એક લહિયો માત્ર....

सत्यमधुरवक्तारं, उदारं मोहवैरिणं ।
निःस्पृहं बोधदातारं, स्तौमि भद्रंकरं गुरुम् ॥

કોઈ પૂછે: દરિયો એટલે? કે પછી આકાશ એટલે? એમને કોની સાથે સરખાવી શકાય? બસ, યુગપુરુષ મહાયોગી, શ્રી નમસ્કાર મહામંત્રના મહાસાધક ને પરોપકારના અખંડધારક પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગુરુ મહારાજ પણ એમની પોતાની જેવા-અનુપમેય જ હતા. Beyond compare. એમના અવર્ણનીય જીવનની કૃતાર્થતાને ગ્રંથમાં અવતારિત કરવાનું કહેણ આવે ત્યારે બે-ચાર ક્ષણ તો અવાચક થઈ જ જવાય ને? ...ને પછી શબરીને 'રામ રમકડું' મળ્યાં જેવો આનંદ પણ થાય.

જેમનું અધ્યાત્મ રળિયાત હોય અને જેમણે મૈત્રીની અમીરાત આજીવન હૃદયમાં ધારી હોય તેવા પૂજ્ય પંન્યાસજી મહારાજના ઉચ્ચ શીલવંત જૂથમાં નઆતિનમ્ર વડીલ મહાત્મા રૂપે અમૂઢ સમાધિવંત ને વૈયાવચ્ચ સસ્નેહી પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ આજે એ છત્રરૂપી આકાશ અને સ્નેહરૂપી જળ છે, તો પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ છે વાયુ ને સૂર્યપ્રકાશ! તેઓને જ આ વિચાર જન્મ્યો કે દાદાગુરુ મહારાજના કૃતાર્થ જીવનના પ્રસંગોની પરિમલ પ્રસરાવે તેવા એક ગ્રંથની રચના થવી જોઈએ. આ વાત જ્યારે તેમણે શ્રી સી.કે.મહેતાને - મુજ પિતાધિક મામાને કરી કે તેમણે ત્વરિત જ વાત્સલ્યવારિધિ એવા પોતાના ગુરુ મહારાજના આ કાર્ય માટે પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈનો સંપર્ક કર્યો. જેમણે આ કામ મને સોંપ્યું. એમ કરીને તેમણે સહુએ મારા જીવનનો એક શ્રેષ્ઠ સમયખંડ આપ્યો મને જ ઉપહાર તરીકે! કૃતકૃત્ય થઈ ગઈ હું તો. વળી માતા-પિતા અને ગુરુ ત્રણેની જીવનસ્મૃતિ કંડારી શકી છું તેનો રસઝરતો આનંદ અપ્રતિમ છે.

જ્હોન ડન કહે છે: Any man's death diminishes me, because I am involved in mankind. પરંતુ પૂજ્ય પંન્યાસજી મહારાજ તો મનુષ્યમાત્રનું જ ફક્ત નહીં, પ્રત્યેક જીવનું દુઃખ એ મારું દુઃખ છે એમ સમજતા. એવા ગુરુના વિદાયની વેદના બારમાસી જ હોય કિન્તુ સાથે-સાથે આપણે તેઓના યુગમાં જન્મ્યા ને દર્શન પણ પામ્યા તેની પ્રસન્નતા ય પારાવાર હોય! કૈશોર્યના વર્ષોમાં મારા પૂજ્ય પપ્પા-મમ્મી સાથે અમે રાજસ્થાન સાહેબજીના દર્શને જતા. તેમની પાસે હોવું જ ખૂબ ગમે. વધતી માંદગીમાં પણ સંથારામાંથી બેઠા થઈને પ્રફુલ્લિત ધીમા અવાજે તેઓ નાનકડી હિતશિક્ષા આપે તે દૃશ્ય મનમાં અકબંધ રહે. એક જ વ્યક્તિમાંથી નિર્ભયતા, નિરામય આનંદ ને નિર્મળ જ્ઞાન ત્રણે મળી શકે તે તેઓની પાસે પહેલી વાર અનુભવ્યું જીવનમાં!

કલમ લઈને બેઠી જ્યારે પ્રથમ દિને – એક સાથે આખો દરિયો ઉંચકી લેવા જેટલો ભાર હતો મનમાં. પણ પછી ગુરુકૃપાથી જ બધું ગોઠવાતું ગયું. ઉઠતાં, બેસતાં, જાગતાં, સૂતાં – વાત વિસામો આ એક જ... પૂજ્ય પંન્યાસજી મહારાજ. તેમના નામમાં મગ્ન બની અહર્નિશ સુરતાનાં મુકામે વસીને આનંદ પિયાલો પીધો મેં.

ક્યાંય કાંઈ હતું નહીં યાંત્રિક! હું બની ગઈ એમનાં ૭૮ વર્ષના જીવનની યાત્રિકા! સર્જનની એકેક ક્ષણ હતી નીતનવી. આ દિવસોમાં પ્રવેશી એવા તો દિવ્યલોકમાં કે જ્યાંથી પરત ફરવાનું મન જ ન થાય. ઢળતી વેળાએ ઓછાબોલા સાહેબજીએ સ્વયં આવીને ન જાણે કેટલીયે વાર ગોઠડી માંડી... ને જ્યાં અટકી જાઉં ત્યાં અંધારામાં દીવા પ્રગટાવ્યા.

સાહેબજી મહારથી હોવા છતાં મહારથી યે જો તેમને આલેખી શકાયા હોય તો તેનો સૌ પ્રથમ યશ જાય છે મારા પૂજનીય દિવંગત શ્વસુરપિતાજી – શ્રી શશિકાંતભાઈ મહેતાને. જે ૩૫ વર્ષ તેઓની નિશ્રામાં રહી તેમાં અગણ્ય વાર આંખની અનોખી ચમક સહ તેમના મુખે બોલાતો 'ગુરુ મહારાજ' શબ્દ સાંભળું ને મન થઈ જાય એકેક વાર તેનું સોનામહોરથી પૂજન કરવાનું.

બીજો શ્રેય જાય મારા પૂજનીય દિવંગત સાસુમમ્મીજી – શ્રી અનુપમાબેનને, જેઓએ સમસ્ત જીવન મોક્ષપુરુષાર્થ આદર્યો છતાં તેને પામવાની એટલી ઉતાવળ ન દેખાતી જેટલી 'મારા ગુરુ મહારાજ જ્યાં હોય ત્યાં હું તરત પહોંચી જાઉં' તેની.

ત્રીજો જીવંત શ્રેય મુજ મામા અને સાહેબજીના પરમ ભક્ત શ્રી સી.કે.મહેતા તથા કાન્તામામીને, જેઓએ આ ગ્રંથના સમગ્ર પ્રકાશનનો લાભ લઈ પોતાના પુણ્યાનુબંધી પુણ્યને જ અભિવ્યક્ત કર્યું છે.

'મારામાં આ કસબ હાથવગો છે' એવી શ્રદ્ધા રાખનાર પદ્મશ્રી કુમારપાળભાઈના અભિજાત શાલીન્યથી હું સદૈવ અંજાઈ છું. 'બહેન, ખૂબ સરસ કામ થાય છે.' એમ પાનો ચડાવતા એવા તેમનો આભાર માનતાં તો સાચે જ શબ્દો ખૂટી પડે છે।

એક ટીપામાં મહેરામણ જોઈ લેવાની આવડત કેળવનાર મારા માતા કંચનબેન ને પિતા શીવલાલભાઈનાં કૃપાશીષ વગર તો આ કાર્ય અધૂરું જ રહેત. પૂજ્ય મહેન્દ્રકાકાજી તથા ચંદ્રીકાકાકીજીના પ્રતિપળ આશિષ આજે મુજ કાજ મોંઘી મિરાત રૂપ છે.

સાહેબજીએ વિહરેલ મહત્તમ એકેક તીર્થસ્થાનોમાં જઈ આવ્યા પશ્ચાત્ આ ગ્રંથના લેખનાર્થે પ્રસંગ પરિમલ પામવા અનેક પુણ્યશાળી શ્રમણ-શ્રમણી ભગવંતો, વડિલજનો અને સાહેબજીના ભક્ત પરિવારજનોમાંથી જેનો-જેનો સંપર્ક કરું... તેમની આંખો કે અવાજનું અજવાળું વધી જતું ભાળું.

વળી તે પ્રસંગો શબ્દસ્થ કરું ત્યારે તેની ઓરામાં મને આવી જતી પણ પામું. અંગેઅંગમાં આનંદ ઉછળતો અનુભવું. અવસરોનો અર્ક પી ને મને જ સ્વયં વધુ ઉજમાળ લાગું છું. તેઓ સર્વેનો હૃદયપૂર્વક આભાર.

મુજ જીવનસંગી દિપક અને સંતાનો અદિતિ-શ્રેણિક અને લિપિ સંગેની મારી સ્નેહસંનિધિ વધુ લીલીછમ બનાવવામાં પણ આ ગ્રંથે ટકોરાબંધ ભાગ ભજવ્યો છે. આ કૃતિ આલેખતી વેળાએ પણ તેઓનો અનવરત અપરાજિત સ્નેહ રહ્યો છે મરુભૂમિમાં મલ્હાર સમો।

અગમપંથે વિચરણ કરવાની વાટે વિહરવાનો અવકાશ મળ્યો મને આ સર્જનયાત્રા દરમ્યાન. મોક્ષપથનું જાણે રેડી રેકનર સાંપડી ગયું મને આ ગ્રંથના ૨૨ પ્રકરણમાં. હવે અનાગતમાં જીવન અરણ્યથી અધ્યાત્મ અબ્ધિ સુધી જવા પ્રયાણ ન કરું તો એમાં મારો જ દોષ.

होउ ममं तुह पभावओ, तव्वयणसेवणा ।

હે પ્રભુ! મને તમારા પ્રભાવથી ગુરુવચનનું પાલન પ્રાપ્ત થાઓ.

'પારસમણિ - પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય' સાથે તદાકાર થઈને વિતાવેલો આ સમયખંડ સૌને ઝળહળ ચૈતન્ય દર્શન કરાવે તેવી પરમને પ્રશસ્ત પ્રાર્થના.

પ્રાંતે, અધ્યાત્મના આ અનસ્ત સૂર્યનું કૃતાર્થ જીવનવૃત્તાંત આકારવામાં કોઈપણ સંદર્ભે મારા અજ્ઞાન, વિસ્મરણ કે અણસમજથી રહી ગયેલી કોઈ ક્ષતિઓની ક્ષમા માગી વિરમું છું.

ભારતી દિપક મહેતા

રાજકોટ
જૂન ૨૦૧૪

# વિ ષ ય સૂ ચિ


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | ઉઘડ્યાં અંતરદ્વાર | ૦૧ |
| ૦૨ | ભીતર નીતરે... | ૧૨ |
| ૦૩ | અખિલાનંદનો ઉત્સવ | ૨૩ |
| ૦૪ | વીતરાગના વારસ | ૩૪ |
| ૦૫ | મુક્તિના મુસાફીર | ૪૬ |
| ૦૬ | અનુગ્રહથી અનુરાગ | ૫૭ |
| ૦૭ | સાધક, શોધક, પ્રબોધક | ૬૯ |
| ૦૮ | જીવનસારથિ નવકાર | ૮૦ |
| ૦૯ | અશ્રુતપૂર્વ સારસ્વત | ૯૨ |
| ૧૦ | પ્રભુ મિલનની વાટે... | ૧૦૩ |
| ૧૧ | સલૂણા સાહેબજી | ૧૧૮ |
| ૧૨ | ગુણિયલ ગીતાર્થ ગુરુ | ૧૩૪ |
| ૧૩ | અધ્યાત્મનું અક્ષયપાત્ર | ૧૪૭ |
| ૧૪ | કૃતજ્ઞતાની કેડીએ... | ૧૬૦ |
| ૧૫ | મૈત્રીની અમીરાત | ૧૭૪ |
| ૧૬ | ધન્ય શ્રમણ - ધન્ય શ્રદ્ધા | ૧૮૯ |
| ૧૭ | મરુભૂમિમાં કલ્પતરુ | ૨૦૨ |
| ૧૮ | आनंद आमार गोत्र । | ૨૧૭ |
| ૧૯ | અરવ ઘંટારવ | ૨૩૧ |
| ૨૦ | સરવર તરવર સંતજન | ૨૪૨ |
| ૨૧ | અદ્વૈત સાથે અનુસંધાન | ૨૫૫ |
| ૨૨ | મહાપ્રસ્થાન - પશ્યંતીને પેલે પાર | ૨૬૯ |


ऐं नमः

# ૧ | ઉઘડયાં અંતરદ્વાર

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

“હવે આ...ખ્ખી રાત ભગવાન એકલા-એકલા શું કરશે? તેને તાળું મારીને પૂરી ન દો. દેરાસર ખુલ્લુ રાખોને પૂજારીજી. મારા ભગવાનને એકલું નહીં ગમે.”

રાત્રે આરતી-મંગલ દીવો પૂરા થયાં અને તેના ઘંટારવ હજુ શમે નહીં ત્યાં તો માગશર મહિનાની ઠંડીમાં ધ્રુજતાં પૂજારીજીએ ગર્ભદ્વાર બંધ કરી દેરાસરજીનું મુખ્ય દ્વાર બંધ કરવા હાથમાં મસમોટું તાળું લીધું અને ત્રણ વર્ષના ભગુએ રોજની જેમ પોક મૂકી. પરાણે વ્હાલો લાગે સૌને આ સમયે બાળક ભગુ.

આજથી ૧૧૧ વર્ષ પૂર્વે સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)ના પાવન દિવસે જન્મેલ ભગુનો આ રોજનો ક્રમ થઇ ગયો હતો. એટલે જ આજે નક્કી કર્યું હતું પિતા જૈન શ્રેષ્ઠીવર્યશ્રી હાલાભાઇ મગનભાઇએ કે પોતાના પાંચે સંતાનો વીરચંદ, લહેરૂ, ભોગીલાલ, ભગવાનદાસ અને મેનાને દેરાસરની બહારના વિશાળ ચોગાનમાં સુદ તેરસની સુરમ્ય વિભાવરીની ચાંદનીમાં પત્થરના બાંકડા ઉપર નિરાંતે બેસાડી આ ધન્ય ધરા પાટણ વિશે અને આ ભગવાન ક્યાંથી આવીને કેટલાંયે વર્ષોથી રાતના એકલા જ રહે છે તેના વિશે વાત કરવી. તેથી દરેકને પહેરાવેલ ગરમ વસ્ત્ર અને મફલર સરખા કરતાં પિતા હાલાભાઇએ કહેવા માંડયું કે:

‘આજથી ઘણાં વર્ષો પહેલા સંવત ૮૦૨માં ‘અણહીલ’ નામના ભરવાડ મિત્રની યાદમાં ચૌલુક્ય વંશના રાજપુત રાજા શ્રી વનરાજસિંહ ચાવડાએ આપણા નગર ‘અણહીલપુર પાટણ’ની સ્થાપના કરી. ૨૦૦ વર્ષમાં આપણું આ નગર વિસ્તારથી, સમૃદ્ધિથી અને વ્યાપારથી એટલું તો વિકસ્યું કે ૧ લાખ લોકોની વસ્તી સાથે તે દુનિયાનું મોટું એવું દસમું નગર બની ગયું. પછી તો મોહમ્મદ ઘોરી, કુતુબુદ્દીન ઐબક, અલ્લાઉદીન ખીલજી વગેરેએ ઘણી વાર આપણા નગરને નુકસાન પહોંચાડયું, પરંતુ તેરમી-ચૌદમી સદીમાં સુબાઓના રાજમાં એ ફરી ખીલ્યું. સંવત ૧૪૧૧માં સુલ્તાન એહમદ શાહે અમદાવાદને ગુજરાતની રાજધાની બનાવી એ પૂર્વે ૫૫૦ વર્ષો સુધી આ પાટણ જ ગુજરાત રાજ્યની રાજધાનીનું શહેર હતું. ત્યારથી જ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો સમૃદ્ધ છે આપણા પાટણનો.

મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના રાજ્યકાળમાં આપણા નગરને મળ્યાં સાહિત્યશિરોમણી કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ. બારમી સદીમાં તેઓએ અહીં જ રહીને અનેક ગ્રંથરત્નો રચ્યા અને નગરને વિદ્વાનોનું આશ્રયસ્થાન બનાવ્યું. ઉપરાંત આગમગ્રંથોના સંસ્કૃત ટીકાકાર પૂજ્યશ્રી અભયદેવસૂરીશ્વરજી, શ્રી મલયગિરિજી, શ્રી યશચંદ્રજી, શ્રી સોમપ્રભાચાર્યજી, પ્રજ્ઞાચક્ષુ રાજકવિ શ્રીપાલ, શ્રી વાગ્ભટ્ટ, શ્રી સોમેશ્વરજી, શ્રી સિદ્ધપાલ, શ્રી વિજયપાલ સમા અનેક સંસ્કૃત સાહિત્ય સર્જકોની કર્મભૂમિ રહી છે આપણી પાટણની પવિત્ર ભૂમિ!'

પાંચે બાળકોનું ધ્યાન ગયું કે પિતાજીની આ વાત સાંભળવા માટે ધીમે-ધીમે બીજા લોકો પણ ભળતા ગયા છે અને એ વડીલોને પણ એટલો બધો રસ પડયો છે કે માથાનું ફાળિયું ખસી ગયું છે છતાં ઠંડીનો અહેસાસ નથી! નજીકના પાડામાંથી અને શેરીઓમાંથી બજાર બંધ કરીને નીકળેલા લોકો પહેલા કુતૂહલથી અને હવે રસપૂર્વક જોડાઇ રહ્યાં છે પાટણના ઇતિહાસના આ તાસમાં જાણે!

'આપણા પાટણમાં કાષ્ઠકલા તથા વણકરો થકી પટોળા વણવાની કળા પણ ખૂબ ખીલી. સ્થાપત્ય કળા બારમી સદી પછી સૌથી વધુ ફાલી આપણા જૈન દેરાસરોને કારણે જ. સવંત્ ૧૬૪૮માં જ્યારે મહાન આચાર્યશ્રી લલિતપ્રભસૂરીશ્વરજીએ અનેક પ્રશસ્ય દેરાસરો બંધાવ્યા ત્યારે તો તેના શિખરોના ઝળહળાટથી પ્રેરાઇને આ નગરી 'સુવર્ણ નગરી' તરીકે ય ઓળખાવા લાગી. જૈન શ્રેષ્ઠીઓની ઉદારતા, પરાક્રમ તથા મદદગાર થવાની ભાવનાને કારણે ઐશ્વર્યવાન રાજાઓ તેમને મંત્રી તરીકે રાખતા.'

''પિતાજી, તમે અમોને થોડા દિવસ પહેલા જે સૂર્યમંદિર જોવા લઇ ગયેલા... તેની તો વાત જ ન આવી!'' - ભગુભાઇ ઉવાચ.

મીઠી કાલી-કાલી ભાષામાં વધુ બોલતા કરવા હોય સૌને આ ભગુભાઇને, પણ જરૂર વગર એક પણ શબ્દ બોલે તો વળી ભગુભાઇ શાના? પિતાજી હાલાભાઇએ વળી વાત આગળ વધારી:

'હા ભગુ, પુષ્પાવતી નદીને કિનારે અહીંથી ૫૦ કોશ દૂર હું તમોને લઇ ગયો હતો મોઢેરા. સંવત ૧૦૨૬માં રાજા ભીમદેવે સોલંકી વંશનું નામ અમર થઇ જાય તેવા વિચારે ને તેઓ સૂર્યવંશી હોવાના કારણે સૂર્યદેવનું એ અપૂર્વ સુંદર મંદિર બંધાવ્યું. સૂર્ય ઊગે ને સૌ પ્રથમ કિરણો આદિત્ય દેવતાની મૂર્તિ ઉપર પડે તેવું રમ્ય સ્થાપત્ય છે તેનું. ને સોલંકી રાજા ભીમદેવની સ્મૃતિમાં સંવત ૧૦૬૫માં પોતાના પતિના કાર્યોને બીરદાવવા રાણી ઉદયમતીએ બંધાવી રાણીની વાવ.

સંવત ૧૩૬૧માં આચાર્યશ્રી મેરુતુંગસૂરીશ્વરજી રચિત 'પ્રબંધ ચિંતામણી' ગ્રંથ મુજબ આ વાવમાંથી ૩૦ ગાઊ દૂર સુધીની સુરંગ પણ મળેલી. વળી સહસ્ત્રલિંગ તળાવ, ત્રિકમ બારોટની વાવ, જસ્મા ઓડણની દેરી વગેરે અનેક સ્થાપત્યો સાથે પાટણ વિશ્વ પ્રસિદ્ધિના શિખરે શોભવા માંડયું'.





કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીની કર્મભૂમિ એવં પૂજ્ય પંન્યાસજી મહારાજની જન્મભૂમિ એટલે ૫૫૦ વર્ષ પર્યંત ગુજરાતની રાજધાની તરીકે રહેલ સેંકડો ચૈત્યોની ઐતિહાસીક મનોરમ નગરી - અણહિલપુર પાટણ.

શ્રી પંચાસરા પાર્શ્વનાથનું ત્રણ ગર્ભદ્વાર સહીતનું આ બેનમૂન કલાત્મક જિનાલય સંવત્ ૧૭૭૭ પૂર્વેનું ગણાય છે. અહીંના અદ્વિતીય ઝરૂખાઓ, જાળીઓ, કમાડો, ગોખલાઓ ને રંગમંડપની કોતરણી અતિ પ્રેક્ષણીય છે.

ચારેબાજુ સોપો પડવા માંડયો હતો. હજુ થોડા વર્ષો પહેલાં જ વિશ્વમાં શોધાયેલ વિજળી અહીં હજુ આવી ન હતી. દીવાના નાના-નાના ટમટમિયાંઓ પણ હવે દરેક ઘરમાં બુઝાવા માંડયા હતા... અને ત્યાં જ આ છ જણાની ટોળકીને શોધવા આવી પહોંચ્યા બાળકોના જન્મસંસ્કારદાત્રી માતા ચુનીબાઇ.

પોતાના પરિવારજનો સંગે પાડાના બુઝુર્ગોને પણ અહીં ઉપસ્થિત જોઇને ઓરું ઓઢતા-ઓઢતા ધીમા અવાજે બોલ્યા તેઓ: 'દેરાસરને માંગલિક થયાને કેટલો બધો વખત વીતી ગયો ને તો યે તમે બધા આવ્યા નહીં એટલે પ્રતિક્રમણ પારીને સીધી તમને બધાને ગોતવા નીકળી. ઠંડીમાં છોકરાઓ, તમે માંદા નહીં પડો? વળી સવારે મોડા ઉઠાશે તો નિશાળે જતાં પહેલા પૂજા કરાવવામાં મારે ઊતાવળ કરાવવી પડશે. હાલો, હવે સૌ ઊભા થાવ છો ને?'

તે સાંભળી મોટા સંતાનો વીરચંદ ને લહેરુએ ઘરે જવાની નારાજગી બતાવી અને ભોગીલાલ થોડી ઊંઘમાં સરવાની તૈયારીમાં હતા તે સાવ જાગી ગયા. પણ નાના મેનાબેન અને ભગવાનદાસે તો ભેંકડો જ તાણ્યો: 'ભગવાનની વાત સાંભળવી તો બાકી જ છે હજી. મા, તમે ઘરે જાવ. અમે હમણાં આવી જશું.' પણ ધર્મપ્રિયા સુસંસ્કૃત પત્ની પણ પતિની વાતો સાંભળવા ત્યાં જ બેસી ગયા.

વાત આગળ વધી: 'હા, તો મૂળ વાત ઉપર આવું. નહીંતર આ ભૂમિનો ઇતિહાસ કહેતા તો સવાર પડી જશે. સંવત ૮૦૨માં આપણા નગરસ્થાપક રાજા પોતાનાં વડવાઓના મૂળ વતન પંચાસરમાંથી પ્રાચીનતમ પાર્શ્વનાથ પ્રભુજીની પદ્માસનસ્થ શ્વેત પ્રતિમાજી અહીં પાટણમાં લઇ આવ્યા. રાજા વનરાજ ચાવડાએ પછી ખૂબ ધામધૂમથી મોટું દેરાસર બંધાવી પૂજ્ય આચાર્યશ્રી શીલગુણસૂરીશ્વરજીના હસ્તે પ્રભુજીને પ્રતિષ્ઠિત કરાવ્યા ત્યારથી તેઓને સૌ 'પંચાસરા પાર્શ્વનાથ' તરીકે ઓળખે છે. નગરની મધ્યમાં આવેલા દેરાસરમાં આ પ્રભુજીના આવ્યા પછી પાટણ ઉપર ઘણી મુશ્કેલીઓ આવી, પરંતુ તે હેમખેમ રહ્યું. ભગુ, હવે સમજાયું ને? આપણા ભગવાન છેલ્લા ૧૧૫૯ વર્ષોથી તો આપણા પાટણમાં જ અને એ પહેલા પંચાસરમાં પણ રાત્રે દેરાસરમાં એકલા રહેવા ટેવાયેલા જ છે. તો ભગુ, કાલથી રાત્રિની આરતી પછી રડવાનું બંધ ને?' આ સાંભળી બધા મોટેથી હસી પડયા.

...પણ ભગુભાઇ જ્યારે માતાની આંગળી પકડીને ઘર તરફ ચાલતા થયા ત્યારે પણ એ જ વિચારતા હતા કે ક્યારે ફરી સવાર પડે ને પ્રભુજીને સૌથી પહેલા હું જ મળું ને અષ્ટપ્રકારી પૂજા કરું! ઘરે પહોંચીને સૌ પ્રથમ કાષ્ઠના ગૃહમંદિરમાં રહેલા પ્રભુજીના આરતી-દીવો કરી સૌએ ભાવનામાં રોજની જેમ ભક્તિ ગીતો શરુ કર્યા. પિતાજી હાલાભાઇ સુંદર પદો સંગે કાંસીઓ વગાડે તે બાળકોને જોવું ખૂબ ગમે. પ્રાચીન પદો સાથે નગારાના અવાજો આવવા શરુ થાય કે પડોશના બાળકો પણ ભળે અને બધા નગારા વગાડવાના વારા કરે. છૂટ્ટા પડતા પહેલા વળી પ્રભાતે બધા ભેગા થઇ પૂજા કરવા જવાનો કોલ પણ આપે એકબીજાને!

બાલ્યકાળથી જ સદાચારના પાઠ શીખવાડનાર હાલાભાઇ કે ચુનીબેનને પોતાની ગર્ભશ્રીમંતાઇને શાલીનતાના પાલવ આડે ઢંકાયેલી રાખવી જ ગમે. સાધર્મિક સહાય કે મુંગા જીવોની રક્ષા કરવા તેઓ સદાયે અગ્રેસર રહે. પાટણની પાંજરાપોળ સમિતિમાં અધ્યક્ષ તરીકે રહી પૂરા ૫૦ વર્ષો સુધી સુવહીવટ કરનાર હાલાભાઇ સાધુ વૈયાવચ્ચ કે શ્રુતવંદનામાં ય પાછળ ન રહે. સંવત ૧૯૫૭માં આચાર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની આચાર્ય પદવીના બૃહદ્ મહોત્સવનું કુશળ સંચાલન પણ કરેલું હાલાભાઇએ જ. પાટણના અનેક હસ્તલિખિત ભંડારોમાં એક 'હાલા મગનનો ભંડાર' તેમની જ ગ્રંથપ્રીતિને કારણે આજે પણ વિદ્યમાન છે.

વ્યાપારી કુનેહને કારણે પછી એરંડા, સરસવ, અળસી જેવા તેલીબિયાંના વેપારનો વિકાસ કરવા હાલાભાઇએ મુંબઇની વાટ પકડી. ને મહેસાણા, વડનગર, વીસનગર, ચાણસ્મા, હારીજ, કલોલ ને પાટણ ઉપરાંત તેઓએ મદ્રાસમાં પણ પોતાની દુકાનો ખોલી. પરદેશ નિકાસ શરુ થતાં જ મુંબઇના બંદર ઉપર છ ગોદામો પણ બાંધ્યા.

એક નીતિમાન વેપારી તરીકે હાલાભાઇએ 'મુંબઇ ગુજરાતી વેપારી મંડળ'ના પ્રમુખ તરીકે પણ ઘણા વર્ષો સેવા આપી. મોહમયી નગરીમાં આમદાની અર્થે ભલે આવવુ પડયું હોય પરંતુ તેઓ પાટણની સર્વ ધર્મપ્રવૃત્તિઓ સાથે પણ સતત જોડાયેલા જ રહ્યા. સંવત ૧૯૬૭માં જ્યારે આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના ચાતુર્માસમાં યોજાયેલી આગમવાચનામાં શતાધિક શ્રમણ-શ્રમણી ભગવંતો પાટણમાં એકઠાં થયાં, ત્યારે સઘળી યે વ્યવસ્થા ને ખર્ચ તેઓ તરફથી જ થયા.

પોતાના પાંચે બાળકો શાળાભ્યાસ સાથે પાઠશાળાનો અભ્યાસ કરે તે માટે બાજુની મનમોહનજીની શેરીમાં આવેલા ઉપાશ્રયમાં ગોરજી શ્રી લાવણ્યવિજયજી મહારાજ પાસે મોકલીને સૌને નવકારથી વંદિત્તા સુધીના સૂત્રો અર્થ સહિત શીખવવામાં માતા ચુનીબેને ઘણી કાળજી કરેલી અને પોતાનો વીતરાગ પરમાત્મા પરત્વેનો રાગ તેઓ આ રીતે બાળકોને વારસામાં આપી શકેલા. એટલે જ કદાચ માત્ર ૩ વર્ષની બાલી ઉંમરે બાળમિત્રો સાથે બાળસહજ રમતો રમવાની બદલે એકવાર ભગુભાઇ જ્યારે ખોવાઇ ગયેલા ત્યારે દેરાસરમાં જ પણ ઠેઠ ઉપર ત્રીજે માળે ભગવાન સામે બેસીને એકટક નિરખતાં મળી આવેલા... જાણે બે ભગવાને સામસામે બેસીને કેટલીયે વાતો કરી લીધી!

ભગવાનદાસનું લાડકું નામ 'ભગુ'. નાનકડા એવા ભગુભાઇને પિતાજી સાથે પાંજરાપોળમાં મુંગા પશુઓને પાણી પીવડાવવા ન જવા મળે કે પછી નવી જ શીખેલી સ્તુતિમાં જો વળી ભૂલ પડી જાય તો ભાઇસાહેબને તરત જ રડવું આવી જાય! પણ સૌને મજા તો ત્યારે આવે જ્યારે ટેણીયા ભગુભાઇ મોં આડો હાથ રાખીને રડે! તેથી જ બધા ક્યારેક સૌ એને 'ભગુ મુપત્તી'ના નામે પણ ચીડવે. પણ તેથી ભગુને તો કોઇ જ ફેર ન પડે. જયણા માટે બધું જ કરી છૂટવા આ બાળક સદૈવ તૈયાર જ જાણે!

પાટણ આમ ધૂળિયું ગામ... તેથી પગમાં બૂટ-ચંપલ પહેરાવીને ઘોડાગાડીમાં બેસાડીને ક્યાંક બહાર લઇ જવાય કે રાજા હરિશ્ચંદ્ર જેવા સિનેમા જોવા બધા સાથે પરાણે જવું પડે, ત્યારે ય આ ભગુભાઇને પલ-પલ આંસુ ટપ-ટપ કરતા પડે. પણ જો પૌષધ કરતા પિતાજીની સાથે ઉપાશ્રયમાં જવા મળી જાય તો... તો... મોં હસું-હસું થઇ જાય!

એકવાર જ્યારે એ રીતે રાત્રિપૌષધમાં પિતાજી સાથે ઉપાશ્રયમાં રહેવા મળી ગયું ત્યારે રાત આખી યે ઊંઘ જ ન આવી... એક જ વિચારે કે આ મહારાજ સાહેબોને કેવુ સારું કે તેમણે પાપ બંધાય એવું એક કામ કરવું ના પડે! એક તો પૂર્વભવના પુણ્યનો હશે યોગ અને એમાં ધર્મના સુસંસ્કાર એવા કે બે વર્ષની ઉંમરથી જ માતાજી બાળકને પૂજાના કપડામાં તૈયાર કરી દે ને તેની આંગળી પકડી પિતાજી મહોલ્લામાં આવેલા દેરાસરોમાં રોજ ઉત્કૃષ્ટ સ્વદ્રવ્યોથી પૂજા કરાવવા લઇ જાય! ભગવાનની વાણીરુપ સૂત્રો અને ભગવાને દર્શાવેલ મોક્ષ મેળવવાના માર્ગ ઉપર બાળકોને કેમ વધુ બહુમાન ઉપજે તે માટેના પુરુષાર્થ રૂપે શ્રી સંઘમાં જ્યારે દીક્ષા, ઉપધાન તપના ઉજમણાંઓ કે વિધવિધ પૂજનોના ઓચ્છવ થાય ત્યારે નિશાળમાં રજા રખાવીને પણ સંતાનોએ આવવાનું જ તેવો અચૂક આગ્રહ રાખે આ દંપતિ.

નાનકા ભગુને દેરાસર જવા ઉપરાંત બે વસ્તુ બહુ ગમે: એક તો ઠંડી-ઠંડી હવામાં અગાશી ઉપર ચડીને પતંગ ચગાવવાનું ને બીજું ગમે પાટણ ગામના પાદરે રહેલા લીમડાના ઝાડવાઓ હારબંધ ઉભેલા જોવા સાઇકલ સવારી કરીને જવાનું.

એમાં એકવાર શેકેલા જીંજરા, ગંડેરી ને શીંગોડા ખાતાં-ખાતાં ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવા અગાશી ઉપર ચડેલ ભગુભાઇ હજુ તો પવનના સહારે આકાશને આંબતી તેની લાલ-પીળી પતંગ જોઇને હર્ષિત થઇ તાળીઓ પાડવા જતા જ હતા, ત્યાં જ તેના દોરામાં એક ઉડતા કબૂતરનો પગ ફસાઇ ગયો! નાના શા આ બાળકના હૃદયમાં જીવદયાનો આંતરસ્પર્શ એવો તો ગહન સંસ્કારિત થયો હતો કે રડતા-રડતા પતંગ ઉતારી, તરફડતા કબૂતરને સત્વરે છૂટ્ટું પડાવી ઊડાડવા સુધીના દરેક દ્રશ્યો મનમાં એવા તો જડાઇ ગયા કે બસ! થયું, મારો આનંદ બીજાને વેદના આપે?

તે દિવસ ને તે ઘડી! પછી ક્યારેય પતંગ ન ચગાવી... તે એટલે સુધી કે ઉત્તરાયણ ઉપર ઘરે બનાવાતા મમરાના લાડુ કે તલની ચીકી પણ ન ખાધા. કહે કે એ ખાઉં ત્યારે મને એ અગાશી, એ પતંગ, એ કબૂતર અને એની આંખમાં રહેલા વ્યથાના કંપનો યાદ આવી જાય છે! આ પ્રસંગ બન્યા પછી બધા તેને 'મુનિ' પણ કહે, કારણ કે થોડા મોટા થયા પછી પણ ક્યારેક મહેમાનો આવ્યા હોય અને ઘરના બધા જ એકમેક સાથે હસીને વાતો કરતા હોય ત્યારે પણ આપણા આ ભગુભાઇ ગંભીર મુખમુદ્રા સાથે મૌન બેઠા હોય. આ જોઇ બધા કહે: 'આ મુનિ કાંઇ બોલશે જ નહીં'. પરંતુ બાળકો વચ્ચે તેમને રમતા જો દૂરથી જોઇએ... તો બે-ત્રણ વસ્તુ તરત જ નજરે ચડે.

એક તો તેને મળેલું 'બાળકોના નેતા'નું બિરુદ અને બીજું કે રમતી વખતે તેને લડવા-ઝઘડવાનું જરા પણ ન ગમે. રમતના નિયમોમાં જો કોઇ ગરબડ કરે કે નારાજ થઇ તરત જ ચોરા ઉપરના પીપળાના ઓટલા ઉપર ઠેકડો મારીને બેસી જાય એકલા, પણ ઝઘડો ન કરે. પછી બધા મનાવવા આવે અને નિયમ મુજબ જ રમવા તૈયાર થાય તો જ ફરી રમતમાં જોડાય!

ઘણીવાર તો પોતે રમવા પણ ન ગયા હોય અને ઘરના ખાટ ઉપર બેસી સૂત્રની ગાથા પાકી કરતા હોય ત્યાં દોસ્તોની ટોળી લડતી-ઝઘડતી ને રડતી ઘરમાં દાખલ થાય. બધો શોરબકોર પહેલા શાંત કરાવીને પછી કોને-શેમાં-શું વાંધો પડ્યો તેની વાતો પૂછે. બધું સમજી લઇ પછી ન્યાયિક રીતે જ સમાધાન કરાવે. પ્રભુ-કૃપાએ તે સર્વમાન્ય થઇ જ જાય અને વળી પાછા સૌ સંપથી હસતાં-કૂદતાં રમવા માટે શેરીમાં દોડી જાય. આવી વેળાએ ભગુભાઇની ઉંમર: ફક્ત ૮ વર્ષ!

એ ઉંમરે પણ રોજ પિતાજીની સાથે પાંજરાપોળમાં માંદા ઢોરની માવજત કરતા ને ઘાસચારો નાખી પાણી પીવડાવતા ભગુભાઇને કોઇ જુએ તો જાણે એ સંસ્થાનો સૌથી નાનો રખેવાળ હોય તેવું લાગ્યા વિના ન રહે. સવારે પોતે શિરામણ કરવા બેસે ત્યારે સૌ પહેલાં તેને એ જ વિચાર આવ્યો હોય કે પેલા ૨૩૬ મુંગા પશુઓને પણ કોઇએ શિરામણ નાખ્યું તો હશે ને?

દિવાળી આવે અને ઘરમાં રહેલો પટારો ખૂલે. તેની ઉપરની કોતરણી જોવી બધા બાળકોને ખૂબ ગમે. ઉપર મૂકેલા ગાદલા, ગોદડા, તકિયાઓ દૂર થઇ ગયા પછી માતા ચુનીબેન તે પટારામાંથી સોનાના કંદોરા, કંઠીઓ, પોંચીઓ, કલ્લીઓ, વીંટીઓ વગેરે બહાર કાઢે અને સૌ બાળકને એક પછી એક પાસે બોલાવી વ્હાલથી પહેરાવે. વૈરાગ્યવાસિત થતા જતા મનને ન રુચે આ બધું, છતાં માતાના ચહેરા ઉપરના આનંદ ને સંતોષ જોઇને સમજુ થયેલા ભગુભાઇ ના ન પાડે.

પહેરવા-ઓઢવાનો કે ખાવા-પીવાનો કોઇ જ ઓરતો ન હોય તેઓને. એટલે જ આવા પ્રસંગોએ જ્યારે તેઓ ગંભીર મુખમુદ્રા સાથે અદબ વાળીને ઉભા રહે એટલે સૌ અવશ્ય કહે: 'આ ભગુભાઇ તો મહારાજ છે!' એ 'મહારાજ'ના પિતાજી હાલાભાઇને પ્રબંધ ચિંતામણીનો એક શ્લોક વાંચી પોતાની જન્મભૂમિ પાટણના જૈન મંત્રીઓ માટે ગરિમા અનુભવાય:

गुर्जराणामिदं राज्यं वनराजप्रभुत्वेऽपि ।
जैनैस्तु स्थापितं राज्यं तद्वेषी नैव मन्यते ॥
– प्रबंध चिंतामणी

જૈન મંત્રીઓની સહાય દ્વારા સ્થપાયેલ આ રાજ્યપરંપરા વીર વનરાજનું પ્રભુત્વ ગુજરાત રાજ્યમાં હોવા છતાં ચાલી આવી, જે દ્વેષીઓને માન્ય ન હતી.

આ વાંચીને તેઓને તરત જ સ્મરણ થાય એ વાતનું કે એ જૈન મંત્રીઓના સમ્યક્ પુરુષાર્થને કારણે જ પાટણમાં જૈનધર્મ, શિલ્પ અને સાહિત્ય, સંગીત અને કાષ્ઠ કલાને સૌએ આવકારી અને બિરદાવી છે.

આવા અભિનવ તીર્થની આ ધરા છોડીને ૯ વર્ષની ઉંમરે ભગુભાઇને ખબર પડી કે હવે કાયમી નિવાસ કરવા પરિવારે મુંબઇ જવાનું છે, ત્યારે તેઓનું મન તો કલ્પાંત કરી ઊઠયું પરંતુ એક જવાબદાર સંતાનની જેમ આવી પડેલા સંજોગોની અવગણના ન કરી. જતા પહેલાના થોડા દિવસ ભગુભાઇએ કોઇ વિશિષ્ટ સંવેદના અનુભવી.

પ્રાંગણમાં ઉગેલા ચંપાના ઝાડના મસમોટા પાંદડાઓ ઉપર વહેલી સવારે બાઝેલા ઓસબિંદુઓને જોઇ તેટલા જ મોટા ટબ્બા જેવડા આંસુ ઉભરાયા, એ વિચારે કે હવે આ બધા ઝાકળબિંદુઓને કોણ વહાલ કરશે? નિશાળના ચોગાનમાં રાખેલા હીંચકા ને લસરપટ્ટી જોઇને તો ધ્રુસકે-ધ્રુસકે રડાઇ ગયું! પોતાના આ...ખ્ખા યે બાળપણને ભગુભાઇ જાણે આ હીંચકા સાથે ઉપર જતું કે પેલી લસરપટ્ટીમાંથી નીચે લપસતું જોઇ રહ્યા! નિશાળેથી ઘરે આવતા ધૂળિયા રસ્તામાં પડતા પોતાના પગલાંની છાપ પાછળ ફરી-ફરીને જોયા કર્યા કે હવે પછી આવી વાટ મને મુંબઇમાં ક્યાં જોવા મળશે? ફોફલિયાવાડાની બાજુમાં આવેલ એક શિવમંદિરમાંથી જ્યારે સાંધ્ય આરતીનો ઘંટારવ સંભળાયો ત્યારે તે મંજુલ ધ્વનિની રોજ સાંજે કેટલી ખોટ સાલશે એ વિચારે ગણિતનું ઘરકામ કરતાં તેના હાથ અટકી ગયા. પડોશી તેજપાળભાઇના ઘર ઉપરના નળિયા ઠીકઠાક કરતા મોહનકાકાને જોઇ પગ ત્યાં જ થંભી ગયા. થોડીવાર ઊભા રહીને નિરખ્યા કર્યું તેઓનું કામ અદબ વાળીને. સૂરજનું એક નાનકડું ચાંદરણું સંતાકૂકડી ખેલતું હતુ તેઓના ઘરની ઠંડી પત્થરની ફર્શ ઉપર.

નળિયા ગોઠવાઇ ગયા ને ભગુભાઇએ જોયું કે એ ચાંદરણું પણ થઇ ગયુ ગુમ! એ જોઇ વિચાર આવ્યો કે થોડા જ દિવસોમાં હું પણ આ વિસ્તાર ને આ ગામમાંથી આમ જ થઇ ગયો હોઇશ ગુમ! આજે પહેલી જ વાર કૂવામાંથી પાણી ખેંચીને લાવતા દીપચંદભાઇના હાથમાંથી ભરેલી બાલ્દી છોડાવી લઇ પોતે બાજુની શેરીમાં આવેલા તેમના ઘરમાં મૂકી આવ્યા... એ જ વિચારે કે હવે તેમને ક્યાં હું ક્યારેય મદદ કરી શકવાનો હતો?

મા બપોરની સામાયિક પતાવી સાંજના વાળુની રસોઇ બનાવવા પૂર્વે ચૂલો સંધ્રુકે. ત્યાં ભગુભાઇ જઇને ઉભા રહી પથ્થરિયા ને લાકડીયા કોલસામાં કોઇ જીવાત રહી ગઇ નથી ને તે તપાસીને માતાને આપવા લાગ્યા. શું ખબર, હવેથી મુંબઇમાં કઇ રીતે રાંધવાનુ થાય? આ દિવસોમાં નિશાળેથી આવી જમવા બેસે ને મા ગરમા-ગરમ રોટલી ઉતારે ત્યારે મન થઇ જાય કે ફળિયાની બહાર ખડકી ખટકાવતી પેલી ધોળી ગાયને જલ્દી એ રોટલી ઉપર ગોળ મૂકીને જમાડી આવું! ને પછી શેરીના દરેક કૂતરાને માથે વ્હાલથી હાથ ફેરવીને 'ચોકીદારી બરાબર કરજો હં...' એમ કહી આવું!

સાઇકલ ઉપર બેસીને સાંજ-સવારે ગામને પાદર સુધી જવાનું મન થઇ જાય કે લીમડાના ઝાડની હારને હવે આંખો ભરી-ભરીને જોઇ લઉં ને પેલા વડલાની વડવાઇઓ ઉપર લટકીને ગાળેલા બાળપણના દિવસોને ફરી વાર અડકી આવું! વચ્ચે સાઇકલ અટકાવીને આજે ગામના ચબૂતરામાં ચણ નાખતા ભગુભાઇના હૃદયમાંથી અપાર કરુણા વરસવા માંડી: હું નહીં હોઉં પરંતુ હે પંખીઓ! રોજ બરાબર ચણજો અને મધુરા ગીતો ગાજો... હં! સાંજે ઘરે પહોંચ્યા ને પિતાજીએ જ્યારે વાત કરી કે દક્ષિણ આફ્રિકામાં ખાણિયાઓના હક્ક માટે નીકળેલી રેલીમાં આગેવાની લેવા માટે મોહનદાસ કરમચંદ ગાંધીની ધરપકડ થઇ છે ત્યારે ભગુભાઇને એ વાત થોડી ઘણી જ સમજાઇ... પણ મનમાં એમ થઇ ગયું કે એવી કોઇ રેલીનો આગેવાન બની, હું અહીં પાટણની શેરીઓમાંથી નીકળું ને જો મારી ધરપકડ થઇ જાય તો તો મને પણ હજી પાટણમાં જ રહેવા મળી જાય! આ ઘર, શેરી, મિત્રો, શાળા છોડવા તો હજુ ય સહેલા છે પણ આ મહોલ્લાના પ્રભુજીને છોડીને જવા પગ ઉપડશે કેમ?

ચોવિહાર કરી રાત્રે જ્યારે દેરાસરમાં ભાવના ભણાવી આરતી-મંગળ દીવો સંપન્ન થયા... ત્યારે તો ફરીથી પેલા ૩ વર્ષના બાળક ભગુભાઇ બનીને જોરજોરથી રડવાનું મન થઇ ગયુ તેને! હવે તો ખરેખર જ ભગવાનને પણ જરૂર એકલું લાગવાનું, કારણ કે ૯ - ૯ વર્ષથી તેમને પણ મારી ટેવ પડી ગઇ હશે! એ ગર્ભગૃહમાં જલતા અખંડ દીપકને અપલક દ્રષ્ટિથી જોઇ રહીને ભગુભાઇ એટલું જ પ્રગટ બોલ્યા:

"તમારી જેમ આ પ્રભુજી અને આ સુંદર દેરાસર પણ સદા અખંડ રહે!"

મિત્રોને મળીને પાછા આવીને સામાન બાંધતા પિતાજીને ઘરે રહેલ ગ્રંથોમાંથી ક્યા ગ્રંથો સાથે લઇ જવા તેની અવઢવમાં બેઠેલા જોયા. અપૂર્વ ઐતિહાસિક પશ્ચાદ્ભૂ ધરાવનાર ને સુવર્ણયુગ પ્રવર્તાવનાર સોલંકીઓ અને વાઘેલા રાજાઓના રાજકીય, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક પાસાંઓ ઉજાગર કરતા પુસ્તકોથી લઇ અનેક પ્રાચીન પ્રબંધો, ચરિત્રો, ફાગુ, રાસાઓ સચવાયા હતા આ ઘરમાં. પાટણ જ છોડવાનું છે ત્યારે તેના પ્રશસ્તિ ગ્રંથોમાં મોહ ન રાખવાનું વિચારી અંદરના ઓરડામાં જતા રહ્યા ભગુભાઇ! ...ને બીજી સવારે ભારે હૃદયે પાટણની પાવન ભૂમિને પંચાંગ પ્રણમી, ભીના નયને ભગવાન અને ભાઇબંધ-ભેરુઓની વિદાય લીધી!

પાટણથી પોતાના પરિવારને ઊંઝાથી અમદાવાદ થઇ ભરુચ આગગાડીમાં ને પછી નાવડામાં સુરત ને ત્યાંથી ફરી બીજા નાવડામાં વિરાર લાવ્યા હાલાભાઇ. પાટણથી પારસીગલી, મુંબઇમાં આવવાનું વિસ્મય હતું સૌને ઇ.સ.૧૯૧૨ના એ સમયમાં! દાદાસાહેબ ફાળકેની સાળુંકે અભિનીત બીજી ફિલ્મ 'લંકાદહન'થી સિનેમાજગતના ડગ આગળ મંડાતા હતાં અહીં. કિંગ જ્યોર્જ પાંચમાના રાજમાં અહીં પ્રથમ વાર સૌએ પા આનાનું ચલણ જોયું. પોસ્ટ-ઓફિસમાં પાર્સલ પ્રથા શરુ થયેલી જોઇ. હડસન નામની સેડાન જેવી કારને રસ્તા ઉપર ટ્રામ સાથે દોડતી જોઇ.

શ્રી રવિન્દ્રનાથ ટાગોરને પોતાની સાહિત્યિક કૃતિ 'ગીતાંજલિ'ના અંગ્રેજી અનુવાદને નોબેલ પ્રાઇઝ મળવાના ખબર અહીંના બંગાળીઓ ઉપરાંત ગુજરાતીઓમાં પણ ચર્ચાતા જોયા. માથે ટોપા પહેરેલા બ્રિટીશરો અને લાંબા ગાઉનમાં સજ્જ ગોરી મહિલાઓને ઘોડા ઉપર સવારી કરતા જોયા. જંગલમાં તાણેલા તંબુમાં રહીને શિકાર કરવાના શોખ વિશે ફૂલાતા ફિરંગીઓને પણ સાંભળ્યા. જૂની એવી અલ્હાબાદ બેંકની સમીપે મસ મોટા દરિયાને જોઇને જ પાંચે ભાઇ-બહેનો રોમાંચિત થઇ ગયા.

ઇમ્પિરીઅલ કાળની શૈલીના મોટા મહેલો જેવા પત્થરના વિશાળ બેઠા ઘાટના બંગલાઓ જોયા. જેમાં અંદર જ ફૂવારાઓ ને બાગ-બગીચાઓ હોય તેવી સરકારી ઑફિસો, અદાલતો ને મકાનો જોયા. પારસીગલી, ઝવેરી બજારમાં રહેતા પારસીઓની સૌમ્ય જીવનસરણી જોઇ. તેમાં પેસ્તનજી અદ્યુલજીએ સૌ પ્રથમ રોજના ૫૦૦૦ કિલોના ઉત્પાદનવાળી દૂધ અને માખણ બનાવવાની 'પૉલ્સન ડેરી' શરુ કરી... એ સાંભળી ભગુભાઇને યાદ આવ્યા પોતાની જન્મભૂમિ પાટણની શેરીમાં ચોખ્ખા દૂધ, દહીં, ઘી વેચવા આવતા મજાના રૂપાળા ભરવાડો.

બધા સાથે ચોપાટી ફરવા જવાનું થાય ત્યારે ભગુભાઇને તો એમ જ વિચારો આવે કે ક્યારે હું પોતે જ આ રળિયામણાં સ્થળે એક દેરાસર બનાવું? અને એટલે જ જ્યારે પાછળથી શ્રીપાળનગરનું સુંદર જિનાલય બન્યું ત્યારે જાણે એમની જ ભાવના પૂરી થઇ હોય તેટલો આનંદ ઉપન્યો તેમને. 'સવિ જીવ કરું શાસનરસી'ની તીર્થંકરોની તારક ભાવના તેમને એટલી તો સ્પર્શી ગયેલી કે દરેક આત્માનું આ દેરાસરમાં દર્શન-વંદન-પૂજન કરી કલ્યાણ થશે તે વિચારથી રોમેરોમમાં હર્ષ ફેલાયો.

દેશી નિશાળમાં ભણીને આવેલા પોતાના દરેક સંતાનો મુંબઇની 'પન્નાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલ'ના અંગ્રેજી માધ્યમમાં પણ સારું કાઠું કાઢી શક્યા તે જોઇ પિતા હાલાભાઇને ય શાંતિ થઇ. એક વર્ષમાં તો નવા મિત્રો વચ્ચે કલબલતા થઇ ગયા દરેક બાળકો. એમાં યે ભગુભાઇને તો અહીંના દહેરાસરના ભગવાન પરત્વે પણ પૂર્વે હતી તેટલી જ પ્રીતિ થઇ ગયેલી જોઇને તેઓને સંતોષ પણ થયો.

આવા પિતા હાલાભાઇ મુંબઇની પારસીગલીમાં આવેલા આ ઝવેરી ભુવનના ત્રીજા માળના ઘરે આવેલી એક નાની માંદગીમાં એકાએક બિમાર થઇ સ્વર્ગવાસી થયા ત્યારે ભગુભાઇની ઉંમર હતી ફક્ત ૧૦ વર્ષ! કોમળ વયે પિતાજીની હૂંફ ગુમાવી તેથી હૈયા ઉપર થયો વજ્રાઘાત. મૈત્રીભાવ, વાત્સલ્ય, ક્ષમાપના, જીવદયા ને પરોપકાર જેવા ગુણો જેમણે પોતાનામાં સીંચ્યા, ગ્રંથપ્રીતિ ખીલવી અને નવકાર મહામંત્ર જેમણે જન્મતાં જ શ્રવણ કરાવ્યો તે પિતાજીની સ્મૃતિ અકબંધ રાખવા સૌ સંતાનોએ સાથે મળી એક શુભ કાર્ય સંપન્ન કરવાનો સંકલ્પ લીધો. ઉત્તર ગુજરાતમાં પાટણ સમીપ આવેલા હારીજ પાસેના કાતરા ગામની ૮૫૦ વીઘા જમીન 'શ્રી પાટણ મહાજન પાંજરાપોળ'ને ભેટ આપી પિતાનું જીવદયાનું ગમતું કાર્ય કરી, યત્કિંચિત્ ઋણ ફેડ્યાનો સંતોષ માન્યો.

૧૨ વર્ષની નાની વયમાં જ અર્થસહિત પંચપ્રતિક્રમણ સૂત્રો, યોગશાસ્ત્રના ૪ પ્રકાશ તથા અનેક સજ્ઝાયો, સ્તવનો, સ્તુતિઓ, પદો સાથે પૂજાની ઢાળો ભગુભાઇને કંઠસ્થ થઇ ગયા. વળી એ પછી તો તેમને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની ત્રણે ચોવીશીઓ, ૧૨૫, ૧૫૦ ને ૩૫૦ ગાથાના તાત્વિક સ્તવનો સાર્થ, આનંદઘનજીના ગૂઢાર્થભર્યા અનેક પદો વગેરે પણ કંઠસ્થ થઇ ગયા. યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તોત્ર આત્મસાત્ કરી અધ્યાત્મ વિષયક ગ્રંથોનું વાંચન પણ શરુ કર્યું તેઓએ. ત્યાં જ ભગવાનદાસ ૧૩ વર્ષના થયા ત્યારે માતા ચુનીબેન પણ તેમની નજર સમક્ષ જ એકાએક મૃત્યુને શરણ થયા.

અત્યંત વિચલિત થઇ ઊઠયું તેઓનું કોમળ હૃદય જ્યારે પોતાના વ્હાલા માતાના દેહને ચિતા ઉપર પ્રજ્વલિત થતો જોયો. યાદ આવ્યા પાટણના પ્રાંગણમાં ઉગેલા ચંપાવૃક્ષના પાંદડા ઉપરના પેલ્લા ઝાકળબિંદુઓ - બસ! જીવન પણ શું આટલું જ ક્ષણિક છે? અંતે બધું જ છોડીને એકલા ચાલી જ નીકળવાનું છે? તો થોડા સમય માટે આ મોહ-માયા શા માટે? વિરહના દુ:ખમાં વધુ મુંગા બની ગયેલા ભગુભાઇને જોઇને પરિવારજનોની ચિંતા વધી ગઇ. એમાં વળી સૌથી મોટા વીરચંદભાઇને પોતાના લગ્નના ૩ વર્ષે હડકાયું કૂતરું કરડયું પછીના ૬ માસમાં તેઓ પણ મરણને શરણ થયા. તેનો પણ અતિવ ઊંડો આઘાત લાગ્યો ભગુભાઇને.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તથા શ્રી આનંદઘનજીના વૈરાગ્યપ્રેરક પદો તેમને આ સમયખંડમાં વધુ સારી રીતે સમજાયા. પોતાનું મન શ્રી નમસ્કાર મહામંત્રમાં જ વધુ સ્થિર કર્યું. નવકાર તેઓના શ્વાસે-શ્વાસે વણાઇ ગયો. મોટા લહેરુભાઇ, ભોગીભાઇ તથા મેનાબેન પોતાના સંસારમાં વ્યસ્ત હોવા છતાં અનહદ સ્નેહ રાખીને ખૂબ કાળજી કરે ભગુભાઇની. વળી નવકાર ને નવપદજીના અનુગ્રહથી એવું તો સામર્થ્ય ભળ્યું ભગુભાઇમાં કે પિતા-માતા ને ભાઇના વિરહનો શરુનો કાળ વહી શક્યો!

એકદા શેષ પરિવારજનોના આગ્રહથી અનિચ્છા હોવા છતાં ચંપાબેન નામની એક ગુણિયલ કન્યકા સાથે લગ્નગ્રંથી થકી જોડાવા માટે ભગુભાઇએ હા પાડવી પડી. પોતે માત્ર ૧૪ વર્ષના અને ચંપાબેન ૧૩ના. આ એક ફરજિયાત વિધિ છે તેમ માની તેઓએ ફેરા ફર્યા. જો કે ત્યારે પોતાની માતાનો હસતો ચહેરો તેમને દેખાયો. એ જોઇ વિચાર્યું કે પોતાના માતા હવે જ જાણે નિશ્ચિંત થયા છે. જિનેશ્વરની સંનિધિમાં જીવતા દિલની સચ્ચાઇવાળા આ ભગુભાઇનું સમર્પણ વિશુદ્ધ હતું.

દેરાસરે જાય ને તેઓ રોજ નિર્મળ આનંદના અલૌકિક વહેણ વહેતા અનુભવે પોતાની સા...વ અંદર! એ ધન્ય ઘડીએ તેઓ સર્વોપરી શાંતિની અનુભૂતિ કરે. છેલ્લા થોડા વર્ષોમાં જ પોતાનું આમૂલાગ્ર પરિવર્તન થયું છે તે અભિવ્યક્ત ભલે ન કરે, પરંતુ નાની ઉંમરે જ એક ચૈતન્યશીલ આત્મા સમું સમજણભર્યું વર્તન થઇ ગયુ હતું તેઓનું. આવા સંજોગોનો સ્વીકાર કરતા થયા ત્યાં જ અચાનક ભગુભાઇને ફરીથી એક મહાઆઘાતજનક ઘટનાના સાક્ષી થવું પડયું!

ઇન્ફ્લુએન્ઝાના રોગમાં સપડાયેલા પત્ની ચંપાબેન લગ્ન પછીના બે જ વર્ષમાં ફક્ત ૧૫ વર્ષની વયે અવસાન પામ્યા. પિતા, માતા, મોટાભાઇ ને હવે પત્ની! એક પછી એકના વિયોગથી જીવનમાં જાણે શૂન્યાવકાશ જ છવાઇ ગયો. મૃત્યુ એ અફર સત્ય છે. ક્ષણિક ભોગ-વિલાસમાં જીવન હવે વેડફાય જ નહીં. ત્યાગ અને વૈરાગ્ય જ આપણી સાચી મૂડી છે તે માન્યતાપૂર્વક ભગુભાઇ જીવમૈત્રી અને જિનભક્તિમાં વધુ ને વધુ પરોવાઇ ગયા. પરંતુ ફરીથી કુટુંબીજનોના દુરાગ્રહને કારણે ૧૬ વર્ષની વયે ઈન્ટર સુધીનો વ્યવહારિક અભ્યાસ કરેલ ભગુભાઇને બીજા લગ્ન કરવા પડયા. પાટણમાં પોતાના જ મહોલ્લાની શેરીમાં રહેતા શ્રી છોટાલાલભાઇ ઝવેરીના દિકરી હીરાબેન સાથે હસ્તમેળાપ કરી ઘરે પહોંચ્યા ત્યારે વાગ્યા હતા સવારે ચાર! ઓરડામાં જઇ ભગુભાઇએ ધર્મપત્નીને સ્નેહથી એક વાત કરી:

''રાત્રિના ૧૧ ને ૮ મિનિટે જ્યારે મારો જન્મ થયો ત્યારે માતા-પિતાના અનેક પ્રયત્નો છતાં મેં ગળથૂથી પીવા મોઢું ન જ ખોલ્યું! જાણે ચોવિહાર કરીને આવ્યો હોઉં તેવો વર્તાવ હતો મારો. બાલ્યકાળથી રમતગમતમાં ઉદાસીન ને આધ્યાત્મિક્તામાં ભાવિત થાઉં છું. મોક્ષલક્ષિતા મનોગત કરી છે મેં અને તમે પણ કરશો તો મને ગમશે, કારણ કે તે જ અંતિમ ધ્યેય હોવો જોઇએ. પારમાર્થિક જીવન જીવવું એ તમારું પણ પ્રયોજન બનો. તો હવે હું ઈચ્છુ છું કે આજથી - અત્યારથી જ આપણું સહજીવન ધર્મમાર્ગે પ્રવેશ પામે અને તેની શરૂઆત આપણે રાઈય પ્રતિક્રમણથી જ કરીએ!''

जो जाणइ अरहंते, दव्वत्त गुणत्त पज्जयत्तेहिं ।
सो जाणइ अप्पाणं, मोहो खलु-जाइ-तस्स लयं ॥१-८०॥
- प्रवचनसार

દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતને જે જાણે છે, તે આત્માને જાણે છે.
અને તેના મિથ્યામોહનો નિશ્ચે વિલય થાય છે.

“ જ્ઞાન પ્રકાશક છે. ક્રિયા સ્થૈર્યજનક છે. બંને મળીને આત્મ સુખનું કારણ બને છે. જ્યાં જ્ઞાન રહેલું છે ત્યાં ગૌણપણે ક્રિયા પણ રહેલી છે. જ્યાં ક્રિયા મુખ્ય છે, ત્યાં ગૌણપણે જ્ઞાન પણ રહેલું છે. યાદ જ રાખવું કે : ज्ञान क्रियाभ्यां मोक्षः । ”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૨ | ભીતર નીતરે...


**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

નવોઢા હીરાબેન તો દાંપત્યજીવનની પ્રથમ રાત્રિએ જ ભરથારના મુખે રાઈય પ્રતિક્રમણની વાત સાંભળીને ખૂબ પ્રભાવિત થયા. એક ઉદાર માનવી, ઉત્તમ યોગી અને ઉત્કૃષ્ટ આરાધક આત્મા સાથે પોતે જીવનભર માટે જોડાયા છે એવું તેમને સ્પષ્ટ પ્રતીત થયું. મા વિનાની, ૧૬ વર્ષની, મામાના ઘરે કાઠીયાવાડના વેરાવળમાં ઊછરેલ આ પરિશુદ્ધ કન્યકા હીરાબેન પણ સરળ સ્વભાવી હોવાના કારણે સેવા અને સમર્પણ થકી પોતાની કર્તવ્યપરાયણતા પરત્વે જાગૃતિ કેળવવા મનથી તૈયાર થઇને આણામાં લાવેલ સામાયિકનું ગરમ આસન, મુહપત્તી અને ચરવળો કાઢીને પોતાના શ્રાવકે સ્થાપેલ સ્થાપનાજી સમક્ષ પ્રતિક્રમણ કરવા બેસી ગયા.

'વસુધૈવ કુટુમ્બકમ્'ના મહામૂલ્યવાન સિદ્ધાંતમાં માનતો આ પરિવાર હતો કુલ ૨૫ માણસોનો.

અહીં તરડાતા સંબંધોને પ્રવેશ ન હતો. હીરાબેને જેમ-જેમ દિવસો વીતતા ગયા તેમ-તેમ જોયું કે વડીલોને સન્માન, અતિથિઓને મધુરો આવકાર, મિત્રોને નિઃસ્વાર્થ સહાય, બાળકોને ઉત્સાહ અને ઈર્ષ્યાળુને અહીંથી ક્ષમાની ભેટ પ્રાપ્ત થાય છે. વળી આ પરિવારમાં દુઃખી પ્રત્યે કરુણા, પુણ્યવાન પ્રત્યે મુદિતા અને પાપી પ્રત્યે ઉપેક્ષા રાખીને જીવન વ્યવહાર ચાલે છે. આ જોઇ હીરાબેનને વેરાવળના ઉપાશ્રયે ચાતુર્માસમાં આપેલ પૂજનીય સાધ્વીજી મહારાજોનો ઉપદેશ યાદ આવ્યો. તે જ રીતે અહીં પણ સર્વેમાં સત્ત્વગુણનું જળસિંચન થયેલ દેખાયું.

દૂધમાં સાકરની જેમ ભળી ગયા તેઓ ને તેથી જ તેમનો આ પ્રીતિયોગ પરિવારમાં રંગ લાવ્યો. એક ધર્મપરાયણ, કર્મઠ ને સમર્પિત જીવનસંગિની મળી છે ભગુભાઇને એ જોઇ સૌને આત્મિક સંતોષ થયો. સવાર-સાંજના પ્રતિક્રમણ, નિત્ય વ્યાખ્યાન શ્રવણ, બપોરે સામાયિક, પાઠશાળામાં નિત્ય ધાર્મિક અભ્યાસ ઉપરાંત તપસ્યામાં સદા એકાસણા ને ક્યારેક આંયબીલ પણ કરતા હીરાબેન એક ગૃહલક્ષ્મીની ફરજો પાળવામાં પણ ક્યારેય પાછા ન પડયા. આ સિદ્ધ થયું એક એવું વિશિષ્ટ દંપતિ, જે ભરયુવાન વયે ય ઊર્ધ્વ જીવન પરત્વેના પ્રયાણ માટે નિરંતર પ્રયત્નશીલ બનેલ હતું.











ગુજરાતના અભિનવ તીર્થ પાટણની ધન્યધરા છોડીને ૯ વર્ષની બાલી ઉંમરે પૂજ્ય પિતાશ્રી હાલાભાઈ ને માતા ચુનીબેન સહ મોહમયી મુંબઈની પારસીગલીના ઝવેરીભુવનમાં રહેવા ગયા ભગવાનદાસભાઈ.

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયે તેમને વીતરાગનાં વારસ બનાવ્યા. શ્રી પન્નાલાલ પૂરણચંદ જૈન હાઈસ્કૂલે આપ્યું વ્યવહારીક જ્ઞાન તો નવપદ આરાધક સમાજ - મુંબઈએ વર્ધમાન કર્યું આયંબીલ તપ ઉપરનું બહુમાન.

સંવત ૧૯૮૦ (ઇ.સ.૧૯૨૪)માં અઠ્ઠાઇ આરાધનાથી વિભૂષિત થયા ભગુભાઇ ત્યારે ત્રણે ભાઇઓના સમ્યક્ પુરુષાર્થથી હાલાભાઇની પેઢી બજારમાં ધમધમતી હતી. સોળમા વર્ષથી જ એરંડાની દલાલીમાં ઝંપલાવી મુંબઇમાં ભાઇઓ સાથે પેઢીમાં બેસનાર ભગુભાઇને સત્તરમા વર્ષે મિત્ર જેસંગભાઇ દ્વારા ગુજરાતના ડીસા પાસેના સમૌ ગામમાં પૂજ્યશ્રી કર્પૂરવિજયજી મહારાજનો ભેટો થયો. તેનાથી પાયાના ગુણોને ઊંડા કેળવી વ્યાપારમાં પણ સંપૂર્ણ પ્રામાણિક્તા અને વધુ વફાદારી દાખવ્યા તેમણે.

એકવાર એરંડાના વેચાણમાં કોઇ અન્ય વેપારીએ માલનો સંગ્રહ કરી એવો તો ખેલો કર્યો કે એરંડાના ભાવ આસમાને પહોંચ્યા. તે પછી પૈસાની પૂરી સગવડ ન થવાથી માલની ડિલીવરી લેવાના સમયે ૩૦% માલ તોલ્યા પછી તે વેપારી વધુ માલ તોલી ન શક્યા. આથી બજારભાવ ગગડીને સાવ નીચે ગયો. આમ થતા ૨૦ મણ એરંડાનો ભાવ જે ત્યારે ૧૦૦ રૂપિયા હતો, તે ચાર જ દિવસમાં ઘટીને ૨૫ રૂપિયા થઇ જતા મોટું નુકશાન વેઠવાનું આવ્યું. હાલાભાઇની પેઢી પણ ભારતભરની બજારમાંથી લાખો રૂપિયાનો માલ ઊંચા ભાવે ખરીદ કરી પેલી તેજીવાળી પેઢીને વેચવા લાવેલ, જે દેવાળું કાઢવાથી લાખો રૂપિયાની નુકશાની વેઠીને બંધ પડી ગઇ.

કર્મના સિદ્ધાંતમાં માનતા ભગુભાઇએ અન્ય કોઇનો દોષ ન જોયો. હિંમત ન હારતા તેઓએ એક બ્રિટીશ કંપની સાથે બિયાં, શિંગદાણા, અળસી તથા કાપડનો વેપાર શરુ કર્યો. થોડો સમય તો સારું કમાયા, પરંતુ ફરી એકવાર જ્યારે તે કંપનીના સાહેબે ખાંડનો સટ્ટો કરી બજારભાવ વધારી દીધા ત્યારે જ પરદેશથી ખાંડ ખરીદીને આવેલી સ્ટીમરો જેવી મુંબઇ બંદરે નાંગરી કે ભાવ નીચે જતા પેલી બ્રિટીશ કંપનીને અસહ્ય માર પડયો. આઘાતથી તેના મુખ્ય સાહેબ મૃત્યુ પામ્યા. તેમની પાસેથી તો ભગુભાઇએ શિંગદાણાના વેપારમાં થયેલો રૂપિયા બે લાખનો નફો લેવાનો ય બાકી હતો. તે નફો તો માંડવાળ કર્યો જ, પણ તે ઉપરાંત ઘરના બીજા નાણા તેમાં ઉમેરેલા તે પણ જતા કરવા પડયા.

અજાતશત્રુ ભગુભાઇએ આવા કપરા સમયે પણ સંબંધોની ગરિમા જાળવી. તેઓની જગ્યાએ પોતે હોય તો આવી જ અસહાયતા અનુભવતા હોત તેમ વિચારી વળી નવી દિશા તરફ જોયું. ધ્યેયનિષ્ઠા ને કુનેહથી પોતાના ખાસ મિત્ર ચીમનભાઇ સાથે મળીને રૂ તથા અળસી બજારમાં નવેસરથી દલાલીનો ધંધો શરુ કર્યો. વળી તે સમયે બજારમાં નામાંકિત એવી ૫૦-૬૦ ગુજરાતી પેઢીઓમાં પોતાની શાખ વધતા પછી ઘઉંની દલાલી કરવી પણ ઉમેરી. અસત્ય અને ફૂડકપટ નીતિથી છ ગાઊ છેટા રહેલા ભગુભાઇ બજારની વધ-ઘટ જાણવા માત્ર બે કલાક જેવો સમય જ બજારમાં ગાળે.

લગ્નજીવનના ૮ વર્ષે સંવત ૧૯૮૩ (ઇ.સ.૧૯૨૭)માં ૨૪ વર્ષની ઉંમરે હીરાબેને પુત્રને જન્મ આપ્યો. પરિવારમાં આનંદ વ્યાપ્યો કે આપણે વધુ એક પુણ્યશાળી જીવને વિશુદ્ધ શ્રાવક બનાવીશું. ગોત્રીજના દિને આ સૌભાગી બાળકનું નામ પાડ્યું 'જિતેન્દ્રલાલ' - લાડથી સૌ તેને 'બચુ' કે 'જીતુભાઇ' કહે.

પોતાનો સમય બહુધા દેરાસર, ઉપાશ્રય અને આયંબીલ ખાતાના સુવહીવટમાં જ ગુજારનાર ભગુભાઇએ સંવત ૧૯૮૧માં બંધુમિત્ર અમદાવાદના શ્રી ચીમનભાઇ પટવા સાથે મુંબઇ કુંભાર ટુકડામાં વર્ધમાનતપ આયંબીલ ખાતાની સ્થાપના કરી. એ પછી સંવત ૧૯૮૩માં 'નવપદ આરાધક સમાજ'ની સ્થાપના પણ ઓળીના દિવસોમાં ઉત્તમ આરાધના થાય તે હેતુથી અન્ય સુયોગ્ય કાર્યકર્તાઓ સંગે તેમણે જ કરી.

ધન કમાવા માટે પુણ્ય જ જોઇએ અને ધર્મ કરવા માટે પુરુષાર્થ. આ સત્ય તેઓ ગહનતાથી સમજીને આચારમાં ઉતારી શક્યા. સાચી શ્રીમંતાઇ પ્રભુ ભક્તિમાં છે તે સમજીને તેઓ નિત્ય પાયધૂની દેરાસરમાં પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરે. તેમની નિરાંતવી ભક્તિ અને આંતરભાવ જોઇને ખ્યાલ પણ ન આવે કે વેપારમાં તેઓ અનન્ય તકલીફોમાંથી પસાર થઇ રહ્યા હશે!

સંવત ૧૯૮૦ (ઇ.સ.૧૯૨૪)માં પાયધૂનીના કોલસા મહોલ્લાનું આયંબીલ ખાતુ હિંદુ-મુસ્લિમ વચ્ચે થતા તોફાનોના ભયથી બદલવાની જરૂર પડી. હુલ્લડના ભયથી કાંપતા તપસ્વીઓ ખાસ ત્યાં આયંબીલ કરવા આવે નહીં તે સહજ હતું. ગમે તે સમયે સાવ નજીવી બાબતમાંથી ઊભી થતી ગેરસમજણ તોફાની તત્ત્વોને તોફાન કરવા માટે પૂરતી બનતી. ભગુભાઇએ દિવસ-રાત જોયા વિના શાસનના આ કાર્યને પાર પાડવા ભગીરથ પ્રયત્નો કર્યા.

થોડા જ દિવસોમાં તેઓને કુંભાર ટૂકડાની ગલીમાં એક સુયોગ્ય મકાન દેખાયું ને બરાબર તપાસ કરીને આખું મકાન ખરીદી લઇને બને તેટલી ઝડપથી કોલસા મહોલ્લાનું આયંબીલ ખાતુ અહીં ફેરવી લીધું.

શાસનના અટકેલા કાર્યો પૂરા કરવાની જવાબદારી આપણી જ છે તેવું માનતા ભગુભાઇ સૌ માટે એક શ્રદ્ધેય સરનામું હતા. તેમનો એકવડો બાંધો, તેજસ્વી આંખો ને ગોઠણ સુધી હાથ પહોંચે તેવા દુર્લભ આજાનબાહુ સહિતની સુરમ્ય દેહયષ્ટિ જોનારના મનોકાશમાં ઠંડક પહોંચાડે. વળી મુદ્દાસર જ વાતચીતની ટેવ ને નિઃસ્વાર્થ કાર્યપ્રણાલી તેઓની ભીતરની છબી પણ ઉપસાવે.

'નવપદ આરાધક સમાજ'ના સેક્રેટરી બનીને પણ કાર્યાન્વિત રહ્યા તેઓ. આયંબીલ તપ અતીવ પ્રિય તેથી વર્ધમાનતપનો પાયો નાખવા માટે તેમણે અન્ય યુવાનોને પણ રાજી કર્યા. વળી તેઓનું તપોબળ, સંમોહક ઋજુતા તથા તેમની આર્ષવાણીથી પ્રેરાઇને પાઠશાળામાં અભ્યાસ કરતા ભાઇઓમાંથી આશરે ૭૦ જેટલા શિક્ષિત યુવાનો ક્રમશઃ દીક્ષિત પણ થયા. એક અનોખી ઉપલબ્ધિ હતી તેઓની આ.

મુંબઇના ગોડીજી દેરાસરના ઉપાશ્રયમાં ધાર્મિક અભ્યાસ કરાવતા હોય ત્યારે યુવાનો તેમની સ્વરૂપ ચિંતનમાં જ ખોવાયેલી રહેતી તેજોમય આંખો, મક્કમ ચાલ અને નિઃસ્પૃહ વ્યવહાર જોઇને તેઓના જેવા જ થવાનું સ્વપ્ન સેવે. પરંતુ ભગુભાઇ તો પોતાના આધ્યાત્મિક વિકાસ અને ધર્મ પરત્વેની રસરુચિનો શ્રેય માતા-પિતા, ગુરુદેવો, શાસ્ત્રો અને હિતમિત્રોને જ આપે.

ફક્ત ૧૮ વર્ષની યુવાન વયે તેઓએ વર્ધમાન તપનો પાયો નાખ્યા પછી ઉત્તરોત્તર આયંબીલ તપમાં જ આનંદ આવવાથી ઓળીઓ ચાલુ જ રાખી હતી. ઘરના સૌ જ્યારે પારણાના દિવસે દૂધ-દહીં-ઘી-ગોળ સમેતની વાનગીઓ પીરસે ત્યારે તેમનો રસાસ્વાદ પોષાવાને બદલે વિષાદ વધે કે આયંબીલ કરવાથી ધર્મકાર્યો કરવાની જે સ્ફૂર્તિ રહે છે તે હવે ઓછી થઇ જશે!

પાલીતાણાની બાબુ પન્નાલાલની ધર્મશાળામાં આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ તથા પરમ વિનયી પૂજ્યશ્રી ઉમ્મેદવિજયજી મહારાજના શિષ્ય પંન્યાસશ્રી ખાંતિવિજયજી મહારાજની શુભ નિશ્રામાં એકદા વિધિપૂર્વકની ઓળીની આરાધના આયોજાઇ ત્યારે પ્રસંગ પાર પાડવા મુખ્ય કાર્યકર્તા તરીકે ભગવાનદાસભાઇ જ સૌને યાદ આવ્યા. પોતાનો વેપાર વગેરે છોડીને તત્કાલ પોતાની ચોક્કસાઇ ભરેલી કાર્યપ્રણાલી થકી ઓળીનો સમગ્ર ભાર ભગુભાઇએ શિર ઉપર લઇ લીધો. દરેકની આરાધનામાં પણ સહાયભૂત થતા એવા તેઓ પોતે તો સાંજે ઠે...ઠ ૪ થી ૫ વાગે આયંબીલ કરવા બેસે. રાત્રે ફક્ત ૩ થી ૪ કલાકની નિદ્રા લઇ પોતાના નિત્યક્રમમાંથી પરવારી, ફરી ધર્મક્રિયાઓમાં રમમાણ થઇ જાય.

રસોઇ બનાવવાની શરુ થતી હોય તે પહેલા દરેક લોટ, કઠોળ, સૂંઠ, મરી, બલ્વણ વગેરે સામગ્રીને જયણાપૂર્વક જોઇ-તપાસી દે. સૌથી વધુ જો કે નિસ્બત રહે તેઓને પાણી ઉકળતું હોય ત્યારે ઉભા રહીને તેના ત્રણ ઉફાળા આવે પછી જ ચૂલા ઉપરથી તપેલું ઉતરે અને ત્રાંસમાં ઠરાય તેની.

પોતાના માતા ચુનીબેન સૂર્યોદય થઇ જાય પછી તેના પ્રકાશમાં ચૂલાને સરખો જોઇ - સાફ કરીને કોલસા ગોઠવી પ્રગટાવે તે બાળપણનું દ્રશ્ય જાણે કાયમ માટે તેમની મનોભૂમિમાં કોતરાઇ ગયેલું.

વળી ઋતુ ને કાળ પ્રમાણે બંને કાળે ઉકળતા પાણીમાં જ્યારે ઊભરા આવવા શરુ થાય ત્યારે નાનકો ભગુ ગણે: 'એ...ક, બે... ને... તના!' એ પછી જ સાચવીને તપેલું ઉતારાય અને પાણી ઠરાય. એ ધર્મસંસ્કારના ચાસનું ઊંડાણ આયંબીલ ખાતાઓમાં પ્રતિબિંબિત થતું જોઇ માતાનો વારંવાર મનથી જ આભાર માને. આવી શુદ્ધ ક્રિયાઓ દ્વારા તેઓ પ્રભુ આજ્ઞા પાળી રહ્યા છે તેનો પરમ સંતોષ અનુભવે.

તેમની ધર્મનિષ્ઠા એવં તિતિક્ષા ચોમેર પ્રશંસા પામી રહ્યા હતા ત્યારે પુત્ર જિતુને બચપનમાં હાલરડા રૂપે સ્તુતિઓ, સ્તવનો, પદો જ સંભળાવેલા પિતા ભગુભાઇએ. નવકારશી-ચોવિહાર સાથે રોજની પ્રભુપૂજા પણ કરાવે જ. રાત્રે ભાવનામાં તેને સાથે લઇને જાય ત્યારે ગમે તેટલી ઊંઘમાં હોય, તેઓ કાંસીઓ વગાડે ત્યારે બાજુમાં રહેલો આ નાનકડો બચુ એકદમ જાગી જઇ તાલીઓ પાડતાં તાલ પૂરાવે. એ જોઇ ભગુભાઇને પિતા હાલાભાઇ સાથે જઇને પોતે આમ જ કરતા તે દ્રશ્ય સ્મરણમાં આવે.

જિતુ એક વર્ષનો થયો ત્યારે એકવાર ભગુભાઇના કાર્યાલય સમીપ પેઢી ધરાવતાં શ્રી નગીનદાસભાઇ કરમચંદભાઇને ત્યાંથી આમંત્રણ આવ્યું કચ્છ યાત્રાએ લઇ જતાં તેઓના સંઘમાં જોડાવાનું.

ભદ્રેશ્વર, નલિયા, તેરા, કોઠારા, જખૌ, સુથરી, કટારિયા ને નાની-મોટી ખાખર જેવા અનેક પ્રાચીન તીર્થોની યાત્રાએ જવા તેમનું મન થનગની ઊઠયું. એ તીર્થભૂમિની પાવન સ્પર્શના થકી તેમના આંતરભોમની ધરા પણ પાવનતર થશે તેવી શ્રદ્ધાથી તેઓએ તે આમંત્રણ સ્વીકાર્યું. મુંબઇથી કચ્છની યાત્રા ત્યારે હતી ઘણી જ કઠિનાઇઓથી ભરેલ. દિવસો ઘણાં થાય અને રસ્તાઓ પણ સારા નહીં.

વળી કેટલાયે ગ્રામ્ય વિસ્તારોમાં તો દેરાસર અતિ દૂર હોય તો વળી જવું પડે ગાડામાં બેસીને ય! સાંજ પડે એ પહેલા તીર્થમાં પહોંચી ગયા તો વધુ સારું, પરંતુ કોઇ કારણસર વળી જો મોડી રાત્રે પહોંચ્યા તો અંધારામાં અજાણી જગ્યાએ પડે અઢળક તકલીફો. વીજળી મોટા શહેરો સુધી તો પહોંચી હતી, પરંતુ નાના ગામડાંઓમાં હજુ ફાનસના દીવાથી જ કામ ચાલે.

આ સમય હતો જ્યારે છ'રી પાળતા સંઘો વધુ નીકળે. ચતુર્વિધ સંઘમાં સૌથી આગળ રહેલ જિનેશ્વર ભગવંતના રથની પાછળ હાથી-ઘોડાની પાલખીઓ ઉપર સંઘપતિઓના પરિવારજનો બીરાજ્યા હોય. વળી શ્રમણ ભગવંતોની પાછળ હોય અન્ય સ્વામીભાઇઓ અને સુંદર વસ્ત્રોમાં સજ્જ થયેલી દેખાય મર્યાદાશીલ નારીઓ. પ્રત્યેક પ્રભાતે રથની ઘૂઘરીના મીઠાં રણકારમાં પ્રારંભે જય બોલાવાય તે જોવા સૂર્યને પણ વહેલું ડોકિયું કરવાનું જાણે મન થઇ જાય! મંજુલ સ્વરે ગવાતા ગીતોમાં ધર્મ પરત્વેનું બહુમાન છલક-છલક છલકાતું સાંભળવા મળે અહીં. વચ્ચે આવતા દરેક ગામમાં ઉત્સવનું વાતાવરણ બની જાય. જે ખેતરો કે મેદાનોમાં સંઘ રોકાણ કરે ત્યાં થોડા દિવસ પહેલાથી જ પાણા, કાંટા, ઝાંખરા વગેરે વીણવાનું શરુ થઇ ગયુ હોય.

તંબુઓ બંધાવા માંડે ત્યાં જ ગામના લોકોમાં થોડા કલાકો માટે રોકાનાર આ સંઘને કેમ વધુ અનુકૂળતા આપી શકાય તેની ચર્ચાઓ શરુ થઈ જાય. આટલા બધા લોકો માટે ય ઘરે-ઘરે રહેલા દુઝણાં ગાય-ભેંસના દૂધ તો પૂરતા થઇ જ જાય ને વાવ, તળાવ, કૂવાના પાણી સીંચી-સીંચીને તંબુમાં ટીપડાં ભરાઇને પણ મૂકાઇ જાય, જેથી યાત્રાળુઓને પાણીની અગવડ ન પડે. સંઘપતિઓ પણ રોકાણ થનારા દરેક ગામોને ધૂમાડાબંધ જમવાનું આમંત્રણ મોકલતાં હર્ષ અનુભવે.

શ્રી નગીનભાઇના આ સંઘમાં જવા ભગુભાઇએ સઘળી યે તૈયારીઓ કરી લીધી. અક્ષત, ફળ, નૈવેદ્ય, કેસર, બરાસ, સુખડ, સોના-રૂપાના ફૂલો અને અષ્ટપ્રકારની બીજી સામગ્રીઓ ઉપરાંત પૂજાના કપડાથી પેટી ભરાઇ ગઇ. દરેક દેરાસરોમાં મૂકવા માટે ઘી, અંગલૂંછણા અને મોરપીંછી લઇને જૂદા થેલામાં ભરાઇ ગયા. ચપ્પલ કે બુટની જોડ તો લેવાની જ ન હતી, કારણ કે પોતાની ૨૨ વર્ષની ઉંમરથી જ ભગુભાઇને વાણહ ત્યાગનો નિયમ હતો. પતિના પગલે હીરાબેને પણ ઉઘાડા પગે રહેવાનું જ શરુ કરી દીધું હતું. સફેદ ઝભ્ભો-લેંઘો-ટોપીમાં શોભતા ભગુભાઇ સદાચારથી ઝળહળતા અને અધ્યાત્મથી ઝગમગતા યુવાન લાગ્યા સૌને આ સંઘમાં.

સંઘના પ્રથમ મુકામે જ ભગુભાઇના મનમાંથી અનુપમ ચિંતનધારા વછૂટી: મારી સાધનાના બહુવિધ પ્રવાહોમાં એક વહેણ ખૂટતું હોય તો એ છે બ્રહ્મચર્યનું. નવકારનો જપ, આયંબીલનો તપ અને બ્રહ્મચર્યનો ખપ એ ત્રિરાશી મને ખૂબ ગમે છે. પરંતુ જ્યાં સુધી હું ત્રણેયમાં પ્રવેશ ન કરું ત્યાં સુધી એ મારા જીવનમાં સમરસ ન જ થઇ શકે! પુદ્ગલસુખની પરવશતાને કારણે કર્મ બંધન કરીને હું જ મને આત્મિક સુખથી વેગળો રાખું છું. આ વિષય સુખોને કારણે જ મુક્તિ સુખથી ય હું મને વંચિત રાખી રહ્યો છું. જો મારે શીલવાન પ્રજ્ઞાપુરુષ બનવું હોય તો સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું જ રહ્યું.

મારા આત્માને અનંત સુખના ધામ સુધી પહોંચાડવા માટે હવે અબ્રહ્મની સામે મેરુપર્વત જેટલા અડગ રહેવું જ રહ્યું. શ્રી ભગુભાઇને સ્મૃતિવંત થઇ એક વાત: ભરતક્ષેત્રે કચ્છનો કળામય વિસ્તાર વિખ્યાત છે એક જ ઢોલિયામાં એકબીજાનું અંગ સ્પર્શી ન જાય તે માટે શયન કરતી વેળાએ વચ્ચે તલવાર રાખતાં વૈરાગી વિવાહીત યુગલ શ્રી વિજય શેઠ અને વિજયા શેઠાણીના ચતુર્થ બ્રહ્મચર્યવ્રત પાલન માટે!

ચંપાનગરીમાં વિમળ કેવળી સમોસર્યા ત્યારે જીનદાસ શ્રાવકે પર્ષદામાં મનોરથ જાહેર કર્યો: 'પ્રભુ! મારા ગૃહે ૮૪,૦૦૦ શ્રમણો પારણું કરે તેવી મહેચ્છા સફળ થશે?' ત્યારે વિમળ કેવળીએ કહ્યું:

'એટલા બધા તપસ્વી શ્રમણો એકસાથે એકી જગ્યાએ ઉપસ્થિત થવા સંભવિત નથી. કિન્તુ આપનો આ મનોરથ સિદ્ધ થાય તેવો એક અન્ય રસ્તો છે ખરો જેમાં તેના સારીખું જ ફળ પ્રાપ્ત થઇ શકે. આપ કચ્છ નિવાસી શ્રી વિજય શેઠ-વિજયા શેઠાણીને ઘરે બોલાવી ભોજન કરાવો તો ૮૪,૦૦૦ તપસ્વી શ્રમણોને પારણું કરાવ્યાનું ફળ જ તમોને મળી શકે. તેઓએ પરિણય પૂર્વથી જ અનુક્રમે શુકલ પક્ષ તથા કૃષ્ણ પક્ષમાં બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધેલો અને અદ્યપર્યંત વિશુદ્ધ રીતે શિયળવ્રતનું પાલન કરવામાં તેઓ સુસફળ રહ્યા છે. ટૂંક સમયમાં જ ચારિત્ર અંગીકાર કરી અષ્ટકર્મ ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષ જનાર છે.'

ચારિત્રમોહનીય કર્મ તોડવાની અપૂર્વ શક્તિ मातृवत् परदारेसु ઉપરાંત मातृवत् स्वदारेसु નિયમમાં છે તેમ વિચારી શ્રી ભગુભાઇએ તે રાત્રિએ જ મનમાં એક સંકલ્પ કરી લીધો. ...ને તેના ચિંતનવારિથી નખશીખ ભીંજાયેલા ભગુભાઇ જઇ પહોંચ્યા પૂજ્ય આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી સમીપ. તેઓને પોતાનો દૃઢ નિશ્ચય જણાવી દીધો. બીજા દિવસની સવારે વ્યાખ્યાનમાં ચતુર્વિધ સંઘ સમક્ષ ચોથું વ્રત ઉચ્ચરી ભગુભાઇએ બ્રહ્મચર્યને આજીવન અંગીકાર કરી લીધું! જિનેશ્વર ભગવંત પાસે જઇ દેરાસરમાં રડી પણ પડાયું... એ વિચારે કે મેં કેમ આટલો વિલંબ કર્યો આ વ્રત લેવામાં? છતાં સાથે આનંદના અશ્રુ પણ ભળેલા જ કે આજે હવે પેલી ત્રિરાશીમાં હું સમૂળો પ્રવેશ પામી ગયો! પ્રભુના ચરણોમાં વિષય સુખને સમર્પિત કરવાનો આનંદ આટલો મોટો હોય છે તે વાતની અનુભૂતિ થતાં હવે અન્ય કોઇ અભીપ્સા જાણે બાકી રહી નથી તેવું તેઓને પ્રતીત થયું... પણ હા, સિવાય એક.

દીક્ષા - સંયમ - પ્રવજ્યા - સર્વવિરતિ અંગીકારની અભીપ્સા.

જાવું જરૂર છે, બંદર છો' દૂર છે... ની પંક્તિ સાંભરી અને મનમાં જ સંકલ્પ કરી, કચ્છનો આ છ'રી પાળતો સંઘ પોતાના જીવનમાં થતી છ કાય જીવોની વિરાધનામાંથી પોતાને શીઘ્ર જ છોડાવશે તેવી શ્રદ્ધા સાથે ભગુભાઇ ઘરે પરત ફર્યા. વહેલી સવારે ૩:૧૫ કલાકે આંખ ખૂલી. નવકાર ગણીને ખબર નહીં કેમ આજે પાટણના સાલ્વીવાડમાં વણકરોના ઘરે જે રીતે દોરાને રંગ ચડતો હોય, ઇક્ત ઉપરના માળખાની રચનામાં નક્કી કરાયેલ ઢાંચામાં તે દોરા ગોઠવાતા હોય, વણી અને દોરાનું અરસપરસનું સાયુજ્ય, રેશમની ભાત ને આકૃતિ તેની સુંવાળપને વધુ ઉજાગર કરતા હોય તેવું દ્રશ્ય યાદ આવ્યું:

કિશોરાવસ્થામાં માતાની આંગળી પકડી એકવાર બજારમાં ગયા હતા ત્યારે ગાય એ તાજા મૂકેલ પોદળા ઉપર રસ્તામાં પોતાનો પગ પડી ગયો હતો. તે સાફ કરવા પાણી માંગ્યુ હતુ માતાએ એક વણકરના ઘરેથી. તેની નાની દિકરી ભગુભાઇનો ખરડાયેલો પગ જોઇ ખડખડાટ હસતી હતી અને પોતાના તો આંસુ જ રોકાતા ન્હોતા. ત્યારે વણકરકાકાએ ઘરમાં અંદર બોલાવી સાળ બતાવીને બધું સમજાવેલું કે એક પટોળાની સાડી તૈયાર થતા શા માટે ૬-૧૨ મહિના લાગે! ને બધું જોતા-જોતા ભગુભાઇ રડતા બંધ થઇ ગયેલા. ત્યારે બધું તો સમજાયું ન્હોતું પણ તૈયાર થયેલા પટોળા જોઇને આંખો ઠરી હતી. થયું હતું અમારા મા પટોળામાં કેટલા સુંદર લાગે પરંતુ તે હંમેશા સાદી સાડી જ પહેરે ને વળી આછા રંગોની જ.

આજે એ દ્રશ્ય કેમ યાદ આવ્યું એ વિચારતા ભગુભાઇને થયું કે: તે નિર્જીવ તાણાવાણાની ગોઠવણી પણ જોનારનું હૈયું ઠારે ને પહેરનારને શોભાયમાન કરે છે તો હું તો સજીવ છું. જીવન ક્ષણેક્ષણના તાણાવાણાથી વણાયું છે. શું હું એ વણકરોની જેમ આ જીવનના રેશમી સાળુ ઉપરની ભાત સુંદર નીપજે તે માટે પ્રત્યેક ક્ષણે જાગૃત છું ખરો? શું પ્રત્યેક જીવ પરત્વે હું શોભનીય વર્તન જ કરું છું ખરો?

શું મારી જીવનરીતિ જોઇને આંખ ને હૈયું સંપૂર્ણ રીતે ઠરે છે ખરા? ના. ઘણું ય ખૂટે છે મારામાં.

વિશ્વોપકારી શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું જો મારે મન-વચન-કાયાના ત્રિવિધ યોગથી પાલન કરવું હોય તો લેવો રહ્યો નિરતિચાર સંયમમાર્ગ. જ્યાં અપ્રમત્તપણે કર્મક્ષય કરવા ને પરમાત્મપદને વરવા હું પુરુષાર્થ આદરી શકું. સકલ જીવરાશિ પ્રત્યે નીતરતા નેહના મહાસાગરો જ્યાં ઉછળે છે એ પ્રવજ્યા માર્ગે હું ક્યારે પ્રયાણ કરીશ? આત્મકલ્યાણની કેડીએ ડગ માંડયા પછી ક્યારે હું મારા જીવનના પોતને વૈરાગ્યના રંગથી શોભાયમાન કરી સૌના હૃદય-મન ઠારી શકીશ?

ભગુભાઇને ઘણા સમયથી જ્ઞાનાનંદમય ચારિત્રમાર્ગ લેવો હતો પણ એ કેડીએ સંચરવા પૂર્વે સંસારના ઋણાનુબંધ ચૂકવવા હજુ બાકી હતા. એ પુણ્યોદય ઝટ જાગૃત થાય એ વિચારે જિનાજ્ઞાના પ્રખર આરાધક બનેલા પોતે બીજા અનેક મુમુક્ષુઓને આરાધના માર્ગે વાળીને સ્થિર કરવા માંડયા.

એમાં એક મુમુક્ષુ હતા શ્રી મોતીચંદભાઇ. સુરતના નિવાસી એવા તેઓ પાયધૂની-ગોડીજી દેરાસરજીની પાસે મુંબઇમાં રહેવા આવ્યા પછી ત્યાંના ઉપાશ્રયમાં ચાલતી 'વર્ધમાન જૈન પાઠશાળા'માં નિત્ય અભ્યાસ કરવા આવે. શ્રીમંત ઘરના આ સોહામણા યુવક જ્યારે ભગુભાઇ પાસે ગાથા લે કે મુખપાઠ આપતા હોય ત્યારે ઘડીક્વાર બીજા સહાધ્યાયીઓ એ બંનેને જોઇ રહે.

ભગુભાઇ તો કોઇ પણ ભણવા આવનાર વચ્ચે ભેદભાવ ન કરે ને વૈરાગ્યવાસિત સંદેશ એકસરખી રીતે જ આપે, પરંતુ પૂર્વના પુણ્યયોગે દીક્ષાનો યોગ જાગ્યો મોતીચંદભાઇને તરત. માતા-પિતાની સંમતિ મળ્યા પછી તેઓ સપરિવાર બિહારમાં આવેલ મહાન પુણ્યભૂમિ શ્રી પાવાપુરી-સમ્મેતશિખરજી કલ્યાણક તીર્થોની યાત્રા પણ કરી આવ્યા. બાદ મોતીચંદભાઇએ નિર્ણય કર્યો કે:

હું ધર્માભિમુખ થઇ શક્યો તેના મૂળ કારણરૂપ તો છે શ્રી ભગવાનદાસભાઇ. દીક્ષા લેતા પહેલા હું તેમને મારા સંસારી ગુરુ તરીકે શું ભેટ આપી શકું? તેમનો મારા ઉપરનો ઉપકાર તો હું ગમે તેટલુ આપીશ તો ય વળે તેમ જ નથી, પરંતુ પ્રતીક રૂપે હું કાંઇક વિશિષ્ટ કરું. હૃદયની આ બહુમાન ભાવનાને પૂર્ણ કરવા તેમણે પોતાની નાની બહેનનો સાથ લીધો. એક થાળમાં ઉત્તમ દ્રવ્યો, મેવા, તાજા ફળો, રેશમી વસ્ત્રો, રજત કળશ, પૂજાનો ખેસ, રૂમાલ ને થોડા તાંબાના વાસણો આદિ સુંદર સજાવટપૂર્વક ગોઠવીને તે થાળ પોતાની બહેનના માથે મૂકાવી તેઓ ભગુભાઇના ઘરે આવી પહોંચ્યા. બહેને મંજુલ સ્વરે મંગલ ગીત ગાતાં-ગાતાં ઘરમાં પ્રવેશ કર્યો.

સવારનો પહોર હતો હજુ તો. પંખીઓનો કલશોર સૌને જાગૃત થઇ દિવસ શરુ કરવા પ્રેરતો હતો. વહેલા ઊઠી, હજુ રાઇય પ્રતિક્રમણ પારીને ઉભા થયા ભગુભાઇ અને ઓરડાની બહાર આવ્યા ત્યાં તો ચમકતી આંખ ને હસતા હોઠે ઉભેલી આ ભાઇ-બહેનની જોડી દેખાઇ. તેઓ કાંઇ સમજે કે વિચારે તે પહેલાં જ કૃતજ્ઞતાપૂર્વક આભાર માનવા ઈચ્છતા મોતીચંદભાઇએ તેમને પ્રણામ કર્યા. ભગુભાઇએ તેમને રોકીને એમ કહી સામા વંદન કર્યા કે "તમે તો હવે દીક્ષાર્થી છો. મારા માટે પણ તમે પ્રેરણારૂપ છો".

આ સુભગ દ્રશ્ય જોવા ઘરના પચ્ચીસ જણા તો ભેગા થઇ જ ગયા પરંતુ પડોશીઓ પણ મંગલ ગીતો સૂણી આ કૌતુક જોવા ભેગા થઇ ગયા. ભગુભાઇને તો ગોરા વદન ઉપર ગુલાબી શેરડા જ પડવા માંડયા. બહેનના માથા ઉપર રહેલો ચાંદીનો થાળ પોતાના હાથમાં લઇ અત્યંત બહુમાનપૂર્વક શ્રી મોતીચંદભાઇએ કહેવા માંડ્યું: 'ઉપકારીનો બદલો વાળવો તો અશક્ય જ છે, પરંતુ મારી રગેરગમાં શ્રી નવકાર, નવપદજી અને બ્રહ્મચર્યની નવવાડ પરત્વેનો અહોભાવ વધારીને તમે જે રીતે મને ધર્મમાર્ગે ચડાવી વૈરાગ્યભાવિત કર્યો છે તે માટે મારા વડીલબંધુ બની આજે અનુગ્રહ કરીને આ નાનો શો ઉપહાર સ્વીકારી મને ઉપકૃત કરો...' હાજર રહેલા સૌ આ જોઇ-સાંભળીને આર્દ્રતા અનુભવી રહ્યા. સૌની આંખોમાં આવી ગયેલા ઝળઝળિયાં જોઇ ભગુભાઇએ પોતાની આંખો પણ લૂછી.

ભારે ગદ્‌ગદિત્ કંઠે બોલ્યા ભગુભાઇ: "મોતીભાઇ, ખરી ભક્તિ તો ગુરુ મહારાજની જ કરવી જોઇએ, જેઓ વર્ષો સુધી પ્રત્યેક દિન આપણને શ્રાવકોને જિનવાણીનું શ્રવણ કરાવે છે. એનાથી જ આપણને સમ્યક્ જ્ઞાન મળે છે કે શું આદરવા અને શું ત્યાગવા યોગ્ય છે? માટે આપ મહેરબાની કરી આ સર્વ ઉત્તમ દ્રવ્યો કોઇ વધુ યોગ્ય આરાધક આત્માને ભેટ આપો." ભગુભાઇની લાખ વિનવણી છતાં મોતીચંદભાઇ થાળ ત્યાં જ રાખી વિદાય થયા. આ જોઇ ઘરના તથા સૌ પડોશીઓને વધુ ખ્યાલ આવ્યો કે ભગુભાઇના સુંદર નિ:સ્વાર્થ કાર્યોથી અન્ય ધર્મીજનોને કેટલો અહોભાવ થાય છે! સ્વપ્રશસ્તિ ન કરતા ભગુભાઇને આવા જ પ્રસંગોએ વધુ ઓળખી શકાયા.

पात्रमायान्ति संपदः ।

પાત્રતામાં વૃદ્ધિ થતા જ બાહ્યસંપતિઓ આનુષંગિક રીતે આવી મળે છે.

એક અન્ય મુમુક્ષુ પણ ભગુભાઇ થકી જ સપરિવાર વૈરાગી બન્યા. વાત એમ હતી કે પાટણ જિલ્લામાં આવેલા હારીજ ગામમાં ફક્ત ૧૪,૫૦૦ લોકોની વસ્તી હતી ત્યારે ત્યાં એક પેઢીમાં હિસાબ-કિતાબ રાખવાનું કામ કરતા મૂળચંદભાઇ એકવાર ભોગીલાલભાઇને પાટણથી મુંબઇ આવતા રસ્તામાં સાથે થઇ ગયા. વાતચીતમાં જાણવા મળ્યું કે મૂળ ઉનાવા ગામના આ મૂળચંદભાઇ મેટ્રીક સુધી ભણેલા અને ગણિતમાં તો ખૂબ પાવરધા હતા. પરિચય વધતાં માણસ તરીકે તેઓ ખાનદાન અને હોંશિયાર લાગવાથી ભગુભાઇની પેઢીમાં નામું કરવાના કામ માટે મોટાભાઇએ તેમને કહી જોયું. નાના એવા હારીજ ગામમાંથી કાયમ માટે મુંબઇ જેવા મોટા શહેરમાં જઇને વસવાથી પરિવારનો ઉદ્ધાર થશે તેવું લાગવાથી હા પાડી અને થોડા સમયે આવીને તેઓ નોકરીમાં જોડાઇ પણ ગયા.

પોતાની તીવ્ર બુદ્ધિ થકી મૂળચંદભાઇએ પ્રથમ બે વર્ષ કામ કરી દરેક હિસાબો સરખી રીતે રાખ્યા અને બાદ બાજુની જ નગીનદાસ કરમચંદ શેઠની પેઢીમાં વફાદારીપૂર્વક કામ કરીને તેઓને પણ ઘણો ફાયદો કરાવી આપ્યો. તે મૂળચંદભાઇ મૂળે તો હતા ચૂસ્ત ગાંધીવાદી, પણ આપણા ભગુભાઇએ જોયું કે આ જૈન શ્રાવકમાં અનોખું હીર છે. તેથી આસ્તેક રહી આરાધના માર્ગે વાળ્યા. રોજ સવારે વ્યાખ્યાન, તિથિએ પૌષધ કે આયંબીલ, અષ્ટપ્રકારી પૂજા કરાવી સાંજ-સવારે પ્રતિક્રમણ કરવા અને ભાવનામાં ભક્તિ ગીતો ગાવા લઇ જવા વગેરે માટે ભગુભાઇએ ગાંઠ બાંધી. વળી પાઠશાળામાં અભ્યાસ કરાવતી વેળાએ ચીમનભાઇ પટવા સાથે તેમને પણ વૈરાગ્યરસના અમૃતનું આકંઠ પાન કરાવ્યું. કાળક્રમે પૂજ્ય આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી પાસે શ્રી ચીમનભાઇએ સંયમ લેવાનું નિરધાર્યું. દીક્ષા થતા શ્રી ચીમનભાઇનું નૂતન નામ ઘોષિત થયું: મુનિરાજશ્રી ચંદ્રસાગરજી મહારાજ. તેઓના પગલે વળી થોડા જ સમયમાં મૂળચંદભાઇએ સૌ પ્રથમ પોતાના મોટા પુત્રને શંખેશ્વરમાં અને પછી તેનાથી ૬ વર્ષ નાના એવા બીજા પુત્ર, પુત્રી તથા પત્ની સાથે પોતે તેમની જ પાસે દીક્ષા લઇ જૈનશાસનને દીપાવ્યું.

ત્યારના એ ભાવિક શ્રી મૂળચંદભાઇ એટલે જ સંયમ પછીના પૂજ્યશ્રી ધર્મસાગરજી મહારાજ, મોટા પુત્ર એટલે મુનિવરશ્રી મહોદયસાગરજી મહારાજ અને તેઓના નાના પુત્ર એટલે મુનિશ્રી અભયસાગરજી મહારાજ. પૂજ્યશ્રી મહોદયસાગરજી મહારાજે દીક્ષા બાદ ઉત્તમ જ્ઞાન-ધ્યાનની સાધના કરી, પરંતુ ટૂંકા આયુના કારણે તેઓ નાની વયે જ કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રી ધર્મસાગરજી મહારાજની નિશ્રામાં નવકાર મંત્રના પ્રખર સાધક બનેલા પૂજ્યશ્રી અભયસાગરજી મહારાજ તો સંસ્કૃત, માગધી અને પ્રાકૃત ભાષામાં અપૂર્વ પ્રવીણતા મેળવી-કેળવીને કાળક્રમે આગમ ગ્રંથોના સુજ્ઞ જ્ઞાતા તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેઓ સર્વે ઘણા વર્ષો પછી પણ અનેક વાર પોતાને તત્ત્વજ્ઞાન થકી સાચી દિશા યુવાનીમાં જ દર્શાવનાર પરમ સંસારી ગુરુ તરીકે શ્રી ભગુભાઇને જ સંભારે. તેઓના કારણે જ સર્વવિરતિના કલ્યાણમયી માર્ગે પ્રયાણ કરવાની ખુમારી ને ખમીર પ્રગટ્યાં એમ કહે.

સંવત ૧૯૮૬ની સાલ અને અમદાવાદ રાજનગરમાં ઇ.સ.૧૯૨૯નો હતો એ સમય, જ્યારે દક્ષિણ આફ્રિકાથી ૧૪ વર્ષ પહેલા પાછા આવેલ શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીએ ફિરંગીઓના પ્રવર્તમાન રાજ સામે આઝાદીની ચળવળ શરુ કરેલી. વળી પૂર્ણ સ્વરાજ માટે 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ'ની સ્થાપનાની પૂર્ણ તૈયારી થઇ. લાહોરની રાવિ નદીના કિનારે શ્રી જવાહરલાલ નહેરુજીએ ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ના દિને રાષ્ટ્રધ્વજ લહેરાવવો તેમ અંદરખાને નક્કી થયું. ગંગાધર ટિળક, બિપીનચંદ્ર પાલ ને અરવિંદ ઘોષ જેવા નેતાઓએ ખૂલ્લેઆમ બ્રિટીશ સરકારને પડકારી. તાજેતરમાં જ સાયમન કમીશન બેસાડેલ તેના ચેરમેન સર જહોન સાયમનને ભારતના બંધારણીય માળખામાં ફેરફારના સૂચનો આપવા હૂકમ કર્યો.

આઝાદી મેળવવા ઉત્સુક દેશપ્રેમીઓની નીકળેલી એક રેલીમાં અગ્રેસર નેતા શ્રી લાલા લજપતરાય ઉપર ભારે લાઠીચાર્જ થતા તેમનું દુઃખદ મૃત્યુ થયું. કોંગ્રેસે 'ઑલ ઈન્ડિયા કમિશન' ઉભું કરી તેનું નેતૃત્વ સોંપ્યુ શ્રી મોતીલાલજી નહેરુને, જેનો ભારતીય લીબરલ પાર્ટી તથા ઑલ ઈન્ડિયા મુસ્લિમ લીગના સભ્યોએ વિરોધ નોંધાવેલ. પ્રજા અશાંત હતી... ને રાજકર્તાઓ બનેલા અસહિષ્ણુ.

દેશમાં આટલી અંધાધૂંધી તથા ભારેલો અગ્નિ હતા ત્યારે પણ વિશ્વશાંતિના ચાહક જૈન મહાત્માઓ આત્મવિકાસ કરાવવા અર્થે યુવાનોને સંયમ આપવા કટિબદ્ધ હતા. ...અને ભગુભાઇને પણ ઘણાં વર્ષોથી સંયમના તેજોમય માર્ગે જવાની તીવ્ર આરત જોઇ પ્રકૃતિએ ધીમે-ધીમે માર્ગ ખોલવા માંડયો.

'ચારિત્ર વિણ નહીં મુક્તિ'ના વિચારનો તરફડાટ અનુભવતાં ભગુભાઇ દેરાસરમાં રાત્રે માંગલિકના સમય પહેલાં પ્રભુજી સમક્ષ બેસી, તારામૈત્રક રચી મનમાં જ સંવાદો માંડેઃ 'મારો મોહકલિલ ક્યારે નીકળી જશે? હે પ્રભો! હું ક્યારથી રાગ-દ્વેષરહિત, દ્વંદ્વરહિત, વિષય-કષાયરહિત, ને જ્ઞાતા-દ્રષ્ટાભાવ સહિતનું જીવન જીવવા સમર્થ બનીશ વિભુ?' પ્રભુજીની બે બાજુએ ટમટમતા દીવાઓ પ્રજ્વલિત હોય તેના આછા પ્રકાશમાં ચમકતા ચક્ષુઓમાંથી નીતરતું અમી પીતાં વળી તેઓ પોતાની આરઝુ ફરીથી મૂકેઃ

'હે દેવાધિદેવ, ક્યારે હું સંવેગ થકી નિર્વેદમાં પ્રવેશી પૂર્ણ જયણામય જીવન જીવવા સૌભાગી બનીશ?' ને ત્યારે વૃદ્ધ પૂજારીજી મુખ્ય દ્વારની બહાર ઝરતી ચાંદનીમાં આકાશ નીચે બેસી પ્રભુના આ 'ખાસ' ભક્તના બહાર નીકળવાની રાહ જોતા હોય. ઘણાં વખતથી જાણે એ ક્રમ બની ગયો હતો કે સવારે દ્વાર ખોલતી વખતે દર્શનના આરતભરી અને રાત્રે દ્વાર બંધ થતાં પહેલા આર્જવભરી આંખે ભગુભાઇના આવા મૌન વાર્તાલાપો પ્રભુ સાથે ચાલતા જ હોય. વળી અડધી રાત સુધી નીરવ એકાંતમાં પોતાના અક્ષિયુગ્મમાંથી છલકતા ફોરાંની હૂંફાળી ઝરમર ક્યારેક ધોધમાર બનીને પણ વરસવા માંડે. તે ડૂસકાં સાંભળીને બાજુના ઓરડામાંથી પત્ની હીરાબેન આઘું ઓઢીને દૂરથી જ પૂછે: 'તમને સારું તો છે ને? મોટાભાઇને ઉઠાડું?' ઈશારાથી જ ના પાડીને, ભૂમિ સંથારા ઉપર સૂવાનો પ્રયત્ન કરતા પતિને જોઇ તેઓ ઓરડામાં પરત ફરે. પતિના હૃદયમાં પડેલા વેદનના ઊંડા ચાસ પૂરા સમજાય નહીં પણ નાના બાળ જીતુને પંપાળતા તેઓ એક જ પ્રાર્થના કરે: 'હે પ્રભુ! તેમને જે જોઇએ છે તે મળો.'

સર્વવિરતિયોગના ઓવારા અને મીનારા જેને હવે મોટેથી સાદ પાડતા હતા તેવા આંતરસત્ત્વસમૃદ્ધ ભગુભાઇના આત્માને ઘણીવાર થાય: 'હું હજુ કેટલો સમય આ પામર અસહાયતા વેઠતો સંસારમાં પડયો રહીશ?' એ ચિત્કાર સાંભળીને જ જાણે સકલાગમપારગ રહસ્યવેદી પરમગીતાર્થ આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ સમુદાય સંગે સંવત ૧૯૮૬માં મુંબઇના લાલબાગ સંઘમાં પધાર્યા ને પૂજ્યશ્રી રામવિજયજી મહારાજ સાથે બે ચાતુર્માસો અહીં જ કરવાનું નક્કી થયું.

व्यक्त्या शिवपदस्थोऽसौ । शक्त्या जयति सर्वदा ॥
-મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ (પંચવિંશતિકા)

વ્યક્તિ રૂપે પરમાત્મા સિદ્ધશિલા ઉપર કે મહાવિદેહમાં ભલે રહ્યા,
પરંતુ શક્તિસ્વરૂપે તો તે બ્રહ્માંડના પ્રત્યેક કણમાં છે.

"શુભ ભાવ એ જ માર્ગ અથવા તીર્થ. તેને જે કરે તે તીર્થંકર.
માર્ગે ચાલવું તેટલું કઠિન નથી, જેટલું કઠિન માર્ગે ચઢવું તે છે.
શ્રદ્ધા ને નિષ્ઠાપૂર્વક કરેલું કોઇ કાર્ય અપૂર્ણ રહી શકે જ નહીં.
પરમતારક તીર્થંકર પરમાત્માની કરુણા જ તે શક્ય બનાવે છે."

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૩ | અખિલાનંદનો ઉત્સવ

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

મુંબઇની સુજલામ્-સુફલામ્ ધરા પર વૈરાગ્યરસ ભીનાં ને તત્ત્વજ્ઞાન ભરપૂર વ્યાખ્યાનોનો લાભ હવે સૌને સળંગ મળવાનો હતો. તે સાંજે ઉતરતા તડકામાં પ્રતિક્રમણ પહેલા ભગુભાઇ પહોંચી ગયા સાંધ્ય દર્શન કરવા. અરવ આભાર માનતા તેમના ઓષ્ઠ ને હૈયું એવા પીગળ્યા કે ગળે ડૂમો બાઝ્યો!

'પ્રભો! હવે વિદ્વાન મહારથીઓના મુનિમંડળની ગોદમાં સત્ત્વસમૃદ્ધ થવાનું નિમિત્ત તમે પૂરું પાડયું છે તો આગળ વીર્ય ફોરવવાનું સામર્થ્ય પણ તમે જ આપજો.' એમ કહીને પ્રતિક્રમણ માંડયુ ત્યારે રોજનો આ ઉપાશ્રય લાગ્યો તેઓને સોનાનો ને રોજના જ સૂત્રો લાગ્યા જાણે માલકૌંસ રાગમાં સમોવસરણમાં અપાતી પ્રભુજીની દેશના સમા મધમીઠા! મૌલિક સુખમીમાંસાના પિપાસુ એવા ભગુભાઇની વય હતી ત્યારે ૨૫ વર્ષની ને પાટ ઉપર બિરાજી વ્યાખ્યાન આપતા મુનિરાજશ્રી રામવિજયજીની ઉંમર હતી ફક્ત ૩૩ વર્ષની! વીર સંવત ૧૯૮૫-૮૬ (ઇ.સ.૧૯૨૯-૩૦)ના એ બે ચાતુર્માસો ભગુભાઇમાં ધરમૂળથી ઘણા ફેરફારો લાવનાર બન્યા.

તેમના જીવનવણાટમાં આમ પણ મુનિજીવનની અચલ, નિશ્ચલ અને નિશ્છલ છબી તો વણાયેલી હતી જ, કિન્તુ હવે તેમાં ફાટે પણ ફીટે નહીં તેવી પટોળાની ભાત સમી છાપ પણ પડી ગઇ.

વૈરાગ્યના ધોળા રંગમાં રંગાઇને, આંતર-બાહ્ય અખિલાનંદમાં ડૂબીને તેઓએ પૂજ્યશ્રીજીની ધસમસતી વિધેયાત્મક ઊર્જાને તેમના શબ્દોમાંથી ઝીલી. એક નિશ્ચિત અને સ્પષ્ટ રાહ હવે દેખાયો ભગુભાઇને. નિત્ય સવારના વ્યાખ્યાનોને પોતાની નોંધપોથીમાં અવતરિત કરવા પાટની નજીક જ બેસવા માંડયું તેઓએ. સકળ સંઘ જેઓને એકાગ્ર થઇને લખતા જોતા એ ભગુભાઇને પૂજ્યશ્રી રામવિજયજી મહારાજે સ્વયં એકદા પૃચ્છા કરી: 'ભાઇ, આ તમે શું ઉતારા કરો છો?' આ સાંભળીને રોમ-રોમ રોમાંચિત થઇ ગયા તેઓના. શબ્દો જાણે નીકળતા જ ન્હોતા, પણ સ્હેજ ઠીક થઇ પછી ઉત્તરમાં કહ્યું કે: ''આપના પ્રવચનો શબ્દશઃ આલેખવા પ્રયત્ન કરું છું સાહેબજી. આત્માના ઉદ્ધારક બની શકે તેવા આ પ્રવચનો છપાવીને આપણે જો પ્રસિદ્ધ કરી શકીએ તો બીજા હજારો સાધર્મિકોને પણ તેનો લાભ મળે.''

મુનિશ્રીએ લખાણ પરખીને નાણી જોયું. સુંદર શૈલીમાં શાસ્ત્રોક્ત વાતોને પ્રવચનમાંથી ઝીલીને યથાતથ અવતરિત થયેલી જોતા પૂજ્યશ્રીએ અનુમોદન કર્યું. ભગુભાઇએ તો એમાં સાહેબજીની મૌન સંમતિ જ સમજી લઇને હર્ષથી છલકાતા હૈયે બીજા બે ધર્મમિત્રોને વાત કરી ને ત્રણેક હજાર રૂપિયા ભેગા કરીને દર અઠવાડીયે મુનિશ્રીના પ્રવચનોની ૫૦૦ નકલ છપાય તેવી ગોઠવણ પણ કરી લીધી.

વ્યાખ્યાન ઉઠે અને ભગુભાઇ અઠવાડીયે એકવાર તે પ્રત સાધર્મિકોમાં વહેંચવા માંડે. ધીમે-ધીમે તેની માંગ ખૂબ વધી. પછી ૧૦૦૦ સભ્યો નોંધીને તેના લવાજમના નાણામાંથી વ્યવસ્થિત રીતે પ્રવચનો છપાવા લાગ્યા. નામ અપાયું: 'જૈન પ્રવચન' જે પાછળથી 'જિનવાણી' નામે પણ ઓળખાયા. ભગુભાઇના પુરુષાર્થથી સાપ્તાહિકે ૪૨ વર્ષ સુધી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી. સભ્યો ઉત્તરોત્તર વધ્યા. તેના કામને પહોંચી વળવા તેમણે પારસીગલીની પેઢીમાં જ વધુ એક ભાઇ પણ રાખી લીધા.

તેઓ પ્રેસમાંથી વિષયસામગ્રી લાવીને સરનામા લખીને પોસ્ટ કરવા સુધીના બધા જ કામો કરે. શરુના ચાર સપ્તાહ સુધી પોતાના તરફથી જ પ્રવચનો છપાવી પ્રભાવના કરનાર ભગુભાઇ આ કાર્ય દ્વારા સંઘની ખૂબ મોટી સેવા કરીને સૌના હૃદયમાં વસી ગયા.

આ વ્યાખ્યાનોથી પોતાની અંદર જાણે અધ્યાત્મ ઉત્સવ ઉજવવાનો શરુ થઇ ગયો. એક અકળ નાદ જાગી ગયો અંદર આતમ જાગૃતિનો... અને એ નાદનું જ ઘેલું લાગેલું રહેતું ભગુભાઇને રાત-દિન. તેથી જ હવે બપોરે પણ મુનિશ્રી પાસે બે કલાક બેસીને શાસ્ત્ર વિચારણા કરવા માંડી. શાસનના તત્કાલીન મહત્ત્વના પ્રશ્નો પણ તેઓ વચ્ચે ચર્ચાવાના શરુ થયા. તેઓ પોતે એક ઉચ્ચ-કોટિના ચિંતક ને સાધક હોવાથી પ્રશ્નોના ઉપાયો સૂચવી શકે. અપ્રતિમ ધૈર્ય ને સ્થૈર્ય મુનિવરોને પણ આકર્ષે ને શાસનના રક્ષણ માટેનો તેમનો રાગ પ્રશસ્ય લાગે. તેમની ઊંચી સપ્રમાણ દેહયષ્ટિ, ઓજસ્વી પ્રતિભા અને વિનમ્ર પ્રકૃતિ સૌ મુનિરાજોનું મન હરે.

પણ ભગુભાઇનું મન હવે સંસાર ને વેપારમાંથી ઊઠવા માંડ્યું હતું. તેઓ જેમ-જેમ ધર્મરસનું પાન કરતા ગયા તેમ-તેમ પેઢીમાં જવાનો સમય ઘટાડતા ગયા ને તો પણ રૂ, અળસી તથા ઘઉંની બજારમાં દલાલીની આવક તો વધતી જ ગઇ. કૃતનિશ્ચયી ભગુભાઇએ તો તે છતાં યે પેઢીમાં કહી જ દીધું કે: ''ચાલુ વાયદાના બધા જ સોદા પતી જાય એટલે આ દલાલીનો ધંધો તો બંધ જ.'' અને એ દિવસ પણ આવી જ પહોંચ્યો. પ્રામાણિકતાના પરિચય સમી આ પેઢી બંધ થઇ જતા ત્યાંની વેપારી આલમને મોટો ધક્કો લાગ્યો. બજારના કરોડપતિ વેપારીઓને થયું કે હવે મુંઝવણ સમયે અમે કોની નિષ્પક્ષ ને સાચી સલાહ લેવા જઇશું? પાછળથી પણ ઘણાં વર્ષો સુધી તેઓની પેઢીની ન્યાયમત્તા અને વફાદારીના દાખલા દેવાયા એ બજારમાં! ગુરુ ભગવંતોના સમાગમે, જિનવાણીના શ્રવણે અને ભક્તિના ઉમંગે મુક્તિના મધુરા માર્ગે જવા ભગુભાઇની તત્પરતા હવે જાગી ઊઠી.

गुरु दीवो गुरु देवता, गुरु विण घोर अंधार ।
जे गुरुवाणीथी वेगला, ते रडवडीया संसार ॥

પરિવારમાં કહેવાનું હજુ જો કે બાકી હતું પરંતુ પોતે દીક્ષા લઇને સંયમી શ્રમણ બની ગયા છે એ કલ્પના થતાં જ હૃદયમાં પોઢેલાં શબ્દો જાણે કાવ્ય બનવા માંડે... મનમાં જંપેલા જળ ઝરણાં બની વહી રહે અને ચરણોનો થનગનાટ હવે પ્રવજ્યાની કેડીએ સંચરણ કરવા પાંખો લગાવીને જાણે ઊડી રહ્યો છે તેમ લાગે. ને તેથી જ એક અમૃતપાવની પળે ભગુભાઇએ પોતાના પરિવારજનોને એકઠા કરી સંયમ લેવાનો પોતાનો સંકલ્પ જણાવીને પૂર્વે ક્યારેય ન કહેલી એક વાત કહેવા માંડી:

''જુઓ, આજે હું એક એવી વાત કહેવા માંગુ છું જે મેં કદાચ ક્યારેય કહી નથી. આપણે પાટણમાં રહેતા ત્યારના એક રવિવારની આ વાત છે. મારી ઉંમર હશે ત્યારે લગભગ ૭-૮ વર્ષની. પાઠશાળા હતી તે દિવસે સવારે ૯:૦૦ થી ૧૦:૩૦ની. પણ ૧૧:૩૦ થવા આવ્યા છતા હું ઘરે ન પહોંચ્યો તેથી ચિંતાતુર મા મને શોધતાં-શોધતાં આવી પહોંચ્યા ઠેઠ પાઠશાળા સુધી. મને ભીંત તરફ વળીને ગાથા ગોખતો જોઇ તેમની આંખોમાં હર્ષાશ્રુ ઉભરાયા. મને અછોવાનાં કરતા છાતીસરસો ચાંપ્યો ને કહે:

'મોક્ષપર્યંત ભવોભવ તું જ મારો દિકરો થાજે.'

પાછા આવતા રસ્તામાં વળી પૂછ્યું તેમણે કે ઉપાશ્રયના એ ખાલી મોટા હોલમાં તને એકલા બીક ન્હોતી લાગતી? ત્યારે મેં જવાબ આપ્યો કે પાઠશાળાના માસ્તરે આજે જ અમને કહ્યું કે સાચો ધર્મ નિડરતા આપે છે. અભય બનાવે તે જ ધર્મ. આથી મા, તમે કહ્યું છે ને કે આપણો ધર્મ જ શ્રેષ્ઠ છે ને તીર્થંકરોએ તેઓના કેવળજ્ઞાનમાં જે રીતે મોક્ષમાર્ગ જોયો તે જ કહ્યો છે તેથી તે સાચો જ છે. આથી મને શ્રદ્ધા હતી કે સાચા માર્ગે ચાલતા બધા જ ડરો ભાગી જાય. આટલું સાંભળીને પોરસાયા મા. પણ ત્યાં જ અમારું ધ્યાન પડયું આપણા ઘરની શેરીમાં વચ્ચોવચ્ચ બેઠેલી એક ગાય ઉપર. અત્યંત વેદનાથી તરફડતી હતી તે. મને તો પહેલા કાંઇ સમજાયું જ નહીં કે આ જાડી-પાડી ધોળી ગાયને એવું તો શું દુ:ખ પડી ગયું કે આમ આંસુ સારતી જોર-જોરથી ભાંભરે છે? પણ મા તરત જ પારખી ગયા.

ગાયને વાછરડી જન્મવાની અણી ઉપર હતી. મા કહે કે અહીં ઓટલા ઉપર બેઠો-બેઠો જોરથી નવકાર ગણ ને પોતે બીજા લોકો સાથે મળીને ગાયનો છૂટકારો જલ્દી કેમ થાય તેની ચિંતામાં પડી ગયા. ત્યાં જ વાછરું જન્મ્યું. ગાય સ્હેજ શાંત થઇ. શેરીમાં તો બધા બાળકો પ્રસન્ન થઇ નાચવા લાગ્યા. હું તો હજુ પણ મોટેથી નવકાર જ ગણતો હતો. ગાયની વેદના જોઇ મારા આંસુથી ખરડાયેલા ગાલને ય લૂછતો જતો હતો. થોડીવારમાં જ ગાય ને વાછરું બંનેને સ્વસ્થ થતા જોઇને મા કહે:

'ચાલ ભગુ ઘરે. લાપસી કરીને આપું તે અહીં આવીને આ ગાયને ખવડાવી દેજે.'

પહોંચ્યા ઘરે. ભાભુ ચૂલા ઉપર ગરમ રોટલી ઉતારતા હતા. બપોરે જમવાની વેળા થઇ જ હતી. મને જોતાવેંત કહે: 'ચાલ ભગુ દિકરા, જમવા બેસી જા.' પણ મા દૃઢ અવાજે બોલ્યા: 'ના મોટાભાભી, તમે તાવડી ઉતારી લો. એક ગાયને વિયાંતી વખતે ખૂબ શ્રમ પહોંચ્યો છે. પહેલા ઝટપટ લાપસી કરીને આપું તે ગાયને જમાડી આવે પછી જ જમશે ભગુ આજે.' લાપસી લઇને શેરીમાં જઇને છાલિયું જેવું ગાયના મોઢા પાસે મૂક્યું કે તરત જ ગાય ઘી થી લસલસતી લાપસી ખાવા લાગી.

દૂર બેઠો હજુ હું જોઇ રહ્યો હતો કે વાછરું પોતાની આંખો ખોલવાનો પ્રયત્ન કરે છે. ત્યાં તો છાલિયું થઇ ગયું સફાચટ! ઘરે પહોંચ્યો ત્યારે પિતા આવી ગયા હતા. બાજોઠ ને ઢીંચણીયું ય મંડાઇ ગયા હતા. આસન ઉપર જેવા બેઠા કે મા એ ગાયને વાછરડી વિયાંયાની ઘટના કહી. ભગુએ જોરથી નવકાર ગણ્યા અને સાથે પલ-પલ આંસુડા પણ પાડયા તેની વાત સાંભળતા જ પિતાજીએ જમવા માટે મને બાજુમાં બેસાડયો ને સમજાવવા માંડયુ:

'દિકરા ભગુ, બધા જીવો મૂળમાં તો સરખા જ છે. દરેકમાં મોક્ષ પામવાની એકસરખી જ યોગ્યતા પણ છે. પરંતુ માનવ ભવ એક જ એવો છે જેમાં આરાધના કરીને આપણે એટલી ઉપરની કક્ષાએ પહોંચી શકીએ કે જેનાથી આ જન્મ-મરણના ફેરા ટળે. બેટા, આજે તે જોયું ને કે જન્મની વેદના કેટલી બધી અસહ્ય હોય છે... તો મરણની વેદના તો શાસ્ત્રો કહે છે તેમ એનાથી પણ અનેકગણી વધુ હોય છે. આ વેદનામાંથી બહાર નીકળવા દીક્ષા જ લેવી પડે. છ એ કાયનાં જીવને અભયદાન આપી આત્મકલ્યાણ થાય એવી સાધના કરીને જ અનંતા જીવો મોક્ષે ગયા છે.' બસ, તે ઘડી ને તે દિવસથી જ મેં નક્કી કરી લીધું હતું કે દીક્ષા આ જ ભવમાં લેવી અને કર્મો ખપાવવા કે જેથી જન્મ-મરણની આ વેદનામાંથી મુક્તિ મળે.''

જિનગુણદર્શનથી નિજગુણદર્શન કરવા માટે તેઓ અવિકારી જિણંદા સાથે નિર્મલ પ્રીતિ કરવા નીકળી રહ્યા છે તે સૌને ગૌરવ અપાવે તેવું પગલું છે તેમ પરિવારના સભ્યોએ વિચાર્યું. અરિહંતોએ દર્શાવેલી પરમ આનંદમયી કેડીના યાત્રી તરીકે ઘરના દિકરાને સૌએ હવે જૂદી નજરથી જોવા માંડયો. જેની રક્ષા ત્રિલોકનાથ કરે છે તેવા શ્રમણોમાં હવે પોતાનો કુળદીપક પણ પંચપરમેષ્ઠીના પાંચમે પદે વિરાજશે તેમ વિચારી ઘરના વડીલોએ નવલખધારે આશીષ વરસાવવા માંડયા. હીરાબેનને તો ભરમધ્યાહ્ને આમ ગોરજટાણું થઇ જશે તેની કલ્પના જ ન્હોતી. તેમને વિચારો આવવા શરુ થયા કે:

'હવે સંસારના ઝંઝાવાતો કઇ રીતે એકલી પાર પાડીશ હું? મારા આ બાળ જિતેન્દ્રનું રખોપું કોણ કરશે હવે?' પરંતુ થોડી વાર પછી મન શાંત થતા તેઓને અષ્ટપ્રવચનમાતાના ખોળે જનાર વીતરાગરાગી એવા પોતાના પતિ ઉપર બહુમાન પણ થયું. પતિનો નિષ્કામ કર્મયોગ તો પ્રશંસાને યોગ્ય હતો જ પરંતુ હવે આ સંકલ્પ તો અનુપમેય હતો.





સર્વવિરતિયોગના ઓવારા ને મીનારા જેમને સાદ પાડતા હતા તેવા આંતરસત્વસમૃદ્ધ ભગુભાઈ ઈ.સ. ૧૯૩૭માં ૨૮ વર્ષની યુવાન વયે પ્રવજ્યા લેતા પૂર્વે શ્રી નાકોડાજી મહાતીર્થની યાત્રાએ આવ્યા.

પત્ની હીરાબેન ને ચાર વર્ષના પુત્ર જિતુને દઢ અવાજે કહી દીધું: ''આપણો આ છેલ્લો જ મેળાપ છે. પૂજ્યશ્રી રામવિજયજી પાસે દીક્ષા લેવાનું મુહૂર્ત આવ્યું છેઃ કારતક વદ ત્રીજનું. તો મનથી હવે તમે તૈયાર થઈ જજો.''

ને આ બાજુ જો સ્મિતને જન્મ લેવો હોય તો તે ભગુભાઇનું મોં પસંદ કરે તેવું સદા હસું-હસું મુખ થઇ ગયું હવે તેઓનું. ભલે ખબર જ હતી કે તેમનાં ચિદાકાશમાં હંમેશા વૈરાગ્યના વિહંગો જ વિહાર કરતા હતા પરંતુ એ ઘડી વહેલી પ્રત્યક્ષ આવી ગઇ.

માત્ર ૪ વર્ષના પુત્ર અને પત્નીને આમ યુવાન વયે છોડીને તેઓ ખરેખર સંસાર ત્યાગ કરશે તે નિર્ણય સાંભળીને પહેલા તો સૌને આઘાત જ લાગે તે સહજ હતું. એક શ્વાસમાં સો-સો વાર સમરતાં જે જિનેશ્વરને, તેવા ભગુભાઇને તો બસ હવે બે જ કામ બાકી હતા: એક નાકોડાજી તીર્થની યાત્રા સપત્નીક કરવી અને બીજું એકવાર જન્મભૂમિ પાટણ જઇ પત્ની તથા બાળકનું જીવનભર યોગક્ષેમ થાય તે રીતે બધું ગોઠવી આવવું. તેથી જ સૌ પ્રથમ પદાર્થરતિ-દેહરતિને ત્યાગી ભગુભાઇ જ્યારે નાકોડાજીની તીર્થયાત્રાએ જવા નીકળ્યા, ત્યારે ય મનમાં તો પોતાના માનીતા સ્તવનની કડી જ ગણગણતા હતા. નાકોડાજી પહોંચીને સમજાયું કે લગનનો અગ્નિ કેવો વિશેષ હોય છે... બાળે, પણ દઝાડે નહીં! માટે જ શું તેને પાવક જવાળા કહેવાતી હશે? એક આ સંયમ જીવનની રઢ આજે તેને સમક્તિનું દ્વાર ખોલી આપી શકે તેમ છે. પ્રભુ પાર્શ્વ સામે ઉભા રહી મનના સંવાદે ફરી સેતુ સાંધ્યો:

'હે પ્રભો! વજ્ર પીગળે તેટલું રડયો ત્યારે તું મળ્યો! હવે તમારી આજ્ઞાની દુનિયામાં પ્રવેશી રહ્યો છું ત્યારે મારામાં રહેલા જ્ઞાન ને આનંદ રૂપી આંતરધનથી હું છ ખંડના સામ્રાજ્યને પણ ખરીદી શકું તેવું સામર્થ્ય આપજો વિભુ! જીવમૈત્રીની ભાવના મારામાં વધુ ઉજાગર થાય તેવું કરજો પ્રભુ!'

આવી વિભાવનાઓમાં રત ભગુભાઇ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરી તીર્થની ધર્મશાળાના ઓરડામાં પરત ફર્યા. નાના જિતુને ખોળામાં બેસાડયો અને પોતાના પત્ની હીરાબેનને દઢ અવાજે કહી દીધું:

''આપણો આ છેલ્લો મેળાપ છે. પૂજ્યશ્રી રામવિજયજી પાસે દીક્ષા લેવાનું મુહૂર્ત આવ્યું છે કારતક વદ ત્રીજનું. માટે મનથી હવે તમે તૈયાર થઇ જજો.''

૨૮ વર્ષની ભરયુવાન વયે, ગૃહસ્થજીવનના ૧૨ વર્ષ સુધી દરેક સાંસારિક ફરજો બજાવતા એક ગૃહસ્થ કઇ શક્તિ વડે આમ પોતાના ગૃહસ્થાશ્રમ વિરામની વાત આટલી સહજતાથી કહી શક્યા હશે?

દિવ્ય આત્મજ્ઞાન જેને લાધી ગયું હતું તેવા ભગુભાઇને હવે સંસારની માયા શેષ રહી ન હતી. બ્રહ્માનંદ અને વિષયાનંદ એક મ્યાનમાં સાથે ન જ રહી શકે તે ન્યાયે હવેનું જીવન બ્રહ્માનંદને પ્રાપ્ત કરવાના ધ્યેય સાથે જીવવાનો સંકલ્પ કરી જ લીધો તેમણે. દીક્ષા પૂર્વે હીરાબેન તથા કુટુંબીજનો સંગાથે ભગુભાઇ પાટણ પણ ગયા. ધર્મપત્ની હીરાબેનને રહેવા માટે ઘર, દિકરા સહિત તેમના આજીવન ભરણપોષણ માટેનો પાક્કો બંદોબસ્ત, અલંકારો હેમના તથા રોકડ રકમ વગેરે તેઓના નામે કરી દઇ પત્ની રાજી રહે તેમ બધા જ કાર્યો પૂરા કરી લીધા ભગુભાઇએ.

બીજા દિવસે સાંજે સ્હેજ વાર હતી પંચાસરા પાર્શ્વનાથના આરતી-દીપકની. ત્યારે દેરાસરના ચોગાનમાં પેલી શિયાળાની રાત્રે પિતા હાલાભાઇ તથા બધા ભાઇ-બહેનો સાથે કરેલી વાતો મનમાં આજે ફરી ઘોળાઇ ને બાળપણની સ્મૃતિનો વૈભવ વીંટળાઇ વળ્યો તેમને.

જીવનના ૨૮ વર્ષ પલવારમાં નજર સમક્ષ પસાર થઇ ગયા. કંઠમાં પાળેલા કોયલ અને બુલબુલે યાદ કરાવ્યા માતા ને પિતા પાસેથી શીખેલા અગણ્ય સ્તવનો, સજ્ઝાયો, પદો, સ્તુતિઓ!

૧૮ વર્ષ પહેલા પાટણ છોડતી વખતે થયેલી વિશિષ્ટ સંવેદનોની ધાર ફરીથી નીકળી આજે. જો કે ભળ્યો હતો હવે તેમાં સંયમ લેવાથી મળનારા અર્થગૌરવનો પરિતોષ. પાટણની ધન્ય ધરાએ જ તેને ૧૪ રાજલોકનો પરિચય કરાવ્યો હતો પાઠશાળામાં. ૧૪ પૂર્વધરો અને ૧૪ ગુણસ્થાનકો પણ આ જ ભૂમિમાં પ્રથમ વાર ઓળખ્યા હતા. વળી ૧૪ પૂર્વના સાર સમો નવકાર પણ અહીં જ તેમને પહેલીવાર સંભળાવી શ્વાસમાં પરોવી અપાયો હતો! કોનો ઉપકાર માનવો? કોનો-કોનો ઋણસ્વીકાર કરવો?

એ વિચારમાં હતા ત્યાં જ વૃદ્ધ પૂજારીજી તેમને ચોગાનમાં બોલાવવા આવ્યાઃ ‘ભગુભાઇ, આવો. હવે તો મારા આ પ્રભુજી પણ એમના માનીતા ભક્તની રાહ જુએ છે! પધારો. આજે આરતી-દિવો તમારા હાથે જ કરાવવા છે. છેલ્લે-છેલ્લે સંસારીના વેશમાં આ ઉત્તમ અમૃતક્રિયા કરતા જાઓ.’ ભુવનભાસ્કર અર્હત્‌ની ઊભરાતા હૃદયથી ઉતારી આરતી અને છેલ્લે મન ભરીને નજર માંડીને પ્રભુને જોયા પછી મુખ્ય દ્વાર પર પોતે જ તાળુ મારી અતીતને પણ સપાટી ઉપર આવતું બંધ કર્યું. કારતક વદ એકમના પાટણથી મુંબઇ સપરિવાર પાછા આવીને પ્રભુના શાસનને સમર્પિત થવા હવે અંતિમ તૈયારી આદરી. ‘સમય, શક્તિ અને લક્ષ્મીને વહેંચાય, વપરાય ને કાં વેડફાય. તે ત્રણેને એવી રીતે વાવી જ દેવા છે કે બસ! મારી વ્હારે જ્યારે વીર પ્રભુ છે તો વારંવાર આ જન્મ-મરણના ફેરામાંથી બહાર નીકળી જવામાં હવે વાર શી?’ આમ વિચારતાં જ સંયમમાર્ગીના મનની મરુભૂમિમાં લીલી કુંજાર સમી હાશ થઇ! જન્મ મરણના ફેરા ટાળવાનો આ નિશ્ચય કર્યા પછી તેઓને એક દ્રશ્ય યાદ આવ્યું:

લગભગ આઠેક વર્ષની તેઓની ઉંમર હશે. કાતરિયામાં મૂકેલા બધા ગરમ કપડા બહાર કાઢવા પડયા હતા તેવા પોષ મહિનાની કડકડતી ટાઢમાં ‘હવે ઠંડી બહાર આંટા મારશે’ તેમ કહીને ગરમ કોટમાં સજ્જ થયેલા ભગુભાઇ. મૌન એકાદશીની કથા સાંભળવા મા ની આંગળી પકડીને પાટણની શેરીઓમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ભગુને મનમાં થતુ હતું કે આજના દિવસે એક ઉપવાસ કરીએ તો ૧૫૦ ઉપવાસ કર્યા જેટલું ફળ કઇ રીતે મળે તે આજે વ્યાખ્યાનમાંથી જાણી જ લેવુ છે. મા એ તો સવારના પ્રતિક્રમણમાં જ ચોવિહારા ઉપવાસનું પચ્ચક્ખાણ લઇ લીધું છે ને પિતાજી તો મૌન સાથે પૌષધમાં છે જ આજે. હું પણ આજે બને એટલું મૌન જ રહીશ એમ વિચારતા ક્યારે ઉપાશ્રયમાં પહોંચી જવાયું તેનું ધ્યાન પણ ન રહ્યું એ બાલ ભગુને.

પૂજ્ય સાધુ મહારાજે ૧૧ કોટી ધનના ધણી શ્રી સુવ્રત શેઠની કથા શ્રોતાઓને કરી. ભગુભાઇએ એકકાન થઇ સાંભળવા માડયું: 'સુવ્રત શેઠને થયેલ જાતિસ્મરણ જ્ઞાન, મૌન એકાદશીના દિવસે મૌન પૌષધોપવાસના વ્રતમાં ઘરે ચોરી કરવા આવેલા ચોરોને શાસનદેવતાએ કઇ રીતે સ્થંભિત કર્યા, સમગ્ર નગરમાં લાગેલ અગ્નિમાંથી તેઓનું જ ઘર કઇ રીતે અકબંધ રહ્યું, ૧૧ વર્ષના મૌન એકાદશ તપ પછીના ઉત્કૃષ્ટ ઉજમણાંની વાતો. પછી વય થતા કઇ રીતે પોતાની ૧૧ પત્નીઓ સહિત એમણે પૂજ્ય આચાર્યશ્રી ગુણસુંદરસૂરીશ્વરજી પાસે દીક્ષા લઇ પંચમહાવ્રતો ઉચ્ચર્યા, ૨૦૦ છઠ, ૧૦૦ અઠ્ઠમ ઉપરાંત બીજા અનેક મહાન તપ કરી ફરી એક મૌન એકાદશીને દિવસે જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં તે સુવ્રત શેઠ સાધુવેશમાં ચિંતન કરતા અને શુક્લ ધ્યાન ધ્યાવતા ક્ષપક શ્રેણીએ ચઢી ઘાતિકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા. પછી ઘણા વર્ષો સુધી ભવ્ય જીવોને ઉપદેશ આપી કેવલ પર્યાય પાળતા છેવટે અનશન પાળી મોક્ષપદને વર્યા.'

આ કથા ૮ વર્ષના બાળ ભગુના હૃદયમાં એટલી તો જડબેસલાક બેસી ગઇ કે તેઓના બાળમાનસમાં પોતે પણ આમ દીક્ષા લઇ મોક્ષપદને વરશે તેવુ સુભગ દ્રશ્ય કંડારાઇ ગયેલું. આજે ભગુભાઇને એ જ સાકાર થતું લાગ્યુ. ભારતના બધા જ જૈનો વીતરાગ શાસનના સુભટો છે તેવું જ્યારથી એ વ્યાખ્યાનમાં સાંભળ્યુ હતુ ત્યારથી પોતે એવા સુભટ બનવાનો પ્રયત્ન તો કરતા જ હતા... પણ હવે તો દીક્ષા લઇ એવી તો અઠંગ આરાધનાના ધણી બનવુ છે કે કર્મોનો ખાતમો બોલાવી દઇ સિદ્ધશિલા સમીપ પહોંચી જ જવું એમ મનમાં નિર્ણય થયો ને આગળ વિચાર્યું કે: 'પોતાને પ્રતિકૂળ આચારો બીજા પ્રત્યે ન આચરવા એ ધર્મનો સાર છે. જે દુ:ખ આપણને ગમતું નથી તે બીજા જીવોને કદી હું નહીં આપું. કોઇ પ્રાણીની હિંસા નહીં કરું. પ્રમાદ નહીં કરું. અહિંસા વ્રતની સિદ્ધિ માટે અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ, મિથ્યાત્વ આદિ પાપસ્થાનકોને સેવીશ નહીં. સામ (મૈત્રી), સમ (સમાન) અને સમ્મ (એકતા)ને સેવીને ચારિત્ર રૂપી ખીરની સાથે જ્ઞાન-દર્શન રૂપી સાકરને ભેળવી દઇશ.'

આવો નિર્ધાર કરી અન્ય દીક્ષાર્થીઓ સાથે લાલબાગ સંઘ માનપત્ર આપનાર હતા તે મેળાવડામાં જવા ભગુભાઇ નીકળ્યા ત્યારે એક વિચાર આવતા મન ખુશ થઇ ગયું: અરે વાહ! હવે આવનારી માગશર સુદ અગ્યારસે એટલે કે મૌન અગ્યારસે તો સંસાર છોડીને, પદાર્થો ઉપરની આસક્તિનો ત્યાગ કરીને મેં દીક્ષા ગ્રહણ કરી લીધી હશે! આ વિચાર આગળ ચાલે એ પહેલા તો તેઓ પહોંચી ગયા કુંભાર ટુકડામાં આવેલી સુખાનંદની ધર્મશાળાના વિશાળ હોલમાં. ભીંત ઘડિયાળમાં જોયું તો રાત્રિના ૯ વાગવા જ આવ્યા હતા. કાર્યક્રમ બે કલાક જેટલો ચાલવાનો હતો તેથી ૧૧ તો અહીં જ વાગી જશે તેમ વિચારતા પોતાની સાથે જ દીક્ષા લેનાર અન્ય ચાર પુણ્યશાળી આત્માઓ પાસે જઇ ગાદી-તકિયા ઉપર બેસી ગયા. મુમુક્ષુઓના બહુમાન અર્થે હોલ ખીચોખીચ ભરાઇ ગયો હતો.

સેંકડો ભવિજનો વચ્ચે આ પાંચ શ્રાદ્ધરત્નો પંચતારકો સમા શોભી રહ્યા હતા... જે બસ થોડા જ કલાકોમાં તો પંચમહાવ્રત ધારણ કરી નવપદજીના પંચમ પદે પ્રતિષ્ઠિત થનાર હતા! કાર્યક્રમમાં સંઘના ટ્રસ્ટીઓ તથા આગેવાનોએ દરેક મુમુક્ષુઓની ઉચ્ચ ભાવનાને બિરદાવી. વળી સંઘના સાતે ક્ષેત્રમાં આપેલી નિઃસ્વાર્થ સેવા માટે ભગુભાઇને તો ખાસ અભિનંદન અપાયા. પાઠશાળાની બાલિકાઓના નૃત્ય પછી માનપત્ર-શ્રીફળ-શાલ-સાકરના પડા વગેરે આપવાની વિધિ સન્માનપૂર્વક પૂર્ણ થઇ.

પ્રતિભાવમાં શ્રી ભગુભાઇએ ટૂંકું પણ લાગણીસભર વક્તવ્ય આપ્યુ:

''મેં આ સંઘના સાતે ક્ષેત્રને તરતા રાખવા મારા જીવનનો થોડો સમય ગાળ્યો તેને હું મારો પુણ્યોદય જ માનું છું. આજે અમે પાંચે મુમુક્ષુઓ દેવ-ગુરુ તથા આપ સમા વડીલોની કૃપાશિષથી જ આત્મકલ્યાણના પંથે જવા તત્પર બન્યા છીએ. અમારી પ્રવજ્યા પછી સંઘના અન્ય યુવાનો શાસનની ધૂરા જરૂર સંભાળી જ લેશે તેવી અમોને શ્રદ્ધા છે. આજે સૌ એવી આશિષ આપજો કે સૌના કર્મનો ક્ષય થાય, ભવનો નિસ્તાર થાય અને શીઘ્ર શાશ્વત સુખ પમાય.''

સૌ ભીના નયને ને ભારે હૃદયે દરેકના વક્તવ્યને સાંભળી રહ્યાં.

ધર્મો રક્ષતિ રક્ષિતઃ ના ન્યાયે પરિવારજનોને છોડીને નીકળી રહેલા આ પાંચે આત્માઓનું શ્રેય ધર્મ જ કરશે તેવી શ્રદ્ધા સાથે મેળાવડો પૂર્ણ થયો ત્યારે મધ્યરાત્રિને થોડીક જ વાર હતી. બીજા દિવસે સવારે કારતક વદ બીજના દિવસે લાલબાગ ઉપાશ્રયેથી દીક્ષાર્થીઓનો વરસીદાનનો વરઘોડો નીકળ્યો. સૌથી આગળ શાસનધ્વજ, પાછળ જયકાર કરતો ચતુર્વિધ સંઘ, પાંચ બગીમાં બેઠેલા યુવરાજો સમા શોભતા દીક્ષાર્થીઓ, ઘોડાઓ ઉપર સવારી કરેલા નાના બાળકો, શુકન કરતી બેડાવાળી શ્રાવિકાઓ અને મંગલ ગીતોના ગાન સાથે આ વરઘોડો ભૂલેશ્વર પહોંચ્યો ત્યારે વેપારીઓ વેપારને બાજુ ઉપર મૂકી દઇ દુકાન અને પેઢીઓના ઓટલે હાથ જોડીને ઉભા રહી ગયા. જૈન શાસનની શોભાને વધારનારા વરઘોડામાંથી મળેલ પાઇ કે આનાના પૈસા, બદામ, સોના-ચાંદીના ફૂલ આદિ દ્રવ્યોને શુકનવંતા ગણી પોતાના વેપાર સ્થાને કે ઘરે લઇ જવા ભાગ્યશાળીઓ વચ્ચે પડાપડી થઇ ગઇ.

શ્રી અષ્ટમંગલ, પ્રભુજીનો રજત રથ, જયનાદ બોલાવતા શ્રેષ્ઠીઓ ને રાસમંડળીઓ જોઇ ઈતરધર્મીઓ પણ ધન્ય બન્યા. પહોળા રસ્તાઓ, ઓછા વાહનો અને ભાવભર્યા ભાવિકો વચ્ચેથી આ વરઘોડો શરાફ બજાર, સોની બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, પાયધૂની, ગુલાલવાડી વગેરે જગ્યાઓએ થઇને ફરીથી લાલબાગ ઉપાશ્રયે પહોંચ્યો ત્યારે એ વિશાળ ભીડ ધર્મસભામાં ફેરવાઇ ગઇ.

નિશ્રાદાતા પૂજનીય શ્રમણ ભગવંતોએ આજના પ્રવચનમાં સંસાર મોહ પ્રત્યેની અરૂચિ અને સંયમની અભિરૂચિ માણતા આ પાંચ મહાત્યાગી આત્માઓના સંયમ-પુરુષાર્થની પ્રશંસા કરી.

સંયમમાર્ગના અભિલાષીઓ તો આ વખતે પણ મનમાં તો 'શિવમસ્તુ સર્વ જગત:'ની ભાવનામાં જ રમમાણ હતા. ભગુભાઇનું ભાવવિશ્વ પણ હવે મનોમંથન મુક્ત થઇને પ્રભુભક્તિ અને વિરક્તિ થકી શાશ્વતી મુક્તિ પામવા તલસતું હતું. વરઘોડો-વ્યાખ્યાન આદિ પૂર્ણ કરી સૌ ઘરે આવ્યા.

બપોરે પડોશી અદિભાઇ સોજજી ગારા સાડીમાં સજ્જ એવા તેમના પારસી બાનુ સંગે ભગુભાઇને મોતીનો હાર પહેરાવવા આવ્યા. પત્ની ડેલનાઝ તો જાતે બનાવેલું મજજેનું જૈન ધાન શાક પણ આ દીક્ષાર્થીને જમાડવા સાથે લાવ્યા. ત્યાં રહેતા અનેક પારસી પરિવારોને જ્યારથી ખબર પડી હતી કે આ છોરો સંન્યાસ લેનાર છે ત્યારથી વિચારતા હતા કે એમ સાચેસાચ શું કોઇ કરોડપતિના પુત્ર ગામેગામ પગે ચાલીને, ભિક્ષા માંગીને જીવી શકે ખરા? પારસી દંપતિ કહે કે: 'આજે અગિયારીમાં જઇ પવિત્ર અગ્નિ સમક્ષ અમે તમારા ભલા ભવિષ્ય માટે અમારા ખોદાયજીને પ્રાર્થના પણ કરી છે.' અહીં રહેતા આ સરળ, ભણેલા અને સ્વરૂપવાન પારસીની સુતરાઉ કાપડની મીલો હતી. કોઇ પારસીઓ વળી મોટર રીપેરીંગના કાર્યમાં તો વળી કોઇ ત્યારે વકીલાતનું ભણીને બેરીસ્ટરીનું કામ પણ કરતા.

ખેતપેદાશનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર પણ બહુધા પારસીઓના હાથમાં હતું એ વેળાએ. નાના બાળકો તો જાણે ફિરંગીઓ હોય તેવા જ રૂપાળા લાગે. ક્યારેક ભૂલ પણ થઇ જાય ઓળખવામાં કે આ લોકો ભારતીયો છે કે પરદેશીઓ? પરંતુ તેમની મીઠી ભાષા ઉપરથી તરત પરખાઇ આવે.

સૌનાં પ્રેમાશિષ સંપાદન કરી ભગુભાઇ પોતાના ઓરડામાં પહોંચ્યા ત્યારે બપોરે બે વાગી ગયા હતા. ઉરમાં આનંદ મા'તો ન હતો. કાલે સવારે તો બસ, આ સંસારના ચડાવ-ઉતારમાંથી મને કાયમની મુક્તિ મળી જશે... એ વિચારથી અંગે-અંગમાં સ્ફૂર્તિ અનુભવાઇ. હવે તો સંયમ પંથે જઇ સ્વાધ્યાય, તપસ્યા, વૈયાવચ્ચ, ધર્મધ્યાન અને આત્મચિંતન ક્યારે શરુ કરું તેનો થનગનાટ શરુ થયો. જીવનના એક એવા વળાંકે ઉભા હતા ભગુભાઇ કે ત્યાંથી જીવનની એક નવી જ યાત્રા શરુ થવાની હતી... છતાં એ યાત્રા માટે કોઇ જ વસ્તુઓ સાથે લઇને જવાની ન હતી. બધું જ છોડીને-ત્યાગીને જવાનું હતું એ અણદીઠી ભોમકાએ! પેટી-બિસ્તરા બાંધવાના તો ન જ હતા પણ સાથે પટારા યે છોડીને જવાના હતા. વળી સંબંધો પણ ત્યાગીને જવાના હતા. અણગાર બનવાના આ મારગે સાથે લઇ જવાની હતી તો ફક્ત સર્વ જીવો પ્રત્યેની કલ્યાણકારી મૈત્રીભાવના!

ભગુભાઇ ઓરડામાં બેસી એકાંતમાં ચિંતન કરવા લાગ્યા કે: ૩૮૮ ક્રોડ સોનૈયાનું દાન કરી, ક્ષત્રિયકુંડના જ્ઞાતખંડ વનમાં અશોકવૃક્ષ નીચે કારતક વદી દસમના દિવસે દીક્ષા લેવાર્થે ચંદ્રપ્રભા પાલખીમાંથી ઉતરીને કઇ રીતે એક પછી એક આભૂષણો, રેશમી વસ્ત્રો આદિનો ત્યાગ કર્યો હશે રાજવી વર્ધમાન કુમારે! મહાભિનિષ્ક્રમણ કરવા નીસરતાં પ્રભુ વીરને અંતિમ દિને મોટાભાઇ નંદિવર્ધને દીક્ષા ઉજવણીના પ્રથમ પગથિયે કઇ રીતે ક્ષીરસમુદ્રના જલ ભરેલા ૧૦૦૦ કળશોથી અભિષેક કર્યો હશે?

એ પછી પોતાના નાનાભાઇને ચંદન વગેરે સુગંધી પદાર્થોથી વિલેપન કરાવી, મૂલ્યવાન વસ્ત્રો ને આભૂષણોથી સજ્જ કરી, ૫૦ ધનુષ લાંબી, ૨૫ ધનુષ પહોળી, ૩૬ ધનુષ ઊંચી ને અનેક સ્તંભોથી સુશોભિત એવી શિબિકામાં દીક્ષા લેવા જવા માટે કઇ રીતે બિરાજમાન કર્યા હશે? બહોળી સંખ્યામાં ઉપસ્થિત રાજાઓ, ક્ષત્રિયો, માંડલિકો, શેઠિયાઓ, કોટવાલો, સાર્થવાહો, કુટુંબીઓ, નગરજનો અને નાટક મંડળીઓ સહિત નીકળેલો તેમનો વરઘોડો જોવા અનેક દેવ-દેવીઓ પણ પૃથ્વીલોકમાં આવેલા હશે! ને જ્યારે એ એકાકી વર્ધમાન મહાવીર 'નમો સિદ્ધાણં' પદ બોલી 'કરેમિ સામાઈયં' સૂત્ર વડે જીવનભરના સંસાર ત્યાગની પ્રતિજ્ઞા કરી અણગાર બન્યા હશે, તે જ ક્ષણે કેટલું સુંદર એવું ચોથું મનઃપર્યવજ્ઞાન પામ્યા હશે, જેથી દરેક જીવોના મનોભાવ જાણી શકે. પરંતુ એ જ ક્ષણે શોકાતુર વડીલબંધુ નંદિવર્ધનને આ વિયોગ કેટલો અસહ્ય લાગ્યો હશે!

આ ચિંતનની ધારા આગળ ચાલે તે પૂર્વે જ પોતાના ઓરડામાં સંચાર થતો સુણીને ભગુભાઇએ આંખો ખોલી. જોયું કે સૌ પરિવારજનો સાથે પુત્ર જિતુને લઇ પત્ની હીરાબેન ઓરડામાં અંદર આવીને નીચે ભોંય ઉપર બેસી રહ્યા હતા. દરેકના મુખ ઉપર મિશ્ર ભાવો વંચાતા હતા. આનંદમિશ્રિત ખિન્નતા સાથે સૌના મુખ ઉપર આવનારા વિયોગી દિવસોનું પ્રતિબિંબ પણ આજથી જ દેખાતું હતું. દરેકને ખૂબ બધુ કહેવું-પૂછવું હતું, પરંતુ શબ્દો જડતા ન હતા. બહાર રહેવાતું ન્હોતું અને ઓરડાની અંદર આવીને શું કહેવું તે સૂઝતુ ન હતું.

આ ભારેખમ મૌનને ભેદતા ભગુભાઇએ જ અંતિમ ઉપદેશાત્મક વચનો બોલવાનું શરુ કર્યું:

''હું સમજી શકું છું કે દરેકના મનમાં અત્યારે કેટલીયે જાતના વિચારો ચાલતા હશે. આ પરિવારમાં મારી જે ખોટ સાલશે તે મને ખબર છે કે પ્રાયઃ કોઇ નહીં પૂરી શકે. વળી મારી ફિકર પણ થતી હશે કે સંયમપંથે આવનાર કસોટીઓ હું કઇ રીતે પાર કરીશ. પરંતુ મને કહેવા દો કે આ સઘળા યે વિચારો મોહદશામાંથી જ જન્મેલા છે. ચિંતા કરવી જ હોય તો એમ કરો કે મારે હવે ઓછામાં ઓછા જન્મો લેવા પડે. તમે બધા પણ કાળ પાકે ત્યારે વીર્ય ફોરવીને સંયમ માર્ગે પ્રયાણ કરો એવો મનોરથ છે મને.

આ ઉત્તમ માનવ જન્મ પામી તેને સાર્થક કરવા રૂપ પ્રવજ્યા ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધીએ તેવી પ્રાર્થના આજે હું આપણા પંચાસરા પાર્શ્વનાથને કરું છું. મારા ભોગાવલી કર્મો હવે પૂરા થવામાં લાગે છે અને તેથી જ જુઓ, કાલે હું દીક્ષા લઇશ એવો પુણ્યોદય જાગૃત થયો છે. પ્રવજ્યા લઇ જ્યારે હું વેશ ધારણ કરું ત્યારે સૌ આનંદિત થજો કે ૨૦ વર્ષ પૂર્વે નક્કી કરેલ સંયમ માર્ગ હવે મને સાંપડયો ખરો. પ્રભુ ખરે જ છે મહાગોપ, મહામાહણ, નિર્યામક ને સાર્થવાહ. તે જ મારું યોગ ને ક્ષેમ કરશે. હવે 'જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે...' તેવી નિર્વિકલ્પ દશામાં ને અહિંસક રીતિએ સૌ આગળનું જીવન જીવો તેવી મહેચ્છા છે મને... પરિવાર સમસ્ત હવેથી પ્રભુજીવી બનજો. नास्ति रागसमो रिपुः ।

તેથી રાગમાંથી વૈરાગ્ય તરફની યાત્રામાં સૌ આગળ વધી આ પ્રગટેલા આતમદિપકને હવે બુઝાવા ના દેજો. मित्ती मे सव्वभूएसु । સકળ જીવરાશિ સંગે મૈત્રી છે તે લઘુપંક્તિ હવે જીવનમાં વણાઇ જાય તેવું વાવેતર કરજો. સામે ચાલીને પરોપકાર કરજો. નવપદજીને જીવનના કેન્દ્રમાં સ્થાપજો અને શ્રી નમસ્કાર મહામંત્રને તો શ્વાસે-શ્વાસે સ્થાપી દેજો.'' संयम कब ही मिले...ની ઉત્કંઠા સહ વહેતી આ કર્પૂરોદકધારા સમી સુરભિત વાણી ક્યારેય વિરામ ન પામે તેવું પરિવારજનોને થયું. આ અનોખા સંતાન ઉપર સહુનું વહાલ વૃદ્ધિ પામ્યું. વૈરાગ્ય પામવાના કેટલાયે નિમિત્તો સૌને અવારનવાર મળતા જ હોય છે, પરંતુ આટલી નાની ઉંમરે તે નિમિત્તના સહારે આટલો મોટો નિશ્ચય કરવા વિચારવું અને વળી તે બે દસકા પછી પણ ફળીભૂત કરવો તે અનન્ય હતું.

ચોવિહાર ટાણું થવા આવ્યું. સૌ ઉઠયા અને સાંજનું વાળુ સૌએ સાથે કર્યું. બહારગામથી પણ બધા જ સગા-સંબંધીઓ હવે આવી ગયેલા. દેવસિય પ્રતિક્રમણ કરીને દેરાસરમાં રાત્રિ ભાવનામાં કાંસીઓ વગાડતી વખતે ભગુભાઇને થયું કે આ જીંદગીમાં હવે આમ હું છેલ્લી જ વાર મને ગમતી કાંસીઓ વગાડું છું. બસ, કાલ પછી તો હવે આ જન્મમાં ક્યારેય નહીં વગાડું... પણ એથી મારી ભક્તિ તો બંધ થવાની જ નથી. પ્રભુભક્તિ, આરતી-મંગળદીવો પછી સંઘના, પાઠશાળાના ને ફોફલિયાવાડાના મિત્રોના સ્નેહને સંપાદન કરી ભૂમિસંથારા ઉપર સૂવા આવતા તો વદ બીજનો થાળી જેવડો ચંદ્ર મધ્યાકાશમાં પહોંચવા આવ્યો હતો.

नमो जिणाण भावेण जे मोक्खनयरे सया ।
सुहं अणंतमुक्किट्ठं जन्ति गरिट्ठझाणेणं ॥

જે જિનેશ્વર ભગવંતો શુક્લધ્યાનથી મોક્ષનગરમાં
અનંત ઉત્કૃષ્ટ સુખને પામે છે તેમને ભાવથી નમસ્કાર થાઓ.

" જે આત્મા મુનિધર્મનો સ્વીકાર કરે તે ગુણી હોય છે. નાના પાસેથી પણ ગુણ ગ્રહણ કરવામાં નાનમ રાખવી ન જોઇએ. તેનાથી મોટાની જ મહત્તા વધે છે. તેથી દિવ્ય સત્યના પરમ માર્ગે નિર્વિઘ્ને ને ઉચ્ચ આરોહણ થવું અવશ્ય શક્ય બને છે. "

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૪ | વીતરાગના વારસ

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

અમૃતમય ભાવમાં વહી અમૂર્તતત્ત્વ પામવાના અનિર્વચનીય સંવેદનો સહ ભગુભાઇએ વિક્રમ સંવત ૧૯૮૭ (ઇ.સ.૧૯૩૦)ના કારતક વદ ત્રીજના પ્રભાતને વધાવ્યું વ્હાલથી! રાઇય પ્રતિક્રમણ બાદ નવસ્મરણના પાઠ કરી, ઘરના વડીલો, પરિવારજનો તથા પડોશીઓને વંદન કરી, ઘર દેરાસરના પ્રભુજી સમક્ષ ભગુભાઇએ સ્નાત્ર ભણાવીને પંચાંગ પ્રણિપાત કર્યાં. શુકન જોઇને હાથમાં શ્રીફળ લઇ, જિનાજ્ઞા માથે ચડાવવા રૂપ ભાલે તિલક કરી સંયમ લેવા માટે આસ્તે-આસ્તે મંગળ ગાનના તાલે નીચે ઉતર્યાં. જોયું કે સંઘના કેટલાયે સાધર્મિકો સાથે અન્ય પારસી પરિવારો પણ તેઓને આવકારવા નીચે ઉભા છે. ઘર છોડતી વેળાએ ભગુભાઇએ તો એક પણ વાર પાછળ નજર નાખીને ઘર તરફ જોયું ન હતું, પરંતુ નીચે ઉતરીને શણગારેલી બગીમાં બેસતા પૂર્વે ફક્ત એકવાર પોતાના ધર્મપત્ની હીરાબેનની આંખોમાં જોઇને બોલ્યા વગર આ મુમુક્ષુએ કહી દીધું જાણે:

'હું જાઉં છું. પ્રભુ સૌની રક્ષા કરશે.'

આ એક એવા સહધર્મચારિણી હતા કે જેમણે હિંમત રાખીને છેલ્લે એક સપ્તાહથી રોજે દીક્ષાના સાંજી ગીતો ગાયા. વર્ષીદાનના વરઘોડા સમયે દીક્ષાના ઉપકરણોની છાબ પણ તેઓએ સતત હરખભેર શિર ઉપર ધરી રાખી. આજની ઘર છોડવા વેળાની અંતિમ ક્ષણ સુધી પોતાના ભરથારને ઉમળકો દર્શાવી સંયમ પંથે પ્રસ્થાન કરાવનાર હીરાબેન આજથી જીવનભર માટે બની રહ્યા હતા હવે – પ્રોષિતભર્તૃકા!

જિનશાસનના ગગનભેદી જયનાદો સાથે બગી જ્યારે ભાયખલ્લા દેરાસરના મેદાનમાં સવેળા પહોંચી ત્યારે હજારો ભાવુકો ઉત્કંઠિત હતા દીક્ષાની વિધિ જોવા. પૂજ્ય પંન્યાસશ્રી પ્રેમવિજયજી મહારાજ ને મુનિરાજશ્રી રામવિજયજી મહારાજ ઉપરાંત અન્ય મહાત્માઓ વચ્ચે દીક્ષાદાનેશ્વરી પૂજ્ય આચાર્યશ્રી દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ ત્યાં આવી પહોંચ્યા. મોટા મંચ પર કેન્દ્રમાં નાણ મંડાયેલ. ચારે દિશા સન્મુખ જે ૪ પ્રતિમાજીઓ સ્થાપિત કરાયેલા તેની સામે અક્ષતના મોટા સ્વસ્તિક કરી શ્રીફળ તથા રૂપા નાણું મૂકાયા. ચારે દિશામાં પ્રગટાવેલા દીપક સંગે સુગંધિત ધૂપથી પરિસર સુરભિત બન્યું.

મહાનિશીથસૂત્રના યોગ કરેલ મહાત્માએ નંદિનીક્રિયા કરાવવી શરુ કરી કે તરત પાંચે દીક્ષાર્થીઓએ ગળામાંથી સચિત માળા કાઢી લઇ નાણની ત્રણ પ્રદક્ષિણા ફરતાં ૧૨ નવકાર મહામંત્ર ગણી હાથમાં રહેલ શ્રીફળ નાણમાં પધરાવી દીધા. દરેક દીક્ષાર્થીઓએ ક્રિયા માટે હવે સજ્જ થઇ પોતાના ગુરુની જમણી બાજુએ હાથમાં ચરવળો-મુહપત્તિ રાખી જમીન પૂંજીને કટાસણું પાથરી દીધું. ગુરુ મહારાજ બીજા સૂત્રો બોલીને જ્યારે એમ બોલ્યા કે: 'ઈચ્છકારિ ભગવન્, તુમ્હે અમ્હં સમ્યક્ત્વ સામાયિક-શ્રુત સામાયિક-દેશવિરતિ સામાયિક-સર્વવિરતિ સામાયિક આરોવાવણી-નંદી કરાવણી-વાસનિક્ષેપં કરેહ.' ...ત્યારે 'સર્વવિરતિ' શબ્દ સાંભળીને જ ભગુભાઇને હર્ષના આંસુ આવ્યા!

સૂરીમંત્ર ને વર્ધમાનવિદ્યાથી અભિમંત્રિત વાસક્ષેપ હાથમાં લઇ ગુરુ ફરીથી તે જ પદ બોલ્યા. ફક્ત અંતમાં '...આરોવાવણી નંદી પવત્તેહ.' એમ બોલી ૮ થોયના દેવવંદન કરાવ્યા. પછી ૩ નવકાર સાથે નંદીસૂત્ર સંભળાવી ૩ વાર વાસક્ષેપ કરી પાંચેને ખમાસમણ અપાવી,

'ઈચ્છકારી ભગવન્! મમ મુંડાવેહ, મમ પવ્વાવેહ! મમ વેસં સમપ્પેહ.'

એમ ત્રણ વાર બોલાવી ચરવળો નીચે મૂકાવ્યો. સભા ત્યારે સ્તબ્ધ બની. બસ, હવે માથું મુંડાવી, વેશ પરિવર્તન કરી, હાથમાં ઓઘો લઇ આ મુમુક્ષુઓ થોડીવારમાં જ પવિત્ર સૂત્રોચ્ચાર સાથે અણગાર બની જશે એમ વિચારી સભા અબોલ બની. સૌ દત્તચિત્તે વિધિ જોવામાં મશગુલ બન્યા.

પારિવારિક છાબમાંથી દરેક મુમુક્ષુઓએ પોતાના ઓઘો ને મુહપત્તિ ગુરુદેવને આપ્યા. ઓઘાના દોરે બાંધેલી એ મુહપત્તિને પ્રથમ ૭ વાર મંત્રિત કરવાપૂર્વક વાસક્ષેપ કરી પછી ઓઘાને પણ ગુરુએ અભિમંત્રિત કર્યો. ઈશાન ખૂણા તરફ મુખ રાખીને ઉભેલા દીક્ષાર્થીઓને ઓઘો આપતા 'સુપરિગ્ગહીયં કરેહ' પદ જેવું ગુરુએ કહ્યું કે તરત જ દીક્ષાર્થીઓ આનંદના અતિરેકથી હાથમાં ઓઘો લઇ નાચ્યા. પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા કરી સાધુવેશ પહેરવા માટે પછી પાંચે દીક્ષાર્થીઓએ અંદર પ્રસ્થાન કર્યું.

સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીને મુંડન કરાવવા અંદરના ઓરડામાં બેઠેલા ભગુભાઇને ઈશાન ખૂણે બેસાડી ત્રણ ચપટી લેવાય તેટલા વાળ રાખી મુંડન કરાયું. સ્નાન કરી, ઈશાન ખૂણા સન્મુખ ફરીથી ઉભા રાખી સાધુ વેશ પહેરાવાયો ...અને વાજતે-ગાજતે સૌને ગુરુમહારાજ પાસે લવાયા ત્યારે તો સમસ્ત સભાએ 'જૈનં જયતિ શાસનમ્'ના જયનાદથી આ નવદીક્ષિતોને વધાવી નભ ગૂંજવી દીધું.

ફરીથી દીક્ષાવિધિ આગળ વધી. નાણ આડે પડદો દઇ વાંદણા, કાઉસ્સગ્ગ સંપન્ન કરી દીક્ષાદાનના જ શુભ મુહૂર્તે ઊંચા શ્વાસે ૩ નવકાર ગણવાપૂર્વક શિષ્યના માથેથી ૩ ચપટી કેશ લેવા ગુરુજીએ લોચ કરી ત્વરિત જ વાસક્ષેપ ઘસી દીધો. ચોપાસ પડદો હોવાથી ભલે તે વિધિ સભા જોઇ ન શકી, પરંતુ બહાર આવી સમ્યક્ત્વના આલાવા ઉચ્ચારતી વેળાએ જોયો સૌએ નવદીક્ષિતનો નિરવધિ આનંદ.

અંતમાં સર્વવિરતિ સામાયિકને ઉચ્ચારવાપૂર્વક ત્રણ વખત વાસક્ષેપ થયો અને કાઉસ્સગ્ગ થયા પછી મંત્રિત વાસક્ષેપવાળા અક્ષત સમસ્ત સંઘજનોના હસ્તમાં અપાયા. ખમાસમણ દઇ, ચારે દિશામાં નાણને ફરતાં ચૌમુખજી સન્મુખ નવકાર ગણીને પ્રદક્ષિણા ફરતાં-ફરતાં પ્રથમ ગુરુ મહારાજેએ તથા પછી સમસ્ત શ્રી સંઘજનોએ આશીર્વાદના પ્રતીક રૂપે નવદીક્ષિતોને વાસક્ષેપ ને અક્ષતથી વધાવ્યા.

ત્રણે ય પ્રદક્ષિણા વખતે નૂતન દીક્ષિતોએ સંઘજનો સમીપ આવી શિશ નમાવી આશીષને શીરોધાર્ય કર્યા. શેષવિધિના સૂત્રોચ્ચાર સૌએ અત્યંત શાંતિપૂર્વક ઝીલ્યા. પછી વખત થયો નવ્ય શ્રમણોના નામાભિધાનનો. નવદીક્ષિત ભગુભાઇ કેન્દ્રમાં ઉભા રહ્યા ત્યારે ઉપયોગ કારાવણીનો કાઉસ્સગ્ગ કરી અને શય્યાતરના ઘર વગેરેની વિધિ પશ્ચાત્ નવ્ય નામાભિધાનનો વિધિ થયો અને ભગુભાઇનું નવું નામ ગુરુવર્યના સ્વમુખે પ્રગટ થયું:

મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

વળી તેઓને પૂજ્યશ્રી રામવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયા. સુભાગ્યશાળી બીજા ૪ નવદીક્ષિતોના નવ્ય નામાભિધાન થયા: મુનિશ્રી મોહનવિજયજી, મુનિશ્રી મલયવિજયજી, મુનિશ્રી વલ્લભવિજયજી તથા મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

પ્રભુ વીરની ૭૫મી પાટે આવેલ પ્રશાંત સૌજન્યમૂર્તિ, પરમ ગીતાર્થ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજયદાનસૂરીશ્વરજી ગુરુવર્યના વરદ હસ્તે અને મંગલતમ મુહૂર્તે અપાયેલ દીક્ષાદાન વખતે પૂજ્ય પંન્યાસજીશ્રી પ્રેમવિજયજી ગણિવરને 'ઉપાધ્યાય' પદ અને મુનિરાજશ્રી રામવિજયજી મહારાજને 'પંન્યાસ' પદ પણ પ્રદાન થયા. સંઘમાં જયજયકાર થઇ ગયો. સૌના હૃદય ભાવભક્તિથી ભીંજાઇ ગયા. આચાર્ય મહારાજે હિતશિક્ષા ફરમાવી પછી સૌ નવદીક્ષિતો સાગમટે દેરાસરે દર્શન-ચૈત્યવંદન કરવા ગયા, જ્યાં આ નવદીક્ષિતને તો કવિશ્રી હરિહર ભટ્ટની કવિતા જ મનમાં સ્ફૂરી:

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ-અટારી;
ના સળગી એક સગડી મારી, વાત વિપત્તની ભારી...
મહાનલ એક જ દે ચિનગારી.

આત્મજ્યોત પ્રગટાવવાની પ્રાર્થના કરી ઉપાશ્રયે આવ્યા. રંગેલા કપડાં, આનંદથી ઓપતું મુખ, સંતોષતેજથી ઝગારા મારતી આંખો અને મોહક મુદ્રાઓથી શોભતા આ નવદીક્ષિતોએ જ્યારે શ્રદ્ધાપૂર્વક ઉપાશ્રયમાં પ્રથમ પગરણ કર્યા ત્યારે જાણે ત્યાંની ચાર દિવાલો પણ તેઓને નવા વેશે આવકારી રહી. 'ડંકો વાગ્યો શાસનના પ્રેમી જાગજો રે...' એવું નાનપણમાં પિતાજી સંગે ભાવનામાં ગાતો એક ૮ વર્ષનો બાળક આજે ૨૮ વર્ષની ભરયુવાન વયે ખરેખર જ શાસનપ્રેમી બની જઇને 'જાગી' ગયો હતો.





સંયમ કબ હી મિલે... તેવી ભગુભાઈની ઉત્કંઠા પોષવા તૈયાર થઈ ગયા પ્રભુ મહાવીરની છપમી પાટે આવેલા દિક્ષાદાતા પ્રપ્રગુરુદેવ પરમ મહાગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજા.

શિક્ષાદાતા પ્રગુરુદેવ પરમ પૂજ્ય પંન્યાસશ્રી પ્રેમવિજયજી મહારાજ સાહેબ ને ધર્મદાતા ગુરુદેવ પરમ પૂજ્યશ્રી રામવિજયજી મહારાજે દીક્ષા પશ્ચાત્ નૂતન નામકરણ કર્યું: મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ.

વડીલબંધુઓ શ્રી લહેરુભાઇ તથા ભોગીલાલભાઇએ પોતાના આ સુકોમળ લઘુબંધુને શ્રી જૈનશાસનને સોંપીને સંઘ ઉપર અનેરો ઉપકાર કર્યો. સાંસારિક સંબંધોની કાંચળી ઉતારીને મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ જ્ઞાન, ધ્યાન, ગુરુવિનય અને ચારિત્ર્યપાલનની દરેક સૂક્ષ્મ ક્રિયામાં લયલીન બની સંયમરત સાધુની સાધુતાને દીપાવવાના દઢ નિશ્ચય સાથે મુકામમાં આવી ઈશાન ખૂણે નવકારમંત્રની બાધાપારાની માળા ગણવા બેસી ગયા.

દીક્ષા પછી ય ચિંતા કરતા વડિલ લહેરુભાઇ તથા ભોગીલાલભાઇએ પૂજ્ય આચાર્યશ્રી વિજયદાનસૂરીજી મહારાજ સમીપ જઇ કહ્યું: 'સાહેબજી! શ્રી ભદ્રંકરવિજયજીનું શરીર બહુ સુકોમળ છે. માટે એમને ખૂબ સાચવજો.' આચાર્યદેવે ઉત્તરમાં જણાવ્યું: 'ભદ્રંકરવિજયજીના સામુદ્રિક લક્ષણો મેં જોયા છે. એ તો જૈન શાસનનો મહાન સ્તંભ અને સૌને પ્રિયપાત્ર બનવાનો છે. તેથી એની જરાય ચિંતા ન કરશો.'

કિરતારના આધારે ગુરુદેવને જીવન સમર્પિત કરનાર મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ વર્ષો પછી અનેકોના તારક ગુરુદેવ બનશે એવું આચાર્યશ્રી વિજયદાનસૂરીજી મહારાજે તો આજાનબાહુ એવા આ નવદીક્ષિતના સામુદ્રિક લક્ષણો ઉપરથી પહેલેથી જ જાણી લીધુ હતું.

મબલક માનવસંપત્તિના પ્રદેશ એવા પાટણમાં જન્મીને હવે કોઇ અદ્રષ્ટ કિન્તુ સ્પષ્ટ સત્યની શોધમાં અલગારી થઇને આત્મબ્રહ્મમાં લીન થવા નીકળી પડેલ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે આંતર-અરણ્યમાં પ્રવેશ કર્યો! વિશ્વના પ્રત્યેક જીવ સંગે પૂર્ણ સંવાદિતાનો સેતુ રચવાના નિશ્ચય સાથે પ્રથમ દિનથી જ તેમણે અંદરના અસીમને નીરખવાની યાત્રામાં પગરણ કરી દીધા! તેમનું ભવ્ય ગૌર ભાલ હવે વધુ દેદિપ્યમાન બન્યું સંયમના તેજથી. પ્રત્યેક ધર્મક્રિયા તેમણે ગુરુની આજ્ઞાના પાલન થકી બહુમાનપૂર્વક કરવા માંડી. જાણ હતી કે સંયમની શતપ્રતિશત ત્રિયોગપૂર્વકની રક્ષા એ શ્રમણજીવનનો પ્રાણ છે. તેથી સાધુ સમુદાયમાં તરત જ તેઓ પ્રીતિપાત્ર બની ગયા. શ્રી સંઘ પણ આ નવદીક્ષિતની અપ્રમત્ત સાધના જોઇ પ્રસન્ન થયો.

લાલબાગ ઉપાશ્રયેથી વંદનીય ગુરુ-ત્રિપુટી સહિત જ્યારે સૌએ અંધેરી ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો ત્યારે એક વનરાજને શોભે તેવી રીતે લીધેલી દીક્ષા પછી વધતા ઉલ્લાસપૂર્વક આ નવ્ય મુનિરાજે ચારિત્ર્યને પણ શોભાવવા માંડ્યુ. શાંત, સરળ પ્રકૃતિ અને શુદ્ધ ક્રિયા પરત્વેની ઉચ્ચ પરિણતિથી સૌના હૃદય જીતી લીધા. તેઓના દરેક આચાર-વિચારમાં વિસ્તૃત થઇ રહેલા ચેતોવિસ્તારની ઝાંખી કોઇથી અછતી ન રહી. પ્રથમ દીક્ષા વર્ષ વિક્રમ સંવત ૧૯૮૭ (ઇ.સ.૧૯૩૦)માં અંધેરીમાં ઉપધાન તપ કરાવવાનું નક્કી થયું. પરમગુરુ આચાર્યદેવેશશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજા, પ્રગુરુ ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મહારાજા તથા ગુરુદેવ પંન્યાસશ્રી રામવિજયજી મહારાજ સાહેબોની શીળી છત્રછાયામાં મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે રત્નત્રયી અને તત્ત્વત્રયીની નિર્મળ આરાધના કરવી માંડી દીધી.

અનાગતમાં મૈત્રીભાવના મહાન પ્રરૂપક થનારા એવા આ નવદીક્ષિતની વડીદીક્ષા મહા સુદ છઠ્ઠ, ૧૯૮૭ના પાવન દિવસે થઇ. ને એ પછી મા સરસ્વતીની અસીમ કૃપાથી તેઓએ શરુ કર્યો જ્ઞાન સંપાદનનો અપૂર્વ યજ્ઞ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત અમૃતવેલની સજ્ઝાય સાથે પંચસૂત્ર, પ્રશમરતિ, શાંતસુધારસ, યોગશાસ્ત્ર, ધર્મબિન્દુપ્રકરણ, અષ્ટકો-ષોડશકો-વિંશિકાઓ-બત્રીસીઓ, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, તત્ત્વાર્થસૂત્ર, લલિત વિસ્તરા, અધ્યાત્મસાર, સન્મતિતર્ક આદિ તાત્ત્વિક ગ્રંથોનું ઊંડુ અધ્યયન, ચિંતન-મનન વગેરે એવા તો ભાવપૂર્વક કંઠસ્થ ને આત્મસાત્ કર્યા કે તેઓમાં અખૂટ જ્ઞાનગાંભીર્ય સાથે અતુલનીય સમતા પ્રગટી.

'ઉપદેશ પાળવા માટે, જ્ઞાન ગ્રહણ કરવા માટે અને સદ્‌ભાવ આપવા માટે છે.'

એ સૂત્રના તીરે તેમની જીવનસરિતા ખળખળ વહેવા માંડી. ઉપધાન તપ તથા તેના ઉજમણાં રંગેચંગે સંપન્ન થયા પછી અંધેરી સંઘની રજા લઇ મહાત્માઓ સાથે શરુ થયો વિહાર. સિદ્ધાંતમહોદધિ ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મહારાજ, પોતાના ગુરુદેવ પંન્યાસશ્રી રામવિજયજી મહારાજ અને અન્ય મુનિરાજો સંગે સિદ્ધક્ષેત્ર શ્રી શત્રુંજય ગિરિરાજ પ્રતિ હવે તેઓએ જ્યારે સંયમજીવનનો સૌ પ્રથમ લાંબો પાદવિહાર શરુ કર્યો ત્યારે સંસારી જીવનમાં કલ્પના કરેલ વિહારના અનેક દ્રશ્યો ફરી જાણે તાદ્રશ્ય થયા.

ઇ.સ.૧૯૩૧નો ભારતનો એ કાળ હતો જ્યારે જૈન શ્રમણોના આ વિકટતમ વિહારો માટે ફિરંગીઓને અનહદ આશ્ચર્ય થતું. કાંકરાવાળા રસ્તે કે રેલના પાટા માર્ગે અનેક પ્રતિકૂળતાઓની વચ્ચે આ બધા સંન્યાસીઓ શા માટે ઉઘાડા પગે, ખૂલ્લા માથે ને ખાલી હાથે આમ પગે ચાલીને દૂર-દૂર જતા હશે એ વિસ્મય તેઓને સદૈવ રહે. દરેક ઠેકાણે હજુ રેલગાડી શરુ થઇ ન્હોતી. ઊંટ સવારીઓ પણ ચાલે, જે બળદગાડાથી સ્હેજ ઝડપી પહોંચાડે. ઘોડાગાડી-ટ્રામ વગેરે પણ જવલ્લે જ દેખાય.

પગે ચાલીને, હોડી દ્વારા કે સાયકલથી જ પ્રવાસ થાય અંતરિયાળ વિસ્તારોમાં તો.

શ્રમણો લાંબા વિહારો કરી જે ગામ પહોંચે ત્યાં જૈનોના ઘર ન હોય તો અન્ય ધર્મીઓને સમજાવીને પીવાનું પાણી ઉકાળાવીને ઠરાવે પછી તો પાણી પીવા પામે. વળી ખપે તેવી ગોચરી ન મળે તો ઉપવાસિતા રહીને જ આગળ થાય સમુહનો વિહાર! આવા વખતે તે ગામના લોકો મોં વકાસીને આદરપૂર્ણ ભાવે આ ચાલતી થઇ જતી ફોજ સામે જોઇ રહે. બટેટા, રીંગણા, કાંદા કે સૂરણ વગર રસોઇ કઇ રીતે થાય તેનો તેઓને ખ્યાલ જ ન આવતો હોય!

શિયાળાના દિવસોમાં સૂસવાટા મારતા ઠંડા પવનની ઝીંક ઝીલીને લાંબો પંથ કાપવા વહેલી સવારના ભળભાંખળામાં જ્યારે તેઓ આગળને મુકામે પહોંચવા વિહાર શરુ કરે ત્યારે ગામની બહાર આવેલા ખેતરોના ઝૂપડાની આસપાસ તાપણું પ્રગટાવી શ્રમિકો પોતાના હાથ-પગ શેકતાં બેઠેલા જોવા મળે.

૭ માઇલ ચાલીને તેઓ એક એવા ગામમાં પહોંચ્યા જ્યાં નહીં વિહારધામ, દેરાસર-ઉપાશ્રય કે જૈન શ્રેષ્ઠીઓના ઘર. આગળ ચાલવાની હામ રહી ન હતી. થાક કહે મારું કામ. ત્યાં જઇને ગામની શાળાની પરસાળ માટે પૂછવા ગયા તો ખબર પડી કે જાહેર રજા હોવાથી શાળા બંધ છે. ચોકીદાર ચાવી લઇને બાજુના ગામમાં હટાણું કરવા ગયેલો. પછી વારો આવ્યો મહાદેવના મંદિરના ચોકનો. જઇને જોયું તો હિન્દુ સંન્યાસીઓ ઓટલા ઉપર લાંબા થઇને ચલમ ફૂંકી રહ્યા હતા. તેઓના હાવભાવ અને લાલઘૂમ આંખો જોઇને ત્યાં રોકાવું ઠીક ન લાગ્યુ. આની પહેલાના વિસામા વખતે સદ્નસીબે ગામની તાર ઑફિસમાં રાત્રિ મુકામ શક્ય બન્યો હતો. અહીં હવે શું કરવું તે વિચારતાં સૌ ઉભા હતા ત્યાં જ શાક-બકાલુ લેવા નીકળેલી બે પટલાણીઓએ ધ્યાન જતા પૂછ્યું કે: 'મા'રાજ, કોનું ઘર હોધો સો?'

તેઓને જ્યારે સમજાવ્યું કે અમે તો ગામે-ગામ પગપાળા થઇ કાઠિયાવાડમાં આવેલ પાલીતાણા તીર્થધામની યાત્રાએ જવા નીકળેલ છીએ, ત્યારે બંને બહેનોએ સાનમાં જ કંઇક વાત કરી લીધી ને એમાંથી પ્રૌઢ લાગતી ગૃહિણીએ કહ્યું: 'તો તો તમે હંધા ય અમારા ગામના અતિથિઓ શ્યો. એમ કાંઇ હમે રોટલો ને ઓટલો આપવામાંથી ય વયા જાશું? પાલીતાણાના મહુવા પાહે હમારું મહિયર સે. હાલો હંધાય ઝટ પગ ઉપાડો. ઓસરી-ફળિયું મોટા સે. હંધા ય હમાઇ જહો.' ને બંને બહેનો પ્રસન્ન થતી ઘર તરફ દોરી ગઇ સૌને.

ગુરુદેવ પંન્યાસશ્રી રામવિજયજી હંમેશા શિષ્યોને સમજાવે કે થોડીક કસોટી તો આવે જ, પરંતુ પછી વિહારમાં મળતી અકલ્પનીય સહાય જોઇને તો શાસનરક્ષક દેવો દ્વારા થતી આ પ્રેરણાઓ માટે અહોભાવ થાય જ. અજાણ્યા ગામમાં ઘર નાનું ભલે હોય, મન તો મોટું જ હોય. ઘી વગરના રોટલાની ક્યાં ના છે? માણસ સ્નિગ્ધતાથી લસલસતો હોય એટલે બસ! વિહારમાં ક્યાંક આવકાર તો ક્યાંક જાકારો. પણ ગોચરી મળે તો સંયમની વૃદ્ધિ અને ન મળે તો તપની વૃદ્ધિ થાય એ જ વિહારની મજા છે એમ વિચારતા સૌ નાની-નીચી ડેલીમાંથી પસાર થઇ ઘરમાં દાખલ થયા.

પટેલ તો પોતાની કરિયાણાંની દુકાને ગયા હતા. ૯૦ વર્ષ આસપાસ પહોંચેલા તેમના બાપુજીએ હાથનું નેજવું કરીને ખાટલા ઉપરથી પૂછ્યું: 'વહુ, આ હંધા ય કુણ મે'માનોને લઇને આયા સો?' મુનિવરે 'જૈન ધર્મના સાધુઓ છીએ...' વગેરે પરિચય આપ્યો. તેમણે હાંફળા-ફાંફળા થઇને નાનકા પોતરાંને મોકલ્યો ઝટ તેના બાપુને બરકવા ને પોતે રસોડાની બહાર રહી પૂછ્યું: 'વહુ બેટા, હું મદદ કરું?'

નાના મુનિરાજોએ તો ત્યાં સુધીમાં વડીલ ગુરુ મહારાજ માટે જગ્યા ચોખ્ખી કરી આસનો પાથરી દીધા. ફળિયાની ઓલી કોર ગમાણ હતી. ચાર ભેંસ અને છ ગાયો હતી અંદર. જગ્યા સવારે જ ચોખ્ખી કરેલી જણાઇ. તાજા પોદળા ઉપર મંડરાતી માખીઓ અને ભેંસ ઉપર બેઠેલા કાગડાઓ ગમાણના દ્રશ્યને પરિપૂર્ણ કરતા હતા. સમીપે બે-ત્રણ કૂતરાઓ પણ રોટલી આરોગી સંતોષથી બેઠા હતા.

થોડીવારમાં જ પટેલ પોતે ય દુકાન બંધ કરીને ઘરે આવી ગયા. 'એ જાનં દા'ડાના રામ-રામ બાપા! ભલે પધારીયા. હમારા ઘયરે વળી તમ હમા મે'માનું આંયથી? તમે હૌ તો પરભુના ભગત. તમારા પગલાં વળી હમારે તીયાં? ધન-ધન અવતાર થઇ ગીયો બાપલા!' એમ બોલતા-બોલતા નીચા વળીને 'પરણામ-પરણામ' કરતા ગયા તેઓ બધા મુનિવરોને.

'ઓણ સાલ પણ તમારા ઝેવા જ ધોળા લૂગડાંવાળા હાધુઓ આયાં'તા. હંધુ ય હમજાયું'તું હમુંને તમારા ધરમનું. રાતે ય અહીં જ રોકાણા'તા. હવારે આંખ ઉઘડી તીંયા તો જાવા તિયાર થઇ ગીયાં'તા હંધાય.' એમ કહેતાંક તો પત્નીને મદદ કરવા પાણિયારા પાસે પહોંચી ગયા તેઓ.

પીઠ ને કમર ઉપર બાંધેલ વીંટલાઓ ને પાત્રાઓ છોડીને પડિલેહણ કરી સૌ મુનિએ એકાસણા, આયંબીલ વગેરેના પચ્ચક્ખાણ પાર્યા. સામે ભગવાનને સ્થાપીને તેને વંદન કરી અમુક મુનિરાજો તો પોતાના ગ્રંથો ખોલી સ્વાધ્યાય કરવામાં કે પછી ગાથા પાક્કી કરવામાં લાગી ગયા. કોણ કહે છે સંયમ માર્ગ કઠિન નથી? કિન્તુ એ સહજ બને છે ગુરુકૃપાથી. વૈરાગ્યવાસિત થયા પછી આત્મભાવને પ્રાપ્ત કરવા બુદ્ધિની જરૂર નથી. માત્ર વિનય, સમર્પણ ને શ્રદ્ધા જ પહોંચાડે છે સિદ્ધત્વ સુધી.

'કેટલો બધો સદ્ભાવ છે આપણા શ્રમણ સંઘ ઉપર શ્રાવકો ઉપરાંત આવા અન્યધર્મી પાવનજનોનો, જેઓ અજાણ્યા હોવા છતાં યે પોતાના આર્યસંસ્કારોને કારણે આંગણે આવેલા અતિથિઓનો આમ આદર-સત્કાર કરે છે. ભારતીય સંસ્કૃતિ અને જૈન શ્રમણોના વિહારનું આ જ માહાત્મ્ય છે. આમ બને એટલી હિંસા ટળે અને વળી આ રીતે જતા બીજા બે કામ થાય: એક તો સમાજના રીતરિવાજો અને રસમોનો ખ્યાલ આવે ને બીજું આ રીતે અન્ય ધર્મીઓને પણ જૈનશાસનના સિદ્ધાંતોનો અને આચાર-વિચારોનો પરિચય થાય. આ ધર્મ ઉપર બહુમાન જાગે.' પંન્યાસશ્રી રામવિજયજી મહારાજે નાના મુનિરાજોને આટલું સમજાવ્યું ત્યાં તો પટેલ પોતે ઓસરીમાં બોલાવવા આવી કહે કે:

'હમારા પટેલોના જારના જાડા રોટલા ને ગરમ શેડકડું દૂધ તિયાર છે બાપલા. હાથે લગરીક મરચાં-કાકડીની છીણ પણ વઘારી નાંખી છે. હવ જમવા પધારો. એ પછી લૂગડાં ય ધોવા હોય તો પાણીની પણ આપણને ઘણી છૂટ છે.'

પણ એમને કોણ સમજાવે કે અઠવાડીયું થવા આવે છતાં કાપ કાઢવાનો નિષેધ કરે આ મુનિવરો.

મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને આ જોઇ-સાંભળીને આ રીતે મળતી નિર્દોષ ગોચરી અને નિર્મળ અહિંસક સંયમ જીવન માટે અત્યંત આદર થયો. સાદું જીવન જીવતા આ ગ્રામ્ય જીવો કેટલા સરળ છે. ન કપટ, ન પ્રપંચ. સકળજીવરાશિ માટે પ્રભુએ જે અનુકંપા ચિંતવી તેમાં આ લોકો પણ સામેલ થઇ જ ગયા ને?

બે મહાત્માઓને આજે આયંબીલ હતા. તેઓએ તો નવસેકા પાણીમાં જ બે રોટલા પલાળીને આરોગી લીધા. લાંબી વર્ધમાન તપની ઓળી ચાલતી હતી તેઓને. વિહારમાં આમ જ થવાનું છે તે ખ્યાલ હોવા છતાં તેઓએ પ્રસન્નતાપૂર્વક ઓળી માંડી હતી અને વચમાં તો ગોચરીની વ્યવસ્થા ન થતા વળી ઉપવાસ પણ કરવો પડેલો. નૂતન દીક્ષિત મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી એમાંના જ એક હતા, એકવાર જેઓએ ગૃહસ્થાવસ્થામાં એકધારા ૬ મહિના સુધી આયંબીલ કરેલા.

'શ્રી ચંદ્ર કેવલિ ચરિત્ર'માં તેઓએ વાંચ્યું હતું કે વર્ધમાન તપની આયંબીલની ઓળીની આરાધનાથી જ સૌભાગ્યાદિની પ્રાપ્તિ થાય છે. પાંડવોએ પણ આ તપ પોતાના પૂર્વભવમાં પૂર્ણ કરેલો. શ્રેણિક રાજાની કેટલીક રાણીઓએ પણ ૧૦૦ ઓળી પૂર્ણ કરેલી છે. ભરત ચક્રવર્તીના બહેનશ્રી સુંદરીએ પણ ૬૦ હજાર વર્ષો સુધી આયંબીલનો તપ આરાધ્યો છે. શ્રી જંબૂસ્વામીના જીવે પૂર્વભવમાં સળંગ ૧૨ વર્ષો સુધી આ તપ આરાધેલ તેથી જ તેઓનું સવિશેષ સૌભાગ્ય હતું. વળી 'તત્ત્વાર્થ ભાષ્ય'માં આ તપને 'રત્નાવલિ' કે 'કનકાવલિ'ની જેમ પ્રકીર્ણક તપ ગણાવેલું છે.

કિશોરાવસ્થાથી જ તેઓને આયંબીલનો તપ અતીવ પ્રિય. કોઇ પૂછે કે:

'ભગુ, શા માટે આટલા બધા આયંબીલ કરીને આમ શરીર સૂકવી નાંખે છે?' તો તેઓ સામા માણસને ય આયંબીલ કરવાનું મન થઇ જાય એવી પ્રેરણા અર્પતા કહે:

''અન્ય તપસ્યા જલ્દી પૂર્ણ થાય છે જ્યારે વર્ધમાન તપ એ નિત્ય વૃદ્ધિ પામતો અને સુદીર્ઘ સમય પર્યંત ચાલતો રૂડો તપ છે. રસત્યાગ તથા વિઘ્નજય માટે આ તપ સર્વશ્રેષ્ઠ મનાય છે. વિગઇઓના ત્યાગથી ચિત્ત ચંચળ થતું નથી. ચિત્તની સ્થિરતાથી અભ્યાસ સારી રીતે થાય છે. બીજા તપ અનશન સ્વરૂપ છે, કિન્તુ આયંબીલ તપ એ રસત્યાગ સ્વરૂપ હોવાથી ઈન્દ્રિયવિજય શક્ય બનાવે છે. વિકારો નાશ પામવાથી બ્રહ્મચર્ય નિર્મળ બને છે અને સંતોષવૃત્તિ વધે છે. વળી અન્ય તપના પારણે અન્ન ગ્રહણ કરવામાં આવે છે, જ્યારે વર્ધમાન તપની દરેક ઓળીના પારણે ઉપવાસ કરીને અન્નનો સર્વથા ત્યાગ કરાય છે, જેથી આત્માના સહજ સુખનો અનુભવ થાય છે.''

આટલું સાંભળીને પ્રશ્નકર્તાને આયંબીલ કરવાનું મન ન થઇ જાય તો જ નવાઇ ને?

નવપદજીની આરાધના, દેવ-ગુરુની ભક્તિ, નમસ્કાર મહામંત્ર અને આયંબીલનો તપ એ ચારે વસ્તુ આ કલિકાળમાં સુલભ હોવા છતાં કલ્પવેલી સમ અમૂલ્ય છે એમ વિચારીને અત્યંત આનંદપૂર્વક પાણીમાં બોળેલો આ જાડો જારનો રોટલો ખાઇને આયંબીલ કરતા આ બે શિષ્યોને જોઇને ગુરુદેવે પણ સંતુષ્ટિ સહ પૂરણી કરી કે: 'રત્નત્રયીની આરાધનામાં પ્રાણ પૂરનાર તપોગુણ જ છે. સમતાને ઘટમાં પરોવીને કરાતા મહાન તપનું ફળ જ અલૌકિક હોય છે. વળી શાસ્ત્રોમાં પઠન કરવા મળે છે કે:

तिन्निजणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चु य ।

અનેક પ્રકારના રોગો, વૃદ્ધાવસ્થા અને મરણના ભયથી આ શરીર જકડાયેલું છે.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે તપ દ્વારા કાયાથી થતો ધર્મ એ માટીમાંથી સોનું મેળવવાનો કિમિયો છે. તપથી મનમાં જે શુભ વિચારો ઉમટે છે તે રેતીમાંથી રત્નો ઉપાર્જન કરવા જેવું જ છે. માટે તપ જરૂર કરવો પરંતુ તે ફક્ત દેહ દમન રૂપ ન થઇ જતા ચિત્ત દમન રૂપ પરિણમવો રહ્યો.'

થોડુંક વાપરતા અને ઉપર ઉકાળીને ઠારેલું કુવાનું જળ પીતા સૌ મહાત્માઓના શરીરમાં ફરીથી સ્ફૂર્તિ આવી અને થાક ઉતરી ગયો. સ્હેજ વાર સંથારો કરીને સૌએ ફરીથી કમર ઉપર ભેટ બાંધી. માટલા, પાત્રા, કામળી અને થોડા પુસ્તકો - એ જ હતો તેઓનો અસબાબ.

અનાસક્ત ભાવ સાથે વિહાર કરતા તેઓ આગળના મુકામે જવા નીકળતા જ હતા ત્યાં જ પેલા પટલાણી બહેને માથે લાજ કાઢીને આગળ આવી કહ્યું: 'બાપાજી, ક્યાંઇ ભૂલચુક થઇ ગઇ હોય તો માફી આલજો... ને મારા નાના બાલુડાંને રૂડા આશીર્વાદ પણ આપતા જજો.' ગુરુ મહારાજે માંગલિક શરુ કર્યું. તેઓ સૌ બે હાથ જોડી આ ન સમજાતા સૂત્રોને શ્રદ્ધાથી સાંભળી રહ્યા. સર્વ મંગલ થઇ ગયું. તેઓની ત્રણે ય પેઢી બહાર મુખ્ય રસ્તા સુધી ભાવપૂર્વક વળાવવા આવી. આજનો આ અનેરો અનુભવ માણતા સૌ મુનિઓ મનમાં જાપ કરતા, સૂત્રોનું પરિશીલન કરતા કે કોઇ પદ-સ્તવન કે સજ્ઝાય મોઢે કરવાના પુરુષાર્થમાં પરોવાતા વિહાર કરવા લાગ્યા.

બસ, હવે તો દરેક ડગલું તીર્થાધિરાજ શ્રી શત્રુંજયને પાસે લાવી રહ્યું છે એ વિચાર માત્રથી મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીના આત્માનો ઉલ્લાસ આ ઉગ્ર વિહારની મુશ્કેલીઓને નાની બનાવી દેવા લાગ્યો. રોજ સવારે ત્રણેક વાગ્યે ઉઠીને ૪૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ, પ્રતિક્રમણ આદિ દૈનિક ક્રિયાઓ ભાવથી કરીને પરમોચ્ચ તત્ત્વનો આસ્વાદ કરતા વિહારો કરે અને માર્ગમાં પૂજ્ય ગુરુદેવની ઉર્ધ્વતાપ્રેરક દેશનામાંથી ઊર્જા ગ્રહણ કરે. એનાથી જ આખા દિવસનો પરિશ્રમ ઉતરી જાય. દેવાધિદેવ આદિનાથ પ્રભુના ધ્યાન અને ચિંતનમાં જ વિહારના દિવસો ગાળ્યા.

વીતરાગી વીરનો વારસદાર છું એ વિભાવના વિહારની વાટે સાહેબજીને વધુ દ્રઢ થઇ.

પૂર્વે પાટણથી કે મુંબઇથી કેટલીયે વાર પાલીતાણાની જાત્રા કરી છે પણ આ વખત જેવો દિવસે-દિવસે વૃદ્ધિ પામતો આનંદ એ વાહનોમાં બેસીને સડસડાટ પહોંચી જવામાં ક્યાં હતો? એવા વિચારોમાં ખોવાયેલા આ મુનિરાજને એક દિવસ દૂરથી જ દર્શન થયા નવટૂંકમાંની સૌથી ઊંચી ટૂંકના!

અહો... અહો... ધન્ય આંખો. ધન્ય અવતાર. ધન્ય દિવસ. ધન્ય પળો!

તળેટીએ પહોંચી શિર નમાવતા જ આંખોથી વહેતા અશ્રુ અટકવાનું નામ જ ન લે એવું થઇ ગયું મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીને! એવું લાગતું હતું કે ભાવાવેશમાં ડૂબેલા સાહેબજી પોતાના અશ્રુથી તળેટીનું પ્રક્ષાલન કરે છે. ઉપાશ્રયમાં ગોઠવાઇને બીજા દિવસે વહેલી સવારે આદિનાથદાદાને ભેટવા નીકળ્યા ત્યારે સ્મરણમાં આવ્યા નાનપણથી શીખેલા કેટલાયે સ્તવનો આ ગિરિરાજના! તેના ગાનમાં અને જાપના બીજમંત્રોમાં ગુલતાન થયેલા આ મુનિરાજે જ્યારે દૂર ટેકરીની પાછળથી થતો સૂર્યોદય જોયો ત્યારે વાઘણ પોળ પહોંચી જવાયું હતું!

ચરણોમાં અપૂર્વ શક્તિનો સંચાર થતો ભાળ્યો. ઝડપથી દેવાધિદેવના ચરણોમાં મસ્તક નમાવવા પહોંચી ગયા ઋષભદેવ દરબારમાં! હૈયું ગદ્ગદિત અને કંઠ ડૂમો! મનમાં જ વિચાર્યું કે આ વેળાના યાત્રાના સ્પંદનો જ કેમ અનોખા છે? પૂર્વે કદી ન અનુભૂતિ થઇ હોય તેવી પરમની વિશિષ્ટ કૃપાનું અવતરણ થતું હોય તેવું કેમ લાગે છે આજે? પ્રભુ ઉપરનો સ્નેહ જેમ-જેમ વધ્યો, તેમ-તેમ જાણે સકલજીવરાશિ પરત્વેના પ્રેમમાં પણ વૃદ્ધિ થતી અનુભવી તેમણે. નિરાંતવા જીવે અને મન ભરીને પ્રથમ જિનેશ્વરને નિરખીને, સ્તવીને, વાંદીને નીચે પરત જવા નીકળ્યા ત્યારે એક નજર પુંડરિક ગણધરજી ઉપર, એક સિદ્ધવડ રાયણ ઉપર અને છેલ્લી નજર પ્રભુજીના મોટા પગલાં ઉપર સ્થિર કરી, લળી-લળીને તેઓ પ્રભુજી તરફ મોં રાખી પાછા પગે પગથિયા ઉતરવા માંડયાં 'ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ...' એ પદ ગણગણતાં!

આવી મંગલયાત્રાના ફળ સ્વરૂપે ખરે જ માનવમાત્રની કૃપણતા, ક્ષુદ્રતા અને અનૈતિકતા નાશ પામે જ પામે. કર્મરોગને કાઢવા જિનેશ્વર ભગવંતરૂપી મહાવૈદ્યે બતાવેલ પરમ ઔષધ એ તીર્થયાત્રા જ છે અને એમાં યે તપ સંગાથે થતી તીર્થયાત્રા એ તો ભવતારક જ બને છે... એવું બધું વિચારતા નીચે તળેટીમાં ઉતર્યા ત્યારે ૩૩૦૦ પગથિયા જાણે સાડા ત્રણ મિનિટમાં ઊતરાઇ ગયા હોય તેવું લાગ્યું તેમને!

સ્વાધ્યાય, તપસ્યા, ગુરુ વૈયાવચ્ચ, ધ્યાન વગેરે કરતા-કરતા આ સિદ્ધક્ષેત્રમાના અનેક દેરાસરોની સ્પર્શના-વંદના કરી સમય આવી ગયો વળી વિહારનો! માતા મરૂદેવાના નંદને છેલ્લા જાજેરાં જુહાર કરી સૌ મહાત્માઓ સંગે મુનિરાજશ્રીએ પણ વિહાર આદર્યો વઢવાણ-સુરેન્દ્રનગર તરફ.

જ્યારે તેઓ 'શ્રી નવપદ આરાધક સમાજ' તરફથી આયોજાયેલી ચૈત્રી મહિનાની શાશ્વતી ઓળી કરવા-કરાવવા પહોંચ્યા વઢવાણની પથરાઉ ને પાવન ભૂમિ ઉપર, ત્યારે તેમની દીક્ષાને લગભગ સાડા ચાર મહિના પૂર્ણ થયેલા. શ્રી સંઘ તરફથી અનેરું સામૈયું થયું સૌનું ને તરત અગ્રગણ્ય શ્રેષ્ઠિશ્રી જીવણલાલ અબજીભાઇના પરિવાર દ્વારા ભવ્યાતિભવ્ય રીતે આયંબીલની ઓળી પ્રારંભાઇ. પરમ ગુરુદેવ પંન્યાસશ્રી રામવિજયજી મહારાજની પાવન નિશ્રામાં મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની સુદીર્ઘ વર્ધમાન તપની ઓળી પણ ચાલી જ રહી હતી.

તેઓએ નિત્યમેવ અનુભવ્યું કે: 'તપ વડે થતી ચિત્તશુદ્ધિ જ દેવ-ગુરુના શરણગમનને લાયક બનાવે છે. તે શરણ વડે જ ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં પ્રવેશ પામી પ્રાંતે આત્મા પરમપદને પામે છે. આયંબીલના આ સુદીર્ઘ તપથી જ મને સમાધિયુક્ત જીવનનો આસ્વાદ મળી રહ્યો છે અને વિશ્વાસ છે કે આનાથી જ મને પ્રાંતે સમાધિયુક્ત મરણ પણ મળશે. સમાધિ સાધનાના ત્રણ મુખ્ય અંગ: વિષયો પ્રત્યે અનાસક્તિ, વૃત્તિઓ પ્રત્યે જાગૃતિ અને સાક્ષીની વૃત્તિ થકી જ મોક્ષેચ્છા ઉદ્દગમ પામે છે. પ્રભુ એ બુદ્ધિગ્રાહ્ય નહીં - ભક્તિગ્રાહ્ય છે. જ્ઞાનગ્રાહ્ય નહીં - ભાવગ્રાહ્ય છે.'

અનેક પ્રાજ્ઞપુરુષો અહીં નવપદજીની ઓળી કરવા મુંબઇ, પાટણ, અમદાવાદ, મદ્રાસ, બિયાવર, બેંગ્લોર વગેરે સ્થળોએથી સપરિવાર સાહેબજીની નિશ્રામાં પધાર્યા. પરમતારક પરમાત્મશાસનના રસિયા એવા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીને આટલા થોડા સમયમાં જ જાણે વર્ષોથી દીક્ષા પર્યાય પાળતા હોય તેવા સાધક તરીકે જીવન પસાર કરતા જોઇ સૌ આગંતુકોને આશ્ચર્યાનંદ અનુભવાયો.

નવપદજી મહારાજની આરાધનામાં વ્યસ્ત રહીને ૯ દિવસ તો જાણે પલકવારમાં વહી ગયા. અતિથિઓ પોતાપોતાના ગામે પરત ગયા. 'સાધુ તો ચલતા ભલા'ના ન્યાયે સૌ મહાત્માઓએ પણ હવે વિહાર કર્યો અમદાવાદ તરફ. તેઓને વિદાય આપવા અનુપમ અહોભાવપૂર્વક જાણે આખું ય વઢવાણ ઊમટ્યું.

'ફરી-ફરી વહેલા પધારજો ગુરુદેવ'ના ધ્વનિ મધ્યે પ્રથમ મુકામે જવા સૌએ પગ ઉપાડયા.

તે સમયે અમદાવાદમાં 'દેશવિરતિ આરાધક સમાજ' તરફથી યોજાયેલ સંમેલનમાં સામેલ થવાના હેતુથી દેશ-દેશાંતરથી અનેક શ્રમણો તથા શ્રાવકો પહોંચી રહ્યા હતા. પરમ પૂજ્ય આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી મેઘસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય મહોપાધ્યાયજીશ્રી પ્રેમવિજયજી ગણિવર, પ્રસિદ્ધ પ્રવચનકાર પૂજ્ય પંન્યાસજીશ્રી રામવિજયજી ગણિવર આદિ અસંખ્ય મુનિગણોના દર્શન-વંદનનો લાભ લેવા સૌ ભાગ્યશાળીઓ થનગનતા હતા.

અમદાવાદમાં તેઓના અતીવ ભવ્ય સામૈયા થયા. જૂદા-જૂદા વિસ્તારના સંઘોએ મૂળ મુકામ સુધી પહોંચતા પહેલા જ આ સમુહનું ભક્તિભાવથી સામૈયું કર્યું. પૂજ્યશ્રીની વ્યાખ્યાન વાણી સાંભળી. જૈનશાસનની પ્રાચીન આરાધક એવી એ સંસ્થાને આરાધના માર્ગનું આલંબન આપવા ઉગ્ર વિહાર કરી પધારેલા આ શ્રમણો તરફ સૌને બહુમાન થયું. સંમેલન પણ યશસ્વી રીતિએ પરિપૂર્ણ થયું.

ઘણા પ્રશ્નો ચર્ચાયા, નવા નિર્ણયો લેવાયા. દરેકના મનનું પ્રાય: સમાધાન થયું. ને બસ, કાર્ય પુરું થતા નિરાસક્ત મહાત્માઓ પાટણના વિહાર માટે બન્યા તત્પર. વાત એમ હતી કે પાટણના સંઘપતિ શેઠશ્રી નગીનદાસ કરમચંદ આદિ બીજા અનેક મહાજનોએ મુંબઇમાં બિરાજમાન ગચ્છાધિપતિ પૂજ્યશ્રી દાનસૂરીશ્વરજી મહારાજને આગામી ચાતુર્માસ પાટણમાં કરવા માટે અનેકાનેક વિનંતી કરેલ.

સંઘ અગ્રણીઓના અથાગ પ્રયત્નો હતા કે પૂજ્ય આચાર્યદેવેશશ્રી મેઘસૂરીશ્વરજી મહારાજની સંગાથે ને પૂજ્ય ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી ગણિવર તથા પંન્યાસશ્રી રામવિજયજી આદિ ગુરુવર્યોની નિશ્રામાં પાટણ નગરના ફોફલિયાવાડાના સંતાન એવા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પણ પાટણમાં ચાતુર્માસ કરવા પધારે. ગચ્છાધિપતિશ્રીની અનુજ્ઞા મળી ગયેલ. તેથી ઉત્કંઠિત હતા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ, કારણ કે હવે તેઓ પુનઃ શ્રી પંચાસરા પાર્શ્વનાથના દર્શન કરવા પામવાના હતાં. ખૂલ્લા પગ ને કેશવિહિન શિર સાથે કમર ઉપર ભેટ બાંધીને ઈર્યાસમિતિપૂર્વક વિહાર કરતા શ્રમણના મુખનો આનંદ સંસારના સર્વ ભૌતિક સુખો કરતા અનંતગણો છે તે આજે ફરી પ્રતીત થયું.

સંયમ માર્ગે જઇ બાહ્ય યુદ્ધો બંધ કરી હર ક્ષણે આંતર યુદ્ધ માંડવાનું છે પોતાના પૂર્વબદ્ધ કર્મ સંગે જ. જેમ-જેમ આ યુદ્ધમાં વિજય મળતો જશે તેમ-તેમ મુજ આત્મા થશે શુદ્ધ ક્ષણે-ક્ષણે...

The order of the Jinas is अनादिसिद्ध - Eternal. Those who obey are naturally rewarded. Those who disobey bound to be punished.

અરિહંતો વતી નિગ્રહ-અનુગ્રહ કુદરત અને કર્મસત્તા કરવા બંધાયેલ છે. તે અરિહંતોની આજ્ઞાનું ઐશ્વર્ય છે. અરિહંતો એ ઈશ્વરના પણ ઈશ્વર એટલે કે પરમેશ્વર છે એમ વિચારતા મુનિરાજશ્રી સુપ્રસન્ન થઇ વિહારમાં આગળ વધ્યા.

विहारचर्या इसिणं पसत्था ।

વિહારચર્યા શ્રમણો કાજે પ્રશસ્ત છે.

" સિદ્ધત્વ એ તત્ત્વ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ એ તીર્થ છે. અરિહંતથી દર્શન, આચાર્યથી ચારિત્ર, ઉપાધ્યાયથી જ્ઞાન ને સાધુ ભગવંતોથી તપ મળે છે. આ નવ પદો મળીને તત્ત્વ ને તીર્થ બને છે, જે ભવોદધિથી તારનાર જહાજ રૂપ બને છે. "

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૫ મુક્તિના મુસાફીર

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

સંવત્ ૧૯૮૭ (ઇ.સ.૧૯૩૧)માં મુનિરાજશ્રીનું પ્રથમ ચોમાસુ ધર્મનગરી પાટણમાં કરવા માટે જ્યારે પ્રવેશનો સમય થયો ત્યારે પાટણના આકાશમાં ઊમંગ ને હેતની અપૂર્વ હેલી ચઢી. ત્યાંના સંઘોએ ઉલ્લાસ અને ભક્તિભર્યા વાતાવરણમાં જૈનશાસનની પ્રભાવનાનો વિસ્તાર થાય તેવી ઉત્તમ કક્ષાનું સૌ મહાત્માઓનું સામૈયું કર્યું.

મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તો પાટણમાં પ્રવેશતા પૂર્વે દેખાયેલી પેલી લીમડાના વૃક્ષોની હાર તરફ, પોતાના બાળપણના સાયકલ ચલાવ્યાના ચીલા તરફ, પેલી નિશાળ, કૂવો ને સાલ્વીવાડ તરફ તદ્દન નિર્મોહી રીતે જોતા-જોતા આવી પહોંચ્યા ઉપાશ્રયમાં. હા, પ્રશસ્ત રાગ રહી ગયો હતો તેમને પંચાસરા પાર્શ્વનાથ ઉપરાંત કોકાનો પાડો, ખડાખોટડીનો પાડો, કનાશાનો પાડો, ઘી વટો, જોગીવાડો, ઝવેરીવાડો, પીપળા શેરી, ખેતરવસી, વખારનો પાડો, રાજકાવાડો, ઢંક મહેતાનો પાડો, તંબોળી પાડો, ચૌધરીની શેરી, ફોફલિયાવાડો, પોળની શેરી વગેરે પ્રાચીન જિનાલયો ને જિનેશ્વરો પરત્વેનો.

વળી આ નગરમાં મુનિવેશે આવવાનું સ્વપ્ન જે કમલપ્રેમ પાઠશાળામાં ભણતી વખતે મનમોહનજીની શેરી, ફોફલિયાવાડામાં સેવ્યું હતું તે આજે સત્ય ઠર્યું તેનો આનંદ હતો તેમને. પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર સમીપ આવેલ શ્રી વર્ધમાન તપ આયંબીલ સંસ્થા જ્યાં શરુ થયેલી, તે શેઠ કરમચંદ પૂંજાચંદની ધર્મશાળામાં કરેલા અગણ્ય આયંબીલ પણ યાદ આવ્યા તેમને.

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥

ક્રોડો પૂજા સમાન એક સ્તોત્ર છે, ક્રોડો સ્તોત્રો સમાન એક જપ છે,
ક્રોડો જપ સમાન એક ધ્યાન છે ને ક્રોડો ધ્યાન સમાન એક લય છે.

લય એટલે ચિત્તની લીનતા અને સ્વરૂપરમણતા. જપ ને ધ્યાન થકી લયમાં પહોંચવાની ઉતાવળ હતી.

પ્રવેશ પછી તેઓ મનમોહનની શેરીમાં આવેલ શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનને ભેટવા ગયા ત્યારે એ જ લયપૂર્વકની ઊંડી સંવેદના થઇ કે: જન્મથી આ જ પ્રભુને વાંદીને હું મોટો થયો છું ને તે જ પુણ્યના બળે આ સંયમ વેશ પામ્યો હોઇશ તેવું બને. વળી અહીં કરેલી રાત્રિભાવનાઓ પણ ઝડપથી સ્મરણાલયમાંથી પસાર થઇ ગઇ. ચાતુર્માસમાં આચાર્યશ્રી મેઘસૂરીશ્વરજી મહારાજ, ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મહારાજ તથા પંન્યાસશ્રી રામવિજયજી મહારાજે તો આઠે દિશામાં ડંકો વગાડી દીધો.

મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીના સહાધ્યાયીઓ ને સંઘજનોએ જોયા વ્હાલા 'ભગુ'ના અજોડ આરાધક ભાવ, શ્રમણો પ્રત્યેના ગુણાનુરાગ અને વૈયાવચ્ચભક્તિ! વળી સ્વાધ્યાયની પ્રીતિ અને જૈનશાસનના તાત્ત્વિક રહસ્યોને ગુરુદેવ પાસે જિજ્ઞાસુ ભાવે સમજવાની તેમની રીતિ જોઇ સૌ વિસ્મિત થયા.

વિશેષાવશ્યક ભાષ્ય, આવશ્યક નિર્યુક્તિ આદિ આગમગ્રંથોના ચર્વણ પશ્ચાત્ શ્રી નવકાર મંત્ર એ સર્વ આગમોના સારરૂપ પરમ મંત્ર છે એ તેઓની રગેરગમાં વણાઇ ગયુ. એ પછી નવકાર એ તેઓનો જીવનમંત્ર અને પંચપરમેષ્ઠી ભગવંતોની ઉપાસના એ જીવનભરનો પુરુષાર્થ બની રહ્યા. એના જ બળે તેમણે કરોડો નવકાર મંત્રના જાપથી એ મહામંત્રને સિદ્ધ કરીને અનેક જીવોને નવકારના આરાધક બનાવ્યા. જ્ઞાનસાર અને સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથોમાંથી તેઓને અનોખો દ્રષ્ટિકોણ સાંપડયો કે જેમાં જિનવચનને અનુસરતું તત્ત્વ હોય તેનો અચૂક આદર કરવો. એ જ ગ્રંથોથી એમની અનેકાંતદ્રષ્ટિ પણ ખીલી. જો કે એ ખૂલી તો હતી નાનપણથી જ. એકવાર પિતા હાલાભાઇ સાથે નવેક વર્ષના ભગુભાઇ ફોફલિયાવાડાની પોળની શેરીના શાંતિનાથ દાદાની પૂજા કરી, ઉપસ્થિત સાધુ મહાત્માનું વ્યાખ્યાન સાંભળી બીજા દેરાસરોમાં પૂજા કરવા જઇ રહ્યા હતા. રસ્તામાં ભગુભાઇએ પૂછ્યું:

''આજે વ્યાખ્યાનમાં જે અનેકાંત સ્યાદ્વાદની વાત મહારાજ સાહેબે કરી, તેનો અર્થ મને બહુ સમજાયો નહીં.'' હાલાભાઇએ સરળ રીતે સમજાવતા કહ્યું કે: 'આપણે જ સાચા છીએ તેમ ન માનીને અન્યોના મત પરત્વે પણ ઉદાર રહેવું તે અનેકાંતદ્રષ્ટિ કહેવાય. વિશ્વશાંતિનો મૂળ આધાર જ તે છે. બીજાની વાત પણ સાચી હોઇ શકે માટે કોઇપણ મતને દરેક બાજુએથી જોવા સહિષ્ણુ થવું જોઇએ.'

આમ કહી પિતાજીએ ભગુભાઇને અલગ-અલગ વૃક્ષો નીચે લઇ જઈને આકાશ તરફ જોવાનું કહ્યું. ભગુભાઇને તો આ રમત રમવાની મજા પડી ગઇ. લીમડાના, ગુલમહોરના, બદામડીના, પીપળાના ને ખાખરાના ઝાડ નીચેથી ભગુભાઇએ આકાશને જોયું ત્યારે નાના-મોટા, ગીચ-પાંખા પાન વચ્ચેથી તે જૂદું-જૂદું દેખાયું. તેથી હાલાભાઇએ સમજાવ્યું કે આકાશ તો તે નું તે જ છે. પરંતુ તમે જે રીતે જુઓ તે એવું દેખાય અને આમાં કોઇની વાત અસત્ય નથી. માટે બધા જ સાચા હોઇ શકે એ દ્રષ્ટિકોણ આપે છે આપણો લોકોત્તર એવો જૈન ધર્મ. ભગુભાઇને સમજાઇ ગયું કે આપણે એકલા જ સાચા હોતા નથી. આ સમજણ હવે દીક્ષા લીધા પછી સ્યાદ્વાદ રત્નાકર વાંચતા દ્રઢ બની.

પાટણમાં સૌ પોતાના નાના-મોટા બાળકોને ભણવા અને ધર્મ સમજવા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી પાસે મોકલે. સૌને એવી હોંશ કે અમારા સંતાનો પણ અમારા મહારાજ પાસે ધર્માભિમુખ થઇ, સંસાર ત્યાગ કરી સંયમ જ લઇ લે. આથી ઉંમર પ્રમાણે મુનિરાજશ્રી રોજ બાળકોની સમજણ ખીલવે. જપ-તપ-વ્રત-દાન-સત્ય-અહિંસા-અચૌર્ય-અપરિગ્રહ-ક્રોધ-લોભ-રાગ-દ્વેષ વગેરે વિષયો લઇ સુંદર રીતે સમજાવે. પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, લીલોતરીનો પર્વતિથિએ ત્યાગ વગેરેના લાભ સમજાવી, ૧૮ પાપસ્થાનકોથી દૂર રહેવા સમજાવી ૯ પ્રકારના પુણ્યબંધનો માર્ગ દર્શાવે. ૧૪ ગુણસ્થાનકો વિશે મોટા બાળકોને સમજાવી સર્વવિરતિનું મહત્ત્વ પણ સમજાવે. જ્યારે બાલાવબોધ કરે ત્યારે કોઇને ખ્યાલ પણ ના આવે કે પૂર્ણ રીતે પંચાચારને પાળતા આ મુનિરાજશ્રી અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી, મરાઠી વગેરે ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવનાર યોગી છે.

नमामि सव्व जिणाणं खमामि सव्व जिवाणं ।

એ ભાવની સાધનામાં ને અષ્ટપ્રવચનમાતાના પાલનમાં સદા જાગૃત રહેનાર આ મુનિરાજશ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા પ્રમાણે જ દરેક ક્ષણે જીવવા પ્રયત્નશીલ રહ્યા. आणाए धम्मो - આજ્ઞા એ જ ધર્મ. આ સિદ્ધાંતમાં નિઃસંદેહપણે માનતા તેઓ સ્વમતિનો ત્યાગ અને સર્વજ્ઞમતિનું અનુસરણ કરે પ્રતિપળ. ...ને આ બધું તેઓના ગુરુવર્યની નજર બહાર પણ ક્યાં રહે?

પાટણમાં ધામધૂમપૂર્વક પૂર્ણ થયું ચોમાસુ. સૌ કોઇને ધર્મમાર્ગે પ્રગતિ કરતા મુકીને મહાત્માઓ જ્યારે એ પાવન ધરાને છોડીને ગયા, તો સૌને પછી ઘર, પાઠશાળા, ઉપાશ્રય લાગ્યા સૂનાં ને હૃદય તો થઇ ગયા જાણે સા...વ સૂન્ના! દીક્ષા પછીના દોઢ જ વર્ષમાં પ્રથમ શિષ્ય પામ્યા તેઓ... અને પછી તો ઉત્તરોત્તર તેમના પરિવારની નામાવલિમાં ૫૭ નામ ઉમેરાયા. 'સ્વરૂપને સાધે તે સાધુ' અને 'મૌન રહે તે મુનિ'ની પરિભાષામાં બરાબર બંધબેસતા થાય એવા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ નવકાર મહામંત્રના ૬૮ અક્ષર દ્વારા પરમપદના ધ્યાનમાં બહુધા લીન રહેવા માંડયા.

સંવત ૧૯૮૮ થી ૧૯૯૫ (ઇ.સ.૧૯૩૧-૧૯૩૯) વચ્ચેના ૮ વર્ષો મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીએ ન્યાય, પ્રકરણ વગેરેનો અભ્યાસ સવિશેષે વિસ્તાર્યો. વઢવાણ, ખંભાત, અમદાવાદ (ઝાપડાની પોળ), રાધનપુર, વાલકેશ્વર (મુંબઇ), પુના (કેમ્પ), નિપાણી (મહારાષ્ટ્ર) અને પુનામાં ચાતુર્માસ કરી શાસ્ત્રોના પઠન થકી એનો સુંદર સુમેળ સાધી જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યમાં ઝડપભેર આગળ વધતા અનેકોને ધર્મવારિથી ભીંજવ્યા એમણે. વચ્ચે સંવત ૧૯૯૦ના સમયમાં ઉત્તર ગુજરાતના ઇડરમાં શ્રી શાંતિનાથ દાદાના જિનાલયની ગુફામાં બેસીને ચારિત્રતત્ત્વ સમજાવતાં પૂજ્ય ભાવિ આચાર્યપ્રવરશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજને એક માર્ગદર્શક તરીકે દીક્ષાધર્મ તથા ગુરુતત્ત્વની ઉપાસનાની રીત તથા મૌલિક આરાધનાનો માર્ગ દેખાડતી વખતે એકવાર મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીએ સુંદર વાત કહી કેઃ

''ચારિત્ર એટલે ફક્ત વેષ નહીં, પણ વૈરાગ્ય, મૈત્રીભાવ, કૃતજ્ઞભાવ. પ્રવજ્યા લઇને આ જ તત્ત્વોની આરાધના કરવાની છે આપણે શ્રમણોએ. જે આનંદ ત્યાગમાં છે તે રાગમાં નથી. દેહ પરત્વેની આસક્તિ જેમ છૂટે, તેમ બધી જાતના પદાર્થો ઉપરનો રાગ તૂટે. વ્યક્તિઓ તરફથી અપેક્ષાઓ જેમ ઘટે, તેમ સમતા ઉપરનો રાગ વૃદ્ધિ પામે. સર્વ સંગેનો સંબંધ છોડી સ્વમાં રહીને સાધના કરવા સર્વજ્ઞ સાથેના જોડાણનો સેતુ છે આપણે લીધેલો આ સંયમ. દરેક શ્રમણોની મંઝિલ ભલે અલગ હોય, ધ્યેય તો હોય છે એકમેવ-મોક્ષ. ને એ અણાહારી પદ ઉપર પહોંચવા અરિહંતોની કૃપા જ આવશ્યક છે, જે પ્રાપ્ત થાય છે મુખ્યત્વે નવકારની આરાધનાથી.''

પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના ગ્રંથમાં આલેખેલ વાક્ય: 'સાચો ધર્મ જેને સ્પર્શ્યો હોય તેનામાં ઉદારતા, વિનય, પાપ જુગુપ્સા, નિર્મળ બોધ તથા જનપ્રિયત્વ રૂપી પાંચ ગુણો અવશ્ય પ્રગટે.' વાંચ્યા પછી મુનિવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પોતાના આત્માની કક્ષા હર પળે તપાસતા રહે. જ્યારે પણ શ્રમણ કે શ્રાવક સમુદાયમાં કોઇ પ્રશ્ને ચર્ચાનું સ્વરૂપ પકડ્યું હોય ત્યારે પ્રથમ તો તેઓ માત્ર શ્રોતા જ બની રહે. પછી ક્વચિત્ જો તે પ્રશ્ન ઉકેલવાનું તેમના શિરે આવે તો સર્વજ્ઞમતિ અનુસાર જિનાજ્ઞાપાલન કરતા-કરતા જ તેઓ ધર્મના તાત્ત્વિક સિદ્ધાંતોને આગળ ધરી ઉપાય સૂચવે, જે સર્વમાન્ય થાય.

પોતાના ગુરુદેવ, પ્રગુરુદેવ તથા પરમગુરુદેવના કૃપાપાત્ર તો હતા જ, હવે અનેક ગુણોની ખીલવણી થતી જોઇને સૌના પ્રીતિપાત્ર પણ બની ગયા. ''ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે જેનાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. હું કાંઇ કરતો નથી... એ તો ફક્ત ધર્મનાં તાત્ત્વિક સ્વીકારથી પ્રત્યેક જીવનું તત્કાળ કલ્યાણ થાય તેવા ઉપાયો મને સૂઝે છે.'' એમ કહી પોતાની લઘુતા પ્રગટ કરે આ મુનિરાજશ્રી.

એકદા એક શ્રાવક પોતાના પુત્રની માંદગી મટાડવા માટે મધની બાટલી ખરીદીને વંદન કરવા પધાર્યા. પંન્યાસશ્રી રામવિજયજી મહારાજે ઝોળીમાંથી ડોકિયાં કરતી એ બાટલી જોઇ લીધી. શ્રાવકે કહ્યું: 'ગુરુજી, છેલ્લા ત્રણેક મહિનાથી એકનાં એક પુત્રની માંદગીમાં અટવાયેલા છીએ.' ગુરુવરે કહ્યું કે:

'કર્મ પ્રમાણે જ સંજોગો ઉપસ્થિત થાય છે. કર્મ એટલે આત્મ વિઘાતક પુદ્ગલો. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયો અને મન-વચન-કાયાના યોગથી આત્મા ઉપર તે પુદ્ગલો ચોંટે છે. આત્મા કર્મ બાંધતી વખતે તો સ્વતંત્ર છે પરંતુ તેનું ફળ ભોગવવામાં સ્વતંત્ર નથી. વળી કર્મ સંવિભાગી પણ નથી કે ચાલો, આપણે બધા મળીને થોડું-થોડું વહેંચી લઇએ. કર્મબંધથી જ જીવ ચાર ગતિમાં ભ્રમણ કરે છે. શરીર મળવાથી ઈન્દ્રિયો મળે છે જેનાથી રૂપ-રસ-સ્પર્શ-ગંધ-શબ્દ રૂપી વિષયોનું સેવન થાય છે. મનને કારણે આવતા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ કષાયોથી ફરી કર્મબંધ થાય છે. આ ચક્રવ્યૂહ જન્મોજન્મ ચાલુ જ રહે છે.

માટે જ કવિવરશ્રી વીરવિજયજી મહારાજે કહ્યું છે કે:

'બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શ્યો સંતાપ? શોક વધે સંતાપથી, શોક નરકની છાપ!'

કર્મબંધ અટકાવવાનો ઉપાય છે સંવર અને નિર્જરા. કર્મમુક્તિ આત્માનો અંતિમ વિશ્રામ છે. શ્રાવક કર્મક્ષયના જ પ્રયત્નો કરે. ૩૨ અનંતકાય અને ૨૨ અભક્ષ્યનો આહારમાં ત્યાગ કરવાથી નવા કર્મ બંધાતા નથી. કંદમૂળ, મધ, મદિરા વગેરેનો તેમાં સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે પૂર્વે બાંધેલા કર્મોના ઉદયને કારણે બાળકને માંદગી આવી. હવે માતા-પિતા તે રોગને મટાડવા કદાચ લસણ કે મધ જેવી અભક્ષ્ય વસ્તુઓ બાળકને ખવડાવે, તેનાથી તો નવા કર્મો બંધાવી બાળકનું અહિત જ થાય છે. તેને બદલે નિર્દોષ ઉપચાર કરી પુણ્ય વધારવા આરાધના પણ વધારવી ખાસ જરૂરી બને છે.'

આ સાંભળતાં જ પેલા વેદનાગ્રસ્ત પિતાએ પશ્ચાતાપ કરતા કહ્યું કે: 'મુનિવર, હું પુત્રમોહને કારણે વિવેક ખોઇ બેઠો હતો. તેને રોગમુક્ત કરવા વૈદ્યરાજના કહેવા મુજબ હું તેમની દવા મધમાં ભેળવીને આજથી આપવાનું ચાલુ કરવાનો જ હતો. આપે મને એ કર્મબંધ કરતા બચાવી લીધો. હવે ઉપાશ્રયની બહાર નીકળીને સીધો જ દવાની દુકાને જઇ આ મધની શીશી પાછી આપી આવીશ. વળી નવકારની સાધના વધારીને વિઘ્નોના વાદળો પણ દૂર કરીશ.'

આ દ્રશ્ય નિરખી નૂતન મુનિવરશ્રી ભદ્રંકરવિજયજીને સ્મરણાલયમાં આવી એક વૈશાખી સવાર, જ્યારે પોતાના સંસારી ૪ વર્ષના માંદા પુત્ર જીતુ માટે તેના માતા હીરાબેન પણ નાછૂટકે મધની શીશી લઇ આવેલા અને તેને અનુપાન કરાવે તે પહેલા જ કપડામાં વીંટીને આખેઆખી શીશી પોતે ગટરમાં નાંખી દીધી હતી! સંતાન ગમે તેનું હોય, પેટમાં અભક્ષ્ય ન જ જવું જોઇએ. તે વિચાર સંગે મુનિરાજ પોતાના સ્વાધ્યાયમાં ફરી રત બન્યા અને આજે દુષમકાળના આ વિકરાળ મહામોહનીય વાતાવરણમાં પોતાના સાવધ ગુરુવર્યને શ્રાવકોને સમજાવતા જોઇ મુનિરાજને પરમ ગૌરવ ઉપજ્યું!

'ખૂલ્લા પગે, વિજળીનો ઉપયોગ કર્યા વિના, વાહનનો સર્વથા ત્યાગ કરીને, સ્નાન કર્યા વગર, પાસે પૈસા-ઘર-ખેતર-પરિવાર ન હોય અને છતાં અપરિગ્રહીપણા સાથે અત્યંત નિજાનંદમાં રહેતા હોય એવા જૈનશાસનના આ પરિવ્રાજકો એ વીસમી સદીનો ચમત્કાર જ છે. જિનશાસનના વૈરાગ્યમાર્ગે ચડેલા આ પથિકોને નથી જરૂર પડતી દરજી, મોચી, કણબી, ભરવાડ, હજામ, સુથાર, કડિયા, લુહાર, ઘાંચી, વણકર જેવી ૧૮ કોમના લોકોની સહાયની કે નથી જરૂર બેંકના ખાતાની. પ્રભુએ કહેલ પંચમહાવ્રતો ધારણ કરેલા આ શ્રમણો પાસે ખજાનો છે તો જ્ઞાનનો. ધ્યાનનો. સમતા અને શીલનો. જિનશાસન તેઓથી જ ઉજળું છે.'

આટલું વિચારી મુનિરાજ બીજા દિવસથી વિહાર શરુ કરવાની તૈયારીમાં લાગી ગયા.

સંવત ૧૯૯૫ (ઇ.સ.૧૯૩૯)ની એક વહેલી સવારે મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા સૌ શ્રમણો જ્યારે પુના તરફના વિહારમાં હતા ત્યારે વચ્ચે આવેલ સંગમનેર પાસેના આળેફાટા ગામમાં થોડા કલાકો માટે રોકાયા.

નાનકડા ઉપાશ્રયમાં પહોંચી હજુ તો ભેટમાં બાંધેલ કપડા, કામળી, આસન, પાત્રાના વીંટલાઓ ખૂલે તે પહેલા તો પડોશમાંથી કોઇ આધેડ ભાઇ હાંફળા-ફાંફળા થઇને આવ્યા ને શ્વાસભેર કહેવા લાગ્યા: 'મહારાજ સાહેબ, મારું ઘર બાજુમાં જ છે, જલ્દી પધારો. મારો જુવાનજોધ દીકરો છેલ્લી ઘડીઓ ગણે છે. તેને ધરમ સંભળાવવા જલ્દી આવો.' ને આટલું કહેતાં જ પીઠ ફેરવી ઝટપટ પરત દોડી ગયા.

પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નજર ફરી સર્વ શિષ્યો ઉપર અને અટકી મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ઉપર. સાનમાં જ સમજી જઇને તત્કાળ જઇ પહોંચ્યાં એ ઘરે. પચ્ચીસેક વર્ષનો એક યુવાન મગજના તાવમાં ત્રણ દિવસથી પટકાયો હતો અને અત્યારે ચકળવકળ આંખે લાચારીપૂર્વક ચોપાસ જોતો અતિશય વેદનામાં જણાતો હતો. પરિવારજનો આજુબાજુ રડતી આંખે નિ:સહાય થઇ જોઇ રહ્યા હતા. પળવારમાં પરિસ્થિતિ પામી જઇ મુનિરાજે યુવકને અંતિમ સમાધિની આરાધના શરુ કરાવી.

શ્રી નમસ્કાર મહામંત્ર, ચત્તારિ મંગલં, પંચસૂત્ર-પ્રથમ સૂત્ર અને પુણ્યપ્રકાશનું સ્તવન હજુ તો ભાવપૂર્વક બોલવાના પૂરા કર્યા કે યુવકને જાણે થોડી શાતા વળી હોય તેમ જણાયું. ત્રણેક દિવસથી ખાસ અન્ન-પ્રવાહી ગ્રહણ ન્હોતાં થયા તેથી નબળાઇ પણ અતિશય હતી. વળી તાવ કહે મારું કામ! મગજ ઉપર ચઢી ગયેલા તાવને કારણે લવારીએ ચડી ગયેલા તે યુવકને શાંત પડી રહેલો જોઇ દરેક સગાવ્હાલાંના જીવને ઠંડક વળવી શરુ થઇ. થોડું પ્રવાહી પીવડાવ્યું તે ટક્યું પણ ખરું.

મુનિરાજે અરિહંતથી માંડી નિગોદ સુધીના તમામ જીવોની આશાતના-વિરાધનાનું મિચ્છામી દુક્કડં કરાવ્યું. ચતુર્વિધ સંઘની સાથે ક્ષમાપના કરાવી. ૧૮ પાપસ્થાનક આસેવનની ક્ષમા અપાવી. ૧૨ વ્રતો ઉચ્ચરાવ્યા. પરિવાર, સંપતિ, મિલક્ત, દુકાન વગેરે ઉપરની મૂર્છાનું 'વોસિરે... વોસિરે' કહી વિસર્જન પણ કરાવ્યું. હવેના ભવમાં 'શ્રી સીમંધર સ્વામી સમીપ ૮ વર્ષની વયે દીક્ષા લઇ મુજ આત્માનું કલ્યાણ કરું' તેવો સંકલ્પ પણ કરાવ્યો. તે પછી ફરીથી નવકાર ધૂન બોલાવી, પદ્માવતીનો સંથારો બોલવાનું શરુ કર્યું. યુવક મરણાસન્ન હોવા છતાં તેની આંખોમાં પૂજ્ય શ્રમણ ભગવંત માટે અનેરા ભાવ દેખાવા માંડયા. શરીરની પીડા ઉપરથી ધ્યાન હટીને આ દરેક સૂત્રોના અદ્‌ભૂત શબ્દો ઉપર યુવકનું મન કેન્દ્રિત થતું ગયું. મુનિરાજે હવે ૪ શરણા સ્વીકારાવીને તેણે જે-જે સુકૃતો કરેલા હોય તેની અનુમોદના તથા દુષ્કૃત્યોની ગર્હા કરાવી. જીવમાત્ર પરત્વે મૈત્રીભાવનું ફરી-ફરી ભાવન કરાવ્યું. ત્યાં જ યુવકને ડચકાં આવવાના શરુ થયા.

સંથારા પોરિસી સાંભળતા જાણે યુવકની અંદર બધું શાંત થવા લાગ્યું. શ્વાસોશ્વાસ ધીમા થવા લાગ્યા. મુનિરાજે હવે ચારે આહારના ત્યાગ કરાવવા પચ્ચક્ખાણ આપ્યા.

'ધર્મ જ શરણ-રક્ષણ છે. સદ્દગતિનું કારણ છે.' ઇત્યાદિ મનોભાવો દઢ કરાવ્યા. ત્યાં જ એકચિત્તે આ સર્વ સૂત્રો સાંભળતા યુવકની આંખો સાવ ધોળી પડી ગઇ. નવકાર મહામંત્ર સાંભળતા-સાંભળતા ક્ષણવારમાં જ તેણે દેહ છોડયો. પીંજરનું પંખી જાણે મુક્ત થઇ ગયું. વલોપાત શાંત થઇ ગયો.

પોતાના પુત્રની અંતિમ ઘડીએ સમતા ને સદ્દગતિ દેનાર આ મુનિરાજ ઉપર સૌ પરિવારજનો ઓવારી ગયા. પરંતુ ''આપના પુત્રના જ કોઇ પૂર્વનાં પુણ્યના અનુબંધે તેને અંતિમ ક્ષણોમાં આવી ધર્મ આરાધના મળી. હું તો ફક્ત નિમિત્ત છું. હજુ નવકારની ધૂન ચાલુ રાખશો અને અહીં રડીને કોઇ આર્તધ્યાન રૂપી દુર્ધ્યાન ન કરશો.'' એમ કહી ઉપાશ્રયમાં મુનિરાજશ્રી પરત ફર્યા.

ઉપાશ્રયમાં પરત ફરી નિર્યામણા કરાવી, કાઉસ્સગ્ગથી પરવારીને જૂથના નાની ઉંમરના મહાત્માઓને કહેવા એક વાત માંડી મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીએ:

''મારા મનમાં પ્રવજ્યા પંથે પ્રયાણ કરવાનું નિશ્ચિત થયું એ પછી એક યોગ્ય પળે મક્કમ મન સાથે એ વાત મેં સંસારી કુટુંબીજનોને જણાવી દીધી. તે સાંભળી મોટાભાઇ લહેરુભાઇએ કહ્યું: 'ભગુભાઇ, તમે જાણો છો કે મારા મોટા દિકરા ચંદુભાઇનું લગ્ન વૈશાખમાં થનાર છે. જો દીક્ષા લેવી જ હોય તો ચંદુના લગ્ન પછીનું મુહૂર્ત કઢાવજે.' ત્યારે ઉત્તરમાં મેં કહેલું: મોટાભાઇ, તમે તો સમજો જ છો કે આ ક્ષણભંગુર દેહનો ભરોસો નથી. છેલ્લા સાત-આઠ વર્ષથી દીક્ષા લેવાની ભાવના છે મને પરંતુ સંસારના અનેક સારા-માઠાં પ્રસંગોમાં અટવાઇને હું લઇ શક્યો નથી. મારા આત્માને મારા આ વિલંબથી થયેલા નુકસાન વિષે વિચારું છું તો મન કંપી ઉઠે છે. નાની ઉંમરમાં દીક્ષા લઇ લીધી હોત તો આજ સુધીમાં તો કેટલો બધો શાસ્ત્રાભ્યાસ થઇ ગયો હોત! વૈશાખ તો હજુ છ-સાત મહિના દૂર છે. માટે હવે મને રોકશો નહીં. ત્યાગના માર્ગે જવાનું મુહૂર્ત મેં કઢાવી લીધું છે:

કારતક વદ ત્રીજ, વિક્રમ સંવત ૧૯૮૭ - ઇ.સ.૧૯૩૦.

આ સાંભળી ઘરના સૌ સ્તબ્ધ થઇ ગયા હતા. પરંતુ આજે આ યુવકના આત્માને ઘડીભરમાં મહાપ્રયાણ કરતો જોઇ મને નશ્વર દેહની ક્ષણભંગુરતા ફરીથી સમજાઇ છે. ઘડી બે ઘડીમાં આપણે પણ હતા-ન હતા થઇ જઇશું. માટે દરેક પળ ધર્મમાં વિતાવવી આવશ્યક છે. દોરી તૂટી જ્યાં આયુષ્યની ત્યાં સાંધનારો કોણ હોય છે? નામ તેનો નાશ અચૂક છે. ઉદય તેનો અસ્ત ને આરંભ તેનો અંત નિશ્ચિત છે. જીવનલીલા સંકેલીને આ વિરાટ વિશ્વના મંચ ઉપરથી દરેકે વિદાય થવાનું જ છે. 'પ્રમાદની પળ તે પાપની પળ ને અપ્રમાદની પળ તે ધર્મની પળ' એમ સમજી પ્રમાદ સેવશો નહીં.

આત્મા જ્યાં સુધી પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી જન્મ-મરણની પરંપરાનો અંત આવવાનો નથી. માટે આશ્રવનો ત્યાગ અને સંવરનું સેવન પ્રતિપળ કરવું તે જ આ ચક્રને તોડવાનો સરળ ને સીધો ઉપાય છે. સમસ્ત જીવન જો આપણે સાધના કરી હશે તો જ અંતિમ ક્ષણે પ્રશમભાવ અને સમાધિ ટકી શકશે. આત્મસ્વભાવની જાગૃત અવસ્થામાં વારંવાર પોતાને જ પ્રશ્નો પૂછ્યા કરવા કે હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? મારે પ્રતિપળ શું કરવું જોઇએ કે જેથી હું સ્વભાવદશાથી હવે વિચલિત ન થાઉં. નિયમિત આત્મનિરીક્ષણ કરવાથી અને ભૂલોનો સ્વીકાર કરી પ્રાયશ્ચિત કરવાથી છેલ્લી ઘડીએ સમાધિ મરણ પમાય છે. એવા મૃત્યુને મહાપુરુષો મહોત્સવરૂપ માને છે, કારણ કે સમાધિ એ મોક્ષનો પાયો છે અને તેની પ્રાપ્તિથી અલ્પભવોમાં જ આ ભવચક્રમાંથી છૂટી શકાય છે.''

નાના મહાત્માઓ એકતાન થઇ સાંભળી રહ્યા હતા ત્યાં જ ગુરુદેવ સ્થળ-સમયનું ભાન કરાવી સૌને ભાવસમાધિમાંથી બહાર લાવ્યા. હવે આચાર્ય પદવી પામેલા પૂજ્ય ગુરુદેવ વિજયરામચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં આમે ય સમુદાયના શ્રમણો રંગરાગ-વિકાર-વિલાસની હવાથી સો જોજન દૂર જ હતા. તેમાં આજની મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની અડગ વાણીથી પ્રભાવિત થઇ 'દરેક પળે અપ્રમત્ત રહી આરાધના જ કરીશું' એમ કૃતનિશ્ચયી બન્યા. એક સાથે ઘણા ઠાણા વિહાર કરે પરંતુ જે મુકામે પહોંચે, કોઇને ય ભારે ન પડે. સૌને આયંબીલ, ઉપવાસ, એકાસણા, બેસણામાંથી કાંઇક તપ તો હોય જ. એમાં યે પાછા 'ગો-ચરી' શબ્દને યથાર્થ કરતાં સૂઝતો આહાર પણ વધુમાં વધુ ઘરે ફરીને લાવવો તેવી ગુરુદેવની કડક સૂચનાનું સૌ મહાત્મા અખંડ પાલન પણ કરે.

વહોરવા જનાર જુએ કે ગામનું આ ઘર મોટું કહેવાય છે, તે પહોંચતું છે ને વળી સંયુક્ત કુટુંબમાં ૧૨-૧૫ માણસો રહે છે તો વળી બે-ત્રણ રોટલી એક સાથે વહોરે. નહીંતર અડધી કે એક રોટલી જ વહોરવાની. મેવા, ફળ, મિઠાઇ આદિ તો લગભગ ઘણાને વાપરવાની જ બાધા. સાદા, સાત્ત્વિક, પરિમિત આહારથી જ સ્વાધ્યાય, વૈયાવચ્ચ ઉત્તમ થાય અને પ્રમાદ ન આવે તેવી દઢ માન્યતા સૌની.

શરીરને પોષણ આપવા પૂરતું વાપરી લેવું. પરંતુ શરીર પાસેથી વધુમાં વધુ કાર્ય કઢાવી લેવું તેવી ગુરુદેવની શીખ સૌ શિષ્યોએ અંકે કરેલી.

'ઘણા ઘરો ફરીને દરેકને ત્યાંથી ઓછું વહોરવામાં ઘણાં મોટા ફાયદાઓ છે.' ગુરુ મહારાજે એકવાર દરેકને સમજાવતાં કહ્યું હતું કે: 'એમ કરવાથી કોઇના ઘરે બીજીવાર રસોઇ બનાવવી ના પડે. જૈન સાધુઓ પરત્વે અભાવ ન થાય. અહોભાવ જળવાઇ રહે. પાછળ વિહાર કરીને આવતા અન્ય સાધુઓને જોઇ વહોરવા બોલાવવાનું તેઓને મન થાય. ઘણા બધા પરિવારોને સુકૃતદાનનો લાભ મળે. જેમ વધુ ઘરોમાં જઇએ તેમ જૂદા-જૂદા સ્વાદવાળા અલગ-અલગ વ્યંજનો આવે, તે બધા ભેગા કરીને વાપરવાથી આપણી સ્વાદેન્દ્રિય પણ ઓછી પોષાય.

વળી વધુ ઘરોમાં જવાથી ગામની સંસ્કૃતિ, રૂઢિઓ, રિવાજો, તકલીફો આદિ જાણવા મળે. કોઇ કાંઇ પૂછે તો બે શબ્દ ઉપદેશના પણ આપી શકાય. વળી વધુ ઘરોમાં વહોરવા વેળાએ તે દરેક પરિવારો આપણા ત્યાગ, વૈરાગ્ય અને પ્રસન્નતા જોવા પામે. જેનાથી ભાવિમાં કદાચ કોઇ ભવ્યાત્માને દીક્ષા લેવાના ભાવ પણ જાગૃત થાય. જિનશાસન પરત્વે શ્રદ્ધા વધે અને અકિંચન એવા સૌ મહાત્માઓને જોઇને પોતાના ધન ઉપરની મૂર્છા પણ ઘટે.'

ગુરુદેવની દીર્ઘદ્રષ્ટિ અને ચિંતનાત્મક વિચારો સૌને એટલી તો પ્રેરણા આપે કે બપોરે ધોમધખતા તાપમાં અડવાણે પાય ચાલીને ઘરે-ઘરે જતી વખતે બળતા પગ તરફ કોઇ મુનિનું ધ્યાન જ ન જાય ને જિનશાસન પરત્વેનું બહુમાન સમાજમાં કેમ વધે તેવા પ્રયત્નોમાં સર્વેનું મન પરોવાઇ જાય.

વહેલી સવારે ૫:૩૦ કલાકે મહારાષ્ટ્રના ગામોમાં સંચાર હજુ તો શરુ થતો હોય ત્યાં જ વિહાર ચાલુ થાય. આભના ચંદરવા તળે રાતનો છેલ્લો સન્નાટો સમેટાતો હોય ને પવનના સૂસવાટા અનુભવાતા હોય. સંવત ૧૯૯૪-૯૫ (ઇ.સ.૧૯૩૮-૩૯)નો એ સમય. गुरु आज्ञा हि केवलम् માં માનતો આ કાફલો ગામ છોડે ત્યારે સ્વતંત્રતા સંગ્રામીઓ પ્રભાત ફેરી કાઢતા સામા મળે. હિંદ છોડો, સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ હક્ક છે અને भारत माताकी जय ના બુલંદ નારામાં નર-નારી-બાળકો બળુકા થઇ પરોવાયેલા જોવા મળે. જેના હાથમાં ફાનસ હોય તે આગળ રહી શેરીઓના રસ્તે અજવાસ ફેલાવે. બાકી બધાના હાથમાં ઝંડા, લાકડી કે સૂત્રો લખેલા પાટિયા ઝૂલતાં હોય. સૌના મુખ ઉપરની દ્રઢતા ને આંખોનું તેજ સંકલ્પની પૂર્તિ કરતાં હોય.

ઝુલુસ પસાર થાય એટલે ગુરુદેવ પ્રકાશે:


'જોયું, સ્વતંત્રતા જીવમાત્રને જોઇએ છે. બંધન કે આધિપત્ય કોઇને ગમતું નથી. જે આપણને જોઇએ તે સૌને આપવું. આપણે અને તેઓ બંને ધોળા વસ્ત્રોમાં. બંને સ્વતંત્રતા સંગ્રામીઓ જ છીએ. પણ આપણો સંગ્રામ આપણા જ પૂર્વકૃત કર્મો સામે છે. આપણને પણ મુક્તિ જોઇએ જ છે, પરંતુ ૪ ગતિમાં જન્મ પામતા દેહમાંથી! જન્મચક્રના ફેરામાંથી.'

આવી હિતશિક્ષાઓ પામીને સૌ મુનિવરોના મનમાં થાય કે:

ધન જેમ સર્વ કોઇના ઉપયોગમાં આવે તો સારું તેમ અમારા થકી થતો યત્કિંચિત્ ધર્મ પણ જેઓ ધર્માભિમુખ થઇ શક્યા નથી અથવા અધર્મ આચરી રહ્યા છે તેઓનો પણ ઉદ્ધાર કરનારો બનો. જેમ પૂર્વાચાર્યો પોતાના ગ્રંથની રચનાને છેડે 'આ સર્જનથી ઉત્પન્ન થયેલું પુણ્ય સૌ કોઇના બોધિલાભનું કારણ બનો - સર્વ જીવોના કલ્યાણનું કારણ બનો' એમ પ્રણિધાન કરે છે તેમ અમે સૌ શિષ્યો પણ અમારા પુણ્યનું ફળ ફક્ત અમને જ મળે તેવી સંકુચિત દ્રષ્ટિ છોડી ઉદાર બનીએ તેવી ગુરુકૃપા થાય!











ઈ.સ.૧૯૩૦નાં એ સમયે એક તરફ દેશને આઝાદી અર્પવા વિચરી રહેલા રાષ્ટ્રપ્રેમી સ્વતંત્રતાસંગ્રામી દાંડીકૂચધારીઓ ને બીજી તરફ આતમમુક્તિ માટે અભયપણે વિવિધ માર્ગે વિહાર કરતા પૂજ્ય શ્રમણો. બહિર્યાત્રાની સાથે અંતર્યાત્રા કરતા જયણાવંત શ્રમણ ભગવંતોની કરાંગુલીઓ પેઢા ઉપર જ ફરતી રહેતી દેખાય ને તેઓનું મન લીન હોય પંચપરમેષ્ઠીના ધ્યાનમાં. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી તેમાંના જ એક હતા.

પુના કેમ્પ, નિપાણી અને પુના શહેરના ૩ ચાતુર્માસ મહારાષ્ટ્રમાં કર્યા ત્યારે મરાઠી સંસ્કૃતિની ઘણી વધુ જાણ થઇ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીને. સંત તુકારામ, સંત એકનાથ, સંત નામદેવ, સંત સમર્થ રામદાસ, સંત જ્ઞાનેશ્વર, સંત રોહિદાસ, સંત સત્યકામ જાબાલી વગેરેના નામ તો સાંભળેલા, પરંતુ અહીંના સુદીર્ઘ રહેવાસમાં તેઓએ તે સર્વેનો ભક્તિયોગ ઊંડાણથી માણ્યો. તેમના અભંગો, પદો, કીર્તન આદિ ૧૪-૧૫મી સદીના રચાયેલા, પણ લાગે ૪૦૦ વર્ષો પછી યે જાણે તરોતાજા.

મુનિરાજને એથી જ વિચાર આવ્યો કે પ્રેમરૂપા-અમૃતસ્વરૂપા ભક્તિ આપણને ભગવાનથી વિભક્ત થવા જ ન દે. ભક્તિ કરીને શિવપદ વરવું સહેલ છે. દેહ મંદિરમાં સૂતેલા આત્મારૂપ ભગવાનને જગાડવા ભક્તિની જરૂર છે. આ અમર સંતોને પણ પ્રભુ ભક્તિનો સાદ અને નાદનો રણકો હૈયે ગૂંજવા લાગ્યા પછી તેમના ચરણોની સેવા વિના ચેન પડતું નહીં હોય. મારામાં શિષ્યત્વ જેટલું નિર્મળ અને અધિક, તેટલી ગુરુ પાસેથી વધુ હિતશિક્ષા રૂપે જ્ઞાન અને વિસ્તૃત દ્રષ્ટિ પ્રાપ્ત થાય. શિવપદને પામવાનો ભક્તિ સિવાય બીજો કોઇ સરળ માર્ગ નથી! તેથી જ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ ફરમાવતા હશે ને કે:

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મન વસી, જેહ શું સબળ પ્રતિબંધ લાગો. ચમક પાષાણ જેમ લોહને ખેંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.' બાળકથી માંડી વિદ્વાન સુધીના દરેક ભવિજીવને પોતાની સરળ ને સચોટ ભાષામાં જૈન સાહિત્યના પારમાર્થિક રહસ્યોને ખોલી સમજાવતા આ આડંબર વિનાના મુનિરાજ મહારાષ્ટ્રમાં પણ સૌને પ્રિય થઇ પડયા. તત્ત્વચિંતન, મનન, નિદિધ્યાસન અને ઊંડી સૂક્ષ્મદ્રષ્ટિ ખીલવતા મહારાષ્ટ્રના ૩ ચોમાસા પૂર્ણ થયા. એ પછી સંવત ૧૯૯૬ (ઇ.સ.૧૯૪૦)નું મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીનું ચાતુર્માસ મેળવવા લાલબાગ-મુંબઇનો સંઘ સદ્ભાગી બન્યો. પુના સંઘની અનેક વિનંતીઓ છતાં બીજું ચોમાસુ તેમને મળ્યું નહીં, પરંતુ તેઓએ ચિરસ્મરણીય રહે તેવું વળામણું કર્યું આ જ્ઞાની-ધ્યાની-તપસ્વી શ્રમણોનું.

વાઇસરોય વિક્ટર હોપનાં મુદ્દાઓ સામે વિરોધ દર્શાવવા કોંગ્રેસ વર્કીંગ કમીટીના સૂચનથી મુંબઇ, મદ્રાસ ને બિહારની સરકારોએ રાજીનામુ આપેલું. ૨૮ ફેબ્રુઆરીએ બજેટમાં કપાસ ઉપરની ડયૂટી બમણી થઇ હોવાથી ખેડૂતો પણ પરેશાન હતા. સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસ પ્રમુખ તરીકે ફરીથી ચૂંટાયેલા પણ તેમણે રાજીનામું આપ્યું હોવાથી તેઓની જગ્યા ડો. રાજેન્દ્રપ્રસાદે સંભાળી હતી. ૩ માર્ચથી ગાંધીજીએ ઉપવાસ ચાલુ કરેલા. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું. ચારે બાજુ રાજકીય તથા સામાજિક અંધાધૂંધી પ્રસરી રહી હતી. આવા વખતે હિતશિક્ષા આપતા મુનિવરે શ્રમણોને કહ્યું:

''વગર ભૂલે જે સહન કરે તેનું પુણ્ય વધે. ભૂલ હોય ને તેની શિક્ષા સહન કરીએ તે તો ન્યાય થયો. પરંતુ ભૂલ કરી જ ન હોય છતાં ક્ષમા માંગી સજા સહન કરીએ તો પુણ્યવૃદ્ધિનું કારણ બને.''

તેમના જ જીવનમાં બનેલું એવું. એક નવદીક્ષિતની દીક્ષા પછી કોઇ બાબત માટે દીક્ષાગુરુ આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજીએ ઠપકો આપ્યો. મુનિરાજશ્રીએ માફી માંગતા કહ્યું: ''ભૂલ થઇ ગઇ. બીજીવાર ધ્યાન રાખીશ.'' હવે એવું થયું કે બીજા દિવસે ખબર પડી કે તેમનો તો વાંક જ ન હતો. પૂછાયું તેઓને કે કેમ ન ચોખવટ કરી? ત્યારે તેમણે કહ્યું: ''આપ તો કહેવા લાયક છો. આપ આમ જ કહી શકો છો મને સદા.'' મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીની હતી આ કેટલી ઉદારતા અને નમ્રતા!

આવા સમયે પણ બહિર્યાત્રાની સાથે અંતર્યાત્રા કરતા તેમણે નવકાર મહામંત્રને એ હદે આત્મસાત્ કરવા માંડેલો કે વ્યાખ્યાનોમાં તેમના નવકાર ઉપરના લિપિબદ્ધ ચિંતનોના માધ્યમથી અનેક ભવિજનો ધર્મમાર્ગમાં પ્રવેશ કરી શક્યા. 'જે અહંનું રટણ કરે તે અર્હંનાં રટણમાં ન પ્રવેશી શકે.' જેવા તેમના ચિંતનમોતીઓ આ માર્ગના પથિકોને સહાયભૂત પણ થયા. અહંનું વિસર્જન એટલે 'નમો' અને 'નમો' જ બોધિબીજ અને સમાધિનું સાધન છે એમ તેઓ અનુભવથી કહેવા માંડયા. જ્યારે જોઇએ ત્યારે મુનિરાજની કરાંગુલીઓ વેઢા ઉપર ફરતી જ રહેતી દેખાય. નવકારના પ્રભાવથી જ તેઓની પ્રજ્ઞા અત્યંત નિર્મલ થતી જતી હતી એમ જણાય. ભારતના દરેક રસ્તાઓ ઉપર જેમ શેષકાળના વિહારોમાં આત્મમસ્તીથી વિહરી રહ્યા હતા અગણ્ય જૈન શ્રમણો અભયપણે તેમ આ સમુહ પણ તેમાં સાનંદ ભળી ગયો! તીર્થંકરો પોતે પણ જ્ઞાનચેતનાની સહાય થકી એ જ માર્ગે ચાલીને નિર્વાણ પામ્યા છે.

દીપિકા ખલ્વનિર્વાણ, નિર્વાણપથદર્શિની,
શુદ્ધાત્મચેતનાયા ચ, સાધૂનામક્ષયો નિધિઃ ॥૧-૧-૬॥
– आचारांग सूत्र

शुद्धात्मचेतनाया च, साधूनामक्षयो निधिः — see above

શુદ્ધ આત્મચેતના એટલે જ્ઞાનચેતના. સાધુ માટે તે ન ઓલવાય
તેવી દીવી છે અને કદી નાશ ન પામે તેવો નિધિ છે.

> ❝ જીવનની અનાદિકાળની અયોગ્યતાને અર્થાત્ અપાત્રતાને શાસ્ત્રકારો 'સહજમલ' શબ્દથી સંબોધે છે. તેના જ કારણે જીવ કર્મના સંબંધમાં આવે છે અને કર્મનો સંબંધ જીવને વિષયાભિમુખ બનાવે છે, જે મોક્ષપ્રાપ્તિમાં વિલંબ કરાવે છે. ❞

**- પૂજ્ય પંન્યાસજી મહારાજ**

# ૯ | અનુગ્રહથી અનુરાગ

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

વિહાર કરતા આ મુનિવરો પણ લાલબાગના શ્રી મહાવીર સ્વામીના કૃપાછત્ર હેઠળ સંઘને ચાતુર્માસ કરાવવા આવી પહોંચ્યા. અત્યંત ભાવપૂર્વક થયું સામૈયું. અરિહંતની આજ્ઞા મુજબ આત્મધ્યાન કરવા નીકળેલ આ શ્રમણ સમુહ પ્રત્યેની આત્મચેતના ઉપરના આદર બહુમાનમાં સૌને પરમાત્માનું જ વિશુદ્ધ પ્રતિબિંબ દેખાવા લાગ્યું. વડીલ પૂજ્યોની આજ્ઞા મુજબ દેરાસરની સામેના વિશાળ વ્યાખ્યાન હોલમાં મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને જ સમસ્ત ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાન દેવાનું નિર્ણિત થયું. વ્યાખ્યાનના પ્રથમ દિવસે જ પ્રથમ હરોળમાં બેઠેલા એક શ્રીમંતે પ્રશ્ન કર્યો: 'સાહેબ, આ દુનિયામાં સૌથી મોટું પાપ ક્યું?' મુનિરાજે ક્ષણનાં ય વિલંબ વગર ઉત્તર આપ્યો:

''જીવો પ્રત્યેની અમૈત્રી તે આ જગતમાં સૌથી મોટું પાપ છે. મહામિથ્યાત્વ છે. જીવતત્ત્વનો વિરોધ છે. અનંતાનંત આત્માઓની પરમ ઉપેક્ષા, અનાદર ને અવગણના છે. ચૈતન્યતત્ત્વ પ્રત્યેના મૂઢભાવ અને પરમ સંકુચિતતામાંથી જ જન્મે છે જીવો પ્રત્યેની અમૈત્રી.'' આ સાંભળી સભામાંથી તરત બીજો પ્રશ્ન ઉપસ્થિત થયો: 'સાહેબ, તો એ પાપનો નાશ કઇ રીતે થઇ શકે?' સભા કાન સરવા કરી મુનિરાજનો જવાબ સુણવા તત્પર બની. ધેરા અવાજમાં સભાને તેનો પણ પ્રત્યુત્તર મળી ગયો:

''તે પાપનો નાશ મૈત્રી વડે જ થાય. ધર્મ એ સૌથી મોટું મંગલ છે પણ તેનું મૂળ મૈત્રી છે. એ મૈત્રીનો મહામંત્ર છે નવકાર! મૈત્રીમાં જીવતત્ત્વનો સ્વીકાર, બહુમાન, પ્રીતિ સમાઇ જાય છે. મૈત્રીથી જ એકત્વ અનુભવાય. મૈત્રીમાં જીવતત્ત્વના જ્ઞાનનો પ્રકાશ, આત્મવિદ્યાનો વિકાસ ને સમ્યક્ત્વનો ઉદય છે.''

सारद सलिलं व सुद्धहियया ।
विहग इव विप्पमुक्का वसुंधरा इव सव्व फास विसहा ॥
- श्री सूयकृतांग सूत्र

મુનિજનોનું હૃદય શરદકાલીન નદીના જળની સમાન નિર્મળ, પક્ષીની જેમ બંધનોથી વિમુક્ત અને પૃથ્વીની જેમ સમસ્ત સુખ-દુઃખને સમભાવથી સ્વીકારનાર હોય છે.

પ્રત્યેક સવારે કૂણા પ્રહરે નેણ ઉઘડે ને અંદરથી સોહમ્‌નો સાદ સંભળાય! માનવીએ બીજા માટે તો ખરું જ પરંતુ પોતાની માટે પણ જીવનભર સારા માનવી બની રહેવું જોઇએ.

મુનિરાજશ્રી ઉપદેશ આપે ત્યારે ક્યારેય 'તમે આમ ન કરો.' એમ ન કહે. તેઓના શબ્દો એમ જ ગોઠવાય કે: 'આપણે આમ ન કરીએ.' પોતાના શિષ્યોને પણ એમ જ ટેવ પાડે. હું તમારા જેવો સદોષ જ છું એવી અનુભૂતિ કરાવે તેઓ.

ત્યાં વળી પાછળ બેઠેલા એક મહાનુભાવે સૌને મુંઝવતા ત્રીજા પ્રશ્નને વાચા આપી: 'સાહેબ, એવી મૈત્રીની ભાવના અમારામાં જાગે તે માટે શું કરવાનું?' ઉત્તર રૂપે અમૃતવાણી વહી:

''મૈત્રી ભાવનાના આદ્ય ઉપદેશક છે અરિહંત પરમાત્મા. મૈત્રી ભાવને સિદ્ધ કરનારા છે સિદ્ધ પરમાત્મા. તેને જીવનમાં નખશીખ આચરનારા છે આચાર્ય ભગવંતો. સૂક્ષ્મ રીતે સમજાવનાર છે ઉપાધ્યાયજીઓ અને મૈત્રીને પ્રતિક્ષણ આંતર-બાહ્ય સાધનારા છે સાધુ ભગવંતો. આ પાંચે પરમેષ્ઠીઓને ભાવપૂર્વક વંદન કરવાથી મૈત્રીભાવ આપણામાં સ્થાનાંતરિત થાય છે. નવકાર ગણવાથી એ કાર્ય સરળતાથી સધાઇ જાય છે. તેના અજપાજાપથી મૈત્રી, મૈત્રીથી ભક્તિ ને પ્રાંતે ભક્તિથી મુક્તિ મળે છે.''

સામાન્ય રીતે વ્યાખ્યાનના સમય સિવાય ઉપાશ્રયમાં કોઇ વંદન કરવા જાય તો હંમેશા સ્વાધ્યાય-ચિંતનમાં વ્યસ્ત રહી મૌન પાળતા આ મુનિરાજશ્રીને પાટ ઉપર કે વ્યાખ્યાન પીઠ ઉપર બિરાજમાન થઇ આવી દિવ્ય વાણીથી સમજાવતા જોઇને અચૂક શંકા જાય કે શું આ બંને સ્વરૂપ એક જ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીના જ છે? તેઓની સૌમ્યાતિસૌમ્ય મુખાકૃતિ અને સોહામણું સ્મિત ઝાંખી આપે સમોવસરણ સ્થિત સાક્ષાત્ તીર્થંકર પરમાત્માની! તેઓની મહાઉપકારી આવી દેશના સાંભળીને કેટલાંયે યુવાનો સર્વવિરતિધર બની સંયમ લેવા તૈયાર થયા. જેઓ દીક્ષા લઇ શકે તેમ ન હતા તેઓએ શ્રાવકના ૧૨ વ્રતો અંગીકાર કર્યા.

પ્રવચન સંપન્ન થયા પછી ઘરે કે પેઢીમાં જતા શ્રાવકોને મુનિરાજની અનુપ્રેક્ષાઓ જ પડઘાયા કરે કે: 'નવકાર એ ૧૪ પૂર્વનો સાર છે. સામાયિક એ દ્વાદશાંગીનો સાર છે. નવકારમાં ૬૮ તો સામાયિક સૂત્રમાં એનાથી ઉલટા એવા ૮૬ અક્ષરો છે. એ બે ની સાધના દ્વારા સમતા, મૃદુતા, નમ્રતા આદિ ગુણો ખીલે અને બાદ માધ્યસ્થભાવ વડે મનને સતત શુદ્ધ ભાવોમાં રમણતા કરવા વીર્ય ફોરવાય.'

તેથી જ ઘર કે વેપારના કાર્યો ઝટપટ પતાવી સહુ દેશવિરતિમાં પ્રવેશ કરવા રૂપ સામાયિક લઇ નવકારના ધ્યાનમાં લીન ક્યારે બની જાઉં તેની રાહ જુએ. આ ચાતુર્માસમાં પૂજ્ય ગુરુદેવોની કૃપાથી મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીની આંતરિક સાથે બાહ્ય આભા પણ વિકસ્વર બનીને અન્યોના હૃદયને પરમાત્મ પ્રકાશથી માંજતી રહી. લાલબાગનું ચાતુર્માસ સ્વ-પરની આરાધનામાં મગ્ન રહીને પૂરું થયું.

લાલબાગ ચાતુર્માસ પછી મૌન એકાદશીના પર્વે આત્મસાધક સાહેબજી મૌનપૂર્વકના ઉપવાસ સાથે પાયધૂનીમાં ગોડીજી પાર્શ્વનાથના દર્શનાર્થે નીકળ્યા. તે સમયે કોઇક હંગલને કારણે શહેરનું વાતાવરણ તંગ થયું હોવાથી શસ્ત્રબંધી જાહેર કરાયેલી. રસ્તામાં ચાલતા મુનિરાજશ્રીના હાથમાં દંડો જોતા જ પોલીસ તેમને ચોકીમાં લઇ ગઇ. ઉપરથી ઘણા સવાલો ય પૂછ્યા. મુનિરાજ તો ઘેઘૂર મૌનમાં! તેમને શાંત, સ્વસ્થ ને પોતાના બચાવમાં કાંઇ જ ન કહેતાં જોઇ પોલીસે તેઓને જવા દીધા. વ્રતપાલનમાં અડોલ મૂર્તિ એટલે મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ!

મુંબઇના ઘણા પરાંઓમાં એ પછી મુનિરાજશ્રીની વ્યાખ્યાન વાણીનો અનન્ય લાભ મળ્યો. સંવત ૧૯૯૭ (ઇ.સ.૧૯૪૧)નું ચોમાસુ મુંબઇનાં જ અંધેરી પરામાં નિર્ણિત થયું. મુનિરાજની ખ્યાતિ અને નવકાર આરાધનાની કાંતિ વધતી જતી હતી. લોકો દૂરદૂરથી નવકારને આત્મસાત્ કરેલ મુનિરાજને સાંભળવા આવ્યા. શ્રી સંઘ ભીંજાયો. સંઘજનોને નવકારને હજુ વધુ આરાધવો હતો તેથી મુનિવરશ્રીએ કહ્યું: ''ઉપધાન એક એવી અમૃતક્રિયા છે જેની આરાધનાથી શ્રી નવકાર મંત્રને વિધિપૂર્વક ગ્રહણ કરાય છે. દેવ, ગુરુ અને ધર્મની નિશ્રામાં થતી એ ૪૭ દિવસની જ્ઞાનગર્ભિત ક્રિયાઓ સુફળ આપે છે અને દરેક આરાધકને નવકાર આત્મસાત્ થાય છે.''

અંધેરી સંઘના સુશ્રાવકોએ આ એક-એક શબ્દને હરખભેર ઝીલ્યો. આરાધકોને તેમની જ નિશ્રામાં ઉપધાન તપ કરવાના ભાવ જાગ્યા. સંઘના શ્રેષ્ઠિવર્ય શાપરિયા ભાણજીભાઇએ બીડું ઝડપ્યું મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીની નિશ્રામાં. દીક્ષાના દસમા વર્ષે સૌ પ્રથમ ઉપધાન તપના મંડાણ થયા જેમાં ૩૦૦ આરાધકો જોડાયા, પણ અચરજ એ હતું કે એમાં શ્રાવકો વધુ અને શ્રાવિકાઓ ઓછા હતા.

રોજબરોજનું નવીન ચિંતન આ પ્રવચન શ્રેણીમાંથી મળતું ગયું. આરાધકોના મનોહૃદયમાં શ્રી નવકાર મંત્ર પ્રતિદિન વધુ ને વધુ ઉઘડતો ગયો. નવકારનો અધિકાર મેળવી પ્રસન્ન થયેલ શ્રી સંઘે તેનું ઉદ્યાપન પણ વિશિષ્ટ રીતિએ જ કર્યું. તત્પશ્ચાત્ સંવત ૧૯૯૮-૯૯ (ઇ.સ.૧૯૪૨-૪૩)ના મુનિવર્યોના ચાતુર્માસો નક્કી થયા મહારાષ્ટ્રના અહમદનગર અને જુન્નર ગામમાં.

અહમદનગરના ભાવિકોને અષાઢ વદ તેરસના મુનિવરશ્રીએ યોગવિંશિકાના આધારે બહુમૂલ્ય તત્ત્વ પ્રતિપાદિત કરતા સમજાવ્યું કે: ''છ આવશ્યકોમાંથી સામાયિક, ચતુર્વિંશતિસ્તવ અને ગુરુવંદન એ ત્રણ ભક્તિ અનુષ્ઠાન છે. પ્રતિક્રમણ, કાયોત્સર્ગ ને પચ્ચક્ખાણ એ ત્રણ પ્રીતિ અનુષ્ઠાન છે. વળી શુદ્ધ અનુષ્ઠાન પ્રતિ રાગવાળાનું અશુદ્ધ અનુષ્ઠાને ય પ્રીતિ-ભક્તિમાં સમાવેશ પામે. ભાવનાપૂર્વકનું જ્ઞાન જ તત્ત્વથી જ્ઞાન છે, ભાવના વિનાનું ફક્ત શ્રુતબુદ્ધિથી જાણેલું જ્ઞાન એ માત્ર દેખાવ છે. તેનાથી પ્રત્યક્ષ અપાયોથી વૃત્તિ થતી નથી. જો 'સકલસત્ત્વહિતાશય' ભાવના એ જ્ઞાનનું ફળ છે, તો તે આશયને બહુમાન આપવું એ સમ્યગ્ દ્રષ્ટિવાનનું કર્તવ્ય છે.''

આ મુનિરાજશ્રીના વ્યાખ્યાનો સાંભળીને અહીંની પ્રબુદ્ધ સભા હવે એટલી તો તૈયાર થઇ ગઇ હતી કે ઉંચા સ્તરની દેશના પણ સમજી શકે. અહીંયા મુનિવરશ્રીઓને જાણ થઇ કે ભિક્ષુ અખંડાનંદજી ૩ જાન્યુઆરી, ૧૯૪૨ના નશ્વર દેહત્યાગી હરિના માર્ગે અનાસક્તિપૂર્વક ચાલ્યા ગયા એક શૂરની છટા અને નિજ સાથે જીવનયાત્રા સંપન્ન કરીને. આથી મુનિરાજશ્રીએ વિચાર્યું કે: 'હરિના માર્ગે ડગલા માંડયા જ છે તો હવે કાયરતા નહીં ચાલે. આવા ભગવદ્ કાર્યમાં મુશ્કેલીઓ તો આવવાની. પણ હવે તો મહાપદ પામતા મરજીવા સમું મહાસુખ માણવું જ છે મારે. પ્રવજ્યા ઉજાળવી જ છે મારે. એના આયુધ રૂપે હું મૈત્રી અને ભક્તિને સદા સજાવેલા જ રાખીશ.' શ્રી સંઘોની વિનંતીથી એટલે જ અહીં મુનિરાજશ્રીએ ધર્મવાણીનો ધોધ વહાવ્યો.

સંવત ૧૯૯૯માં મહારાષ્ટ્રમાં વિહાર કરતા જુન્નર જતા માર્ગમાં એક યુવાનના મોઢેથી મરાઠી ભાષામાં મુનિરાજશ્રીને 'થિયરી ઓફ રિલેટિવિટી' સમું વાક્ય સાંભળવા મળ્યું:

जीवन एक च आहे...कोणा साठी दुःखतर, कोणा साठी आनंद...!

...ને મંદ સ્મિત કરતા તેઓ આગળ ધપ્યા.

સમયની રેતીને સરતાં ક્યાં વાર લાગે છે? ને સમય આવી ગયો પ્રવેશનો. જુન્નર મધ્યે શાંતિનાથ પ્રભુની અદ્ભૂત શાંતિમય મુદ્રા જોઇ પ્રતિમાજી ઉપર સૌ મુનિરાજોને પૂર્ણ આસ્થા ઉપજી. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીની પરહિતકારી પ્રજ્ઞા, સંયમિત વાણી અને તટસ્થતા જેવા ગુણોથી શ્રી સંઘ પણ પ્રભાવિત થયો. પ્રાણીમાત્રનું કલ્યાણ થાય, જીવનનું ઉત્થાન થાય, વેપારમાં નીતિના મંડાણ થાય અને આબાલ-વૃદ્ધોમાં આધ્યાત્મિક મૂલ્યોનું સંસ્થાપન થાય તે હેતુથી પૂજ્ય આચાર્યશ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજે તાજું જ શરુ થનાર 'કલ્યાણ' ત્રિમાસિકના દરેક અંકમાં મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને લેખો મોકલવા સૂચન કર્યું. તેમણે સકલ સંઘના હિતાર્થે આચાર્યશ્રીની વાતને વધાવીને પ્રથમ અંક માટે 'ભવનાશિની ચાર ભાવનાઓ' ઉપર ચિંતનસભર લેખ લખીને ત્વરિત મોકલી પણ આપ્યો. એ પછી તો ઉત્તરોત્તર તે ત્રિમાસિકને વધુ સાહિત્ય સમૃદ્ધ બનાવવા અથાક મહેનત કરી.

'મનન માધુરી' લેખમાળાના વાચકોએ તો વર્ષો સુધી તે લેખોને સાચવી રાખી તે દેશના માધુરી માણી. તેમની અબહુભાષિતાને બોલ્યા વગર આમ દેશનાનો લેખિત વેણુનાદ પ્રગટાવવો વધુ ગમ્યો. 'આ ગુરુ તો પ્રત્યેક જીવની નિજતાનો વિચાર કરે છે. આપણા વિચારોનો સ્વીકાર કરીને પછી તેમાં રહેલા મિથ્યાત્વને ધીમેકથી સમજાવી દૂર કરે તેવા છે. આવા ગુરુ તો કોને ન ગમે?'

આવો મત જ્યાંથી ચાતુર્માસ પૂર્ણ કરીને નીકળે ત્યાંના દરેક શ્રાવકોનો હોય તે તેમના સોનલવરણાં વ્યક્તિત્વનું પ્રતિબિંબ જ હતું જાણે!

સંવત ૨૦૦૦ (ઇ.સ.૧૯૪૪)નો એ સમય. જુન્નરનું ચોમાસુ પૂર્ણ થઇ ગયું હતું. શેષકાળમાં સમુહ સાથે મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ એકવાર વિહારમાં મહારાષ્ટ્રના કોઇ નાના ગામના ઉપાશ્રયમાં બપોરે સ્વાધ્યાય પૂરો કરીને ઊઠયા. સાંજે તો હવે વિહાર કરવાનો હતો નહીં તેથી થોડી નિરાંત હતી. આયંબીલની લાંબી ઓળી ચાલતી હતી. સાંજે વાપરવાનું તો કાંઇ હતું નહીં, તેથી ઘણા વખતથી જોવાના રહી ગયેલા થોડા પુસ્તકો તેમણે વીંટલામાંથી કાઢ્યા.

Unity નામનું અંગ્રેજી સામયિક તેઓને અતીવ પ્રિય. ઇ.સ.૧૮૮૯ની સાલમાં શરુ થયેલ આ નાનકડું માસિક યુનીટી વિલેજ (Missouri, USA)થી પ્રકાશિત થતું હતું, જે અમેરીકાના કેન્સાસ સીટીથી ૫૦ માઇલના અંતરે આવેલ. આ સામયિકના જૂન, ૧૯૪૦ ને જાન્યુઆરી, ૧૯૪૧ના અંકોમાંથી 'પ્રભુ શા માટે યુદ્ધો બંધ કરાવી શકતા નથી' અને 'Faith – શ્રદ્ધા' એ બે લેખોનું મનન કરવું શરુ કર્યું.

મુંબઇની 'પન્નાલાલ પૂરણચંદ જૈન હાઇસ્કૂલ'ના અંગ્રેજી માધ્યમના ભણતરે તેમને અંગ્રેજી ભાષાને વાંચવા, લખવા, બોલવા, વિચારવા સહિતનો સુંદર પરિપાક અર્પેલો. બૌદ્ધિક વિરુદ્ધ આધ્યાત્મિક શ્રદ્ધા ઉપરનો લેખ તેઓને ખૂબ ગમ્યો. 'Being' અને 'Doing' વચ્ચેનો ભેદ થવા ઉપર જ હતો, ત્યાં જ બીજા ગામમાંથી એક સુશ્રાવક પૂજ્ય મુનિરાજશ્રી ઉપરનો એક પત્ર લઇને આવ્યા.

શ્રી નમસ્કાર મહામંત્ર તથા નવપદજીના પ્રખર આરાધક તથા લોગસ્સ કાઉસ્સગ્ગના મહારાગી એવા પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી યશોદેવસૂરીશ્વરજી તથા પ્રખર તપસ્વી મુનિશ્રી ત્રિલોચનવિજયજી મહારાજનો સંદેશ આવ્યો હતો. તેમણે જોરદાર વિનંતી કરેલ કે મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનું આગામી ચાતુર્માસ મહારાષ્ટ્રના જ માલેગામમાં થાય. શેઠ જીવતલાલ પ્રતાપશી આદિ આગેવાનોએ પણ આગ્રહ કરવામાં કાંઇ જ બાકી રાખ્યું નહીં. આથી અંતે સર્વાનુમતે નિર્ણિત થયું કે સંવત ૨૦૦૦ (ઇ.સ.૧૯૪૪)નું ચાતુર્માસ માલેગામમાં થાય.

છેલ્લા ત્રણેક વર્ષમાં ભારતમાં મહત્વનાં એવા ઘણાં દુ:ખદ પ્રસંગો બની ગયા હતા એની ઊંડી અસર મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીના મન ઉપર પડેલી. ૧૬ ઓક્ટોબર, ૧૯૪૨ના દિવસે આવેલા વાવાઝોડા અને પુરમાં મુંબઇમાં ૪૦,૦૦૦ જેટલા લોકો મૃત્યુને શરણ થયા હતા. ૮ ઓગષ્ટ, ૧૯૪૨ના દિવસથી 'ભારત છોડો' ચળવળમાં ભારતભરમાંથી લોકો જાનની પરવા કર્યા સિવાય જોડાવા માંડયા હતા. બ્રિટીશરો દ્વારા ગાંધીજી સહિત સેંકડો લોકોની ધરપકડ થઇ હતી. લોકો આજીવિકાના અભાવે ભૂખે મરી રહ્યાં હતા. ઇ.સ.૧૯૪૩માં બંગાળમાં ભીષણ દુષ્કાળ પડેલો. દાણા-દાણા માટે ઝપાઝપી કરતા લોકોની વાતો સાંભળીને મુનિરાજશ્રી અત્યંત વ્યથિત થયા. વળી વર્ષના અંત ભાગમાં પાંચ ડિસેમ્બરે કલકત્તા પોર્ટ ઉપર જાપાને હુમલો કર્યો તેમાં સૈન્યના કેટલાંયે જવાનો શહીદ થયા. ઇ.સ.૧૯૪૪ની ૨૨ ફેબ્રુઆરીએ શ્રી કસ્તુરબાનું નિધન થયું.

વાત એમ હતી કે આ સમયે માલેગામના સંઘજનો અને ખાસ તો યુવાનો તે સમયે માર્ગ ભૂલીને આડે રસ્તે ચડેલા. મિથ્યાભિમાન સાથે ભૌતિક સુખમાં ડૂબીને મિથ્યા વર્તન કરવું, ધર્મગુરુઓ માટે જેમ-તેમ બોલવું, પ્રગતિવાદી સુધારક કહેવડાવી પોતે નાસ્તિક્તા દાખવવી વગેરે રોજના દ્રશ્યો હતા. હવે એવી જગ્યાએ જઇ પોતાના ચારિત્ર્યને કસોટીની એરણ ઉપર જ ચડાવવા જેવુ હતું. પરંતુ મુનિરાજશ્રી માટે તો આ આજ્ઞા સોળે આના શિરોધાર્ય જેવી વાત હતી. માટે કોઇ જ સંકલ્પ-વિકલ્પો વગર તેઓએ સંવત ૨૦૦૦ના ચાતુર્માસ માટે માલેગામ તરફનો વિહાર શરુ કર્યો.

રસ્તામાં પૂજ્ય મુનિવરશ્રીએ થોડા વખત પૂર્વે નિધન થયેલા બે સાહિત્યકારો વિષેના જીવનવૃત્તાંતો વાંચ્યા. પ્રસિદ્ધ નોબેલ પારિતોષિક વિજેતા શ્રી રવિન્દ્રનાથ ટાગોર (ઇ.સ.૧૮૬૧-૧૯૪૧) અને બીજા હતા સંસ્કૃત તથા બૌદ્ધદર્શનના વિદ્વાન શ્રી ગંગાનાથ ઝા (ઇ.સ.૧૮૭૨-૧૯૪૦).

સદ્ભાવનાના સાગર એવા મુનિવરશ્રી દરેક મહાપુરુષોના જીવનમાંથી તર્કશુદ્ધ ધર્મદેશનાનો અર્ક શોધવામાં માહેર. ઇતરધર્મના સાહિત્યોનો અભ્યાસ કરવાથી તેઓને જૈન સાહિત્યની ઊંડાઈ અને ઊંચાઈનો વધુ ખ્યાલ આવે ને જિનશાસન ઉપરનું બહુમાન વૃદ્ધિ પામે. આ શાસન કેટલા પૂર્વભવોના પુણ્યના સંચય પછી પ્રાપ્ત થાય છે તે સમજી આ જન્મમાં ધર્મકરણી કરવાનું સહુને મન થવા માંડે.

માલેગામમાં પ્રવેશ વેળાએ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીની આજાનબાહુ દેહયષ્ટિ, ગોરો વર્ણ, તેજથી તગતગતી આંખો અને સૌમ્ય વદન જોઇ સૌ આ શ્રમણને વંદી રહ્યા. સંઘમાં એક જ વાત થવા લાગી કે કોઇ જ્ઞાની-ધ્યાની-ત્યાગી-તપસ્વી મુનિરાજશ્રી પધાર્યા છે જેના કેવળ દર્શનથી જ ભાવમાં ભરતી ચડે છે તો ઉપદેશ સાંભળીને તો હૈયામાં શું યે પરિવર્તન આવશે!

માલેગાંવ આવીને મુનિવરોએ જોયું કે ઉપાશ્રય તો છે અત્યંત સાંકડો. તેમાં જ સ્નેહથી વસવાટ કરવો શરુ કર્યો સૌએ. વ્યાખ્યાનો, પ્રતિક્રમણો વગેરે પણ અહીં જ શરુ થયા. ક્યારેય મહાત્માઓએ અગવડતાની વાતનો હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નહીં. સવારના પ્રવચનોમાં તો ગામ એ જ જોવા ભેગું થાય કે મુનિરાજશ્રી કેવુંક પ્રવચન આપે છે. પણ સાહેબજીના વ્યાખ્યાનો સાંભળ્યા પછી તો જાણે સૌને એ વ્યસનરૂપ જ થઇ પડયા. સૌ એકચિત્તે શ્રવણ કરી શંકાનું સમાધાન પૂછે. મતભેદો થાય ત્યાં કોઇ શ્રાવક કદાચ આવેશમાં આવી જાય, પરંતુ મુનિરાજશ્રી ક્યારેય ઠંડક કે ધીરજ ન ત્યાગે. દરેકને પૂછવાનો મોકો આપે. દરેકના વિચારો જાણે. દરેક ઉપર વાત્સલ્ય ભાવ ટકાવી રાખે.

કરુણાના અવતાર એવા મુનિરાજશ્રી અંદરથી સમાધાન મેળવે કે આ જીવોનો વાંક નથી, તેઓના અજ્ઞાન ને અસમજણનો જ વાંક છે. પ્રથમ એક મહિનાપર્યંત તો ધર્મના બાળબોધની વાત કરી. પણ પછી તર્કશુદ્ધ દેશનાનો ધોધ વહાવવા માંડયો મુનિવરશ્રીએ.







પરોપકારી મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીનું ઈ.સ.૧૯૪૪નું ચાતુર્માસ મહારાષ્ટ્રના માલેગામમાં થયું જ્યાંના યુવાનો આડે રસ્તે ચડેલા. મુનિરાજશ્રીના આચાર-વિચાર, દેશનાથી સંઘ અભિભૂત થયો.

ચાતુર્માસ પછી માલેગામથી માંડવગઢનો છ'રી પાલિત સંઘ નીકળ્યો. નર્મદામૈયાના ખળખળ નીર સમો મુનિરાજશ્રીનો વાણીપ્રવાહ ૨૦ દિન વહ્યો. ત્યાં દેખાયું સુપાર્શ્વનાથદાદાનું પ્રાચીન જિનાલય માંડવગઢમાં!

શાસ્ત્ર, તત્ત્વ ને આત્મોત્થાનની જ વાતો સાંભળીને સર્વને સમજાયું કે તેઓ પોતે જ માર્ગ ભૂલેલા પથિકો હતા. આત્મા, પરમાત્મા, પાપ, પુણ્ય, જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ વગેરે તત્ત્વાશ્રયી પાયો પાક્કો થયો સૌનો. નિસ્પૃહી ને નિરાભિમાની મુનિરાજશ્રીએ માલેગામના મલિન આત્માઓને જાણે પખાળી નાખ્યા. શ્રી કાંતિલાલ વીરચંદ વકીલે આ મુનિરાજશ્રીના વ્યાખ્યાનોમાંથી પ્રેરણા પામી ધર્મસેવાઓ બજાવી અને પછી અમલનેરમાં દીક્ષા લઇ બન્યા મુનિશ્રી કર્મજીતવિજયજી.

મુનિરાજશ્રીના આચાર, વિચાર તથા દેશનાથી એટલો તો અભિભૂત થયો આ સંઘ કે ચાતુર્માસ પૂર્ણ થાય તે પહેલા જ માલેગામથી માંડવગઢનો છ'રી પાળતો સંઘ કાઢવો તેવું નક્કી થઇ ગયુ. કાર્તિકી પૂનમે ચાતુર્માસ પરિવર્તન પછી શુભમંગલ મુહૂર્તે સેંકડો સાધર્મિકો સાથેનો છ'રી પાલિત સંઘ નીકળ્યો રંગે-ચંગે! સંઘના પહેલા જ દિવસના વ્યાખ્યાનમાં તેમણે કહ્યું કે:

''ચાતુર્માસ દરમ્યાન મેં તમારી જ વાતો સાંભળી. હવે થોડા દિવસ તમે મારી વાત સાંભળો.''

બાજુમાં વહેતી નર્મદામૈયાના ખળખળ નીર સમો તેમની વાણીનો પ્રવાહ સંઘના ૨૦ દિવસોમાં વહેતો જ રહ્યો ને સૌ એકધારા સ્વચ્છ થતા જ રહ્યા. માલેગાંવથી માંડવગઢના આ સંઘમાં ૧૦ માઇલ ચાલ્યા પછી પણ સેંકડો ભાવિકો પડાવમાં પહોંચે કે તરત જ વ્યાખ્યાનના તંબુમાં આગળ જગ્યા લેવા દોડે!

'સમકિત શુદ્ધિ' ઉપરના તેઓના ઉપદેશને હૈયામાં ધારી સૌએ મિથ્યાત્વને ત્યાં જ અલવિદા કહ્યું. સમકિતબીજ પડી જ જાય એવી વણખેડાયેલી મનોભૂમિમાં મુનિરાજશ્રીએ ધર્મવૃક્ષ ઉગાડવા પુરુષાર્થ કર્યો. આર્થિક સદ્ધર કે સાધારણ - એનાથી ક્યારેય એમને કોઇ ફેર પડયો નહીં. સમદ્રષ્ટિ ધરાવનાર અદ્દ્ભૂત સંત જ લાગ્યા સૌને તેઓ!

ચાતુર્માસ પછી આ છ'રી પાલિત સંઘમાં થયેલી મુનિરાજશ્રીની દેશનાની અંતિમ છાલકથી લોકોની રહી-સહી મલિનતા પણ ઓસરી ગઇ! મુનિરાજશ્રી તેઓની સુધારાવાદી દરેક વાતોને યાદ કરીને એવો તો યુક્તિ પુરસ્સર જવાબ આપતા ગયા કે સંઘ માંડવગઢ પહોંચ્યો ત્યારે પ્રભુ ચરણે પોતાની ખોટી માન્યતાઓને તિલાંજલી આપી સૌએ પોતાની મિથ્યામતિ માટે માફી પણ માંગી લીધી. માંડવગઢના રાજા તીર્થપતિ સુપાર્શ્વનાથને ભેટતા સૌને અંતિમ દિવસે સુશ્રાવકશ્રી માણેકભાઇ તરફથી સોનાની ગીનીની પ્રભાવના મળી, પરંતુ સૌને તો સોના કરતા ય અદ્દકેરા મોંઘા અલૌકિક ભાવ આવ્યા. માંડવગઢના દુર્ગમાં નહીં, મોક્ષનગરીના કિલ્લામાં પ્રવેશીને હવે સંસારથી સુરક્ષિત છે તેવું સૌને લાગ્યું.

સૌ ઘરે પરત ફર્યા. માલેગામ નવા જ કલેવર ધારણ કરેલી ધર્મનગરી બની ગઇ! ધર્મદાતા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીમાં જાણે સાક્ષાત્ ભગવાનના દર્શન થયેલા. સંઘ ઉપર વરસેલી હેતની હેલીમાં ભીંજાતા સૌએ મુનિવરોને અન્ય ગામ જવા વળાવ્યા ત્યારે કોઇની યે આંખો કોરી ન્હોતી.

સંઘની ઘણી વિનવણીઓ છતા રોકાવાય તેમ હતું નહીં, કારણ કે અમદાવાદવાળા ચીમનલાલ કડિયાના નાના ભાઇ શ્રી કાંતિલાલ કેશવલાલ કડિયાની દીક્ષા માગશર સુદ ચૌદસે, સંવત ૨૦૦૧ (ઇ.સ.૧૯૪૫)માં અમદાવાદમાં નક્કી થયેલી. પહોંચવું જરૂરી હતું.

દાહોદથી ગોધરાના રસ્તે ભીલોની વસ્તીવાળું જંગલ આવે. તેમાં વચ્ચે કોઇ ગામ નહીં. ફક્ત ભીલોના બાળકો ભણે એવી એક શાળા આવે. એક ભીલ પિતા-પુત્ર જ એ શાળા ચલાવે ને જંગલમાં જ રહે. દાહોદના જૈન ભાઇઓની ચેતવણી છતા દિવસો સિલકમાં ન હોવાથી રોકાયા વગર પાંચે મુનિવરોએ વિહાર ચાલુ રાખ્યો. થરથરતા શિયાળાની સાંજ પડી. સામે જ શાળા દેખાઇ. ઝાંપો ખોલીને શાળાના ઓટલા સુધી આગળના મુનિઓ પહોંચી જ્યાં કમર ઉપરના વીંટલાં છોડવા ગયા...

...ત્યાં જ દારૂના નશામાં ચકચૂર એવો માસ્તરનો દિકરો આવ્યો. અજાણ્યાઓને જોઇને વણવિચાર્યે હાથમાં લાકડી લઇ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીને વાંસા ઉપર, હાથ-પગ ઉપર એમ ધડાધડ પાંચ-છ ઘા મારી દીધા. સાથે રહેલ મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજે પોતાના ગુરુદેવને બચાવવા વચમાં હાથ આડા કર્યા, તેમાં લાકડી વાગતા તેમના જમણા હાથની ટચલી આંગળીના ટેરવાનું હાડકું તૂટી ગયું.

બીજા સાધુઓ હજુ હવે પહોંચ્યા. તેઓ તો આ દૃશ્ય જોઇને જ હેબતાઇ ગયા. વિકટ પરિસ્થિતિમાં મૂકાતા મુંઝારો તો થયો બધાને, પરંતુ સહુએ શ્રી નવકાર મહામંત્ર ગણવા શરુ કરી દીધા.

થોડીવારમાં શાળાના માસ્તર પોતે આવી પહોંચ્યા. તેમણે દારૂનું સેવન ઓછું કર્યું હશે કે જેથી તેના સાન-ભાન ઠીક હતા. પોતાના પુત્રના હાથમાં સોટી જોઇ અને ઠંડી સહન કરતા સંતોને બહાર ઉભેલા જોઇ તેઓ તરત પરિસ્થિતિ પામી ગયા. દિકરાને પકડીને લાકડી ઝૂંટવી લીધા પછી ઝાંપા પાસે ઉભેલા સંતોને તેમણે અંદર આવવા કહ્યું ને શાળાનો એક ઓરડો ખોલી આપ્યો, જેના એક ખૂણામાં તો રેતીનો ઢગલો પડેલો હતો.

'અહીંયા પાથરણાં પાથરી સૂઈ રહેજો. ખબરદાર, જો આ ઓરડામાં પેશાબ કર્યો છે તો હાડકા ખોખરાં કરી નાખીશ.' એમ કહી ઓરડો છોડવા ગયા કે મુનિરાજશ્રીએ દાહોદના આગેવાનોએ લખેલ પત્ર આપ્યો. તે વાંચતા જ 'હવે મારું આવી બનશે' તેમ વિચારી સંતોને પગે પડીને માફી માંગી.

પરંતુ ક્ષમાવતાર મહાત્માઓ તો જાણે કાંઇ જ બન્યું નથી તેમ સાંધ્ય પડિલેહણ તથા પ્રતિક્રમણ કરી, સંથારો પાથરી, પોરિસી ભણાવી નવકાર ગણતા-ગણતા સૂવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

॥ अभणन्त एव कार्यं, परस्य साधयन्ति सत्पुरूषाः ॥

સત્પુરુષો અબોલ રહીને પણ અન્ય જીવોનું કાર્ય સાધી આપે છે.

મુનિરાજશ્રીને પોતાને પડેલા લાકડીના ઘા કરતાં યે વધુ આકરું લાગ્યુ ૨૨ વર્ષની યુવાન વયે હસતા મુખે ગુરુશરણ સ્વીકારનાર શિષ્ય કુંદકુંદવિજયજીની વેદનાનું. મોટામાંઢા ગામના વતની એવા આ 'કેશવજી' પિતા પૂંજાભાઇ અને માતા માકાબેનના પાંચમા પુત્રે વડીલબંધુ માણેકભાઇની પ્રેરણાથી સંવત ૧૯૯૭ (ઇ.સ.૧૯૪૧)ના વૈશાખ શુક્લ પંચમીના દિને હાલારના ૪૦૦ વર્ષના ઇતિહાસમાં તપાગચ્છમાં પ્રથમ દીક્ષા લેનાર નવલોહિયા યુવાન તરીકે નામ રોશન કરેલ. દીક્ષા માટે છ વિગઇનો સર્વથા ત્યાગ કરનાર આ કૃપાપાત્ર શિષ્યે દીક્ષાની શરુમાં બે જ દ્રવ્યોથી એકાસણા કરીને વ્યાકરણ ગ્રંથ ઉપરાંત અનેક શાસ્ત્રોનો અભ્યાસ ટૂંક સમયમાં જ કરી લીધેલ ને મનને સ્વાધ્યાય, જપ, તપમાં જોડેલું. એ પછી પરિવારના અનેકને આજે ધર્મમાર્ગે વાળી રહ્યા છે એમ વિચારીને ચિંતાગ્રસ્ત છતા પોરસાતા મુનિરાજશ્રી મોડી રાત્રિએ થોડી વાર માટે નિદ્રાધીન થયા. જિનેશ્વર દેવો કહે છે કેઃ

जो मां पडिवन्नत्ति से गुरुत्ति ।

જે મારી વાતનો સ્વીકાર કરે છે તે નિર્ગ્રંથ ગુરુને પણ પ્રતિપન્ન થયેલો છે.

સૌ મુનિવરોએ બ્રાહ્મમુહૂર્તે ઊઠી, રાઈય પ્રતિક્રમણાદિથી પરવારી, ગોધરાના રસ્તે માંડી દીધો લાંબો વિહાર. તૂટેલી આંગળી, સોજેલો વાંસો ને દુખતાં હાથ-પગ સાથે બપોરે ઠે...ઠ બાર વાગે સૌ મહાત્માઓ ગોધરા પહોંચ્યા. આ બનાવની ખબર પડતા જ સંઘ આખો ભેગો થઇ ગયો. તબીબને બોલાવી પાટા-પીંડી, દવા, ઉપચારો શરુ થયા. તૂટેલું હાડકું બેસાડીને તેની ઉપર પાટો બંધાયો. સંઘે આ ભીલ માસ્તર તથા તેના દીકરા ઉપર તાબડતોડ પગલાં ભરવાનું વિચાર્યું. પૂજ્ય મુનિરાજશ્રીએ એ માટે ચોખ્ખી ના પાડી દીધી. ''અરે... આમાં એમનો વાંક છે જ નહીં. રજા લીધા વિના અમે શાળાનો ઝાંપો ખોલીને અંદર ગયા એ અમારી જ ભૂલ ગણાય. અમે આચાર ચૂક્યા તેથી વાંક અમારો જ છે.'' વગેરે કહી ગોધરાના સંઘને તો સમજાવી દીધો, પરંતુ દૂ...રે રહેલ અમદાવાદના સંઘ ઉપર તો આ સાંભળીને જાણે વિજળી પડી!

અનંતાનંત ઉપકારીઓની આરાધના તેઓના સાક્ષાત્ સમાગમે અશક્ય હોવાથી ભક્તિના દ્વાર રૂપ આવા ગુરુ-મહર્ષિઓની સેવા જ જિનેશ્વર દેવોની સેવા રૂપ છે એમ વિચારી સેંકડો ભવિજનો મારતી મોટરે ગોધરા પહોંચ્યા. બંને સાહેબજીના પાટા-પિંડી, અસ્વાસ્થ્ય વગેરે જોઇ સૌ રોષે ભરાયા. પણ કાયદાકીય પગલાં લેવા વકીલ તેડાવ્યા છે એવી ખબર પડી કે તરત જ મુનિરાજશ્રીએ બેધડક જણાવી દીધુંઃ ''એ લોકો ઉપર જે કરવાનું વિચારતા હો એ અમારા ઉપર જ કરો. દોષિત અમો છીએ. તે નિર્દોષો ઉપર કાંઇ જ કરવાનું નથી.'' ક્ષમાના પાઠ ભણાવવા ને આચરવા તે વીરોનું ભૂષણ છે. દીક્ષાએ તેઓને દિશા આપી. તેથી રાગ-દ્વેષ કે વ્હાલ-વેરની વિદિશાઓ બંધ થઇ. જાણે ધ્રુવનો તારો. અડગ મને એક જ ધ્યેય - મોક્ષ. વિહારના પરિષહો કે વેદના કર્મક્ષયનું જ કારણ બન્યા.

सर्वजीव मम जीव समं । જીવ માત્ર મારા સમાન જ છે એમ વિચારી વિહાર કરતા સૂર્યના ઘણા અસ્તોદય બાદ મહા સુદ ચૌદસની સવારે મહોત્સવના દિવસે જ અમદાવાદની હઠીભાઇની વાડીમાં સૌ મુનિવરો પહોંચી ગયા. જયજયકાર થયો. દીક્ષાની વિધિ તરત જ શરુ થઇ ને વિધિ પૂર્ણ થતા જ સકળ સંઘ સમક્ષ કાન્તિભાઇ કડિયાનું નૂતન નામ જાહેર થયું: મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી.

ઈન્ટર સુધીનો અભ્યાસ કરેલ ને રાજકારણમાં પણ આગવું સ્થાન ધરાવતા કાંતિલાલભાઇને દીક્ષા લીધેલી જોતા સંઘજનોને તેમના વૈરાગ્યવાસિત સંસ્કારો ઉપર બહુમાન થયું. તેઓ પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીના જ શિષ્ય તરીકે જાહેર થયા. એક તો તેમનું અંગ્રેજી ફાંકડું અને એમાં તેમને રોજનીશી લખવાની ટેવ - તે બંને કારણે આગળ જતાં મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીને તેઓની ઘણી સહાય મળી. તે વખતે અનેક શ્રાવકોએ ચોથું બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું. તે વ્રતધારીઓનું બહુમાન પણ સોનાની ગીનીથી કરાયુ. પિતૃઋણ, ગુરુઋણ તથા વિશ્વઋણનો ભાર આપણા ઉપર છે. આવા અનુષ્ઠાનોમાં કરાતી ભાવપૂર્ણ અનુમોદના થકી તેમાંથી સ્હેજે મુક્ત થવાય છે.

સંવત ૨૦૦૧ (ઇ.સ.૧૯૪૫)નું ચાતુર્માસ મુનિરાજશ્રીના દીક્ષાપર્યાયના પંદરમા વર્ષે ફરીથી વડીલ ગુરુઓની આજ્ઞાથી મુનિરાજશ્રીની જન્મભૂમિ એવં ધર્મભૂમિ એવી પાટણની ધરા ઉપર નક્કી થયું. ફોફલિયાવાડાના ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ થયો. મંત્રી કુમારપાળના શાસનકાળમાં જૈનધર્મની જે ઉન્નતિ થઇ તેનો મૂળ સ્રોત એટલે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ. તેમની જ સત્પ્રેરણાથી શ્રી કુમારપાળે ૧૮ રાજ્યોમાં જે અહિંસા પ્રવર્તાવી તે તથા વિધવિધ વિષયો ઉપરના સાડા ત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરનાર આ આચાર્ય મહારાજના સાડા ત્રણ કરોડ રૂંવાડામાં જે 'જીવદયા' વસતી હતી તેનાં જ રૂડાં પરિણામ રૂપ જાણે એક સુદશ્ય હજુ પાટણમાં સચવાયેલું લાગ્યું.

મુનિરાજશ્રીએ જોયું કે આજે પણ ચબૂતરામાં ચણતા કબૂતરો સાથે શ્વાનો પણ ગેલ કરે છે. તેઓ ન તો કબૂતરને પકડે, ન આરોગે. જિનેશ્વર પરમાત્માની કરુણાનો પણ પ્રભાવ હતો એ... કે આ ભૂમિ ઉપર કોઇને અમૈત્રીના વિચાર સરીખા ન આવે.

શૂન્યાવસ્થા કે મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નહીંવત્ યાત્રિકો આવતા હોય તેવા શૂન્યતીર્થમાં, પર્વ-તહેવારો સિવાયના શૂન્યસમયે અને શૂન્યશબ્દ થઇ રહેવું ઉચિત છે તેવું મુનિરાજશ્રી માને. તેથી ચોમાસા પછી એકાંતમાં વિશિષ્ટ આરાધના કરવા તેઓ એક શુભ દિવસે બોરસણ ગામે ગયા. કાષ્ટમૌન સાથે એકાંતમાં સાધ્યને સિદ્ધ કરવાની સાધના આગળ વધી. મુનિરાજશ્રીની નિર્દોષ ગોચરી બે માઇલ દૂરે પાટણથી મુનિઓ લઇ આવે, જે તેઓ એકવાર વાપરીને પછી ફરીથી પોતાની વિશુદ્ધ આરાધનામાં લાગી જાય. તેમનો આત્મા આ એકાંત સાધના કર્યા બાદ જાણે થોડો હળવો બન્યો. તે પછી તેઓ ફોફલિયાવાડામાં પરત ફર્યા.

સંવત ૨૦૦૨ (ઇ.સ.૧૯૪૬)નું ચાતુર્માસ પણ પાટણના નગીનદાસ મંડપમાં નક્કી થયુ. પ્રભુપ્રેમ મઢ્યાં જિનેશ્વરના સાક્ષાત્કારની પ્રતીતિ કરાવતા વ્યાખ્યાનો થકી આંખમાં તેજ ને અવાજમાં ભેજ સાથે સાહેબજીએ વર્ષાના એ ૪ મહિનામાં વીતરાગવાણીની સૌરભ ફરી પાટણની ભીની ધરા ઉપર ફેલાવી. ઉત્તમ દાર્શનિક્તાના પ્રહરી આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરીજી સન્મતિ તર્કમાં લખે છે કે:

जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा न निव्वहइ ।
तस्स भवणेक्कगुरुणो णमो अणेगंतवायस्स ॥

શ્રી તીર્થંકર પરમાત્માના અનેકાંતવાદને નમન થાઓ.
એ જગતમાં એક માત્ર ગુરુપદે સ્થાપવા યોગ્ય સિદ્ધાંત છે. એના વિના સંયમનો જ નહીં, સમગ્ર લોક્નો વ્યવહાર સુચારુ રીતે કરવો પ્રાયઃ અસંભવ છે.

મુનિરાજશ્રીનું ચિંતન આથી ખૂબ વધી ગયુ. જીવનને જોવાનો દ્રષ્ટિકોણ આપણે પણ રોજ બદલવો જોઇએ. બધું જ પરિવર્તનશીલ છે. જો આલ્બર્ટ આઈન્સ્ટાઈને થીયરી ઑફ રીલેટીવીટી શોધી છે તો અરિહંતોએ તો યુગો પૂર્વેથી સાપેક્ષ દ્રષ્ટિની આવશ્યકતા નોંધી છે, જેનાથી વિરોધી લાગતી બાબતો પણ અવિરોધી લાગવા માંડતી હોય છે. અંદરથી ઉછરતા મસ્તીના બીજમાંથી પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીની સમન્વય સાધનાનો માર્ગ ખૂલતો ગયો. નસેનસમાં દોડતું લોહી અનેકાંત-સ્યાદ્વાદે અર્પેલા નવા દ્રષ્ટિકોણ તરફ આખો દિવસ હડીયું કાઢી દુઃખદ ઘટનાઓ પરત્વે નિર્લેપતા આરોપે ને વિષાદમયી ક્ષણોને ખંખેરી નાંખે!

બે વર્ષના ચોમાસામાં સુંદર ધર્મપ્રભાવના કરીને પૂજ્ય મુનિવરશ્રીઓ પાટણથી વિહારમાં નીકળ્યા શ્રી શત્રુંજય ગિરિરાજ તરફ. દેશ સ્વતંત્ર થવાને આરે જ હતો. આ એક-બે વર્ષ બને એટલા ઓછા વિહારો કરી, જે જ્યાં હોય ત્યાં જ સ્થિરતાથી બે ચાતુર્માસ કરી લેવા એમ સમસ્ત શ્રમણ સંસ્થાએ યોગ્ય માન્યું હતું. મુનિવરશ્રી વિહારમાં બહુધા મૌન રહે. આજે પણ અંદર ચિંતવન ચાલ્યું કે: 'પ્રભુને ભજવું, ચૈતન્યને ભજવું કે જીવનિકાયને ભજવું વગેરે બધું એક જ છે. જીવરાશિ ને પરમાત્મા જુદા નથી. બીજમાં સ્વયં પ્રકાશ, ચિદ્રુપ, આનંદઘન, ચૈતન્યનું દર્શન એ તાત્ત્વિક કરુણા જ છે. બાહ્ય શરીરાદિ આવરણોને ભેદીને તેના દર્શન થવા જોઇએ. જ્યાં સદ્‌ભાવ છે, ત્યાં સિદ્ધચૈતન્ય તેમાં અર્પિત છે. જન્મનાશક જિનેશ્વરોને મેં મારો આત્મા સમર્પિત કર્યો છે માટે તે પરમેષ્ઠીઓ સ્વશક્તિથી મારા સંપૂર્ણ કર્મના અંશને છેદવા પણ અનુગ્રહ કરશે જ. સિદ્ધો તો સ્વચૈતન્યનું દાન કરવા તત્પર જ છે... હું એ ચૈતન્ય પામવા સુપાત્ર બની રહું. દેશ તો સ્વતંત્ર હવે જલ્દી જ થશે. પરંતુ હે સિદ્ધાચલવાસી આદિદેવ! કૃપા કરો કે જીવમાત્ર દુઃખની વૃદ્ધિ અને સુખની હાનિની પ્રવૃત્તિઓથી જ સ્વતંત્ર થાય. દાન-શીલ-તપ વડે સંજ્ઞાઓનું જોર ઘટાડે ને પ્રાણીમાત્ર મોક્ષ પામે!'

કુંભે બાંધ્યુ જળ રહે, જલ વિણ કુંભ ન હોય;
જ્ઞાને બાંધ્યુ મન રહે, ગુરુ બિન જ્ઞાન ન હોય!

આવા ગુરુજનોના યોગથી જ વિશ્વશાંતિ સ્થપાયેલી રહે છે તે નિ:શંક વાત છે. C. E. Hughes નું એક વાક્ય મુનિરાજશ્રીને ખૂબ ગમે: 'A man has to live with himself. And he should see that he always has good company. મનુષ્યે પોતાની જાત સાથે જ જીવવાનું હોય છે... અને એણે જોવું રહ્યું કે એ નિત્ય સારી સોબતમાં છે.

પશુયોનિ ભોગયોનિ છે. માનવયોનિ યોગયોનિ છે. તિર્યંચોને સુખ કે દુ:ખ જે આવે તે ભોગવી લેવાના હોય છે, પરંતુ માનવી પોતાની સમજણ શક્તિ અને સામર્થ્યથી દુ:ખને પણ સુખ બનાવી શકે છે. છપ્પન ભોગ પીરસાયા હોવા છતાં ઉપવાસ કરી શકે એવું વીર્ય ફોરવાય છે માત્ર યોગયોનિમાં જ. દરેક વ્યક્તિમાં સુષુપ્તપણે દિવ્યતા રહેલી જ છે. જરૂરત છે ફક્ત તેને અભિવ્યક્ત કરવાની.'

ઉપરની સઘળી યે અનુપ્રેક્ષાઓ થઇ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીને રાતના ત્રણેક કલાકની અલપઝલપ નિદ્રાની વચ્ચે-વચ્ચે... ને ઉઠીને તરત પરોવાઇ ગયા પ્રભુના નામસ્મરણ ધ્યાનમાં ને કાઉસ્સગ્ગમાં!

जितेन्द्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ।
सुखासनस्य नासाग्र, -न्यस्तनेत्रस्य योगिनः ॥
– ज्ञानसार (३०-१)

જેમણે ઈન્દ્રિયજય કર્યો છે તથા જે ધીર છે, જે અત્યંત શાંત છે
અને જેણે પોતાના આત્માને સ્થિર કર્યો છે, જેણે સ્થિરાસને પોતાની નાસિકાના અગ્રભાગ
ઉપર દ્રષ્ટિ સ્થાપન કરી છે તેવો આત્મા યોગી છે.

“ આકાશ જેમ સર્વ પદાર્થોનો આધાર છે તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે. સાધકનો જીવ જ્યારે 'સમ' પરિણામ સહિતનો બને ત્યારે જે જ્ઞાતાદ્રષ્ટાભાવપૂર્વક સંસારના દ્રશ્યોને નાટક માની જોઇ રહે છે તે સાધકોને જ સહજ ગુણી માનવા. ”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૭ | સાધક, શોધક, પ્રબોધક

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

સંવત ૨૦૦૩-૦૪ (ઇ.સ.૧૯૪૭-૪૮)નાં બે વર્ષ માટે પાલીતાણાના ઊંચા-ઊંચા શિખરો વચ્ચે શોભાયમાન તીર્થાધિપતિ દેવાધિદેવશ્રી આદિનાથ દાદાની નિશ્રામાં રહેવા મહાત્માઓ વિહાર માટે નીકળ્યા ત્યારે પગવતીએ ભેળા થઇ ગયેલા મુમુક્ષુઓ ને સાહેબજી સંગે સ્તુત્ય સંક્ષિપ્ત પ્રશ્નાવલી વડે સંવાદ થતા ગયા અને સાહેબજીનું ઓજસ પ્રગટ થતું ગયું.

ત્યાં જ સોનેરી સમય આવી ગયો ભવ્યાતિભવ્ય પ્રવેશ મહોત્સવનો પાલીતાણાના ખુશાલ ભવનમાં. મુનિરાજશ્રીની નિશ્રામાં ૪ મહિના ગાળવા મળશે તે વિચારે ચાતુર્માસ કરવા પધારેલ મુમુક્ષુઓ તથા સાધર્મિક ભાઇ-બહેનોથી મંદિરોની નગરી ઓપવા માંડી. ચેતનમાત્ર આત્મસમાન ગણતા સાહેબજીની નિર્મળમતિ જન્મ આપે મૈત્રીને. તેઓ સમજાવે કે આત્મચિંતન માટે અનવકાશને કારણે જ ધ્યાનાદિ વિફળ બની શકે. માટે સ્વરુપને પામવા નિત્ય ચિંતન આવશ્યક છે.

શમમૂર્તિ મૈત્ર્યાદિભાવભાવિત નમસ્કાર-મહામંત્રના અખંડ આરાધક પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે ધર્મસંગ્રહ સારોદ્ધાર ગ્રંથ અંગે અહીં પોતાના વિચારો પ્રકાશિત કર્યાઃ

''પરમોપકારી વિશ્વોપકારક ત્રિકાલાબાધિક શ્રી જૈનશાસનમાં જ્ઞેય તરીકે અનંતવિશ્વમાં રહેલા સચેતન અનંતા જીવો, અચેતન પુદ્ગલો, સ્કંધો-દેશો-પ્રદેશો-પરમાણુઓ, તે બંનેની ગતિ-સ્થિતિમાં સહાયક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યો અને એ સર્વને અવકાશ આપનાર આકાશ તથા તેમાં પરિવર્તન કરનાર કાળ વગેરે છ એ દ્રવ્યો તેના યથાર્થ સ્વરૂપમાં જણાવ્યા છે. તેનું જ્ઞાન કરનાર જ્ઞાતાને પણ કથંચિત્ નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, શરીરાદિથી ભિન્નાભિન્ન વગેરે તથા જ્ઞાનનાં બહિરંગ સાધનો ઉપદેશાદિ અને અંતરંગ સાધનો ક્ષયોપશમાદિ પણ યથાસ્વરૂપ જણાવ્યા છે. જ્ઞાનના પણ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એ પાંચ મૂળ ભેદો, એકાવન પેટા ભેદો તથા સૂક્ષ્મ અવાંતર અસંખ્ય ભેદોનું સુસંગત નિરૂપણ કર્યું છે. ક્રિયાની શુદ્ધિ માટે સંયમના સત્તર અને ક્રિયાના સિત્તેર વગેરે ભેદો-પ્રભેદો અને તેના પરિણામે પ્રાપ્ત થતા અસંખ્ય સંયમસ્થાનો વર્ણવ્યા છે.

ક્રિયાવાન્ આત્માની લેશ્યાઓ, તેની શુદ્ધિ-અશુદ્ધિરૂપ પ્રકર્ષ-અપકર્ષથી આત્મામાં પ્રગટતા ગુણસ્થાનકો ને તેના અવાંતર સંખ્ય-અસંખ્ય ભેદો-પ્રભેદો પણ જણાવ્યા છે. ધ્યાનશુદ્ધિ માટે ધ્યેય તરીકે મુક્તિ, મુક્તજીવોનું સ્થાન અને તેમનું અનંત સુખ, ધ્યાતા તરીકે કથંચિત્ નિત્યાનિત્યાદિ સ્વરૂપવાળો આત્મા અને ધ્યાનના સાધનો તરીકે બાહ્ય-અભ્યંતરાદિ તપના વિવિધ પ્રકારોનું સુવિસ્તૃત-સુસંગત અને સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણ કર્યું છે.'' સિદ્ધાચલની ગોદમાં રમ્ય પ્રતિમાઓથી અલંકૃત આ ધર્મસંગ્રહ સારોદ્ધાર ગ્રંથની ગૌરવગાથા મુનિરાજશ્રીના સ્વમુખેથી સાંભળી શાસનપ્રેમની ખુમારી સૌમાં જાગી ઉઠી.

શ્રી શત્રુંજયગિરિરાજરાજાઆદિનાથાય નમઃ એ મંત્ર તેઓને પ્રાણાધિક પ્રિય. 'જડનો રાગ તોડો. જીવમાત્રને સ્નેહ કરો.' એમ કહેતા અને બીજાઓની પ્રવૃત્તિઓને સાંભળવા માટે બધિર, જોવા માટે અંધ અને બોલવા માટે મૂક એવા પરમ જ્ઞાની, તપસ્વી મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પાસે રહી જિજ્ઞાસુઓ નિઃસંકોચપણે પોતાનું મન ખોલી શક્યા. થોડામાં ઘણું પમાડી શકે તેવા સારગર્ભિત ને ટૂંકા પ્રવચનો સાંભળીને સહુને એવો તો મારાપણાંનો ભાવ એમનામાંથી નીતરતો સ્પર્શ્યો કે એમ થઇ ગયું કે: 'મુનિરાજશ્રી તો અમારા જ છે'. દેહમાં રહ્યા છતાં દેહાતીત, પંચમકાળમાં રહેવા છતાં કાલાતીત અને ગિરિરાજની તળેટીમાં વાસ કરતા છતાં તેઓ જાણે ક્ષેત્રાતીત હતા. અહીં આત્મકલ્યાણકર પ્રવૃત્તિઓમાં અહોનિશ પ્રવૃત્ત કરાવ્યા સૌને. સાહેબજીને પાલીતાણામાં સંવત ૨૦૦૩માં લાગ્યું કે માનસિક વ્યગ્રતાનો ઉપાય આસન, પ્રાણાયામાદિ પ્રક્રિયા છે. શરીરમાંથી ચૈતન્ય સર્વથા અલગ થઇ જાય એ માટેની તેમની ઝંખના હવે તીવ્રતર બની. તેઓને પ્રતીત થયું કે ઉજ્જવળ અને પ્રભાવશીલ એવા આ ગિરિવરજીને 'અનંત જીવોનું સિદ્ધ સ્થાન' એવુ બિરુદ મળેલ છે એ સાર્થક જ છે. એમાં યે તીર્થાધિરાજમાં પર્યુષણા જેવા પર્વાધિરાજ ભળે ત્યારે તો એ અનોખી રીતે જગતને અધર્મ છોડાવનારું ને ધર્મમાં જોડાવનારું બને છે!

ત્યાં જ ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭નો દિવસ ઊગ્યો. દેશ સ્વતંત્ર થઇ ફિરંગીઓની ગુલામીની ઝંઝીરોમાંથી આઝાદ હતો હવે. આ ગુરુવર્યો જ્યારે પ્રભુની મૂલ્યનિષ્ઠ દેશનાનો ધ્વજ ખુશાલ ભવન મધ્યે લહેરાવી રહ્યાં હતા ત્યારે સ્વતંત્ર ભારતના સૌ પ્રથમ વડાપ્રધાન બનીને શ્રી જવાહરલાલ નહેરુજી દિલ્હીના લાલ કિલ્લા ઉપર ત્રિરંગી ઝંડો ફરકાવી રહ્યા હતા. છેલ્લા એમ્પરર રૂપે જ્યોર્જ છઠ્ઠા વિદાય લઇ રહ્યા હતા પણ ગવર્નર જનરલ તરીકે અંતિમ વાઇસરોય લોર્ડ માઉન્ટબેટન ચાલુ રહેનાર હતા. એકબાજુ આઝાદીનો જશ્ન ઉજવાતો દેખાતો હતો દેશમાં, તો બીજીબાજુ હિન્દુ-મુસ્લિમો વચ્ચે હિંસક તોફાનો ફાટી નીકળ્યા હતા. બે મહિના સુધી ભારત-પાકિસ્તાન દેશો વચ્ચે માઇગ્રેશન ચાલ્યુ. બે રાષ્ટ્રો વચ્ચેની હિંસામાં ૪ લાખ લોકોએ જાન-માલનું નુકસાન વેઠ્યું. અંધાધૂંધી, અરાજકતા અને ભયના ઓથાર વચ્ચે દેશનું સુકાન સંભાળવું ખરેખર આકરું હતુ. દરેક ચીજ-વસ્તુઓના ભાવ આસમાને હતા. લોકોને સંપ, શાંતિ અને સહિષ્ણુતાના પાઠ ફરી-ફરી યાદ કરાવવા પડતા હતા.

એક સંયુક્ત કુટુંબ સદીઓથી ભેગું રહેતું હોય અને પછી હક્ક કે સત્તા મેળવવા ગેરસમજણોપૂર્વક છુટ્ટા પડે ત્યારે બે ભાઇઓના પરિવારો વચ્ચે જે શત્રુતાના બીજ રોપાય અને જે ખાનાખરાબીમાંથી બંનેએ પસાર થવું પડે તેવી જ સ્થિતિ હતી ભારત-પાકિસ્તાન દેશો વચ્ચેની. રાષ્ટ્રપિતા ગાંધીજીએ સૌને એખલાસ રાખવા અને મન મોટું રાખવાની વિનવણી કરી તે અસૂણી કરીને સૌ દેશવાસીઓ મારું-તારું કરવામાં પડયા હતા. બહારના લોકોનું આક્રમણ હતુ ત્યારે અહિંસાથી દેશ જીતી શકાયો પરંતુ હવે ઘરની અંદરના ઝઘડામાં હિંસાએ વિકરાળ રૂપ લીધું. બસમાં, ટ્રેનમાં કે ગાડામાં સ્થળાંતર કરતા લોકોની બેરહમ હત્યાઓના જે સમાચારો આવે તે સૂણીને મુનિવરોના હૈયા કંપી ઉઠે. આર્દ્રતાને ક્યાંયે સ્થાન જ ન હતુ. મુનિરાજશ્રીને પણ આ દારુણ પરિસ્થિતિએ પીઢ બનાવી દીધા. રોજ ભાવથી પરમાત્મ ભક્તિ કરીને સૌના હૃદયમાં ધર્મનો પુનઃવાસ થાય તે અર્થે સૌને કહેતા રહ્યા કે:

"જીવન-મરણ તો આપણા હાથમાં નથી, પરંતુ નિષ્કામ પરમાત્મ સ્મરણ અને શરણ તો આપણા જ હાથમાં છે ને? નિષ્કર્મ થવાનો એકમાત્ર માર્ગ છે નિષ્કામ થવું. આ ભવમાં જે કાંઇ ધર્મ સામગ્રી મળી છે તે અતિ દુર્લભ છે. અનંતાનંત જીવમાંથી થોડાક જ જીવોને મળી છે તે. આપણો સમાવેશ જો એ થોડા જીવોમાં થયો છે તો ફરજ બની રહે છે આપણી કે સકલજીવરાશિ વતી આપણે વિસ્મય, પુલક અને પ્રમોદભાવે પ્રભુ નામસ્મરણ કરીએ. દરિદ્રને નિધાન મળે ને જે રોમાંચ થાય, તેના કરતા પણ વધુ હર્ષ આપણને પ્રભુના શરણે અનુભવાવો રહ્યો. સમ્યક્જ્ઞાનનું ફળ આ હર્ષ છે. શરણગમનના આલંબનથી શુભનો આશ્રવ, અશુભનો સંવર ને કર્મની નિર્જરા થઇ રહી છે તેમ વિચારવું એ સ્વયં અમૃતક્રિયા છે. ચારેબાજુ જ્યારે આવો હાહાકાર છે ત્યારે વિશેષે કરીને સમજાય છે કે:

- પરમેષ્ઠી સ્મરણ સુલભ છે. બોધિ દુર્લભ છે. આયુષ્ય ક્ષણભંગુર છે.
- નવપદજીનું ધ્યાન ધરી ઉપશમ ભાવે રહેવુ.
- એકાગ્ર ચિત્તે નવકારનું સ્મરણ કરવુ.
- પરોપકારમાં રત રહેવું. નમ્રવૃત્તિ કેળવવી.
- સમસ્ત જીવરાશિ પ્રત્યેના સ્નેહ પરિણામનો વિકાસ કરવો.
- સંયમના સાધનરૂપ શરીરનો તપ અને સ્વાધ્યાયમાં ઉપયોગ કરવો.
- ચિત્તને ભગવદ્‌ભાવમાં ભાવિત રાખવું.

આમ કરવાથી આપણી આજુબાજુ કે દૂર ઉત્પન્ન થતા હિંસા વગેરેના ક્રુર ભાવો સદ્‌ભાવોમાં પરિણમે છે. મૈત્રી ઉદ્‌ભવે છે. સમતા અખંડપણે જળવાઇ રહે છે."

આવી પરહિતચિંતા વણેલી વાણી સાંભળી ચાતુર્માસ કરવા આવેલ સહુ ભવ્યાત્માઓ સૃષ્ટિના જીવો સાથે મૈત્રી સાધી નિશ્ચયનયનું આલંબન લઇ વિધેયાત્મક ઊર્જાનો પ્રસાર કરવામાં લાગી ગયા.

''મંગલના બે અર્થ છે: એક વિઘ્ન વિનાશ અને બીજો શુદ્ધ ધર્મનો લાભ.

મંગલ નિધાન રૂપ નવકાર મંત્ર જ્યારે સંપૂર્ણ ગણાય ત્યારે ઉત્તમ લાભ થાય છે. નવકારનું ધ્યાન કરતા ક્વચિત્ શ્રમિત થવાય ત્યારે પ્રથમ પદનું ધ્યાન કરવું એમ શાસ્ત્રોક્ત વચન પણ મળે છે. એ અભ્યાસ આત્માની નિર્મળતા અને વિઘ્નક્ષયનો પરમ ઉપાય છે. માટે જ સર્વ મંગલોમાં તેને પ્રથમ મંગલ રૂપે સ્થાન મળ્યુ છે. એક 'નમો' પદમાં જ દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદન અને શરણગમન એમ ત્રણે પદાર્થોનો સંગ્રહ થઇ જાય છે. વળી તેનાથી પાપનો અનુબંધ ટળે છે ને પુણ્યનો અનુબંધ પડે છે.''

ઉપાશ્રયમાં રહેલા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીના આવા શબ્દો એવી તો શાતા પમાડે કે સૌને વ્યાખ્યાન શ્રવણ પછીની આવશ્યકાદિ બધી ક્રિયાઓમાં ઉલ્લાસ અને એકાગ્રતા વધતી અનુભવાય. ભાવમાં અપૂર્વ વૃદ્ધિ થતી લાગે. પછી બહારથી આવનાર લોકો દેશમાં સ્થપાતી જતી શાંતિ ને સહકારના સમાચારો લાવે ત્યારે જિનશાસન માટે પ્રગાઢ ઉલ્લાસ અનુભવાય.

સમસ્યા બહાર નહીં, મનની અંદર જ હોય છે. મન સાથે વિયોગ અને ચેતના સાથે જોડાવું તે જ છે સાચો યોગ તે વાત સાચી લાગે સૌને.

ઇ.સ.૧૯૪૬માં ટાટા એરલાઇન્સે પોતાની કંપનીને 'એર ઈન્ડિયા' નામ આપ્યું ત્યારથી જ સૌને ખબર પડી ગઇ હતી કે ધનવાન કે અકિંચન - સૌના હૃદયમાં દેશદાઝ હવે રૂંવે-રૂંવે પ્રગટી છે. દેશ આર્થિક વિકાસની રેખા ઉપર પાટે ચડવા માંડયો. લોકોની હાલાકી ઓછી થતી ગઇ. રેફ્યુજી કેમ્પોમાં લોકો ઓછા થતા ગયા. જીવન થાળે પડતું ગયુ. વિજળી નાના શહેરોમાં પણ મળતી શરુ થઇ. ટ્રામ-બસ વ્યવહાર વધ્યો. 'એર ઈન્ડિયા' એ આંતરરાષ્ટ્રીય હવાઇ સફર કરાવવી પણ હવે શરુ કરી.

ઇ.સ.૧૯૪૮નું વર્ષ હતું આ. ૩૦ જાન્યુઆરીએ નથુરામ ગોડસે દ્વારા પ્રાર્થનાસભામાં પહોંચતા પહેલાં જ રાષ્ટ્રપિતા ગાંધીજીની ત્રણ ગોળીઓ વડે હત્યા થયા પછી દેશમાં ઉઠેલો હોબાળો હવે શાંત પડતો જતો હતો. જ્યારથી સી.રાજગોપાલાચારી જેવા વિલક્ષણ રાજપુરુષ યુનિયન ઓફ ઈન્ડિયાના ગવર્નર જનરલ બન્યા, ત્યારથી દેશમાં થોડી ધરપત થયેલી. ૮ મહિનાની લડાઇ પછી યુનાઇટેડ નેશન્સ સીક્યુરીટી કાઉન્સીલના કહેવાથી ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામ થયું. ૨૭ જૂલાઇના બંને દેશો વચ્ચે 'કરાંચી એગ્રીમેન્ટ' પણ થયો.

મુનિરાજશ્રીને જ્યારે ખબર પડી કે ૬ જૂન, ૧૯૪૮ના દિવસે 'બોધગયા ટેમ્પલ એક્ટ' દ્વારા મહાબોધિ મંદિરને હવેથી ભારતીય સરકાર દ્વારા બૌદ્ધોના નિયંત્રણ હેઠળ મૂકાયું છે, ત્યારે તેમને થયું કે દરેક પ્રાચીન જૈન તીર્થધામોની પેઢી માટેની વાત પણ મારે સંઘને કરવી જોઇએ. બીજે દિવસે પ્રવચનમાં તેથી પચ્ચીસમા તીર્થંકર સમા ચતુર્વિધ સંઘને કહ્યું તેમણે કે:

''પોતાના નામે કે પરિવારમાંથી કોઇના પણ નામે આ પેઢીનું નામ પાડવાને બદલે શ્રી શાંતિદાસ શેઠે જૈનશાસનની સંયુક્ત પેઢીનું નામ 'આણંદજી કલ્યાણજી' પાડયું છે. જિનશાસનના અખૂટ રાગી એવા તેમને મન્શા હતી કે આપણા તીર્થોમાં આનંદ અને કલ્યાણ (bliss)નું રાજ્ય સ્થપાય. હમણા તેઓના પરિવારની અગ્યારમી પેઢી કાર્યરત છે. ૫૦ વર્ષ પર્યંત શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ પેઢીનું સુચારુ સંચાલન કર્યું. આ પેઢી ભારતભરના ૧૨૦૦ થી વધુ દેરાસરોના સંવર્ધન ને સંમાર્જન માટે રૂપિયા ૧૫ કરોડનો વાર્ષિક ખર્ચ કરે છે. જીવનમાંથી દરેકે થોડો સમય જિનશાસનના પ્રશસ્ત કાર્યોમાં આપવો જ જોઇએ. શક્તિ, બુદ્ધિ ને સંચાલનના અનુભવોનો લાભ સંસારમાં તો સૌ આપે છે, પરંતુ ૨૧,૦૦૦ વર્ષ ચાલનારા આ શાસન માટે યુવાનીના થોડા વર્ષો તો અવશ્ય આપવાની ફરજ છે સૌની.''

તીર્થરક્ષાની તીવ્ર ઈચ્છા પ્રગટે ત્યારે કોઇ વિઘ્નો નડી શકે નહીં. મુનિરાજશ્રીની દરેક વાત અગમ તત્ત્વ સુધી જઇને અટકે. ચાતુર્માસ પૂર્ણ થયે મૌન અગ્યારસની આરાધના કરાવીને તેઓ ગયા અમદાવાદ તરફ. કારણ કે સંવત ૨૦૦૫ (ઇ.સ.૧૯૪૯)નું ચાતુર્માસ આચાર્ય ભગવંતશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી દાદામહારાજની નિશ્રામાં જ્ઞાનમંદિરમાં થવાનું જ્યારથી નક્કી થયું, મુનિવરો ખૂબ જ આનંદમાં આવી ગયેલા. દાદાગુરુના કૃપાછત્ર હેઠળ રહેવું તે સૌ માટે અનેરો અવસર હતો ફરી.

પાલીતાણાથી માગશર સુદ છઠ સંવત ૨૦૦૫ (૧૨ જાન્યુઆરી, ૧૯૪૯)ના નીકળી સૌએ રોહિશાળા, કદમ્બગિરિ, જેસર, મહુવા, દાઠા, તળાજા, ભાવનગર, ઘોઘા, વરતેજ, સિહોર, વલ્લભીપુર, વળા, વગેરે તીર્થયાત્રાઓ કરી. એમાં મહુવામાં વીર પ્રભુની જીવિતસ્વામીની પ્રતિમાની ભક્તિનો અદ્ભૂત આનંદ માણ્યો ૪ દિવસ. તળાજાના સાચા સુમતિનાથના અલૌકિક બિંબે પણ મુનિરાજશ્રીના હૃદયને પુલકિત બનાવ્યુ. ઘોઘામાં નવખંડા પાર્શ્વનાથ, દરિયાકિનારે પ્રાચીન જિનમંદિરો અને દેવાધિષ્ઠિત બિંબોના દર્શન કરી ઉલ્લાસ અનુભવ્યો. સંયમ રક્ષા માટેની જાગરુક્તા દર્શાવતા સૌ વિહાર કરી અમદાવાદ પહોંચ્યા. વળી સમુદાયના અન્ય ૧૮ મહાત્માઓ મુંબઇ, ભુજપુર (કચ્છ), જામનગર, રાણપુર, ખંભાત વગેરે સ્થાનો સાચવવા પણ વિહાર કરી ચાતુર્માસાર્થે સ્થિર થયા.

ઇ.સ.૧૮૪૮માં બંધાયેલ હઠીસિંહના દેરાસરજીને ત્યારે ૧૦૦ વર્ષ પૂર્ણ થયેલ. એક દિવસ મુનિરાજશ્રીનું વ્યાખ્યાન સંપન્ન થયું પછી અમદાવાદ જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ, સંઘજનો તથા અન્ય મહાત્માઓ સાથે મળી તે દેરાસરના દર્શન - વંદનાર્થે ગયા.

ઇ.સ.૧૪૧૧માં સુલતાન એહમદ શાહે વસાવેલ ઐતિહાસિક નગરી અમદાવાદના સુવિશાળ રસ્તે ચાલતા આ ચતુર્વિધ સંઘને જોઇ લોકો દંગ બન્યા. કોઇને કૌતુક તો વળી કોઇને અચરજ થયું. લાલ દરવાજા, ઝૂલતા મિનારા, સાબરમતી આશ્રમ, અડાલજની વાવ, જુમ્મા મસ્જિદ, તીન દરવાજા વગેરે માટે અમદાવાદ ત્યારે જેટલું પ્રખ્યાત હતું એટલું જ હતુ તે હઠીસિંહના દે'રા માટે ય.

પંદરમા તીર્થંકર મૂળનાયકશ્રી ધર્મનાથજીની છેલ્લા એક સૈકાથી અમદાવાદના આકાશમાં ધર્મધજા ફરકે છે. અદ્ભૂત કોતરણીમય બાવન જિનાલયની અંદર પહોંચેલા સૌ ભવિજનો કેસર-બરાસની સુરભિથી તરબતર બન્યા. દર્શન-ચૈત્યવંદનથી ભાવિત થઇ સૌ બહારના વિશાળ ચોગાનમાં ફરીથી એકત્રિત થયા. એક શ્રાવકના ઉત્તર રૂપે પછી મુનિરાજશ્રીએ આ દેરાસરનો સંક્ષિપ્ત ઇતિહાસ કહેવા માંડ્યો:

''ઇ.સ.૧૮૪૬માં સમસ્ત ગુજરાતમાં ભીષણ દુષ્કાળ પડેલો. ખાવા અનાજ ન્હોતું. મુંગા પશુઓ ટપોટપ મરી રહ્યા હતા. શેઠશ્રી હઠીસિંહ કેસરીસિંહ ત્યારે અમદાવાદના સમૃદ્ધ જૈન શ્રેષ્ઠી. તેઓથી લોકોની આ પીડા જોવાઇ નહીં. થયું: મારી તિજોરીમાં રહેલ બધું જ ધન હું આ નિરાશ્રિત ગરીબો ને મજૂરોમાં વહેંચી દઉં. તેથી ત્યાં ઉપસ્થિત આચાર્ય મહારાજ પાસે તેઓ કઇ રીતે સૌને સહાયરૂપ થવું તેનું માર્ગદર્શન મેળવવા ગયા. તેઓએ કહ્યું: 'સૌ પ્રથમ તો પાંજરાપોળમાં પશુઓને ચારા-પાણી અપાવી તેઓનું જીવન બચાવી લો. બીજું ગરીબોને રોજી-રોટી મળે તે માટે સદીઓ સુધી જૈનશાસનનો વાવટો ફરકાવે તેવું બેનમૂન દેરાસર બંધાવો.'

ઘરે આવી માતા સુરજબાને વાત કરી. તેઓની વેદના પણ આ વાત સાંભળી ઓછી થઇ. ફક્ત ૪૮ વર્ષના જ હતા ત્યારે શેઠશ્રી હઠીસિંહ. કરુણાર્દ્ર હૃદયે તેઓએ તે બંને કાર્યો કરાવવા ચાલુ કર્યા. અબોલ જીવોના આશીર્વાદ મળ્યા તેઓને પાંજરાપોળ થકી. ને તે પછી દિલ્હી દરવાજાથી ઉત્તરમાં આવેલી હઠીસિંહની વાડીની વિશાળ જમીન ઉપર તેઓએ બે માળ તથા ભોંયરા સહિતનો નકશો તૈયાર કરાવી ઝડપથી દેરાસર બંધાવવાનું કાર્ય ચાલુ કરાવ્યુ. સલાટ પ્રેમચંદજીની રાહબરી નીચે સેંકડો કારીગરો, મજૂરો કામ કરવા લાગ્યા. સૌના જીવમાં જીવ આવ્યો. રોજેરોજ મજૂરી મળતી થઇ. ગુજરાતભરમાંથી પેટિયું રળવા પરિવારો ત્યાં આવવા લાગ્યા. કામગીરી ઝડપથી ચાલી. એક વર્ષ થયું ને અડધું દેરાસર બંધાઇ ગયું. શેઠ હઠીસિંહ એ જોઇ આનંદિત થયા. પરંતુ દૈવયોગે ત્યાં જ તેમનું એકાએક અકાળે અવસાન થયું. ફક્ત ૪૯ વર્ષની વયે તેઓનું નિધન થતા સમસ્ત અમદાવાદ જાણે રાંક બન્યું.

શોકગ્રસ્ત કારીગરો પણ મુંઝાયા કે હવે આગળ શું થશે? પરંતુ થોડા દિવસોમાં જ શેઠ હઠીસિંહના પત્ની શ્રી હરકુંવર શેઠાણીએ પોતાના દિવંગત પતિનું સ્વપ્ન પૂર્ણ કરવા બીડું ઝડપ્યું. રોજ શિલ્પીઓ, કોન્ટ્રાક્ટરો, ડ્રાફ્ટ્સમેન વગેરે સાથે સલાટ પ્રેમચંદજી તથા શ્રી હરકુંવર શેઠાણીની બેઠકો થવા લાગી. ફરીથી ધમધમાટ કામ ચાલવા લાગ્યું. બીજું વર્ષ પુરું થતામાં તો જાળી, તોરણો, ગોખલા, કમાનો, ઝરૂખાઓ, મંડપો સહિતનું દેરાસર તૈયાર થઇ ગયું. આરસમાં કોતરેલી બેનમૂન કવિતા હતી જાણે એ!

મહા સુદ પાંચમ ને સંવત ૧૯૦૩ (ઇ.સ.૧૮૪૮)માં તેની પ્રતિષ્ઠા થઇ. જિનાલયની બહાર શોભતો માનસ્તંભ આજે પણ આ સમ્યક્ દાનની શાખ પૂરે છે. ધર્મનાથ દાદાની કૃપાથી પછી વરસાદ પણ ખૂબ વરસ્યો અને જૈન ધર્મનો જયજયકાર કરતા દુષ્કાળગ્રસ્ત મજૂરો આનંદિત બની વિદાય થયા.''





મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી ઈ.સ. ૧૯૪૯માં કર્ણાવતી - અમદાવાદમાં શ્રી હઠીસિંહના ઐતિહાસિક દહેરાંને સો વર્ષ પરીપૂર્ણ થતા હોવાથી સૌ સંગે પંદરમા તીર્થંકરશ્રી ધર્મનાથ ભગવાનને જુહારવા ગયા. સુરજબા. શેઠશ્રી હઠીસિંહ ને હરકુંવર શેઠાણીએ ઈ.સ.૧૮૪૬ના ભીષણ દુકાળને નાથવા પોતાના ધનથી ગરીબોને રોજી-રોટી મળે માટે સદીઓ સુધી જૈનશાસનનો વાવટો ફરકાવે તેવું આ બેનમૂન દેરાસર બંધાવ્યું.

સંઘજનો આવા દાનવીર શ્રેષ્ઠી પરિવારની આ અજાણી વાતો મુનિરાજશ્રીના મુખે સાંભળી દાનવીર પરિવારને નતમસ્તકે વાંદી રહ્યા. શ્રી ધર્મનાથ દાદાને ફરી-ફરી 'નમો જિણાણં' કહી સંઘ ઉપાશ્રયમાં પરત ફર્યો. જિનભક્તિની આવી અનેક વાતોથી અમદાવાદનું આખું ચોમાસુ મહેંકી, પૂર્ણ થયું.

ઇ.સ.૧૯૪૯માં વડોદરાની કોઠીપોળમાં પૂજ્ય મુનિરાજશ્રી યશોવિજયજી, મુનિવરશ્રી જયાનંદવિજયજી આદિ સ્થિર હતા ત્યારે એકદા મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી ત્યાં એકાએક પધાર્યા. દિવસે તો ઘણા મુલાકાતીઓ હોય, તેથી રાત્રે જ ધર્મચર્ચા થાય. તેમાં સંગ્રહણી ગ્રંથ ઉપરની મુનિરાજશ્રીની શોધદ્રષ્ટિ વિદ્વાનોને પણ વિચારતી કરી ગઇ. મંત્રસાધના, મૈત્રીભાવ, અક્ષર ધ્યાન, યોગમાર્ગ સાધનાદિ વિષયો ઉપર વિચારોનું આદાનપ્રદાન થયુ. શિવંકર-ભદ્રંકર એવા આ મુનિરાજશ્રી પર સૌ ઓવારી ગયા.

શેષકાળમાં વિહરતા મુનિરાજશ્રીને યાદ આવી એક ગત વૈશાખ મહિનાની બળબળતી બપોર, જ્યારે એકદા સિદ્ધગિરિજીની યાત્રા કરીને નીચે ઉતરતા જમીન ખૂબ જ તપી ગયેલી. બાજુમાંથી જ ખૂલ્લા પગે ઘણી જ સમતાથી ઉતરતા એક પિતા તથા યુવાન પુત્ર ઉપર ધ્યાન જતા મુનિરાજશ્રીએ પૂછ્યું: ''આવી ગરમીમાં ઉઘાડા પગે તમે ચાલી શકો છો? તો તમને દીક્ષા લઇ પાળવામાં વાંધો નહીં આવે.'' ત્યારના એ પિતા-પુત્રની જોડી એટલે ૪૬ વર્ષીય ચીમનભાઇ તથા ૧૬ વર્ષીય જેશીંગભાઇ. જેઓ સંવત ૨૦૦૬ ને વૈશાખ વદ છઠના ડીસામાં દીક્ષા લઇ સાહેબજીના શિષ્યો બની અનુક્રમે મુનિશ્રી વારિષેણવિજયજી તથા મુનિશ્રી જિનપ્રભવિજયજી તરીકે ઓળખાયા.

સંવત ૨૦૦૬ (ઇ.સ.૧૯૫૦)નું ચાતુર્માસ ફરી પાલીતાણા કરવા સૌએ અમદાવાદથી વિહાર આદર્યો. પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, પંન્યાસશ્રી રામવિજયજી મહારાજ આદિ સમુદાય સંગે મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રથમ તીર્થપતિ ઋષભદેવજીની છત્રછાંયામાં કોટડાવાળી ધર્મશાળામાં ઉલ્લાસભેર પ્રવેશ્યા. ૧૫ ઓગષ્ટ, ૧૯૫૦ના આસામમાં ભીષણ ધરતીકંપ પછી પૂર આવ્યું. ૫૦ લાખ લોકો બેઘર બન્યા. ૫૭૪ માનવીઓના અકાળે મૃત્યુ થયા. ચિંતકોશ્રી રમણ મહર્ષિ અને શ્રી અરવિંદ તથા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના દેહાવસાન થયા.

પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આવા સમાચારો આવે ત્યારે અવશ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી સાથે ચર્ચા કરે કે ભવભ્રમણ નિવારવા સંયમ જીવનનો આ મળેલો અવસર સાધી જ લેવો જોઇએ. મુનિરાજશ્રીએ અહીં સિદ્ધાચલથી શ્રી ચીમનભાઇ પુનાવાળાને એક પત્ર લખ્યો: 'અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થયેલી વિશુદ્ધ ભાવનાઓ કદી પણ નિષ્ફળ જતી નથી. એ એક વિશ્વનો અટલ સિદ્ધાંત છે.' આ સાદું વાક્ય કોઇ ઉત્તમ આત્માની જીવનભરની મૂડી બની શકે તેમ છે. ઇ.સ.૧૯૫૦માં માગશર સુદ ત્રીજના અહીં મુનિરાજશ્રીને ૪૮ વર્ષ થયા. શાસ્ત્રોમાં જેને ગીતાર્થપણાની ઉપમા આપી છે તે આદર્શ અવસ્થાએ પહોંચવું હજુ દૂર છે એમ લાગતુ તેઓને, સ્વયં ગુણગરિમાયુક્ત હોવા છતાં.

જો કે તેઓ અવશ્ય એમ માને ખરા કે ભૂમિમાંથી શલ્ય નીકળ્યું છે. હવે પાયો ખોદી, પૂરી અને ચણતર કાર્ય બાકી છે, તે કાળક્રમે થશે. અહીં મુનિરાજશ્રીએ પ્રફુલ્લિતપણે મુંબઇના પંડિતશ્રી ધીરજલાલ ટોકરશીનું પુસ્તક 'સ્મરણકળા' વાંચ્યુ. તીવ્ર સ્મરણશક્તિ કઇ રીતે ખીલે તે જાણી ઉત્સાહ વધ્યો.

જિનમતની વ્યવહાર-નિશ્ચયપ્રધાન નિર્ભય ને નિષ્કલંક પ્રક્રિયાની સાધનાનો મર્મ સમજેલા મુનિરાજશ્રી અધિકારી જીવ હતા. ષડ્દર્શનના આ બારીક અભ્યાસુને વિવિધ ધર્મોના સાહિત્ય વાંચનથી વિચારના વિકાસમાં સહાયકતા અનુભવાતી. વળી શ્રદ્ધા વધતી દર્શાતી તેઓને જિનશાસનમાં. સ્યાદ્વાદરૂપી મહાસાગરની વિશાળતાનો તેઓનો ખ્યાલ એટલો તો દઢ હતો કે કોઇપણ પંથનું સાહિત્ય તેઓને વિઘ્નભૂત બની શક્તું નહીં. અને તેથી જ... મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીનો અધ્યાત્મરસ ને આચાર-વિચાર જોઇ સંવત ૨૦૦૬ (ઇ.સ.૧૯૫૦)માં આચાર્ય વિજયપ્રેમસૂરીજી દાદામહારાજે એકદા પાલીતાણામાં મુનિરાજશ્રીને ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં પ્રવેશ કરવાની આજ્ઞા કરી.

મુનિરાજશ્રીને યોગોદ્વહન બાદ અપાતી 'ગણિ' પદવીની પ્રથાનો પૂર્ણપણે ખ્યાલ હતો જ. તેથી અસમંજસમાંથી થોડીવારે બહાર આવી, વિચારપૂર્વક નમ્રતાથી તેનો ઉત્તર આપતા કહ્યું કે:''ગુરુદેવ! આ પદ માટે મારી યોગ્યતા ક્યાં છે? વળી આ પદની ગરિમા ન સચવાય તો પદની અવહેલનાનો મહાદોષ પણ લાગે. તેથી આપ કૃપા કરી આ પદનાં ભારથી મને વેગળો રાખો એ જ યોગ્ય છે.''

આચાર્યદેવેશે તત્કાલ તે વાત ઉપર બંધ વાળતા કહ્યું કે: 'પદની યોગ્યતા વિશે મેં પૂરતું વિચારી લીધું છે. તમ સમા આત્મવિકાસમાર્ગના પથિકને છોડીને સમુદાયના અન્ય મુનિવરોને પદ આપવાની ઈચ્છા થતી નથી. યોગોદ્વહન વખતની તમારી નબળી તબિયતની જો ચિંતા થતી હોય તો એક કુશળ વૈદ્યની વ્યવસ્થા પણ થઇ જશે. માટે હવે આવતા શુભ મુહૂર્તે પંચમાંગ એવા ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં તમે અવશ્ય પ્રવેશ કરી જ લો.'

અનિચ્છા છતાં માત્ર ગુરુની આજ્ઞાને શીરોધાર્ય કરીને મુનિરાજશ્રીએ એ સાધના પૂર્ણ કરી. મહા સુદ બારસ ને સંવત ૨૦૦૭ (ઇ.સ.૧૯૫૧)માં શ્રી શત્રુંજય મહાતીર્થની છત્રછાંયામાં વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિ વચ્ચે તેમને પંન્યાસ પદવીથી વિભૂષિત કર્યા તે દિનથી 'પંન્યાસજી મહારાજ'ના નામે જ પછીથી જગપ્રસિદ્ધ થયેલા એવા તેમને પછી અનેક વાર ગુરુવર્યોએ આચાર્યપદવી પણ ગ્રહણ કરવાની બિનંતી કરી જોઇ. પરંતુ 'હવે નિષ્ઠાપૂર્વક ફક્ત આ પદવી શોભાવવા દો' એમ કહી તેમણે વાત ટાળી.

પુણ્યશ્લોક પંન્યાસપ્રવર માટે તો આ પદ જ નામ બની ગયું જાણે! વિશેષણ ને વિશેષ્ય એકમેકમાં ભળી ને શેષ થઇ ગયા. પૂજ્ય આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની જેમ 'પૂજ્ય પંન્યાસજી મહારાજ' પણ સંઘમાં શત-સહસ્ર-લક્ષ વર્ષો પર્યંત અમર રહેશે એમ લાગ્યું સૌને.

દિન-પ્રતિદિન તેઓનો આંતરવૈભવ ફલક વધતો ગયો. દેશના આપવા સિવાયના સમયમાં પંન્યાસજી મહારાજ મૌન રાખીને હૃદયને જ બોલવા દે. તેમના લેખનો પણ ઘણા જ પ્રેરક, મર્મસ્પર્શી, વૈરાગ્યપોષક, ચિંતનપ્રધાન એવં શ્રેયસ્કર બન્યા. શ્રી નવકાર મહામંત્ર પ્રતિ પંન્યાસજી મહારાજને પ્રબળ શ્રદ્ધા-ભક્તિ વધી. વળી જેના પ્રત્યેક રોમમાં અને પ્રત્યેક ક્ષણમાં નવકાર ભાવિત થયો હોય તે 'નવકારવાળા મહારાજ' તરીકે પ્રસિદ્ધ ન થાય તો જ નવાઇ.

કરોડો નવકાર મંત્રના જાપ કર્યા પછી ય તેમનો અજપાજાપ તો અખંડપણે ચાલુ જ રહ્યો. નવકારના આ અજોડ સાધકને તેથી જ આગમોના ગૂઢ રહસ્યો સમજવાની ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત થઇ. એ પ્રજ્ઞાને પરિણામે જ નવકાર મંત્ર ઉપર અગણિત રહસ્યપૂર્ણ અનુપ્રેક્ષાઓ કરીને સાધકોને માર્ગદર્શન મળે તેવું અમોઘ સાહિત્ય સર્જન કરી સંઘના મહાન ઉપકારક બની રહ્યા તેઓ. ૧૪ પૂર્વના સારરૂપ નવકાર મહામંત્રમાં જે મૂળમંત્ર અને ચૂલિકાનો સંબંધ છે, તેનાથી જ બંને મળીને તે મહાશ્રુતસ્કંધ બને છે એમ તેઓ ખાસ સમજાવે અહીં. દાદાના કૃપાછત્ર નીચે વહેલી તેઓની નવકારની અનુપ્રેક્ષા આ રહી:

"દેવાધિદેવના દરબારમાં પ્રવેશ કરતી વેળાએ પુણ્યાત્માને જે હર્ષ થાય છે, તેવા જ હર્ષ સંગે સાધકે નવકારમાં પણ પ્રવેશ કરવો જોઇએ. ૪ ગતિના બહિર્ભ્રમણની રઝળપાટ પછી શાશ્વત સુખ યાદ આવવું જ જોઇએ. એ સુખ આત્મામાં છે. તેની પ્રાપ્તિ શ્રી નવકાર મંત્રમાં પ્રવેશ કરવાથી થાય છે.

નવકારના પ્રથમ પાંચ પદમાં ધર્મની સીધી પ્રશંસા છે. તેથી તે બોધિનો હેતુ બને છે. અંતિમ ૪ પદોમાં ધર્મની પ્રશંસાની પણ પ્રશંસા છે તેથી બોધિબીજનો હેતુ બને છે. ૬૮ અક્ષરો સમેતના આ અનાદિકાલીન શાશ્વત મહામંત્રનું પઠન-પાઠન-મનન-પરિશીલન થાય ત્યારે તે શુભ ભાવો જગાવી વિપુલ કર્મનિર્જરામાં કારણભૂત બને છે. તેના સતત સ્મરણ, જાપ ને ધ્યાનથી અંતરાત્મામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓમાં વૃદ્ધિ થવાથી નવકાર દ્વારા જેને નમસ્કાર થાય છે તે પંચપરમેષ્ઠીમાંના કોઇ એક પદમાં પોતાના આત્માને પ્રસ્થાપિત કરવા સાધકનું સામર્થ્ય ફોરવાય છે.

પાપનો નાશ અને મંગળ માત્રને પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવતો આ મહામંત્ર પાપીના પાપનો અને શત્રુ પ્રત્યે શત્રુતા પેદા કરાવનાર અશુભ ભાવનો જ મૂળથી ઉચ્છેદ કરનાર હોવાથી તે અત્યંત ઉપાદેય છે.

શ્રી નમસ્કાર મહામંત્રને શ્રી વજ્રપંજર સ્તોત્ર સાથે સરખાવતા:

નવકારનું પ્રથમ પદ એ માથાનો મુકુટ છે. દ્વિતીય પદ એ મુખનું વસ્ત્ર છે. તૃતીય પદ એ અંગનું રક્ષક છે. ચતુર્થ પદ એ હાથનું શસ્ત્ર છે. પંચમ પદ એ ચરણોનું રક્ષક છે. ષષ્ટમ પદ એ બેસવાની વજ્રશીલા છે. સપ્તમ પદ એ ફરતે રચાયેલો વજ્રનો કોટ છે. અષ્ટમ પદ એ કોટની ચારે બાજુની ખેરના અંગારની ખાઇ છે. અને અંતિમ એવું નવમું પદ એ વજ્રનું ઢાંકણ છે.

કર્મબંધન સામે આત્મરક્ષક એવો આ મંત્ર સ્મરતાં જ શરીરની વ્યાધિઓ, મનની આધિઓ, સર્વ પ્રકારના ભયો અને ઉપદ્રવો નાશ પામે છે. તેથી જ તેને 'મૃત્યુંજય મંત્ર' કહેવાયો છે. આપણો આત્મા સ-રસ છે. આત્મામાં પંચપરમેષ્ઠીને જેટલો રસ છે તેનો કરોડમા ભાગનો રસ પણ આપણને જો તે પંચપરમેષ્ઠીમાં આવી જાય તો આપણો આત્મા પણ રસમય બને છે. એ રસ છે કરુણાનો. તેના ગર્ભમાંથી જ પછી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય ગુણો યથાર્થ રીતે નીપજે છે. છેવટે તે અનુકંપા, આસ્તિક્ય, નિર્વેદ, સંવેગ અને પરમ આસ્થાને ખેંચી લાવે છે.

પ્રભુની આજ્ઞા પણ કરુણા રૂપ જ છે તેથી કરુણાનું પાલન એ આજ્ઞાપાલન જ છે,

આ મંત્ર દ્વારા જેને નમસ્કાર થાય છે તે પરમેષ્ઠીઓ સર્વવિરતિ સામાયિકને ધારણ કરનારા હોય છે. માટે તેને નમતાં સાધક પણ શ્રુત અને સમકિત સામાયિકમાંથી વધુ વાર દેશવિરતિમાં અને પ્રાંતે સર્વવિરતિ સામાયિકમાં પ્રવેશ પામે છે. મનની સમસ્થિતિ જાળવવી તે કર્મક્ષયનો અમોઘ ઉપાય છે અને તે જ સામાયિક છે. આ મહામંત્રની ચુલિકામાં કહ્યા મુજબ પંચપરમેષ્ઠીઓને કરેલ નમસ્કાર સરખા ફળને આપનારો થાય છે. વીતરાગતા અને નિર્ગ્રંથતાને પૂજે છે જૈન શાસન. તેથી નિર્ગ્રંથ એવા શ્રમણો પરાક્રમથી વીતરાગતુલ્ય જ છે. જેઓ રાગ-દ્વેષને જીતનારા અને અહં ને મમનો નાશ કરનાર છે તેઓનું એમાં બહુમાન ને આદર છે. તેથી જ શ્રી નવકાર મંત્ર એ 'મહામંત્ર' બને છે. તેનાથી સન્માનનું દાન થાય છે, જે શ્રી ઠાણાંગ સૂત્રમાં કહેલા ૯ પ્રકારનાં પુણ્યોમાં અંતિમ ને સર્વોત્કૃષ્ટ પુણ્ય છે.''

શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેની શ્રદ્ધા અને તે વિષેનું ઊંડુ અન્વેષણ પૂજ્ય પંન્યાસજી મહારાજને શારીરિક નબળાઇઓમાં પણ દૈન્યભાવ વિનાનું ને આરાધનાની ખુમારીસભર જીવન જીવવા માટે સહાયભૂત હતું. પરમ સત્યના વાહક એવા તેઓ વળી ઉમેરણ કરે કે:

''મહામંત્રનું આરાધન કરનાર બાહ્ય દ્રષ્ટિથી રાજા હો યા રંક - તેનો તેને અહં કે રંજ હોતો નથી. તે તો ફક્ત અશાશ્વતા કર્મકૃત ભાવો છે અને નવકાર મંત્ર તેને તત્કાળ કે પરંપરાએ કર્મ માત્રના બંધનથી છોડાવનાર છે. સાધક સુખમાં વિસ્મય કે દુઃખમાં દૈન્ય ધારણ કરવાને બદલે પોતાની સમસ્થિતિ જાળવી શકે છે. આપણા આત્મદ્રવ્યમાં ભરેલા ગુણખજાનાને ખોલવાની ચાવી છે નવકાર મહામંત્ર.

'નમો' ભાવમાં પૂર્વના અનંત ભવોથી કાટ લાગી ગયો છે. તેને દૂર કરવા દાન, શીલ, તપ ને ભાવ રૂપી ધર્મ તેલ બની સ્નિગ્ધતા અર્પે છે. દાન વડે ધનનો મોહ, શીલ વડે વિષયોનો મોહ, તપ વડે શરીરનો મોહ ને ભાવ વડે મનનો મોહ છૂટે છે. આટલું થયા પછી મોક્ષમાર્ગ ગમવા માંડે છે.

વળી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની આરાધના તરફ ડગ મંડાય છે. જ્ઞાન વડે સ્વ-પરનો વિવેક, દર્શન વડે સ્વની રુચિ, ચારિત્ર વડે સ્વમાં સ્થિરતા ને તપ વડે તે માટે જરૂરી પરાક્રમ ફોરવાય છે.

એ પુરુષાર્થ માર્ગે આગળ જતાં જ જ્ઞાન થાય છે કે માનવભવમાં સાર રૂપ દેવ, ગુરુ ને ધર્મ છે. તે તત્ત્વત્રયીમાં પણ સાર ધર્મ છે. ધર્મમાં પણ સાર જિન કથિત ધર્મ છે. તેમાં પણ સાર છે પંચપરમેષ્ઠી અને તેમાં પણ સાર છે અરિહંત દેવ. તેને નમન એ મોહનો ક્ષય કરાવી મોક્ષ આપે છે.''

તેઓ આગળ સુંદર રીતે સમજાવે કે: ''નવકાર વડે અંતે જાણવાની વસ્તુ તો આત્મા જ છે ને એ જાણનાર પણ આત્મા જ છે. જાણવાલાયક અને આદરવાલાયક પણ એક આત્મા જ છે. આત્મતત્ત્વ ચિન્મય, આનંદમય, નિત્ય, સ્વાધીન, સર્વાધિક છે અને તે નવકારના જાપથી સમજાય છે. ૧૪ પૂર્વનાં અધ્યયન વડે જે ચિત્તશુદ્ધિ પમાય છે તે જ શ્રી નવકાર મંત્રના અધ્યયન વડે પમાય છે. નવકાર વિભાવોથી દોષમુક્ત કરી સ્વ-ભાવથી આપણે પરિપૂર્ણ થઇ શકીએ તે માટે સહાયક બને છે. નવકાર વડે હૃદય પ્રભુગુણવાસિતતાથી ઓતપ્રોત બનવાથી અનુક્રમે શુદ્ધ પણ બને છે.

શબ્દાનુસંધાનથી અર્થાનુસંધાન, અર્થાનુસંધાનથી તત્ત્વાનુસંધાન ને તત્ત્વાનુસંધાનથી સ્વરૂપાનુસંધાન કરાવી આપે તેવો મહામંત્ર છે શ્રી નવકાર. તેના જાપ વડે થતું દેવ, ગુરુ અને ધર્મનું આરાધન સાધકને આત્માનુભૂતિ સુધી પહોંચાડે છે. એ અનુભૂતિ પરંપરાએ સકળ કર્મનો ક્ષય કરાવી સૌ ભવિજનોને નિર્વાણ પદ પમાડે છે.''

सयलं दुरियं दुक्खं संसारसागरे सया ।
णूणं मंतपहावेणं नासं होइ सव्वहा ॥

સંસાર સમુદ્રમાં જે પાપ કે દુ:ખ છે તે સકલ
ખરેખર આ નવકાર મંત્રના પ્રભાવે સદા-સર્વથા નાશ પામે છે.

"શ્રી નમસ્કાર મહામંત્ર એ મંત્ર ઉપરાંત મંગલ છે, કેમ કે તેમાં રહેલા પાંચે ય પરમેષ્ઠિ ભગવંતોના નામ, આકૃતિ, દ્રવ્ય, ભાવ આદિ દર્શન-સ્મરણાદિનો હેતુ બનીને અનર્થનો ધ્વંસ કરાવી ભવસાયર તરવા સૌને સમ્યક્ અર્થની પ્રાપ્તિ કરાવે છે."

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૮ | જીવનસારથિ નવકાર

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને વ્યાખ્યાનોમાં નવકાર મંત્રના શરણગમનનો ભાવ પ્રતિપાદિત કરવો ખૂબ ગમે. જિજ્ઞાસુઓની શ્રદ્ધેયતામાં વૃદ્ધિ કરવા તેઓ સદા કહે કે:

"નવકારના પ્રથમ છ પદોના જાપથી ભવ્યત્વાદિનો પરિપાક થવાથી દુઃખના અનુબંધ રૂપ સંસાર નષ્ટ થાય છે. સાતમા પદથી સર્વોત્કૃષ્ટ દુષ્કૃતગર્હા થકી પાપ કર્મો નષ્ટ થાય છે, જેનાથી અંતે સંસાર જ પૂર્ણતા પામે છે. આઠમા અને નવમા પદથી સર્વોત્કૃષ્ટ સુકૃત અનુમોદના થતી હોવાથી ધર્મની પ્રાપ્તિ થાય છે. સન્મંત્ર એ સદ્બુદ્ધિ, સદ્વિચારો અને સત્કર્મોની પરંપરા સર્જે છે. તેનાથી દુઃખ રૂપ સંસારનો અભાવ થાય છે. નવકાર મંત્રમાં જેને નમવામાં આવે છે તેઓ સદ્કર્મ, સદ્વિચાર અને સદ્બુદ્ધિથી ભરેલા છે, તેથી આ મંત્રસ્મરણ સન્મતિદાયક બની બુદ્ધિને સ્થિર, સૂક્ષ્મ ને શુદ્ધ બનાવે છે.

ઈચ્છારહિત વીતરાગ પુરુષોને તથા મૂર્છારહિત નિર્ગ્રંથ એવા મહાપુરુષોને આ મહામંત્ર વડે વંદન થાય છે તેથી તે પ્રધાન મંગળરૂપ બને છે. પુદ્ગલથી વિરક્ત ને ચૈતન્ય પ્રત્યે અનુરક્ત પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર એ મિથ્યાત્વમોહનો પ્રણાશ કરી પરમ બાંધવતુલ્ય સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરાવે છે.

सच्चं नत्थि महामंतो नमोक्कारसमो पुणो ।
आगमेसु वि सव्वेसु इयरो अवि सज्जणा ॥

હે સજ્જનો, સર્વ આગમોમાં પણ સાચે જ,
નવકાર જેવો બીજો કોઈ મહામંત્ર નથી.

લૌકિક કહેવત ભલે હોય કે 'ચમત્કારથી નમસ્કાર'. પણ લોકોત્તર સત્ય છે કે અહીં તો 'નમસ્કારથી ચમત્કાર' થાય છે. પંચપરમેષ્ઠીને કરાતો નમસ્કાર એ ક્ષમાધર્મ, વિકસાવી અભય, અદ્વેષ અને અખેદને જન્મ આપી છેલ્લે જીવની સિદ્ધિનો હેતુ બને છે." પૂજ્ય પંન્યાસજી મહારાજે અહીં પોતાના વ્યાખ્યાનોમાં 'નમો' પદમાં રહેલા ૬ આભ્યંતર તપને પણ ઉજાગર કર્યા:

''નમો પદ એ પાપનું 'પ્રાયશ્ચિત' છે. એ પદ આજ સુધી આપણા આત્માએ પરમાત્માની, સંઘ-શાસ્ત્રો-કેવળજ્ઞાની કે ધર્મની કરેલી આશાતનાની ગર્હા છે. નમો પદ એ ગુણીજનોનો 'વિનય' છે. સમ્યક્જ્ઞાનને ધારણ કરનાર મહાપુરુષો પ્રતિ આદર ને વિનયનો પ્રયોગ છે નમો પદ. વળી તેમાં સર્વોત્તમ પંચ પાત્રોની 'ભાવવૈયાવચ્ચ' પણ સમાવિષ્ટ છે. નમો પદમાં વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારનાં 'સ્વાધ્યાય' વડે પંચપરમેષ્ઠીઓના શુદ્ધ સ્વરૂપને જાણવાની ઈચ્છા છે. નમો પદ એ પરમેષ્ઠી ભગવંતોનું એકાગ્ર ચિત્તે 'ધ્યાન' કરવાની પ્રક્રિયા છે. છેલ્લા આભ્યંતર તપને મૂલવીએ તો નમો પદ એ શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેવાની 'કાયોત્સર્ગ' પ્રક્રિયા પણ છે.

આમ નમો પદ સૂર્યથી ય વધુ તેજસ્વી, ચંદ્રથી પણ વધુ શીતળ, સાગરથી પણ વધુ ગંભીર અને આરોગ્ય-બોધિલાભ-સમાધિને આપનારું સર્વોત્તમ પદ છે. પુણ્યની પુષ્ટિ, મનની શાંતિ, આંતર-બાહ્ય દેહ તથા અંતઃકરણની શુદ્ધિ કરનાર મોક્ષનું, વિનયનું, શુદ્ધિનું, શાંતિ-તુષ્ટિ-પુષ્ટિનું બીજ છે નમો પદ.

શ્રી નવકાર મંત્ર એ ૯ તત્ત્વનો પણ બોધક છે. અરિહંતના ધ્યાનથી 'પુણ્ય' તત્ત્વનો બોધ, સિદ્ધના ધ્યાનથી 'જીવ' તત્ત્વનો, આચાર્યના ધ્યાનથી 'સંવર' તત્ત્વનો, ઉપાધ્યાયના ધ્યાનથી 'નિર્જરા' તત્ત્વનો અને સાધુપદના ધ્યાનથી 'મોક્ષ' તત્ત્વનો બોધ થાય છે. વળી પુણ્યનું પ્રતિપક્ષી 'પાપ' તત્ત્વ, જીવનું પ્રતિપક્ષી 'અજીવ' તત્ત્વ, સંવરનું પ્રતિપક્ષી 'આશ્રવ' તત્ત્વ, નિર્જરાનું પ્રતિપક્ષી 'બંધ' તત્ત્વ અને મોક્ષનું પ્રતિપક્ષી સંસાર છે એવો સ્પષ્ટ બોધ શ્રી નવકાર મંત્ર જ કરાવે છે.

નમો પદમાં નવધા ભક્તિ, ૯ રસ, ૪ પ્રકારના સામાયિક, અષ્ટાંગયોગ, પંચાચાર, ૬ આવશ્યકો, ધર્મના ૪ પ્રકાર, જ્ઞાનાદિ ૩ રત્નો, શ્રુત અને ચારિત્ર એમ ૨ પ્રકારના ધર્મ વગેરે સર્વ એકી સાથે સંગ્રહીત થઇ જાય છે. નમવું એટલે વૃત્તિરહિત થવું. વિભાવથી સ્વભાવમાં આવવા, મનથી ઉન્મન થવા, સંકલ્પ-વિકલ્પોમાંથી નિર્વિકલ્પ સ્થિતિમાં જવા ને સમનસ્કતામાંથી અમનસ્કતામાં જવા વૃત્તિરહિતતા જરૂરી છે, જે નવકાર મહામંત્રમાંથી ભેટ રૂપે મળે છે. પરમાત્મતત્ત્વ સંગે આત્મતત્ત્વની ગુપ્ત ગોઠડી એ 'નમો'ની મૌન સ્તુતિમાંથી જ સંભવે છે.

मणसा गुणपरिणामो वाया गुणभासणं च पंचण्हं ।
कायेण संपणामो, एस पयत्थो नमुक्कारो ॥

મનથી પંચપરમેષ્ઠીના ગુણોનું પરિણમન, વાણીથી તેઓના ગુણોનું ભાષણ તથા
કાયાથી થતો તેઓને પ્રણામ એ નમસ્કાર પદનો અર્થ છે.

ૐકારમાં 'નમો' ને 'નમો'માં ૐકાર છે. બિંદુ તે અરિહંત છે. તે બિંદુના ધ્યાનથી કામનાઓ નાશ પામે છે ને જીવ-શિવ ઉભયની સાથે શીઘ્રપણે અભેદ ને એકત્વ સધાય છે.

'નમો' એ બીજ છે, 'તાણં' એ ફળ છે અને 'અરિહં' એ દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના અને શરણગમનના પ્રકર્ષને પામેલા શુદ્ધ આત્માનું સ્મરણ છે. નવકારના ફક્ત પ્રથમ પદની જ વાત કરીએ તો ૩ શબ્દ અને ૭ અક્ષરોવાળા આ પદના જાપથી જિનપ્રતિમાદિ ૭ ક્ષેત્રો અને ભરતાદિ ૭ ક્ષેત્રોની જેમ આ પ્રશસ્ય સપ્તાક્ષરી ૭ ભયોને દૂર કરી શાશ્વત સુખ અર્પવા સમર્થ બને છે.

જેમ સાકર મીઠી છે તો એને ખાનારનું મુખ પણ મીઠું કરે છે. એ જ રીતે અઢારે દોષો નાશ પામવાથી જેઓ વીતરાગ સ્વરૂપ થયેલા છે, તેઓનું નામસ્મરણ કરનાર પણ દોષરહિત થઇ વીતરાગ બને છે. ૪ ગતિ, ૫ જાતિ અને ૮૪ લાખ જીવાયોનિ અને તેના કારણભૂત ૪ કષાય, ૫ વિષયો અને ૧૮ પાપસ્થાનકો ત્યાં સુધી જ ટકે છે જ્યાં સુધી અરિહંતોની આજ્ઞાપાલનનો અધ્યવસાય પ્રગટ્યો નથી.

જેમ આજ્ઞાનું પાલન એ તીર્થ છે તેમ तारयति इति तीर्थः । જે તારે છે તે તીર્થ છે. અહિંસા સક્રિય મૈત્રી છે. સંયમ એ સક્રિય વૈરાગ્ય છે. તપ એ સક્રિય અનાસક્તિ છે. એટલે જ અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મ પરમ મંગલ રૂપ છે, જે નવકારથી પ્રગટ થાય છે.''

વાણી, ભક્તિ, બોધ અને સમતા - આ ચારે ગુણો પૂજ્ય પંન્યાસજી મહારાજમાં સર્વોત્તમરૂપે વિભૂષિત થયેલા. શ્રી નવકાર મહામંત્ર અને શ્રી નવપદજીની આરાધના માટે ભાગ્યની મહાસત્તા એવી રીતે સંયોગો ગોઠવતી ગઇ કે ધર્મ મહાસત્તાના એક નમ્ર સેવક તેઓ બની રહ્યાં. દરેક ભવિજીવનાં કલ્યાણ અર્થે તેઓ એવી ભાવના ભાવે કે સૌએ શ્રી નવકાર મહામંત્રને રોજ ઓછામાં ઓછા ૧૦૮ વાર ગણીને ઉપરાંત બીજા ત્રણ મંત્રો રોજ આ પ્રમાણે ગણવા:

૧૦૮ વાર - ॐ ह्रीं श्रीं अर्हं नमिउण पास विसहर वसह जिणफुलिंग ह्रीं श्रीं नमः ।
૧૦૮ વાર - ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा नमः स्वाहा ।
૦૨૭ વાર - ॐ ह्रीं अर्हं नमो कुट्ठबुद्धिणं ।

દેવાધિદેવ શ્રી આદિનાથની શીતળ છત્રછાયામાં પંન્યાસજી મહારાજને રોજ પાછલી રાતે બે કે ત્રણ વાગ્યે ઊઠીને પરમેષ્ઠી અને અરિહંતના એકાગ્ર ધ્યાનમાં બેસીને આંતરલીન એકરૂપ થતા જે કોઇ જુએ તેના મનોકાશમાં આ મંગલમૂર્તિ ચિરકાલીન કોતરાઇ જાય!

સ્વાધ્યાય, જાપ, ધ્યાન, ચિંતન અને અનુપ્રેક્ષા દ્વારા તેઓ એ નિષ્કર્ષ પર આવેલા કે:

નવકારમાં બધું છે અને અપેક્ષાએ બધામાં નવકાર છે. સૌને થતું કે જાણે નાનકડા એવા આ મહામંત્રમાં રહેલી વિરાટ શક્તિઓના દર્શન કરાવવા જ તેઓ પૃથ્વીને પાટલે જન્મ્યા હતા! ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ ને સામર્થ્યયોગનો નમસ્કાર તેઓએ સિદ્ધ કર્યો હતો જાણે. જેને અહંવૃત્તિ ઓછી કરવી હોય ને નમ્રવૃત્તિ વિકસાવવી હોય તેઓ માટે પૂજ્ય પંન્યાસજી મહારાજે એક સુંદર રસ્તો બતાવ્યો:

''નવકારનું પહેલું પદ 'નમો' છે, અને છેલ્લું પદ 'મંગલં' છે તે સૌને સુવિદિત છે જ. પરંતુ એ બંને એકઠા કરીને 'નમો મંગલં' - એટલે કે નમસ્કાર ભાવ એ મંગળ છે એ ભાવથી રોજ એકાગ્ર ચિત્તે ધ્યાન કરે તો અહંવૃત્તિ ઘટવા લાગે છે. તે આ રીતે: 'ન' વર્ણ કહે છે કે પૌદ્‌ગલિક ભાવો મારા નથી. 'મો' વર્ણ કહે છે કે આત્મિક ભાવો મારા છે. मो = म् + ओ તેને ઊલટાવવાથી = ओं બને છે.

આમ 'નમો' પદના ધ્યાનથી આંતરિક ભાવાવરણ અવશ્ય 'મંગલ' બને છે. નવકારમાં ૯ પદ, ૮ સંપદા ને ૬૮ અક્ષરોનું સ્વતંત્ર માહાત્મ્ય રહેલું છે. પ્રથમ પાંચ પદોના ૩૫ અક્ષરોને એક ગાથા પ્રમાણ ગણી પ્રાયશ્ચિત રૂપ સ્વાધ્યાયમાં પણ વાળી શકાય છે. છેલ્લા ચાર પદો તો અરિહંતોના સ્વમુખેથી મળેલી ચૂલિકા જ છે. જેમ શિખર એ પર્વતથી ભિન્ન ન હોઇ શકે તેમ ચૂલિકા એ મૂળસૂત્રથી અભિન્ન છે.

અષ્ટદલકમલમાં ૯ પદ ગોઠવીને જાપ થાય તો એકાગ્રતા ને સ્ફૂર્તિ અનેકગણી વધે. રોજિંદી આરાધનામાં સાધક પંચસૂત્ર-પ્રથમસૂત્ર, નવસ્મરણ, પાંચ નવકારવાળી બાધાપારાની ગણે તો બે સામાયિક જેટલા સમયમાં જ સ્વરૂપ સધાઇ શકે છે. દોષદ્રષ્ટિ અને દ્રષ્ટિદોષ - એ બંને અનાદિકાળથી પુષ્ટ થયેલા દોષો પણ એનાથી નબળા પડી અંતે નાશ પામે છે.'' કલ્પતરુ સમા આ નવકારમાં પંચતીર્થો કઇ રીતે સમાયા છે તે વિશે એકદા ઘટસ્ફોટ કરતા સાહેબજીએ સમજાવ્યું કે: ''અરિહંતના આદ્ય અક્ષર 'अ' થી અષ્ટાપદતીર્થ, સિદ્ધના 'सि' થી સિદ્ધાચલ, આચાર્યના 'आ' થી આબુજી, ઉપાધ્યાયના 'उ' થી ઉજ્જયન્ત (ગિરનારજી) અને સાધુના 'स' થી સમ્મેતશિખર. એમ પંચ તીર્થો પંચપરમેષ્ઠીમાં શ્રીકાર કરવા સ્થિત થયેલા છે.''

नवकारइक्कअक्खर, पावं फेडेइ सत्त अयराइं ।
पन्नासं च पएणं, सागरपणसय समग्गेणं ॥२॥
– रत्नसंचय प्रकरणम्

''નવકારનો એક અક્ષર ૭ સાગરોપમના પાપ, તેના એક પદ વડે ૫૦ સાગરોપમના પાપ, ને સમગ્ર નવકાર વડે તો ૫૦૦ સાગરોપમ પાપ નષ્ટ થાય છે. જે ભવિજન એક લાખ વાર નવકારને વિધિપૂર્વક ગણે છે તે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે અને અંત સમયે જેના ૧૦ પ્રાણો પંચનમસ્કારની સાથે વિદાય લઇને જાય છે, તે મોક્ષને ન પામે તો પણ વૈમાનિક દેવ તો અવશ્ય થાય જ. નવકારના જાપ માટે કરમાળા ઉત્તમ છે. એ અનુકૂળ ન હોય તો સુતરની કે સુખડની માળા સર્વશ્રેષ્ઠ છે. સફેદ શુદ્ધ ઉનના આસન ઉપર પૂર્વ કે ઉત્તર દિશા તરફ બેસી, શ્વેત વસ્ત્રો પરિધાન કરી, ચિત્તને 'શિવમસ્તુ સર્વ જગત:'ની ભાવનાથી વાસિત કરી, દ્રષ્ટિને નાસિકાગ્રે સ્થાપી રોજ એકસરખા સમયે-સ્થળે માનસજાપ કરવાથી જાપજન્ય સત્ત્વની સ્પર્શનાનો અદ્‌ભૂત યોગ રચાય છે. ક્વચિત્ ભાવસમાધિમાં સરી પડવાનો આનંદ પણ માણી શકાય છે.

નવકારના લેખન-વાંચનથી, એની તાલબદ્ધ ધૂનથી, પશ્ચાનુપૂર્વી નવકારના જાપથી (પદમં હવઇ મંગલં, મંગલાણં ચ...), અક્ષરોથી પશ્ચાનુપૂર્વી નવકારના જાપથી (લંગમં ઇવહ મંદપ...), અનાનુપૂર્વી જાપથી, કમલબદ્ધ, શંખાવર્ત, નંદ્યાવર્ત જાપથી, ૭ ચક્રોના અને અર્થ સંગાથે કરાતા નવકારના જાપથી મનમાં એકાગ્રતા આવે છે અને એકાગ્રતાપૂર્વક થયેલો જાપ તત્કાળ ફળે જ. આદરમાંથી અહોભાવ જન્મે. દોષો ને દૂષણો દૂર થતા જાય. માન કષાય જો પહેલા નિર્મૂળ થાય તો બાકીના ક્રોધ, લોભ, માયા આપોઆપ ક્ષીણ થઇ જાય. 'નમો' આ કાર્ય કરે છે.

એકવાર એક શ્રાવકે કુતુહલતાથી જ સહજ પ્રશ્ન કર્યો: મહારાજ, જો નવકારમાં બધું છે અને બધામાં નવકાર છે તો 'હું સુખેથી બેઠો છું' એમાં નવકારની વ્યાપ્તિ કઇ રીતે? તો સાહેબજીએ કહ્યું:

"તું સુખેથી બેઠો હોય એમાં પણ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય જ કારણરૂપ છે. એ પુણ્યબંધની તક તને પૂર્વે શેને કારણે પ્રાપ્ત થઇ હશે એની કલ્પના કરી શકે ખરો? જો ભાઇ, તે જિનાજ્ઞાના પાલનથી જ શક્ય બને. આજ્ઞાપાલન કરીને જ મુક્તિને પામ્યા છે સિદ્ધ ભગવંતો અને હાલમાં આજ્ઞાને પાળી રહ્યા છે આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુ ભગવંતો. આ રીતે બધે નવકાર વ્યાપ્ત છે જ."

કેટલી સુંદર અનુપ્રેક્ષા! શીલ તેવી જ ઉત્તમ શૈલી! એને જ કારણે પૂજ્યશ્રી પાસેથી આપણને ક્રમે-ક્રમે અનુપ્રેક્ષા, નમસ્કાર મીમાંસા, નમસ્કાર દોહન, પ્રાર્થના, ધર્મશ્રદ્ધા, દેવદર્શન, જૈનમાર્ગની પિછાન, પ્રતિમાપૂજન, જિનભક્તિ, આરાધનાનો માર્ગ, તત્ત્વદોહન, તત્ત્વપ્રભા, મનન માધુરી, આત્મઉત્થાનનો પાયો, અમીદ્રષ્ટિથી સંયમદ્રષ્ટિ, આધ્યાત્મિક પત્રમાળાઓ, પ્રેરણાનું અમૃતપાન, તાત્વિક પત્રવેલી, પ્રવચનો, નમસ્કાર ચિંતનયાત્રા જેવા કેટલાયે ગ્રંથો મળ્યા. ઉપસ્થિત સર્વને લાગ્યું કે તીર્થાધિપતિ આદિનાથની પાવન ભૂમિમાં આમ આત્મઉત્થાનના પાયારૂપ શ્રી નવકાર મહામંત્ર વિશે પંન્યાસજી મહારાજે વિધ-વિધ પ્રરૂપણા કરીને ગાગરમાં સાગર સમાવી દીધો છે, જે હરેક ઉપરનો અતિ મહાન ઉપકાર છે. આમ બધાને તેઓની દિવ્યતાનું અચૂક પાવન દર્શન થયું.

एष पंचनमस्कारः, सर्व पापप्रणाशनः ।
मंगलानां च सर्वेषां, प्रथमं भवति मंगलम् ॥

પંચપરમેષ્ઠીને નમસ્કાર એ પાપધ્વંસ અને કર્મક્ષયના અનન્ય સાધન અને
સર્વોત્કૃષ્ટ ભાવમંગળ સ્વરૂપ છે એમ નવકાર મંત્રની ચૂલિકામાં ફરમાવ્યું છે.

વળી તેમણે આ મહામંત્રમાં ૮ સિદ્ધિઓ સમાયેલી છે તે પણ વિનયપ્રધાન મેધાથી પ્રતિપાદિત કર્યું: णमो પદમાં અણિમા, अरिहंताणं - મહિમા, सिद्धाणं - ગરિમા, आयरियाणं - લધિમા, उवज्झायाणं - પ્રાપ્તિ, सव्वसाहूणं - પ્રાકામ્ય, पंचनमुक्कारो - ઈશિત્વ, मंगलाणं - વશિત્વ સિદ્ધિ સમાયેલી છે.

'પૂજ્ય પંન્યાસજી મહારાજ'ના હુલામણા નામમાં એટલી તો વિરાટ તાકાત સૌને અનુભવાય કે તેમના એક શબ્દ ઉપર સૌ પોતાનું બધું જ ન્યોચ્છાવર કરવા તૈયાર થઇ જાય. પંન્યાસ પદે પૂજ્યશ્રીને ગરિમા બક્ષી તેમ કહેવા કરતા તેમણે પંન્યાસ પદને પોતાના અસ્તિત્વ અને અધ્યાત્મથી વધુ ગૌરવાન્વિત કર્યું તેમ કહેવું વધુ સુયોગ્ય લાગે છે પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના જીવન અને કવનને જોતા.

સંવત ૨૦૦૭ (ઇ.સ.૧૯૫૧)નું ચાતુર્માસ તેઓનું ગુજરાતના સુરતમાં થયું. જે શહેરને ઇ.સ.૧૫૭૩માં મિરઝા પરિવાર પાસેથી અકબરે પરાણે જીતી લીધું. આયાત-નિકાસમાં અગ્રેસર એવા આ બંદરના વેપારમાંથી તેના દિલ્હી દરબારની તિજોરીમાં વર્ષે રૂપિયા ૪ લાખની જંગી રકમ તે જમાનામાં જમા થઇ જતી તે જોતાં સમજી શકાય છે એ વખતનો આ શહેરનો સોનેરી અસબાબ. ચાંદી, પોર્સલીન, શંખ-છીપલા સાથે સુતરના દોરા માટે ય હતું સુરત પ્રખ્યાત ત્યારે. દાંડીની ઐતિહાસિક સ્વાતંત્ર્ય ઘટનાઓ કે હ્યુ. એન. ત્સંગ અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો આ શહેર ઉપરનો પ્રેમ આજે ય જળવાયેલો જોવા મળે છે મુહમ્મદ તુઘલકના પ્રાચીન કિલ્લાના કાંગરાઓ ઉપર! તાપી નદીનો કિનારો જેટલો ઝળહળતો દેખાય છે સૂર્ય પ્રકાશમાં દૂરથી... તેટલાં જ ઝળહળે છે અહીંના હીરા અને ઝરીકામ!

આવા પ્રાચીન શહેર સુરતના ગોપીપુરા ઉપાશ્રયમાં વીસમી સદીના બરાબર મધ્યાંતર વર્ષમાં ખૂબ જ ધામધૂમથી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીના દીક્ષાના દોઢ જ વર્ષ પછી થયેલ પ્રથમ શિષ્ય એવા પૂજ્ય મુનિશ્રી હર્ષવિજયજી મહારાજની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનું પારણું થયું. મૂળ સુરતના જ વતની એવા તેઓના તપ ને વૈયાવચ્ચની પ્રશંસા ચોમેર થઇ. તેઓની અનુમોદનાર્થે સમુદાયના મહાત્માઓએ પણ ઓળી કરી તેથી દરેકનું પારણું એક સાથે આવ્યું. ગોપીપુરાના સંઘે અનેરી ધન્યતા અનુભવી.

તપના તેજથી સુરતનો સમગ્ર સંઘ અંજાયો. સૌ યથાશક્તિ એ તપમાં જોડાયા. કર્મનિર્જરાના પુણ્યથી સૌને શાતા પણ સુંદર રહી. સુરતના એક તાપીપુત્ર એ પ્રશ્ન કર્યો: 'સાહેબજી, હવે તો ઘરે-ઘરે રેડિયો આવવા માંડ્યા છે. તેમાં સમયે-સમયે ધાર્મિક પ્રવચનો પણ ઘેર બેઠા સાંભળવા મળે છે. તો ઘરેથી બે-ચાર માઇલ દૂરના ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા આવવું કે કોઇ વધુ હિંસાદિ કર્યા વગર ઘરે બેઠા જ પ્રવચન સાંભળવા?' એ પ્રશ્ન સાંભળી સાહેબજી તેમનું ટ્રેડમાર્ક સમું સ્મિત રેલાવતાં બોલ્યા:

'રેડિયો ઉપર પ્રવચન સાંભળવાથી ઉપાશ્રયનું વાતાવરણ, ગુરુદેવનું કરુણાસભર અસ્તિત્વનું તેજપુંજ વગેરે ન મળે. ગુરુદેવ સભાની કક્ષા ને રૂચિ પ્રમાણે પ્રવચન દે. પ્રશ્નોના પણ જવાબ મળે. વ્યાખ્યાતાના હૃદયમાં શ્રોતાઓને જિનશાસનના રસીયા બનાવવાની શુદ્ધ ભાવના રમતી હોય. ઘરે હો ને મહેમાન આવે કે બાળક રડે ત્યારે વચ્ચે વિક્ષેપ પડે. અહીં અનુસંધાન માટે ફક્ત આંખ-કાનની એકાગ્રતા જ જરૂરી. સમ્મેતશિખરની યાત્રાએ જઇને ત્યાં તમે આરાધના કરો અને તેના ફોટા કે પટ સામે કરો તે બંનેમાં શું એક સરખા ભાવ હોય છે?

અહીં જે શિસ્ત, અહોભાવ અને વિવેકપૂર્ણ રીતે શ્રવણ થાય તે રીતે ઘરે શક્ય બને ખરું? વળી અહીં સમાન રુચિવાળા સાધર્મિકોના સાથે બેસીને સાંભળવાથી સામુહિક ઊર્જા જે ઉત્પન્ન થઇ હોય તેની વિધેયક અસર પણ આત્મા ઉપર ઊંડા સંસ્કાર પાડે. હવે તમારે જ નક્કી કરવાનું રહે કે વ્યાખ્યાન ક્યાં સાંભળવા?'' સુરતના સરળ સભાજનોને આ વાત શીરાની જેમ ગળે ઉતરી ગઇ.

સુરતની છાપરીયા શેરીમાં મહોત્સવ ચાલે. તેમાં શાંતિસ્નાત્રમાં પધારવા માટે સાહેબજીએ કહેણ મોકલ્યું ગોપીપુરાના વાડીના ઉપાશ્રયમાં બિરાજીત આચાર્ય ભગવંતશ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજાને. આ સમયે પક્ષીય મતભેદ વૈમનસ્યનું વિકૃત રૂપ ધારણ કરી ચૂકેલો. પરંતુ પંન્યાસજી મહારાજ જેનું નામ! શાસનની શોભા વધારવા અને ઉચ્ચપદે બિરાજતા વડીલ મહાત્માઓની નિશ્રા પામવા તેમને એ જરૂરી લાગ્યું. તેમના મૈત્રીભાવથી પ્રેરાઇને વિશાળ શિષ્ય સમુદાયધારક આચાર્યશ્રીએ પણ અહીં પધારીને આત્મીયતામાં વૃદ્ધિ કરી. ત્યાં તો સમય આવી ગયો પંન્યાસશ્રીજીના વળામણાંનો. ફરી એક વધુ ચોમાસુ પૂર્ણ થયું હતું અને નિરાસક્ત ભાવે સુરત શહેર, ઉપાશ્રય, ભક્તજનો અને એ ભગવાન... સૌને છોડીને નીકળી પડવાનું હતું અજાણી કેડીઓ ઉપર. અજાણ્યા માણસો વચ્ચે. મુમુક્ષુઓને માર્ગદર્શન આપતા સ્વોપકારી પરિપક્વ સાધના કરવા.

૪ વર્ષનો એક ધીરજ નામનો બાળક સાહેબજી પાસે ઉભા રહી એમ વિચારે કે આ...ટલા ઉંચા કોઇ કેવી રીતે હોય શકે? વળી તેઓના લાંબા હાથથી પણ અંજાઇ જઇ એકવાર પૂછી બેઠો: 'તમારા હાથ ગોઠણથી નીચે સુધી કેવી રીતે આવી શકે છે? અમારા કોઇના ય હાથ તો એટલા લાંબા નથી.'

એ જ બાળક જ્યારે ૭ વર્ષનો થયો ત્યારે ચાર જ મહિનામાં લઘુશાંતિ સ્તોત્ર સુધી પહોંચી જવાય તેવો અભ્યાસક્રમ સાહેબજીએ ગોઠવી દીધો. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી દાદાગુરુએ જ્યારે તે બાળક સાડા સાત વર્ષનો થયો, ત્યારે મહા સુદ આઠમ, સંવત ૨૦૦૮ (ઇ.સ.૧૯૫૨)ના દિને ઝઘડીયામાં તેને તેના માતા-પિતા સાથે દીક્ષા આપી. બાલમુનિ ઓળખાયા મુનિશ્રી ધુરંધરવિજયજી તરીકે અને સાધક પિતા મોતીલાલભાઇનું નામ પડ્યું મુનિશ્રી મહાયશવિજયજી મહારાજ. 'બાળદીક્ષા પ્રતિબંધ ધારા' સામે થઇ શકાય તેવું વીર્ય ફોરવાયેલું એ બાળમુનિમાં. તેથી જ્યારે સંસારમાં પાછા લઇ જવાની વાત આવી તો સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું: 'હું નહીં આવું.' તેની દૃઢતા જોઇને તેના દાદા પણ સ્તબ્ધ થઇ ગયા. સાહેબજીની આંગળી પકડી એ પછી સમુદાયના આ પ્રથમ બાળમુનિરાજ વરઘોડામાં સૌની આગળ ચાલતા હોય તો સાહેબજીની કમરથી પણ નીચે પહોંચે તેટલી જ હતી ત્યારે તેઓની ઊંચાઇ!

ગુજરાતના સિનોર સંઘની આગ્રહભરી વિનંતીથી સંવત ૨૦૦૮ (ઇ.સ.૧૯૫૨)નું ચાતુર્માસ નક્કી થયું સિનોરમાં. નાના અજાણ્યા અનેક ગામોમાં રોકાતા અને જિજ્ઞાસુઓને તૃપ્ત કરતા તેઓ પોતાના જૂથ સહ સમયથી થોડા વહેલા સિનોર પહોંચી ગયા.

વડોદરા જિલ્લાનું જૂનું 'સૈન્યપુર' એવું આ ગામ પોતાના સંસારી પિતાશ્રીના ગમતા સાહિત્યકાર શ્રી ર.વ.દેસાઇના જન્મસ્થાન તરીકે સાહેબજીને પરિચિત હતું. વળી થોડા વખતથી મોટા ધાર્મિક પ્રસંગોમાં બહારગામથી જો બેન્ડવાજાવાળાને બોલાવ્યા હોય તો તે બેન્ડ સિનોરનું જ હોય તેમ કહેવાય. ગામના બે પ્રાચીન દેરાસરે પહોંચતા પૂર્વે સમુહ પસાર થયો નર્મદા સમીપ આવેલા અનેક હિન્દુ-મુસ્લિમ વિસ્તારોમાંથી. એમાં બુસા ફળિયા, દેવ ફળી, રાણા વાસ, નાની ભાગોળ, ટીંબા ફળિયું, રબારી વાડ, નાગરવાડા, પોપટ શેરી, ભટ્ટ શેરી, અધિભાગ, ચારભાગ ઉપરાંત મચ્છીવાડ પણ ખરો. નગરજનો સુલેહથી જીવન પસાર કરતા દેખાયા. વળી અન્ય ધર્મોના રામજી મંદિર, ગણેશ મંદિર, ભદ્રેશ્વર મંદિર, રોહિણેશ્વર અને કૃષ્ણેશ્વર મંદિરોની બાજુમાંથી પસાર થતા પૂજ્ય પંન્યાસજી મહારાજે વિચાર્યું કે:

'અહીંના લોકો સમુચિતપણે સર્વ સંગે સંવાદ સાધી પોતાની સુજનતાનો પરિચય આપતા અમોને જોઇને તરત ખસી જઇને હાથ જોડી માર્ગ કરી આપે છે. જે નગરજનોના હૈયામાં ધર્મ વસતો હોય છે, તેના પરિસરમાં... અરે ત્યાંની કોયલની કૂકમાં પણ વિવાદ કે વિખવાદ નહીં, સંવાદ જ સંભળાતો હોય છે!' કોઠાના અનેક વૃક્ષો પાસે થઇને પંન્યાસશ્રીજી મહારાજ નર્મદા નદીને કિનારે જ આવેલા સોહામણા ઉપાશ્રયે પોતાના જૂથ સહ પહોંચી સરખી રીતે ગોઠવાયા.

સંઘજનોએ બહુમાનપૂર્વક આવકારીને એક પ્રશ્ન ઉપસ્થિત થયો હતો તેની તુરંત વાત કરી. તે વેળાએ પંજાબકેસરી આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજી મહારાજ સિનોર પધારનાર હતા. પરંતુ સંઘના અમુક ભાઇઓમાં મતભેદ થયેલો કે તેઓ 'આપણા મહારાજ' ન હોવાથી તેઓનું સામૈયું કરવાની જરૂર નથી. આખી વાત સાંભળીને બંને વર્ગના ભાઇઓને શાંતિથી બેસાડયા. આ એ જ આત્માની વાત હતી જેમનો જન્મ સંવત ૧૯૨૭ (ઇ.સ.૧૮૭૦)માં શ્રી દીપચંદભાઇ તથા ઈચ્છાબેનના પુત્ર છગન તરીકે વડોદરામાં થયો. માતા-પિતા બંને નાની ઉંમરે જ અવસાન પામેલા.

કિશોરવયે વડોદરાની જાની શેરીમાં પ્રથમ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી સાથે તેમનો મેળાપ થયો. પછી ફક્ત ૧૭ વર્ષની ઉંમરે તેઓના શિષ્ય હર્ષવિજયજી મહારાજના શિષ્ય તરીકે તેમણે દીક્ષા લીધી. સાડા ત્રણ દાયકા સુધી બહુધા પંજાબમાં રહી શિક્ષણ ને સેવાના કાર્યો કર્યા. ઇ.સ.૧૯૨૪માં લાહોરમાં પૂજ્ય આચાર્યશ્રી સુમંતવિજયસૂરીશ્વરજીના હસ્તે તેઓને આચાર્યની પદવી મળી.

સંઘે તો તેમને 'પટ્ટધર'ની પદવી પણ એનાયત કરી. ભારત સ્વતંત્ર થયું ત્યારે સૌ જૈન સંઘોને ભાગલા પછીના પાકીસ્તાનમાં રહી ગયેલા અનેક મુનિવરો સાથે તેમની પણ ખૂબ ચિંતા થતી હતી. ત્યાં જ સમાચાર મળેલા કે ગુજરાનવાલા વિસ્તારમાં રહેલા આ પંજાબકેસરી આચાર્ય મહારાજે ભારત સરકારે ગોઠવણી કરેલ હવાઇ જહાજમાં બેસીને ભારત આવવાની ચોખ્ખી ના પાડી હતી અને હવે જૈન મુનિવરો ને સાધર્મિકો સહ વિહાર કરીને તેઓ વાઘા બોર્ડર પાર કરીને નિર્વિઘ્ને ભારત પ્રવેશી ગયા છે.

આ વાતોથી પૂર્ણ ભિજ્ઞ એવા સાહેબજીએ સૌને કહ્યું કે: "હિન્દી, ગુજરાતી, પંજાબી ભાષામાં તેમણે કરેલ વિવિધ વિષયોના અનેરા કસાહિત્ય સર્જનમાંથી જરૂર ખ્યાલ આવે છે કે તેઓ આપણા જિનશાસનના મહાપ્રભાવક છે. પંજાબની રૂપરમણીઓ વચ્ચે રહીને ય મહાન બ્રહ્મચારી તથા મહાન તપસ્વી રહ્યા છે. માટે તેઓનું સામૈયું તો થવું જ જોઇએ."

પંન્યાસજી મહારાજની આવી મૈત્રી સંપદામાં ઝંકૃત કરેલ મીઠી વાણી સાંભળી સહુને વિચાર આવ્યો: આ પંન્યાસજી મહારાજની ઉદારતાએ તો સ્વયં એમનો પોતાનો જ પરિચય કરાવી દીધો. એ પછી સિનોરના સંઘે પૂજ્ય આચાર્ય મહારાજનું ભાવભર્યું સામૈયું કર્યું. સકલ શ્રી સંઘ સાથે પૂજ્ય પંન્યાસજી મહારાજ પણ સામે ગયા. બંને નરબંકા મહાત્માઓએ એક જ પાટ ઉપરથી વ્યાખ્યાનો પણ કર્યા. આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજી સમુદાયના શિષ્યો પણ પૂજ્ય પંન્યાસજી મહારાજના હૃદયની આટલી વિશાળતા જોઇ અચરજ પામ્યા. આ અવસર પછી સિનોરના સંઘે પંન્યાસજી મહારાજનો ચાતુર્માસ પ્રવેશ પણ અપૂર્વ બહુમાન ને ભક્તિપૂર્વક કરાવ્યો. સમસ્ત સમયગાળા દરમ્યાન શ્રી સંઘને પંન્યાસજી મહારાજની વિદ્વત્તા, સરળતા અને નિરાભિમાનીતાના દર્શન થયા કર્યા. તેમણે આત્મસાત્ કરેલ મૈત્ર્યાદિ ભાવોનું ઉચિત પ્રતિબિંબ પ્રત્યેક પ્રવચનોમાં પડતું જોયું સૌએ. વળી સૌ શ્રવણ, કીર્તન, ચિંતન, વંદન, સેવન, ધ્યાન, લઘુતા, સમતા, એકતા સમી નવધા ભક્તિમાં લીન બની જતા ગયા તેઓની નિશ્રામાં.

'સુણતાં શ્રવણે અમી ઝરે...' ત્યારે સાથે રહેલા પેલા બાળમુનિશ્રી ધુરંધરવિજયજી પિતાતુલ્ય વ્યાખ્યાતા સાહેબજીના ખોળામાં નિદ્રાધીન થવાનો અધિકાર પણ ભોગવે. આ જોઇ કોઇ શ્રાવક જો પૂછે: 'સાહેબજી, તમને ખોળામાં વજન ન લાગે માટે આ નાના મહારાજને અંદર સૂવડાવી આવીએ?' તો ઉત્તર મળે: "તે ભલે સૂઇ ગયા છે પરંતુ ખૂલ્લા કાનમાંથી શબ્દો તો અંદર જતા જ હોય. તેનાથી ઊંડા સંસ્કાર પડે. માટે તેઓ ભલે રહ્યા અહીં."

સાહેબજી લાડકોડ તો કરે જ પણ કડકાઇ પણ એટલી જ રાખે બાળમુનિ પરત્વે. ચૈત્રી પૂનમના જીવનનો પ્રથમ ઉપવાસ કરી તેઓને પિત્ત ચડયું ને ઉલ્ટીઓ થવા માંડી તો ખોળામાં રાખી આખી રાત બેઠા રહ્યા સાહેબજી. સવારે પારણુ કરાવી જરા ઠીક થયા પછી જ પોતે નિત્યક્રમે વળગ્યા. વળી આ બાળમુનિની ઊંચાઇ તેની ઉંમરના પ્રમાણમાં ઓછી લાગતા ચોમાસામાં ઉપાશ્રયના અંદરના ઓરડામાં દોરડું બંધાવી તેમાં લટકવા આદેશ આપ્યો તેમણે. એકવાર તેમાં લટકી હીંચકા ખાતા-ખાતા દૂરે મેજ ઉપર પડેલ પુસ્તકને બાળમુનિનો પગ સ્હેજ અડી ગયો. પંન્યાસજી મહારાજ ક્યારેય ગુસ્સો ન કરે. ક્યારેક કહ્યા વગર ચાલે તેમ જ નથી એવુ લાગે તો જ વાંકમાં આવનારને સ્હેજ ઊંચા સાદે બોલવું પડે. ક્યારેય આકરાં ન થનાર સાહેબજીએ મોટા અવાજે સમજાવતા કહ્યું: "જ્ઞાનને પગ ન લગાડાય એટલી સમજ નથી પડતી આઠ વર્ષે ય હજુ?" સહુ તેમના આ જ્ઞાન બહુમાનને વંદી રહ્યા.





ઈ.સ.૧૯૫૨માં વડોદરા જિલ્લાના સિનોરમાં ચાતુર્માસાર્થે રહેવાનું થયું. મૈત્રીસંપદામાં ઝંકૃત કરેલ પૂજ્ય પંન્યાસજી મહારાજની મીઠી વાણી રેવા નદીને કિનારે રમણીય જિનવર ચૈત્ય પરિસર ખળખળ વહી.

'સુણતાં શ્રવણે અમી ઝરે...' એવી દેશનાથી ભીંજાયા અન્ય શ્રમણો સાથે ૮ વર્ષના બાળમુનિશ્રી પણ. શબ્દકોષ નહીં કિન્તુ હૃદયકોષથી નિસરી સાહેબજીના મુખેથી નવકારમંત્ર વિશેની અમૂલ્ય ચિંતન અનુપ્રેક્ષા.

એ જ સાહેબજીએ શરૂમાં જ વર્ધમાન તપનો પાયો નંખાવી આ બાળમુનિ પાસે છેલ્લા અઠ્ઠમમાં સરસ્વતી દેવીના બીજમંત્રનો ૧ લાખનો જાપ કરાવ્યો આ સિનોરમાં જ. વાગ્બીજ પછી દિવાળી ઉપર માયાબીજના ૧ લાખ મંત્ર વખતે તો એક જ દિવસમાં કલાકની ૪૧ માળા લેખે તેમણે તે જાપ ૨૪ કલાકમાં જ પૂરો કરાવી તેમના આત્માના હિત માટે કઠણ પુરુષાર્થ કર્યો.

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી જ્યારે દેરાસરમાં પરમાત્મા સમક્ષ ધ્યાનલીન હોય ત્યારે ખલેલ ન પડે તેમ અનેક મુમુક્ષુઓ સ્હેજ દૂર આવીને બેસી ગયા હોય. સૌ બંધ આંખે તેઓના એકત્વભાવનો પારસ સ્પર્શ માણે. અહીં સ્વરથી જિનેશ્વર સુધી જવાનો રાજમાર્ગ જાણે ખૂલી જાય. ભાવો દ્વારા પણ ભાવાતીત કેમ થવાય તે અનુભૂતિનો મેળાપ થાય અહીં. ને પછી દિવસ આખ્ખો ય તે ભાવ અનાહત નાદ થઇને પરાવર્તિત થાય દરેક કાર્યમાં ત્યારે સૌના સાતે કોઠે દીવા પ્રગટી ઊઠે! તેઓ માટે ધર્મારાધના એટલે શુદ્ધ આત્મસ્વભાવની આરાધના. આત્મસ્વરૂપની પળેપળની સ્મૃતિ તે જ સાધના. સહુની અંદર પડેલી ગ્રંથિઓને તોડનાર નિર્ગ્રંથ એવા શ્રી પંન્યાસજી મહારાજે સહુને શાશ્વત પદના ભોક્તા અને અવ્યાબાધ સુખના સ્વામી બનવાના આત્મિક અધિકારથી વાકેફ કરાવ્યા આ સાડા ચાર મહિનામાં.

ચોમાસુ પૂર્ણ થયું ને ફરી મુંબઇનો શ્રી લાલબાગ જૈન સંઘ જઇ ઊભો પૂજ્ય પંન્યાસજી મહારાજ સમીપ. સંવત ૨૦૦૯ (ઇ.સ.૧૯૫૩)નું ચોમાસુ તેઓને ત્યાં થાય તેવી ફરી જોરદાર માંગણી મૂકી. મોહમયી એવી મુંબઇ નગરીમાં હવે આવવાની અનિચ્છા છતાં પૂજ્યોની આજ્ઞાને શિરોમાન્ય કરી વિહાર પરત્વેના અતિ આદરપૂર્વક જૂથ સમેત સાહેબજીએ પ્રસ્થાન કર્યું.

રાહમાં ડામરની સડકની ધાર ઉપર ચાલતા જોઇ નાના મહાત્માઓને પંન્યાસજી મહારાજે ટકોર કરી: ''આપણા વિહારો એ શાસનની વિશિષ્ટતા છે. પરંતુ ઉઘાડા પગે જ્યારે ડામરની સડક ઉપર ચાલતા હો છો ત્યારે ડામરને કારણે પગના તળિયાં ઘસાય છે તેની માઠી અસર ફક્ત તળિયાના જીવંત કોષોને જ નહીં, પરંતુ તે ઠેઠ બ્રહ્મરન્ધ્ર સુધી ફેલાઇને આપણી ધારણા ને ધ્યાન શક્તિને મંદ પાડી દઇને અષ્ટાંગ યોગ સાધવામાં પણ નડતરરૂપ બને છે. માટે અપવાદરૂપ સંયોગો સિવાય ડામરની સડક ઉપર ચાલવું નહીં. વિહારથી કર્મનિર્જરા તથા જિનોપદેશ પ્રભાવનાની ઉત્તમ તક મળે છે. આથી સાધુતાનું તેજ ઝાંખુ પાડે તેવું કાર્ય કરતી આ ડામરની સડક છોડીને માટીની પગદંડી પર ચાલવાથી સ્વાસ્થ્યનું તો રક્ષણ થાય જ છે, ઉપરાંત પ્રતિકૂળતાને સમભાવે સહન કરનાર સાધુના પગલે જંગલમાં પણ મંગલ થાય છે.'' સહુ સહવર્તી શ્રમણો આવી મર્મસભર વાત સૂણી અચંબિત બન્યા.

લોકોત્તર શાસન માટેના રાગી જ આવી ઋજુ વાતને આટલી ઝીણી દ્રષ્ટિપૂર્વક જોઇને આમ કહી શકે. તેમની ઉન્નત, ઊર્ધ્વદર્શી અને સુદૂરગામી આ દ્રષ્ટિને કારણે અનેક આત્માઓને વિહારમાં પણ તેઓનું નિ:સ્વાર્થ માર્ગદર્શન મળતું રહ્યું અને આમ મુંબઇ આવી ગયું ઢુંકડું!

સાહેબજી લાલબાગ ઉપાશ્રયે પધાર્યા ત્યારે સંઘમાં આનંદ-આનંદ વરતાઇ રહ્યો. સૌનો ઉમળકો, અહોભાવ અને આદર જોઇ સાથેનો સમુહ પણ હર્ષિત થયો. ઇ.સ.૧૯૫૨ના એ સમયમાં ટાટા કંપનીના થોડા વાહનો રસ્તા ઉપર પૂરઝડપે દોડતા થઇ ગયેલા. શ્રી જવાહરલાલ નહેરુએ જે પ્રથમ સરકાર રચેલી તેમાં લોકસભાના પ્રથમ સ્પીકર તરીકે શ્રી જી.વી.માવળંકરજી આવ્યા હતા. એમાં જ્યારે ૩૦ મે, ૧૯૫૨ના દિવસે પ્રથમ સામાન્ય ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસે મેદાન માર્યું ત્યારે નહેરુજીની સરાહના થઇ દેશના દરેક ખૂણે. જો કે આ સર્વ બીનાથી અલિપ્ત રહેલા શ્રી પંન્યાસજી મહારાજને મહાપ્રજ્ઞાવાન શ્રી પરમહંસ યોગાનંદજીના મૃત્યુની જરૂર અસર થઇ. જીવન ખરે જ પત્ર ઉપરના ઓસબિંદુ જેવું છે અને ખૂબ થોડા જ સમયમાં આત્મોત્થાનનું કાર્ય કરી લેવા જેવું છે તે વિચાર વધારે દઢ બનતો ગયો.

લાલબાગના ચાતુર્માસમાં પૂજ્ય પંન્યાસજી મહારાજની ખ્યાતિ સાંભળી એકવાર એક વરિષ્ઠ રાજકારણી શ્રી દામજીભાઇ પધાર્યા. પ્રણામ કરી પ્રશસ્તિ સહિતનો પોતાનો પરિચય આપ્યો. સાહેબજીએ તો પોતાનો કિંમતી સમય વધુ ન વેડફાય માટે સીધું પૂછી જ લીધું: "તમે કોઇ કામે પધાર્યા હોય તો કહો." એમણે પોતાની કફનીના કોલર સરખા કરતા કહ્યું: 'આપ રજા આપો તો શ્રી મોરારજીભાઇ દેસાઇને આપની પાસે લઇ આવું. મારે એમની સાથે ઘર જેવો સંબંધ છે.' આ સુણી તેઓના સ્વાગત માટે પધારેલ સંઘના ભાઇઓ તો પ્રભાવિત થઇ ગયા. શ્રી મોરારજીભાઇ તે વખતના મુંબઇ રાજ્યના મંત્રી હતા. તેમની સાથે આટલો ઘરોબો હોય તો તેઓ કેટલા વગદાર હશે તે સહજ કલ્પનીય હતું. જવાબમાં પંન્યાસજી મહારાજે નમ્રતાપૂર્વક કહ્યું: "હું તો રહ્યો પરમેષ્ઠીનો ઉપાસક. પણ જો ક્યારેક તેઓ કોઇ જાતની મૂંઝવણમાં મૂકાઇ જાય અને ત્યારે કોઇના આધ્યાત્મિક માર્ગદર્શનની જરૂર લાગતા વિવશ થઇને પૂછે કે આટલામાં એવા કોઇ સાધુ-સંત છે, જે મારી મૂંઝવણ દૂર કરી શકે? તે અવસરે આપ એમને જરૂર અહીં લઇ આવજો." સક્રિય રાજકારણી દામજીભાઇ તો સાહેબજીની આ નિસ્પૃહતાથી અંજાઇને વંદી રહ્યા.

गुणाः सर्वत्र पूज्यन्ते, दूरेऽपि वसतां सताम् ।
केतकीगन्धमाघ्रातुं, स्वयं गच्छन्ति षट्पदाः ॥
- कलिकालसर्वज्ञश्री हेमचंद्राचार्यजी

સુગંધીદાર કેતકીનાં પુષ્પોને ક્યાંય જવાની જરૂર હોતી નથી. તેની સુગંધથી જ પ્રેરાઇને ભમરાઓ તેઓની સમીપ આવે છે. તે જ રીતે સજ્જનો દૂર નિવાસ કરતા હોવા છતાં ગુણથી સર્વત્ર પૂજાય છે.

સાહેબજીની એકાવનમી ઓળી લાલબાગમાં પૂરી થઇ ત્યારે તેમનો અવાજ બેસી ગયો. સંઘ ચિંતાગ્રસ્ત થયો પરંતુ વડાલાના એક નિપૂણ વૈદ્યરાજની સારવારથી તે જલ્દી પાછો આવી જતા સૌને હાશ થઇ.

પૂજ્ય પંન્યાસજી મહારાજના સાંન્નિધ્યમાં જે કોઇ આવ્યા તેઓ સાધનાલક્ષી જીવન તરફ વળ્યા. કાંઇક પામીને જ ગયા. અષાઢ સુદ પૂનમથી કારતક સુદ પૂનમનો સમયખંડ જાણે પલકવારમાં વહી ગયો.

ઠાણાઓઠાણં પછી મુંબઇના અલગ-અલગ પરાંઓમાંથી આવતી વિનંતીઓને કારણે વિહાર થતો રહ્યો. એક પાવન પળે સંવત ૨૦૧૦ (ઇ.સ.૧૯૫૪)ના ચોમાસાની જય બોલાઇ મુંબઇના ફોર્ટ સંઘમાં. સમુહ મોટો થયો હતો. સૌને પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં ફોર્ટમાં ચાતુર્માસ કરવાનું મન હતું પણ ગોઠવણી કરતા સાહેબજીએ જણાવ્યું:

''જે રોજ એકાસણા કે આયંબીલ કરશે તે ફોર્ટમાં આવી શકશે. બીજાઓને સાયન વગેરે સ્થળે રહેવાનું થશે.'' આ સાંભળી નિકટવર્તી મહાત્માશ્રી જયભદ્રવિજયજીએ પૃચ્છા કરી: 'સાહેબજી, હું શું કરું?' જવાબ મળ્યો: ''જો નવકારશી કરવી હોય તો સાયન જવું પડશે.'' તપમાં મહાત્માઓને જાગૃત રાખવાની નેમ હતી તેઓની.

તપः तनोति तेजांसि । તપથી તેજ વધે છે.

Fast of the body is the feast of the soul.

नाणेण जाणई भावे दंसणेण य सद्दहे ।
चरित्तेण तु गिण्हाई तवेण परिसुज्झई ॥२८-३५॥
– उत्तराध्ययन सूत्र

મનુષ્ય જ્ઞાનથી પદાર્થને જાણે છે, દર્શનથી તેના ઉપર શ્રદ્ધા રાખે છે,
ચરિત્રથી નિગ્રહ કરે છે અને તપથી પરિશુદ્ધ થાય છે.

“ 'હું' એટલે ભવિજીવને મોક્ષ જવા આડે આવતો મોટો શત્રુ. 'હું' ને સાથે લઇને કોઇ મોક્ષમાં ગયું નથી. 'હું' ની સાથે કોઇ મોક્ષમાં જવાનું નથી. માટે આ મહામૂલા મનુષ્ય જીવન મધ્યે 'હું' ને જેટલા જલ્દી છોડીએ, મોક્ષ એટલું જ નજદીક આવે. ”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૯ | અશ્રુતપૂર્વ સારસ્વત

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

અષાઢ મહિનાની વહેલી સવારે પહેલો વરસાદ પૂર્ણ થયા પછી થોડી વારે ફોર્ટ તરફનો વિહાર શરુ કરતા પૂર્વે સૌ દેરાસર ગયા. રસ્તે જોયું કે રસ્તાના ખાડા તો હવે ખાબોચિયા બની ગયા છે. માટીની સુગંધ ઠંડી હવામાં આહ્લાદ્ ઉમેરે છે. ત્યાં જ... ભગવો રંગ દેખાયો પૂર્વમાં ને સૂર્યોદય થયો. પથ વધુ ચોખ્ખો દેખાવા લાગ્યો. ઇરિયાવહીપૂર્વક વિહાર કરતા પંન્યાસજી મહારાજને સુંદર અનુપ્રેક્ષા જન્મી: 'ખાબોચિયામાં જે જળ ભરાયેલું તે ડહોળું થયું છે પરંતુ તેમાં પડતું સૂર્યનું પ્રતિબિંબ તો સ્વચ્છ ને નિર્મળ જ દેખાય છે. આમ પાણી ગંદુ હોઇ શકે - મૂળ વસ્તુ કદી અસ્વચ્છ ન થાય'.

તે દિવસના વિહારમાં તે કૃતજ્ઞ આત્માએ વરસાદનો ને બાલરવિનો હૃદયથી ઉપકાર માન્યો - પોતાને આ સત્યની અનુભૂતિ કરાવવા માટે!

શુભમંગલ મુહૂર્તે ફોર્ટમાં સંવત ૨૦૧૦ (ઇ.સ.૧૯૫૪)નો ચાતુર્માસ પ્રવેશ થયો. મુંબઇના કેન્દ્ર સમો આ વિસ્તાર બીજા વિસ્તારોથી અનેક રીતે અલગ પડે. ગોથીક ને વિક્ટોરીય બાંધણીવાળા મકાનો પરિસરને ભવ્યતા બક્ષે. ઘોડાગાડી, ટ્રામ, પાલખીઓ હજુ પરિવહન માટે વપરાય. વહીવટી અને વેપારી પ્રવૃત્તિઓના ધમધમાટ ઉપરાંત આ વર્ષે મુંબઇ સ્ટોક એક્સચેન્જ પણ અહીં જ સ્થપાયુ. જહાંગીર આર્ટ ગેલેરી, પ્રીન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, રાજાબાઇ ટાવર કે ફ્લોરા ફાઉન્ટન જોવા માટે મુંબઇના દૂરના પરાંઓ ને તદુપરાંત ભારતભર કે વિદેશોમાંથી પણ લોકો અહીં આવે. પર્યટકોને સેંટ થોમસ ચર્ચનું પણ આકર્ષણ રહે. એ ચર્ચના કમાનવાળા દરવાજાને કારણે જ આ વિસ્તાર 'ચર્ચગેટ' કહેવાયો.

મુંબઇ કોર્પોરેશનનું મકાન અહીં થતા રાજકીય ગરમી વરતાઇ. શ્રી મોરારજીભાઇ દેસાઇ અહીં નવનિર્મિત ખાદી ભંડારના ઉદ્ઘાટનમાં આવ્યા ત્યારે સર જમશેદજી જીજીભોયની ઘરની સુસંસ્કૃત નારીઓ ચાર માણસો દ્વારા ઊંચકાવેલી પાલખીમાં તથા ઘોડાગાડીમાં બેસીને જ આવ્યા. ઇ.સ.૧૮૫૭ થી સ્થાપિત 'યુનિવર્સિટી ઑફ બોમ્બે'નું સ્થાપત્ય જોવા પણ લોકો ફોર્ટમાં પધારે. તેનું પુસ્તકાલય, કોન્વોકેશન હોલ તથા રમતગમત ને સાંસ્કૃતિક કળાઓને અપાતું પ્રોત્સાહન અહીંના 'એલીટ ક્લાસ'ને આકર્ષે.

જે.જે.સ્કૂલ ઓફ આર્ટમાં સાંજે વર્ગો ચાલે તેમાં શ્રી ભૂપેન ખખ્ખર જેવા ચિત્રકારો તથા કલાપારખુઓ ભણીને તૈયાર થાય. હાઇકોર્ટ પણ થઇ ગઇ હતી આ ફોર્ટમાં. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો, વેપારીઓ, કલાકારો, રાજકારણીઓ અને પર્યટકોના આવાગમનથી આ વિસ્તારમાં ચહલપહલ સૌથી વધુ રહે.

પૂજ્ય પંન્યાસજી મહારાજને શ્રાવકોના ઘરે વહોરવા, પગલા કરવા કે આજુબાજુના દેરાસરોમાં દર્શન કરવા જતા અહીંના રસ્તાઓના નામ વંચાય. એમાં એક માર્ગ નજરે પડયો: 'શ્રી વાલચંદ હીરાચંદ માર્ગ'. સાથે રહેલ મહાત્માએ પૂછયું કે: 'સાહેબજી, આ વિસ્તારના મહાત્મા ગાંધી રોડ કે શહીદ ભગતસિંહ માર્ગ તો જાણે બરાબર, પણ આ વાલચંદ હીરાચંદ માર્ગના પ્રણેતા કોણ હશે?'

સાહેબજીએ ઉત્તરમાં પ્રશ્નકર્તાની જિજ્ઞાસા સંતોષતા કહ્યું કે:

''એક દિગંબર જૈન દોશી ગુજરાતી પરિવાર, જે પૂર્વે વાંકાનેર (ગુજરાત)માં રહે. તે પછી સોલાપુર અને મુંબઇ આવીને વસ્યો. પહેલેથી જ કપાસ ને પૈસા ધિરધારમાં અગ્રક્રમી. તેના દિકરા વાલચંદને પારિવારિક વ્યાપારમાં જોડાયાના થોડા જ વખતમાં ખબર પડી ગઇ કે એને કાંઇક જુદું કરવુ હતુ. તેથી પહેલા તો એક રેલ્વે કોન્ટ્રાક્ટર બન્યા. પણ એ પછી તેમણે ભારતના સૌ પ્રથમ શીપયાર્ડ, એરક્રાફ્ટ, મોટરકાર (પ્રીમીયર કંપની), સ્વદેશી સ્ટીમર કંપની, શુગર ફેક્ટરીઓ માટે શેરડી ઉત્પાદન, રાવલગાંવ ચોક્લેટ ફેક્ટરી, બાંધકામ માટે હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની આદિ વિવિધ ક્ષેત્રોમાં પદાર્પણ કર્યું. આના ઉપરથી બોધપાઠ લેવાનો છે કે એક માણસ જો ધારે તો શું ન કરી શકે? સ્વપુરુષાર્થથી શું શક્ય નથી?

ભૌતિક વિશ્વમાં હજારો બીજા નડતરો વીંધીને દસ-વીસ વર્ષમાં જો આટલી પ્રગતિ એક માનવી કરી શકે તો આધ્યાત્મિક વિશ્વમાં ફક્ત આંતરિક વિઘ્નો સામે લડીને શું આપણે મોક્ષના ગંતવ્ય સ્થાને ન પહોંચી શકીએ? ટાંચા સાધનો અને સ્વતંત્રતા પછીના શરુના સંઘર્ષકાળમાં ય તેઓ જો આટલી ઉપલબ્ધિઓ મેળવી શક્યા તો આપણને સાધુ સમુદાયને તો કોઇ બાહ્ય સાધનોની જરૂર જ નથી કે નથી એવો કોઇ આપણે સંઘર્ષ કરતા. આ સંઘ આપણી એટલી કાળજી કરે છે, પોષણ કરે છે, સાજે-માંદે દેખભાળ કરે છે, કહીએ તે ગ્રંથો લાવી આપે છે. તો પછી આપણે ઉપકાર બુદ્ધિથી રોજ એક-બે કલાક વ્યાખ્યાન આપવા સિવાયનો બધો જ સમય શા માટે જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય, તપ ઈત્યાદિ પુષ્ટ કરવામા ના વાપરીએ? જો આ વેશ ધારણ કરી, પંચમહાવ્રતો ગ્રહણ કરીને હવે પ્રમાદ સેવીએ તો એ જિનશાસનનો અપરાધ જ છે.''

ફોર્ટથી રમકડા જેવા નાના મહારાજની ખબર કાઢવા દર પંદર દિવસે સાહેબજી વડાલાના ઉપાશ્રયમાં જાય. વળી સાથે રહેલા તેઓના બાપા મહારાજને પૂછી પણ લે કે:

''તમારી નિશ્રા હેઠળ અપ્રમત્તપણે આ બાળમુનિ સ્વાધ્યાયમાં આગળ વધી તો રહ્યા છે ને?''

વળી સૌને ભારોભાર હિતશિક્ષા આપીને જ પરત ફરે. સૌ સમજે કે મારા દીક્ષાગુરુ જ સૌમાં શ્રેષ્ઠ છે. નાના મહારાજ અહીં ભણે ને રમે. આયંબીલની ઓળી યે કરે. એક સાથે ૧૨ કલાક સુધી પદ્માસનમાં બેસી જાપ કરી શકે તેવું આસન પણ સિદ્ધ કર્યું તેમણે. પ્રાકૃત ગ્રંથોના વાંચન, શીઘ્ર કાવ્યની સ્ફૂરણા કે પૂર્વસૂરીઓની કૃતિઓના અનુવાદની વાત હોય - સૌ તેમનામાં આરોપાયેલો પૂજ્ય પંન્યાસજી મહારાજનો પરિશ્રમ ફળીભૂત થયેલો જોઇ શકે. હસ્તલિખિત પ્રતોના સંશોધન કરતી વેળાએ તો અવશ્ય લાગે કે તેઓને પેલા વાગ્બીજમંત્રો અવશ્ય ફળ્યા છે.

ફોર્ટના ઉપાશ્રયમાં એકદા એક વિખ્યાત પત્રકારે આવીને પંન્યાસજી મહારાજને વાત કહી: 'હું ઘણા મુનિ ભગવંતોના ચાતુર્માસના અહેવાલો દૈનિક વર્તમાનપત્રોમાં પ્રગટ કરું છું. મહિને રૂપિયા ૫૦ જો મળતા રહે, તો આપનું ચાતુર્માસ હું મુંબઇમાં ગજવી શકીશ તેવી તાકાત ધરાવું છું.' પંન્યાસજી મહારાજે આ સાંભળીને કહ્યું: ''આ રીતે આપ જૈન શ્રમણોના પરિચયમાં આવો છો તો ક્યારેક તમને પણ આધ્યાત્મિક લાભ થશે. મહિનાના રૂપિયા ૫૦ લેખે હું આપને સાડાચાર મહિનાના રૂપિયા ૨૫૦ અપાવી દેવા જરૂરથી તૈયાર છું, પણ એક શરતે જ. અમારા ચાતુર્માસનો અહેવાલ ક્યારેય પણ છાપામાં પ્રગટ ન થાય તે તમારે જોવાનું.'' જે વખતે યશ અને નામના માટે પડાપડી થતી હોય ત્યારે પ્રશંસાથી પર રહેવાની તેમની અધ્યાત્મનિષ્ઠા જોઇ પત્રકાર પણ દિગ્મુઢ થઇ વંદન કરી રહ્યા. આવી વિરલ વિભૂતિના દર્શન કદાચ તેઓએ પ્રથમ વાર જ કર્યા હતા. શ્રી સંઘને આવા અનેક પ્રત્યક્ષ દ્રશ્યો અહોભાવ વૃદ્ધિના કારણ બને.

એકવાર વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ પણ રાધનપુરના એક શ્રેષ્ઠીવર્ય કંઇક ચિંતનમાં બેસી રહ્યા. તેથી સાહેબજીએ ધીમેકથી પૂછ્યું: ''કંઇ પૂછવું છે આપને?'' ખૂબ જ અલ્પ પ્રમાણમાં બોલતા આ યોગીને શેઠે દિલ ખોલી પોતાના ખટકની વાત કરી: 'મારો એકનો એક દીકરો દેરાસર કે શ્રમણો પાસે ઓછો જાય છે. તે ચિંતક-લેખક છે પણ નિયમ આદિ લેવાના ભાવ નથી. બાધા તો બંધન તોડાવનાર હોય છે. આ કરોડો રૂપિયા શું કામના જો મારા દિકરાને હું આપણા ધર્મમાર્ગે ન ચડાવી શકું તો?' સાહેબજીએ જવાબમાં ફક્ત એટલું જ કહ્યું: ''એકવાર એને અહીં આવવા મનાવી લેજો.'' જ્યારે પિતા એમને લઇ વંદનાર્થે આવ્યા ત્યારે સાહેબજીએ પહેલાં તો યુવાનને જ એકધારો સાંભળ્યો. ત્યાર પછી એના સોહામણા મુખ સામે જોઇ સાહેબજીએ સસ્નેહ કહ્યું: ''આ દુનિયામાં આજે કેટલાયે શાકાહારી માનવીઓ માંસાહાર કરે છે. એની અપેક્ષાએ કેટલાક જૈનો રાત્રિભોજન કરે છે તે ક્ષમ્ય ગણાય. સૌ સાચી વાત સમજશે એટલે જરૂર પ્રભુએ કહેલા ધર્મમાર્ગે વળી જશે. તારા પિતાજીને આ ભવ ઉપરાંત પછીના ભવો માટે ય તારી ઘણી ચિંતા છે. તું એક કામ કર ને. કાલથી તારા જીવનને પ્રાણપૂરક બનાવવા દરરોજ બિયાસણા કરતો થઇ જા. તે પછી પિતાજીને ફરિયાદનો મોકો જ નહીં રહે. રોજ દેરાસર જતો થઇ જઇશ, મિત્રો ય નહીં નડે ને તને આત્મચિંતન કરવા માટે ય સમય મળશે.''

ધનિક જુવાનના ગળે આ વાત ઉતરી ગઇ. દિકરાને પહેલા બિયાસણા અને પછી તો એકાસણા કરતો જોઇ શેઠ પણ ધન્ય બન્યા. યુવાને સમજણપૂર્વક ધર્મ આરાધવો શરુ કર્યો. સાહેબજીના પ્રવચનોમાંથી દરરોજ તેને એક વાક્ય અચૂક એવુ મળવા માંડયુ જેનાથી આગામી ચોવીસ કલાક આત્મચિંતન કરવા પ્રેરાય. ધીમે-ધીમે તેઓ નામાંકિત લેખક શ્રી વસંતલાલ કાંતીલાલ શાહ તરીકે પ્રસિદ્ધ થયા. અધ્યાત્મ વિષયક અનેક અનેરાં પુસ્તકો પણ પછી તેઓએ પ્રકાશિત કર્યા.

આચારાંગ સૂત્રમાં પ્રભુ ફરમાવે છે કે:

अणाणाओ ऐगे सोवट्ठाणा, आणाओ ऐगे निरुवट्ठाणा, ऐतं ते मा होतु ॥

કો'ક ભલે અનાજ્ઞામાં ઉદ્યમશીલ હોય,
બીજા ભલે આજ્ઞાધર્મમાં નિરુત્સાહી હોય. તને આવું ન હો!
(કારણ કે તું મારો વિશિષ્ટ પ્રીતિપાત્ર છો!)

ફોર્ટના ચાતુર્માસમાં એક જબરી ઘટના બની. આવકવેરા ખાતાના એક મોટા સ્થાનકવાસી ઓફિસર સાહેબજી પાસે રોજ બે કલાક સત્સંગ કરવા આવે. મૂળના સંસ્કાર એટલે મૂર્તિપૂજાના તેઓ જબરા વિરોધી. પંન્યાસજી મહારાજ ક્યારેય તેમને કહે નહીં કે તમે દેરાસર દર્શન કરવા જાઓ. આસો મહિનાની ઓળી તથા દિવાળીની આરાધના પણ તે ઓફિસરે સાહેબજીની નિશ્રામાં ખૂબ ભાવપૂર્વક કરી. એ પછી પંન્યાસજી મહારાજે તેમને પહેલી જ વાર સૂચન કર્યું:

''માટલિઆ સાહેબ, મારી એક વાત માનશો? તમે ફક્ત એકવાર શંખેશ્વર જઇને ત્યાંના પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિપૂજા કરો. બસ, ફક્ત એક જ વાર. પછી તમારી ઈચ્છા ના થાય તો ક્યારેય ના કરતા.''

એ સમયે શંખેશ્વર જવું અતિ દોહ્યલું હતુ. રોજ એક જ બસ આવે ને એ પણ ધૂળિયા રસ્તો મુંબઇથી વિરમગામ, શંખેશ્વર થઇ ૭ દિવસે પરત ફરી સીધા ગયા તેઓ તો પંન્યાસજી મહારાજ પાસે ને તેઓના ચરણોમાં ઢળી જ પડયા! સરોવર ભરાઇ જાય તેટલા આંસુ સારી તેઓ કહે: ''સાહેબજી, મને એ તીર્થમાં પ્રતીતિ થઇ ગઇ કે એ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ નથી, સાક્ષાત્ ભગવાન છે! બસ, હવે મને નિયમ આપી દો કે ક્યારેય હું ભગવાનની પૂજા કર્યા વિના મોઢામાં પાણી પણ ન નાખું.''

આવા કેટલાયે વિશિષ્ટ કર્મયોગ સાથે સાહેબજીનો જ્ઞાનયોગ ને ભક્તિયોગ રૂપ ફોર્ટના ચાતુર્માસનો કાળ સંપન્ન થયો. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે તેમ: ખરે જ, સંક્લેશ વિનાનું ચિત્ત એક રત્ન છે. તે છ ખંડનાં સામ્રાજ્યથી પણ ખરીદી શકાય એમ નથી.

चित्तरत्नमसंक्लिष्टमान्तरंधनमुच्यते ।

સંક્લેશવિહિન ચિત્તના વારસદાર સાહેબજી જ્યારે અરિહંત પરમાત્માના લોકોત્તર શાસનના સ્થિરીકરણ અને શાસ્ત્રાભ્યાસના ઊંડા ચિંતનમાં મૌનપણે ડૂબેલા દેખાય ત્યારે તેમની વિચારધારાનું મૌખુખ તો નવકાર જ હોય. એવા સમયે જે કોઇ તેમને દૂરથી જુએ તેને શ્રી મહાવીર પ્રભુને જ્ઞાતખંડ વનમાં ચિંતનરત થયેલા જોવાના અદર્શાનનું દુઃખ વિસરાઇ જાય!

સુવર્ણનો હાર ભલે એક જ હોય પરંતુ તે કોઇ સુવર્ણકારની કલાત્મક દ્રષ્ટિને પોષે, કોઇ રાજમાતાને તે રાજવી ઠાઠ બક્ષે, અન્ય સ્ત્રીને તે ઈર્ષ્યા કરાવી શકે અને કોઇ નવપરિણીત યુવાનને તેમાં પત્નીની સૌંદર્યવૃદ્ધિ કરાવતું તત્ત્વ લાગે! આમ વસ્તુ ભલે એક જ હોય – મતાંધતામાંથી બહાર નીકળવા માટે સ્યાદ્વાદ દ્રષ્ટિમાં પ્રવેશ કરવો. આગ્રહથી વિગ્રહ, પૂર્વગ્રહથી ઉપેક્ષા, પણ અનેકાંતથી જન્મે સમાધાન.

જેમ વીર પ્રભુ વિહાર કરતા-કરતા જ્યારે દીક્ષાના પ્રથમ ચાતુર્માસ પૂર્વે એકદા મોરાકસન્નિવેશમાં દુઇજ્જંત તાપસોના વિશાળ આશ્રમના કુલપતિની સ્નેહપૂર્ણ વિનંતીને ધ્યાનમાં લઇ ચાતુર્માસ કરવા રોકાયા, પરંતુ ભૂખી ગાયોથી પોતાની ઘાસની ઝૂંપડીની રક્ષા ન કરી શકવાના કારણે કુલપતિની નારાજગી જોતાં તેઓએ આશ્રમ છોડતા પહેલા પાંચ સંકલ્પ કરેલા કેઃ

૧. પ્રાયઃ મૌન રહેવું.
૨. કરપાત્ર વડે જ ભોજન કરવું.
૩. ગૃહસ્થોની ખુશામત કરવી નહીં.
૪. શ્રાવકોને અપ્રીતિ થાય તેવા સ્થળે ન રહેવું.
૫. ધ્યાનને અનુકૂળ જગ્યા શોધીને કાયમ ધ્યાનસ્થ જ રહેવું.

એ જ રીતે પંન્યાસજી મહારાજ પણ દીક્ષાના આ અજોડ ૨૩ વર્ષના સાધનાકાળમાં પ્રીતિપૂર્વક, ગૃહસ્થોની ખુશામત કર્યા-કરાવ્યા વિના પ્રાયઃ મૌનપૂર્વક, આયંબીલ વગેરે તપશ્ચર્યા કરતા અને બહુધા ધ્યાનસ્થ રહી સ્વ-પર કલ્યાણની આરાધનામાં જ વ્યસ્ત રહેતા દેખાયા. સેવકના ચિત્તમાં સ્વામી વસે એ તો ઘટિત છે પણ તેમના સ્વામીના ચિત્તમાં પણ આ સેવક રૂપી પંન્યાસજી મહારાજનું એક અસાધારણ સ્થાન હતું તે તેઓની આવી જ વિશિષ્ટ યોગ્યતાને કારણે!

ચાતુર્માસની પૂર્ણાહૂતિના દિવસે સર્વે મહાત્માઓને સાહેબજીએ કહ્યું:

"ચાતુર્માસ દરમ્યાન સંઘમાં થયેલ તપશ્ચર્યા, અનુષ્ઠાનો કે ઉજમણા આદિના આધાર ઉપર ચાતુર્માસની સફળતા ક્યારેય ન આંકવી. પરંતુ મહાત્માઓની આ જ ટૂકડી આ જ વડીલો સાથે ફરીથી બીજે ચોમાસુ કરવા સહર્ષ તૈયાર થઇ જાય તે જ છે વાસ્તવિક સફળતા. તેથી પરસ્પર સ્નેહ ને સહાયથી એકમેકના સ્વભાવને સ્વીકારીએ."

ફોર્ટનું ચાતુર્માસ પૂર્ણ થતા મુનિવરોએ વડાલા જવા પ્રયાણ કર્યું. ચાતુર્માસ પૂર્ણ થઇ ગયું હોવા છતા એ દિવસે એકાએક કાળા વાદળો ઉમટી આવ્યા ને વરસાદ વરસવો શરુ થઇ ગયો. સૌ રસ્તાની એક બંધ દુકાનના છજા નીચે ઉભા રહી ગયા. અડધા કલાકે ધોધમાર વરસીને બંધ પડયો વરસાદ. પંન્યાસજી મહારાજે તે છતા ય ચાલવાનું શરુ ન કરતા સાથે રહેલ એક મુનિ ભગવંતે પૂછ્યું:

'સાહેબ, હવે આજ્ઞા હોય તો ફરી વિહાર ચાલુ કરીએ?' આ પૃચ્છા સાંભળીને સાહેબજીએ પ્રેમથી કહ્યું: ''જયણા એ જ ધર્મ. વિરાધનાના ભયથી હું હજુ દસેક મિનિટ ઉભો રહેવા માંગુ છુ. વર્ષા હમણાં જ બંધ થઇ છે. સચિત્ત પાણી ફેલાયેલું છે. આ રાજમાર્ગ ઉપર લોકો અને વાહનની આવ-જા થી તે હમણા પ્રાયઃ અચિત થઇ જાય પછી વિહાર ચાલુ કરીએ.'' સાહેબજીની જીવરક્ષાથી સંયમરક્ષા માટેની આવી સાવધાની જોઇ શિષ્યો દિગ્મૂઢ ન થાય તો જ નવાઇ ને? એ પછી સત્ય ને શાસ્ત્ર જ જેને પ્રાણ સમાન એવા તેઓએ મલાડ, બોરીવલી, જોગેશ્વરી વગેરે વિસ્તારોમાં પણ ધર્મપ્રભાવના કરી.

સંવત ૨૦૧૧ (ઇ.સ.૧૯૫૫)માં લોનાવલા મધ્યે વૈશાખ સુદ સાતમે હાલારના વર્ધમાનકુમારની દીક્ષા થઇ. મુનિવરશ્રી કુંદકુંદવિજયજી મહારાજના શિષ્ય બનેલા આ 'કેશુ' - મુનિશ્રી વજ્રસેનવિજયજીએ પોતાની બે વર્ષની ઉંમરથી જ કદી રાત્રિભોજન કર્યું ન્હોતું. અભક્ષ્યની તો કલ્પના પણ ન કરી શકે તેવું ઉત્તમ વાતાવરણ હતું ઘરે.

૩ વર્ષની બાલીવયના હતા ત્યારથી ૧૦ વર્ષના થયા ત્યાં સુધી સતત સાહેબજીની આસપાસ રહેલા તેઓ. એમાં યે ૬ વર્ષના હતા ત્યારથી દર વર્ષે ૬ મહિના તો સાહેબજી જ્યાં હોય ત્યાં જ રહે. પણ ચોથા ધોરણની પરીક્ષા આપીને તો એકધારા ૧૦ મહિના સુધી પાલીતાણાના ખુશાલ ભવનમાં રહી અભ્યાસ કર્યો ને આયંબીલ પણ કર્યા. ઘણીવાર તેઓના માતા ઈશારાથી સાહેબજીને કહે કેઃ 'કેશુને નવકારશીનું જ પચ્ચક્ખાણ આપજો.' પરંતુ 'આ તો સા...વ નાનું પચ્ચક્ખાણ હતું. મને તો પેલું લાંબુ-લાંબુ અને જેમાં 'આયંબીલ' શબ્દ આવે તેવું પચ્ચક્ખાણ આપો.' એમ કહી રડીને ધાંધીયા કરે. અંતે આયંબીલનું ધરાર પચ્ચક્ખાણ લે જ અને માતા જીવીબેનને પણ લેવડાવે. પછી બા સાથે મજેથી આયંબીલનું વાપરે ત્યારે મોજમાં દેખાય રમમાણ!

૧૦ મહિના આમ રહીને સાહેબજીના કહેવાથી પરાણે ગયા પાલીતાણાથી પોતાના વતન એવા હાલારના મોટામાંઢા ગામમાં પરત. પાંચમા ધોરણની વાર્ષિક પરીક્ષાને બે મહિનાની જ વાર હતી. ત્યારે લેખિત પરીક્ષા તો પ્રાથમિક ધોરણોમાં લેવાતી નહીં. તેથી મૌખિક પરીક્ષાની તૈયારી કરવા શાળા ઉપરાંત માસ્તરના ઘરે પણ ૪ કલાક જાય. પરીક્ષાનો સમય આવી જતા તાલુકામાંથી પરીક્ષક ગામમાં પધાર્યા. વારો આવ્યો એટલે આપણા ૬ વર્ષના કૂણાં કેશુભાઇ તો પૂર્ણ આત્મવિશ્વાસ સાથે આગળ ગયા ને જે પૂછાયું તે બધાના કડકડાટ જવાબો આપી દીધા. સાંભળીને પરીક્ષક તો પ્રફૂલ્લિત થઇ ગયા.

આ જોઇ ગામની શાળાના માસ્તરે ધીમેકથી રજૂઆત કરીઃ 'સાહેબ, આ છોકરો ભણવામાં ખૂબ જ નિપૂણ છે પણ એક પ્રશ્ન છે. તેની હાજરી ફક્ત બે મહિનાની જ છે. બાકીનો સમય તે પોતાના માતા-પિતા સાથે તેઓના ગુરુ મહારાજ પાસે તપ, સ્વાધ્યાય ને ધર્મધ્યાન અર્થે ગયો હતો. કેમ કરીશું હવે આનું?' આ સાંભળી મૌખિક પરીક્ષાના નિરીક્ષક અને પરીક્ષકે કહ્યુંઃ 'કાંઇ વાંધો નહીં. ૧૨ મહિનાનો અભ્યાસક્રમ જે બે મહિનામાં કરી લે તેવા બુદ્ધિશાળી બાળકને તો પ્રથમ ક્રમે જ ઉત્તીર્ણ કરવાનું થાય છે ને!' આવા કેશુ ઉપર પંન્યાસજી મહારાજની દ્રષ્ટિ પડી ગઇ અને તેને ય દીક્ષા લેવાનો મનોરથ જાગ્યો ને ગ્રહણ કરી પ્રવજ્યા.

નવદીક્ષિત મુનિશ્રી વજ્રસેનવિજયજી અહીં સાહેબજીની નિશ્રામાં જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર હોવાથી ફક્ત એક કલાકમાં ૧૫ ગાથા સહેલાઇથી મોઢે કરી લેવા માંડયા. દરેક સૂત્રો સ્પષ્ટ ઉચ્ચાર ને છટાથી બોલવા, તપસ્વી અને વયોવૃદ્ધ મુનિરાજોની ભાવથી સેવા કરવી, ગ્રંથોના સંપાદનો કરવા, વ્યાખ્યાનો કઇ રીતે દઇને મહત્તમ શાસન પ્રભાવના કરવી તે બધું જ પંન્યાસજી મહારાજ દરેક નવદીક્ષિતોને પ્રથમ દસ વર્ષની તાલિમમાં સમજાવે. તેથી મુનિશ્રી વજ્રસેનવિજયજીને ઘડવા અર્થે પણ વયોવૃદ્ધ મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મહારાજ હેઠળ ૧૦ વર્ષની નિરતિચાર સંયમની સુંદર તાલીમ અપાવી. વળી વ્યાકરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, લઘુક્ષેત્ર સમાસ, તત્ત્વાર્થ સૂત્ર, વીતરાગ સ્તોત્ર, યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, હારિભદ્રિય અષ્ટક, ષોડશક, સિન્દુર પ્રકરણ, કુલકો, અધ્યાત્મકલ્પદ્રુમ, પ્રશમરતિ, શાંતસુધારસ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સમવાયાંગ, ચરિત્રો, સમરાઈચ્ચકહા, ત્રિષષ્ઠિ-દશપર્વ, ન્યાય, કાવ્યકોષ જેવા શાસ્ત્રોનો અભ્યાસ કરી જ્ઞાનયોગ સાધી તેમણે વિદ્વત્તા કેળવી.

જ્યારે સૌનું અંધેરી જવું નિશ્ચિત થયું ત્યારે આ કિશોર મુનિશ્રી વજ્રસેનવિજયજીને લાલબાગ જવાની સુચના મળી. તેઓને તો ગુરુ કહે તે તહત્તિ જ હતું પણ તેઓના જન્મદાતા જીવીબાનું નાજુક હૃદય મુંઝાયું. સહજતાથી તેમણે સાહેબજીને કહી જોયુંઃ 'મેં તો તમને જોઇને મારા કેશુને દીક્ષા અપાવી છે. માટે આપની પાસે રાખો ને અભ્યાસ પણ આપની જ નિશ્રામાં થાય તો વધુ સારું.' દૃઢ અવાજે ઉત્તર મળ્યોઃ "...તો મારી ઉપર વિશ્વાસ પણ રાખો."

જો કે એ પછી પત્રો દ્વારા તેમને ઘડવાની પ્રક્રિયા તો ચાલુ જ રાખી સાહેબજીએ. ગુર્વાજ્ઞાથી સંવત ૨૦૧૧(ઇ.સ.૧૯૫૫)નો ચાતુર્માસ પ્રવેશ થયો મુંબઇના અંધેરી સંઘમાં. સમોવસરણ દેશનાની ભાવાનુભૂતિ થઇ અહીં જ્યારે પાટ ઉપરથી સાહેબજીની અનુપમેય વાણી વહી. સંઘના પુણ્યોદયથી ૨૦ દિનનું નવકારના જાપનું અનુષ્ઠાન પણ થયું. દેરાસરના ભોંયરાના એકાંતમાં જ્યારે અત્યંત ભાવપૂર્ણ રીતે એકાગ્રતાપૂર્વક ૧૦૮ આરાધકો જાપ કરવા બેસે ત્યારે ધૂપની દિવ્ય સુંગધ સાથે તેની ધૂમ્રસેરોમાં જાણે નવકારના નવે પદનો આકાર સૌને દેખાય ને આતમ પંચપરમેષ્ઠીમાં મગ્ન બને!

નવકારની પરમાનંદ કેડીના સહયાત્રીઓ હૃદયની આંખે ને શ્રદ્ધાની પાંખે પંચપરમેષ્ઠીઓને સાકાર નિહાળી શક્યા! ૨૦ દિવસના આ અનુષ્ઠાનમાં 'પ્રથમ જિણંદા તુમે લાયક સ્વામી, મુજ સેવકમાં પણ નહીં ખામી. જુગતે જોડી મળી છે સારી...' વગેરે ભાવનામાં રત પંન્યાસજી મહારાજને જોવા એ પણ જાણે જીવનનો લ્હાવો હતો. દીપ પ્રગટે ત્યારે અંધારને જવું જ પડે તે ન્યાયે સુવિધિપૂર્વક ગણાયેલા આ એક લાખ નવકારના જાપથી સૌના કેટલાંયે સાગરોપમ પાપને નાશ પામી જવું જ પડ્યું. કુલ ૧ કરોડને ૮ લાખ નવકાર ગણાયા. કેટલાંયે આત્માઓના કર્મના ભૂક્કા બોલાવા સાથે સામુહિક જાપના અખૂટ પુણ્ય થકી શ્રી સંઘનો અભૂતપૂર્વ પુણ્યોદય પણ થયો જ હોય તે નિઃશંક છે. તે પાવક ઘડીઓમાં નીચેની પંક્તિઓ જાણે સાર્થક થતી દેખાઇઃ

દેહ-મન-વચન-પુદ્ગલ થકી કર્મથી ભિન્ન મુજ રૂપ રે;
અક્ષય અકલંક સ્વરૂપ છે જીવનું... જ્ઞાન આનંદ ભરપૂર રે!

આ અનુષ્ઠાન અનેકોના જીવનના આમૂલ પરિવર્તનનું કારણ બન્યું. 'નાવને પાણીમાં રહેવા દેવાય, પાણીને નાવમાં નહીં.' એ સત્ય સૌને બરાબર સમજાઇ ગયું. સંસારમાં રહેવા છતાં સંસારના મોહથી અલિપ્ત કે નિર્લેપ કેમ રહેવું તે શીખવા મળ્યું આ આરાધનામાં સૌને.

૧૪ રાજલોક દૂર રહેલ સિદ્ધોની અનવરત કૃપા તો વરસે છે એકધારી સર્વ ઉપરે... ફરક માત્ર ભોમકાનો હોય છે. પાત્ર સીધું થઇ જતા એ ધારા ઝીલાવા માંડે. આરાધનાનો પ્રતિસાદ સૌને અંતરમનમાં પડઘાય તેવું વીર્ય સૌમાં ફોરવીને સાધુ તો વિહરતા ભલા! આશરે ૧૫૦ દિવસનો સત્સંગ કરાવીને સર્વે શ્રમણો સહ સાહેબજી પહોંચ્યા મહારાષ્ટ્રના મુરબાડ મધ્યે.

વૈશાખ સુદ સાતમ, સંવત ૨૦૧૧માં મુંબઇ પાસેના મુરબાડ સમીપ આવેલા ઘસઇ ગામે એક પિતા ને તેમના બે પુત્રોની દીક્ષા થઇ. જેઓ મુનિશ્રી જયકુંજરવિજયજી, મુનિશ્રી પૂર્ણચંદ્રવિજયજી તથા મુનિશ્રી મુક્તિપ્રભવિજયજી તરીકે ઓળખાયા. તેઓના પ્રથમ ચાતુર્માસમાં ઉપધાન તપની આરાધના પૂર્ણ થયે માળના પ્રસંગે ખાસ બોલાવવાથી સાહેબજી અહીં પહોંચ્યા. મહોત્સવમાં નિશ્રા આપી સાહેબજી પુના જઇ અહીંના ગોડીજી પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમાજીના દર્શને ધન્ય બન્યા. બીજા અનેક તીર્થોની પાવન સ્પર્શના કરી ત્યાં તેઓના ગુરુ મહારાજની આજ્ઞા થઇઃ 'ફરી મુંબઇ પધારો.' સંવત ૨૦૧૨(ઇ.સ.૧૯૫૬)નું ચાતુર્માસ નિર્ણીત થયું મુંબઇના સાયન સંઘમાં. મોહમયી નગરીના નિર્મોહી બનતા જતા સંઘોને ઘેલું લાગ્યું હતું પૂજ્ય પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવર્યના પ્રવચનો ને અનુષ્ઠાનોનું. આ ચોમાસામાં સાહેબજીએ પોતાના શિષ્યરત્ન મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજને પણ પાટ ઉપરથી વ્યાખ્યાન આપવા તૈયાર કર્યા. ૨૨ વર્ષની યુવાન વયે સંયમ ધારણ કરનાર આ મુનિશ્રીને દીક્ષા લીધાને ત્યારે ૧૫ વર્ષ પૂર્ણ થયા હતા.

તેઓ પણ ગુરુદેવની કૃપાદ્રષ્ટિથી સકળ સંઘ ઉપર આષાઢી મેઘની જેમ ભરપૂર વરસ્યા. સાયનના સોહામણા સંઘમાં પણ ખીરના એકાસણા સહિતનું ૧ લાખ નવકાર મંત્ર ગણવાનું ૨૦ દિવસનું અનુષ્ઠાન યોજાયું. સંસારના શોક સંતપ્ત આત્માઓને જાણે શીળી છાંવ પ્રાપ્ત થઇ. હૃદયના તારે-તાર રણઝણી ઊઠયાં. અહીંયા નવકારના ૬૮ અક્ષરોને અનુરૂપ ૬૮ આરાધકો અનુષ્ઠાનમાં જોડાયા. આ પાવન વેળાએ પૂજ્ય પંન્યાસજી મહારાજે નવકારની એવી તો અનુપ્રેક્ષાઓ સૌ સમક્ષ મૂકી કે તેના કારણે આત્માની અનાદિ કાળની મોહનિદ્રા જાણે ઊડી ગઇ અને અનુષ્ઠાનની સિદ્ધિરૂપે ત્યાં નવકારના અખંડ જાપ પણ ચાલુ થયા. પંચમંગલમહાશ્રુતસ્કંધ એવો આ નવકાર જ સમસ્ત શ્રુતમાં વ્યાપેલ છે. અનંત સામર્થ્યવાન આત્માઓ આ નવકારના અજપાજાપથી જ કેવળજ્ઞાન પામ્યા છે એમ કહેવું હતું તેઓનું.

પંચપરમેષ્ઠીમય આ નવકાર મંત્રની પ્રતિજ્ઞા છે કે:
કોઇ મારું ભાવથી સ્મરણ કરે તેના સઘળાં યે પાપનો હું ધીમે-ધીમે નાશ કરી દઉં.

આમ કલ્યાણકર એવા નવકાર મંત્રની કેડીએ ચડાવનાર પંન્યાસજી મહારાજ સૌ માટે કલ્પવૃક્ષથી કમ ન હતા! ૪ ગતિ નિવારવાનો સંકલ્પ કરાવીને સાહેબજીએ સૌ સ્વયં અરિહંત છે તે ભાન કરાવી તે પદમાં સ્થિત થવા આરાધનાના માર્ગ ઉપર ચડાવ્યા. શિવ અથવા સાયનના આ અપૂર્વ ચાતુર્માસમાં તપ-જપ-સ્વાધ્યાય-ધ્યાનનું વાતાવરણ ખડું કરાવી દરેકનો ધર્મપુરુષાર્થ પ્રાકટ કર્યો.

જિનવાણીના અમૃતનું આકંઠ પાન કરાવી સાહેબજીએ વિદાય લીધી. ચોમાસા પછી સાધર્મિકો તે ઉપાશ્રયમાં જાય તેને પંન્યાસજી મહારાજના આભાવલયના હજુ પણ જાણે દર્શન થાય. તેમની પવિત્ર પાટ ઉપર હજુ શ્વસી રહેલા તેમના પરમાણુઓનો સ્પર્શ કરી જાણે દિવ્ય અનુભૂતિ માણે.

અહીંથી નીકળીને શ્રી શંખેશ્વરજી મહાતીર્થ તરફના વિહાર માટે સૌએ પ્રયાણ આદર્યું. પૂજ્ય પંન્યાસજી મહારાજના ઝળહળતાં રત્નો સમા અનેક શિષ્યો તથા સુશ્રાવકો પણ ગુણસમૃદ્ધ બનવા તેમના આ ગુરુવર્યને અનુસર્યા. તેમાંના એક પરમ શ્રાવક એટલે શ્રી હિંમતભાઇ બેડાવાલા. તેઓ અપૂર્વ કોટિના સાધક, નવપદજીના ઉપાસક અને જિનપ્રણિત ધર્મના અમૃત આરાધક હતા. કલ્યાણકેડીના પથદર્શક અને જૈન સંસ્કૃતિના સંદેશવાહક એવા પંન્યાસજી મહારાજની નિશ્રામાં શ્રી શંખેશ્વર તીર્થ મધ્યે તેમને ઉપધાન તપની આરાધના કરાવવાનો ભાવોલ્લાસ ઘણા સમયથી હતો. તે હવે પૂજ્ય ગુરુદેવની સંમતિથી પરિપૂર્ણ થનાર હતો. તેઓ સદૈવ સર્વને એમ કહેતા સંભળાય કે:

सीस दीये जो गुरु मिले, तो भी सस्ता जान ।

પોતાના ગુરુ ભગવંતની નવનવોન્મેષશાલિની પ્રતિભાની આભાના ઉર્જા વર્તુળમાં સદૈવ સ્નાન કરતા-કરતા હવે તેઓ શંખેશ્વરમાં સાહેબજીની આતુરતાથી પ્રતીક્ષા કરવા લાગ્યા.








ઈ.સ.૧૯૫૨માં ખંભાત તીર્થે શ્રી સ્થંભન પાર્શ્વનાથ દેરાસરે પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી રોકાયા. ત્યારે ત્યાં ઉપસ્થિત પૂજ્ય આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી સંઘજનોને એમ કહેતા અચકાયા જ નહીં કેઃ 'પંન્યાસજી મહારાજ તો હાલતું-ચાલતું આયંબીલ ખાતુ જ છે. કોઈ ઉચ્ચ કોટિનો જાણે તીર્થંકરનો જ સાક્ષાત્ આત્મા છે તેમનો.' આદકવિ ઋષભદાસનું સ્મૃતિશેષ ગૃહમંદિર જોઈ બહુમાનપૂર્વક સૌ તેમને યાદ કરી રહ્યા.

સંવત ૨૦૧૩ (ઇ.સ.૧૯૫૬)માં પ્રસ્થાન કરી પંન્યાસજી મહારાજ મુંબઇથી ખંભાત પહોંચ્યા. સ્થંભન પાર્શ્વનાથ ભગવાનને ભેટીને પૂજ્ય આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજને પણ મળ્યા. પોતે સ્વયં આચાર્ય હોવા છતા પંન્યાસજી મહારાજને આવતા જોઇ સામે જતા બોલ્યા કે: 'પધારો... ગુણાનુરાગની મૂર્તિ સમા પંન્યાસજી મહારાજ, પધારો!' બે મહાત્માઓ અરસપરસની અનુપ્રેક્ષાઓનું અજવાળું એકેકમાં વહેંચીને વધુ દેદીપ્યમાન બની છૂટ્ટા પડયા. પૂજ્ય આચાર્યશ્રી દાનસૂરીશ્વરજી મહારાજની આચાર્ય પદવીનાં પાવન દિવસે જ આચાર્ય થયેલા એવા આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ ખંભાત સંઘના વ્યાખ્યાનમાં કહેતા અચકાયા નહીં કે:

'પંન્યાસજી મહારાજ તો હાલતું-ચાલતું આયંબીલ ખાતુ જ છે. કોઇ ખૂબ જ ઉચ્ચ કોટિનો જાણે તીર્થંકરનો જ સાક્ષાત્ આત્મા છે તેમનો. અવારનવાર વંદન કરવા જઇ તેમનું બહુમાન જાળવજો.'

આ એ જ આચાર્યશ્રી હતા જેઓ ૮૪ વર્ષની પાકટ ઉંમરે પણ રોજ ઉત્તરાધ્યયનની ૩ નવી ગાથા ગોખતા ને રોજ એક નવો શ્લોક સંસ્કૃતમાં લખતા. જ્ઞાનના દેવી સરસ્વતીની જાણે હતી એ રોજની પૂજા-અર્ચના! સાહેબજીને ખંભાતથી શંખેશ્વર જતા વિહાર દરમ્યાન અનેક ગામોમાં વ્યાખ્યાન આપવાનું થાય. તે વખતે તેમને વક્તા તરીકે અને ભવિજનોને જ્યારે શ્રોતા તરીકે જોઇએ તો પરમાર્હત્ કુમારપાળ મહારાજાના શ્રેયાર્થે બનાવેલ સ્તોત્રોના રચયિતા કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સ્મરણમાં આવ્યા વિના ન રહે:

श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश! तत् ।
त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि ॥
– वीतराग स्तोत्रम् (नवम् प्रकाश)

શ્રદ્ધાવાન શ્રોતા અને ભગવાને ભાખેલા તત્ત્વને કહેનારા નિર્મલ બુદ્ધિવાન
વક્તાનો સંયોગ થાય તો કલિકાલે પણ પ્રભુ! તારું શાસન એકછત્રી બને!

સાહેબજી ક્યારેક એવુ કહે કે સૌ હસી પડે. "જે રડે તે આર્તધ્યાની. બીજાને રડાવે તે રૌદ્રધ્યાની. રડતાને છાના રાખે તે ધર્મધ્યાની. અને રડવાનું મૂળ જ જે કાપી નાખે તે શુક્લધ્યાની આત્મા છે. હવે તમે જ તપાસો કે તમે આમાંથી કઇ કક્ષામાં આવો છો?" વળી ઉમેરે કે: "રત્નનો દાબડો જેમ તિજોરીમાં રાખીએ છીએ તે જ રીતે શ્રી નવકારમંત્રને પણ ધર્મધ્યાન વેળાએ આત્માની તિજોરીમાં, મનના વિચારોમાં અને સતત હૃદયની શ્રદ્ધામાં રાખવાનો છે."

કાંઇ જોઇતું હોય તો સાહેબજી ના છૂટકે જ કોઇને ચીંધે. હુકમની તો વાત જ નહીં! જરૂરી વસ્તુ જાતે જ લેવા ઉભા થાય ત્યારે બે-ચાર શિષ્યો દોડી આવે. પરંતુ કાંઇક આવો જવાબ મળે:

"તમે બધા તો અન્ય ઘણા કાર્યો કરો જ છો. મારે આટલું તો કામ જોઇએ ને?"

નાના શિષ્યો આ રીતે ગુરુ મહારાજની મોટાઇમાંથી નમ્રતાના પાઠ શીખે સંયમના આ શુભ અને શુદ્ધ પથ ઉપર નિત્યમેવ આનંદથી ચાલતા-ચાલતા. સાહેબજીના નામનો પર્યાય એટલે તેમનું જીવન. પરોપકાર એ તેઓનો મૂળ સ્વભાવ. પરહિતચિંતા એ તેઓની પ્રકૃતિ. કોઇ જીવ મુંઝાયેલો દેખાય કે તરત જ બોલાવ્યા વગર સહાય કરવા દોડી જતા તેઓને કોઇ અટકાવી ન શકે. એટલે જ તેઓ 'અનાહૂત સહાયક' તરીકે વિખ્યાતી પામતા ગયા.

શંખેશ્વર જતા વચ્ચે રોકાણ થાય જ. રસ્તામાં આવતા પંચાસરા, સમી, હારિજ, દસાડા, મુજપુર, લોલાડા, માંડલ, પાટડી-બજાણા વગેરે નાના ગામોમાં સૌને ઉપદેશ આપતી વેળાએ પરહિતકારી ને પરદુઃખભંજક પંન્યાસજી મહારાજ બીજાને સહાય કરવાની પ્રેરણા કરતા તેઓને એક સુપ્રિય સુભાષિત ટાંક્તા જરૂર નજરે ચડે:

પરોપકાર એ પરિપક્વ અધ્યાત્મનો જ સંકેત હોય છે!

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः ।<br>
स्वयं न खादन्ति फलानि वृक्षाः ।<br>
नादन्ति सस्यं खलु वारिवाहाः ।<br>
परोपकाराय सतां विभूतयः ॥

પીએ નદીઓ નવ વારિ જાતે, સ્વયં ન ખાયે ફળને તરુઓ;<br>
આરોગતો પાક કદી ન મેઘ, વિભૂતિ સંતોની સદા પરાર્થે!

"આપણા તનમાં જેમ તબીબની દવા લાગુ પડે એટલે દર્દ ઓછું થાય તેમ અરિહંત કથિત નવકાર લાગુ પડે એટલે અહંકાર જાય. અહંકાર એ પાપનું મૂળ છે અને નમસ્કાર એ ધર્મનું મૂળ છે. તેથી નવકાર થકી સદ્ધર્મની આરાધના કરવી."

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૦ | પ્રભુ મિલનની વાટે...

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દરબારમાં સાહેબજીએ જોયું કે અહીં યાત્રાળુઓ બહુ ઓછા આવે છે. એક તો વાહનોની સગવડ ઓછી અને બીજુ એટલો ખર્ચ સૌને પોષાય પણ નહીં. નીતિપૂર્વક જીવતા જૈન મધ્યમ વર્ગના પરિવારોને યાત્રાએ નીકળવાનું મન તો ખૂબ જ થાય, પરંતુ અનુકૂળતા આવતા વાર લાગે. પણ એમાં જ્યારે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દક્ષિણ વગેરે પ્રાંતોમાં ખબર પડી કે સંવત ૨૦૧૩ (ઇ.સ.૧૯૫૭)માં શા.હિંમતમલજી રૂગનાથજી ભીમાજી બેડાવાળા તરફથી પૂજ્ય પંન્યાસજી મહારાજની પાવનકારી નિશ્રામાં શંખેશ્વર જેવા મહાપ્રભાવક તીર્થમાં ઉપધાન તપ થનાર છે ત્યારે તો આરાધકોની સંખ્યા વધતી-વધતી ઠેઠ ૫૦૦ અંક સુધી નોંધાઇ ગઇ. અહીંયા ત્રિવેણી સંગમ થનાર હતોઃ પરમાત્મા, પરમ ગુરુદેવ ને ઉપધાન તપનો.

॥ श्री धरणेन्द्रपद्मावती परिपूजिताय श्री शंखेश्वरपार्श्वनाथाय नमोनमः ॥

સાહેબજીની સૂચનાનુસાર ઉપધાન અનુષ્ઠાનમાં ભાગ લેવા જેટલા લોકો આવ્યા, દરેકને સમાવિષ્ટ કર્યા. પ્રથમ અઢારીયાના આરાધકોએ શ્રી નવકાર મહામંત્રને ધારણ કર્યો. ૧૮ દિન પશ્ચાત્ બીજા પ્રતિક્રમણ શ્રુતસ્કંધ રૂપી ઈરિયાવહી તથા તસ્સઉત્તરી સૂત્રો ધારણ કર્યા. પાંત્રીસુ કરનારે શક્રસ્તવાધ્યયન એટલે કે નમુત્થુણં સૂત્ર ધારણ કર્યું. ચોથા ઉપધાન લેખે ૪ દિવસની આરાધનામાં આરાધકોએ ચૈત્યસ્તવાધ્યયન રૂપે અરિહંત ચેઇઆણં તથા અન્નત્થ સૂત્રને વિધિસર ધારણ કર્યા. પાંચમા ઉપધાન રૂપે અઠ્ઠાવીસું કરીને નામસ્તવાધ્યયન કે લોગસ્સ સૂત્ર વિધિવત્ સ્વીકાર્યું. છેલ્લા ૭ દિવસમાં આરાધકોએ છઠ્ઠા ઉપધાન લેખે શ્રુતસ્તવ સિદ્ધસ્તવાધ્યયન રૂપે પુક્ખરવર અને સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રો અંગીકાર કર્યા.

એ સમયે તે જંગલ જેવો જ વિસ્તાર. શંખેશ્વરની પરિસરમાં કોઇ ખાસ મદદ મળે એવા ગામ પણ નહીં. પાણી કે લાકડાની વ્યવસ્થા માટે ય દૂર-દૂર સુધી જવું પડે. તેમાં એકવાર રસોઇ માટે જોઇતા લાકડા જ ખૂટી પડયા. વીરમગામ ને એથી ય દૂર અમદાવાદ સુધી પણ યજમાન શ્રી હિંમતભાઇએ માણસો દોડાવ્યા પરંતુ ક્યાંયથી મેળ પડયો નહીં. સૌ ખરેખર મુંઝાયા કે આ તો ભારે થઈ!

નાસીપાસ થઇને પાછા ફરતા જ્યારે શંખેશ્વર નજીક તેઓ પહોંચ્યા, ત્યારે રસ્તામાં ભરચક્ક લાકડાઓથી લદાયેલા બે ખટારાઓ સામા મળ્યા. ઉભા રાખીને તેઓને વિનંતી કરતા તેઓ તરત જ માની ગયા અને શંખેશ્વરજીમાં ઉપધાનની જગ્યાએ અંદર સુધી આવી તેઓએ ખટારાઓ ખાલી કર્યા. મુનિમજી પેઢીમાં અંદરથી ચૂકવણીના રૂપિયા લઇને બહાર આવ્યા તો ન મળે કોઇ ખટારો કે ન મળે માટીમાં પડેલા તેના ચીલા! આનું રહસ્ય સમજવા સૌ અચંબામાં પડી પૂજ્ય પંન્યાસજી મહારાજ સમીપ આવ્યા. તેઓએ સસ્મિત વદને કહ્યું: ''આવા ઉત્તમ અનુષ્ઠાનોમાં આપણાં બધા તીર્થોના અધિષ્ઠાયક દેવો જાગૃત હોય જ છે. માટે મુશ્કેલીમાં દૈવી સહાય મળી જ રહે છે.''

એ પછી એવું બન્યું કે જામનગરમાં શ્રી ધર્મનાથ ભગવાનના દેરાસરમાં સ્થાપિત ક્ષેત્રપાળ દાદા ત્યાંના જ એક ઋજુ ભાવિક શ્રાવિકા ભાનુબેનના શરીરમાં આવે છે તેની જાણ થઇ. આસો સુદ પૂનમના તે ક્ષેત્રપાળ દાદા આવ્યા ત્યારે સાહેબજીના એક શિષ્યે તેઓનો પરિચય પૂછતાં જવાબ મળ્યો કે: ''શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયનો હું શ્રાવક છું. શ્રીપાળરાજાની બંને રાણીઓને લઇને શ્રી ધવળ શેઠ આગળ ગયા અને દુર્મતિએ જ્યારે શ્રીપાળરાજાને દરિયામાં નાખી દીધા ત્યારે શ્રી ચક્રેશ્વરી દેવી સાથે ક્ષેત્રપાળ તરીકે બચાવનાર હું જ હતો. તમારા ગુરુદેવશ્રી પંન્યાસજી મહારાજ માટે અમારા સૌધર્મ ઈન્દ્રની આજ્ઞા છે કે તેઓના ચાતુર્માસો, અનુષ્ઠાનો કે પ્રસંગો હોય, અમારે એમની સેવામાં ત્યાં સદા હાજર જ રહેવાનું છે.'' આ સૂણી સૌ ભદ્રિક જીવોની શ્રદ્ધેયતામાં શતગણો વધારો થયો.

૪૭ દિવસની આ વિશિષ્ટ આરાધનામાં ૫૦૦ આરાધકોએ ૧ લાખ નવકારમંત્રનો જાપ, ૭૦૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૪૭૦૦ ખમાસમણા, ૧૫૦૦ શક્રસ્તવના પાઠ અને ૪૭ અખંડ અહો-રાત્ર પૌષધ કર્યા. ગણધરરચિત સૂત્રોના ભણવા-બોલવા-મનન કરવાના વિશેષાધિકાર મેળવવાની યોગ્યતા, શ્રુતજ્ઞાનની ઉપાસના ને તપોધર્મની અપૂર્વ સાધના સાથે-સાથે સંયમનો અંશતઃ આસ્વાદ પણ કરી લીધો સૌએ અહીં. ગુરુનિશ્રાએ જાત જોડીને આવી અમૃતક્રિયા કરવા મળી તેનાથી સૌના પૂર્વકૃત દુષ્કર્મોનો વિનાશ થયો. માળારોપણ પ્રસંગની અનુમોદના કરતા સૌ આરાધકો સ્વસ્થાને પરત ફર્યા. પોતાના સવાયા ભક્ત એવા હિંમતભાઇએ ઉપધાન તપમાં સ્વયં જોડાઇને કરેલી આરાધના તથા તેમના ગજા ઉપરાંત કરેલું ખર્ચ છતાં તેઓનો અપરંપાર આનંદ જોઇ છેલ્લે પૂજ્ય પંન્યાસજી મહારાજ સ્વયં બોલી ઉઠ્યા કે: ''તમે તો દાનશૂર છો.''

માળારોપણ મહોત્સવનો મંગલમય પ્રસંગ સાહેબજીની નિશ્રામાં ઉજવાયા પછી જ શંખેશ્વર તીર્થનો પ્રભાવકારી મહિમા ખૂબ વધ્યો. સૌને પ્રતીત થયું કે સાહેબજીના અંતરંગ ભાવનાં જ પ્રતિબિંબ રૂપે આ તીર્થપ્રભાવમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઇ છે. ચાતક જેમ મેઘની રાહ જુએ તેમ યાત્રાળુઓ હવે પાર્શ્વનાથના દરબારમાં આવવા થનગનવા લાગ્યા. તીર્થનો મહિમા પરિસર ફેલાયો તે પંન્યાસ મહારાજને કારણે જ.

પોષ દસમીના દિવસોમાં સાહેબજીના વંદન કરવા ઠેઠ નાકોડાજી તીર્થથી ઉગ્ર વિહાર કરી ૧૭ દિવસમાં જ અહીં શંખેશ્વર પહોંચ્યા ગુરુ-શિષ્ય મુનિશ્રી સુજ્ઞાનવિજયજી (સોમચંદ્રવિજયજી) તથા મુનિશ્રી રાજેન્દ્રવિજયજી. માંડ વીસી વટાવેલા આ શિષ્યનો ન્યાયનો અભ્યાસ ચાલતો હતો. પોતાના ગુરુજી પાસે તર્કને બદલે વધુ કુતર્કો કરી ઉંમર મુજબની અવ્યવહારુ સક્રિયતા દર્શાવે. શંખેશ્વરમાં તો ઘુઘવતા સાગર જેટલા શ્રમણો ને માનવમહેરામણને ઉમટેલો જોઇને થયું આટલા પ્રવૃત્ત સાહેબજી અમને કેમ સમય આપશે? એ શંકા સહિત વંદન કરવા આવ્યા બંને. શિષ્યને તો પ્રથમ દર્શને જ સાહેબજી વીસમી સદીના આનંદઘનજી સમા ભાસ્યા. સુકલકડી દેહ, અધ્યાત્મનો ભેખ અને મહાયોગી! વંદનાદિથી પરવારીને તે ગુરુજીએ કહ્યું: 'આપની પાસેથી આ પામે એટલે જ આટલે સુધી આને દોડાવ્યો છે. હવે એવી સમજણનું દાન આપો જેથી તેનું સમસ્ત જીવન સુધરી જાય.' વાત્સલ્ય નીતરતો હાથ મસ્તક પર મૂકી સાહેબજી વદ્યા:

''રાજેન્દ્ર! બપોરે આવજે. શાંતિથી બેસશું આપણે.'' એ પછી તો ૪ દિવસ સુધી રોજ લગાતાર ૩ કલાકના સાંન્નિધ્યમાં તેમના દરેક પ્રશ્નોના સમાધાન મળ્યાં. એ મહાત્મા પાછળથી કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ તરીકે ઓળખાયા.

સાહેબજીના સ્નેહજલમાં જે ભીંજાય, તે દરેકને એમ જ લાગે કે હું જ તેમનો કૃપાપાત્ર છું. નમ્ર સાહેબજીને ગચ્છના વાડા ક્યારેય નડયા નહીં. તેમને પ્રવજ્યાની શરૂઆતમાં શ્રમણ જીવનનો સંઘર્ષ વેઠવામાં પણ ખૂબ આનંદ આવતો. મોટી માંડલીમાં વડીલ મુનિરાજો વાપરવા બેઠા હોય ને જરૂર પડે તો નાના મુનિઓ બપોરના ભરતડકે માઇલ દૂરથી પાણીનો ઘડો વહોરવા જવાની તૈયારી કરે ત્યારે પોતાના અશક્ત શરીરની પરવા કરવાને બદલે સંયમ જીવનના આ કર્મનિર્જરામયી કાર્યની અનુમોદના કરવા સાહેબજી પોતે જ વહોરવા જવાનું પસંદ કરે. ચાતુર્માસમાં પોતાના જોરદાર વ્યાખ્યાનો થતા હોય ને હજારોની મેદની લાભ લેતી હોય ત્યારે પણ જો કોઇ મુનિને વ્યાખ્યાન આપવાની ઈચ્છા થાય તો પોતે તેઓને પ્રવચન કરવા સાનંદ આગ્રહ કરે. આ હતી સાહેબજીની નમ્રતાની પરાકાષ્ઠા!

સંવત ૨૦૧૩(ઇ.સ.૧૯૫૭)માં શા.ચંદુલાલ મોતીલાલ પરિવાર તરફથી શાશ્વતી સામુદાયિક ચૈત્ર માસની નવપદજીની ઓળી શ્રી ભિલડિયાજી તીર્થમાં સાહેબજીની શુભ નિશ્રામાં વિવિધ અનુષ્ઠાનો સહિત શરુ થઇ. દરેક ૫૦૦ આરાધકોના હૃદયમાં સમ્યક્ જ્ઞાનનો દીપક પ્રજ્વલિત થાય તેથી પુષ્કરાવર્તમેઘની જેમ વરસ્યાં સાહેબજી. તેઓના હૃદયમાં નવે પદને પ્રસ્થાપિત કરી દેવા પૂર્ણ પ્રયત્નો કર્યા સાહેબજીએ.

નવસારીના શ્રાવકરત્નશ્રી બાબુભાઇ કડીવાળા આ ઓળી દરમ્યાન સર્વ પ્રથમ વાર પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના સંપર્કમાં આવ્યા. તેમને સાધના માર્ગે આગળ વધવા સમુચિત માર્ગદર્શન પ્રદાન કરી તેઓની અનેક શંકાઓ નિર્મૂળ કરી.

જીવનું મૂળ સ્વરૂપ અનંત જ્ઞાન, અવ્યાબાધ સુખ, અનંત આનંદ, અનંત શક્તિમય તથા શાશ્વત છે અને તે તપ દ્વારા કઇ રીતે પ્રગટ થાય તે સાહેબજીએ અહીં ઉંડાણપૂર્વક સૌને સમજાવ્યું. એકદા ૫૬૩ જાતના જીવોમાંથી કોઇપણ જીવની મુખ્ય પાંચ ઈચ્છાઓ સમજાવતા સાહેબજીએ કહ્યું કે:

૧. જીવની પ્રથમ ને પ્રબળ ઈચ્છા જીવવાની હોય છે.
૨. જીવની બીજી ઈચ્છા જ્ઞાન પ્રાપ્તિની હોય છે.
૩. જીવની ત્રીજી ઈચ્છા સુખ પ્રાપ્તિની હોય છે.
૪. જીવની ચોથી ઈચ્છા સ્વતંત્રતા પ્રાપ્તિની હોય છે.
૫. જીવની અંતિમ ઈચ્છા સહુ કોઇ પોતાને આધીન રહે તે હોય છે.

ઓળીમાં સૌ આરાધકોને સાહેબજી નવપદજી ધ્યાનમાં પ્રવેશ કરાવે તે પૂર્વે કહે: ''નવપદજીમાં 'ન' એ નરકગતિ, 'વ' એ વિકલેન્દ્રિય (તિર્યંચ) ગતિ, 'પ' એ પુરુષ (મનુષ્ય) ગતિ અને 'દ' એ દેવગતિ નિવારે છે. આ ચારે ગતિમાંથી છોડાવી પંચમગતિ રૂપે મોક્ષ આપે છે નવપદજી. માટે તેની આરાધના તો આપણું પ્રથમ ને પરમ કર્તવ્ય હોવું જોઇએ. વળી મોક્ષ ન મળે ત્યાં સુધી આ નવપદજી જ ચારે ગતિના જીવો સંગે અભેદભાવનાં બીજને આપણામાં રોપે છે.'' અંતિમ દિને સાહેબજી અચૂક કહે: ''નવ પ્રકારના વિષય-કષાયોથી રજોટાયેલો આપણો આત્મા જ્યારે નવપદજીની અખંડ ભક્તિમાં લીન બને છે ત્યારે તે નવ પ્રકારની નિધિઓને પ્રાપ્ત કરતા-કરતા પરંપરાએ નવકલ્પી સંયમી બની ૯ ગ્રૈવેયક દેવતાઇ સુખોને પ્રાપ્ત કરતો થકો ૯ ક્ષાયિક ગુણોને અવધારી મોક્ષ પામનાર બને છે. માટે આ નવપદજીની ભક્તિ તો મોક્ષના દ્વારે લઇ જનાર પરમ નિધાનરૂપ છે. તેને ક્યારેય છોડવી નહીં.''

અહીંયા ઓળી કરવા આવેલા સાહેબજીના અમુક પુણ્યશ્રાવકો તો તેમનાથી પામીને ચાતુર્માસના ચારે માસ પૌષધ કરે. તેમાં વળી રોજે આંબેલ જ હોય જેથી અહીં સાહેબજી સમીપ રહીને નિત્ય ૬ કલાક જેવો સમય સંસ્કૃત ને પ્રાકૃત ગ્રંથોનું વાંચન, શ્રવણ, મનન આદિ કરી શકાય. શેષકાળમાં પણ આ શ્રાવકો વર્ષમાં ત્રણેક વાર લોચ પણ કરાવે. પગ તો સદા યે ઉઘાડા જ હોય અને જ્યારે આયંબીલ કરે - ફક્ત બે જ દ્રવ્યો દાળ અને રોટલી વાપરીને કરે. જો એકાસણા હોય તો પણ વિગઇઓનો ત્યાગ અને દ્રવ્ય સંકોચ તો ખરા જ. આવા સૌ શ્રાવકો એવં અન્ય ભવિજનો ઓળી પૂર્ણ થતા નવપદજીની આરાધનાથી નવપલ્લવિત થયા. શંખેશ્વરજીનો વિરલ ઉપધાન અવસર સંપન્ન કરી સાહેબજી પાટણ પધાર્યા. અહીંના પંડિતો પાસે નાના શિષ્યો-પ્રશિષ્યોનું અધ્યયન કાર્ય સુપેરે ચાલે તે માટે જ અહીંનો વિહાર કરેલો. 'સ્વરૂપને સાધે તે સાધુ' એ વ્યાખ્યા જાણે ચરિતાર્થ બની.

ત્યાં જ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા લઇને કચ્છ-ભુજપુર ગામનો સંઘ પાટણ પધાર્યો. લખ્યું હતું એ પત્રમાં કે:

'હવે આપે ચાતુર્માસ માટે ભુજપુર જઇને ત્યાંના સંઘને આરાધના કરાવી પમાડવાનો છે.' વિહાર શરુ થયો. ગ્રીષ્મમાં સૂર્યનારાયણે વૈશાખ-જેઠના આકરા તાપને શોભે તેવો તાપ વરસાવવો શરુ કર્યો. સૌ પ્રથમ રાધનપુરના ૨૪ જિનાલયો જુહાર્યા. થરાદ પાસે પહોંચ્યા ત્યારે ઇંટ ને માટીના કાચા રસ્તા ઉપર ડામર પથરાયો હતો. તે ડામર પીગળ્યો ને કાળઝાળ ગરમીમાં ઠંડક મેળવવાના ઉદ્દેશ્યથી એક સાપ તેમાં ફસાઇ ગયો. ધમપછાડા કરે પણ કેમે ય બહાર નીકળી ના શકે. સાહેબજી આ દ્રશ્ય જોઇને તત્કાલ ઉભા રહી ગયા. કરુણાસાગર એવા તેમણે સાથે રહેલા મુનિઓ તરફ જોઇ પૂછ્યું: ''કોનામાં હિંમત છે? સાપની સ્હેજ પાસે જઇને નવકાર સંભળાવો.''

સંવત ૨૦૦૧માં અમદાવાદમાં સપત્નીક દીક્ષા લેનારા પૂજ્ય પંન્યાસજી મહારાજના શિષ્ય મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજીએ હિંમત દેખાડી. સાપથી સ્હેજ જ દૂર રહીને તેઓએ નવકાર સંભળાવવાના શરુ કર્યા. સાપ એ ૧૧ નવકાર તો બિલ્કુલ શાંત રહીને સાંભળ્યા ને જેવો બારમો નવકાર પૂરો થવા આવ્યો કે તેણે એવું જોર લગાવ્યું કે ડામર ભરેલા ખાડામાંથી ઉછળીને તે બાજુમાં રહેલી જંગલની ઝાડીઓમાં અદશ્ય થઇ ગયો. નવકાર મંત્રની ઊર્જા શિષ્ય દ્વારા પંન્યાસજી મહારાજે જાણે સાપના આત્મા સુધી પહોંચાડી, જેમાં તેઓનું યોગબળ ખૂબ કામ કરી ગયું કારણ કે એ સમયે પૂજ્ય પંન્યાસજી મહારાજ પણ યોગમુદ્રાઓ સાથે મનમાં મંત્રોચ્ચાર કરીને સાપને શક્તિ આપી જ રહ્યા હતા.

न च धर्मो दया परः । દયાથી શ્રેષ્ઠ બીજો કોઇ ધર્મ નથી.

હૃદયમાં એ જીવ પ્રત્યેની કરુણા તથા નવકારના શબ્દનું સામર્થ્ય - બંનેના પ્રભાવે એક જીવ બચાવવાના આત્મિક સંતોષ સાથે સૌએ વિહાર આગળ ધપાવ્યો. પાટણ પહોંચીને જ્યારે આ ઘટનાની વાત કરી તો સંઘજનોને યાદ આવી શ્રી કલ્પસૂત્રમાં સૂણેલ શ્રી પાર્શ્વકુમાર, કમઠ તથા યજ્ઞના લાકડામાં બળી રહેલ સર્પની વાત. લાકડાને ફાડીને ચીરતા તે અર્ધ બળેલા સાપને શ્રી પાર્શ્વકુમારે નવકાર સંભળાવ્યા પછી તે મરીને દેવલોકમાં ધરણેન્દ્ર નામના ઈન્દ્ર સ્વરૂપે જન્મ્યા જ હતા ને?

સંવત ૨૦૧૩માં મુનિશ્રી વજ્રસેનવિજયજી મહારાજના સંસારી પિતાશ્રી માણેકભાઇ ૪૨ વર્ષની પ્રૌઢ વયે હાલારના મોટામાંઢા ગામે દીક્ષા લઇ મુનિશ્રી મહાસેનવિજયજી નામ ધારણ કરી પૂજ્ય પંન્યાસજી મહારાજના શિષ્ય બન્યા. સૌએ કચ્છની ધીંગી ધરાની નાની-મોટી પંચતીર્થી કરી. વિહારમાં નિર્જન માર્ગ ઉપર બે ફાંટા પડતાં હોય ત્યારે સાચો રસ્તો પૂછવો કોને? નિષ્પર્ણ વૃક્ષ તળે ઊભા રહી નેજવું કરીને જુએ તો યે દૂર સુધી કોઇ ભાળી શકાતું ન હોય. ત્યારે સાહેબજી ૧૨ નવકાર ગણી અંદરથી જેની હા આવે તે ફાંટો પકડે ...ને તે જ સાચો રસ્તો નીકળે. કચ્છમાં વિહાર કરતા સામે ખારો પાટ દેખાય. સાહેબજી એ જોઇ કહે: ''કચ્છના રણ પહેલાની આ વેરાન, ખારી, સૂકી ને બિનઉપજાઉ જમીન જેવું જો આપણું જીવન બની જાય તો આપણે ય આ વગડાની જેમ કોઇના ય કામમાં ન આવી શકીએ.

પરમાત્માએ આ ભવ પૂરતું આત્માને વસવા માટે આ ખોળિયું આપ્યું છે. તેના હૃદયની અંદરના ભૂગર્ભનું જળ જો કોરુંધાકોર રાખશું તો તો અભાવોની ખારાશ જ મળશે, પરંતુ સ્નેહના વારિથી પરિપ્લાવિત કરીશું તો એ ભીની ભૂમિના જળ જેવું મીઠું ને ઉપજાઉ જળ બીજે જોવા નહીં મળે.'' સંવત ૨૦૧૩ (ઇ.સ.૧૯૫૭)માં સાહેબજી ભુજપુર પધાર્યા. પ્રવેશ વેળાએ રચેલા 'સુણો ચંદાજી...' એ રાગમાં શા.વેલજી મેઘજીના પદમાં સાહેબજીની કૃતિ-પ્રકૃતિ-આકૃતિ યથાતથ ઝીલાયા છે:

અહો સ્વર્ગ સમી દિવ્ય ભૂમિ કૈં દીસે ભુજપુર ગામની...
બોલે જયજયકાર - બાલ વૃદ્ધ સહુ ભદ્રંકરના નામની.
ચાતુર્માસે ભુજપુર પધાર્યા, ધર્મ નાદે જનતાને જગાડયા;
જ્ઞાન ભક્તિ સુધારસ રેલાવ્યા, અહો સ્વર્ગ સમી...
મુનિ કાંચન-કામિનીના ત્યાગી, તપ સંયમ સ્થિરતાના રાગી;
શાશ્વત સુખની લગની લાગી, અહો સ્વર્ગ સમી...
પરમેષ્ઠી પાંચ જેનું જીવન છે, શ્વાસોચ્છવાસે એ જ આરાધન છે;
મુનિ ભવિજનના ઉદ્ધારક છે, અહો સ્વર્ગ સમી...
તેજસ્વીતા સૂર્ય સમી જેહની, શીતલતા ચંદ્ર તણી તેહની;
દિવ્યતા દીસે નિરૂપમ એહની, અહો સ્વર્ગ સમી...
જેની મુદ્રા શાંત ને સૌમ્ય ભરી, નહીં વિષય-કષાયનો તંત્ર જરી;
ઓજસ સર્વાંગે રહે નીતરી, અહો સ્વર્ગ સમી...
જેની વેધક દ્રષ્ટિ જાગૃત છે, ચિંતન જેનું અપરિમિત છે;
જેનું નિરીક્ષણ ન્યાય પ્રત્યે રત છે, અહો સ્વર્ગ સમી...
મનવચકાયા મુનિ ગોપે સદા, પાંચે સમિતિની રક્ષા ન ચૂકે કદા,
નિજ ભાવમાં જ રમણ કરે સર્વદા, અહો સ્વર્ગ સમી...
જેની જગત જીવો પરની કરૂણા, વહે સરિતા નીર ગંગા-યમુના;
જાણે પ્રગટ્યાં ઋષિ વાલ્મિકી અધુના - અહો સ્વર્ગ સમી...
પુણ્યોદય ભુજપુરના જાગ્યા, અજ્ઞાન તિમિર દૂરે ભાગ્યા;
આતમ જ્યોતિ તણા ડંકા વાગ્યા, અહો સ્વર્ગ સમી...
વંદન મુનિને નિશદિન કરીએ, એની કૃપાને લાયક સહુ બનીએ;
એનું સ્મરણ કદી નવ વીસરીએ, અહો સ્વર્ગ સમી...

પ્રવેશ બાદ શિષ્યગણમાંથી એક શિષ્યે પંન્યાસજી મહારાજની ચિંતા કરતા કહ્યું કે: 'સાહેબજી! આજે તો ખૂબ થાક લાગ્યો હશે. હવે આરામ ફરમાવો.' ત્યારે સત્વરે જવાબ મળ્યો:

''ભાગ્યશાળી, થાક લાગ્યો કે ઉતર્યો? અરે, આ શરીરથી તો સો-સો ગુણી ખટારામાંથી ઉતારી ત્યારે કાંઇ ના થયું અને હવે થાક લાગે? પુણ્યવંત, હવે આ પ્રવજ્યામાં જ ખરો થાક ઉતરે છે.''

ક્યારે પણ દીનતાનો સ્પર્શ થયો નથી ને વૈરાગ્યલીનતા વિનાનો દિવસ ગયો નથી સાહેબજીના સમસ્ત દીક્ષાપર્યાયમાં! શિષ્યોને લાગે કે સાહેબજીનો એક-એક શબ્દ જળની ઝારી બનીને અમારી સૂકી હૃદયભોમકાને સીંચી રહ્યો છે! અમારા ઢાંકીને રખાયેલા ને કર્મથી રજોટાયેલા હૃદયને સાતમા પાતાળ જેટલી ઊંડાઇએથી ઉપર ઉઠાવવા માટે જ કદાચ પ્રભુએ ગુરુજીને આમ આજાનબાહુની ભેટ આપી હશે!

પંન્યાસજી મહારાજે સ્વયં ભુજપુરની આ પ્રાચીન તીર્થભૂમિમાં પરમાત્મભક્તિનો આહ્લાદ્ અનુભવ્યો. અંતરમાં વાગોળાતા તત્ત્વને વધુ આત્મસ્થ કરવા યોગ્ય એકાંત પણ હતું અહીં. કર્મઠ પણ ભોળા હૃદયના મજબૂત લોકોની આ ભૂમિની અંદર કોમળતા હતી. પ્રવચનો દ્વારા આ કોમળ આંતરભૂમિમાં ધર્મબીજ રોપવાનું કાર્ય અઘરું ન હતું. કચ્છની ભદ્રિક પ્રજામાં સ્થાનકવાસીઓ પણ છે એ જોઇ સાહેબજીએ પોતાના વચનતેજથી આ સાડાચાર માસ દરમ્યાન પરમાત્માની પ્રતિમા ઉપરનો તેઓનો અણગમો પણ દૂર કર્યો.

પૂજ્ય પંન્યાસજી મહારાજની નામના સાંભળી એક હિન્દુધર્મીએ સાહેબજીને કહ્યું: 'હું બ્રાહ્મણ છું. અમારા વેદમાં લખેલું છે કે: न तस्य प्रतिमास्ति । અર્થાત્ તેની કોઇ પ્રતિમા નથી. તો આપના શાસ્ત્રો કેમ સૌને મૂર્તિનું પ્રતિપાદન કરાવે છે?' ઉત્તર મળ્યો:

''ભાઇ, ધીર ધરો. તમારું વાક્ય સો ટકા સાચું જ છે. તમે ફક્ત સંધિ કરવામાં ભૂલ કરી છે. જુઓ, એ જ વાક્ય આમ બોલવાનું છે: नतस्य प्रतिमास्ति । અર્થાત્ જે નમેલો છે, ભક્તિવાન - શ્રદ્ધાળુ છે, એના માટે જ ઈશ્વરની પ્રતિમા છે. નમનાર જ પ્રતિમા દ્વારા ઈશ્વરનું સાંન્નિધ્ય પામી શકે છે. આમ તમારા જ વાક્યમાં મૂર્તિની સિદ્ધિ છે ને મૂર્તિની મહત્તા પણ દર્શાવાઇ છે.'' આ સાંભળતાં જ પેલા હિન્દુ ભાઇ મૂર્તસાધનાને શ્રદ્ધાથી જોવા લાગ્યા ને પછી અમૂર્તસાધના કરતા સાકાર સાધનામાં જ વધુ સંતોષ થયો.

વળી એક દિવસ બાજુના ગામના કોઇ વિદ્વાન પંડિતજી પ્રવચનમાં હાજર થયા. લોકોએ તેઓની ઘણી વિખ્યાતિ સાંભળેલી તેથી બહુમાનભેર આગળ બેઠક આપી. તેમને પંન્યાસજી મહારાજના પ્રવચનમાં ઘણી બધી પૂર્વે ન સાંભળેલી વાતો સાંભળવા મળી. સ્વજ્ઞાનમદને પોષવા તેઓએ ભરી સભામાં કહ્યું:

'સબૂર! શાસ્ત્રના આધાર વગરની આવી વાતોથી તમે અહીંના અમારા ભોળા સમાજને અવળે માર્ગે ચડાવો છો?' સભામાં સન્નાટો છવાઇ ગયો. ભદ્રિક સાધર્મિકો એકમેક સામે જોવા લાગ્યા. મૌન વધુ વજનદાર લાગ્યું સાહેબજીનું સૌને અત્યારે. સમતા ભાવે શાંત રહી જાણે કાંઇ બન્યું જ ન હોય એમ તત્ત્વની વાતને સાંધતી કડીથી સાહેબજીએ તો સુપેરે વ્યાખ્યાન આગળ ચલાવ્યું.

સૌએ જોયું કે મહારાજે પોતાની આગલી વાતને જ ફરી આગળ ચલાવી. ન મુખની એકે ય રેખા બદલી, ન અહમ્ ઉપર થયો ઘા. મનમાં અજંપા સાથે સહુએ વ્યાખ્યાન પૂરું સાંભળ્યુ તો ખરું, પરંતુ સાથે-સાથે ઘરે જતા સૌ ચચરાટ પણ અનુભવી રહ્યા. બધા વિખેરાઇ ગયા પછી પેલા પંડિતજીને પાછા બોલાવીને સાહેબજીએ એકલતામાં સરળતાથી કહ્યું: ''અમુક નામનો ગ્રંથ વાંચીને મારી પાસે આવવાનું રાખશો તો પછી આ વિષય ઉપર વિચારણા કરવાની મઝા રહેશે.''

'હા, એ ગ્રંથ તો પિતાજીના વખતથી ઘરે પડેલો જ છે. મેં તે વાંચવો હજુ સુધી જરૂરી સમજ્યો ન્હોતો. બે-ચાર દિવસમાં જ તેના પાના ફેરવીને આવીશ. મારે માટે વિદ્યા પ્રાપ્ત કરવી તો જરાયે મોટી વાત નથી.' એમ કહી તેઓ ગર્વયુક્તપણે પરત ફર્યા. ઘરે જતા રસ્તામાં તેમને સાહેબજીની નરમાશ અને આત્મવિશ્વાસ ભરેલી વાણીના દર્શન થયા કર્યા. ઘરે જઇ તે ગ્રંથ શોધીને જેમ-જેમ વાંચતા ગયા, તેમની પ્રવચન પ્રસાદી સમજાતી ગઇ. સાહેબજીની દરેક વાતને શાસ્ત્રનો પૂ...રો આધાર મળતો ગયો. બધા જ સંસ્કૃત શ્લોકો વાંચી રહ્યા કે પાઘડી ને પહેરણ પહેરી ઘોડાગાડીમાં બેસી બાજુના ગામ જવા તરત જ ફરી પ્રસ્થાન કર્યું.

સાહેબજી પાસે આવી પ્રથમ તો રડતી આંખે ને ભારે હૃદયે ક્ષમા માંગી પંડિતજીએ. થોડા સ્વસ્થ થઇ વળી બોલ્યા કે: 'આપે સવારના પ્રવચનમાં જ કેમ જાહેરમાં આ શાસ્ત્ર આધારતા ન જણાવી?'

હવે શાસ્ત્રોના ઝવાહર સમા પંન્યાસજી મહારાજ મર્માળુ હસીને બોલ્યા:

''સરસ્વતીસુત, એમાં આપનો વાંક ન હતો. હું સમજી ગયો હતો કે આપે આ પ્રાચીન શાસ્ત્રનો અભ્યાસ કર્યો લાગતો નથી. માટે જ મેં આપના અગ્નિને ઠારવા રૂપ જલ ના નાખ્યું. એ અગ્નિને કારણે જ તમે ઘરે જઇને તરત એ શાસ્ત્રાર્થ પઠન કરી શક્યા... નહીંતર ખરેખર જ બે-ચાર દિવસો કાઢી નાખત. તેથી જ મેં મૌન રહેવું યોગ્ય માનેલું.''

પંડિતજીના આંસુ આ સાંભળીને તો વધુ ઘેરા બન્યા. નિર્મળ હૈયે તેઓ ઘરે પાછા ફર્યા ને બીજે દિવસે પંન્યાસજી મહારાજના પરમ ભક્ત બની સવારના પ્રવચનમાં ફરી પધાર્યા. અડધા પ્રવચને જ્યારે વ્યાખ્યાનનો ઉપાશ્રય ખીચોખીચ ભરાયેલો ત્યારે પંડિતજીએ ભરીસભામાં વચ્ચેથી ઉભા થઇ પોતાના ગઇકાલના ભારે અવિનય ને અપરાધની જાહેરમાં ક્ષમા માંગી. સાહેબજીનો જયજયકાર થઇ ગયો. ગામની દરેક શેરીમાં ને મહોલ્લે મહારાજજીની આ વિનમ્રતા ને સમતાની વાતો ચર્ચાવા લાગી.

...ને સાહેબજીને તો સ્વેચ્છાએ સ્વીકારેલી તકલીફો ક્યાં કષ્ટપ્રદ લાગી શકે? આવી રીતે ક્યારેક કોઇ જાણકાર આવે અને તેમની પાસે બેસીને પોતાને જ્ઞાત હોય એવી વાતો લાંબો સમય સુધી કરે, ત્યારે સાહેબજી ચૂપ રહી ફક્ત સાંભળે. ન હોય કોઇ પ્રતિભાવ, ન ટકોર.

પછી જો કોઇ પ્રશ્ન આવે તો એવો ઉત્તર આપે કે જેમાં બધી જ વાતોના સમાવેશ પછીનું તેઓનું ઘણું ઊંડુ ખેડાણ દેખાઇ આવે. ઉઠતી વખતે વક્તા શરમ પણ અનુભવે કે સૂરજને દીપક દેખાડવા જેવું કાર્ય થઇ ગયું મારાથી! બાહ્ય તપ સંગે અભ્યંતર તપમાં પણ લીન રહેતા સાહેબજી પરત્વે સૌનો સ્નેહભાવ એટલો તો વૃદ્ધિ પામ્યો કે અહીં ભુજપુર ગામમાં પણ સંઘ તરફથી ૨૦ દિવસના અનુષ્ઠાનપૂર્વક ખીરના એકાસણા કરાવી સૌ આરાધકોને ૧ લાખ નવકારના જાપથી સાહેબજીએ વિભૂષિત કર્યા.

અનુરાધા નક્ષત્રમાં નાગકેસરનું વૃક્ષ રોપેલું હોય તેમ સાહેબજીએ મૈત્રીપૂર્વક રોપ્યો પોતાના ભક્તોની મનોભૂમિમાં નવકાર! ...ને સમય આવ્યે સંવત ૨૦૧૩ (ઇ.સ.૧૯૫૭)નું ભુજપુરનું ચાતુર્માસ પૂર્ણ થયું.

लोए वि सहलो जम्मो जो एक्कसरिअं सया ।
चित्ते सरइ तं तस्स, होइ सव्वाहि संपया ॥

જે કોઇ નવકાર મંત્રનું ચિત્તમાં એકાગ્રતાથી ને એક સ્વરે સદા સ્મરણ કરે છે
તેનો આ લોકમાં જન્મ સફળ બને છે અને સર્વ પ્રકારની સંપદા પ્રાપ્ત થાય છે.

શેષકાળમાં વિહાર કરતા ખબર પડી કે થોડે દૂર જ સૈકાઓ પ્રાચીન એક સુંદર મજાનું નાનકડું ગામ છે જ્યાં આપણું એક અદ્ભૂત દેરાસર પણ છે. પાકિસ્તાન બોર્ડર પરનાં આ દેરાસરમાં ખાસ આવાગમન નહીં. ફક્ત એકવાર પૂજારીજી પૂજા, આરતી કરી દેરાસર બંધ કરી દે. શેષકાળના વિહારમાં સાહેબજી ત્યાં જઇ ચડયા. ૧૬ ફૂટ કરતાં યે લાંબો ગભારો અને દીવાના ટમટમ પ્રકાશમાં પ્રાચીનતા ઝગમગે!

સાહેબજીને તો અહીં એવું ધ્યાન લાગી ગયું કે ૩ કલાક ક્યાં જતા રહ્યા તે ખબર જ ન પડી. શ્રાવકો શોધતા આવ્યા ત્યારે જાણે આ લોકમાં પરત ફર્યા તેઓ. પાછળથી પૂજારીજી ગામમાં સૌને કહી રહ્યાં હતા કે આ મહામુનિ મંદિરમાં અંદર બેઠાં'તા એટલી વાર ત્યાં ૧૫ ફૂટ લાંબા અજગરને બેઠેલો મેં નજરોનજર જોયો! અંદર જવાની તો મારી તાકાત જ ન હતી. પણ આંખો બંધ કરી ટટ્ટાર બેઠેલા એ મહાત્મા કો'ક મો...ટા જાણતલ હતા એની ના નહીં!

રાજસ્થાનના જેઠમલજીએ શ્રાવકશ્રી ઋષભદાસજી રાંકાથી પ્રેરિત થઇ ૨૯ વયની યુવાન વયે દીક્ષા લેવાનો સંકલ્પ કરેલો તેથી સાહેબજી ભુજપુર પાછા ફર્યા. સંવત ૨૦૧૪ (ઇ.સ.૧૯૫૮)ના મહા સુદ તેરસના ભુજપુર મુકામે જ પૂજ્ય સાહેબજીની નમણી નિશ્રામાં તેઓએ દીક્ષા લીધી. મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજના શિષ્ય બની નામ પડયું મુનિશ્રી જિનસેનવિજયજી. આયંબીલની ૧૦૦ ઓળી પૂર્ણ કરવાના ભાવ સાથે દીક્ષા લઇ એકાસણા સાથે ફળ, મેવા ને મિઠાઇનો પ્રાયઃ ત્યાગ કર્યો.

સમુહમાં નિગ્રંથ શ્રમણો ઉમેરાતા જાય છે એ પ્રભુ કૃપા છે એમ વિચારી સાહેબજીએ ગરિમા અનુભવી.

પૂર્વે સંવત ૨૦૧૩માં કચ્છના માંડવી ગામમાં જેઓનું પ્રથમ મિલન થયેલું તેવા આચાર્યશ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજીને અહીં ફરીથી ભુજપુર મળવાનું થયુ. સાહેબજીએ તેમને પૂજ્ય આચાર્યવરશ્રી હરિભદ્રસૂરીજીના ગ્રંથો યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ આદિ ગ્રંથોનું પઠન કરવા સૂચન કર્યું જેથી જીવન નિશ્ચયલક્ષી બને ને સાથે વ્યવહાર પણ સુદઢ બને, જે તેમણે યથાતથ માન્યું.

ભુજપુરથી વિહાર આદરી પૂર્વાચાર્યોની આજ્ઞાનુસાર જીવનસરણી ને જીવનસારિણી ગોઠવીને ગુજરાતના તીર્થોની પાવન યાત્રા કરતા સાહેબજી આગળ વધ્યા ત્યાં આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનો સંદેશ લઇ નવા ડીસાથી શ્રી સંઘ પધાર્યો. તેઓના મરક-મરક સ્મિત જોઇને જ પૂજ્ય સાહેબજી પામી ગયા તેનું રહસ્ય! ગુરુની આજ્ઞા શિરોમાન્ય કરતા જ સંઘે ચાતુર્માસની જય બોલાવી.

ચૈત્રી ઓળીનું આ વર્ષનું આયોજન શ્રી નવપદ આરાધક સમાજ તરફથી સાહેબજીની તારક નિશ્રામાં શ્રી પાનસર તીર્થમાં થયું. દૂર દૂરના ક્ષેત્રોથી ૬૦૦ આરાધકો પધાર્યા ને ભાવપૂર્ણ આરાધના શરુ થઇ એ વેળાએ અહીં અમદાવાદથી જોડાયા સુશ્રાવકશ્રી ચંદુલાલ સાકરચંદ શાહ.

તેઓએ સ્વતંત્રતાના સંગ્રામ વેળાએ જેલવાસ પણ કરેલો અને જન્મભૂમિ પત્રના ખબરપત્રી તરીકે વિદેશયાત્રાઓ પણ કરેલી. દૂધમાંથી ઘી બનાવવાની તેમણે શોધેલી નવતર પદ્ધતિની સિદ્ધિ થકી સૌ પરિવારજનો આનંદ મનાવતા હતા સિવાય એક - તેઓના જન્મદાત્રી માતા. આ અંગે તેઓને એકાંતમાં પૂછતાં જવાબ મળ્યો માતા પાસેથી: 'જે અધ્યયન તને આત્માના વિકાસમાં સહાયક થાય તે જ સાચી સિદ્ધિ ને પ્રગતિ. તે માટે પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પાસે જા.'

અહીં આવી ભવ-પરભવ સુધારવાના પુરુષાર્થ રૂપે તેઓએ સાહેબજીની પાસે રહી રોજના ૭-૮ કલાક સુધી અધ્યયન કરવું શરુ કર્યું. શાસ્ત્રાભ્યાસ માટે સ્યાદ્વાદ, ૭ નય, ૪ નિક્ષેપ, ૨ પ્રમાણ, સપ્તભંગી વગેરે દ્રવ્યાનુવાદના વિષયોમાં સાહેબજીએ તેમની રૂચિ જોઇને તેમાં જ ગહન ઉતાર્યા. હતી તેઓની પ્રગતિ તેજ, દિશા સ્પષ્ટ ને ઈચ્છાશક્તિ તીવ્ર.

યોગ્ય માર્ગદર્શનથી તેમની પ્રૌઢ પ્રજ્ઞામાં તર્ક, તુલના અને ઇતિહાસની દ્રષ્ટિ પણ ઉમેરાઇ. ફળસ્વરૂપે 'અનેકાંત અને સ્યાદ્વાદ' નામનું પુસ્તક લખી શક્યા તેઓ. આ જોઇ માતા હર્ષવિભોર બન્યા.

ગુરુની નિશ્રામાં એકાંત સાધવા તેઓ એક મહિનાથી વધુ સમય રોકાયા પાનસરમાં. પ્રાકૃત વિભાગમાં રહેલ '૧૦૮ નમસ્કારાવલિ' ગ્રંથનું મનનપૂર્વક અધ્યયન કરતા અહીં એક દિવસ એકાએક જ તેઓનું હૃદય પુલકિત બન્યું. વાણી ગદ્‌ગદિત બની. અપાર્થિવ આનંદથી ચિત્ત છલકાઇ રહ્યું. અહીંના મૂળનાયક ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી સમક્ષ એ ગ્રંથને મસ્તક ઉપર રાખી તેઓ નાચવા લાગ્યા. ભાવવિભોર બની મુખમાંથી અનાયાસ જ નીચે મુજબની સ્તુતિરૂપ પંક્તિઓ રચાઇને નીકળવા લાગી:

જે ચૌદ મહાસ્વપ્નો થકી નિજ માતને હરખાવતા,
વળી ગર્ભમાંહિ જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા;
ને જન્મતા પહેલા જ ચોસઠ ઇન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું.

એવા તો નિરહંકારી મનોભાવથી રચાઇ આ ૨૪ જિનેશ્વરની સ્તુતિ રૂપ પંક્તિઓ કે સાહેબજીએ જ આ સ્તુતિમાળા સાંભળીને તેને નામ આપ્યું: 'અરિહંત વંદનાવલિ'. હજ્જારો લોકો એ સ્તુતિ થકી પ્રભુભક્તિમાં તલ્લીન થવા લાગ્યા જેનાથી ગાઢ કર્મોનો ખાત્મો બોલાઇ જાય. ધીમે-ધીમે દરેક ગામની પાઠશાળાઓ તથા ચતુર્વિધ સંઘોમાં આ સ્તુતિમાળાએ એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી લીધુ.

અહીંથી વિહાર કરી સંવત ૨૦૧૪ (ઇ.સ.૧૯૫૮)ના ચાતુર્માસ માટે સાહેબજીએ શુભ મુહૂર્તે મંગલ પ્રવેશ કર્યો નવા ડીસામાં! આ સ્થાન લગભગ વણખેડાયેલું. સંઘના ભાવિકો પ્રથમ વાર જ કોઇનું ચાતુર્માસ મેળવવા ભાગ્યશાળી બનેલા. જૈનોની વસ્તી હવે થોડી વધી હતી, પરંતુ ઊંડા ધર્મસંસ્કારોના અભાવે સાહેબજી ઉપર ઘણી મહત્ત્વની જવાબદારીઓ આવી ગઇ.

આત્મજ્ઞાનના ઉચ્ચ પ્રવાસીની અલૌકિક વાણીનો પડઘો પડયો સંઘ ઉપર તરત જ. ઘરે-ઘરે પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પાઠશાળા, પ્રવચન શ્રવણ, નવકારશી, ચોવિહાર સમી પાયાની ધર્મક્રિયાઓ ભાવપૂર્વક થવાની શરુ થઇ ગઇ. અહીંના સંઘજનોને ખબર પડી કે સાહેબજીના સંસારી ભત્રીજા જ્યારે પરિણય સંપન્ન થયા પછી પોતે વરઘોડિયા વંદન કરવા મહેસાણા આવ્યા ત્યારે વંદન કરીને ત્યાંથી પાલીતાણા જે ટ્રેનમાં જવાનું હતું તેમાં જવાની સાહેબજીએ કોઇ અકળ કારણસર ના પાડી.

સાહેબજીની વચનસિદ્ધિનો ઘરના દરેકને હતો અનુભવ. એમની વાત માનીને ન ગયા. પાછળથી ખબર પડી કે એ ટ્રેનને અકસ્માત થયો હતો. એ પછી સાહેબજીની વાત ક્યારેય કોઇ ન ઉથાપે. ગુરુકૃપાથી શું ન થઇ શકે તેની સૌને અહીં ડીસામાં પણ અનુભૂતિ થવી શરુ થઇ. તત્ત્વગર્ભિત ગંભીર જ્ઞાનગોષ્ઠી સાથે તપ-જપ-ત્યાગ-વૈરાગ્યના રંગે સૌ રંગાયા. આત્મતરફી વિચારણા સૌ પ્રથમ વાર જ શરુ થઇ એ ભવિજીવોમાં. હળુકર્મી એવા તે સૌએ હવેથી દર વર્ષે ચાતુર્માસ માટે શ્રમણ ભગવંતોને અચૂક બોલાવવા જ એવો નિશ્ચય પણ કર્યો. ડીસામાં સાહેબજીએ શરુ કરેલ 'ધર્મચક્ર' માસિકને કારણે પણ હવે પૂજ્ય પંન્યાસજી મહારાજના વિચારો અને શુભકાર્યો દરેક ગામ-નગર-શહેરોમાં પહોંચવા માંડેલા.

એકધારા ૧૨ મહિના સુધી સાહેબજીથી અલગ રહેવાનું થતા 'મારે શું કરવું?' એ વિષયક એકદા મુનિશ્રી વજ્રસેનવિજયજીએ એક પત્ર લખી મોકલાવ્યો. જવાબમાં ગુરુવર્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે મૂળ મુદ્દાને હાથ જ ન લગાડયો, પરંતુ લખ્યું કે:

''આટલી નાની ઉંમરમાં તમારા મનના વિચારો લખવાની શક્તિ સારી ખીલી છે તે જોઇ આનંદ થયો. તમારો વિકાસ થઇ રહ્યો છે તે જોઇ સંતોષ છે.'' યુક્તિપૂર્વકનું આવું લખાણ વાંચી કિશોર મુનિવરશ્રી પણ મુક્ત મને હસી પડયા. પત્ર લખતી વેળાએ જ મનનો ભાર તો હળવો થઇ જ ગયો હતો પણ આવો જવાબ વાંચી હર્ષ પણ થયો.

સંવત ૨૦૧૪ (ઇ.સ.૧૯૫૮) ચાતુર્માસના અંત પૂર્વે અહીં પણ શ્રી જૈનસંઘ તરફથી ૨૦ દિવસના ખીરના એકાસણા સાથે શ્રી નવકાર મહામંત્રના જાપનું અનુષ્ઠાન રંગે-ચંગે સંપન્ન થયું. ત્યાં તો મારવાડથી ખડકીવાળા શ્રી ચેલાજી વનાજી ચડવાલ પરિવાર તરફથી ચડવાલથી શત્રુંજયના છ'રી પાલિત સંઘનું આયોજન કરી તેમાં આગેવાની લઇ જોડાવા માટે પૂજ્ય પંન્યાસજી મહારાજને જોરદાર વિનંતી થઇ.

કોલ્હાપુર, માલેગાંવ, પુના, ખડકી વગેરે ગામના સંઘોને સાહેબજીએ આસ્તિક બનાવ્યા હોવાથી સંઘવી બાબુભાઇના મામા એવા શ્રી દલીચંદભાઇની ભાવભરી વિનંતી સાહેબજીએ માન્ય કરીને ચડવાલ ગામમાં જ એક મહિનો રહી સંઘ માટેની ઉત્તમ તૈયારીઓ કરાવી. બાગડૌર તેઓના હાથમાં હતી. પરંતુ સંઘમાં જોડાનારા ૧૬૫ સાધુઓ-૨૨૫ સાધ્વીજીઓ અને ૨૦૦૦ શ્રાવક-શ્રાવિકાઓને નિત્ય વ્યાખ્યાન શ્રવણ કરાવવાનું પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે મુનિશ્રી ભાનુવિજયજી મહારાજને સોંપી દીધું. તેઓ વિદ્વાન વ્યાખ્યાતા તો હતા જ. સંઘના પડાવમાં ધર્મશીલ ભાવુકોના પાદવિહાર પછી થતા સામૈયા-વ્યાખ્યાન-પ્રતિક્રમણો-નવકાર જાપ-પૂજા-સ્નાત્ર-વિશિષ્ટ જિનભક્તિ આદિ મહાત્માઓની શિરદારી નીચે થાય.

સવંત્ ૨૦૧૫ના પોષ સુદી બારસે શરુ થયેલ આ સંઘમાં રાજસ્થાન સરકાર તરફથી સતત સાથે રહેવા પોલીસ પાર્ટી પણ અપાઇ. પાદવિહાર ન કરી શકનાર વયોવૃદ્ધ યાત્રિકો માટે સંઘની સાથે ૪ બસ પણ રાખવામાં આવેલ. સવારે વાજિંત્રોના નાદ સાથે જેવુ સંઘનું મંગલ પ્રયાણ થયું કે પિંડવાડાથી લાવેલ બારમા સૈકાના પંચધાતુમય શ્રી પાર્શ્વપ્રભુના રથની આગળ શ્વેત નાગરાજે શુકનરુપે દર્શન આપ્યા.

ભવરી-મેરમાંડવાડા, સિલદર, દાંતરાઇ, જીરાવલા, વરમાણ, મંડાર, પાંથાવાડા, ખીમત, જેરડા, ડીસા, આસેડા, કોઇટા, ચારૂપ થઇ પાટણ સંઘ પહોંચ્યો ત્યારે ગામના હજારો નિવાસીઓને સંઘે આમંત્રણ આપીને જમાડયો. સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ઘી ભરેલા પીપડા વપરાયા જ કરે. સામે પાટણ ગામના સંઘે પણ અદ્ભૂત ઉદારતા દાખવીને આ સંઘના યાત્રાળુઓને બીજા દિવસે ભોજન કરાવીને પછી જ આગળના મુકામે જવા પરવાનગી આપી. એ પછી કુણઘેર, અડીયા, હારીજ, મુંજપર થઇને પંદર દિવસે સંઘ પહોંચ્યો શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં, જ્યાં નાના-મોટા ૮૦ તંબુઓમાં સૌ બે દિવસ માટે વિશ્રામ પામ્યા. પૂજ્યપાદ્ આચાર્ય ભગવંતશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા જેવા પુણ્યનામધેય મહાશ્રમણના નેતૃત્વ હેઠળ સંઘે અપૂર્વ ભક્તિ કરી અહીં.







ઈ.સ.૧૯૫૯માં શ્રી શત્રુંજય મહાતીર્થાધિપતિ આદિનાથ દાદાની પાવન છત્રછાયામાં આવવા ૨૦૦૦ ભાવુકો થનગનતા હતા ચડવાલથી છ'રી પાલિત સંઘમાં જોડાવા પૂજ્ય પંન્યાસજી મહારાજ સંગાથે... રાજસ્થાનના રળિયામણા ગામથી નીકળેલ ભવિજનોએ ફાગણ સુદ એકમના છ ગાઉની યાત્રા સંપન્ન કરી. શાશ્વતા શત્રુંજય તીર્થે આગમન કરનાર આ સંઘપતિના મહાન સુકૃતોની યશોગાથા વિશ્વમાં ચોમેર ફેલાઈ.

ગામેગામના ધર્મક્ષેત્રોમાં માતબર દાન કરતા આગળ વધ્યો સંઘ. પંચાસર, જૈનાબાદ થઇને દસાડા પહોંચ્યા કે ત્યાંના જિનાલયની ભીંતો ને પરમાત્માના અંગોમાંથી આખો દિવસ અસ્ખલિત અમીઝરણાં વહ્યા. પાટડી, ઉપરિયાળાજી, બજાણા, પિંપળી, મેથાણ, રાજસીતાપુર થઇને સુરેન્દ્રનગરમાં સંઘનું શુભાગમન થયું ત્યારે બાદશાહી સ્વાગત સંગે સાહેબજીનું નમસ્કાર મહામંત્ર ઉપર મનનીય પ્રવચન પણ યોજાયું. વઢવાણ, સીયાણી, ચૂડા અને લીમડીના સંઘોની ભક્તિથી તરબતર બની રાણપુર, અલાઉ થઇને બોટાદ, લાખીયાણી થઇ સંઘ જેવો વલ્લભીપુર પહોંચ્યો કે ૨૦૦૦ યાત્રાળુઓને જાણે સિદ્ધક્ષેત્રની તળેટીએ જ પહોંચી ગયા હોય તેવી ધન્યતા અનુભવાઇ.

પૂજ્ય મુનિવરશ્રી ભાનુવિજયજીના કંઠમાધુર્યનો લાભ અહીં ચતુર્વિધ સંઘે પાવન ગિરિરાજ સન્મુખના ચૈત્યવંદનમાં લીધો. બાદ ઉમરાળા, સણોસરા, નોંઘણવદર, જમણવાવ થઇને મહા વદ તેરસના દિને જિનમંદિરોની અદ્ભૂત દેવનગરીને શિરસાવંદ્ય કરી સંઘ પાલીતાણાના ગુરુકુળમાં પ્રવેશ્યો ત્યારે નભમાં રહેલ આદિત્ય પ્રભાતની છડી પોકારતો હતો. ૨૧ જાન્યુઆરી, ૧૯૫૯ના રોજ રાજસ્થાનના એક રળિયામણા નાના એવા ચડવાલ ગામથી નીકળેલો ૨૦૦૦ ભાવુકો સાથેનો આ ચતુર્વિધ સંઘ આજે ૮ માર્ચ, ૧૯૫૯ના પાવક દિને નગરપ્રવેશ કરી ફાગણ સુદ એકમના રોજ છ ગાઉની યાત્રા સંપન્ન કરી તીર્થમાળ પહેરનાર હતો. સ્યાદ્વાદરત્નાકર સાહેબજીના સૌમ્યશૈલીના નવકાર ઉપરના મનનીય પ્રવચનો સાથે-સાથે સી.એ. ભણીને, લંડનની બેંકીંગની પરીક્ષા આપનાર તથા ન્યાયશાસ્ત્રજ્ઞ મુનિવર્યશ્રી ભાનુવિજયજીના તાર્કિક વ્યાખ્યાનોએ પણ ભવિજનોને જીવનની સાચી દિશા દર્શાવી.

આ મહાન સુકૃતની યશોગાથા વિશ્વમાં ચોમેર ફેલાઇ. અર્હદ્ ભક્તિરસમાં મૈત્રીભાવ ભાવતા આ સંઘ પૂર્ણ થયો ને લાગ્યું જાણે એક મહાન અવતારકૃત્ય સંપન્ન થયું. સંઘવી પરિવારે અતિશય ઉદારતા દાખવી આ સંઘને વિશિષ્ટ માન અપાવેલુ. દરેક મુકામે ત્રણે ય સમય સંગીતકારશ્રી ગજાનનભાઇએ શાસ્ત્રીય રાગમાં નિત્ય પ્રભુભક્તિ કરાવી.

છ'રી પાલિત આ સંઘ નીકળ્યો તે સમયે ૫૦ રૂપિયે તોલો સોનુ હતું. સાથે નાનું બેંડ હતું ને પ્રભુજી રોજે રથમાં નહીં, કિન્તુ ગજરાજ ઉપર બિરાજીત હોય. નિર્વિઘ્ને પાલીતાણા પહોંચીને યુગાદિદેવ શ્રી આદિનાથને પાંચ કિલો સુવર્ણનો નકશીદાર મુગટ ચડાવ્યો ત્યારે ભારતભરમાં શ્રી પ્રેમજીભાઇ, કોરશીભાઇ, મેઘજીભાઇ, મફતભાઇ સંઘવી, બાબુભાઇ, હીરાભાઇ વગેરે દ્વારા ઉચ્ચ ઉપબૃંહણા થઇ.

સ્વતંત્રતા મળ્યે હવે એક દસકો પસાર થઇ ગયો હતો. રાજકીય અને સામાજિક પરિસ્થિતિ થાળે પડવા માંડી હતી. તેથી શેષકાળમાં ગુજરાતના વિહારો શાંતિથી પૂર્ણ કરી સંવત ૨૦૧૫ (ઇ.સ.૧૯૫૯) ચાતુર્માસ માટે સાહેબજીએ સમુહ સહ જામનગરના ચાંદી બજારમાં પ્રવેશ કર્યો. સાહેબજીના સુવર્ણ સમા વ્યાખ્યાનોનો અને નવકાર આરાધનાનો રણકાર અહીં સુધી પહોંચી ગયેલો તે તરત દેખાયુ.

પ્રાચીનકાળના નાગના બંદર કે નવાનગર નામથી ઓળખાતા આ નગરની સ્થાપના સોળમી સદીમાં જામશ્રી રાવળે કરેલી. જામનગરમાં આવેલ ૧૫ પ્રાચીન દેરાસરોની દેવવિમાનના શિખરો સમી શ્રેણી શોભતી હોય તેવી દ્રશ્યાવલી જોઇ સૌ સુપ્રસન્ન થયા. કાજીના ચકલામાં શ્રી બળદેવજી દ્વારા નિર્મિત અને શ્રી કૃષ્ણજી દ્વારા પૂજીત એવા જીવિતસ્વામી શ્રી નેમિનાથ પ્રભુજીના પ્રતિમા જે સમુદ્રમાંથી પ્રગટ થયેલા, તે ગરવા ગિરનારજી ઉપર સ્થાપિત નેમિનાથ પ્રભુજીની નમણી મુખાકૃતિની યાદ અર્પે. ત્યાં સાહેબજીને રોજ ધ્યાન લાગી જાય. વહેતા રહેવું, વહેવા દેવું અને વહાવી દેવું એ પણ એક પ્રકારની આધ્યાત્મિક સાધના જ છે એવું તેમને ધ્યાનમાંથી બહાર નીકળી પ્રતીત થાય.

અહીંયા પણ પંન્યાસજી મહારાજે સૂત્ર-સિદ્ધાંતોનું નિરંતર પરિશીલન કરીને આપેલ તત્ત્વરસપ્રચૂર પ્રવચનોમાં સંઘ તરબોળ બન્યો. લોકૈષણા કે કીર્તિની અભિમુખતામાં ડૂબીને સ્વહિત ન ચૂકનાર તેજસ્વી સાધક ગુરુવર તરીકે તેમણે સૌના મન મોહી લીધા અને સૌને આત્માભિમુખ બનાવી દીધા.

એ જ આનંદના વિસ્તરણ રૂપે ચાતુર્માસ દરમ્યાન પાઠશાળાથી થોડે દૂર રહેલ શ્રી દિગ્વિજય પ્લોટમાં શાંતિભુવનના ઉપાશ્રયમાં ૨૦ દિવસના એકાસણા સાથે ૧ લાખ નવકારના જાપમાં અનેક લોકો જોડાયા.

સમતાવારિધિ, સંયમમૂર્તિ, અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસજી મહારાજ દ્વારા થતી નવકાર મંત્રની આરાધનાનું આ વિશિષ્ટ અનુષ્ઠાન એટલુ બધું પ્રચલિત થવા માંડયું હતું કે ભાવિકો દૂર-દૂરથી આવીને તેમાં જોડાઇ ધન્યાતિધન્ય બની રહેતા. આ આયોજનાર્થે શેઠ શ્રી રાયશી વર્ધમાનની જૈન પેઢીના તથા શ્રી કુંવરબાઇની જૈન ધર્મશાળાના કાર્યકરોએ એટલું સુંદર કાર્ય કર્યું કે આરાધનાની પ્રત્યેક ક્ષણ અર્થપૂર્ણ બની રહી. વહી અહીં પણ સ્નેહાત્મક, શાસ્ત્રાત્મક, સૂત્રાત્મક ને સત્યાત્મક વાણીની સરવાણી સાહેબજીની! ધવલ કો' જળપ્રપાત ટકોરાબંધ રીતે પડતો હોય તેવી અપરાજિત ગિરા જ્યારે તત્પર હોય ચૈતન્યનું ચૈત્ય ખોલવા ત્યારે ચૈત્રી ચાંદની સમી તુષ્ટિ થયા વિના રહે ખરી?

ન કરવી તકદીરથી તકરાર ન કરવો કોઇનો તિરસ્કાર એ હતો આ ચાતુર્માસનો કેન્દ્રીય વિચાર આ આજાનુકરલમ્બિત તનુ અજાતશત્રુનો! ચણોઠીના રતુંબડા ફળ સમી આવી ક્ષણમહોરો એ સોનામહોરો કરતા યે વધુ કિંમતી હોય છે તે સહુ આરાધકોએ અનુભવ્યુ. જામનગરના સંઘે ચાતુર્માસ સંપન્ન થતા ભારે હૃદયે વિદાય તો આપી પણ આરાધકોને તેમનો એક સુંદર બોધ અવારનવાર યાદ આવ્યા કર્યો:

આરાધના કોઇપણ કરીએ, ૩ શરતો પાળીને કરવી:
દીર્ઘકાળ, નૈરન્તર્ય અને અતિ આદર.

...અને તેથી જ પૂજનીય પંન્યાસજી મહારાજને યાદ કરી પાછળથી પણ સૌએ અખંડપણે, નિરંતર અને બહુમાનપૂર્વક દરેક સાધનામાં ચિત્ત લગાવ્યુ!

જેમને પરમ સત્યના વાહક થવાની જ લગની હોય, જેઓ અરિહંતની વાણીને અક્ષરશઃ અનુસરવા તત્પર હોય, જેમને ઈન્દ્રિયોની તૃપ્તિ કરતા વધારે વ્હાલી હોય પ્રભુ વીરની વાણી અને જેઓમાં અતિન્દ્રિય બનવાની અભીપ્સા એક અખંડ અગ્નિની માફક સતત જલતી રહેતી હોય તે જ મહાપુરુષ જીવંત ચેતનાની સ્પષ્ટ દ્રષ્ટિથી એમ વિચારી શકે કેઃ 'પ્રભુનો સંકલ્પ જો હોય કેઃ સવિ જીવ કરું શાસનરસી તો મારે એમ કરવા માટેના પુરુષાર્થમાં એક ક્ષણ પણ ગુમાવવી ના રહી... જીવ ને શિવનું મિલન ભક્તિયોગથી અને જ્ઞાનયોગથી સરળ બને છે તો મારે હવે પ્રત્યેક પળનો ઉપયોગ કરવો જ રહ્યો. પોતાનું કર્તવ્ય કરતા રહીને પૂર્વસૂરીભગવંતો મુક્તિપંથને શોધવા આગળ વધતાં જ રહ્યાં તે રીતે મારે પણ સદાકાળ સ્વપરહિતચિંતાર્થે મોક્ષગામી બનવું જ રહ્યું. દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપની ચતુઃદિશામાં એકધારા સમ્યક્ પ્રયત્નો ચાલુ રાખવા જ રહ્યા.'

આમ વિચારી મન જ્યારે નીરવ થઇ ગયું સાહેબજીનું ત્યારે આકાશમાં ઉગેલા તારાઓમાં પણ એક વધુ પ્રકાશિત થયેલા તારાનું તેજ એક આછો ઝબકારો બની ઉપસી રહ્યું. પાછલી રાતનું અંધારુ ભલે ઘેરું બન્યું પરંતુ જાણે ઉપાશ્રયમાં ફેલાઇ ગયા એ જ ક્ષણે સાહેબજીની અનુપ્રેક્ષાના અગણ્ય શુભ્રતર આંદોલનો! શાસ્ત્રોમાં કહ્યું છે તેમ જગત સમસ્ત જ્યારે ભરનિદ્રામાં હોય ત્યારે પ્રતિપળ જાગ્રત સંયમી આત્માનું વિચાર જાગરણ આ રીતે ચાલુ જ હોય. નવકાર મંત્રની આગોશમાં ખોવાઇને હજુ તો આંખો બીડી ત્યાં જ બહારે બાર વાગ્યાના ડંકા પડયા.

વીરનો માર્ગ તો વીરોનો જ છે તેમ પ્રતિપાદિત કરવા અને ધર્મનો પ્રકાશ પાથરવા ઉપડયા પૂજ્ય પંન્યાસજી મહારાજ તે પછી હાલારના અબૂઝ ગ્રામ્ય વિસ્તારોમાં!

धरती सब कागज करुं, कलम करुं वनराई ।
सात समंदर स्याही करुं, गुरु गुण लिख्या न जाई ॥

" પરમાત્માની સાકાર મુદ્રા એ મૂર્તિ. મનનું રક્ષણ કરે તે મંત્ર. જેનાથી હિત સધાય તે મંગલ. જેને સિદ્ધ કરવા માટે જપાદિ ક્રિયાઓ કરવી પડે તે વિદ્યા. સદ્વિદ્યા દ્વારા મંગલ મંત્ર જપી પરમાત્માને સ્મરવા તે માનવ જીવનનું અવતાર કૃત્ય ગણાય. "

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૧ | સલૂણા સાહેબજી

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

શ્રીળમી સદીમાં કાઠી દરબારો સૌરાષ્ટ્રના કેન્દ્રના અમુક ભાગોમાં વધારે વસ્યા તે વિભાગ 'કાઠીયાવાડ' કહેવાયો. ત્યાં પછીથી ભૌગોલિક ને રાજનીતિવિષયક દેશી રજવાડાઓના સોરઠ (જુનાગઢ, અમરેલી), ગોહિલવાડ (મહુઆ, ભાવનગર), હાલાર (જામનગર), પાંચાળ-ઝાલાવાડ (સુરેન્દ્રનગર), ઓખામંડળ (પોરબંદર) એમ વિભાગો પડયા. રાજપૂતોમાં પરમાર, ઝાલા, જેઠવા, ચુડાસમા, ગોહિલ, ચાવડા, સોલંકી, સરવૈયા, વાળા (કાઠી દરબારો) વગેરે લોકોનું ઉમેરણ થયું. ઇ.સ.૧૮૨૦માં કર્નલ વૉકર સાથે બ્રિટીશ સલ્તનત નીચે તેઓ રક્ષિત રાજ્ય પામ્યા.

૨૫૦૦ વર્ષ પૂર્વે જે ક્ષત્રિયોએ જૈન ધર્મ અપનાવ્યો તેઓ રાજસ્થાનના જોધપુરથી ૩૨ કિ.મી. દૂર ઉપકેશપટ્ટન (ઓશિયા) નામનાં નાના નગરના નિવાસી હતા તેથી તેઓ 'ઓશવાળ' કહેવાયા.

રાજસ્થાની રાજપુતો સાથે આ ઓશવાળ લોકોની ઉઠક-બેઠક રહે. હવે આમાંથી અમુક ઓશવાળો રાજસ્થાની રાજપુત શ્રી જામરાવળ સાથે ઓશિયા ક્ષેત્રમાંથી ઇ.સ.૧૫૩૫માં કાઠીયાવાડમાં સ્થાનાંતરીત થઇ જામનગર જિલ્લામાં જઇને વસ્યા. જામરાવળના ભાઇ હરધોલજીને પોતે જીતેલા જામનગર પરિસરના બાવન ગામો ભેટમાં આપ્યા, તેથી હરધોલજીના નામ ઉપરથી તે ગામોનો સમગ્ર વિસ્તાર પછી 'હાલાર' કહેવાયો અને ત્યાં રહેનારા 'હાલારી' કહેવાયા.

રંગમતી ને નાગમતી નદીના કિનારે વસેલું નવાનગર (જામનગર) તેની રાજધાનીનું શહેર બન્યુ.

હવે આ સમયે હાલારની જે 'બાવન નગરી' અથવા બાવન ગામ હતા, ત્યાં રહેતા જૈનો ફક્ત નામથી જ જૈન હતા. તેઓ જૈન ધર્મને અનુસરનાર સિદ્ધાંતો વિશે અજાણ હતા. આ લોકોમાં ધર્મની જાણકારી આવે તથા જાગૃતિ ફેલાય એ આશયથી પૂજ્ય પંન્યાસજી મહારાજે મૂળ હાલારના હોય તેવા ધર્મના ૧૦ જાણકાર આગેવાનો અને ૨૫ જેટલા ભાવિકોને ખાસ મુંબઇથી બોલાવ્યા.

જામનગરથી નીકળીને આ નાનો સંઘ ઉપડયો ધર્મનું અજવાળું પાથરવા હાલારની ભૂમિ ઉપર!

હરિપુર, લાલપર, લાખા બાવળ, મોટા અંબાલા, નાઘેડી, સખપર, ટીંબડી, વસઇ, ગજણા, જામખંભાળીયા, ખીરસરા, મુંગણી, નાના માંઢા, નવાગામ, વડાલીઆ સિંહણ, જોગવડ, મોટામાંઢા, નાગડા, રાવલસર, સિક્કા, મિઠોઈ, વગેરે હાલારના મુખ્ય ગામોમાં સાહેબજી સાથે સૌ જ્યારે પહોંચે ત્યારે તે ગામમાં ધર્મની હવા ફેલાઇ જાય. લોકો ખૂબ જ પ્રભાવિત થઇને દુકાનો-વેપાર-ધંધા બંધ કરીને સાહેબજી પાસે બેસે. દેવ-ગુરુ-ધર્મની તત્ત્વત્રયી અને દર્શન-જ્ઞાન-ચારિત્રની રત્નત્રયી જાણી દાન, શીલ, તપ ને ભાવ એમ ૪ પ્રકારે ધર્મ છે એ સમજે. સાહેબજીનો અખંડ શુભ ભાવ સર્વને સ્પર્શે.

લોકોનો ભાવોલ્લાસ વધતો જાય અને સાથેના મુંબઇના સાધર્મિકો રોજ જે રીતે પૂજા, ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણ, સાધુ વૈયાવચ્ચ, તપસ્યા વગેરે કરે તે શીખે, અનુસરે. નિર્મળ હતી મનોભૂમિ અને એ પોચી ભૂમિમાં ધર્મની વાવણી કરનાર આ ગુરુ હતા અત્યંત પારંગત. તેથી દરેક જગ્યાએ ઉત્તમ પાક લણી શકાયો.

એમાં ભાવનાના જલનું સિંચન કર્યું સાથે રહેલા મુંબઇના ભાવિકોએ. ભૌતિક રિદ્ધિ, તપની શક્તિ, સ્વરૂપવાન દેખાવ, સંયમ લેવાની અનુકૂળતા વગેરે ભલે ન હોય, પરંતુ ભગવાને કરુણા કરીને ભક્તિ રૂપી તત્ત્વ તો એવું દર્શાવ્યું છે કે તે દરિદ્ર કે તવંગર, રૂપવાન કે કદરૂપું, નિર્બળ કે બળવાન દરેક પાસે એકસરખું હોઇ જ શકે છે. ભક્તિથી આત્માનું હિત સંભવે છે. 'ભાવના ભવનાશિની'નું સૂત્ર સમજાયુ સૌને. પ્રભુના ગુણ સંકીર્તનનો મહિમા ગાતા-ગાતા આ જૂથે તો હાલારના ગામે-ગામ ફરી કમાલ કરી!

દરેક જગ્યાએ દુઃખનો-કર્મનો ક્ષય, સમાધિ મરણ અને બોધિનો લાભ આપનાર ધર્મનો જયકાર થયો. જિનશાસનની સાર્થકતા સમજાઇ અને આત્માને કર્મથી હળવો કરવાના પુરુષાર્થમાં સૌ લાગી ગયા.

હાલારી વિશા ઓશવાળના તે વિસ્તારમાં તેથી જ સાહેબજી 'હાલારના દીપક' તરીકે પ્રસિદ્ધ થયા.

હાલારના સરળ, નિખાલસ ને નિષ્કપટ સંઘજનો ઉપર પંન્યાસજી મહારાજ જ્યારે આમ જિનવાણીની સુધાવર્ષા કરી રહ્યા હતા, ત્યારે બેડા સંઘના આગેવાન શ્રી હિંમતલાલ વનેચંદ સાથે અમદાવાદ નિવાસી શેઠશ્રી મણિલાલ સાંકળચંદના સુપુત્રો શેઠશ્રી કાંતિભાઇ તથા હીરાભાઇ આદિ આ જૂથને શોધતા-શોધતા સખપર ગામે પધાર્યા. માતા મણિબેન તથા પિતા મણિલાલના આત્મશ્રેયાર્થે ચૈત્રીમાસની ઓળી કરાવવાનું આયોજન વિચારી તેઓ સાહેબજીને વિનંતી કરવા આવેલ.

તે પરિવારનો આગ્રહ હતો કે અહીંથી તેઓ શંખેશ્વરજી મહાતીર્થ પધારે. સિદ્ધચક્રજીના પરમ આરાધક શ્રેષ્ઠીવર્યશ્રી હીરાલાલભાઇએ શાશ્વતી ઓળી સાથે ૧ લાખ નવકારના જાપનું ૨૦ દિવસનું અનુષ્ઠાન કરાવવાનો વિચાર પણ વહેતો મૂક્યો. શ્રી શંખેશ્વર મહાતીર્થમાં આ ઉપરાંત એક અનોખું અધિવેશન બોલાવવાનું પણ તેમણે સૂચવ્યુ. આ વાતે ગુરુવર્ય સંમત થઇ જતા ચોમેર હર્ષ ફેલાયો.


સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા પ્રાપ્ત કર્યા પછીનો પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનો હકાર એમને ૐકાર જેટલો મધુર લાગ્યો. ૨૬૬ કિ.મી.નો ઉગ્ર વિહાર કરી તેઓ સહુ જ્યારે શંખેશ્વર પહોંચ્યા તો વચમાં આવેલા ધ્રોલ, મોરબી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ વગેરેના સંઘો પણ પંન્યાસજી મહારાજના થયેલા પગલાથી આનંદવિભોર બન્યા. આ અનુષ્ઠાન માટે ખાસ દીર્ઘ વિહાર કરી પધારેલા પંન્યાસજી મહારાજને જોઇ શ્રાદ્ધવર્યશ્રી હીરાલાલભાઇ પણ હર્ષાતિરેકથી રોમાંચિત થયા. ...ને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના ખોળે ફરી રમવું ખૂબ જ ગમ્યું પંન્યાસજી મહારાજને પણ.

આ ત્રિદિવસીય અધિવેશન ઇ.સ.૧૯૬૦ના માર્ચના અંત ભાગમાં આરંભાયુ. ગુજરાત ઉપરાંત મદ્રાસ, કલકત્તા, મહારાષ્ટ્ર, પંજાબ આદિ પ્રાંતોમાંથી પણ આરાધકો ઉપસ્થિત થયા. અધિવેશનના સમયે બપોરે મંડપ ખીચોખીચ ભરાઇ ગયો. પાંચ પંન્યાસશ્રીજીઓ, આગમપ્રજ્ઞ મુનિવરશ્રી જંબૂવિજયજી, વળી અન્ય અગણ્ય શ્રમણો ને શ્રમણીજી વૃંદના આગમનથી શંખેશ્વર તીર્થ પાવનતર બન્યું.

શ્રી ઋષભદાસજી રાંકા, શ્રી ચંદ્રકાંતભાઇ ઝવેરી, શ્રી શૌરીલાલજી નાહર, શ્રી ચીમનલાલ શાહ, શ્રી ફતેહચંદ જવેરચંદ, શ્રી પ્રાણજીવનદાસ, શ્રી લીલાધર મેઘજી, શ્રી ચીનુભાઇ કડિયા ઉપરાંત શ્રી મફતલાલ સંઘવી, શ્રી દીપચંદભાઇ, શ્રી બાબુભાઇ કડીવાલા, શ્રી હીરાભાઇ મણીલાલ, શ્રી સૂરજચંદ ડાગી જેવા અનેક પ્રબુદ્ધ શ્રાવક ભક્તોની હાજરી ત્રણે દિવસ રહી. શ્રી નવકાર મહામંત્રનો મહિમા, કર્મનો સિદ્ધાંત, વિશ્વમૈત્રી, તપ, જપ, પરમેષ્ઠી ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય, અનેકાંતવાદ આદિ શ્રાવકાચારનાં અનેક વિષયો ઉપર પ્રસ્તાવો મુકાયા, જેને ત્વરિત સમર્થન પણ મળ્યું.

ન ભૂતો ન ભવિષ્યતિ સમું આ અધિવેશન અત્યંત સફળ થયુ. સાહેબજીની પ્રેરણાથી શ્રી હીરાભાઇએ આ અનુષ્ઠાનમાં અજબ ઉદારતા દર્શાવી.

જ્ઞાન ને ક્રિયામાર્ગને ચિંતનપૂર્વક માર્મિક શબ્દોમાં ઢાળી આ દુર્બોધ વિષયને વિષદ રીતે રજૂ કરતા સાહેબજીએ અહીં વ્યાખ્યાનમાં કહ્યું કે: ''જ્ઞાનમાર્ગ ઉપયોગની વિશુદ્ધિરૂપ ને ક્રિયામાર્ગ યોગસ્થૈર્યરૂપ છે જે વ્રતપાલન દ્વારા સધાઇ શકે. વ્રતપાલન તરફ લક્ષ્ય ન હોય ને ફક્ત ઉપયોગ વિચારાદિ વડે જ મુક્તિ મળી જશે એમ માનવું એ એકાંતવાદ છે. એ મિથ્યાત્વમાં પરિણમી શકે. ઉપયોગ માટે જેટલો પુરુષાર્થ અપેક્ષિત છે તેથી પણ અધિક મન-વચન-કાયાના વ્યાપારોને શુદ્ધ કરવા અપેક્ષિત છે. જ્ઞાન ઉપર જ દ્રષ્ટિ કેન્દ્રિત કરવી તે નિશ્ચય ને અર્થ ઉપર તે વ્યવહાર છે. વર્તનમાં વિવેક સાથે સમજણ હોય તો મોક્ષ ક્યાં દૂર છે?'' આ તીર્થમાં જ્ઞાનાનુભવના ઉઘાડ સાથેની ભૂમિકા સાહેબજીને એક 'મહાયોગી' માનવા માટે સૌને મજબૂર કરી દે! સંયમના સાધનરૂપ તનને માત્ર ભાડા પૂરતું આપીને તેની પાસેથી તપ-સ્વાધ્યાય આદિ કામ કઢાવી લેવાની કાળજી રાખનાર આ જ્ઞાનયોગી હરક્ષણે કર્મમાં અપ્રમત્ત રહે.





સાહેબજી સંદર્ભગ્રંથો મેળવવા પહોંચ્યા આબુ તીર્થ. વિમલવસહીનો અલૌકિક કલાનો કંડારાયેલો અમૂલ્ય ખજાનો મનમોહક લાગ્યો સૌને. ઈ.સ.૧૯૬૦માં બેડામાં ચાતુર્માસ તથા ઉપધાન સંપન્ન થયા.

પ્રગુરુ સંગે સાહેબજીની નિશ્રામાં બેડાથી ૧૪૪૪ થાંભલા અને પ્રાચીન રાયણ વૃક્ષ સહિતના રાણકપુર તીર્થના છ'રી પાલિત સંઘ વેળાએ રાજસ્થાનની ધોળી ધરાને ધરાઈને આરાધી શ્રમણો સહ સકલ સંઘજનોએ.

મહર્ષિઓની પંક્તિઓથી પોતાને ભાવિત કર્યા કરે સાહેબજી: 'અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે; સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે...' ને સાહેબજીને બીજી ગમે મહોપાધ્યાયજીશ્રી યશોવિજયજી મહારાજાની નિમ્નલિખિત પંક્તિઓ:

तुम न्यारे तब सब ही न्यारा, अंतर कुटुंब उदारा ।
तुम जो नजीक, नजीक है सब ही, ऋद्धि अनंत अपारा ॥

શંખેશ્વરજી તીર્થમાં અનેક શ્રમણો-શ્રમણીજીઓ ને શ્રાવક-શ્રાવિકાઓની આયંબીલની શાશ્વતી ઓળીનો અનૂઠો લાભ મળવાથી ને સર્વોત્તમ જાપ તથા અધિવેશનના સુસફળ થવાથી સૌનો આનંદ હૈયામાં સમાતો ન હતો. દરેક લાભાર્થીઓએ પંન્યાસજી મહારાજના અત્યંત ઉચ્ચતર ભાવ સંગે પીરસાયેલા પ્રવચન પીયૂષની ભૂરી-ભૂરી અનુમોદના કરી. ૧ મે, ૧૯૬૦ના દિવસે સૌ પ્રથમ વાર 'ગુજરાત દિવસ' અને 'મહારાષ્ટ્ર દિવસ'ની ઉજવણી થઇ. દેશમાં સ્થિરતા અને સંવાદિતા વધ્યા. પ્રગતિના એ સમયે પિંડવાડા (રાજસ્થાન) તરફ શરુ થયો વિહાર.

પાટણ, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર થઇ સૌ સવેળા આબુ તીર્થ પહોંચવા પ્રયાણ કર્યું ને યાદ આવી એક સંવત ૨૦૧૭ની ઘટના: આબુ રોડ વચ્ચે રાત રહેવાનું થાય. જૂથ સહ પંન્યાસજી મહારાજ ત્યાં પહોંચ્યા એ પછી સાંજે પૂજ્ય સાધ્વીજીરત્નાશ્રી દર્શનશ્રીજી, શ્રી હર્ષપૂર્ણાશ્રીજી આદિ ૮ શ્રમણીજીઓ પણ એ સ્થાનમાં પધાર્યા. જગ્યાનો અભાવ હતો અને ખૂલ્લામાં સાધ્વીજીઓને તો રખાય નહીં. તેઓની સંયમની રક્ષાર્થે પોતે ઉતરેલા તે મકાન ખાલી કરી સોંપી દીધું અને સર્વ શ્રમણો સાથે તેઓ ખૂલ્લા આકાશ નીચે તકલીફ વેઠીને આખી રાત રહ્યા. જિનશાસનરક્ષાની તાલાવેલી નીરખી સૌ વંદી રહ્યા.

ચાતુર્માસ થનાર હતો તે પૂર્વે મૈત્રીભાવ અને ક્રિયામાર્ગ વચ્ચેની ગેરસમજને નિવારવા આબુમાં રહેલ 'વલ્લભવિજય પુસ્તકાલય'માં સાહેબજીને ઘણા સંદર્ભગ્રંથો મળ્યા. ઘણુ સંશોધન કર્યા પછી પિંડવાડા પહોંચ્યા ત્યારે કુલ ૨૨૨ કિ.મી.નો ઉગ્ર વિહાર થયેલો. આકરા તાપ શરુ થયેલા પણ પિંડવાડા પહોંચી સઘળો શ્રમ ઉતરી ગયો.રોજ સવારે અહીં પ્રભુ વીરના દર્શન-સ્તવના કરવા સાહેબજી સાથે શ્રમણો પણ દેરાસર આવે. ત્યારે ફક્ત ૧૬ વર્ષના એક કિશોર મુનિવરશ્રી ભમતીમાં આવેલ બાવન દેરીમાંથી એક દેરીના પ્રાચીન પાર્શ્વપ્રભુના ધાતુના પ્રતિમાજી સમક્ષ ધ્યાનમાં ખોવાયેલા જોવા મળે. સાહેબજી ચૈત્યવંદન કરીને ભમતીમાં દર્શનાર્થે આવ્યા ત્યારે ખૂણામાં બંધ આંખે એકલા બેઠેલ આ ધ્યાનમગ્ન મુનિ ઉપર એકવાર સાહેબજીની નજર પડી. તેઓ સાંજે વંદન કરવા આવ્યા ત્યારે યાદ રાખીને સાહેબજી કહે: ''માનસ ધ્યાન માટે શરીર, આહાર ને ભાવનાની શુદ્ધિ કર્યા પછી પ્રાપ્ત એવા સઘળા યે ધર્મકર્તવ્યોને શ્રેષ્ઠ રીતિએ કરવાની વૃત્તિ હોવી આવશ્યક છે. ફરજો અદા કર્યા પછી જ ધ્યાનમાં મન લાગે ને ધ્યાનના અધિકારી બનાય. તમે તો યોગી થવાના છો કેમ? સારું... સારું.''

વળી ૧૩ વર્ષ પછી આ જ મુનિવરના ચિંતન લેખો પુસ્તકાકારે પ્રકાશિત થયા ત્યારે સાહેબજીએ ૪ લીટી લખીને પોસ્ટકાર્ડ પણ મોકલ્યું કે: 'તમે ખૂબ જ રસપ્રદ શૈલીમાં પર્યુષણા મહાપર્વના પ્રત્યેક દિવસના મહત્ત્વને ઉજાગર કર્યા છે. એમાં પણ 'તપ' વિશેની તમારી વિભાવના ઘણી જ સુંદર છે. આ જ રીતે પ્રસંગે-પ્રસંગે લખતા રહેજો.' ગુણની ઉપબૃંહણા કરવાની કળા સાહેબજીને આત્મસાત્ હતી.

યોગસાધના-ધ્યાનની રૂચિ વધતા વળી એક રાત્રે સાહેબજીને વંદન કરવા ગયા ત્યારે શ્રી અરવિંદનું પુસ્તક 'Synthesis of Yoga' જોઇને તેમણે પૂછ્યું: 'સાહેબજી, આપ આ પુસ્તક વાંચો છો?' જવાબમાં હા મળતા કહ્યું: 'પૂર્ણયોગ અને શ્રી પતંજલિના ધ્યાનયોગમાં મને પહેલેથી જ રસ હોવાથી શ્રી અંબાલાલ પુરાણીએ કરેલ આ પુસ્તકના ભાવાનુવાદના પાંચ ભાગ મેં વાંચેલ છે.'

પોતાની પાસે બેસાડીને પછી શાંતિથી ઘણી ચર્ચાઓ પછી સાહેબજીએ છેલ્લે કહ્યું:

''તું તારા ધ્યાનમાં નવકારના જાપને ઉમેરી દે. આનંદ વધશે.'' મુનિવર કહે: 'મારી પ્રકૃતિ જાપની નથી, ધ્યાનની છે. જાપ યાંત્રિક લાગે છે મને.' તો સાહેબજીએ કહ્યું: ''નવકાર મંત્ર અથવા કોઇપણ મંત્રનું વારંવાર ઉચ્ચારણ થાય એટલે તે ઔદારિક શબ્દોથી ભાષાવર્ગણાના પુદ્ગલો થકી શ્વાસોશ્વાસ ઉપર મંત્રદેવતાના ગુણોની વિધેયક અસર થાય. તેનાથી મનોવર્ગણા ઉપર અસર થાય, મન શાંત બને, તેની અસર કાર્મણ શરીર ઉપર પણ થાય. જેનાથી અનંતકાળના કર્મો ખરી પડે. કાર્મણ શરીરને શુદ્ધ કરવા ધ્યાન જ ઉત્તમ છે, પરંતુ કોઇવાર ધ્યાન ન લાગે ત્યારે જાપ તો ધનવંતરી જેવું કાર્ય કરે.''

પૂજ્ય પંન્યાસજી મહારાજે બીજે દિવસે બેડા તરફ વિહાર કરતા પૂર્વે વહેલી સવારે તે મુનિવરશ્રી કીર્તિચંદ્રવિજયજીને વિધિપૂર્વક નવકાર આપતા કહ્યું: ''રોજના ૧૦૦૦ નવકાર ગણવાનો પ્રયત્ન કરજે. પણ ગુણચિંતન કરતા જો ધ્યાનમાં લીન થઇ જ જવાય તો ત્યારે ય અશુભ કર્મોની નિર્જરા થાય જ છે તેથી નિશ્ચિંત રહેજે.'' મુનિવર તો પંન્યાસજી મહારાજનું ઉદધિસમ ઔદાર્ય અને ધ્યાન માટેની આવી ઉદાત્ત હિમાયત નજરોનજર જોઇ અશબ્દ બન્યા! સાહેબજીએ તો હવે નિષ્કામપણે માંડી દીધો વિહાર!

પાલી જિલ્લાના બેડા તીર્થના તીર્થાધિપતિ તરફ જતા સૌને અરવલ્લી પર્વતમાળાની પ્રાકૃતિક સુંદરતા મનોહારી લાગી. ૪૦ કિ.મી. નું અંતર ટૂંકું લાગ્યું... આ સુંદર પથમાં! સંવત ૨૦૧૬ (ઇ.સ.૧૯૬૦)નું ચોમાસુ કરાવવા બડભાગી બનેલ બેડા ગામ ઉત્સાહથી થનગનતું હતું. પ્રવેશ થયો. શુદ્ધ પર્યાવરણ, આકર્ષક જિનાલય, પુણ્યાત્માઓના ભક્તિભાવથી ભીનું આ બેડા ગામ સૌ મુનિવરોને પોતાના વિકાસ માટે અનુકૂળ લાગ્યુ. પંન્યાસજી મહારાજે અહીં પોતાનું આસન દેરાસર સન્મુખ રખાવ્યુ.

ભક્તશ્રી કિરણભાઇ મહાયોગી સાહેબજીને પોતાના પરમ ગુરુ માને. તેથી તેમના ચાતુર્માસ પ્રવેશ વેળાએ બેડા આવેલા. બપોરે ગુરુદેવને કહ્યું કે રાત્રે પરત મુંબઇ જાઉં છું. કામકાજ હોય તો ફરમાવો.

સાહેબજીએ કહ્યું: ''કિરણભાઇ! મુંબઈ ઘરે કહેવરાવી દો કે તમે ચોમાસું અહીં મારવાડ કરવાના છો.'' કિરણભાઇ તો પૂ...રા સમર્પિત હતા. તહત્તિ કર્યું! ચોમાસું રહી ગયા!! બીજે દિવસે ગુરુદેવે કહ્યું:

''કિરણભાઇ, તમારે અત્યારે આ હોલમાં જ સામેના ખૂણામાં બેસી શ્રી નવકારની સાધના કરવાની છે. એક નવકાર ગણતા કેટલી વાર લાગે? ૧-૨ મિનિટ ને? પણ તમારે એક સામાયિકમાં માત્ર ૧ નવકાર ગણવાનો છે!'' તેમણે તો તહત્તિ કહી સામાયિક લીધું. આજ્ઞા પાળવા મહેનત કરી. પણ આ સાધના મુશ્કેલ લાગી. સાહેબજીએ આશ્વાસન આપ્યું કે કંઇ વાંધો નહીં. શરૂઆત છે. કઠિન લાગે. પણ સાધના કર્યા કરો. સફળતા મળશે. કિરણભાઇએ નિષ્ઠાપૂર્વક સાધના કરવા માંડી. થોડા દિવસે સફળતા પણ મળી! પછી પંન્યાસજી મહારાજે કહ્યું કે હવે બે સામાયિક સળંગ લઇ તેમાં એકાગ્રતાથી ફક્ત ૧ જ નવકાર ગણવાનો છે. સાધના શરૂ! કેટલાક દિવસે સફળ થયા. ગુરુદેવે આગળ વધારતા ૩ સામાયિકમાં ૧ નવકાર... એમ ધીરે-ધીરે આખા દિવસમાં ૮ સળંગ સામાયિક કરી માત્ર ૧ નવકાર ગણતા કર્યા!

પછી પ્રેરણા કરતા અઠ્ઠાઇ કરી. સળંગ ૮ દિન માત્ર ૧ જ નવકારનું ધ્યાન કરવા કહ્યું! પાછો યજ્ઞ શરૂ! સફળતા મેળવી જ. આ શાશ્વત મંત્રાધિરાજની ધ્યાનની સાધનાથી કિરણભાઇમાં અદ્ભૂત શક્તિઓ પ્રગટ થઇ! કોઇપણ પદાર્થનું એ ખૂબ સુંદર રીતે ખૂબ વિસ્તારથી વર્ણન કરી શકે!!! વક્તવ્ય કલાકો સુધી આપે અને વચ્ચે ખાવા-પીવા-બાથરૂમ જવાની કે બીજી કાંઇ જરૂર ન પડે!

આમ શ્રી કિરણભાઇ સાહેબજી સમીપે રહી બહુશ્રુતતા પામ્યા. તેઓ ગુરુકૃપાથી સમજ્યા કે:

'પરમેષ્ઠી સંગે જ્યારે 'નમો' પદ જોડાય ત્યારે તે નમવા ઉપરાંત પરિણમવા યોગ્ય બને છે. ત્રિલોકનું યોગક્ષેમ જે કરે છે તે સૂત્રથી નાનો પણ અર્થથી મહાન છે. આ મંત્ર સ્વયં પ્રતિજ્ઞાબદ્ધ છે કે જે કોઇ મને સ્મરે તેને હિતકર બુદ્ધિ ને શક્તિ અવશ્ય પ્રાપ્ત કરાવવી. મંત્રમય નવકાર એ દેવાધિદેવનું શરીર છે. મંત્ર પોતે દેવતાઇ સ્વરૂપ ધારણ કરી સાધકને યોગક્ષેમકારક બને છે. પદમયી દેવતા એ અનિર્વચનીય જ્યોતિ તેજોપુંજરૂપ છે. મંત્રશક્તિ અને સાધકની પ્રાણશક્તિની એકતા એ તેજ થકી જ નાભિકંદ આદિ ચક્રોમાં સિદ્ધ થાય છે. તેમાં નિરંતર ભાવપૂર્વકના અભ્યાસથી મંત્રાક્ષરોમાં તાદાત્મ્ય ઉત્પન્ન થતાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે.' આમ અનુભૂતિઓ થયા પછી દરેકને થયું કે દેવ, ગુરુ, ધર્મ, તીર્થ, શાસ્ત્રો આદિ સંસારમાં છે પણ સંસારના નથી.

એકદા પરમ વિનીત મુનિવરશ્રી વજ્રસેનવિજયજીએ સાહેબજીને ચિંતિત સ્વરે પૂછ્યું: 'ગુરુજી, હું તો તપ, સ્વાધ્યાય, યોગસાધના વગેરે ખાસ કરી શકતો નથી. તો મુજ આત્માનું ભાવિમાં શું થશે?' આ લઘુતાભર્યા વચનો સાંભળી પંન્યાસજી મહારાજે સસ્નેહ ઉત્તર આપતા કહ્યું:

''વજ્રસેન, તને શું ગમે છે? પરોપકાર ને? તને બીજાનો વિચાર આવે છે તે જ ધર્મ છે.''

આ સાંભળી ઊંડે સુધી તેમને શીતલતા વ્યાપી. ત્યાં જ સાહેબજી આગળ વદ્યાં:

''મનમાં સ્વના સુખનો જેવો વિચાર છે તેવો સર્વના સુખનો વિચાર કેળવવાથી ચિત્તની નિર્મળતા, અંતરની વિશાળતા, હૃદયની ઉદારતા આદિ ગુણો કેળવાય છે. 'સર્વનું હિત થાઓ' એ વિચાર જ મોહ-મમતાને ઘટાડી, વૈરાગ્યભાવ વધારી, મૈત્રીભાવ જગાડે છે. સર્વજીવોના હિતની ચિંતાનો અનવરત અધ્યવસાય જેઓને હોય છે, તેઓનો વૈરાગ્ય જ સાર્થક થાય છે. સાધનામાં પ્રગતિ થાય છે. માટે 'શિવમસ્તુ સર્વજગતઃ'ની ભાવના સંગે પંચપરમેષ્ઠીનું ભાવથી સ્મરણ કરવું.''

બેડાની વાચનામાં ઉદાત્ત હૈયે સૌ જોડાયેલા ત્યારે પંન્યાસજી મહારાજે એકવાર લક્ષ્મીના સંદર્ભમાં પણ સુંદર વાતો કહી: ''સકલ લક્ષ્મી પ્રભુની જ છે. આપણે જેટલી સાચવીએ છીએ તેના આપણે માલિક નહીં, વાલી છીએ. આજે આપણી પાસે તો કાલે તે બીજા પાસે જશે. પણ તે દરમ્યાન મમત્વરહિત, ચીવટસહિત આપણે ફક્ત તેનો વહીવટ કરવાનો છે અને તે પણ ન્યાયી રીતે જ. જેમની પાસે લક્ષ્મી છે તેઓના ઠાઠ, સત્તા કે પ્રભાવથી જાતને અંજાવા દેવાની નથી. તેઓ પરત્વે રાજસિક આસક્તિ પણ રાખવાની નથી. ધનનાં વિષયમાં સંપૂર્ણ આત્મસંયમ અને અનાસક્તિ રાખીને ધનનાં બંધનનો ત્યાગ કરવાનો કહ્યો છે શાસ્ત્રોમાં. ધનની પ્રાપ્તિ એ ખરાબ ટેવોનું નિર્બળ દાસત્વ ઉત્પન્ન કરી શકે છે. જેમને પ્રશાંત અને સદા સ્થિર રહેવું છે એમને લક્ષ્મીનું હોવું કે ન હોવું વિચલિત કરી શકતું નથી.''

સૂર્યમાંથી જેમ એકધારો પ્રકાશ વહે તેમ સાહેબજીની અનવરત વાણીમાંથી સત્ય, માધુર્ય ને અનુપમ શાસ્ત્રલાવણ્ય વહે. વ્યાખ્યાન પૂરું થાય ત્યારે પ્રભુ તરફ અભિમુખ હૃદય લઇને સૌ ઘરે જાય. ભાવુકો સમજી જાય કે માનવતામાંથી ઉર્ધ્વ જવા માટે સદા જાગ્રત આપણી અભીપ્સા અને ઉર્ધ્વલોકમાંથી તેનો પ્રત્યુત્તર આપતી પ્રભુની કરૂણા - એ બે શક્તિનો એક સાથે યોગ થાય તો જ મોક્ષનો કષ્ટસાધ્ય ઉદ્દેશ સફળ બને. આંતરમંદિરમાં પ્રભુની હાજરાહજૂર સંન્નિધિ સ્થાપન કરવા એ મંદિરને સ્વચ્છ ને પવિત્ર રાખવાનો સૌ પુરુષાર્થ આદરી દે. આ હતી પૂજ્ય પંન્યાસજી મહારાજની સિદ્ધિ. જ્યાં જાય ત્યાં સૌને આમૂલ પરિવર્તન કરાવવાનું જ તેમનું કાર્ય હતું જાણે!

સંવત ૨૦૧૬ (ઇ.સ.૧૯૬૦)ના ચાતુર્માસમાં તપશ્ચર્યા ને આરાધના એટલી તો ઉત્કૃષ્ટ થઇ કે આસો માસમાં આ નાનકડા બેડા ગામમાં વિશાળ પાયે નવકાર મંત્રના જાપનું અનુષ્ઠાન સંઘ તરફથી આયોજાયુ. વળી ત્યારે જ ૩૦૦ આરાધકોની અપેક્ષા સામે ઉપધાનમાં જોડાયા બમણા એવા ૬૨૭ આરાધકો. લાભાર્થી બન્યા શા.હેમાજી રાયચંદજી. સૌને જાણે ભગવદ્સ્પર્શના અણસારા પ્રાપ્ત થયા પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં. સત્ત્વગુણના પ્રકર્ષરૂપ આ તપ પછી સાધકોને વૈરાગ્ય એટલો તો રંગ લાગ્યો કે ત્યાગ, તપસ્યા તેઓના જીવનનું અંગ બની ગયા. આરોહણના સોપાનો ચડાવ્યા સંઘને અને તેથી જ વર્ષો જૂના આ ગામના તડાને પતાવવાનું પણ હવે શક્ય બન્યુ.

ચોમાસુ ને ઉપધાન પૂરાં થયા કે સંવત ૨૦૧૭માં શ્રેષ્ઠીવર્ય પૂનમચંદજી ગોમાજી તરફથી બેડાથી રાણકપુરનો છ'રી પાલિત સંઘ સિદ્ધાંતમહોદધિ આચાર્ય શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય સાહેબજીની નિશ્રામાં નીકળ્યો. સચિત્ત પરિહારી, એકલ આહારી, પાદચારી, ભૂમિ સંથારી, બ્રહ્મચારી અને છ આવશ્યકકારી બનીને સૌ સાધકોએ તપનું તેજ પ્રસારી, પ્રભુભક્તિને પાંગરતી કરી.

પાપારંભ નિવૃત્તિ, ધન સાફલ્ય, સ્વામી બંધુવાત્સલ્ય, સમ્યગ્દર્શન નિર્મળતા, તીર્થશાસન પ્રભાવના, જિર્ણમંદિરોના ઉદ્ધારો, જિનાજ્ઞાપાલન કરતા-કરતા સર્વને સુખકારી-હિતકારી-કલ્યાણકારી આ સંઘ સાહેબજી સંગે માગશર મહિનાની કડકડતી ટાઢમાં પહોંચ્યો રાણકપુર આદિનાથ દાદાના ધામમાં. ત્યાં ઠંડીમાં ધ્રૂજતા-થરથરતા કર્મચારી વર્ગને જોયો સાહેબજીએ. તેમનું કરુણાર્દ્ર હૈયું ભરાઇ આવ્યું.

સૌ સાનમાં સમજી ગયા. દરેક કર્મચારીને ગરમ ધાબળાની ભેટ અપાઇ. વળી દસમના દિને દર વર્ષે અહીં ૫૦૦૦ આદિવાસીઓનો મેળો ભરાય. જીવમૈત્રીના ધારકે સંઘજનોને કહ્યું કે: 'આદિવાસીઓ દાદાના દરબારમાંથી ભૂખ્યા જશે?' અને બસ! શીરો, પુરી ને શાકનું જમણ બની ગયું તૈયાર. સૌ આદિવાસીઓ ભરપેટ જમીને સતોષપૂર્વક વિદાય થયા. છેલ્લા પચ્ચીસેક વર્ષમાં આવુ થયેલ નહીં. સાહેબજીનો જયકાર ધ્વજ લહેરાયો અહીં પણ! સાહેબજીએ અહીં સમજાવ્યું કે: ''સૌનો આત્મા સદા જાગ્રત ને એકસરખો જ છે. ગાઢ નિદ્રામાં સરી પડયા પછી શું મહારાજા કે શું ભિખારી - બંને માટે દેશ-કાળ અદૃશ્ય થઇ જાય છે. સવારે પથારીમાંથી ઉઠે છે તો બધા, પણ જાગે છે કોઇક વિરલા જ.''

સાહેબજીના આ શબ્દો અધ્યાત્મમાં પ્રવેશવાની બારી રૂપ હતા. એમના શબ્દની સાધનાથી તો રાજ, રાજા ને રજવાડાં સૌ હેઠ. તેઓ જ્યાં જાય ત્યાં સ્નેહતીર્થ પ્રગટ થાય. પ્રભુ સાથેનું તેમનું પરમ જોડાણ રુપ સાયુજ્ય દરેકને અનુસંધાન કરાવી દે પ્રભુની અખિલાઇ સાથે. તેઓની દેશનામાંથી બારાક્ષરી નહીં, જાણે પ્રેમાક્ષરી પ્રગટી. રાણકપુર તીર્થમાં છલકાતી પરાર્થરસિક્તા સંગે મલકાતી વિશિષ્ટ આરાધનાને પણ વેગ મળ્યો. તેઓની નિશ્રામાં તેમના શિષ્યરત્ન પૂજ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજીએ 'મહામંત્રની સાધના' નામનું એક સુંદર પુસ્તક તૈયાર કર્યું. એમાં પોતાની સુદીર્ઘ આરાધનાનો નિચોડ સાહેબજીએ પ્રસ્તાવનામાં લખી આપ્યો. ૨૪ કૅરેટનો આનંદયોગ રચાઇ ગયો વાંચકોમાં.

સૌના હૃદય પર સ્વસ્તિક અંકન કરી સાહેબજીએ રાણકપુર છોડયું. તેના ૧૪૪૪ થાંભલાઓ ને બાવન દેવકુલિકાઓના સહઅસ્તિત્વથી તીર્થની અપ્રતિમ પ્રેક્ષણીય કોતરણીની સમસ્તતા જે ઉત્તરોત્તર સંવર્ધન પામતી, તે હવે સાહેબજીથી વિખૂટી પડી! ધ્રુવતારક સમા તેઓએ પછી અનેક તીર્થોની યાત્રા કરતા-કરતા રાજસ્થાનની રમણીય ધોળી ધરાને ધરાઇને આરાધી! ...ને પ્રાંતે સંવત ૨૦૧૭ (ઇ.સ.૧૯૬૧)નું ચાતુર્માસ કરાવવા તેઓ દાદાગુરુ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સાથે પિંડવાડા પહોંચ્યા. અહીં ચારે મહિના 'બૃહત્કલ્પભાષ્ય'ની વાંચના કરી ત્યારે સમય પણ જાણે થંભી ગયો!

ઉચ્ચ તત્ત્વોનું આલંબન સૌને ઊંચે લઇ ગયું રોજે-રોજ જ્યારે છેલ્લે ૯ દિવસની શ્રી નવકાર મંત્રની આરાધનાના શુભ મંડાણ પણ થયા. નવકારના જાપથી સંસારનો સબળ મોહ અનુક્રમે ગળી જવા સિવાય રહેતો નથી તે સૌએ અનુભવ્યુ. પૂજ્ય પંન્યાસજી મહારાજે દાનાદિક ધર્મો, વિનયાદિક ગુણો, જ્ઞાનાદિ આચારો, નીત્યાદિ માર્ગો, મૈત્ર્યાદિ ભાવનાઓ, સ્વાધ્યાયાદિ ક્રિયાઓ, ધ્યાનાદિ આલંબનો, અહિંસાદિ સદ્‌ગુણો વગેરેનો મહિમા ક્રમશઃ રોજ પ્રતિપાદિત કર્યો અહીં. સ્વમતિની અલ્પતા ને શાસ્ત્રોની ગહનતા દર્શાવીને આત્મા-પુદ્‌ગલની અનાદિકાળથી ચાલી આવતી સંનિધિ તોડવાની ચાવી રૂપે સૌને નવકાર આપ્યો. પિંડવાડામાં સર્વેને ભાવિત કરી સમત્વધારી સાહેબજીએ ચાતુર્માસ પૂર્ણ કર્યું.

કૃતજ્ઞ ને સુજ્ઞ આત્માર્થી મુમુક્ષુઓના આ માગદર્શક એમ વિચારે કેઃ સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન, જ્ઞાનનું મૂળ ભક્તિ, ભક્તિનું મૂળ મૈત્રી, મૈત્રીનું મૂળ ભગવાન છે. જે આત્મા મૈત્રીસ્વરૂપ બને તે સમ્યગ્દ્રષ્ટિવાન બની પ્રાંતે પરમાત્મા બને જ. જીવમૈત્રી એવો ઉત્કૃષ્ટ ગુણ છે જેનાથી સમતાની સાધના પ્રાણવંત બને છે. મૈત્રી થકી જ અતીન્દ્રિય અલૌકિક વાત્સલ્ય પ્રગટે છે.

સાહેબજીના જીવનમાં મૈત્રી સહજ વણાયેલી. મૈત્રીના ઉપાસક સાહેબજીને શાસ્ત્રોના વાંચનમાં મૈત્રીના નાદ જ ગુંજે ને અનુભવાય. મૈત્રીથી જ આત્માની શુદ્ધિ ને મુક્તિ શક્ય છે એવું મનમાં દ્રઢ થયેલ તેથી એ ભાવોની પ્રવચનોમાં બહુધા પ્રરૂપણા કરે. મૈત્રીયોગની મહત્તાથી નિશ્ચયાત્મકભાવો વધુ દ્રઢતાથી બોલાય. આ વિચારોને ગતિ મળે ને આ સત્ય પ્રસ્થાપિત થાય તેવા સૌ યત્ન કરે.

સંવત ૨૦૧૮ (ઇ.સ.૧૯૬૨)માં ગુજરાતના કલોલ મધ્યે
ચૈત્રી ઓળીમાં ૨૧ દિવસની એક ઐતિહાસિક ચર્ચાસભા ગોઠવાઇ.

કર્મસિદ્ધાંતજ્ઞ આચાર્યદેવેશશ્રીની નિશ્રામાં ને સમુદાયના ૬૦ પ્રબુદ્ધ શ્રમણોની હાજરીમાં સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં એક આયોજન થયું. અહીં સમુદાયના બે વિદ્વાન શ્રમણો વચ્ચે પાંડિત્યભરી ચર્ચા વિચારણા થવાની હતી, જેના ગુણદોષના નિરીક્ષક હતા સ્વયં વડીલ દાદાગુરુદેવ પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી. મુખ્યત્વે જે સમજણ ફેર ચર્ચાવાની હતી તે વિષય હતોઃ મૈત્રીભાવ.

આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીશિશુ અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીની શાસ્ત્રાધારિત માન્યતા હતી કે જે જીવ સમ્યગ્દર્શન પામે, તેને જીવમાત્ર પરત્વે મૈત્રીભાવ હોય જ. તેનામાં શત્રુવટ, દ્વેષભાવ પ્રેરિત અંટસ કે વિરોધવૃત્તિ નાશ પામ્યા જ હોય. તેના ચિંતન ને વર્તનની ઢબમાં મૈત્રીનો દ્રષ્ટિકોણ આનુષંગિક રીતિએ કેન્દ્રમાં જ હોય. ભવ ગણતરી ત્યારે જ શરુ થઇ ગણાય, જ્યારે આત્માના રોમેરોમમાં સ્નેહ ને મૈત્રી પ્રસરી ગયા હોય. ત્યારે પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ તર્કશાસ્ત્રોના પ્રકાંડ વિદ્વાન મહાત્મા. ક્રિયાયોગ ને વ્યવહારમાર્ગના ચાહક અને વાહક.

એમને એમ સત્ય લાગે કે સાધનામાર્ગમાં મૈત્ર્યાદિભાવોની અનિવાર્યતા નથી. વળી મૈત્ર્યાદિ વિના અનિત્યાદિ ભાવનાથી પણ આત્મા સમ્યગ્દર્શન આદિ ભાવો અને મોક્ષ પામી શકે. એટલે એમણે પૂજ્ય ગચ્છનાયક સિદ્ધાંતમહોદધિ ભવભીરુ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાને વાત કરી. સમુદાયના સાર્થવાહ ગચ્છાધિપતિએ ચૈત્રી ઓળી દરમ્યાન કલોલમાં આ અંગે મહાત્માઓ સાથે મળીને ચર્ચા-વિચારણા કરીને નિર્ણય કરવો એવું નક્કી કર્યું. આ ચર્ચાનો પ્રારંભ કરવાર્થે બંનેને સામસામે બેસાડીને શાસ્ત્રાર્થ કરીને એક સિદ્ધાંત ઉપર આવવા દાદા ગુરુદેવે મંચ ખૂલ્લો મૂક્યો.

બંને તરફ પોતાની વાતને પૂર્ણ સમર્થન મળે એ માટે સંશોધન કરીને લાવેલ અનેક પૂર્વસૂરીઓ રચિત શાસ્ત્રીય પુરાવાઓ મોજૂદ હતા. અધિવેશનમાં સાહેબજીએ પ્રથમ દિને તો ફક્ત સાંભળ્યા જ કર્યું અને પછીના દિવસથી ૧૪ પૂર્વધારી આદિ મહાત્માઓએ લખેલ પાઠો દર્શાવ્યા. સકારાત્મક ચિંતન એ તો વૈરાગ્ય મહોદધિ સમા સાહેબજીની આંતર ઓળખાણ હતી.

પૂજ્ય પંન્યાસજી મહારાજે સૌ પ્રથમ તો શાસ્ત્રાર્થ મુજબ મૈત્ર્યાદિ ભાવનાઓની પ્રતિષ્ઠા કરી. જેના જવાબ રૂપે પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજે ઘણી તર્કપૂર્ણ દલીલો કરી.

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીએ આગમગ્રંથો, આચાર્યશ્રી હરિભદ્રસૂરીજી વિરચિત સમરાઈચ્ચકહા, પંચાશક, ષોડશક, યોગદ્રષ્ટિ સમુચ્ચય, શાસ્ત્રવાર્તા સમુચ્ચય ટીકા, યોગબિંદુ, ઉપદેશપદ, અષ્ટક પ્રકરણ, સિદ્ધર્ષિગણી વિરચિત ઉપમિતિભવપ્રપંચકથા તેમ જ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત યોગશાસ્ત્ર ને વીતરાગ સ્તોત્ર, પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ વિરચિત દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા, વૈરાગ્યકલ્પલતા, પ્રતિમાશતક, ધર્મપરીક્ષા, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્, આચાર્ય શાંતિસૂરીજી વિરચિત ધર્મરત્ન પ્રકરણ, પૂજ્ય ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત શાંતસુધારસભાવના, ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજ વિરચિત ધર્મસંગ્રહ ઉપરાંત અધ્યાત્મ કલ્પદ્રુમ, શામ્યશતક, હીરસૌભાગ્ય કાવ્ય, દાનવિંશિકા આદિ અનેક પ્રાચીન ગ્રંથો તેમ જ વર્તમાનના સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા પૂજ્યશ્રી સાગરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ વગેરેના સાપ્તાહિક માસિકો જેવા કે સિદ્ધચક્ર, જૈન પ્રવચન તથા દિવ્યદર્શન વગેરેમાં જ્યાં-જ્યાં મૈત્ર્યાદિ ભાવોની પુષ્ટિ કરી હોય કે મહત્તા બતાવી હોય તે બધા પ્રવચનાંશો ચર્ચા દરમ્યાન શ્રમણો સમક્ષ ઉપસ્થિત કરી બતાવ્યા.

શાસ્ત્રોમાંથી આ પાઠો શોધવા માટે પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીના પાટણ સ્થિત ગુરુબંધુ તપસ્વી મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મહારાજ તથા પોતાના શિષ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજે ખૂબ જ પ્રયત્નો કરીને રાત્રે ચંદ્રમાનાં પ્રકાશમાં પણ પાઠો નોંધીને દરરોજ સુશ્રાવકો શ્રી હીરાભાઇ તથા શ્રી બાબુભાઇ કડીવાળાના હસ્તે અહીં કલોલની કિલ્લોલ ભૂમિમાં રોજે પહોંચાડયા.

સાહેબજી વિચારે કે આવી ચર્ચાસભામાં વાત્સલ્ય અને સમતા દર્શાવવામાં સ્હેજ પણ કચાશ રહી જાય તે જૈન શાસનની હીલના જ ગણાય. તેથી પ્રશાંતભાવે પોતાની વાત સૌ સમક્ષ મૂકે. ૨૧ દિવસ સુધી આ સુદીર્ઘ ચર્ચાઓ ચાલી. પંન્યાસજી મહારાજ માને કે ભાવ ઉપર અધિક ઝોક આપવાથી ક્રિયાને હાનિ પહોંચે તે સત્ય છે જ પણ ક્રિયા ઉપર અધિક ઝોક આપવાથી ભાવને પણ હાનિ પહોંચે. જેને જેટલો ઝોક જોઇએ તેટલો આપવાથી ઉભય સચવાય ને એકાંતવાદના દોષથી બચાય.

આ ચર્ચાઓ નિત્ય લાંબી ચાલી છતાં ઝટ કોઇ પરિણામ આવે તેવું ન લાગ્યું.

એક સિદ્ધાંત ઉપર આવવા બંને પક્ષે વિદ્વત્તાપૂર્ણ વાદ થયો છતાં કોઇ નિર્ણય ઉપર ન અવાયું. તેથી આચાર્યદેવેશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી દાદાગુરુદેવ મૂંઝાયા. છેવટે આ ગૂંચવણનો કોઇ સુયોગ્ય, નિષ્પક્ષ અને સૌને માન્ય ઉકેલ મળવાની આશાએ પોતાના વિદ્વાન શિષ્ય ખંભાત સ્થિત આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીને પત્ર દ્વારા લખીને પોતપોતાના મંતવ્યો બંનેએ લખી મોકલવા એમ નિર્ણય જાહેર કરાયો. તેથી આ સમસ્ત ચર્ચાઓ ગુરુવર્યને લેખિતમાં મોકલાવાઇ. એમણે બંને પક્ષની દલીલોનો અભ્યાસ કરી પછી સમુદાય સર્વેને લક્ષ્યમાં રાખીને વિશ્લેષણ કરતા તેનો મુખ્ય સાર એ આપ્યો કે:

'સૌ શ્રમણોએ સંઘમાં નિશ્ચય પ્રધાન દેશના ન આપતા વ્યવહાર પ્રધાન દેશના આપવી.'

આ નિર્ણય સકળ સમુદાયે સસ્નેહ સ્વીકાર્યો. પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રેરિત 'ધર્મચક્ર' સામયિક પણ બંધ થયું તે છતાં સારસ્વત સાહેબજીએ 'પુણ્ય પ્રમાણે ન્યાય મળ્યો છે' એમ આશ્વાસન લઇ લીધું. આ મનનશીલ મહાત્માએ તો કર્યું અવિરામ રટણ મહામંત્રનું ને મૈત્રીગુણ થયો તેઓમાં તંતોતંત ચરિતાર્થ!

स्याद्वादो वर्तते यस्मिन् पक्षपातो न विद्यते ।

'મારી મૈત્રીની વાતોથી જ જો અમૈત્રી જન્મ લેતી હોય તો એ માટે ચર્ચા-વિવાદ જ ન જોઇએ.' આમ કહી મધ્યસ્થતામાં જતા રહ્યા આ મહાયોગી. થોડા વખત પછી પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ આદિને વાંચનમા અને આરાધના કરતા અનુભવે ખ્યાલ આવ્યો કે હકીકતમાં મૈત્ર્યાદિભાવો અને સમતાની પુષ્ટિ વિના આત્માની શુદ્ધિ શક્ય નથી અને જો આત્માની શુદ્ધિ જ નહીં થાય તો આત્મા કેવી રીતે કર્મરહિત બની શકે? સમ્યગ્દર્શન આદિ ભાવો અને મોક્ષ પામી શકે?

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના ચિંતનો યોગ્ય લાગતા પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજીએ આ પદાર્થોને ખૂબ જ ખેલદિલીથી સહજભાવે સ્વીકાર્યા અને ત્યાર બાદ આ જ મૈત્ર્યાદિભાવો અંગે સાહેબજી સાથે અનેકવાર ખૂલ્લા હૃદયે મૈત્રીભાવથી મઘમઘતો પત્ર વ્યવહાર પણ કર્યો.

પોતે ખૂબ જ સુંદર વિવેચનો પણ લખ્યા. પંન્યાસજી મહારાજે તો ઉપબૃંહણા-ઘટિત વાત્સલ્યપૂર્ણ એવો એક અદ્ભૂત પત્ર લખીને તેમને મોકલ્યો કે તે પત્ર સાહેબજીના અંતરાત્મામાં પરિણત કરેલ સમ્યગ્દર્શનના ફળરૂપે પ્રતિબિંબિત થયો. એ વાંચી પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિના ચિત્તમાં પણ એવા તો શુભ અધ્યવસાયો વહેતા થઇ ગયા કે એનાથી વિઘ્નભૂત કર્મવાદળો વિખેરાઇ ગયા.

સાહેબજી કોઇપણ સિદ્ધાંતના મમત કરતા સર્વજીવસ્નેહપરિણામ અને સકલસત્ત્વહિતાશયને વધુ પ્રાધાન્ય આપે. બંને પૂજ્યોના અરસ-પરસના પત્રો ઉપરથી સંઘમાં પણ સૌને ખ્યાલ આવ્યો કે વાદ-વિવાદ જેવુ વાતાવરણ બની ગયું હોવા છતાં મૈત્ર્યાદિભાવો જેમના હૃદયમાં ભાવિત જ હતાં તેવા પૂજ્ય પંન્યાસજી મહારાજના હૃદયમાં પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ આદિ પ્રત્યે અંશ માત્ર પણ દુર્ભાવ, અભાવ કે દ્વેષભાવ જાગેલો નહીં.

વળી પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી આદિને જ્યારે તેમની વાત સાચી લાગી ત્યારે જરાપણ નાનપ લાવ્યા વિના તેનો સ્વીકાર કર્યો તે હતી બંને પક્ષની સાચી સાધુતા. મૈત્રીપૂર્ણ વ્યવહારની ગરિમા જાળવી રાખી બંને સારસ્વત સુતોએ. એક્તા કે મૈત્રી વાતો કરવાથી ના થાય. જ્યાં નામનાની ભૂખ કે હરિફાઇનું અસ્તિત્વ જ ના હોય ત્યાં મૈત્રી વવાય ને પરિપ્લાવિત પણ થાય.

આ સમગ્ર સમયખંડ પાછળથી 'કલોલ પ્રકરણ' નામે ઓળખાયો.

વડીલ પૂજ્યપાદ આચાર્ય ભગવંતોને કેટલાક સમયથી કો'ક કારણસર મનદુઃખ છે તેવું સંઘમાં ક્યારેક પ્રતીત થતું હતું, તેમાં આ કલોલ પ્રકરણનો ઉદ્ભવ થતા પૂજ્યપાદ મોટા ગુરુદેવે - નાના ગુરુદેવને જવાબદારી સોંપી અને એ રીતે બંને પૂજ્યો વચ્ચે પણ સહજભાવે સમાધાન થયું તે માટે પૂજ્ય પંન્યાસજી મહારાજને આનંદ થયો કે મૈત્રીભાવ રૂપે થયેલ આ ચર્ચા મારા બંને પૂજ્ય ગુરુદેવોના મિલનનું પણ કારણ બન્યું એટલી મારી મૈત્રીભાવના સફળ થઇ. તખ્તો બદલાઇ ગયો. સૌને આ જોઇ સાહેબજી ઉપરનું માન અનેકગણું વધી ગયુ.

સોનામાં સુગંધ તો ત્યારે ભળી કે જ્યારે સમત્વધારી સાહેબજીના સંયમની દ્રઢ બનેલી કૃષિભૂમિમાંથી અધ્યાત્મના ઘટાદાર વૃક્ષ સૌની મનોભૂમિમાં પોતાના વ્યાખ્યાનો દ્વારા પાંગર્યા જ કર્યાઃ

"નિશ્ચય નય એ સાધ્ય છે અને વ્યવહાર એ સાધન છે. જેમ કારણ વગર કાર્યની સિદ્ધિ થઇ શક્તી નથી, એ રીતે વ્યવહાર રૂપ સાધન વગર નિશ્ચય રૂપ સાધ્યની સિદ્ધિ પણ શક્ય જ નથી. નિશ્ચય એ જ્ઞાન સ્વરૂપ છે અને વ્યવહાર એ ક્રિયા સ્વરૂપ છે. મોક્ષનો માર્ગ એ જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ છે. એથી મોક્ષ માટે તો બંને જોઇએ. એકની પણ ઉપેક્ષા કરી શકાય નહીં. નિશ્ચય અને વ્યવહારનો સાધ્ય-સાધનની દ્રષ્ટિથી સુમેળ કરીને આરાધનામાં આગળ વધવું જોઇએ."

'દુર્લભ એ દરવેશ, કે જેના કાળ પણ સાચવે પગલા!'

પાંચ ઈન્દ્રિયો, છઠ્ઠા પ્રાણ રૂપે મનબળ, સાતમો પ્રાણ વચનબળ, આઠમો પ્રાણ કાયબળ, નવમા પ્રાણ રૂપે શ્વાસોશ્વાસ અને દસમો પ્રાણ છે વાયુ. આ દસ પ્રાણ એ 'દરવેશ' કે 'દશવેશ' કહેવાય છે. સાહેબજીના આ દશવેશ એવા તો દુર્લભ દેખાયા આ કલોલ પ્રકરણમાં, કે સ્વયં કાળે પણ તેના પગલા સાચવવા પડયા! ખરે જ મૈત્રીસુગંધનું સરનામુ કે જૈનશાસનમાં જીવમૈત્રીની મહાન પ્રભાવના કરનાર લોકોત્તર વિભૂતિ એટલે પંન્યાસજી મહારાજ.

નિઃસ્પૃહી સાહેબજીને તો જાણે કાંઇ અડે જ નહીં! અજાતશત્રુ અણગાર થઇને 'મિત્ર છું સર્વ ભૂતોનો, વેર મારે ન કોઇથી'ની વૃત્તિ સાથે પરોપકારના કર્મયજ્ઞમાં મશગુલ રહે. અતિ આહાર, અતિ પ્રયાસ, અતિ જલ્પ, અતિ નિયમ, અનિયમ, અતિ સંગ આદિ યોગબાધક ક્રિયાઓને દોષરૂપ માની તેઓ અનાભોગથી પણ તેમાં પ્રવૃત્તિ ન થાય તેની કાળજી સેવે. એટલે જ તત્ત્વજીવી એવા પૂજ્ય પંન્યાસજી મહારાજ સાથે વાતો કરતાં સૌનો થાક હરાય. શરીરના રાગ હટે. રાગ-દ્વેષના ઊંડા સંસ્કારો આછા થાય. પ્રભુ ભક્તિ પાંગરે. તપ તેજ પ્રસરે ને મોકળાશ અનુભવાય.

સંવત ૨૦૧૮ (ઇ.સ.૧૯૬૨)ના આવા સમયે મૈત્રીમહાશિલ્પી સમા 'પોતાના' સાહેબજીનું ફરી ચાતુર્માસ કરાવવાનો પાટણના ફોફલિયાવાડાના શ્રી સંઘનો અનેરો ઉમંગ ફળીભૂત થયો. તેઓના પરમ શ્રાવકોમાંથી અમુક ચાતુર્માસ માટે તો કોઇ પર્યુષણ મહાપર્વની આરાધના કરવા માટે અહીં પધાર્યા. પાટણની આ પૂણ્યભૂમિમાં સંસ્કૃત સાહિત્યની પ્રત્યેક શાખાના વાંચનની અપાર ઉત્કટતા 'શાન્ત સુધારસ'ના રસાસ્વાદમાં પરિણમી. ઉપાધ્યાયશ્રી વિનયવિજયગણિ વિરચિત આ ગેય કાવ્યની બારમા પ્રકાશની 'બોધિ દુર્લભ ભાવના'નાં સમશ્લોકી પદ્યાનુવાદમાં ધનાશ્રી રાગમાં આવતી પંક્તિઓએ તો સૌના હૃદયમાં અનેરું સ્થાન લઇ લીધું:

જાણજો! જાણજો! બોધિ દુર્લભ અતિ, જેમ સુરમણિ જલધિમાં પડેલો...
સાચું આરાધજો, સ્વહિત અહીં સાધજો; નિજબળે નીચગતિ દૂર ઠેલો!

ધર્મધ્યાન પોષવા ૧૬ ભાવનાના દિવ્ય અપૂર્વ રસનિર્ઝરથી સૌનું લાગણીતંત્ર રણઝણી ઉઠ્યું!

વળી પંચાસરા પાર્શ્વનાથને ઝુહારવા જ્યારે પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાંધ્યકાળમાં શિષ્યગણો સાથે જાય ત્યારે સમજાવે કે: ''પ્રતિષ્ઠિત મૂર્તિમાં પરમાત્માનું અને આપણા આત્મામાં શુદ્ધ સ્વરૂપનું દર્શન બંને એકી સાથે થાય છે. તેવી વિશિષ્ટતા અપ્રતિષ્ઠિત મૂર્તિમાં નથી. તેથી પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શન આત્મવિશુદ્ધિમાં વિશેષ કારણભૂત બનતી હોય છે. પ્રભુ ભક્તિની પરાકાષ્ઠા પણ અંતે તો જીવમૈત્રી જ છે. વિશ્વવ્યાપક પ્રેમ જ શુદ્ધ પ્રેમ છે અને સંકુચિત પ્રેમ એ દ્વેષનું જ એક રૂપ છે.

પ્રભુના દર્શનથી જીવમૈત્રી અને તેના થકી વિશ્વપ્રેમ જન્મે છે. માટે જ પ્રભુના દર્શન, વંદન, કીર્તન ત્રિકાળ કરવાના કહ્યા છે. તેનાથી હૃદયમાં આહ્લાદ્ જાગે છે. પ્રતિમા સમક્ષ અને સિદ્ધોની સાક્ષીએ પ્રાયશ્ચિત લેવાનો વિધિ પણ એટલે જ છે કે જ્યારે ગીતાર્થ ગુરુ ન હોય ત્યારે ય એમ થઇ શકે. પ્રભુ સમક્ષ દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના અને અરિહંત-સિદ્ધ-સાધુ ને ધર્મનું શરણ લેવાથી ભવ્યત્વ પરિપક્વ બને છે.''

આવી હિતશિક્ષા સાંભળવા શ્રમણો સાથે શ્રાવકો પણ જોડાઇ જ જાય. પરમપદને પામવાની સીધી સીડી જ હતી જાણે સાહેબજીની ચિંતનપૂર્ણ આવી વાણી!

સંવત ૨૦૧૮ના ફોફલિયાવાડાના ચાતુર્માસમાં સાહેબજીના શિષ્ય મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી પાસે એક યુવાન ધર્માભ્યાસ માટે આવે. ક્યારેક પ્રતિક્રમણ કરીને ઉપાશ્રયમાં જ સૂઇ પણ જાય. આસો માસની ઓળી પૂર્વે તેના મુખમાં અસહ્ય ચાંદા પડી ગયા. ખાવાનું તો ઠીક, પાણી પીવું પણ તકલીફદાયક બન્યુ! ડૉક્ટરે સાત દિવસની દવાનો કોર્સ કરવા કહ્યું. અસમંજસમાં આવી તે પહોંચ્યો સાહેબજી પાસે. 'કાલથી આયંબીલ કેમ કરી શકીશ?' એમ પૂછી સઘળી બીના કહી.

સાહેબજીએ કહ્યું: ''એમ ઢીલી વાત ન કર. નવકાર ઉપર શ્રદ્ધા છે ને? તો બસ, કાલથી ઓળી કરવાની જ છે. સૌ સારા વાનાં થઇ રહેશે.'' નવકારના ધ્યાનમાં જ નિદ્રાધીન થઇ સવારે ઉઠીને જોયું તો ખરેખર જ રોગ નાબૂદ! ત્યારથી નવકાર, નવપદજી ને નવનવોન્મેષશાલિની પ્રતિભાવંત પંન્યાસજી મહારાજ ઉપરની શ્રદ્ધામાં યુવકને થયો અનેકગણો વધારો! આ જ યુવાન એકવાર ધંધાર્થે મુંબઇ ગયો. પાસે રહેલ ૫૦,૦૦૦ રૂપિયામાંથી અડધા ચોરાઇ ગયા. આકુળતા વધી પણ સમય થતા સાંજે સામાયિકમાં બેઠો પણ ચિત્ત લાગ્યું નહીં. ત્યાં જ જાણે સાહેબજીને તેણે પ્રત્યક્ષ જોયા ને સાંભળ્યા:

''તું શાને વ્યથિત થાય છે? સામાયિકમાં મન પરોવી દે. ગયેલા રૂપિયા તને પાછા મળી જ જશે.''

આટલું કહી થઇ ગયા અદશ્ય! યુવાને તો ભાવપૂર્વક સામાયિક પૂર્ણ કરી. પોલીસે એ જ સાંજે ચોરોને પકડયાં. રૂપિયા ૨૫,૦૦૦ તરત જ પરત મળી ગયા. ॥ भद्रं करोति इति भद्रंकरः ॥ તે યુવાનની ધર્મશ્રદ્ધા ક્રમશઃ એટલી તો બળવત્તર બનતી ગઇ કે ૬૦ વર્ષની ઉંમરે અન્ય સંપ્રદાયમાં દીક્ષિત થયા અને ઓળખાયા તેઓ મુનિશ્રી શિવશર્મવિજયજી તરીકે.

સંવત ૨૦૧૮નો નૂતન વર્ષનો દિવસ આવ્યો. પાટણના ભંડારી પાડાના એક બ્રાહ્મણ જ્યોતિષ શ્રી બાબુભાઇ પી. દવેએ ઘણા વખતથી એક મહાન જૈન સંત પાટણના ફોફલિયાવાડામાં બિરાજમાન છે તે વાત સાંભળી હતી. નવા વર્ષે આ મહાત્માના દર્શને જાઉં એવો વિચાર આવ્યો તેમને રાત્રે ૮ વાગ્યે. તેથી ઝવેરી બજારમાં સોનીવાડાના નાકે જઇ એમના મિત્રશ્રી મધુભાઇ સોનીને મળી વિચારણા કરી.

બંને અજૈન, અપરિચિત અને રાત્રે જવાય કે નહીં તેની પણ અવઢવ. પરંતુ ચર્ચા પછી એ નિષ્કર્ષ ઉપર આવ્યા કે સંતના દર્શન માટે વળી ઓળખાણની શી જરૂર? આપણે ફક્ત દર્શન કરી આશિષ લઇ આવીએ. મહોલ્લામાં પ્રવેશી ઉપાશ્રયને શોધીને ઝાંપો ખોલ્યો. જાળી બંધ હતી તે ખોલવી કે પાછા વળવું એમ વિચારતા હતા ત્યાં જ તે અંદરથી બંધ ન હોવાથી સ્હેજ અડતાં જ ખૂલી ગઇ.

કુદરત ઇજન આપે છે એમ સમજી રાત્રિના ૯ વાગ્યાની નિરવ શાંતિમાં તેઓ બંને આ...સ્તેકથી અંદર ગયા. વિશાળ મકાનમાં છવાયેલો નિબીડ અંધકાર. સૌ મહાત્માઓ સંથારો કરી ગયેલા. આમાં તેમને ઓળખવા પણ કઇ રીતે?

દર્શનનો હેતુ બર નહીં આવે એમ વિચારી પરત ફરવા વિચાર્યું કે તરત જ મિત્ર મધુભાઇનું ધ્યાન ગયું કે દક્ષિણ દિશાથી ટોર્ચ જેવું અજવાળું આવે છે. બંને પદરવ ન થાય તેમ આગળ વધ્યા. પ્રકાશ સુધી તદ્દન નજીક પહોંચીને જોયું કે પાટ ઉપર એક સંત સૂતા છે. આસપાસ કોઇ જ નથી અને ટોર્ચનો જણાતો પ્રકાશ એ સંતપુરુષના પવિત્ર પગનાં તળિયામાંથી જ નીકળતો અને ફરી તેમાં જ સમાઇ જતો દેખાયો. અદ્‌ભૂત આનંદથી અભિભૂત થઇ ગયા બંને. ત્યાં જ એક ગંભીર અવાજ સુણાયો:

''કોણ?'' તેઓએ જવાબમાં કહ્યું: 'ક્ષમા કરજો. આપને તકલીફ આપી. અમે અજૈન છીએ. પરંતુ વિક્રમના આ નવા વર્ષે આપ જેવા સંતના દર્શને આવી પહોંચ્યા છીએ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ આપ જ ને?' સંતે સ્મિત વેરી હકારમાં માથું હલાવ્યું. દર્શનાર્થીઓએ ચરણસ્પર્શ કરી ભાવપૂર્વક પ્રણામ કરી જવા રજા માંગી. સાહેબજીએ ફરી પૂછ્યું:

''બીજું કાંઇ કામ કે પ્રયોજન ન હતાં ને?'' જવાબમાં ના સાંભળી આશીર્વાદ આપવા દક્ષિણ હસ્ત ઊંચો કર્યો. શ્રી બાબુભાઇ તથા શ્રી મધુભાઇ તો બહાર આવી હર્ષવિભોર થઇ નાચી જ ઊઠયા!

એક વિભૂતિની આંતરિક અધ્યાત્મ શક્તિનો સાક્ષાત્કાર અનાયાસે પ્રાપ્ત થઇ ગયો હતો. આવા યોગર્ષિના આશિષ નવા વર્ષની શરૂઆતમાં સાંપડયા તે વિચારી ખૂબ જ રોમાંચિત થયા તેઓ બંને.

પાટણના પનોતા પરિવારોના જીવનને ધર્મસ્પર્શી બનાવી, જ્ઞાનગર્ભિત નમ્રતાની પ્રસાદી આપી, પંન્યાસજી મહારાજે સમુહ સહિત ચોમાસાનો કાળ પૂર્ણ થતા જ પાટણ છોડીને મોટામાંઢા ગામે જવા હાલાર તરફ વિહાર કર્યો.

તેમના સંસારી ભત્રીજાએ ગામને પાદરે પૂછ્યું: 'સાહેબજી, આપ હવે ફરી ક્યારે પાટણ પધારશો?' ઉત્તરમાં ભવિષ્યદ્રષ્ટા સાહેબજીએ કહ્યું કે:

''હવે તો અહીં જે ચોમાસુ થશે તે છેલ્લું હશે.''

રાહમાં તેમણે સૌએ હવે ઝીંઝુવાડા થઇને મોટામાંઢા ગામના નૂતન મંદિરમાં શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા તથા હાલારના કજુરડા ગામના કેશુભાઇના દીક્ષા મહોત્સવમાં પહોંચવાનુ હતુ.

વળી ત્યાં ચાતુર્માસમાં ઘરે-ઘરે ધર્મદીપક પ્રગટાવી સમજાવવાનું પણ હતું કે:

''ભવિજનો, વિનય એ જિનશાસનનું મૂળ છે ને મુક્તિમાર્ગના સર્વ અનુષ્ઠાનોમાં એ વ્યાપક પણ છે. સમ્યક્દર્શનના ૬૭ ભેદોમાં ૧૦ પ્રકારનો વિનય છે. સમ્યક્જ્ઞાન એટલે જ્ઞાનાચારના ૮ આચારોમાં પણ વિનય છે. સમ્યક્ચારિત્રના ૭૦ ભેદોમાં પણ ૧૦ પ્રકારનો વિનય છે અને સમ્યક્તપના ૬ અભ્યંતર ભેદમાં પણ વિનય છે. આ રીતે દેવ-ગુર્વાદિના વિનય દ્વારા સર્વ અનુષ્ઠાનોની સાધના થતી હોવાથી પ્રમાદ છોડી આપણે દુર્લભ એવા માનુષ જીવનમાં આ ગુણને કેળવવા ખૂબ પ્રયત્ન કરવો જોઇએ.

અભ્યાસને વિષે રાગને બદલે વૈરાગ્ય અને વૈરાગ્યને વિષે અભ્યાસને બદલે અનભ્યાસ એ જીવની વિચિત્ર દશા છે. એવી તો અનેક વિચિત્રતાઓથી સંસારી જીવ ભરેલો છે તેનું એક જ કારણ 'સહજમલ' કહી શકાય. ભવ્યત્વભાવના વિકાસથી જ તે હઠાવી શકાય. ભવ્યત્વભાવનો વિકાસ ચતુઃશરણગમનાદિ વડે થઇ શકે. મનને કર્તવ્યમાં જોડવું પણ તેના ફળમાં નહીં કેમ કે ફળ નિશ્ચિત છે અથવા અનેક કારણોને આધીન છે.''

सिंधूवालुअनिमग्गं, वडबीयं च दुल्लहं ।
माणुसत्तं तु संपप्प, को पमाई वियक्खणो ॥१२२॥
- श्री रत्नसंचय प्रकरणम्

જેમ સિંધુનદીની પારાવાર રેતીમાં મગ્ન થયેલું વડનું બીજ શોધવું દુર્લભ છે, તેમ મનુષ્યભવ પણ દુર્લભ છે. તેને પામીને કોણ ડાહ્યો પુરુષ પ્રમાદ કરે?

"ચૈતન્યને નમવું તે જ્ઞાન અને વિવેકનું ફળ છે. જડને નમવું તે અહિત, અસુખ ને અકલ્યાણરૂપ છે. ચૈતન્યનું બહુમાન અને જડનું ઔદાસીન્ય કેળવે તે વિવેકી છે. ભક્તિ ને મૈત્રીનું મૂળ વિવેક છે, જે મોક્ષ મેળવવાની શ્રેણીનું સૌ પ્રથમ સોપાન છે."

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૨ | ગુણિયલ ગીતાર્થ ગુરુ

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

સંવત્ ૨૦૧૯ના શરુમાં વિહાર સમયે સાહેબજી ઝીંઝુવાડા રહ્યા. બારેક દિવસના એ નિવાસમાં સાહેબજીએ સુંદર બોધ રૂપી નવરત્નો આપ્યા:

૧. હિંસા એટલે આક્રમણ. પ્રતિક્રમણ એટલે એ આક્રમણથી પાછા હટવું તે.
૨. વ્યાખ્યાન સાંભળવાથી જ્ઞાન અને પ્રભુપૂજાથી ધ્યાન મેળવાય.
૩. જે ધર્મ આપણે ઈચ્છીએ છીએ તે સર્વને મળો.
૪. ઉપદેશ આપનારની પવિત્રતા કઠોર હૃદયને કોમળ બનાવી દે છે.
૫. મૃત્યુ વખતે સાથે આવશે તો ફક્ત આભ્યંતર વસ્તુઓ જ.
૬. મિથ્યાચારથી રહેવું છે? પગ ઉપર રાખી જીવતા ઝાડના જન્મો છે જ.
૭. કર્મથી રચાયેલું જગત કઇ રીતે સારું હોઇ શકે?
૮. ભવરોગ દૂર કરવાની અત્યુત્તમ ઔષધની પેટી એટલે શ્રી નવકાર મંત્ર.
૯. પ્રભુને નિષ્કામભાવે પૂજનારા જ ભવિષ્યમાં પૂજાય છે.

સાહેબજીના મુખમાંથી ક્યારેય 'હું' શબ્દ નીકળ્યો નથી. ક્યારેય કોઇનો અવર્ણવાદ બોલાયો નથી. સાધકોને પ્રક્રિયા શીખવે ને અનુભૂતિ થાય ત્યારની લઘુતા તેઓને એમ જ બોલવા પ્રેરે કે:

"એ તો તમારી જ પાત્રતાથી થઇ છે. મેં કંઇ કર્યું નથી!" આવા ગુરુમહારાજના શિષ્યો પૂજ્ય મુનિવરશ્રી કુંદકુંદવિજયજી, એમના સંસારી ગુરુબંધુ મુનિશ્રી મહાસેનવિજયજી તથા એમના સંસારીપુત્ર મુનિશ્રી વજ્રસેનવિજયજી મહારાજોનું વતન એટલે આ મોટામાંઢા ગામ. નાનકડા આ ગામના હૈયે પ્રવેશ વેળાએ હર્ષનો મહાસાગર હિલ્લોળા લેતો હતો. દરેક ઘર શણગારેલા અને બારસાખે મંગલ તોરણોથી દીપતા આ ગામે જાણે નવું જ રૂપ ધારણ કરેલું. હાલારના અન્ય ગામોમાં ધર્મબોધ પમાડતા અને નિષ્પાપ જીવનનો બોધ આપતા-આપતા પહોંચ્યા અહીં જ્યારે શ્રમણો સંગે સાહેબજી, ત્યારે મંગળ ગીતો, સુરીલા વાજીંત્રોની ધૂન અને હૈયે હોંશ સાથે સૌએ તેઓનું અપૂર્વ સામૈયું કર્યું.

પંચાંગમાં વંચાતો એ દિવસ હતો ચૈત્ર વદ દસમનો ને સાલ હતી સંવત ૨૦૧૯ (ઇ.સ.૧૯૬૩).

ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदौ ।
मंत्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥

મુનિશ્રી વજ્રસેનવિજયજી મહારાજના દાદા-દાદી તથા મુનિશ્રી કુંદકુંદવિજયજી તથા મુનિશ્રી મહાસેનવિજયજી મહારાજના સંસારી માતા-પિતા એવા માકાબેન ને પૂંજાભાઇએ પણ પોતાના આ લાડલા 'કેશુ', 'કેશવજી' અને 'માણેકલાલ'ના ગુરુજીની તથા સર્વે શ્રમણોની આગતા-સ્વાગતામાં કોઇ કમી આવવા ના દીધી. આ હાલારના હીરલાઓએ કરેલી ગામના દેરાસરની પ્રતિષ્ઠાના દિવસે જ હજ્જારો ભાવિકોની હાજરીમાં સાહેબજીના હસ્તે શ્રી કેશુભાઇ થયા દિક્ષિત ને નામ મળ્યું: મુનિરાજશ્રી કમલસેનવિજયજી મહારાજ. ગુરુગુણ ભક્તિભાવને આત્મસાત્ કરતો આ પ્રસંગ સંપન્ન થયો.

સંવત ૨૦૧૯ (ઇ.સ.૧૯૬૩)માં મુનિરાજશ્રી મહાસેનવિજયજીએ તો મોટામાંઢાના ચાતુર્માસમાં શ્રી નવકાર મહામંત્રની આહલેક જગાવી અહીંના અનેક ભાવિકોને નવકારના કરોડપતિ બનાવી દીધા. અગણ્ય આરાધકોને સામુદાયિક તપની આરાધનાની પ્રેરણા કરી. પરિણામે હાલારમાં ધર્મના ઉત્થાનનું મોટું કામ થયું. આ જોઇ પંન્યાસજી મહારાજે એકદા કુંદકુંદવિજયજી મહારાજને પ્રેરણા કરી કે:

''અહીંના જીવો ભાવિક છે, ખપી છે. તેમને ધર્મ પમાડવાનો મહાસેનવિજયજીનો ઉમળકો પણ પ્રશસ્ત છે. તેમાં આપણો શ્રેષ્ઠ સહયોગ ચાલુ રાખવો જોઇએ.''

આ વાતને 'તહત્તિ' કહીને ઝીલી લઇ અહીંના લોકોને નિરંજનનાથે દર્શાવેલા ધર્મમાર્ગે વાળવા તેઓ પણ વધુ સક્રિય બન્યા. સાહેબજી શ્રોતાઓને તાત્ત્વિક વ્યાખ્યાન આપે ને કુંદકુંદવિજયજી મહારાજ સૌને ક્રિયામાર્ગ વિશે સમજાવે. વળી વડીલ બંધુમહારાજશ્રી મુનિ મહાસેનવિજયજી સૌને જિનભક્તિ, સાધર્મિક ભક્તિ અને જીવદયામાં લાભ લેવાની પ્રેરણા કરે. તારક એવી આ ત્રિવેણીના સંયોગે હાલારના મોટામાંઢામાં ૪૦૦ વર્ષે પ્રથમ વાર ઉપધાન તપનું અનુષ્ઠાન થયું.

૪૭ દિવસ પછી ઉપધાન તપ પૂર્ણ થતાં જ પહેલા કદી ય ન થયો હોય તેવો અપૂર્વ માળારોપણનો વરઘોડો આયોજાયો. આજુબાજુના ગામડાઓમાંથી સેંકડો અજૈનો પણ ગાડામાં બેસીને આવ્યા એ નઝારો નિરખવા. જામનગર જીલ્લાના કલેક્ટરશ્રી કોઇ અન્ય કાર્ય અંગે અહીંથી પસાર થયા અને ઘણા માણસોને આમ એકઠા થયેલા જોઇ તપાસ કરાવી કે આ શેનો ઉત્સવ છે? આગેવાનોએ દોડી આવી તેમનું ઉચિત સ્વાગત કરીને પછી કારણ સમજાવીને તેઓને લઇ ગયા પંન્યાસજી મહારાજ સમીપ. સાહેબજીને મળીને - થોડી વાતચીત કરીને કલેક્ટરશ્રી જ્યારે બહાર આવ્યા ત્યારે મંત્રમુગ્ધ થઇને બોલ્યા કે: 'આવા અનુપમ યોગીપુરુષ મેં પ્રથમ વાર જોયા છે કે જેમની રગેરગમાં સ્વયં ભગવાન છે!'

એકબાજુ દેશના બીજા રાષ્ટ્રપતિ તરીકે ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્ણે દેશની ધૂરા સંભાળેલી તો બીજી બાજુ ભારત-ચીન વચ્ચે યુદ્ધ છેડાયેલું. આ સમયે હરીપુર ગામમાં લાભાર્થી શા.મોતીબેન મોહનલાલ દેવરાજ પરિવાર તરફથી ઉત્તમ એવા ૩૦૦ આરાધકોના ઉપધાન તપ ધામેધૂમે કરાવાયા. પછી હાલારના જ નવાગામના સંઘે સાહેબજીની નિશ્રામાં ચૈત્રી ઓળી કરાવી. પછીનું ચાતુર્માસ તો જામનગરના દિગ્‌વિજય પ્લોટમાં નક્કી જ હતું, પરંતુ નવાગામ સંઘે તે પછીનું ચાતુર્માસ કરાવવા વિનંતી કરી દીધી.

ઇ.સ.૧૯૬૩નો એ સમય હતો, જ્યારે શ્રી બાબુભાઇ કડીવાલાએ અમદાવાદના શ્રી ચંદ્રકાંતભાઇ મણીલાલનો મેળાપ સાહેબજી સાથે કરાવ્યો. પ્રથમ મુલાકાતમાં જ તેમના પત્ની પદ્માબેન સહિત તેઓ સાહેબજીના ચુંબકીય વ્યક્તિત્વથી અંજાયા. ઘરે જતી વેળાએ તેઓને આરાધનામાં જોડવા સાહેબજીએ રોજ ૨૦ બાંધી માળા કરવાનું સૂચન કર્યું. એ વર્ષે તેઓ ત્રણ વાર વંદનાર્થે ગયા.

ઇ.સ.૧૯૬૪ના મે મહિનામાં સાહેબજીએ કહ્યું: "તમે હવેથી આંતરું પાડયા વગર રોજ બેસણુ કરી શ્રી સિદ્ધચક્રજીનું લઘુપૂજન કરવાનું રાખજો અને શક્તિ ઉપરાંત વ્યાપાર કરવા કદાપિ ઉધાર લેશો નહીં."

તેમના આ વચનો જીવનના અંત સુધી અક્ષરશઃ સિદ્ધ કરવાનો સંકલ્પ લઇ પુરુષાર્થ આદર્યો. એ પછી રોજના ૧૦૦ લોગસ્સના કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું આ ગરવા ગુરુરાજે. આ દંપતિ પણ કાંઇ કમ ન હતા. ધીમે-ધીમે આરાધના વધારતા તેઓ રોજના ૫૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવા સુધી પહોંચી ગયા. ઉપધાન, નવકારના જાપ, આયંબીલ ઓળી આદિ દરેક અનુષ્ઠાનમાં તેમના પરિવારના ૪૦ આત્મીયજનો સાથે જ જોડાય. એ પછી તો ગુરુકૃપાથી ધાર્મિક વૃત્તિનાં કલકત્તાના બિરધીચંદ્રજી ધંધાકીય ભાગીદાર પણ મળ્યા. ધર્મના દરેક કાર્યોમાં ચંદ્રકાંતભાઇ જે કહે તેમાં 'તહત્તિ' જ કહે તેવા.

દર દિવાળીએ તીર્થયાત્રાએ જવાનો આ દંપતિનો નિયમ. એક વર્ષે આબુ-દેલવાડા જવા નીકળ્યા. અમદાવાદ ઘરેથી નીકળી સાબરમતી પહોંચ્યા ત્યાં તો ચંદ્રકાંતભાઇને ગાડીમાં આગળ પૂજ્ય સાહેબજી જ દેખાયા કરે. એવું લાગે કે જાણે કહી રહ્યા છેઃ 'પાછો ફરી જા'. ગીતાર્થ ગુરુ કહે તે ઉથાપવાની તો કલ્પના પણ ન થઇ શકે તેવું સમર્પણ. વર્ષોનો નિયમ તોડી પાછા ફરી ગયા. ઘરે આવકવેરા ખાતામાંથી કંઇક માહિતી મળી. ઈશારો કાફી હતો. સવારે દરોડો પડયો. સાંગોપાંગ ઉગરી ગયા.

ઇ.સ.૧૯૬૪માં સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરુજી ૨૭ મે ના અવસાન પામ્યા. ૯ જૂન સુધી કાર્યકારી વડાપ્રધાન તરીકે શ્રી ગુલઝારીલાલ નંદાએ અને પછી એ સ્થાને આવ્યા શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી. રાષ્ટ્રમાં 'વિશ્વ હિંદુ પરિષદ'ની સ્થાપના થઇ. દેશ ઔદ્યોગિક ને કૃષિક્ષેત્રમાં વિકાસ સાધી વિશ્વની નજરે ચડયો.

એવા સમયે સંવત ૨૦૨૦ (ઇ.સ.૧૯૬૪)નું ચાતુર્માસ જામનગરના પ્લોટમાં ભાવભેર શરુ થયું.

અહીં પંન્યાસજી મહારાજ પાસે ધર્મનિષ્ઠ શ્રી જીવતલાલ પ્રતાપસીભાઇ ને શ્રી અમૃતલાલ કાલિદાસભાઇ સમા અનેક જિજ્ઞાસુઓ તાત્ત્વિક સાહિત્ય સંશોધન કરવા ને મુંઝવતા પ્રશ્નોના ઉકેલ મેળવવા બહુમાનપૂર્વક આવીને રોજ સંતુષ્ટ થાય.

''સાધુની સંગતિ, તત્ત્વની રૂચિ, શ્રદ્ધા અને બોધ - એ ઉત્તરોત્તર અધિક દુર્લભ છે. એનો સમાગમ મહાન પુણ્યોદયે જ થઇ શકે છે. માટે જીવવા મળેલી દરેક ક્ષણ અમૂલ્ય છે. તેનો દુરુપયોગ ન થાય તે જોવાની દરેકની પોતાની જ જવાબદારી છે. સ્વાધ્યાય, જાપ અને ધ્યાનના બળે મન ઉપર પ્રભુત્વ આવે છે. નાડીઓ શુદ્ધ થાય છે. પ્રાણની ગતિ સ્વસ્થ બને છે. ચિત્ત એકાગ્ર થઇ પરમાત્મ ઉપાસના સારી રીતે થાય છે અને બધી જ કામનાઓ નષ્ટ પામે છે. નિત્ય જો ૧૦૦૦ નવકાર ગણાય તો તેનો અચિન્ત્ય પ્રભાવ છે. રોજ ૧૦ બાંધી માળા ગણવાથી ૧૦૦ દિવસે તે જાપ ૧ લાખનો થાય છે. લક્ષ નવકારનું મહાફળ શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે તેમ તેનો અધિકાધિક આત્મલાભ થાય છે.

ये लक्षशः श्री परमेष्ठिमंत्रं जपन्ति, ते तीर्थकृतो भवन्ति ।

આ ઉક્તિ પ્રમાણે જે ૧ લાખ વાર વિધિયુક્ત નવકારના જાપ કરે છે તે તીર્થંકર બને છે. અહીં 'વિધિયુક્ત'નો અર્થ વૃદ્ધિ પામતી એકાગ્રતા સહિતનું બાહ્ય-આંતર વર્તન. એકકી બેઠકે એકાગ્રતા ને શ્રદ્ધા સહિત ગણવાની ભાવના રાખી રોજના સહસ્ર નવકાર ગણવાથી બધી શુભ સામગ્રીઓ ખેંચાઇ આવી અશુભનો વિલય થઇ જાય છે.''

પૂજ્ય પંન્યાસજી મહારાજની આંતરશક્તિઓને પ્રગટ કરતા આ સંનિષ્ઠ વચનોથી જામનગરના 'જાગેલા' આત્માઓ વધુ સચેતન બન્યા. આપણા આંતરિક વલણો જ આપણું રૂપાંતરણ કરી શકે છે તે માન્યતા સૌની વધુ દૃઢ થઇ. સંકલ્પશક્તિ હવે પોતાના ગહનતર અસ્તિત્વમાંથી અભિવ્યક્ત થઇ. 'જ્યાં દૃઢ સંકલ્પ છે ત્યાં અચૂક સિદ્ધિ છે' તે ન્યાયે સૌના જીવનમાં શાંતિ અવતરિત થઇ.

સાહેબજીની નિશ્રામાં અહીં રહેવાનો પુણ્યસંયોગ સાંપડયો પંન્યાસશ્રી મિત્રાનંદવિજયજી ગણિના શિષ્ય મુનિશ્રી કીર્તિસેનવિજયજીને. શાસ્ત્રો અને પૂર્વસૂરીઓની રચનાઓ ઉપરાંત સાહેબજીને પ્રાણાધિક વ્હાલા પંચસૂત્ર સ્વાધ્યાય, અમૃતવેલની સજ્ઝાય તથા પુણ્યપ્રકાશનું સ્તવન. તેથી સાહેબજીએ તેઓને અતિ વાત્સલ્યભાવે પંચસૂત્રનું પ્રદાન કરીને પાથેય દર્શાવતા ખાસ ભલામણ કરી તેનું ચિંતન-મનન કરવાની. વિરલ સાધુતાના સાંન્નિધ્યમાં જે જાય તેના આત્માનું હિત થયા વિના રહી જ ન શકે તે નિયમાનુસાર તેમની અપ્રમત્ત જાગૃતિ સર્વને સ્પર્શે અને તેનાથી સૌનું આત્મહિત થાય જ.

સર્વ ક્લેશથી મુક્ત થવાની જડીબુટ્ટી રૂપે સાત્ત્વિક પ્રસન્નતાની લ્હાણી કરી, મોટામાંઢા સહિત અનેક સંઘોમાં નવકારનો જપ ને આયંબીલનો તપ સાહેબજીએ શરુ કરાવ્યા ને ચાતુર્માસ સંપન્ન થયું.

શાંત સુધારસ ઝરતી મુખમુદ્રા અને અમી ભરેલાં હૃદયને લઇને સાહેબજી નીકળી પડયા ચેતનાની ધારા વરસાવવા જામનગરથી હાલારના ગ્રામ્યવિસ્તારોમાં. દીવ અને દમણ જેમ હવે ભારતમાં આ વર્ષથી જ ભળી ગયા હતા તેમ જ હાલારના હળુકર્મી સાધર્મિકોમાં હવે હળી ગયા હતા જિનભક્તિ ને જીવમૈત્રી! તેના જ પરિણામે સંયમ ને તપ પણ તેઓની રગેરગમાં ભળવા માંડયા હતા હવે.

શ્રી નવપદ આરાધક સમાજ તરફથી થતી ચૈત્ર મહિનાની આયંબીલની ઓળી કરાવવાની આ વર્ષે ભાવના જાગી નાઇરોબીના સંઘવી મણિલાલ ધરમશી તથા શેઠ બાબુરાજ ધરમશી પાંચા પરિવારને પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં. તેથી હાલારના વસઇ જેવા રળિયામણા ગામમાં જાણે ઉત્સવ મંડાયો. ઘર-ઘરમાં તપદીપક પ્રગટયા. પૂજ્ય મુનિવરશ્રી મહાસેનવિજયજી તરફથી જોરદાર પુરુષાર્થયજ્ઞ તો મંડાયો જ હતો અને તેઓના સમ્યક્ ઉપદેશના કારણે ૮૦૦ આરાધકો આ ઓળીના અનુષ્ઠાનમાં જોડાયા. શ્રી વીર પ્રભુ જાણે સાક્ષાત્ હોય તેવું ચોથા આરા સમું વાતાવરણ સર્જાઇ ગયું. દરરોજ સાહેબજીના મર્મસ્પર્શી વ્યાખ્યાનોમાં નવપદજીના મહિમાની અખંડ સેરો વરસે સવારે. આયંબીલ પછી બપોરે પણ હજારેક શ્રોતાઓ શમિયાણા નીચે ભેગા થઇ જાય આ ઓળી આરાધીને મોક્ષગામી બનેલા શ્રીપાળ અને મયણાંની રસપ્રચૂર કથામાં ભીંજાવા. સૌને હૈયાનો હોંકારો મળે ને તદાકાર થઇ જવાય.

પૂજ્ય પંન્યાસજી મહારાજના અનન્ય ભક્ત, ગાયક ને સંગીતકાર એવા નવસારીના શ્રી બાબુભાઇ કડીવાલાના શ્રીપાળ-મયણાના સંગીતમય રાસ દ્વારા શ્રી સિદ્ધચક્ર ભગવાનના ગુણોના વર્ણનથી આ સહસ્ર જેટલા કલ્યાણકાંક્ષી આત્માઓ નવપદમય બની જાય.

અરિહંત સિદ્ધ વંદો આચારજ ઉવજઝાય,
મુનિ દરિસણ નાણ ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય
એ ધ્યાને ભવિકના, ભવકોટિ દુઃખ જાય!

નવપદજીના માંડલામાં ધર્મના તમામ સારભૂત સત્ત્વ ને તત્ત્વ સંગ્રહિત થઇ ઉભર્યા હતા તેથી આ વિવેકી આત્માઓની આરાધના સુલભ બની. આત્મકલ્યાણકારી સદ્‌ગુણોનો દિન-પ્રતિદિન વિકાસ થયો. સાધ્ય તરીકે અરિહંતાદિ નવપદો, સાધકો તરીકે ૮૦૦ તપસ્વીઓ, સાધન તરીકે નવપદજીનું ધ્યાન અને તેના ફળ તરીકે કર્મના ક્ષય રૂપ મુક્તિનો હેતુ અહીં આ અમૃત અનુષ્ઠાનને શોભાવી રહ્યા. વસઇ નગરી જાણે મુક્તિ નગરી બની ગઇ. 'શ્રી સિરિવાલ કહા'ના આધારે શ્રી સિદ્ધચક્ર યંત્રવિધાનની મહામંગળકારી રચનાની મધ્યમાં જે 'અર્હં' બીજનું સ્થાપન થયેલું તે સર્વ સાધકોના હૃદયની મધ્યમાં પણ જાણે સ્થાપિત થઇ ગયું. શ્રી સિદ્ધચક્રની પૃથ્વીપીઠ ઉપર થયેલી આ સ્થાપના ચૈત્ર સુદિ સાતમથી પૂર્ણિમા સુધી જ ભલે થઇ, પરંતુ આરાધકોના જીવનમાં તો જાણે તેની શાશ્વત પ્રતિષ્ઠા થઇ ગઇ.









ઈ.સ.૧૯૬૩માં હાલાર પ્રદેશના મોટામાંઢા ગામમાં ચાતુર્માસ તથા એ પછી ૪૦૦ વર્ષ પછી પ્રથમવાર ૩૦૦ આરાધકો સાથે ઉપધાન તપનું અભૂતપૂર્વ અનુષ્ઠાન આયોજાયું.

પરમવત્સલશ્રી કહેઃ સાધુની સંગતિ, તત્વની રૂચિ, શ્રદ્ધા ને બોધ એ ઉત્તરોત્તર અધિક દુર્લભ છે જેમાં સહાયક હોય છે નવકાર મહામંત્ર, સિદ્ધચક્ર મંડલ, હ્રીંકાર સ્થિત ૨૪ તીર્થંકરો ને શ્રી નવપદજી વંદનાનું સુગઠિત તંત્ર.

'વિદ્યાનુવાદ' નામનાં પૂર્વમાંથી ઉદ્ધરેલા આ સિદ્ધચક્ર યંત્રના પરમાર્થ રહસ્યોને સૌએ જેમ-જેમ ઉઘડતાં જોયા, તેમ-તેમ આ દુર્લભ આરાધના સાક્ષાત્ સુરતરુ કે સુરમણિ સમી લાગતી ગઇ! સહજ સોભાગી સુસંપદાથી આપાદમસ્તક ભીંજાઇને જ્યારે સંવત ૨૦૨૧ની આ નવપદજીની શાશ્વતી ઓળી પૂર્ણ થયે સૌ સાધકો ઘરે સિધાવ્યા ત્યારે ખરેખર જ દરેકના મનમાં-જીવનમાં નવપદજીની બધાઇ બાજી રહી. શરણાઇ ને નોબતના સુર ઘનનન ગાજી રહ્યાં. સાચા મોતીયોના ચોક પૂરાઇ રહ્યાં! જિનગુણ ગાઇને રસનાનો રસ એવો તો ઘૂંટડે-ઘૂંટડે પીવડાવ્યો પંન્યાસજી મહારાજે કે હવે આ ચૈત્ર માસમાં કરેલી નવપદજીના ચરણોની પ્યારી સેવા સામે સઘળું યે ફિક્કું લાગવા માંડ્યું સૌને!!

સાહેબજી વિહારમાં હોય કે ચાતુર્માસમાં - સમુદાયના મહાત્માઓ સાથે ટપાલથી સંસર્ગમાં જરૂર રહે. દરેકના આત્માની ફિકર હોય તેઓને. ઇ.સ.૧૯૬૪માં જ્યારે પાકિસ્તાન સાથેની લડાઇ શરુ થઇ, ત્યારે આખી રાત જામનગરની આજુબાજુમાં બોમ્બમારો થયો. ૨૧ દિવસ પછી યુદ્ધવિરામ જાહેર થયું ત્યારે રેડિયોમાં સમાચાર આવ્યા કે જામનગરની બે મસ્જિદો અને એક જૈન દેરાસર ધ્વસ્ત થઇ ગયા છે. પરંતુ એ બોમ્બ તો ૧૦ કિ.મી. દૂર મેદાનોમાં પડયા હોવાથી ધ્વસ્ત થયા નહોતા. ગ્રામજનો બોલ્યા કે: 'સાહેબજીની સાધનાનો જ પ્રતાપ હતો એ!'

પંન્યાસજી મહારાજને હાલારની પવિત્ર ભૂમિનો યોગ મળ્યાને ત્રીજું વર્ષ શરુ થયુ. વિહારના સમયમાં પૂજ્ય પંન્યાસજી મહારાજનો આગ્રહ રહેતો કે રોજ દરેકે મનમાં ૨૫ બાધાપારાની નવકારવાળી ગણી જ લેવાની. એથી વિહાર દરમ્યાન મૌન રહેવાય ને મન આહટ્ટ-દોહટ્ટ ચિંતન કરીને પરિણામની વિશુદ્ધિને દોષિત ન કરી શકે. વળી શ્રી મહાનિશીથ સૂત્રના સંદર્ભે અહીં સાહેબજીએ એક અમૂલ્ય પદાર્થ ખોલ્યો:

''પ્રભુ વીરે ગૌતમસ્વામીના એક પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે: હે ગોયમ! જે ભિક્ષુ યાવજ્જીવ અભિગ્રહપૂર્વક ચારે કાળમાં શક્તિ મુજબ વાચના આદિ સ્વાધ્યાય ન કરે તેને જ્ઞાન કુશીલ જાણવો! વળી, જે યાવજ્જીવ અભિગ્રહ કરવાપૂર્વક અપૂર્વ એવા જ્ઞાનની પ્રાપ્તિ કરે, તેની શક્તિ ન હોય તો તે પહેલા જે ભણેલું હોય તેનું પુનરાવર્તન કરે, તે માટે પણ અશક્ત હોય તો પંચમંગળ (નવકાર મહામંત્ર) નો અઢી હજાર વાર (૨૫૦૦ નવકાર) જાપ કરે તો તે પણ આરાધક છે. તે જ્ઞાનાવરણ કર્મ ખપાવીને તીર્થંકરપણાને અથવા ગણધરપણાને પામીને સિદ્ધ થાય છે. જેથી चाउकालं सज्झायं । એટલે કે રોજ ચાર પ્રહર સ્વાધ્યાય કરીને મુનિ જીવનના પાલનનો આસ્વાદ અનુભવાય ને થોડા સમય માટે જે સ્થાને રહેવાનું થાય ત્યાં એ આરાધનાથી આવશ્યકાદિ ક્રિયાઓમાં ઉલ્લાસ અને એકાગ્રતા જળવાઇ રહે.''

સંવત ૨૦૨૧ (ઇ.સ.૧૯૬૫)નું સાહેબજીનું ચાતુર્માસ નવાગામ(હાલાર)માં થયું. હાલારી જૈનોને ધર્મ પમાડવાની શ્રી મહાસેનવિજયજી મહારાજની પ્રબળ ઉત્કંઠા શેષકાળ ઉપરાંત આ ચાતુર્માસમાં પણ ખરો રંગ લાવી. નવકારનો જાપ, આયંબીલનો તપ અને જીવદયાના કાર્યોમાં સૌ વધુ પ્રવૃત્ત બન્યા.

સકળ પરિવારોએ નિત્ય પ્રભુપુજા, સામાયિક અને પ્રતિક્રમણોના નિયમો ઉત્સાહથી લઇને પાળ્યા. ...પણ ધર્મારાધનાની ઋતુ જાણે પલકવારમાં પસાર થઇ ગઇ. કાર્તિકી પૂર્ણિમાએ શ્રી સિદ્ધાચલજીની ભાવયાત્રા કરાવી સાહેબજીએ જામનગર તરફ વિહરવાનું શરુ કર્યું. કર્મક્ષય કે નિર્જરા એ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે એમ સમજતા સૌ મુનિવરો શુભ અનુબંધની પ્રવૃત્તિઓ કરતા જામનગર પહોંચ્યા. શ્રી લલિત વિસ્તરા ગ્રંથમાં કહ્યું છે તેમ નમોત્થુણંમાં 'નમોઽસ્તુ' એ ઈચ્છાયોગનો નમસ્કાર, 'નમો જિણાણં જિઅભયાણં' એ શાસ્ત્રયોગનો નમસ્કાર અને 'ઈક્કોવિ નમુક્કારો' એ સામર્થ્યયોગનો નમસ્કાર છે. આવા નમસ્કારમાં રત થયેલા શ્રમણોના દર્શનથી જામનગરના ભાવુકો ધન્યતા પામ્યા.

આધુનિક વસ્ત્રોમાં સજ્જ એક યુવાને પોતાને મુંઝવતો એક પ્રશ્ન અહીં વ્યાખ્યાનમાં પૂછી જ લીધો: 'અત્યારે તીર્થંકર રૂપે અરિહંતો તો વિચરતા નથી અને મોક્ષમાં બેઠેલા સિદ્ધો તો કશું યે કરતા જ નથી, તો એવા ભગવાનની ભક્તિ કરીને શો લાભ?' સાહેબજીનો જવાબ મળ્યો:

''આપણે જો એમ જ માનતા થઇ જઈશું કે ભગવાન કાંઇ જ કરતા નથી તો મુખ્યત્વે માન કષાયથી બરબાદ થઇ જઇશું. જે લઘુતા અને નમ્રતા જેવા ગુણો જોવા મળે છે તેનું કારણ જિનેશ્વરત્વ છે. નહીંતર વિશ્વ કૃતઘ્ની બની અક્કડ ને અહંગ્રસ્ત થઇ જાય. દરેક ગુણનો પાયો ને પ્રાણ કૃતજ્ઞતા જ છે. તેના વગર દયા-પ્રેમ-સદાચાર વગેરે આંતરગુણો ઝાઝું ટકી ન શકે.

જિનેશ્વરોના અનુગ્રહ વિના આપણા આત્માનો આંશિક વિકાસ પણ શક્ય નથી. નહીંતર આપણે જાતે પાપકર્મોથી નિવૃત્ત થવાનું શું ક્યારેય વિચારતા હોત ખરા? આંતર અહોભાવ લાવો. જો ઇશ્વર છે તો તેને નમસ્કાર છે. જો નમસ્કાર છે તો જ પુણ્યકર્મની પ્રાપ્તિ છે અને તો જ તમામ ઇષ્ટ વસ્તુઓની સામગ્રી મળે છે. આવા ભગવાનની ભક્તિ કરીને પ્રાંતે મોક્ષનો જ લાભ મળે છે. આપણા ચારિત્ર્યનું વિશુદ્ધતર નિર્માણ થયું છે પ્રભુના ઉપદેશ મુજબ આપણે ઘડાયા તેથી! અરિહંતો ને સિદ્ધો વીતરાગ ને વીતદ્વેષ હોવાથી આપણા પરત્વે કશું જ કરતા નથી. આપણી વચ્ચે આવતા નથી પણ તેઓની કરુણા, મૈત્રીભાવ અહીં મૂકીને ગયા છે તેઓ. માટે તેઓ સર્વોત્કૃષ્ટ પૂજાને પાત્ર છે. અપૂજ્યની પૂજા કરવામાં જેટલો દોષ છે એનાથી અનેકગણો મહાદોષ પૂજ્યની પૂજા ન કરવાથી થાય છે. પ્રભુના ઋણનો સ્વીકાર કર્યા વિના સાચી શ્રદ્ધા ન પ્રગટે. દેહરુપ મંદિરમાં સૂતેલા આતમરૂપ પ્રભુને જગાડવા મંદિરે જઇએ, જે પ્રભુના અનુગ્રહથી જ શક્ય થાય!''

સમસ્ત સભા સંગે એ યુવકે પણ આ સનાતન સત્યને સ્વીકાર્યું. જામનગરમાં થોડા દિવસની સ્થિરતા કરી પૂર્વાચાર્યશ્રીઓ રચિત અધ્યાત્મ ગ્રંથોનું ફરી-ફરી ચર્વણ કર્યું. શ્રી નવકાર મંત્રમાં ઓતપ્રોત એવા નિકટ મોક્ષગામી આત્મા સમા સાહેબજીમાં વ્યવહારનય અને નિશ્ચયનયનો સુંદર સમન્વય સધાયો હતો તે અહીં પણ સૌને પ્રતીત થયું.

સાહેબજીનું એક ટંકશાળી વચન ભાવિકોને ખૂબ રુચી જાય: ''નિશ્ચયનયાનુસાર સિદ્ધોનું અને વ્યવહારનયાનુસાર અરિહંતોની આજ્ઞાનું પાલન કરવું જોઇએ.'' તેમના જે લખાણો મળે તેમાં પણ ક્યાંય એક પણ શબ્દ આઘો-પાછો કરવાની જરૂર ન રહે તેવું યથાર્થ લખાણ હોય તેઓનું. અનાહત નાદનો દિવ્ય રણકાર અને અજપાજાપની અદ્‌ભૂત ભૂમિકા થકી તેઓએ સ્વાત્માની સાથે અન્યોના આત્માને તારવાનો વિરલ પુરુષાર્થ કર્યો અહીં પણ. આ સમયે બેડાથી શ્રાવક શ્રી હિંમતમલજી રૂગનાથજીએ મુંબઇથી જામનગર પધારી પોતાના સુપુત્રી પાર્વતીબેનને દીક્ષા આપવા મારવાડ પધારવા અનુનય કર્યો. હાલાર ને મારવાડ વચ્ચે લગભગ ૫૦૦ કિલોમીટરનું અંતર હોવા છતાં તેમની આજીજીભરી વિનંતી જોઇ પૂજ્ય પંન્યાસજી મહારાજ ના ન પાડી શક્યા. તેઓનું સૂત્ર હતું કે:

'સહન કરે તે સાધુ. સહાય કરે તે સાધુ. સાધના કરે તે સાધુ.'

આ નખ-શીખ સાધુચરિત દિવ્યાત્મા હિંમતભાઇનો સૌ પ્રથમ ભેટો સાહેબજી સાથે થયેલો મુંબઇના અંધેરી મુકામે. ત્યાં ઉપધાન તપની આરાધનામાં અને નવકાર મંત્રના વિશિષ્ઠ અનુષ્ઠાન અવસરે પંન્યાસજી મહારાજે તેઓની યોગ્યતા જોઇને શ્રી સિદ્ધચક્રજીના પૂજનની વિધિપૂર્વક સમજ આપીને દૈનિક પૂજનો પણ શરુ કરાવ્યા હતા. એ પછી ૧૭૫૦ જેટલા પૂજનો તો તેઓએ જાહેરમાં કરેલા. આગલા વર્ષે જ સજોડે બ્રહ્મચર્ય આદિ ૧૨ વ્રતોના ધારક બનેલ આ શ્રાવક પૂજ્ય સાહેબજીના જ સત્સંગથી એવા તો ઘડાયેલા કે ઉપધાન, ઓળી, દીક્ષા જેવા અનુષ્ઠાનોનો વહીવટ જો તેઓને સોંપાય તો મહાત્માઓએ સાવદ્ય કાર્યમાં ઈશારો પણ કરવો ન પડે.

અધ્યાત્મનો વારસો મેળવેલ શ્રી હિંમતભાઇ પરમેષ્ઠીના શ્રેષ્ઠ ઉપાસક હતા. ગરવા ગુણધારક એવા તેઓ પોતાની સુકલકડી કાયા સાથે રોજ રાત્રે અખંડ રીતે ૪ કલાક અપ્રમત્તભાવે અડોલ ઉભા રહી ૩૪૬ લોગસ્સ અને અગણ્ય નવકારના કાઉસ્સગ્ગ કરે. દાનધર્મમાં પણ અગ્રેસર. સાધુપણું સ્વીકારવાની ભાવના સાથે મૌન સાધક બની આયંબીલ તપમાં રમમાણ રહેનાર આ શ્રાવકરત્નની વિનંતીને ધ્યાનમાં લઇ પંન્યાસજી મહારાજે જામનગરથી વિહાર કર્યો. જામવણથલી પહોંચ્યા ત્યાં જ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનો આજ્ઞાપત્ર મળ્યો: 'તમારા પ્રથમ શિષ્યરત્ન મુનિશ્રી હર્ષવિજયજીને ભગવતીજીના યોગમાં દાખલ કરો.' અન્ય કોઇ વિકલ્પો કર્યા વિના તેઓને યોગમાં દાખલ કરવા અને સાથે બીજા મહાત્માઓના પણ જોગ કરાવવા દોઢ મહિનો રોકાવાની ભાવના સાથે પંન્યાસજી મહારાજ સમસ્ત શ્રમણ પરિવાર સાથે હવે રૂડા રાજકોટમાં પધાર્યા.

'આજ યહાં તો કલ વહાં, યે જોગીવાલા ડેરા હૈ' એ ઉક્તિને સાર્થક કરતા સોની બજાર, માંડવી ચોકના ઉપાશ્રયમાં શ્રી સુપાર્શ્વનાથદાદાના ૧૨૫ વર્ષ પ્રાચીન તીર્થના દર્શન કરીને ગોચરી લાવી ગોઠવાયા, ત્યાં જ સમાચાર મળ્યા કે બટુક રાઘવ નામના એક ગુનેગારને રાજકોટમાં ફાંસી મળવાનો એ સમય હતો.

પંન્યાસજી મહારાજે સૌ મહાત્માઓને માંડલીમાં બેસાડી તો દીધા, પરંતુ ગોચરીને ગૌણ કરાવીને ફાંસીની સજા પામેલ ભાઇ બટુકના આત્માને સમાધિ તથા સદ્ગતિ મળે તે માટે ૨૦ મિનિટ પર્યંત પોતાની સંન્નિધિમાં નવકાર મંત્રનું યોગદાન કરાવ્યું.

કરુણાના પરમ અવતાર સાહેબજી ભાવદયાના ભંડાર હતા. સર્વનું આત્મકલ્યાણ થાય તે વિચારે તેમણે આજીવન સૌને સન્મતિનું દાન કરી ત્યાગમય જીવનની પવિત્રતાને ચરમ લક્ષ્યની પ્રાપ્તિનું સાધન બનાવ્યું. 'સંન્યાસ' એટલે જ સમ્યક્ ત્યાગ. બાહ્ય ત્યાગ બાદ આંતરત્યાગની વૃત્તિ ઉદિત કરવી આવશ્યક બને છે. ભોગ્ય પદાર્થોની આસક્તિનો ત્યાગ થયો આમ સૌને તે દિવસે થોડી વાર માટે! આ દિવસ મહાત્માઓને દિવસો સુધી ગોચરી સમયે અચૂક યાદ આવ્યા કર્યો.

રંગુનથી આવી રાજકોટ સ્થાયી થયેલા એક સુસંસ્કૃત જૈન પરિવારનો યુવાન પરિણિત પુત્ર છેલ્લા સાતેક વર્ષથી પોતાના અધ્યાત્મરસને પોષવા અવારનવાર હિમાલયમાં ઋષિકેશ રહેતા સ્વામી ચિદાનંદજીના આશ્રમે જાય. દિવ્ય જીવન સંઘના એ આશ્રમમાં ઉપર રહેલી પહાડીઓમાં સ્વરૂપ ચિંતન ને પ્રભુનું ગુણચિંતન કરવા સવારથી સાંજ એકાંત ધ્યાન પણ ધરે. ગંગાનો કિનારો, પથરીલી વાટ, બર્ફીલો પવન, મંદિરની ઝાલરોનો મીઠો ધ્વનિ વગેરે તેને સ્વાત્મ સંપર્ક-સંસર્ગ કરવામાં સહાયકર્તા લાગે. ક્રિયારહિત બની આંતરિક શાંતિનો અનુભવ લેવો અહીં ખૂબ રૂચે તેમને.

પરંતુ તેમના જન્મદાત્રી માતા તારાબેનને જન્મથી મળેલ જૈન ધર્મની જ ઉપાસના દીકરો કરે તો વધુ રૂચે એમ હતું. તેથી તેઓ જઇ ચડયા એકવાર વ્યાખ્યાન બાદ પંન્યાસજી મહારાજ પાસે. વંદન કરી બોલ્યા: 'સાહેબજી... મારો ખોળો પાથરું છું. આપ હિમાલય જતા મારા દિકરાને સમજાવો અને આપણા પ્રશસ્ત ધર્મમાં પ્રેરિત કરી સ્થિર કરો.' પંન્યાસજી મહારાજે હસતા-હસતા કહ્યું કે: ''ભલે, મારી પાસે મોકલજો.'' યુવાન જ્યારે મળવા આવ્યા તો સાહેબજીએ સમજાવ્યું કે: ''આ તો બહુ સારું થયું છે કે તમે હિમાલય જઇને બધું જોઇ આવ્યા છો. તો હવે અહીં આપણે ત્યાં અંદર ઉતરીને વધુ સારી રીતે આરાધના કરી શકશો.''

આ યુવાન હતા ધન્યનામજન્મા શ્રી શશિકાંતભાઇ મહેતા. આટલું સુણી તેમને અંદરથી એવું લાગ્યું કે આ કોઇ નોખી માટીના ચિંતક આત્મા છે અને તે જ મારા ગુરુ હોઇ શકે. હિમાલયથી તાજેતરમાં પરત ફરી સાહેબજીના પરમ ભક્ત બની ગયેલા આ પિતાજીની સાતેક વર્ષની દિકરી સ્મિતા સૌ પ્રથમ વાર સાહેબજીને મળવા રાજકોટના ઉપાશ્રયમાં આવી. પિતાજીએ કહ્યું: 'આ આપણા ગુરુ મહારાજ છે. વંદન કરો.' નાદાન કન્યકાએ સામે પૂછ્યું: 'તો ગુરુ મહારાજ, તમે મારી માટે શું લાવ્યા?' સાહેબજીએ આજુબાજુમાં નજર ફેરવી. એક સુંદર ફૂમતાંવાળી નવકારવાળી નજરમાં આવી. સ્મિત સહ આપી. દિકરી તો માળા પામી એવી ખુશ થઇ કે ઠેકડાં મારતી ઘરે ગઇ.

થોડા દિવસ પછી ફરીથી પિતાજી એને લઇને ઉપાશ્રયમાં આવ્યા ને ફરિયાદના સૂરમાં કહે: 'સાહેબજી, તમે જે નવકારવાળી આપી તે માળા સમજીને ગળામાં પહેરી-પહેરીને ફર્યા કરે છે. કાંઇક સમજાવો આને.' સાહેબજીએ સ્નેહપૂર્વક કહ્યું: ''કાંઇ વાંધો નહીં. હવેથી તારે રોજ એકવાર એને ગળામાંથી કાઢી એના દરેક પારા ઉપર એક નવકાર ગણી લેવાનો. પછી ફરીથી ગળામાં પહેરી લેવાની.'' પછી શ્રાવક સામે જોઇને બોલ્યા: ''આ રીતે એ નવકારને એના હૃદયની પાસે રાખી રહી છે એમ સમજજો. ધીમે-ધીમે સમજશે એટલે પછી ગળામાં નહીં પહેરે.''

સાહેબજી સંગેની પૂ...રાં ૨૧ દિવસની રાજકોટની આ સ્થિરતામાં એવા તો આશીષ મેળવી લીધા શ્રી શશિકાંતભાઇએ કે ઈતર ધર્મનું ગમે તે વાંચન કરે, જૈનદર્શન પ્રમાણે પ્રમાણિત કરી સમાવતાર બનાવી જ દે તેઓ. સ્થિર પ્રજ્ઞાવાન શ્રાવક બની દર મહિને પંન્યાસજી મહારાજ જ્યાં હોય ત્યાં ગયા સતત પાંચ વર્ષ સુધી. શ્રી નવકાર મંત્રને તેમણે પણ પરોવી લીધો પોતાના પ્રત્યેક શ્વાસમાં અને સાહેબજીની અનુપ્રેક્ષાઓની ટપાલ વહેંચી તેમણે દેશ-પરદેશમાં સાત્ત્વિક ને તાત્ત્વિક વક્તવ્યોના માધ્યમથી.

રોજના ૧૦,૦૦૦ નવકાર ગણીને સાડા ત્રણ વર્ષમાં જ ૧ કરોડ નવકાર ગણી લેનાર શ્રી શશિકાંતભાઇએ અનેક સિદ્ધચક્ર પૂજનો જાહેરમાં ભણાવી કાયોત્સર્ગ ધ્યાનના ક્ષેત્રમાં પણ પછીથી બહુમૂલ્ય પ્રદાન કર્યું.

અહીંયા રાજકોટના રહેવાસ દરમ્યાન સાહેબજીએ સમજાવ્યું કે: ''યોગોદ્વહનના લાભો એ છે કે તેનાથી શરીરની અમુક ખામીઓને દૂર થવાનું કારણ મળે છે. વળી પૂર્વાચાર્યોની અવિચ્છિન્ન પરંપરાએ ચાલી આવતી ક્રિયાઓ જીવંત રહે ને એ દ્વારા મહાન શાસનના ગૂઢતમ રહસ્યોને પ્રાપ્ત કરવાની યોગ્યતા વધે છે. આત્માનુસંધાન જ્યારે કરવું હોય ત્યારે સાધકે સૌ પ્રથમ કલ્પના કરવી ઘટે આત્માની. પછી તેની ધારણા કરવી રહી. પછી જ્યારે એકધ્યાનથી ચિત્ત એકાકાર થઇ ધ્યાન થાય ત્યારે અનુભૂતિ થયા વિના રહે જ નહીં. એ અનુભૂતિ થાય જ્યારે પ્રતિમાને પત્થરની મૂર્તિ નહીં, પરંતુ સાક્ષાત્ ભગવાન માનીએ.

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે ભાષાવર્ગણાના શબ્દો જ્યારે કોઇના પણ મુખમાંથી બહાર નીકળે ત્યારે ૧૪ રાજલોકમાં ફરીને ૨૪ કલાકમાં તે અચૂક ત્યાં જ પાછા ફરે છે. પ્રભુની સામે કરાતું ચૈત્યવંદન એ આત્મશુદ્ધિ માટે અત્યંત ઉપયોગી બને એવી પાવક ક્રિયા છે ને ભાવપૂર્વકની કરાતી સામાયિક એ આત્માના ગુણમાં પ્રવેશ કરવા માટે જરૂરી છે. તેમાં સૌ પ્રથમ જે ઇરિયાવહી સૂત્ર બોલીએ તે આત્મસ્વરૂપ પામવા પૂર્વે સર્વ જીવોને ખમાવવા માટે છે. પ્રભુને જીવમાત્ર વ્હાલો છે. એકપણ જીવને હડસેલીને, તિરસ્કાર કે દુર્ભાવ કરીને પછી પ્રભુ પાસે જઇએ તો મૂર્તિ પાસે ગયા જેવું તો થાય, પરંતુ જીવંત પ્રભુતા તેમાં ન હોય. પ્રભુને કેવળજ્ઞાન થાય પછી જ્યારે વિશ્વવાત્સલ્યના સ્વામી પરમાત્મા બનીને પોતાના જ્ઞાનમાં જુએ કે જેના ઉપર મને અપાર વ્હાલ ઉભરાય છે તે આ સર્વ જીવો શું મારા જેવા જ છે? હું પણ શું એક સમયે તેઓ સર્વે જેવો જ અજ્ઞાની અને રાગ-દ્વેષમય જ હતો?

બસ, વિકાસ થવાની જ રાહ છે? તેથી આપણે પણ જલ્દી તેઓ જેવા વીતરાગી થઇએ તે માટે પ્રભુ ચરમ સમય સુધી રોજ ઉપદેશ સંભળાવી ધર્મ માર્ગે જવા પ્રેરે. આપણામાં રહેલા પરમાત્મ તત્ત્વને પ્રગટ કરવાની ચૈત્યવંદન જેવી અમૃત ક્રિયાઓ દર્શાવી તેમણે. જ્ઞાની ભગવંતો જેને અનુભવીને ગયા તે જ આત્માનુસંધાનનો સ્વાદ આપણે પણ ચાખી શકીએ તે માટે સમતા, નમ્રતા, સરળતા અને પ્રસન્નતા જેવા ગુણો આત્મસાત્ કરવા જ રહ્યા.''

યોગોદ્વહન પૂર્ણ થયા પછી પંન્યાસજી મહારાજ પોતાના પરિવાર સંગે નાના-નાના ક્ષેત્રોમાં ધર્મની પ્રભાવના કરવાની ભાવના સાથે રાજકોટથી નીકળી વાંકાનેર, મોરબી, હળવદ, ધ્રાંગધ્રા થઇને ઝીંઝુવાડા તરફ ગયા. ત્યાંના શ્રી કાંતિલાલ દેવચંદ વૈદ્ય ત્યારે ઘણાં પ્રસિદ્ધ. ભલભલાનાં દમ રોગને મટાડી દે. સાહેબજીના સમુહમાંના નાના મહારાજ શ્રી ધુરંધરવિજયજીને અવારનવાર દમ રોગનો હુમલો આવે તે તેમનાથી જોઇ શકાય નહીં. રણ પાર કરી ઝીંઝુવાડાથી ૧૫ કિ.મી. દૂર હતા ત્યારે પરિસ્થિતિ એવી થઇ કે તેઓ મેળે ચાલવા જ અસમર્થ. તેથી પહેલા તો આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજીના શિષ્ય મુનિશ્રી ચંદ્રપ્રભવિજયજીએ તેમને ખભે ઉપાડયા અને પછી તેમને સ્ટ્રેચર ઉપર મૂકીને ઝીંઝુવાડા પહોંચાડયા.

રોગમાં ફેર પડયો પછી ફરી સૌ શંખેશ્વરજી તીર્થ પધાર્યા. શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રશાંત પ્રતિમાજી સમક્ષ બેસી ફરીથી જાણે પાછલા બધા વર્ષોનું સાટું વાળતા હોય તેમ નિરાંતવે જીવે ભક્તિની રસલ્હાણ પીરસી. રોજ આંખો કે મન ન ધરાય પણ સમય ભરાઇ જાય તેથી પ્રભુ સામેથી ખસવું પડે. ત્યાં જ સંદેશ મળ્યો: 'પૂજ્ય દાદા ગુરુદેવ અસ્વસ્થ છે.' આ સૂણી તરત અમદાવાદ પ્રતિ પ્રયાણ કર્યું.

સાહેબજીએ આ સમગ્ર વિહારપંથે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીને સતત પ્રાર્થના કરવી ચાલુ રાખી અને આ ભાવમોક્ષપ્રદર્શક, પ્રતિસમયાવિસ્મરણીય એવા દાદાગુરુ આચાર્યદેવેશશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા શીઘ્ર સ્વસ્થ થઇ જાય અને પોતે ત્યાં જલ્દી સેવા-વૈયાવચ્ચ અર્થે પહોંચી શકે તેવું ઇચ્છયું. સાધનાના અનેક મનોરથથી છલોછલ આ હૃદય ભર્યું હતું ગુરુવર્યોએ જ. ધર્મનું બીજ પણ સિંચન કર્યું હતું પોતાનું તેઓએ જ. પોતાની પાત્રતાનું કારણ પણ હતા તેઓ જ. ઝડપથી વિહાર કરતા અમદાવાદ પહોંચ્યા જ્યારે તેઓ પૂજનીય દાદાગુરુ સમીપ, રાખી દીધું પોતાનું મસ્તક તેઓના ખોળામાં જ સીધું!

આનંદ લોકે, મંગલ લોકે... બિરાજે સત્યસુંદર !
હે સત્ય, હે સુંદર... આવો બિરાજો આનંદલોકમાં - મંગલ આલોકમાં !

ઝળઝળિયા સાથે, ગળગળા સાદે સાહેબજીએ પૂર્ણ સમર્પિત ભાવે સુખ-શાતા પૃચ્છા કરી.

ચરણરજ પોતાને માનતા એવા શિશુશિષ્યનું સંસારચક્રમાંથી પાર ઉતારી ચરમપદે સ્થાપી શકે તેવા હિતચિંતક એવા આ ગુરુ સાથેનું મિલન એક મહોત્સવ જ હતું જાણે!

અરિહંતે પ્રરૂપેલા ઉચ્ચ એવા મોક્ષમાર્ગનું આલંબન તેઓને આ ગુરુ દ્વારા જ મળેલું છે તેવી શ્રદ્ધા ધરાવનાર આ સવાયા શિષ્ય પોતાના દાદાગુરુની ઉચિત સેવા કરવા લાગ્યા. સહવર્તી મુનિવરો આ સમયે તેઓના 'આત્મસમદર્શિત્વ' અને 'પરમાત્મસમદર્શિત્વ'નાં ઉઘાડની અનુમોદના કરે.

આ બાજુ બેડામાં પાર્વતીબેનની દીક્ષાનો પ્રસંગ નજીક આવતો જતો હતો. પૂજ્ય પંન્યાસજી મહારાજનું સ્વાસ્થ્ય પણ ક્યારેક કથળી જતું. ઠીક-અઠીક તબિયતને કારણે એમણે એકવાર અહીં પૂજ્ય દાદાગુરુને પૂછી જ લીધું: ''ગુરુદેવ! આપને બિમારીમાં આમ મૂકીને જવા અને વળી મને પણ અવારનવાર અસ્વસ્થતા આવી જતી હોવાથી જો આપ કહો તો બીજા મહાત્માઓને બેડાની દીક્ષામાં નિશ્રા આપવા મોકલીએ. આપ એવી વ્યવસ્થા કરો કે મને આપની સમીપ રહેવા મળે અને દીક્ષાનો અવસર પણ સુંદર રીતે પાર પડે.'' દાદા ગુરુદેવે સસ્મિત ટૂંકો પ્રત્યુત્તર આપતા કહ્યું કે: 'આપણે સુશ્રાવક હિંમતભાઇને વચન આપેલું છે. તેઓ તમારી જ નિશ્રા ઈચ્છતા હોવાથી તમારે જ જવું આવશ્યક છે.'

કોઇ વિકલ્પ કે ઉહાપોહ ન થયો પૂજ્ય પંન્યાસજી મહારાજને મનની અંદર. ગુરુનું વચન 'તહત્તિ' કહીને સ્વીકારી ભારે હૃદયે મારવાડ તરફ જવા તૈયારી કરી તેમણે. ત્યાં જ બાપજી મહારાજના સમુદાયના પ્રશિષ્ય શ્રી સુમિત્રવિજયજીએ સાહેબજીને એક સપ્તાહ અથવા ઓછામાં ઓછા ૩ દિવસ હજુ અહીં રહી જઇને તેઓના સમાધિભાવને સુદઢ બનાવવા વિનંતી કરી. સમય ઓછો હતો. સાહેબજીએ કહ્યું:

''૩ દિવસનું કાર્ય ૩ કલાકમાં પતાવી દઉં તો તમને વાંધો નથી ને?'' અને ત્રણેક કલાકના એ સમાધિપ્રેરક વચનામૃતે ખરે જ ચમત્કાર કર્યો. તેઓના મનોહૃદયમાં જાદુઇ અસર થઇ. તેઓએ પછી સામેથી જ અનુમતિ આપતા કહ્યું કે: 'મારે જે મેળવવું હતું તે મળી ગયું છે. આજે મેળવેલો સમાધિભાવ આજીવન ટકી રહેશે તેવી શ્રદ્ધા છે મને. આપ હવે ખુશીથી મારવાડ તરફ સિધાવો.'

સંવત ૨૦૨૨ની શાશ્વતી ચૈત્રી ઓળીમાં સાહેબજી પાલનપુર મધ્યે ત્રણ-ચાર દિવસ નિશ્રા દેનાર હતા. આયોજક હતા 'શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ'. શાસનના શણગાર સમા અણગાર અહીં સ્વાનુભૂતિનો પ્રકાશ કરવા આવનાર હોવાથી અહીં સ્થિત પંન્યાસશ્રી અભયસાગરજી ગણિવરના શિષ્ય-પ્રશિષ્ય પરિવારના મહાત્માઓ સાથે પૂજ્યશ્રી હેમચંદ્રસાગરજી મહારાજ પણ તેમની કાગડોળે રાહ જોઇ રહ્યા હતા. પાલનપુરના ખોડા લીમડા ઉપાશ્રયે આ પાવન પ્રતિઘોષથી પ્રસન્ન થઇ ગયા દરેક. સાહેબજીની ભાષામાં ન આવેશ, ન ઉતાવળ. બસ, જાણે કલકલ નિનાદે વહેતું અધ્યાત્મ ઝરણ. નાના મહાત્માઓ, જે નવપદજીની અને શ્રી વર્ધમાન તપની સુદીર્ઘ ઓળીઓ કરી રહ્યા હતા, તેઓને સાહેબજીએ ઉર્મિપૂર્વક પ્રોત્સાહિત કર્યા. સંયમ આરાધના માટે મહાત્માઓને આજીવન થાય એવા જાપ પણ દર્શાવ્યા. ચોથે દિવસે વિદાયના સમય પૂર્વે આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ધ્યાનની ટૂંકી અને માર્મિક વ્યાખ્યાઓ બતાવી મોક્ષના આનંદનું વર્ણન કર્યું.

જ્યારે ઉપાશ્રયમાંથી વિહારાર્થે બહાર જવા નીકળ્યા તો અભિભૂત થયેલા અનેક મહાત્માઓ ખૂબ દૂર સુધી વળાવવા પણ ગયા. સાહેબજી જ્યાં જાય ત્યાં મંગલ વરતાવી દે.

વિહારમાં સાહેબજીને મનમાં વિચારો સ્ફૂર્યા:

'પૃથ્વી ઉપરના મારા જીવનનો ખરો હેતુ હોવો જોઇએ આધ્યાત્મિક વિકાસ. તે કાજે મારે આંતરિક રીતે વિચાર અને શબ્દરહિત બની રહેવું રહ્યું. અંદર સ્થિર બનું. ઉર્ધ્વ પ્રકાશ તરફ દષ્ટિવંત બનું. મારી આસપાસની વિશાળ ચૈતસિક ઊર્જા સહ એકત્વ કેળવું ને એકાગ્રતાથી સર્વ ભાવે આત્માર્પણ કરું તો શું પરિસરથી સત્યં, શિવમ્ અને સુંદરમ્‌નો પ્રવાહ મારી અંદર વહેતો નહીં ભાળી શકું?

આત્મા સર્વદા સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ દ્વારા દોષમુક્ત બને છે. એ શુભ્ર જ્યોતિર્મયી માર્ગ મને પણ મળો. દિવ્ય સત્યનું સામ્રાજ્ય જ્યાં પ્રવર્તે છે ત્યાંનો આરોહણ પથ મારી સામે પણ ઉઘડો. મારી અંતઃપ્રેરણા અને અંતઃપ્રજ્ઞા સુસ્થાપિત થાઓ. મારું જીવન હર પળ જીવંત ને ગતિશીલ રહો. પરમાત્મ તત્ત્વ સુધી પહોંચવા માટે જીવ માત્ર કાજે સ્નેહનો આવિર્ભાવ મારામાં પ્રગટ થાઓ.'

એ પછી ભવોદધિતારક પરમ મહામંત્ર નવકારના સ્મરણમાં રત બનેલ જૂથ લાંબો વિહાર કરી બેડા પહોંચ્યો ત્યારે ગામ આખું ય હિલ્લોળે ચડયું. સાહેબજીનું ભવ્ય સામૈયુ થયું. ગુરુની મહાઉપકારક નિશ્રામાં પાર્વતીબેન પ્રવજ્યા ગ્રહણ કરી બન્યા સાધ્વીશ્રી પ્રમુદિતાશ્રીજી. ૧૨ દિવસના ભવ્યાતિભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ સહીતના દીક્ષાના આ પ્રસંગ સાથે શાસનપ્રભાવનાપૂર્વક સાહેબજીના પ્રથમ શિષ્ય એવા પૂજ્ય મુનિવરશ્રી હર્ષવિજયજી મહારાજ સાહેબને પંન્યાસ પદવી પણ અપાઇ.

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मिलितं येन, तस्मै श्री गुरवे नमः ॥

"અહિંસા એ સક્રિય મૈત્રી છે. સંયમ સક્રિય વૈરાગ્ય છે. તપ એ સક્રિય અનાસક્તિ છે. કર્મયોગ એ ધારણામાં, ભક્તિયોગ એ ધ્યાનમાં ને જ્ઞાનયોગ એ સમાધિમાં સહાયક થાય તે માટે યોગમાં પ્રવૃત્ત થવું. તેથી યાદ રાખવું: योगः कर्मसु कौशलम् ।"

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૩ | અધ્યાત્મનું અક્ષયપાત્ર

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

પૂજ્ય સાહેબજીની નાજુક તબિયત જોતાં શ્રી સંઘે હવે બેડા ગામમાં જ ચાતુર્માસ કરવા સ્નેહાદરપૂર્વક આગ્રહ ર્ક્યો. સંવત ૨૦૨૨ (ઇ.સ.૧૯૬૬)માં ગુરુવર્યોની આજ્ઞા મળતા જ બેડા ગામમાં ચોમાસાની જય બોલાવાઇ. રૂપકડું-રળિયામણું ગામ. ઠંડીમાં થથરાવે ને ગરમીમાં ત્રાહિમામ્ બોલાવે અહીંની હવા. ને વળી વરસાદ સાથે તો અલપઝલપની જ મૈત્રી. આવા દુષમ કુદરતી વાતાવરણની ઝીંક ઝીલીને ઘડાયેલી મજબૂત મનવાળી ત્યાંની પ્રજા. ભાષા બહુધા રાજસ્થાની હિન્દી જ બોલાય. ૨૬ જાન્યુઆરી, ૧૯૬૫ના પ્રજાસત્તાક દિનથી હિન્દીને 'રાષ્ટ્રભાષા' તરીકે જાહેર કરાઇ.

બેડા જૈન સંઘ આરાધના પ્રિય અને દેવગુરુ ઉપરનો સદ્ભાવ પણ આભને આંબે તેવડો. બધા સંયુક્ત પરિવારોમાં હળીમળીને રહે. એમાં પંન્યાસજી મહારાજના આ ચાતુર્માસ થકી અનેક વિશિષ્ટ અનુષ્ઠાનો પણ થયા. આભ્યંતર-અંતરંગ સાધનામાં સાહેબજીએ સૌને આગળ વધારી તેમના વિનય ગુણના સંસ્કારોની જડ મજબૂત બનાવી.

અઢારમી સદીમાં જેમ અધ્યાત્મજ્ઞાની શ્રીમદ્ આનંદઘનજી ને મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મળ્યા તે પ્રસંગની ચર્ચા અધ્યાત્મજગતમાં આજે પણ થાય છે તેમ સાહેબજી ને આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર પ્રવર્તક મુનિપ્રવરશ્રી જંબૂવિજયજી મહારાજ મળે ત્યારે શ્રમણ જગતમાં તેની ચર્ચા થાય!

શ્રી જંબૂવિજયજી મિત્રભાવે પૂછે: 'ભાવ, ક્ષેત્ર, કાળ આશ્રયી ક્યારેક શાસ્ત્રાર્થમાં ફેર કરવો આવશ્યક બને ખરો?' ત્યારે સાહેબજી શાસ્ત્રોક્ત શ્લોકોના અર્થને શાસ્ત્રની મર્યાદા પ્રમાણે સમજાવે. સર્વે જુએ કે સાહેબજી ભાવાત્મક વાતો વિશે વિચારવિમર્શ કરે મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી સંગે અને શાસ્ત્રીય વાતો ખોલે મુનિરાજશ્રી જંબૂવિજયજી પાસે. ૧૪ જેટલી ભાષાઓના સુજ્ઞ જ્ઞાતા, બહુશ્રુત વિદ્વાન મુનિવરશ્રી જંબૂવિજયજીના પિતાગુરુદેવ પૂજ્ય મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ સંવત ૨૦૧૪માં કાળધર્મ પામતા સાહેબજીએ એકલા પડી ગયેલા આ મુનિવરના સંતપ્ત મનને શાતા વળે તે હેતુથી પોતાના બે શિષ્યોને બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેમની પાસે મોકલ્યા.

થોડા સમય પછી કાઠમંડુ – નેપાલમાં ઝવેરાતનો વ્યાપાર કરતા પ્રૌઢ વયનાં એક મુમુક્ષુ સાહેબજી પાસે દીક્ષા લેવાના ભાવથી આવ્યા. સાહેબજીએ તેમનું હિત ત્યાં વધુ સધાશે તેવી શ્રદ્ધા બેસાડી તેમને પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી પાસે મોકલ્યા. જ્યારે તે મુમુક્ષુની દીક્ષા પછીનું નૂતન નામ શ્રી દેવભદ્રવિજયજી જાહેર કરાયું ત્યારે રહસ્યોદ્ઘાટન થયું કે 'દેવ' એટલે શ્રી શંખેશ્વર દાદા અને 'ભદ્ર' એટલે પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ. તે બંનેની કૃપાથી જ તેઓને આ શિષ્યની પ્રાપ્તિ થઇ હતી. આમ મહારાષ્ટ્રના કલ્યાણ સમીપ મુરબાડ ગામના વતની એવા શિષ્ય મુનિશ્રી દેવભદ્રવિજયજી અપાવ્યા પછી આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજીએ તેઓના પાછળથી થયેલ વિનિત શિષ્યવર મુનિશ્રી પુંડરીકરત્નવિજયજીને અંગત રીતે પછીથી અનેકવાર કહેલું કે હું ન હોઉં ત્યારે ય પંન્યાસજી મહારાજના જૂથને જો તમારો કાંઇ ખપ પડે તો અવશ્ય બધા કામ પડતા મૂકીને દોડી જજો. તેમનો મારી ઉપર અનન્ય ઉપકાર છે. એ ઋણમાંથી આ ભવમાં તો હું કોઇ રીતે ય ઉઋણ થઇ શકું એમ નથી.

ચાતુર્માસ પછી ઉપધાન તપની આરાધના શા.ખીમચંદજી વરદીચંદજી પરિવાર તરફથી થઇ ત્યારે ૨૫૦ ભાગ્યશાળીઓને અસાધારણ દુર્લભ કોટિની સાધના કરાવવા બેડા સંઘ સુભાગ્યશાળી નિવડ્યો. સાહેબજીની અનુપ્રેક્ષાઓના હિમાલયમાંથી વાચનાગંગાનો અસ્ખલિત પ્રવાહ વહ્યો અહીં પણ. તેનાથી જ પ્રેરિત થઇ અહીંના શ્રાવકશ્રી નથમલજીએ કાયોત્સર્ગ મુદ્રામાં ૨૦ વર્ષ સુધી નિત્ય ૩૨૩ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો નિયમ ધારણ કર્યો, જેની સૌએ ભૂરી-ભૂરી અનુમોદના કરી.

ગચ્છાધિપતિ આચાર્યદેવેશશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી ત્યારે અમદાવાદમાં ને ઉંમર ૮૨ વર્ષની. ૪૦૦ સાધુઓ તેમની પાવક આગેવાનીમાં અધ્યાત્મ વિકાસ સાધે. સમુદાયમાં આચાર્યો ત્યારે ફક્ત ચાર. તેથી અંતેવાસી શ્રમણો એવં સંઘના આગેવાનો સંગે ચર્ચા-વિચારણા કરી એમણે આચાર્ય પદવી માટે અન્ય ચાર-પાંચ નામો વિચાર્યા. એમાં પ્રથમ નામ હતું પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનું. તેથી સાહેબજીના જ પરમ વિનીત ભક્ત હીરાભાઇને અમદાવાદના પાલડી વિસ્તારની અરુણ સોસાયટીના ઉપાશ્રયમાં બોલાવીને સમજાવ્યું કે: 'પંન્યાસજી મહારાજ જોગ એક પત્ર લખીને તમને આપી રહ્યો છું. આ વિશાળ સમુદાયની સાચવણ માટે ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેઓને આચાર્ય પદે સ્થાપિત કરવા માટે સંમતિ માંગતો એ પત્ર છે. તમે રાજસ્થાન જઇને વળતા જવાબમાં તેઓનો સંમતિસૂચક પત્ર લઇ આવો એટલે આચાર્ય પદવી પ્રદાન કરવાના અવસરની તિથિ આદિ નિર્ણિત કરી શકાય.' આચાર્ય પદવી ગ્રહણ કરવાના તેમના આજ્ઞાપત્રમાં તેમણે છેલ્લે લખેલું:

'ઝટ સાણંદ પહોંચો. તમારી ને અન્ય મહાત્માઓની આચાર્ય પદવી નક્કી કરી છે.'

એક વ્યક્તિ પાસે જ્યારે અમર્યાદ સત્યચેતનામય સામર્થ્ય હોય ત્યારે તેની મૌલિક ચિંતનધારાની ઉપલબ્ધિ આવા પદ અપાવવા ગુરુદેવોને સહજ રીતે પ્રેરે જ છે.

પ્રબુદ્ધ આત્માના ગુણસંકીર્તનનો આ પ્રતિધ્વનિ હતો. બેડા-લુણાવા વચ્ચે ૧૪ ઠાણા સંગે સાહેબજી વિહારમાં હતા. તેઓ પાસેથી ત્રણ જ દિવસમાં જવાબ લઇને પરત ફર્યા હીરાભાઇ. આગગાડીમાંથી ઉતરી સીધા અરુણ સોસાયટીમાં પૂજ્ય દાદાગુરુને પત્ર આપ્યો ત્યારે વાગ્યો હતો બપોરનો એક. ગચ્છાધિપતિશ્રી હજુ તો બપોરની ગોચરીથી પરવારીને પાટ ઉપર બિરાજમાન થયા કે હીરાભાઇ પત્ર આપી તરત ઉપડયા ઘેર! ઉત્સુકતાથી નિકટમાં બિરાજેલ યુવાન મુનિવર કીર્તિવિજયજીને કહ્યું કે:

'લે, આ ખોલીને વાંચ તો જોઉં' મુનિવરે પત્ર ખોલ્યો અને સલૂકાઇથી વાંચી ગયા. દાદાગુરુએ બંધ આંખે ને એકાગ્રતાથી પત્ર સાંભળ્યો તે છતાં કહ્યું: 'ફરી વાંચ તો એકવાર.' તેમણે પંન્યાસજી મહારાજનો જે જવાબી પત્ર ફરીવાર ધ્યાનથી સાંભળ્યો તેનો સાર કંઇક આવો હતો:

''આપનો કૃપા પત્ર મળ્યો. આપે સમુદાયની ભાવિ રક્ષા અર્થે જે વિચાર્યું હોય તે સુયોગ્ય જ હોય. આપ ખુશીથી અન્ય ચારે મહાત્માઓને આચાર્ય પદવી પ્રદાન કરો. મારી તેમાં હાર્દિક સંમતિ છે જ. પરંતુ જ્યાં સુધી મારા નામની વાત છે તો કહું કે મારી આ પદ સ્વીકારવાની બિલ્કુલ ઈચ્છા નથી.

આ પદ ખૂબ જ જવાબદારી ભર્યું છે. મને જે પંન્યાસ પદ આપે પૂર્વે આપ્યું છે તે પદને યોગ્ય મારું જીવન બને તો યે ઘણું. મને કેવળ 'મુનિ' શબ્દ વધારે પસંદ પડે છે. સંયમ જીવનની રક્ષા માટે જ હવે મારો સૌથી વધુ પ્રયાસ રહે તે યોગ્ય છે. पात्रमायान्ति संपदः ના ન્યાયે પાત્રતા વધવાની સાથે જ બાહ્ય સંપતિઓ તો આનુષંગિક રીતે આપોઆપ ખેંચાઇ જ આવતી હોય છે. આપે પૂર્વે પણ યોગ્યને પદવીઓ આપી જ છે અને આપના સમ્યક્ પ્રયત્નો થતા જ આવ્યા છે. પણ હવે અમારે કૃતજ્ઞ અને વિનીત મુનિવરોએ જ પોતાનો ભાગ ભજવવાનો રહે છે. માટે આપ મને હજુ આગળ વધવા દો.

ચતુર્વિધ સંઘમાં હિતકર રચનાત્મક કાર્યો થાય, મુનિરાજો પરસ્પર વાત્સલ્યવાળા બને અને પંચમહાવ્રતો ઉપરાંત સમિતિ-ગુપ્તિ રૂપી અષ્ટપ્રવચનમાતાના પાલનમાં સુસ્થિર બને તેવા કાર્યો તો આપ કરી જ રહ્યા છો. એ જ સમયની સાચી માંગ છે. આપ પૂજ્યોની કૃપાથી મને પ્રાપ્ત એવા આ મુનિપદ અને પંન્યાસ પદ જ એવા મહાન છે કે એના પરિપાલન દ્વારા સ્વ-પરનાં જીવનને કૃતાર્થ બનાવવા હું સતત પ્રયત્નશીલ રહું એવા અંતરના આશીર્વાદ સદા વરસાવતા રહેજો અને આપ નિ:સંકોચપણે આ અવસર યોજવા આગળ વધજો. અવિનય બદલ ક્ષમા માંગી આપને કોટિ-કોટિ વંદના કરું છું.''

ઉપરાઉપર બે વાર એકાગ્ર ચિત્તે પત્ર સાંભળ્યા પછી પૂજ્ય પ્રેમસૂરીદાદાએ ફક્ત એક જ વાક્ય કહ્યું:

'કીર્તિચંદ્ર, તમને થાય છે ને કે આમણે તો ના લખી, હવે? પરંતુ આચાર્ય પદવી સ્વીકારવા તો બધા જ તૈયાર હોય છે... પણ જ્યાં સુધી મારા સમુદાયમાં આચાર્ય પદવીને સામેથી જતી કરવા તૈયાર થાય એવા નિરપેક્ષ ને પ્રબુદ્ધ મુનિવરો છે ત્યાં સુધી આ સમુદાયનું ગૌરવ ટકી રહેવાનું જ છે.'

આવો સુદીર્ઘ ઉત્તર પત્રમાં વાંચી દાદાગુરુએ તો પોતાનો નિર્ણય ફેરબદલ કરેલ, પરંતુ સાહેબજીના ગુરુદેવ આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તરફથી ફરીથી આચાર્યપદને સ્વીકારવા અંગે પંન્યાસજી મહારાજ પાસે વાત મૂકાઇ. આ વેળાએ પણ તેમણે નિઃસ્પૃહતા અને નમ્રતા જ દાખવી.

આ એ જ ગુરુ મહારાજ હતા જેઓએ 'આચાર્ય' પદવી લેવાનો સાહેબજીએ ઇન્કાર કર્યો ત્યારે કહેલું:

'જો ભદ્રંકરવિજયજી આ પદવી ન લે, તો મારે બીજા કોઇને તે આપવી નથી. જેટલી આચાર્ય પદવી અમે નિર્ણિત કરી છે તે બધાને ગુરુ આજ્ઞાથી લેવી છે અને મારે આમને ધરાર દેવી જ છે તો તેઓ માનતા નથી!' પણ પંન્યાસજી મહારાજ મક્કમ જ હતા. બસ, એક જ વાક્ય કહે:

''આપ આશીર્વાદ આપો કે આ એક પદને વફાદાર રહી શકું.''

એ પછી તો ઘણા આચાર્યો પણ શિષ્ય ભાવે તેઓ સમીપ રહેવા આવીને સાહેબજીને વંદન કરે. પછીથી જ્યારે-જ્યારે પૂજ્ય પંન્યાસજી મહારાજથી નાના-મોટા જે કોઇ પૂજ્યોને આચાર્ય પદવી અપાઇ ત્યારે તે સર્વે પરત્વે અત્યંત બહુમાનનો ભાવ દર્શાવવામાં તેઓએ જરાય કમી રાખી નહીં. આ જ હતી સાહેબજીની મોટાઇ! બીજા ભક્તગણો પણ તેઓને ચોતરફથી આચાર્ય પદવીના સ્વીકાર માટે પ્રાર્થના કરતા રહ્યા, પરંતુ નિઃસ્પૃહમણિ, ઝંખનાવિહિન, આકાંક્ષારહિત આ નિષ્કામ જીવ તો 'પંન્યાસજી મહારાજ'ના નામે જ ઓળખાયા જગતભરમાં સર્વ કાળે.

એકવાર આ સમુદાયના વડીલે સ્વેચ્છાથી એક વસિયતનામુ બનાવ્યું જેમાં પોતાની ગેરહાજરીમાં ગચ્છાધિપતિ રૂપે પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરીજીને નીમ્યાં. ગુણીયલને જ નીમનાર દાદાગુરુને ઝંખનાવિહીન સાહેબજીની નિઃસ્પૃહતાનો ખ્યાલ હતો જ. વળી બીજા ૧૧ વિદ્વાન શ્રમણોની એક સમિતિ પણ પણ નીમવાનું સૂચવતા એ મરજીપત્રમાં લખ્યું કે:

'મહત્ત્વના વિષયોમાં કોઇ નિર્ણય લેવાતા પહેલા આ પુણ્યશાળી સભ્યો નિખાલસપણે નિષ્પક્ષ ઠરાવ કરી, ફેંસલો લે. વળી ક્યારેક જો એવું બને કે આ ૧૧ વિદ્વાન શ્રમણોમાં પણ શાસ્ત્ર આધારિત કોઇ મહત્વની બાબતમાં કદાચ મોટો મતભેદ થાય ત્યારે બે મહાત્માઓ જે નિર્ણય કરે તે અન્ય ૪૦૦ શ્રમણોએ માન્ય રાખવો. તે બે નામ છે: આચાર્યશ્રી હિમાંશુસૂરીશ્વરજી તથા પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ.' તેઓ બંનેની તટસ્થતા તથા જિનશાસન ને સમુદાયની હિતચિંતાથી ગચ્છાધિપતિશ્રીજી અવગત હતા. છેલ્લી કલમમાં પોતાની ઉદારતા અને શિષ્યોના આત્માની ચિંતાના પ્રતિબિંબરૂપે એમ ઉમેર્યું કે: 'ઉપરોક્ત વસિયતનામાના લખાણને મારી અંતરંગ ઈચ્છા માનવી. એ આજ્ઞા રૂપે લેવાની આવશ્યકતા નથી.' કદાચ આમ ના થાય તો પણ પોતાના શિષ્યોને ગુરુની આજ્ઞાભંગનો દોષ લાગે નહીં તે કારણે તેઓએ આમ લખેલ, પરંતુ અંતરંગ ઇચ્છા તો આમ જ હતી.

આવા મહાન દાદાગુરુના પ્રશિષ્ય જેમનું પુણ્યનામસ્મરણ થાય અને સૌના હૃદયાકાશમાં તત્ક્ષણ ઉજાસ-ઉજાસ પથરાઇ જાય, જેમનો ઘૂંટાયેલો અવાજ ઉઘડે ને શ્રોતાઓ આલોકિત થઇ જાય, જેમની સાદ્યંત અનુપ્રેક્ષાઓનું આકાશ પ્રકાશે અને સૌની પ્રસન્નતા નિતાંત ધન્યતામાં પરિણમી જાય એવા પંન્યાસજી મહારાજનું સંવત ૨૦૨૩ (ઇ.સ.૧૯૬૭)નું ચાતુર્માસ રાજસ્થાનના પાલી જિલ્લાના ફક્ત ૫,૦૦૦ની વસ્તીવાળા લુણાવા ગામમાં નિશ્ચિત થયું.

બાલી તેહસીલના ૧૧૧ ગ્રામ્ય વિસ્તારોમાંના એક એવા આ લુણાવા ગામમાં શ્રી આદિશ્વર જૈન દેરાસર, શ્રી પદ્મપ્રભુજી દેરાસર, શ્રી શાંતિનાથ જિનમંદિર, શ્રી વાસુપૂજ્યસ્વામી દાદાવાડી દેરાસર આદિ પ્રાચીન તીર્થો છે તે જોઇ મુનિવરોને આનંદ થયો. પૂજ્ય પંન્યાસજી મહારાજના આ અપ્રતિમ ચાતુર્માસના સમાચાર વાયુવેગે ફેલાઇ જતા આજુબાજુના ફાલના, રાની, નિમજ, સાદડી, સોજત, સુમેરપુર, તખતગઢ, નાડોલ વગેરે ગામોમાંથી પણ ભાવિકો વંદનાર્થે રોજે-રોજ આવવા માંડ્યા. નવકારનો જાપ અને નવપદનું ધ્યાન કરવાથી માનવ જન્મની સફળતા થાય છે તે સાંભળીને સૌના ચિત્તમાં આરાધના કરવાનો સંકલ્પ જાગી ઉઠ્યો. શારીરિક શુદ્ધિ, આહાર શુદ્ધિ, વ્યાપાર શુદ્ધિ, ભાવના શુદ્ધિ, કર્તવ્ય શુદ્ધિ આદિ કરીને પ્રમાદ છોડી ધર્મક્રિયાઓમાં પ્રવૃત્ત થવા લાગ્યા સૌએ.

દીવાળી આવી તે પૂર્વે પૂજ્ય સાહેબજી કહેતા સંભળાયા: ''જૂનું વર્ષ પૂરું થાય એટલે મનુષ્ય જન્મના આયુષ્યમાંથી ૩૬૦ જેટલા દિવસો ચાલ્યા ગયા! જે સુકૃત થયું તે અનુમોદનીય. જે દુષ્કૃત થયું તેટલું બધું ગર્હણીય થયું. એ સર્વ કૃત્યોને યાદ કરી નવા વર્ષમાં એવી રીતે પ્રવેશ કરવો કે જાણે સુકૃત્ય કરવાનો ભંડાર હવેના વર્ષમાં ફરીથી ખૂલી જ જશે! માનવ જીવન રૂપ અવસરની દરેક ક્ષણ પૂર્વે કરેલા ધર્મને જ કારણે મળી છે. તો હવે ધર્મ સિવાયની પ્રવૃત્તિમાં એક પણ ક્ષણ જો પસાર થાય તો ખોટું.

આપણા જીવન ઉપર આપણો નહીં, ધર્મનો જ અધિકાર છે. હવેની દરેક પળ ધર્મમય પસાર કરવાનો સંકલ્પ લઇને જ નવું વર્ષ શરુ કરવુ જોઇએ. અન્યથા ચિંતામણીને કાચ માટે કે કલ્પવૃક્ષને કાષ્ઠ માટે વેચ્યું જ ગણાય. નવ્ય વર્ષમાં શ્રાવકે દેવ-ગુરુની ભક્તિ વડે જે બળ મળે તેનો સદુપયોગ સ્વ-પર ઉભયનાં શ્રેયાર્થે જ કરવો જોઇએ.'' વળી નૂતન વર્ષે એક સંકલ્પ લેવા કહ્યું કે:

''વિધિપૂર્વક ૧ લાખ નવકાર ગણવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. તેનો અર્થ એ નથી કે ગણનાર દરેક તીર્થંકરો જ બને છે. પરંતુ તેનો અર્થ એ થાય કે એટલા નવકાર ગણવાથી સકળ જીવરાશિ સાથે તીર્થંકર સમ સ્નેહ પરિણામ બંધાય છે અને 'સવિ જીવ કરું શાસનરસી'ની સર્વોત્કૃષ્ટ ભાવનાના અધિકારી થવાય છે.આરાધનાની સામગ્રી ઉત્તરોત્તર અધિક મળે એવું શુભાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે. દ્વાદશાંગીનો સંક્ષિપ્ત સ્વાધ્યાય કર્યાનું ફળ પણ આમ રોજે ઓછામાં ઓછા ૧૦૦૦ નવકાર ગણવાથી મળે છે. જો આમ થાય તો જ હવે નવું વર્ષ સાચી રીતે જીવવાનો સંકલ્પ કર્યો ગણાય.''

આત્મવિકાસની સાધનાના સુમેરુશિખર ઉપર પહોંચેલા આ મહાન શ્રમણની આવી જાપની ક્રિયાલક્ષી દેશના સૌ શ્રોતાઓના પ્રાણ જગાવી દે તેમાં નવાઇ ન્હોતી.

મુંબઇમાં મુનિશ્રી કીર્તિકાંતવિજયજી સંગે રહેલા જયભદ્રવિજયજીને એકદા અશાતાના ઉદયે શરીરની પીડા આર્તધ્યાનનું કારણ બની. સાહેબજીએ કરુણાપૂર્વક સમજાવ્યું કે: ''આ અશાતાનું કારણ પૂર્વે આપણા જ આત્માએ કરેલા દુષ્કૃત્યોનું ફળ છે. બીજાને આપેલું કષ્ટ આજે વ્યાજ સહિત ચૂકવવાનો સમય આવ્યો છે. સ્વાર્થની સિદ્ધિ માટે આપણે અનેક જીવોનો કચ્ચરઘાણ કાઢ્યો છે, તે અન્યાયનું ફળ શિક્ષારૂપે હવે મળી રહ્યું છે. જો આપણે ત્યારે જ ભૂલોનો સ્વીકાર કરી ક્ષમાપના કરી લીધી હોત તો ધર્મસત્તા માફ પણ કરી શક્ત. પણ હવે એક મહામૂલ્યવાન દવા હજુ આપણી પાસે બચી છે:

રોજે ૧૦૮ વાર શ્રી ઈરિયાવહીય અને તસ્સઉત્તરી સૂત્રના જાપ કરી બીજા જીવોને પૂર્વે અજ્ઞાનથી અપાયેલા કષ્ટની માફી માંગવી એ નિરોગી થવાનું ઉત્તમ ઔષધ છે.

મહાકરુણાથી ભરેલા હૃદયે કરેલ આ જાપથી કષ્ટ ધીમે-ધીમે ખરી પડે છે. આત્મશાંતિનો અનુભવ થવા લાગે છે. કર્મ ખરતા જવાથી હળવાશ લાગે છે. પછી અશાતાનો ઉદય શાંતિથી ભોગવાઇ જાય છે.'' આમ પરમ જ્ઞાન, ભક્તિ ને શ્રદ્ધાજ્યોત જગાવી આવી દેશનાથી પીડા સહન કરનારની સાથે-સાથે અન્ય શ્રોતાઓ પણ ધન્ય બને. આપણું સુસૌભાગ્ય છે કે સૃષ્ટિમાં પૂજનીય પંન્યાસજી મહારાજ સમા મહાપુરુષોનો પ્રાદુર્ભાવ થતો રહે છે જેનાથી માનવજાતિનું મંગલ થાય છે. લુણાવાના વ્યાખ્યાનમાં એકવાર પંન્યાસજી મહારાજે મુંબઇમાં બનેલી ઘટના કહી:

''એક ધાર્મિક વૃત્તિવાળા શ્રાવકને ખરાબ સંગતથી જુગાર રમવાનું વ્યસન પડી ગયેલું. રોજેરોજ રમે પછી જ રાત્રે ઊંઘ આવે. મારી પાસે આવીને આમાંથી માર્ગ કાઢી દેવાની વિનંતી કરી. મેં કહ્યું: એક સરળ માર્ગ દેખાડું છું. દિવસમાં એકવાર રોજ ૧૦૮ નવકાર ગણવા. એ ગણતી વખતે ફક્ત એક ધ્યાન રાખવું. પળવાર પણ જુગારનો વિચાર ન કરવો. જો જુગારનો સ્હેજ પણ વિચાર આવે તો નવકારવાળી ફરીથી ગણવી. બસ, તારા માટે યોગ્ય ઉપાય આ જ છે. શ્રાવકને થયું: અરે વાહ, આ તો ખરેખર સહેલો ઉપાય છે. ધાર્મિક જીવન તો હતું જ અને ધર્મ પ્રત્યેની રૂચિ ને પ્રીતિ પણ હતી. તેથી એ તરત જ શક્ય બન્યું. હવે નવકાર ગણતા તેમણે જોયું કે જે વિચાર કરવાનો જ નથી તે જ વિચાર અને દ્રશ્ય અવારનવાર મગજ અને આંખ સામે આવીને ઉભા રહી જાય છે. બે-ત્રણ કલાક થયા પણ નવકારવાળી પૂરી જ ના થાય. તેમના શ્રાવિકા બે વાર તો ધીમેકથી આવીને જોઇ પણ ગયા કે શ્રાવક આટલી તલ્લીનતાથી કરે છે શું? શ્રાવક તો મૂંઝાઇને સાંજે પરત આવ્યા મારી પાસે અને કહે કે હવે કરવુ શું? આજે તો ૧૦ મિનિટમાં થવાવાળી નવકારવાળી ૪ કલાકે ય પૂરી ગણાઇ નથી! આથી મેં કહ્યું કે: નિયમ તો લેવાઇ જ ગયો છે. રોજ એક નવકારવાળી તો ગણવી જ પડશે.

હવે તો એક જ કામ થાય. જુગાર રમવું જ છોડી દો તો જ મગજમાંથી તેના વિચારો ચાલ્યા જશે અને ૧૦૮ નવકાર ગણતી વખતે તમને શુદ્ધ સંકલ્પ પાળ્યાનો સંતોષ થશે. તે ઘડી ને તે દિવસ! શ્રાવકનું જુગાર રમવું જ થઇ ગયું સા...વ બંધ. જીવન પરિવર્તન પામ્યું. જાપ ચાલુ થઇ ગયો. ધર્મના માર્ગે સડસડાટ વિકાસ થવા માંડયો. અને તેમના પરિવારજનો તો તેમનું આ વ્યસન છૂટી જવાથી ખૂબ-ખૂબ ખુશ થયા. પૈસા બચવા લાગ્યા અને ધર્મમાર્ગે વપરાવા લાગ્યા. પુણ્ય વધ્યું. યશ વધ્યો. ઘર ને સમાજમાં માન વધ્યું. સંતોષ વધ્યો. હવે જીવન જીવવા જેવું લાગ્યુ તેઓને.''

લુણાવાના જાગૃત ભાવિકોને આ મર્મસ્પર્શી વાત ગમી ગઇ. પોતાના વ્યસનો છોડવાના રાજમાર્ગ રૂપે રોજના ૧૦૮ નવકાર ગણવાના ચાલુ કર્યા. ધીમે-ધીમે અહીં પણ અનેકના વ્યસનો છૂટી ગયા.

સન્ ૧૯૦૪માં જન્મેલાં શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીનું જાન્યુઆરી, ૧૯૬૬માં નિધન થયું તે દૃષ્ટાંત ટાંકી પંન્યાસજી મહારાજે કહ્યું કે: ''દરેકનું મૃત્યુ સુનિશ્ચિત જ છે. આપણા માટે મૃત્યુ એક 'અતિથિ' સમ જ હોવું જોઇએ. તિથિ ખબર નથી તેની આવવાની, કિન્તુ આવે ત્યારે આવકારવાની આવડત તો કેળવવી જ રહી.'' કાર્યકારી વડાપ્રધાન ગુલઝારીલાલજી નંદા આવ્યા પછી ઈન્દિરા ગાંધીએ વડાપ્રધાન બનીને દેશનું સુકાન સંભાળી લીધું પરંતુ ગરીબી, અસમાનતા, જંગલ, જળ, બિનસાંપ્રદાયિકતા, વસ્તીવધારો, બેરોજગારી ઈત્યાદિ પ્રશ્નોના કડવા ઘૂંટડાઓનો અનુભવ કરવો પડયો તેઓને.

સંઘર્ષ, આંદોલનો, ભ્રષ્ટાચાર, વિદ્રોહ, જપ્તિ, ક્રાંતિ, ચળવળ વગેરેને સુલઝાવવા વડાપ્રધાન પદના પુણ્યોદય સાથે એને કઇ રીતે મૂલવાય તેની વાતો પણ સાહેબજીએ કરીને વૈરાગ્ય, અનાસક્તિ અને અપરિગ્રહના પાયા ઉપર ચણાઇ શકે તેવી ઉત્તમ જીવન ઇમારત ઉભી કરવા સૌને હિમાયત કરી.

લુણાવાની આ તાત્ત્વિક શબ્દસુધાવર્ષામાં ભીંજાઇ કોઇને ખ્યાલ પણ ન રહ્યો ને ચાતુર્માસની અવધિ પૂરી પણ થઇ ગઇ. તે પછી સુશ્રાવક શ્રી કસ્તુરચંદજી ભીખાજી તરફથી નિર્ણિત થવામાં જ હતું કે ઉપધાન તપ અહીં લુણાવામાં કરાવવા, ત્યાં જ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનો પત્ર આવ્યો:

'મારી તબિયત નરમ છે. મારી અંગત સમાધિ માટે તુરંત આવી જાવ.'

આથી ઉપધાન તપને મુલતવી રાખીને સહચર મુનિવરોના સાંન્નિધ્યમાં પૂજ્ય પંન્યાસજી મહારાજે ગુજરાતમાં ખંભાત તરફ ઝડપી વિહાર શરુ કરી દીધો. લુણાવાથી આબુ રોડ, હિંમતનગર, માણસા, ગાંધીનગર, અમદાવાદ, બારેજા, ખેડા, આણંદ, બોરસદ થઇને ખંભાત પહોંચવું એ સમયે જરા યે આસાન ન હતું. હજુ તો લુણાવાથી નીકળીને રાજસ્થાનના સરૂપગંજ સુધી જ પહોંચ્યા, ત્યાં તો સાહેબજીને પગમાં સોજા આવી ગયા. ચાલવું જ મુશ્કેલ બન્યું.

આબુ રોડથી ૨૦, સિરોહીથી દક્ષિણમાં ૪૫, નિતોડાજી તીર્થથી ૫ અને કિંવરલીથી ૧૭ કિ.મી. દૂર આવેલા આ ગામ સરૂપગંજથી જેવા સમાચાર પરમ દાદાગુરુને મળ્યા કે તરત જ આજ્ઞા થઇ: 'આવી તબિયત અને પરિસ્થિતિમાં તમારે ખેંચાઇને આવવાનું જ નથી. તમે એ તરફના ક્ષેત્રોમાં જ રહીને આરાધના કરો - કરાવો.' તેથી ધીમો સુધારો થતા જ પૂજ્યશ્રીએ સિરોહી પહોંચી થોડો આરામ કરી સ્વસ્થ થતા જ ફરી વિહાર શરુ કર્યો.

શ્રી નવપદ સમાજની વિનંતીથી સૌ મુનિવરો નાકોડાજી ગયા. ત્યાં સંવત ૨૦૨૪ (ઇ.સ.૧૯૬૮)ની ૪૦૦ તપસ્વીઓની શાશ્વતી ઓળીની પાવન આરાધના શા.મોહનલાલજી ભૂતાજી પરિવાર તરફથી અત્યંત ભાવપૂર્ણ રીતે થઇ. સાહેબજીએ નાકોડાજી પાર્શ્વનાથની ૫૮ સે.મી. ઊંચી શ્યામ પ્રતિમાજી સમક્ષ ધ્યાન કર્યું. ત્રીજી સદીમાં વીરસેન ને નાકોડસેન બે ભાઇઓએ આ દેરાસર બંધાવીને જૈનાચાર્યશ્રી સ્થુલિભદ્રસૂરીશ્વરજી પાસે આ જ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી. નાકોડાજીમાં તેરમી સદી સુધીમાં ઘણા આક્રમણો થયા હતા પણ જ્યારે આલમશાહે ઇ.સ.૧૨૮૦માં આ મૂર્તિ ધ્વસ્ત કરવા સૈન્ય મોકલ્યું તો સંઘે તેને કાલીદ્રહ ગામના ભંડકિયામાં છૂપાવી દીધી. પંદરમી સદીમાં ફરીથી દેરાસરજીનું નવનિર્માણ કરાવીને ઇ.સ.૧૪૨૯માં પરમ જૈનાચાર્યશ્રી કીર્તિરત્નસૂરીશ્વરજીના હસ્તે મૂળનાયકજીની પુનઃ પ્રતિષ્ઠાની સાથે શ્રી નાકોડાજી ભૈરવને પણ સંઘની રક્ષાર્થે પ્રતિષ્ઠિત કરાયા. મહાવીરસ્વામીજી, ઋષભદેવ તથા શાંતિનાથજીના નાના દેરાસરો અદ્દભૂત છે અહીં, તે જોઇ ત્યાં પણ સાહેબજીએ સુંદર આરાધના કરી.

પ્રકૃતિનું એક રહસ્યમયી પુરાણકાલીન ઐતિહાસિક નગર એટલે કર્ણાટકના હોસ્પેટથી ૧૦ માઇલ દૂર આવેલું હમ્પી. સહસ્રાબ્દીઓથી ચોતરફના ગોળાકાર પત્થરો સાક્ષી છે અહીંના આધ્યાત્મિક વારસાના.

તેના મંદિરોના કળાકૌશલ્યનો વૈભવ વિશ્વ વિખ્યાત છે. ધસમસતી તુંગભદ્રા નદી, પમ્પા સરોવર, શબરીની ગુફા, હેમકુટ પર્વત, માતંગ પર્વત વગેરે માટે જેમ રામાયણના કાળથી આ નગર પ્રખ્યાત છે, તેમ તે પરિચિત છે યોગીઓની સિદ્ધિ માટે પણ. આચાર્ય આનંદઘનસૂરીશ્વરજી આ હમ્પીના જ એક યોગીને જાણતા હતા. બંને યોગીઓ ટેલિપથી દ્વારા સંદેશા વ્યવહાર કરે.

તેમનો ઇ.સ.૧૯૬૮માં એક પત્ર મળ્યો: 'મારી ઉંમર ૯૪ વર્ષની થઇ છે. જવાના દિવસો નજીક છે. હવેથી યૌગિક વિષયક જે કાંઇ પ્રશ્નો હોય તે પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને પૂછવા. મારી જેમ જ એમની પાસેથી પણ સર્વ ખુલાસાઓ યોગ્ય રીતે તમને મળી જ જશે.' ને પત્ર વાંચીને આચાર્યશ્રીનું સાહેબજી પરત્વેનું માન ઔર વધી ગયું. ...ને આચાર્યશ્રીને સ્મૃતિવંત થઇ એક વાત! જૂનાગઢની ગુફામાં રીંછ જેવા વાળ સહિતના સાધુબાવાઓએ એકદા પોતાને ગુફામાં જતા અટકાવ્યા પણ પછી વાત થઇ ને જવા દીધા. પોતે તો ત્યાં એકલા રહી, અઠ્ઠમ કરી જાપ પૂર્ણ કર્યા. આ યોગીએ એકદા રાત્રે અર્ધનિદ્રામાં અર્પેલ ત્રણ મંત્રોનું અર્થઘટન પંન્યાસજી મહારાજે જ કરી આપેલ.

યૌગિક ને સામાન્ય સાધકો – બંનેને પોતાની કક્ષા પ્રમાણેનું માર્ગદર્શન આપે સાહેબજી. અહીંયા શ્રી ગઢસિવાના સંઘ વિનંતી કરવા પધાર્યો ને આવતા ચાતુર્માસની જય બોલાઇ. સંઘજનોના મનમયૂર શુભ ભાવનાથી નાચી ઊઠયા: 'હવે તો વાઘશે મંગલ તૂર!' એવી ભાવના ફેલાઇ ગઇ સૌને. સંઘ વિદાય થયો ગઢસિવાનાનો ને લાગી ગયો ચાતુર્માસ કરાવવાની તૈયારીમાં!

રાજસ્થાનના બાડમેર જિલ્લાના બાલોતરા ગામ નજીક ચારેબાજુ અરવલ્લીના પહાડોની વચ્ચે ખીણમાં વસેલું રમણીય ગામ એટલે ગઢસિવાના. પરમાર રાજપૂત રાજા ભોજના પુત્ર વીરનારાયણે આ ગામની રક્ષા માટે પહાડી ઉપર કિલ્લો પણ બંધાવેલો. ઇ.સ.૧૩૦૮માં દિલ્હીના સુલ્તાન અલ્લાદીન ખીલજીના સૈન્યે જ્યારે આ ગઢ જીતવા ચડાઇ કરી ત્યારે તેઓએ હારીને પાછા જવું પડેલું.

આવા સુંદર ગઢસિવાનામાં સંવત ૨૦૨૪ (ઇ.સ.૧૯૬૮)ના વૈશાખ વદ અગ્યારસની રાત્રે નિદ્રામાં સાહેબજીના મુખેથી એકાએક જ મોટેથી ચીસ નીકળી. તે સાંભળી સંથારામય સર્વે મુનિઓ જાગીને અંધકારમાં ફફડી ઊઠયા! સૌ ઉભા થઇને ચોમેર વીંટાળાઇ વળ્યાં. મહાત્માઓએ ચિંતાગ્રસ્ત એવા પંન્યાસજી મહારાજને વાંસે હાથ ફેરવી ધીમેકથી પૂછ્યું: 'શું થયું? આવી અસામાન્ય ચીસ પાડવાનું કારણ શું? સાહેબજી, કંઇ થાય છે? શરીરે તો સ્વાસ્થ્ય છે ને?' સાહેબજી સ્વસ્થ થઇને પછી બોલ્યા:

''એક ભયંકર આકૃતિવાળો રાક્ષસ મેં જોયો. તે કંઇક પોતાના હાથમાં ઉપાડીને ઝડપથી ચાલ્યો ગયો. આ દ્રશ્ય જોઇને ચીસ પડી ગઇ.''

મહાત્માઓ આશ્ચર્યમાં પડી વિચારવા લાગ્યા કે આ દ્રશ્યનો અર્થ શો હશે? કોઇ નિર્ણય ઉપર આવી શકાયું નહીં. પરંતુ ત્યાં જ સવારે આઠેક વાગે સમાચાર મળ્યા કે સૌના પરમોપકારી ધર્મદાતા વાત્સલ્યઉદધિ દાદાગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા આગલી રાત્રે જ નવકારનું સ્મરણ કરતા કાળધર્મ પામેલ.

અહો-અહો! સાહેબજી અને દાદાગુરુદેવ વચ્ચે કેવું સાંમજસ્ય હશે કે આ દેહોત્સર્ગનો સંકેત તેમને એ જ સમયે થઇ ગયો! સમાચાર મળતાં જ સૌ બે પળ તો અવાચક થઇ જ ગયા! પ્રભુની અનુગ્રહ શક્તિના પ્રભાવથી સર્વકાળના સર્વ ભવ્યજીવોના ચૈતન્ય સાગરમાં ખળભળાટ થાય તો શુભ નિમિત્તને કારણે તે ફરીથી આત્મસ્થ થઇ શકે! દાદાગુરુની અનેક સ્મૃતિઓની વચ્ચે વાસ્તવિક્તા સ્વીકારી દેવવંદનાદિ કાર્ય નિમિત્તે ધર્મના શરણે શાતા પામવાનો સૌએ પ્રયત્ન કર્યો.

રાત સમસમ વહેતી હતી. સૃષ્ટિના શાશ્વત સત્યો ઉભરાતાં હતા સાહેબજીના મનમાં: 'જ્યાં અવલંબન છે ત્યાં અવકાશ નથી. જ્યાં અવકાશ નથી ત્યાં આનંદનો પણ અભાવ છે. સાચું સુખ ભરવામાં નહીં – ખાલી કરવામાં છે. આ સત્યો મળ્યા મને દાદાગુરુ સમીપથી.'

સંવત ૨૦૨૪ (ઇ.સ.૧૯૬૮)નું ચાતુર્માસ. એક તો ગઢસિવાના ગામ શાંતિપ્રિય ને લોકો પણ ભાવિક. ધર્મ આરાધના ઘણી ગમે. સંત સંગત ઓછી થાયે તેથી આવા મહાન ગણિજી પધાર્યાનો આનંદ સૌને અનેકગણો. પ્રાકૃતિક રીતે સોહામણું સ્થાન હોવાથી હવા-પાણી માફક આવતા સાહેબજીનું સ્વાસ્થ્ય પણ અહીં સુધર્યું. તેમની સાધનામાં અટકાવ આવ્યો નહીં. જો કે શરીરથી ભલે તેઓ અહીં હતા - મન તો દાદાગુરુના સ્મરણમાં જ પરોવાયેલું. નદીમાં જેને નાંખો અને પાણી બે ભાગમાં વહેંચાઇ જાય તે 'જળકાંતરત્ન' છે. તડકામાં જેને મૂકો અને અગ્નિ નીકળવા લાગે તે 'સૂર્યકાન્તમણિ' છે. લોઢાને જેને સ્પર્શ કરાવો અને સુવર્ણ થઇ જાય તે 'પારસમણિ' છે પણ દાદાગુરુનું નામસ્મરણ તો એવો 'ચિંતામણી' છે જે ધારણા મુજબ દરેક કાર્યો પાર પાડે છે એમ સાહેબજીને ઘણીવાર અનુભૂતિ થયેલી.

અહીંયા એકદા અધ્યાત્મયોગી સાહેબજી પાસે એક શ્રાવકે પોતાના વ્યવસાયાદિની ઘણી વાતો કર્યા પછી અંતમાં કહ્યું: 'સાહેબ, મેં ઘરમાં સોના-ચાંદીનો સારો એવો સંગ્રહ કરી રાખ્યો છે. જેથી ભવિષ્યમાં આપત્તિ આવે તો પરિવારને જરા ય તકલીફ ના પડે.' ત્યારે અચંબિત થયેલા સાહેબજીએ તેઓને સુંદર સૂચન કર્યું: ''આમ કરીને તો તમારા આંતરમનમાં અંકિત થયેલી વાતને કારણે અનાગતમાં આવનારી આપત્તિને તમે સામેથી જ આમંત્રણ આપી રહ્યા છો. તમે હવે એક કામ કરો. ભાવિમાં કોઇ સુંદર સુકૃત કરી શકું તે અર્થે આ ધનનો સંગ્રહ કર્યો છે એમ વિચારો ને અવસર આવતા જ હું તેનો સદુપયોગ કરીશ.'' ખરે જ દ્રષ્ટિકોણ બદલાતા તેઓના જીવનમાં સુકૃતની પરંપરા સર્જાઇ.

મરુભૂમિ લુણાવા નિવાસી શ્રી કસ્તુરચંદભાઇ ભીખાજીને સાહેબજીની નિશ્રામાં ઉપધાન કરાવવાનું મન જે લુણાવાના ચાતુર્માસ સમયથી જ હતું, તેઓનું એ મુલતવી રાખેલ અનુષ્ઠાન કરાવવાની વિનંતી સાથે તેઓ સપરિવાર સાહેબજી પાસે ગઢસિવાના પધાર્યા. ઉપધાનની સાથે હાલાર પ્રદેશના ૧૦૦ આયંબીલની ઓળી પૂર્ણ કરનાર મહાતપસ્વી તથા ધાર્મિક શિક્ષકશ્રી જયંતિભાઇની પારમેશ્વરી પ્રવજ્યા પણ લુણાવા ગામમાં પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં થાય તેવી પણ ભાવભરી વિનંતી થઇ. આથી ગઢસિવાનાનું ચાતુર્માસ પૂર્ણ થતા વિહાર કરી ફરીથી માગશર સુદ અગિયારસે લુણાવા પધાર્યા.

સાહેબજી તો પરમ વત્સલ, સુખદાયક, અવિકારી મુક્તિસાધક આત્મા. તેમની વ્યાખ્યાન વાણીમાં ક્યારેય કોરા શબ્દો નહીં, આત્મસ્પર્શી મહાનાદ હોય. તેથી વિશ્વવિષયક મૈત્રી અને પરમેષ્ઠી વિષયક ભક્તિ સૌ કોઇ શ્રોતામાં એવી તો જન્માવે કે ભવોભવની વ્યાકુળતા જાણે પ્રશાંત બની જાય. એ જિનવચન રસાયણ વડે સૌનો મોક્ષ પુરુષાર્થ પુષ્ટ બનતો જાય!

અને... એવું જ બન્યું હતુ હાલારના આ જયંતિભાઇ સાથે. તેઓને સમજાયું હતું કે મનુષ્ય ભવ જ એક એવું અનન્ય સાધન છે, જેનાથી મોક્ષ પુરુષાર્થ પુષ્ટ થાય. તેથી આ ભવને સુકાર્ય કર્યા વિના એળે જવા દેવાનું તેઓને મંજૂર ન હતું. પોતે એ પુરુષાર્થ કરવા સાથે વળી સૌને જોડે તો ખરા જ.





બાડમેર જિલ્લામાં અરવલ્લીના પહાડોની વચ્ચે ખીણમાં વસેલું રમણીય ગામ એટલે ગઢસિવાના. પૂજ્ય પંન્યાસજી મહારાજનું ઈ.સ.૧૯૬૮નું ચાતુર્માસ શાંતિપ્રિય લોકોના આ ગામમાં નિર્ણિત થયું.

પરમાર રાજપૂત રાજાભોજના પુત્ર વીરનારાયણે ગામની રક્ષા માટે પહાડી ઉપર કિલ્લો બંધાવેલ. પારસમણિ એવા સાહેબજીનું નામસ્મરણ તો એવો કલ્પતરુ લાગ્યો સૌ શ્રીસંઘજનોને કે ચિંતવેલા દરેક કાર્યો પાર પડે જ.

મનને શુભ્ર ભાવોમાં ભાવિત કરી પવિત્ર રાખવાના નિશ્ચય સંગે તેઓ અહીં લુણાવામાં પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની નિશ્રામાં માગશર સુદ છઠ, સંવત ૨૦૨૫ના દિને દીક્ષા લઇને તપસ્વી મુનિશ્રી મહાભદ્રવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી જયંતભદ્રવિજયજી બની સમુદાયમાં ભળી ગયા.

સાહેબજી શિષ્ય બનાવવાની વાતે પણ નિર્લેપ. તેઓ સમીપ જે કોઇ દીક્ષા લઇ શિષ્ય બનવાની ઈચ્છા જણાવે તો તેઓને સમજાવીને અન્ય કોઇ યોગ્ય ગુરુ પાસે જ દીક્ષા લેવાની ભલામણ કરે. ઘણા મુમુક્ષુઓ એ જ રીતે યોગ્ય સ્થળે અન્ય સમુદાયમાં અથવા તેઓના જ સમુદાયમાં પરંતુ અન્ય મહાત્મા પાસે દીક્ષા લઇ આરાધના મગ્ન બન્યા હતા.

ગુજરાતના કડી પાસેના રાજપુરના નાથાભાઇ, જેઓ આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજી તથા બાપજી મહારાજના શિષ્ય મુનિશ્રી સુમિત્રવિજયજી મહારાજના સંપર્કથી ધર્મ પામેલા, તેઓએ પાછળથી પંન્યાસજી મહારાજના સંસર્ગથી પ્રભાવિત થઇ દીક્ષાની ભાવના વ્યક્ત કરી. પરંતુ સાહેબજીએ તો તેમના પરમોપકારી આચાર્યપ્રવર પાસે જ સંયમ લેવા તેઓને સમજાવ્યા. નાથાભાઇ તો સાહેબજીના શ્રમણ પરિવારમાંથી ગમે તે મહાત્માના શિષ્ય બનવા તૈયાર થયા, પરંતુ સાહેબજીએ મચક ન આપી. આખરે તેમણે આ આજ્ઞા સ્વીકારીને ત્યાં જ દીક્ષા ગ્રહણ કરી. ક્વચિત્ પોતાની જ દેશનાથી કોઇ મુમુક્ષુ દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે પણ તેને પોતાના પરિવારમાંથી અન્ય યોગ્ય મહાત્માના શિષ્ય બનાવે, પણ સાહેબજી પોતાના શિષ્ય બનાવવાની વૃત્તિ જરા પણ સેવે નહીં.

સંવત ૨૦૨૫ (ઇ.સ.૧૯૬૮) લુણાવામાં દીક્ષા સંપન્ન થયા પશ્ચાત્ હવે ઉપધાન તપ મંડાયો. ૪૦૦ સાધકો જોડાયા, જે ખૂબ જ મોટી સંખ્યા ગણાઇ. આ અવસરે પૂજ્ય પંન્યાસશ્રી મુક્તિવિજયજી ગણિવર્ય પણ અહીં સપરિવાર પધાર્યા. તેમની સાથેની જ્ઞાનગોષ્ઠિમાં દિવસો વીતી ગયા. આનંદમય વાતાવરણમાં શ્રુતઘોષણા ઝીલાતી ગઇ. સાધકોની એટલા દિવસની દેશવિરતિ આરાધના અપૂર્વ રીતે થઇ. આ પ્રસંગે નિત્ય એક મુનિવર સાહેબજીને વંદન કરવા આવી થોડીવાર બેસે. એકદા સાહેબજીએ તેમને પૂછ્યું: ''હાલમાં શેનો અભ્યાસ ચાલે છે?'' મુનિવરે વિવેકપૂર્ણ અવાજે કહ્યું: 'જ્ઞાનસાર પાકું કરું છું.' સાહેબજીએ બીજો પ્રશ્ન કર્યો: ''યોગશાસ્ત્ર કડકડાટ આવડે છે ને?'' મુનિશ્રીએ ધીમા સ્મિત સહ કહ્યું: 'સાહેબજી, યોગશાસ્ત્ર તો કર્યું જ નથી મેં, પછી મોઢે ચાલવાની તો વાત જ ક્યાં આવે?' આ સાંભળી આ વાત્સલ્યવારિધિએ મીઠાશથી કહ્યું:

''ગાંડા ભાઇ! જ્ઞાનસાર શીખી લીધું ને યોગશાસ્ત્ર બાકી છે? યોગશાસ્ત્ર વ્યવહારપ્રધાન ને જ્ઞાનસાર નિશ્ચયપ્રધાન છે. જ્ઞાનસાર તો ઉપાધ્યાયશ્રી યશોવિજયજીએ જીવન આખું જીવીને એનો સાર ઠાલવવા રચેલો છેલ્લો ગ્રંથ ગણાય. સાધુ જીવનનો કક્કો-બારખડી તો યોગશાસ્ત્રમાં જ છે. તું તો ખરો ભાગ્યશાળી કે છેલ્લો ગ્રંથ તારા હાથમાં સૌ પહેલા આવી ગયો!''

એ મુનિવર એટલે મુનિરાજશ્રી મુક્તિપ્રભવિજયજી મહારાજ. તેમને આટલી વાત સાંભળીને જ એટલી તો ચાનક ચડી કે તરત જ તે ગ્રંથ મેળવી લઇ બીજા દિવસથી જ પંન્યાસજી મહારાજ પાસે ગાથા લઇ કંઠસ્થ કરવાનું શરુ કરી દીધું. જિજ્ઞાસુ અને શરણગમન સ્નેહીને સદા સાચો રાહ જડી જ જાય છે. પાત્રતા હોય તેને પૂજ્યોના અનુભવોનો અને શાસ્ત્રજ્ઞાનનો લાભ મળી જ રહે છે.

એકવાર વાગડના ભાઇ દર્શને આવ્યા. હાજર રહેલા અન્ય ભાઇને સાહેબજીએ પૂછ્યું: ''ક્યાંના છે આ ભાઇ? ઘણા દિવસે આજે પાઘડી જોઇ.'' જવાબ મળ્યો: 'કચ્છના મનફરા ગામના છે. આપના વંદનાર્થે પધાર્યા છે.' સાહેબજી બોલ્યા:

''પાઘડી જોઇને મારી વિવેકદ્રષ્ટિ એમ કહે છે કે આ જીવનનો પા-ઘડીનો પણ ભરોસો કરવા જેવો નથી. વર્તમાનની ક્ષણ એ જ આપણી. આવતી બીજી પળે શું થશે તે ખબર નથી. હંમેશ શુભ ભાવનામાં જ રહેવું અને સદ્‌ધર્મ કરી લેવો, આજ-આજ ભાઇ અત્યારે!''

दानं दरिद्रनाशाय, शीलं दुर्गतिनाशनम् ।<br>
तपः कर्मविनाशाय, भावना भवनाशिनी ॥

દાન કરવાથી ગરીબાઇનો, શીલ પાળવાથી દુર્ગતિનો, તપ કરવાથી<br>
કર્મોનો અને શુભ ભાવનાથી તો ભવભ્રમણનો જ નાશ થાય છે.

ત્યાં જ મહોત્સવમાં એક તસ્વીરકારે સાહેબજીનો ફોટો પાડવા આવી સૂચન કર્યું કે: 'આ બારી પાસે પ્રકાશમાં આવીને પેલી બાજુ જોતાં બરાબર બેસો.' જેઓને પોતાના નામ-રૂપમાં રતીભાર પણ રસ ન હતો તેઓએ સસ્મિત જવાબ આપ્યો: ''તમે કહો તેમ કરવું કે પછી ભગવાન કહે તેમ? આ શરીરનો હું ટ્રસ્ટી છું. એ મારી ધર્મ કમાણીનું સાધનમાત્ર છે. તેને શણગારી-ગોઠવીને બેસું? પંચમહાભૂતમાંથી બનેલ ને તેમાં જ અંતે મળી જનાર આ શરીરનો મોહ શાને રાખવો? માટે ભાઇ, તમે બીજે જાઓ.''

સાહેબજી આટલા ઊંચા સ્તરે પહોંચ્યા પછી પણ ક્યારેક વિચારે કે: 'જ્યારે કોઇ વસ્તુ સાચી હોય ત્યારે એનાથી વિરુદ્ધની વસ્તુ પણ સાચી હોઇ શકે છે તેની પ્રતીતિ સાથે પ્રવેશતા પ્રતિકારને હું ક્યારે નકારી શકીશ? જે ચૈતન્યમાં જૂઠાણાંના ઈન્કારનો સ્વીકાર છે તેમાં અતિમનસ અવતરિતના થઇ શકે તે સમજીને હું ક્યારથી આજીવન અશબ્દ બની શકીશ? દેવ-ગુરુની કૃપાના બળે મનુષ્યમાત્રમાં રહેલ કામનાઓ, મિથ્યાભિમાન, ગમા-અણગમાઓની આળપંપાળ ન પોષવા માટે હું સદા સજાગ તો રહીશ ને? ધ્યાનની ક્રિયા એ મુજ આંતર-નિરીક્ષણ માટે છે. એ જ મને દોરશે. મારી અંદર કાર્ય કરતો રહીશ તો મુક્તિ મળશે જ.' આ અનુપ્રેક્ષાઓ તેઓ શિષ્યવર્તુળમાં વહેંચે ત્યારે સૌને આશ્ચર્ય થાય ને વિચાર આવે કે સાહેબજીની વિચારશક્તિ અને નમ્રતા અસીમ છે.

જળને વીછળવાનું કે અજવાસને ઉટકવાનું ક્યાં આવશ્યક હોય છે? સાહેબજી અંતરંગ મોજનાં મંજીરાનાં આંતર રણકામાં નવકારમય હોય ત્યારે તેઓના ઉર્ધ્વારોહણને નિવાપાંજલી કરી તે ચૈતન્યને પોતાનામાં સ્થાનાંતરિત કરી દેવાનું જોનારને મન થઇ જાય. સાહેબજીના અભિરામ વાર્ધક્યની ઝાંખી મેળવવા પરંપરાગામી ભાવિકો ઉપરાંત વીસમી સદીના નવયુવકો પણ એકસરખા ઉત્સુક દેખાય. શુદ્ધસ્વરૂપી આ આતમચેતનાની લિપિ ઉકેલવી એટલે જાણે એક નાના શંખમાંથી વિરાટ દરિયાનો અવાજ સાંભળી લેવો! તેઓની અનાહૂત સહાય હાજરાહજુર હોય તેવું તેઓના દરેક શ્રાવક ભક્તોને લાગે. જેની જેવી પ્રજ્ઞા અને સમજ તેવી તેઓને અપાય શીખ તેવું સૌ અનુભવે. અહીં હિતશિક્ષા આપતા સાહેબજીએ ઉત્કંઠીત શ્રોતાઓને કહ્યું કે:

૧. બીજાનું કાર્ય આવે ત્યારે પોતાનું કાર્ય ગૌણ બનાવવું.
૨. બીજાની ઈચ્છા સંતોષવા માટે પોતે સદા સજ્જ રહેવું.
૩. કોઇ પૂછવા આવે ત્યારે તેને ઉત્તર આપ્યા સિવાય રહેવું નહીં.
૪. બીજાની તત્પરતા કે અભિરૂચિ ન હોય ત્યારે સ્વકાર્યમાં મશગૂલ રહેવું.
૫. હવે પછી શું કાર્ય કરવાનું છે તેની યોજના, વિચારણા પહેલેથી કદી કરવી નહીં.
૬. જે કાર્ય જે સમયે દૈવયોગે સામે આવી પડે તે જ સર્વશ્રેષ્ઠ માનીને તેને બજાવવું.
૭. દુનિયામાં જે થઇ રહ્યું છે તે કાર્ય-કારણ અનુસારે યોગ્ય જ થઇ રહ્યું છે એમ વિચારવું.
૮. આપણી ઇચ્છા મુજબ દુનિયાને ચલાવવાનો વિચાર કરવા કરતા દુનિયા જેવી રીતે ચાલે છે તે રીતે ચાલવા દઇ આપણો ફાળો આપણને છાજે તે રીતે તેમાં આપવો.

गुरुनिष्ठा परं तपः ।

ગુરુની આજ્ઞા એ પરમ તપ છે.

“મોક્ષમાર્ગની ગહન આરાધનાર્થે સુખેથી ગ્રહણ કરેલ સાધુ જીવન એટલે સારું, સુંદર, ઉત્તમ અને પવિત્ર જીવન. ગુરુકુળવાસમાં વસતા મુનિએ અન્ય મુનિજનો પાસેથી જ્ઞાનસાર સુગ્રહણ કરવાની વૃત્તિ પોષવી તે ખરો મુનિધર્મ છે.”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૪ | કૃતજ્ઞતાની કેડીએ...

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના સાંન્નિધ્યની દિવ્ય પળો માણી હતી અનેક વિશિષ્ટ સુશ્રાવકોએ. એમાંના એક હતા શ્રી બાબુભાઇ કડીવાળા. સોળ વર્ષનું સાયુજ્ય હતું તેઓનું. સાહેબજીને વર્તમાન સમયના 'આનંદઘન'ની ઉપમા આપે તેઓ. નવકાર મહામંત્ર, શ્રીપાળ-મયણાના આધ્યાત્મિક જીવન રહસ્યો, સાલંબન ધ્યાનના ૩૪ પ્રયોગો તથા આત્મસાક્ષાત્કારની અનુભવ પ્રક્રિયાની અચિંત્ય શક્તિનો પરિચય તેઓને પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસેથી જ પ્રાપ્ત થયેલો. શ્રી સિદ્ધચક્રનું મહાપૂજન તેઓ વાજિંત્રોના સાથમાં ને અનેકવિધ રાગ-રાગિણીઓપૂર્વક ભણાવે ત્યારે પૂજન ભણાવનાર યજમાન પરિવાર ઉપરાંત સંઘજનો ભક્તિભાવમાં ડૂબી જઇને પાંચ કલાકો સુધી અડોલ રહી સિદ્ધચક્રજીના ધ્યાનમાં રમમાણ થાય.

નવસારીમાં રહેતા એવા આ અજોડ સાધક બાબુભાઇ એકવાર પોતાના કલ્યાણમિત્ર તથા મુંબઇ સ્થિત વેવાઇ શ્રી સી.કે.મહેતાને પંન્યાસજી મહારાજના પાવન દર્શનાર્થે લઇ આવ્યા. આત્માના અનુભવનો કો' દિવ્ય પ્રકાશ પૂજ્ય સાહેબજીની વાણીમાં ધબકતો જોયો આ મોટા ઉદ્યોગપતિએ. નવકારનો જપ અને આયંબીલનો તપ તેમને પણ ખૂબ ગમી ગયા. તેથી તેઓનું આવાગમન ચાલુ રહ્યું.

શ્રી નવપદજીની ઓળીના ૯ દિવસમાં પ્રથમ દિવસે અરિહંત પદનું આરાધન હોય. તેઓનો શ્વેતવર્ણ કેવો હોય તે ખૂબ ઊંડાણમાં સમજાવવા સાહેબજી કહે: ''અરિહંતો શ્વેત મોતીની માળા, પૂનમનો ચંદ્ર, વૈતાઢ્ય પર્વત, ક્ષીર સમુદ્રનું ફીણ, સ્ફટિક રત્ન, નિર્મળ સિદ્ધશિલા, શ્વેત છત્ર, ઐરાવત ગજેન્દ્ર, દેવદુષ્ય વસ્ત્ર, દક્ષિણાવર્ત શંખ, કામધેનુ ગાયનું દૂધ અને મચકુંદના ફૂલ જેવા સફેદ હોય છે.''

એવા જ ઊંડાણપૂર્વક નવેપદોનો મહિમા પણ સમજાવે સાહેબજી... ને તપસ્વીઓ ધન્યતા અનુભવે! છેલ્લા બે-ત્રણ વર્ષથી ઓળીઓમાં સાહેબજીની નિશ્રામાં આરાધના કરવા આવતા આ અસામાન્ય ઉદ્યોગપતિ શ્રાવકશ્રી સી.કે.મહેતાને સૌ નાના ગામમાં એકલા રહીને આયંબીલ, સ્વાધ્યાય, પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ કે પૌષધની મૂક ક્રિયાઓમાં લીન થયેલા જુએ.





૧૦૦ વર્ષ પ્રાચીન તીર્થ ને સાહેબજીની સાધનાભૂમિ તરીકે પ્રખ્યાત એવા મરુભૂમિના લુણાવા ગામમાં ઈ.સ.૧૯૯૮માં મુનિશ્રી જયંતભદ્રવિજયજીની પ્રવજ્યા ને ૪૦૦ આરાધકોના ઉપધાનના મંડાણ થયા.

લુણાવાના શ્રી આદિશ્વરજી દેરાસર, શ્રી પદ્મપ્રભુજી દેરાસર, શ્રી શાંતિનાથજી દેરાસર તથા શ્રી વાસુપૂજ્ય સ્વામીનાં દાદાવાડી દેરાસરે પંન્યાસજી મહારાજ ક્રિયા, ભક્તિ ને જ્ઞાનયોગમાં નિરંતર તરબોળ બની રહ્યા.

વળી તેમના એકધ્યાની શ્રવણ, અધ્યયનની સ્થિરતા અને રસમયતા જુએ ત્યારે તેઓની ઉજ્જવળ આધ્યાત્મિકતાના દર્શન તો અચૂક થાય, પરંતુ આ સમૃદ્ધ શ્રાવકની શ્રીમંતાઇનો વિક્ષેપ ક્યારેય વચ્ચે ન આવે. તેથી ગામના એક સહૃદયી ભાઇએ આ નમ્ર શ્રાવકને નોકરી જોઇતી હોય તો પૂછ્યું. આ સાંભળી અન્ય મહાત્માઓ તો જરા ઓઝપાઇ ગયા. કિન્તુ પૂજ્ય પંન્યાસજી મહારાજે કહ્યું:

''મુંબઇ કે બીજા કોઇ મોટા શહેરોમાં જ્યારે નોકરી મળતી નથી, ત્યારે ગામના આ વયસ્ક ભાવિકનો આભાર માનીએ કે તેમણે આ શ્રાવકની ઊંચી ધર્મભાવનાથી પ્રભાવિત થઇ નોકરીનું પૂછ્યું.''

પોતાને ત્યાં જ્યારે હજારો કર્મચારીઓ કાર્ય કરતા હોય ત્યારે ગુરુજીની નિશ્રામાં તો આવા 'નાના ને સામાન્ય' થઇને જ રહેવું તે સાહેબજીના કૃપાપાત્ર શિષ્યોની ખાસિયત ઉપરાંત સરળતા, શરણગમનતા અને શ્રદ્ધેયતા સૂચવે છે. જ્યારે સાહેબજીની નિશ્રામાં શ્રી સી.કે.મહેતાએ નવપદજીની વિધિસહિત નવ ઓળીઓ પૂર્ણ કરી ત્યારે ઉજમણા રૂપે શું કરી શકાય તેનું માર્ગદર્શન માંગ્યુ. સાહેબજીની પ્રેરણાનુસાર પછી મુંબઇની દરેક પાઠશાળાના અધ્યાપકોની ધર્મશિક્ષણ આપવાની ઉત્તમ કાર્યપ્રણાલિનું અનુમોદન કરવા તે દરેકને પોતાનું નામ ગુપ્ત રાખીને તેમણે પ્રોત્સાહન રૂપ મોટી ભેટ આપી. ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક નગરોમાં ચાલતી પાઠશાળાના ગુરુજનોને પણ તે ભેટ આપી, સાદર નવાજ્યા. આવું સત્કાર્ય આ પૂર્વે પ્રાયઃ ક્યારેય થયેલ ન હતું. આવા પ્રેરણાદાયી ગુરુને કોણ આજીવન ન પૂજે?

લુણાવામાં દીક્ષા, ઉપધાન ઉપરાંત અનેક ધર્મપ્રભાવનાના કાર્યો સાહેબજીની નિશ્રામાં સંપન્ન થયા એ દરમ્યાન વિસલપુરના શ્રી સાંકળચંદજી ઉમાજી પરિવારની ઉપધાન કરાવવા માટે વિનંતી થઇ.

પૂજ્ય સાહેબજીની નિશ્રામાં થયેલા કુલ ૧૫ જગ્યાના ઉપધાનમાં સૌથી વધુ એવા ૫૫૦ આરાધકો સાથે વિસલપુરમાં સંવત ૨૦૨૫ (ઇ.સ.૧૯૬૯)માં તપના મંડાણ થયા. નવકાર ને નવપદજીની રોજની અવનવી અનુપ્રેક્ષાઓ સર્વ આરાધકોને નિતનવા અનુભવો કરાવતી થઇ. ગુરુનો યોગ કઇ રીતે પરમગુરુ પરમાત્માનો વિનિયોગ આપણામાં કરાવી આપે તેનું નિર્ભ્રાંત દર્શન થયું સૌને.

એક દિવસ વ્યાખ્યાન પછી શ્રીફળની પ્રભાવના હતી. એ જોઇ પંન્યાસજી મહારાજે કહ્યું:

''આ શ્રીફળને સંઘના આશીર્વાદ રૂપે સ્વીકારજો. કારણ કે શ્રીફળમાં ૪ વસ્તુઓ સમાવિષ્ટ છે:

છોતરાં, લાકડાની કાચલી, લાલ રંગનું પાતળું પડ ને મૂળ સફેદ મીઠું ટોપરું. હવે છોતરાં તે આપણું શરીર છે. લાકડાની કાચલી તે આપણા આત્માએ બાંધેલા ૮ પ્રકારના કર્મો છે. લાલ રંગનું પાતળું પડ જે ટોપરાં ઉપર લાગેલું હોય છે તે રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન આદિ કષાયો કે ભાવકર્મો છે અને મૂળ સફેદ મીઠો પદાર્થ તે આપણો આત્મા છે. સંઘમાં શ્રીફળની પ્રભાવના થાય છે તેમાં ચાર ગર્ભિત સંદેશ છે:

૧. છોતરાં રૂપી શરીર ઉપર મમત્વ ન રાખીશ.
૨. જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મની કાચલી તોડી નાંખજે.
૩. રાતી છાલ રૂપી રાગ-દ્વેષ-મોહાદિ ભાવકર્મથી છૂટો પડી જજે.
૪. સફેદ પદાર્થ રૂપી આત્મસ્વરૂપનો અનુભવ-આસ્વાદ કરજે.

શ્રીફળ લઇ એમ ચિંતવવાનું છે કે આત્મસ્વરૂપના આસ્વાદને જે ઈચ્છા પોષે તે જ ઈચ્છાઓ પાળવી, અન્યથા ત્યાગવી. આ અનુભવ-આસ્વાદ કરનાર શ્રીપાળરાજા તથા મયણાંને ધન્ય છે જેઓએ શ્રી મુનિસુવ્રતસ્વામીજીના સમયમાં કરેલી નવપદજી આરાધનાનાં રહસ્યો પૂજ્ય આચાર્યશ્રી રત્નશેખરસૂરીજી (સિરિસિરિવાલકહા), મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજા તથા મહોપાધ્યાયશ્રી યશોવિજયજીએ ખૂલ્લા કર્યા છે આપણી સમક્ષ, જેથી આપણને પણ નવપદજીના આરાધક બનાવવા પ્રેરે છે.''

શ્રી સી.કે.મહેતા (મુંબઇ), શ્રી બાબુભાઇ કડીવાળા (નવસારી) ઉપરાંત શ્રી હિંમતભાઇ (મુંબઇ), શ્રી હીરાભાઇ (અમદાવાદ), શ્રી ઋષભદાસજી (મદ્રાસ), શ્રી શશિકાંતભાઇ (રાજકોટ), શ્રી ચંદ્રકાંતભાઇ (અમદાવાદ), શ્રી બીરધીચંદજી (કલકત્તા), શ્રી લાલચંદજી (અમદાવાદ) વગેરે સાહેબજીના ભક્ત શ્રાવકો જેમ-જેમ જોડાતા ગયા, તેઓ સર્વે ભાવશ્રાવકના ૧૨ વ્રતના પ્રાયઃ ધારક બનતા ગયા.

વળી પંડિત પ્રભુદાસ પારેખ, પંડિત મોતીચંદ ગીરધરલાલ, પંડિત ઇન્દ્રચંદ્રજી, ચીમનભાઇ લક્ષ્મીચંદ શાહ, સૂરજચંદ્ર ડાંગી, શૌરીલાલજી નાહર, મફતભાઇ સંઘવી, ફતેહચંદ ઝવેરચંદ, ચંદ્રકાંત ઝવેરી, છબીલભાઇ શાહ, રસિકભાઇ શાહ, લીલાધર મેઘજી, ચીનુભાઇ કડિયા, પ્રાણજીવનદાસ શાહ આદિ પ્રબુદ્ધ શ્રાવકો પણ જ્ઞાનગોષ્ઠિ માટે અવારનવાર આવતા રહ્યા. સાધુ-સાધ્વીજી ભગવંતોને કામળી, પાત્રા, પુસ્તકો, કાપડના તાકા, દવાઓ વગેરે થકી વૈયાવચ્ચ કરવાનું ક્યારેય ન ચૂકનાર આ દરેક શ્રાવકોના જીવનમાં ધર્મ તાણાવાણાની જેમ જ ગૂંથાઇ ગયેલ. પંન્યાસજી મહારાજના ભક્તો ઘણા જ સમૃદ્ધ, પણ કોઇને ય સ્મૃતિમાં નથી કે ક્યારે ય પણ સાહેબજીએ કોઇ પાસે માંગણી કરી હોય કે અમુક રીતે જ લક્ષ્મી વાપરવા આગ્રહ કે સૂચન કર્યા હોય!

આવા શ્રાવકો સાહેબજીની નિશ્રામાં સામાયિક લઇ કટાસણા ઉપર બેસે, ત્યારે તે સામાન્ય કોટિનું આસન નહીં, સિદ્ધશિલાનો ટૂકડો લાગે તેમાં નવાઇ નથી! પૂજ્ય આનંદઘનજી મહારાજ કહે છે તેમ:

પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાનઃ
હૃદય નયન નિહાળે જગ ધણી, મહિમા મેરુ સમાન!

આવા પંન્યાસજી મહારાજનું પ્રવચન અંજન પામેલા ભક્તોમાં 'સ્વામીજી' તરીકે પ્રસિદ્ધ સુશ્રાવક શ્રી ઋષભદાસજી રાંકાને હતી પહેલેથી જ સાધનાની લગની.

મદ્રાસથી પિંડવાડા આવ્યા ત્યારે સાચા તત્ત્વજ્ઞાનની શોધમાં તેઓ લાંબા સમયથી ઘૂમી રહ્યા હતા. જીવનના લગભગ ૩૦ વર્ષ તેઓએ જૈન-અજૈન એવા અનેક આશ્રમોમાં જઇને ઘણા અનુભવો મેળવેલ, પરંતુ પૂરતો સંતોષ ન થયેલ. એકવાર મહાન પુણ્યોદયે તેઓને પૂજ્ય પંન્યાસજી મહારાજનો ભેટો થઇ ગયો. આટલા વર્ષોમાં બધે ફરીને જે મેળવ્યું હતું તેનો સમગ્ર ચિતાર આપી દીધો રાંકાજીએ. સાહેબજીએ બધું શાંતિથી ને ધીરજથી સાંભળી લીધું. એ પછી અત્યંત વાત્સલ્યથી તેમાં જે ખૂટતું હતું તે અને જે ખોટું હતું તે વિષે અદ્‌ભૂત શૈલીથી એવી રીતે પ્રતિપાદિત કર્યું કે સ્વામી નાચવા જ લાગ્યા! નાચતા જાય અને બોલતા જાય કે: 'બસ, આજથી તમે જ મારા ગુરુ. મારા માથે હાથ મૂકો.' પણ સાહેબજી કહે: ''ગુરુ ગૌતમ જ છે આપણા બધાના ગુરુ.'' પરંતુ શ્રી રિખવદાસજી જેનું નામ! પૂજ્ય પંન્યાસજી મહારાજના પગમાં પડયા જ રહ્યાં. અંતે ધરાર હાથ મૂકાવ્યો પોતાના શિર ઉપર. જેવો માથા ઉપર ગુરુ મહારાજે હાથ મૂકીને પાછો લીધો કે સાથે વેણ નીકળ્યા:

'ગુરુ મળી ગયા... મને ગુરુ મળી ગયા. આ ભવના તમે જ મારા ગુરુ. ૪૫ વર્ષની સાધનાનું ફળ આજે મળી ગયું. આત્મ સાક્ષાત્કારની સાચી પ્રક્રિયા આજે મળી. આજે અહોભાગ્ય જાગ્યું કે સાચા ગુરુદેવનો યોગ મળ્યો!' આ દિવસ પછી તો શ્રી ઋષભદાસજીની સાધના ધીરે-ધીરે એટલી બધી વધતી ગઇ કે રોજ ૧૨ કલાકની સાધના પૂરી થાય એ પછી જ તેઓ ઠામ ચોવિહાર એકાસણું કરે. વળી અંગ્રેજી અને હિન્દી ભાષા ઉપર તેમનું અદ્‌ભૂત પ્રભુત્વ! એમના લખાણો અને વક્તવ્યોમાં પૂજ્ય ગુરુદેવનું જ ચિંતન વિશદ રૂપે વિસ્તાર પામે.

એકવાર શ્રી સી.કે.મહેતાએ પિંડવાડાથી મુંબઇ જવા રજા માંગી. સાહેબજીએ પૂછ્યું: ''ઘરે જઇને શું કરશો?'' ચીમનભાઇ કહે: 'સાહેબજી, અહીંથી તરત ધંધાના કામે મદ્રાસ જવાનો છું.' એ સાંભળી સાહેબજીએ જવાબ આપ્યો: ''તમારું કાર્ય પૂરું થઇ જાય ને સમય હોય તો તમે જરૂરથી ઋષભદાસજીને મળવા જજો ને કહેજો કે તમોને ગુરુ મહારાજે ધર્મલાભ કહ્યા છે.'' ચીમનભાઇ વિચારે કે એવા તે કેવા હશે આ શ્રાવક કે સાહેબજી સામેથી એમને ધર્મલાભ કહેવડાવે છે? પછી મદ્રાસમાં વ્યાપારિક કામ પૂરું થઇ ગયા બાદ તેઓ રેડ હિલ્સના દેરાસરજીમાં દર્શન કરવા ગયા. બહાર આવી એક ધ્યાનમગ્ન શ્રાવકને પૂછ્યું કે અહીં ઋષભદાસજી નામના સ્વામીભાઇ ક્યાં રહે છે? તો તેમણે પૂછ્યું કે 'શું કામે આવ્યા છો?' તેથી જવાબ આપતા કહ્યું કે 'મને તેમના ગુરુ મહારાજે મોકલ્યો છે તેથી મળવા આવ્યો છું.' ગુરુદેવનું નામ સાંભળતા જ આંખમાં ભરપૂર ચમક આવી ગઇ તેઓને. સી.કે.મહેતાને સન્માનપૂર્વક બાજુમાં બેસાડીને કહ્યું કે 'એ સ્વામી હું જ છું. તમે મારા ગુરુદેવને મળીને આવ્યા છો? ઓ હો હો... કેટલા બધા ભાગ્યશાળી છો! તમને વંદન કરું છું!' પછી ખબર પડી કે ગુરુદેવે ખાસ ધર્મલાભ કહેવડાવ્યા છે ત્યારે અભિભૂત થઇ મૌન થઇ ગયા. થોડીવાર બેઠા રહ્યા પછી વિમાનનો સમય થવા આવ્યો હોવાથી શ્રી સી.કે.મહેતાએ રજા લીધી.

રસ્તામાં વિચારતા રહ્યા કે આ શ્રાવક પણ ગુરુ મહારાજની જેમ જ કેટલા બધા નિરાસક્ત હશે કે ન એમણે મને મારા નામ-ઠામ-કામ પૂછ્યાં કે ન પૂછ્યું બીજું કાંઇ! બસ, ગુરુ મહારાજનું નામ સાંભળીને જ જાણે ઊંડી સમાધિમાં ચાલ્યા ગયા! તેમને રસ્તામાં યાદ આવી ગયા પ્રભુ મહાવીર, જેઓએ ચંપાનગરીથી રાજગૃહી જતા અંબડ શ્રાવક સાથે સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહેવડાવ્યા હતા. અહીં પણ સાહેબજી પોતે શ્રાવકને સામેથી ધર્મલાભ મોકલાવે ત્યારે તે દૃઢ ધર્મી જ હોય.

એ પછી શ્રી સી.કે.મહેતા પૂજ્ય સાહેબજીને મળ્યા ત્યારે તેમણે કહ્યું કે: ''જૈન ગીતાના સોળમા અધ્યાયમાં દૈવી સંપતિના ૨૩ લક્ષણો બતાવ્યા છેઃ अभयम्, सत्त्वसंशुद्धि, ज्ञानयोग, दानम्, दम, कर्मयोग, स्वाध्याय, तप, आर्जवम्, अहिंसा, सत्यम्, अक्रोध, त्याग, अरव दशा, अपैशुनम्, भूतेषु दया, अलोलुप्तम्, मार्दवम्, ह्री, अचापलम्, तेज, क्षमा, घ्रुति. તો સી.કે., તમે કમાયેલી આવી દૈવી સંપતિ કુલ કેટલી થાય પછી ઉદ્યોગમાંથી નિવૃત્તિ લેશો અને ધર્મરત જીવન જ ગાળશો?''

જવાબમાં મળ્યું દીર્ઘ મૌન. તેથી પ્રશ્ન ફેરવીને આમ પૂછાયોઃ ''અચ્છા... તો કેટલી ઉંમર પછી તમે વ્યવસાયને તિલાંજલી આપશો?'' તેમણે વિચારીને ઉત્તર આપ્યોઃ 'સાહેબજી, ૭૫ વર્ષે.' ને સાહેબજીએ કરાવી દીધો સંકલ્પ તરત જ, જે શતશઃ પૂર્ણપણે પાળી રહ્યા છે આજે તેઓ.

આવા જ બીજા એક હતા સાહેબજીના ભક્ત અને આ ઋષભદાસજીનાં જ ધર્મમિત્ર મુંબઇના શ્રી કિરણભાઇ કાંતિભાઇ પારેખ. કલ્યાણ સામાયિકની 'જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા' નામની લેખમાળાના સિદ્ધહસ્ત આલેખક તરીકે સૌ ઓળખે તેઓને. એકવાર ઋષભદાસજીએ કિરણભાઇને પ્રત્યક્ષ પરિચય કરાવ્યો સાહેબજીનો. અંધને દ્રષ્ટિ મળે ને પારસસ્પર્શ વડે લોહ જેમ હેમત્વ પામે તેવું હૈયામાં સુવર્ણ પરિવર્તન અનુભવ્યું તેઓએ. કિરણભાઇની ૫૪ વર્ષની ઉંમરે જ્યારે રાજસ્થાનમાં સાહેબજી પાસે તેઓ બેઠા સ્વાધ્યાય કરતા હતા તે સમયે 'કૃતજ્ઞતા' સંબંધી એક એવો પાઠ આપ્યો સાહેબજીએ કે જેથી કોઇપણ સાધકના ઉત્થાનના મૂળિયાં વધુ ઊંડા ઉતરે.

''લીધેલા ઉપકારનો હૃદયથી સ્વીકાર કરવો તે કૃતજ્ઞતા. તે ઉત્કૃષ્ટ ધર્મ છે. પણ લીધેલા ઉપકારની અવગણના કરવી તે છે કૃતઘ્નતા. અરિહંત પરમાત્માએ દેશનામાં બાળહત્યા, મુનિહત્યા, રાજદ્રોહ, સ્ત્રીદ્રોહ આદિ અનેક મહાપરાધોનાં દોષથી મુક્ત થઇ શકાય એવી આલોચનાનાં ઉપાયો દર્શાવ્યા છે. કિન્તુ આ જગતના અનંતા જીવો બીજાનો ઉપકાર સ્વીકારી પછી તેઓ જો તે ઋણ ચૂકવતા નથી, તો તેઓ કૃતઘ્ની બને છે. આવા આત્માઓના તે કર્મોને ટાળવાનો કોઇ ઉપાય નથી, સિવાય કે જે જીવોએ ઉપકાર કર્યો હોય તેઓ સ્વયં માફી આપે. કૃતઘ્નતાના મહાભીષણ પાપમાંથી બચવાનો ઉપાય છે સ્વપ્નમાં પણ લીધેલા ઉપકારોનું ઋણ સ્વીકારવું અને આદરપૂર્વક સૌ જીવોનો આભાર માનવો.'' કિરણભાઇ આ સાંભળી પોતાના પાછલા જીવનમાં ડોકીયું કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

ત્યાં જ શ્રી કિરણભાઇને પછી અનંતા ભવોનાં અનંતા જીવોનો આભાર માનવા માટે એક પ્રયોગ પણ સાહેબજીએ સૂચવ્યો: ''તમે અત્યાર સુધીનાં જીવનમાં જેનો નાનામાં નાનો પણ ઉપકાર લીધો હોય તેવા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય કે વિકલેન્દ્રિય સુધીનાં સર્વ જીવોને યાદ કરી તેની ખૂબ ટૂંકી નોંધ તૈયાર કરો.'' મુંબઇ પરત ફરી કિરણભાઇ તો માતા-પિતાથી શરુ કરી પંચપરમેષ્ઠી ભગવંતો, ગણધર ભગવંતો, સંતો, વડીલો, પરિવારજનો, હિતમિત્રો, શાસ્ત્રો, પુસ્તકો, લેખકો, કથાઓના પાત્રો, પૃથ્વી, પાણી, તેજ, વાયુ, વનસ્પતિ, તિર્યંચો, નોકરો, સરકારી ઓફીસરો, ટ્રામ કે ઘોડાગાડી કે અન્ય વાહનોના ચાલકો, પ્રતિસ્પર્ધીઓ એમ યાદ કરતા-કરતા મહિનાઓ સુધી આ યાદીમાં નામ ઉમેરતા ગયા. સૂચિઓના પાના વધતા ચાલ્યા. કેટલાક મહિનાઓ બાદ પુનઃ સાહેબજી સાથે મળવાનું થતા પ્રસન્નચિત્તે તેઓના ચરણોમાં યાદી સમર્પિત કરી. પૂજ્ય પંન્યાસજી મહારાજે એ નોટબુક સ્હેજ-સાજ હાથમાં લઇ એક-બે પાનાં ખોલ્યાં-ન ખોલ્યાં અને સામે જોઇ કહ્યું કે:

''હજુ આ યાદી અધૂરી છે. બીજીવાર આવો ત્યારે પૂર્ણ કરીને બતાવજો.'' કિરણભાઇ તો પૂજ્યવર ગૂઢ જ્ઞાની છે એના સ્પષ્ટ અનુભવો ઘણીવાર કરી ચૂકેલા. તેથી તેઓની વાત સ્વીકારી, ઘરે પરત ફરી વિચાર કરવા બેઠા. સાશ્ચર્ય તેઓને કેટલાક નવા ઉપકારીઓ યાદ આવ્યા પણ ખરા.

વિસ્તરણ કરેલી નવી નોંધ સહિતની આ નોટબુક સાહેબજીને સમર્પિત કરવા તેઓ થોડા દિવસ પછી ફરીથી ગયા. આ વેળાએ તો સાહેબજીએ યાદીને હાથ પણ અડાડયા વિના જ કહી દીધું કે નોંધ હજી અધૂરી છે. કિરણભાઇને તો પગ તળેથી જમીન સરકી ગઇ જાણે. પોતાના કલ્યાણાર્થે જ સાહેબજી આમ કરતા હોય તેની દૃઢ પ્રતીતિને કારણે ભારે હૃદયે તે વાત સ્વીકારી તેઓ મુંબઇ પરત ફર્યા.

જ્ઞાત અથવા અજ્ઞાત ઉપકાર કરનારા પ્રત્યેક જીવ, ગતિ, સ્થિતિ, ત્રિકાળ, સર્વ કાળચક્રો, સર્વ પુદ્ગલ, આકાશ, સર્વ સાધનો, સર્વ પ્રકારની પરિસ્થિતિઓ, ઉપયોગમાં આવી હોય તેવી સર્વ ચીજો, પદાર્થો, પાંચે તત્ત્વો, મન, બુદ્ધિ, ચિત્ત, સ્વાભિમાન એમ સર્વનો જીવંત ઉપકાર માની, સ્વીકારી, અનુભૂત કરેલો તેઓએ! હજુ કોણ બાકી રહી ગયું હશે તેમ ચિંતવતા કિરણભાઇ ઊંડા ધ્યાનમાં ઉતરી ગયા. સાધકોની સાધના હૃદયસ્પર્શી હોવી ઘટે એ સમજાયું.

...ને જાણે અંદર એક વિસ્ફોટ થયો! ગુરુકૃપાથી સમજાયું કે અનાદિકાળથી ચાલતા જન્મ-મરણના ચક્રમાં નિગોદથી આજ પર્યંત મારા દુષ્ટ વર્તન-વિચારોને કારણે દંડાતો મારો પોતાનો આત્મા જ હું ભૂલી ગયો હતો. અવ્યવહાર રાશિથી સર્વદા, સર્વ કાળે, સર્વ સ્થાને, સર્વ ભાવમાં મારી સાથે રહેનાર આત્માને હું તો વિસરતો જ આવ્યો છું છતાં નથી એણે મને એકલો મૂક્યો, તરછોડયો કે ભૂલ્યો! આત્માની અનંતી માફી માંગીને રાત તો એમણે માંડ-માંડ પૂરી કરી. ને તીવ્ર તાલાવેલી સાથે વાયુવેગે ઉપડયા તરત ગુરુવર્ય સમીપ... ઘરના લોકોને બે દિવસમાં જ ફરીથી ત્યાં જવાના આશ્ચર્યમાં મૂકીને!

સાહેબજી તો હતા વિહારમાં. શોધતા-શોધતા પહોંચ્યા ત્યારે એક વિહારધામની ધૂળીયા ભૂમિ ઉપર શ્રમણ ભગવંતોની બપોરની વાચના ચાલતી હતી. સાહેબજી ફરમાવી રહ્યા હતા કે: ''બ્રહ્માંડ સમસ્ત એ પ્રત્યેક જીવનું ઘર છે. આપણો મૃણ્મય દેહ પણ અનેક જીવો માટે નાનકડું ઘર જ છે. પણ તેમાં રહેલો ચિન્મય આત્મા એ આપણું પોતાનું ઘર છે. દિવ્ય આનંદમયી વિસામો છે. તેને ભૂલીને આનંદ શોધવા બહાર ભટકીએ છીએ તે શું આપણો ઘોર અપરાધ નથી?''

ત્યાં જ ધ્યાન ગયું સાહેબજીનું કે આજે જેના અંગે-અંગમાંથી ખુશી પ્રસ્ફૂટ થાય છે, શ્વાસોચ્છવાસમાં આત્મપ્રતીતિની સૌરભ ફૂટે છે અને પગ આજે પવનપાવડી બની ગયા છે તેવા કિરણભાઇ ઉજાગર થઇ ૭૨ કલાકમાં જ ફરી અહીં હાજર થઇ ગયા છે. જ્ઞાની ભગવંતોને માટે તો 'તેજ' એ જ ભાષા છે. પછી બોલવાની જરૂર જ ક્યાં હોય છે? કિરણભાઇ તેઓની પાટ સમીપ પહોંચે એ પૂર્વે જ શબ્દો સંભળાયા: ''આખરે હવે તમારી નોંધ પૂર્ણ થઇ ગઇ...'' સૌને આશ્ચર્ય થયું કે ક્યારેય નોંધપોથી ખોલીને વાંચી ન હોવા છતાં સાહેબજીને આ વાતની ખબર પડી ગઇ! મહાનંદ આમ પણ ક્યાં છૂપો રહી શક્તો જ હોય છે? ચેતના વિકસિત કરવા, જાતનું ઝીણવટથી નિરીક્ષણ કરવા જે આવેગની જરૂર હોય છે તે આ પ્રયોગ દ્વારા જન્મ્યો. આત્મદર્શનનો સંકલ્પ ઉત્કટ અને સચ્ચાઈ ભરેલો હોય તો વિઘ્નો દૂર થાય જ.

સતત સળગી રહેલી અભીપ્સાની જ્વાળાઓમાં જ્યારે સર્વ કામનાઓ હોમી દેવાય ત્યારે જ ગુરુકૃપાથી અંદર રહેલ સ્થિર, પ્રશાંત, ચેતનામયી આત્મતત્ત્વના દર્શન થાય. આ પ્રયોગ તેનો પુરાવો છે. કિરણભાઇએ પૂર્વે ક્યારેય ન અનુભવેલ નિરવધિ આનંદ અનુભવીને એમ વિચાર્યું કે જન્મજન્માંતરના પુણ્યને કારણે જ મને આ મહાત્માનો ઘનિષ્ઠ સંપર્ક ને સત્સંગ મળ્યા. અનંત અહેતુકી કૃપા સાંપડી. વિહારમાં પદયાત્રાના સુઅવસરોમાં ચે દિવસો પર્યંત એમની અમૃતવાણીનો લાભ મળ્યો. તેનાથી જ મને શ્રી નવકાર મંત્રમાં ભરેલાં ઐશ્વર્ય, માધુર્ય અને ચૈતન્યની ઝાંખી થઇ ને મોક્ષ માર્ગ સુલભ થયો!

લગભગ સો ઇતરધર્મી યોગીઓ સાથે સાહેબજીને તત્ત્વાર્થ ચર્ચા ચાલે. તિબેટ, નાસિક, કલકત્તા, હમ્પી, ઇડર, તારંગા, શિવ (મુંબઇ), આબુ પર્વત, ગિરનાર વગેરે જગ્યાએ આ યોગીઓના આશ્રમ હોય. સાહેબજી અંગ્રેજીના જાણકાર ને યોગનિષ્ઠ શ્રાવકોમાં અગ્રેસર આ કિરણભાઇ. આ અંગે તેઓનો ઘણો ઉપયોગ થાય. સાહેબજી જો કહે: ''જાવ, આ યોગીપુરુષને મળીને યોગના આ પ્રશ્ન ઉપર તેઓનો મત જાણી આવો.'' કે ઉપડે કિરણભાઇ દૂર દેશાવર જવા તરત. ગુરુ સમર્પિતતાની આ હતી ઊંચાઇ.

શ્રી દેવચંદ્રજી મહારાજ, જેઓ આત્માનુભવનો રસ નિરંતર ઝીલીને આજે કેવળી બનીને શ્રી સીમંધરસ્વામી પાસે મહાવિદેહમાં વિચરી રહ્યા છે, તેમના ગ્રંથોમાં આત્માના અનુભવની પ્રક્રિયા સર્વત્ર એવી તો સમજાવી છે કે સાધક જો તે પ્રયોગોમાં તન્મય થાય તો શુદ્ધ, પૂર્ણ અને પરમાનંદ એવું આત્માનું સ્વરૂપ પ્રગટ થાય જ.

તેઓના પ્રયોગ મુજબ વળી આગળ પરમાત્મધ્યાનની સાધનાના ક્રમના ૮ પગથિયા અહીં પંન્યાસજી મહારાજે પ્રકાશ્યાઃ "આદર, બહુમાન, રૂચિ, વીર્ય સ્ફૂરણા, રમણતા, તન્મયતા, તદ્રુપતા ને એક્ત્વતા. આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય આદિ પ્રભુની પ્રભુતામાં લીન બને છે ત્યારે શુદ્ધ આત્મચૈતન્યને પ્રાપ્ત થયેલા પરમાત્માના સ્વરૂપમાં ઉપર મુજબના ૮ અંગો પ્રાપ્ત થાય છે. જેથી આત્મા અરિહંત આકારનો અનુભવાય છે અને પ્રાંતે આપણો ઉપયોગ આપણા જ આત્મસ્વરૂપમાં સ્થિર બને છે. આપણને પરમાનંદનો અમૃતરસ પીવા મળે છે.

પ્રભુનું નામ લેવાથી જે નાદ પ્રગટે છે તેનાથી શુદ્ધિકરણ થાય છે. ઘંટનો રણકાર ફેલાય તે જેટલું સત્ય છે તેટલું જ સત્ય નામસ્મરણના બિંદુનાં ઉચ્ચારણથી થતા આંદોલનનાદ કાર્ય કરે છે તે છે. વ્યક્તથી અવ્યક્તમાં જવા નામસ્મરણ સેતુ છે. એનાથી માંગવાની વૃત્તિ તૂટે છે ને આપવાની વૃત્તિ ખીલે છે.

આપે તે આગળ વધે, માંગે તે નીચે ઉતરે.

ઈચ્છારહિત થવાની ઈચ્છા તે જ છે મોક્ષ. જે જીવ ઉપર પ્રેમ રાખે તેને શિવ મળે. કુંથુંઆમાં પણ જીવ રૂપે ઈશ્વરીય શક્તિ છે. તેનું પણ સન્માન હોય. સિદ્ધોના જીવમાં એવી શક્તિ છે કે તેના બહુમાન માત્રથી મોક્ષ મળે છે. તીર્થંકરોની ત્રણે દશાઃ આદી (નિગોદ-એકેન્દ્રિયાદિ ભવો), મધ્ય (તીર્થંકરો રૂપે) અને મોક્ષની (સિદ્ધો રૂપે) અવસ્થામાં તેઓનો આત્મા સ્તવનીય છે. તેઓમાં રહેલા આર્હન્ત્યનું ધ્યાન કરવાથી જીવમાં ધર્મનું બીજારોપણ થાય છે.

૧૪ પૂર્વધરો પણ છેલ્લે કેવળ અરિહંત પદને યાદ કરે છે. નવપદજીમાં ય અરિહંતો પ્રથમ પદે છે.

જિનાગમ ને જિનબિંબના આલંબન થકી નવપદમાં આત્માનો અને આત્મામાં નવપદનો અનુભવ કરી શકાય છે. તે માટે હિમાલયની કોઇ ગુફામાં જવાની નહીં, આપણી જ અંદરના એ પ્રશાંત ને પ્રકાશિત ઓરડામાં જઇ નવપદમાં ઉપયોગ સ્થિર કરવાની જરૂર છે.

ધ્યેય નવપદજી હોય, ધ્યાતા આપણો આત્મા હોય અને ધ્યાનની પ્રક્રિયા ચાલુ થાય કે તરત જ ધ્યાતાનું ચૈતન્ય ધ્યેયમાં નિષ્ઠ થાય અને ધ્યાતાનો ઉપયોગ ધ્યેયાકારે પરિણમે. બરાબર તે જ સમયે નવપદમાં આત્મા ને આત્મામાં નવપદનો અનુભવ શક્ય બને. સર્વ જીવો શક્તિ રૂપ પરમાત્મા છે.

જીવો પ્રત્યે મૈત્રી, દુઃખી પરત્વે કરુણા, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, ગુણહીન પ્રત્યે માધ્યસ્થભાવ રાખી સર્વત્ર ઔચિત્ય જાળવી પ્રેમ, ઉદારતા, દાક્ષિણ્યતા, ગંભીરતા આદિ ગુણો જ ખરો ધર્મ છે."

સાહેબજી જ્યારે આમ વ્યાખ્યાતા બનીને દિવ્ય વાણી થકી વરસે તો લાગે જાણે પુષ્કરાવર્તમેઘ, પરંતુ એક દિવ્ય શ્રોતા કે મૌન મુનિ બને ત્યારે દેખાય તેઓની મૂર્તિમંત સ્થિરતા - જાણે મેરુપર્વત!

વિસલપુરમાં ઉપધાનના ૫૫૦ આરાધકો ઉપરાંત અન્ય ૩૦૦ ભાવિકો તો આવ્યા જ હોય. સૌ સંઘજનો સાહેબજીના વચનામૃત માણે અને ધન્યતા અનુભવે. આમ જ ઉત્કૃષ્ટ રીતિએ ઉપધાન તપ પૂર્ણ થયું. પછી સાહેબજીને પરિશ્રમ પડવાથી કે ગમે તેમ પણ ફરી તબિયત બગડી. શિવગંજથી શ્રી સંઘજનો પધાર્યા અને એ મોટું કેન્દ્ર હોવાથી દવા-તબીબો અન્વયેની સહાય વિપુલમાત્રામાં મળી રહે તે હેતુથી શિવગંજ પધારવા હાર્દિક વિનંતી કરી. સુમેરપુર-શિવગંજ વચ્ચે ખળખળ વહેતી જવાઇ નદીને કિનારે વસેલું છે રળિયામણું શિવગંજ.

જવાઇબંધથી ૯ કિ.મી., ફાલનાથી ૫૦ કિ.મી. અને રાણકપુરથી ૧૦૦ કિ.મી.ની દૂરી ઉપર રહેતા અહીંના ૨૦,૦૦૦ ધર્મી નગરજનો ખૂબ સાલસ ને વ્યવસાય પ્રેમી. ઘઉં, મકાઇ, તલ, મગ-મઠ, બાજરી-જુવાર, ગુવાર, સરસવ, કપાસ, મગફળી વગેરેનો પાક લેવાવાળા ખેડૂતો અહીં ઘણા. શરાફીનું કાર્ય, કાપડ બજાર ને મિષ્ટાન્ન-ફરસાણના વ્યવસાયમાં પણ લોકો વ્યસ્ત રહે. આરસપહાણ, ગ્રેનાઇટ, તેલની મીલો કે અગરબત્તીના કારખાના પણ ધમધમે. જૈન સંઘજનોએ આ નગરમાં ખૂબ નામના કમાઇ છે પોતાના કૌશલ્ય, ખંત ને પ્રામાણિકતાના ગુણો દ્વારા.

આવા શિવગંજનો એ સંઘ જ્યારે આવ્યો ત્યારે ઘણી મોટી આશા હતી કે ગુરુ મહારાજ અમારા નગરમાં પધારશે જ. સંઘના પુણ્યોદયે હા પણ પડી. સાહેબજીએ ધીમો-ધીમો વિહાર માંડ્યો.

ડોળી કરવાનું મન હતું નહીં અને ઝડપથી ચલાતું નહીં. તેથી રસ્તામાં સાથે રહેલા શિવગંજના સાધર્મિક ભાઇને શિવગંજનો ઇતિહાસ પૂછતાં તેમણે બહુ સરસ વાતો કહી:

'૧૧ મે, ૧૮૫૪ના રોજ સિરોહીના મહારાજા શ્રી શિવસિંહજીએ થોડે દૂર એક નગર વસાવીને તેને પોતાના નામે 'શિવગંજ' તરીકે ઓળખાવ્યું. વિશાળ જમીન ઉપર ક્ષેત્રપાળ દેવતાને સ્થાપીત કરી, સિદ્ધિવિનાયક દેવનું મંદિર બંધાવી રૂડી નગર રચના કરાવી. નગરના વિકાસ અને સુવહીવટ માટે મહારાજા શિવસિંહજીએ પાલી નગરના નગરશેઠ શ્રી જુહારમલજી લોઢાને કાર્ય સોંપ્યું. તેમણે પાલીથી નાગરિકો અહીં વસે અને આજુબાજુના સિરોહી, સાંડેરાવ, વીરવાડા ગામોમાંથી પણ થોડી વસ્તી આ શિવગંજ નગરમાં રહેવા આવે તે અર્થે રહેવા માટેના ઘર માટેની જમીન ફક્ત ૧ રૂપિયો ને પાંચ આનામાં આપીને વ્યવસાય માટે મોટી કર રાહતો પણ જાહેર કરી, તેથી પિંડવાડા, રાતા મહાવીરજી, નાણા, લુણાવા આદિ ગામોમાંથી પણ લોકો અહીં આવી વસવા લાગ્યા. દરેક વર્ણ, ધર્મ ને જ્ઞાતિના લોકોનો સમાવેશ થયો. હિંદુ મંદિરો, જૈન દેરાસરો, ગુરુદ્વારા, મસ્જિદો, ગૌશાળા, ન્યાયમંદિર, પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ શાળાઓ, મિષ્ટાન્ન-ફરસાણ ભંડારો, બેંકો, ફળ-શાકભાજી બજારો ઈત્યાદિ નિર્માણ થયા. નગરપાલિકાએ તેના વિકાસ માટે બનતી સહાય કરી. થોડા વર્ષોમાં વેપાર વિકસતા બહારના લોકોનું આવાગમન પણ વધ્યું. ૯૦ ટકા લોકો આજે શિક્ષિત બન્યા છે.'

આ ઇતિહાસ સાંભળી સૌ મુનિવરોની ગતિમાં ઝડપ ઉમેરાઇ. શિવગંજ પહોંચ્યા પછી મુખ્ય બજારમાં આવેલ શ્રી આદીનાથજીના 'બડા મંદિર'ને જૈનોના પ્રાચીન તીર્થ તરીકે જોઇને પૂજ્ય સાહેબજીનો થાક પળવારમાં ઉતરી ગયો! વિલાયતી વાસ તથા ધાનમંડી વિસ્તારમાં આવેલા દેરાસરો પણ ખૂબ જ નયનરમ્ય વાતાવરણમાં શોભી રહ્યા હતા. ચારેકોર લીમડાના અઢળક વૃક્ષો ચોમેર વીંઝણો ઢોળતાં હતા. અહીંની સૂકી હવા અને મીઠું પાણી પૂજ્ય સાહેબજીને માફક આવી જતા સૌને ખૂબ રાહતભરી શાંતિ થઇ ગઇ. ત્યાં જ એકાએક સાહેબજીને હેડકી આવવાની શરુ થઇ. ભાવિકોએ ઘણા ઉપચાર કર્યા કિન્તુ એક પણ ઉપાય કારગત નીવડયા નહીં. સાહેબજીએ ૬૫ વર્ષની ઉંમર સુધી ક્વચિત્ જ દવા-ઈન્જેક્શનો વાપરેલ અને શસ્ત્રક્રિયાદિની જરૂરત પડેલ નહીં. પરંતુ તબીબોના અતિ આગ્રહને કારણે નાછૂટકે હવે વધુ દવા સેવવી પડી. તબિયતમાં એથી ઘણો સુધારો પણ દેખાયો. તેથી સંઘની વિનંતીથી શ્રી છોગમલજી છોગાજી પરિવાર તરફથી સાહેબજીનું સંવત ૨૦૨૫ (ઇ.સ.૧૯૬૯)નું ચાતુર્માસ અહીં શિવગંજમાં જ નક્કી થયું. અહીં પ્રવેશના ભવ્ય સામૈયા પછી માંગલિક ફરમાવતા સાહેબજીએ 'શિવગંજ' શબ્દને જ વિષય બનાવી વ્યાખ્યાન આપ્યું:

''શિવગંજ એટલે શિવંકરની ભાવનાનો ગજ-પૂંજ અથવા શિવનો ગંજ કે શિવનું બજાર. હવે શિવના બજારમાં શિવસુખ અને તેને આપનારી વસ્તુઓ સિવાય કાંઇ મળે ખરું? ના. તો તમને શિવનો-કલ્યાણનો જ ખપ છે ને? બસ, તો હવે આજથી અશિવંકર ભાવનાઓ ને વસ્તુઓના ગ્રાહક બનવાનું બંધ ને? રાગ-દ્વેષ-ઘૃણા-અપમાન-મોહાદિથી દૂર થઇ જવાનું ને? શિવ એટલે જીવનું શુદ્ધ સ્વરૂપ. આથી જીવને અશુદ્ધ કરનારા વિચાર, વાણી, વર્તનથી દૂર જ રહેવું. તો હવે નિયમ લઇ લેશું ને કે કામ, ક્રોધ, મદ, માયા, મોહ, મત્સર વગેરેનો જીવનભર ત્યાગ. આજે કદાચ જેને એ ત્યાગ ન થઇ શકે, તે જિનવચન સૂણીને તો ધીમે-ધીમે તૈયાર થશે જ.''

વ્યાખ્યાન વાણી સાંભળીને શિવગંજના સાધર્મિકોને તો અહીં વસવાનો એક નવો જ અર્થ સાંપડયો. આરાધનાથી ભરપૂર અહીંનું ચાતુર્માસ ચાલ્યુ. વચ્ચે-વચ્ચે સાહેબજીના અનેક ભક્તો, જિજ્ઞાસુઓ, સાધકો, શ્રાવકો આરાધના કરવા, શાતા પૃચ્છા કરવા કે તબીબોને લઇને આવતા રહ્યા. કુશળ વૈદરાજો, હકીમો વગેરે પણ ઘણા નિતનવા ઉપચારો બતાવે, પરંતુ નરમ પડેલી તબિયતે રોગના હુમલા અવારનવાર આવતા જ રહ્યા, જે કાયમી અસર છોડતા ગયા. અહીં અનાજ લેવાનું બંધ થઇ ગયું. પરંતુ પૂજ્ય પંન્યાસજી મહારાજ તો હસતા-હસતા સમભાવે પરિસ્થિતિને સ્વીકારતા જ રહ્યા. જેને મન પોતાનું શરીર એ ફક્ત આત્મા ઉપરના છોતરાં કે કાચલી જ છે તેને પોતાના આત્માને સાચવીને ઉપર લઇ જવામાં જ વધુ રસ હોય તે સ્વાભાવિક હતુ. શિવગંજના ઉપાશ્રયમાં તમરાંની તરજ ગૂંજવા માંડે ત્યાં તો અધરાત થવા આવી હોય જાણે! રાતના આમ તો સાહેબજી ખાસ કારણ વિના કોઇને ય મળે નહીં.

પરંતુ એકદા મુંબઇના શ્રી પ્રાણલાલભાઇ દોશી લુણાવા ગયા પણ સાહેબજી તો શિવગંજ છે તેવી ખબર પડી તેથી અહીં મોડા-મોડા પહોંચ્યા ત્યારે રાત્રે ૧૦.૩૦ વાગેલા. છતાં તેમને દોઢ કલાક સાહેબજીએ પ્રશાંત મને સાંભળ્યા. તેમનો વધુ ઝોક હતો શ્રીમદ્જી ઉપર. નિશ્ચયની વાતો અને આત્મતત્ત્વ ઉપર ઘણી વાતો કરી. પછી ઉઠતી વખતે છેલ્લે પ્રાણલાલભાઇ કહે: 'શ્રીમદ્ રાજચંદ્ર તો યોગી હતા.' સાહેબજીએ કહ્યું: ''ભાગ્યશાળી, એ વાત તો સાચી પરંતુ તેઓ ભગવાન તો ન્હોતા જ ને? જેમને માથે ગુરુ ન હોય તેમને પોતાની ક્ષતિઓ કોણ દર્શાવે? મુક્તિમાર્ગમાં આગળ વધવા ગુરુતત્ત્વની ઉપાસના આવશ્યક છે.'' આ શબ્દો સુશ્રાવકશ્રીને હૃદય સોંસરવા ઉતરી ગયા. કાલાન્તરે પાલીતાણાના સોનગઢ સમીપ પીપરલા ગામે 'કીર્તિધામ' નામે શ્રી સીમંધર સ્વામીનો જિનપ્રાસાદ બંધાવીને ગુરુભક્તિનું સાટું વાળ્યું તેઓએ.

મારવાડના વડગામ નિવાસી શ્રી ઇન્દ્રચંદ્ર પંડિતજી સાહેબજીની નિશ્રામાં અદ્દ્ભૂત પદાર્થો સમજીને પચાવી જાણે. અહીં આવે ત્યારે સાહેબજી કહે: ''હવે અન્ય લાયક આત્માઓને આ પદાર્થોનું પાન કરાવવા ભણાવવાનું શરૂ કરો પંડિતજી!''

શિવગંજના ચાતુર્માસ પછી પગે ચાલીને થોડો-થોડો વિહાર કરતા આગળ વધ્યા ત્યાં પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે આવ્યો સાદડી ગામેથી સંઘ, આગલા વર્ષના ચાતુર્માસની વિનંતી લઇને. ગુરુવર્યોની આજ્ઞા મુજબ જય બોલાઇ અને પાલી જિલ્લાના આ પ્રાચીન તીર્થ તરફ જવા પગરણ મંડાયા. તેઓ સાથે હતા અન્ય મુનિવરો અને પરમ વિનિત શિષ્ય શ્રી કુંદકુંદવિજયજી મહારાજ પણ.

ફાલના જંકશનથી રાણકપુર જતા રસ્તામાં બાલી થઇને સાદડી પહોંચાય છે, જેની નજીકના અદ્દ્ભૂત તીર્થો મૂછાળા મહાવીર, ઘાણેરાવ, નાડલાઇ, વરકાણા ઈત્યાદિમાં થઇને સમય થયેલ સાદડી ગામ પહોંચયા. સમુહ સમસ્તને અહીં આવેલા ભવ્ય, કલામય, મનોહર જિનાલયો જોતાવેંત અહીં રહેતા પુણ્યવંતા જૈન પરિવારોની ધર્મ ભાવનાનો ખ્યાલ આવી જ ગયો. પૂજ્ય પંન્યાસજી મહારાજ પણ સંપ્રતિ મહારાજાના સમયના અતિ પ્રાચીન જિનાલયના ત્રણ ગભારામાં રહેલા મૂળનાયકો શ્રી આદિનાથ, ધર્મનાથ ને પાર્શ્વનાથજી જોઇ ભાવવાહી બન્યા. વળી અન્ય પાર્શ્વનાથજીનું ૮૦૦ વર્ષ પ્રાચીન ને રાણકપુર તીર્થના જ સમયે બંધાયેલું દેરાસર જોઇ હર્ષ ઉપન્યો. ગોડવાડ પંચતીર્થીએ જનાર સૌ યાત્રાળુઓ માટે સાદડી એ મુખ્ય મથક હોવાથી શ્રાવક પરિવારોનું આવાગમન ચાલુ જ હોય.

સંવત ૨૦૨૬ (ઇ.સ.૧૯૭૦)નો ચાતુર્માસ સમય સાદડી ગામના 'બડા ઉપાશ્રય'માં પસાર થતો ગયો. ગામના શ્રી સંઘની શક્તિ, ભક્તિ ને ઉદારતા પ્રશંસનીય હતી પરંતુ સાહેબજીની તબિયત નરમ જ થતી ગઇ. વધુ સારી સારવાર માટે ડોક્ટરોએ ઉદયપુર કે અમદાવાદ જવાની સલાહ આપી. તે ન માન્ય રખાતા અતિ આગ્રહ કરાયો છતાં સાહેબજી સાદડીમાં જ રહ્યા.

એક તો ચાતુર્માસ પ્રવેશ થઇ ગયો હતો અને સાહેબજીની ઈચ્છા ડોળીમાં બેસવાની કે નિર્ધારિત ક્ષેત્રથી બહાર જવાની હતી નહીં, માટે તેઓ આ સ્થાન છોડવા માંગતા ન હતા. આવા નરમ સ્વાસ્થ્ય સાથે પણ પૂજ્ય પંન્યાસજી મહારાજ તથા મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજે સાદડી ગામના ભાવિકોને ધર્મ સ્નેહથી તરબોળ કરી દીધા. 'વિષમ કાળે જિનબિંબ જિનાગમ ભવિજનકું આધારા' એ ન્યાયે જિનાલયો અને સાહેબજીની વાણીના અક્ષરદેહ રૂપી જિનાગમોનો આધાર સાદડી સંઘને મળ્યો.

ચાતુર્માસ પૂરું થાય એ પૂર્વે લુણાવાથી શ્રી ચંદનમલજી દેવીચંદજી પરિવાર આવ્યો સાહેબજી પાસે. તેઓને લુણાવામાં જ ઉપધાન તપ કરાવવાની ભાવના હતી. સાહેબજીએ સંમતિ તો દર્શાવી પરંતુ સાથે કહ્યું કે: ''એક જ સમુદાયના વડીલ આચાર્ય બાજુમાં હોય ને વિનંતી ન થાય તો વિનયધર્મ ચૂકાતા કોઇ પણ ધર્મકાર્યો સફળ ના બને.'' એમને તો સાહેબજીને જ મુખ્ય રાખીને ઉપધાન તપ કરાવવાની ભાવના હતી તેથી આનાકાની કરી પરત ફર્યા. વળી થોડા દિવસ પછી ફરી તે જ વાત લઇને લુણાવાનો સંઘ સાહેબજી સમક્ષ ઉપસ્થિત થયો ત્યારે પણ એ જ મક્કમતા દેખાડીને કહી દીધું: ''... તો હું આ પ્રસંગે નહીં આવું. તમે તમારી રીતે કોઇ બીજા મહાત્માની નિશ્રામાં ઉપધાન કરાવી શકો છો.'' શ્રાવકોને તો પંન્યાસજી મહારાજ સિવાય અન્ય કોઇ પાસે ઉપધાન તપ કરાવવા જ ન હતા. આથી તેઓશ્રીની આજ્ઞા શિરોમાન્ય કરીને પરમ પૂજ્ય આચાર્યશ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજને પણ વિનંતી કરી. ચાતુર્માસ પૂર્ણ થતા જ વિહાર કરી બંને પૂજ્યોની પાવન નિશ્રામાં લુણાવામાં ૩૦૦ આરાધકોના કલ્પનાતીત ઉપધાન તપ મંડાયા ને શરુ થઇ મહાત્માઓની પ્રવચનધારા: ''ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજ... શ્રુત શું દિલ માન્યો. દેવવંદનમાં શ્રુતને 'મહારાજ' ની ઉપમા અપાઇ છે. ઉપધાન એ સર્વજ્ઞ સિદ્ધાંતને આત્મસાત્ કરવાનો અવસર છે.

कोटिशो विषयाः प्राप्ता, संपदश्च सहस्रशः ।
राज्यं तु शतशः प्राप्तं, न तु धर्मः कदाचन ॥

વિષયો ભોગવ્યાં હશે કરોડો વાર, સંપતિઓ ભોગવી હજારો વાર;
રાજ્ય તો સેંકડો વાર, પરંતુ ધર્મ પ્રાપ્ત કર્યો ક્યારેય ના.

નીચે ગબડતા જીવને જે ધારણ કરી અટકાવી દે તે છે ધર્મ. सुखं धर्मात् दुखं पापात् । ધર્મના પ્રભાવે મળે સુખ ને પાપનો વિપાક અર્પે દુઃખ. ક્યાંય પણ જો સુખ દેખાયું અને તેનો મૂળ સ્રોત જોવા જઇએ તો ધર્મકરણીએ જ જઇને અટકશે આપણી શોધયાત્રા. સુખનું ઉદ્ગમ ધામ છે ધર્મ. પાપનો ઉદય થાય તો જ આ સંસારના સુખો પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય. દુનિયાની ચીજો લેવા માટે કજીયો કરવો તે પાપ. દુનિયાની પ્રત્યેક ચીજ છોડવા માટે કજીયો કરવો તે ધર્મ. જેને પોતાના દોષ પર દ્વેષ ને બીજાના દોષો જોઇ દયા જાગે તે ધર્મની લાયકાતનું પ્રથમ લક્ષણ છે.

મૈત્ર્યાદિ ભાવનાઓના વારંવારના અભ્યાસથી અને આ ઉપધાનથી સર્વવિરતિની અને શ્રુતતીર્થની આરાધના દૃઢ બને છે. એનાથી પ્રતિપક્ષી વૃત્તિઓમાં ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા આદિનો સમાવેશ છે. મૈત્રી ભાવના દૃઢ થવાથી ઈર્ષ્યાભાવ, પ્રમોદ ભાવના દૃઢ થવાથી અસૂયાપણું, કરુણાની ભાવના દૃઢ થવાથી દ્રોહ ભાવ અને માધ્યસ્થ ભાવના દૃઢ થવાથી ક્રોધ નાશ પામે છે.

સંસારક્ષેત્રે ભવિતવ્યતા ને ધર્મક્ષેત્રે પુરુષાર્થને આગળ કરીએ તો જ ધાર્યું પરિણામ મળે. કોઇપણ કાળે કે ક્ષેત્રમાં જો પીવાલાયક મીઠું પાણી મળે તો તેની મૂળ માલિકી મેઘરાજાની જ ગણાય. તેમ આત્મ ઉપકારક એવું વચન જો આ જગતમાં ક્યારેય પણ સાંભળવા કે વાંચવા મળે તો તેનું ઉદ્‌ગમસ્થાન અરિહંતો જ ગણાય. તારકોની ધર્મદેશનામાંથી જ બધી ધારા નીકળી છે. જેના પ્રારંભે થોડું કષ્ટ અનુભવ્યા પછી સુખ જ સુખ હોય તે ધર્મ. એથી વિપરીત જેના આરંભે થોડુંક આભાસિત સુખ હોય, પણ પછી દુ:ખની પરંપરા હોય તે નિશ્ચિત રીતે અધર્મ માનવો.''

આગમ વચનોની આવી શ્રેષ્ઠ અનુપ્રેક્ષા પામી સર્વ શ્રોતાઓ મુગ્ધ બન્યા. લુણાવાના આ ઉપધાનમાં સૌએ આત્મચિંતનનું લક્ષ્ય સેવ્યું. બાલી, રાતા મહાવીરજી, સાદડી, ઘાણેરાવ વગેરે ઘણા નજીકના ગામોમાંથી ભાવિકોએ આવીને પંન્યાસજી મહારાજના વચનામૃતનો નિત્ય લાભ લીધો.

न य वित्तासए परं । શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આ કથન મુજબ પોતાની નાની-મોટી પ્રવૃત્તિઓથી બીજાને તકલીફ ન પડે તેવી રીતે જીવવાનો સૌએ પ્રયત્ન આદર્યો. આવી દેશના ઉપરાંત દેશી દવા પણ આપવામાં પૂજ્ય પંન્યાસજી મહારાજ એક્કા. પોતાના કે પૂજ્ય આચાર્યશ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજના સમુદાયના શ્રમણોને તાવ આવે તો સાહેબજી ત્રિભુવનકીર્તિરસની ગોળી લેવાનું કહે અને દમ હેરાન કરતો હોય તેને માથું ફાટી જાય અને પેટમાં આગ લાગી જાય તેવી આયુર્વેદીક દવાઓને ગોમૂત્રમાં લસોટી માવો બનાવરાવી ફક્ત એક જ વાર આપે કે દમ ગાયબ! સાહેબજી ખરેખર હિમાલયના યોગી હોય તેવા દિવ્યસ્પર્શી મહાવૈદ્ય લાગે સૌને!

પૂજ્ય આચાર્યશ્રી જંબૂસૂરીશ્વરજી અહીં પધાર્યા તેથી વડીલશ્રીને વ્યાખ્યાનો સોંપીને પંન્યાસજી મહારાજ અત્યંત પ્રસન્ન થયા. લોકોનો આગ્રહ કે સાહેબજી જ પ્રવચનો આપે પણ પોતે ટસ થી મસ ના થાય. પૂજ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજી કે મુનિશ્રી ધુરંધરવિજયજીને પણ આવા સમયે રોજ ૧૦-૨૦ મિનિટ તત્કાળ બોલવાનું કહીને તાલીમ આપે. હિંમત આપે. ભય ભગાડે. એકવાર એ રીતે પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજને બોલવાનું કહેતા તેઓ મલ્લીનાથ ભગવાનના પ્રસંગ વિશે પંદરેક મિનિટ બોલ્યા. એ સાંભળી વ્યાખ્યાન પૂર્ણ થયા પછી તેઓની પીઠ થાબડી કહ્યું સાહેબજીએ: ''વાહ, કમાલ કરી તમે તો. અદ્‌ભૂત! મને તો હર્ષ-હર્ષ થઇ ગયો છે તમારું વ્યાખ્યાન સાંભળીને.'' આમ આનંદ દર્શાવનાર આ ગુરુદેવ કેટલા નમ્રાતિનમ્ર છે તેનો ખ્યાલ આવે સૌને.

મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજને એકદા સાહેબજીએ ચાતુર્માસાર્થે ઉદયપુર જવા કહ્યું. મુનિરાજે તેમની સંગે રહેવાના મોહથી ના કહેવા વિચાર્યું: સ્હેજ આનાકાની પારખી લઇને સાહેબજીએ કહ્યું: ''જો મારી આજ્ઞાથી ભૌગોલિક રીતે દૂર જશો તો તે છતાં મારી સમીપ રહેશો, પરંતુ આજ્ઞા વગર મારી સાથે પણ રહેશો તો સમીપ છતાં પણ દૂર હશો.'' આવા મિષ્ટ વચનો સૂણી કોની અનિચ્છા જીવંત રહે?

ક્યારેક ગોચરીમાં કોઇ શ્રાવિકાના હર્ષાતિરેકથી નિમક કે સાકર નાંખવાના જ ભૂલાઇ ગયા હોય. શિષ્ય તો હોંશેથી ગોચરી લાવીને પીરસે. સાહેબજી તો ખૂબ જ ઓછું આરોગે. પછી વધેલી ગોચરી જ્યારે અન્ય વાપરે ત્યારે ખ્યાલ આવે કે આમ હતું. મુનિવરો પૂછે કે: 'આ બેસ્વાદ ગોચરી વિશે કેમ આપે કહ્યું નહીં?' તો ઉત્તર મળે: ''પુદ્ગલને ભાડું આપવાનું હતું. પુદ્ગલે પુદ્ગલને ખાઇ લીધું. જરૂરી પોષણ મળી ગયું. આપણે તો સાક્ષી બની જોવાનું હોય. એમાં વળી પ્રશંસા કે ફરિયાદ શાના?''

શરીર સાથે જાણે સાહેબજીએ સોદો કર્યો હોય તેવું લાગે ઘણીવાર: 'હું તને ખોરાક આપીશ, તું મને સાધના કરવામાં સહાયભૂત થજે.' જેના હૃદયમાં કલ્પવૃક્ષ સીંચી ઉછેર્યું હોય તેની આસપાસ દિશા ભૂલેલા ચારેગતિના જીવોને આંગળી-ચીંધણું મળી જ રહે છે. તેઓના છ લક્ષણોયુક્ત ધર્મધ્યાનથી બીજાને પણ પરમ તત્ત્વના સાંન્નિધ્યની તૃપ્તિ અનુભવાતી હોય છે.

धम्मस्स लक्खणं से अज्जवलहुगत्तमद्दवुवदेसा ।
उवदेसणा य सूत्ते णिसग्गजाओ रुचिओदे ॥

આર્જવ (સરળતા), લઘુતા (હળવાપણું), માર્દવ (નમ્રતા),
ઉપશમ ભાવ, જિનસૂત્રમાં આત્મહિતની બુદ્ધિ અને અસંગતાની રુચિ
એ ધર્મધ્યાનના છ લક્ષણો છે.

" ભવમુક્ત થવાનો ઉપાય છે જીવદયા. જયણા. માટે જ જેને ધર્મની જરૂર છે તેમણે અહિંસાને અગ્રક્રમે રાખવી જોઇએ. કોઇપણ જીવની હિંસા જો પોતાના પ્રમાદથી થાય તો તેને અધર્મનું કારણ માનવું જોઇએ. માટે હિંસાદિથી અચૂક બચવું. "

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૫ | મૈત્રીની અમીરાત

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

રાજસ્થાનના સિરોહી જિલ્લામાં શ્રી કલ્યાણજી સોભાગચંદજી જૈન તીર્થ પેઢી એક પ્રાચીન તીર્થનો સુચારુ વહીવટ કરે છે. આબુરોડથી ૫૦ કિ.મી. દૂર છે સિરોહી રોડ અને ત્યાંથી દૂર નથી આ ભવ્ય તીર્થ પિંડવાડા. વિશ્વવિખ્યાત રાણકપુરના નિર્માતા શ્રી ધરણા શાહના પિતાશ્રી કુંવરપાળ ને મંત્રીશ્વર લીંબાજી દ્વારા સંવત ૧૪૬૫ના ફાગણ મહિનામાં આ દેરાસરનો ઉદ્ધાર કરાયો છે.

સાતમા સૈકાના ધાતુના પ્રતિમાજી જે અહીં છે તેની કલામયતાની તોલે આધુનિક કાંસ્ય શિલ્પો પણ ન આવી શકે! કાયોત્સર્ગ મુદ્રામાં જે બે પ્રાચીન પ્રતિમાઓ છે તે અનુપમ છે. એક જ પરિસરમાં આવેલા બંને વિશાળ જિનાલયો દર્શનીય છે, જેમાં એક તો બાવન દેવકુલિકાઓથી સુંદર શોભાયમાન છે.

આવા સુંદર તીર્થમાં પગલા થયા પંન્યાસજી મહારાજ સાથે તેમના ગુરુરાજ પૂજ્ય ગચ્છાધિપતિ પટ્ટધરરત્ન શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજીના. અહીંના નિવાસી ભક્તજનોના તો જાણે ભાગ્યદ્વાર જ ખૂલી ગયા. સંવત ૨૦૨૭ (ઇ.સ.૧૯૭૧)ની સાલમાં પિંડવાડામાં જાણે સોનાનો સૂરજ ઉગ્યો! આ ક્ષેત્રના પનોતા પુત્ર ને પૂજ્ય દાદાગુરુ કર્મસાહિત્યનિષ્ણાંત સિદ્ધાંતમહોદધિ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા અહીં પિંડવાડામાં કરવાની હતી. વળી સાથે તેઓના સંપૂર્ણ જીવનની સુંદર ચિત્રાવલીઓ પણ ખૂલ્લી મૂકાવાની હતી. દેરાસરજીની સમીપ જ ગુરુમંદિર થતા સર્વેને ખૂબ જ ઉમળકો હતો. ગચ્છાધિપતિ સાથે અહીં ૧૧૬ શ્રમણોની નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવે સંપ્રતિ મહારાજાએ ભરાવેલા ચરમ તીર્થંકર શોભતા હતા.

આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી દાદાનું જ આ ગામ હોવાથી આરસની કોતરણીવાળા આ દેરાસરની પ્રતિષ્ઠા વખતે એવું તો સફળ આયોજન થયું કે રોજ ૨૫,૦૦૦ લોકોને પાટલા ઉપર બેસાડીને જમાડી શકાયા. પીરસવાવાળા ૬૦૦ યુવકો પણ પિંડવાડાના જ. એ સમયે રૂપિયા ૧૦ લાખના ખર્ચે થયેલ આ જબરદસ્ત આયોજન ખૂબ વખણાયું. વળી મહોત્સવમાં રચાયેલી નિત-નવી આંગીઓ, રાત્રિ ભાવનાઓમાં બોલાયેલી રમઝટ તથા આ વીરના વારસની વાણી દીર્ઘ સમય સુધી યાદ રહ્યા.












ઈ.સ.૧૯૭૧માં પિંડવાડામાં ૧૧૯ શ્રમણોની નિશ્રામાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા બાદ ગચ્છાધિપતિજી સાથે બાવન જિનાલયના મનોહર દ્રશ્ય યુક્ત વીર પ્રભુના દર્શનાર્થે સૌ મુનિવરશ્રીઓ અજારી તીર્થે પધાર્યા.

કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજીએ અહીં જ સરસ્વતી દેવીની આરાધના કરી ત્યારે દેવીએ આ અજારીમાં જ પ્રગટ થઈ દર્શન આપેલા. પંન્યાસજી મહારાજ બાવન જિનાલયની પ્રતિષ્ઠામાં ભાવવિભોર થઈ સામેલ થયા.

અહીંયા સાહેબજીને સ્મરણમાં આવી ગુરુદેવોની પાર્શ્વભૂમિકાઃ સર્વતોમુખી બહુશ્રુત ગીતાર્થતા હતી ઝીંઝુવાડાના દીપચંદભાઇમાં - જેઓ પિતા જૂઠાભાઇ ને માતા નવલબાના આશિષ ગ્રહણ કરી ફક્ત ૨૨ વર્ષની યુવાન વયે પ્રવજ્યા ગ્રહીને મુનિશ્રી દાનવિજયજી બન્યા. એ પછી વ્યાકરણ, જ્યોતિષ અને જિનાગમોના તેઓના ગહન અભ્યાસથી પ્રભાવિત થયા પિંડવાડાના વતની શ્રી પ્રેમચંદજી. ૧૭ વર્ષની તરૂણ વયે ઘરેથી ભાગીને ૩૬ માઇલનું પગપાળા અંતર એક જ દિવસમાં કાપીને તેઓ પાલીતાણા પહોંચી મુનિશ્રી દાનવિજયજીના પ્રથમ શિષ્ય બન્યા - તે મુનિશ્રી પ્રેમવિજયજી ને જેમને થોડા વર્ષો પશ્ચાત્ વિનયી શિષ્ય મળ્યા - તે મુનિ રામવિજયજી. આજે એ જ દાદાગુરુની ચિત્રાવલીઓથી મોહિત થતા પિંડવાડાના સંઘજનોને જોઇ સાહેબજીને અતીવ ગૌરવ ઉપન્યું. દાદાગુરુના ઋજુ રૂપને મૂર્તિમંત થયેલું જોઇ તેમણે સંતોષ અનુભવ્યો.

एकमेवाक्षरं यस्तु, गुरुः शिष्यं प्रबोधयेत् ।
पृथिव्यां नास्ति तद द्रव्यं, यद् दत्वा चानृणी भवेत् ॥

ગુરુ શિષ્યને એક જ અક્ષરનો ઉપદેશ આપે છે જે શિષ્યને પ્રબુદ્ધ કરે છે.
કિન્તુ પૃથ્વીમાં એવું કોઇ દ્રવ્ય નથી જેને આપીને શિષ્ય એ ઋણથી મુક્ત થઇ શકે.

ચાણક્ય નીતિમાં કહેલું આ કથન સાવ સાચું છે. વાયુની જેમ ક્યાંય આસક્ત બન્યા વિના મુનિ અપ્રતિબદ્ધ રીતે વિચરે છે, તે ન્યાયે દાદાગુરુની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરી સૌ વિહાર કરી સંવત ૧૨૦૨ થી અસ્તિત્વમાં આવેલ પ્રાચીન તીર્થ અજારી પધાર્યા. અંતર તો હતું ફક્ત ૫ જ કિ.મી., પરંતુ પંન્યાસજી મહારાજને ધીરે-ધીરે વિહાર કરી પહોંચતા વધુ વાર લાગી છે તે તેમના ગુરુદેવના ખ્યાલ બહાર રહ્યું નહીં. ચરમ તીર્થંકર મૂળનાયક તરીકે જ્યાં છે તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ સરસ્વતી દેવીને આરાધ્યા ત્યારે દેવીએ પ્રગટ થઇ દર્શન આપ્યા હતા તે જિનમંદિરમાં બાવન જિનાલયની પ્રતિષ્ઠાનો મહોત્સવ ૧૨૫ મહાત્માઓ તથા અનેક સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં અહીં આયોજાનાર હતો.

દાદાગુરુની નિશ્રામાં જ આ તીર્થનો છેલ્લો ઉદ્ધાર સંવત ૨૦૧૮થી શરુ થયો હતો ને હવે હતી પ્રતિષ્ઠા! સંપ્રતિ મહારાજાના સમયની આ બાવન પ્રતિમાજીઓની પ્રતિષ્ઠામાં સૌ ભાવવિભોર બની સામેલ થયા. કલિકાલસર્વજ્ઞના સ્વહસ્તે પ્રતિષ્ઠિત ચમત્કારીક સરસ્વતી દેવી પાસે પ્રાર્થના-પૂજા કરી, સરસ્વતી નદીના ઉદ્‌ગમસ્થાન નજીક આવેલ અન્ય પ્રાચીન સરસ્વતી દેવીના મંદિરે દર્શનાર્થે જવાનું પણ કોઇ ચૂક્યું નહીં. અજારી તીર્થની પ્રતિષ્ઠા વેળાએ પટ્ટક બાબત દીર્ઘકાળથી જે મડાગાંઠો પ્રવર્તતી હતી, એ ગાંઠોને દૂર કરી એકતા જળવાઇ રહે તે માટે સાહેબજીએ એવી જહેમત ઉઠાવી કે તે એક જ દિવસમાં સમુદાયના બંને પક્ષે સમાધાન રહે તે રીતે સૂલઝી ગઇ. એવી ભૂમિકા સર્જાઇ ગઇ કે સૌ પ્રસન્ન થઇ ગયા. પિંડવાડાથી સાથે રહેલ મુનિશ્રી પુણ્યપાળવિજયજીને સાહેબજીએ અજારીમાં એકદા કહ્યું કેઃ

''પુણ્યપાળ! હીર સૌભાગ્ય કાવ્ય તે ત્રણેક વાર વાંચ્યુ જ છે. તેના સોળમા સર્ગમાં પૂજ્ય જગદ્ગુરુશ્રી હીરસૂરીશ્વરજી મહારાજાની અપૂર્વ આરાધનાનું વર્ણન છે. તો આજે આપણે એ સર્ગ વાંચીએ.'' મહાત્માએ આ વાત વધાવી લીધી ને ગોઠવાઇ ગયા તેઓની સમક્ષ. એ સર્ગ વાંચતા પંન્યાસજી મહારાજ ખૂબ-ખૂબ પુલકિત બન્યા.

પૂજ્ય પંન્યાસજી મહારાજને અજારીમાં જોરદાર વિનંતી થઇ કે આ સાલનું ચાતુર્માસ પિંડવાડા જ થાય. શાસનપ્રભાવક આચાર્યશ્રીની સંમતિથી સંવત ૨૦૨૭ (ઇ.સ.૧૯૭૧)ના પિંડવાડાના ચાતુર્માસ પ્રવેશ પછી પ્રભુ વીર જ્યાં સ્વયં વિચર્યા હતા તેવી આ તપોભૂમિમાં આવ્યાનો આનંદ દ્વિગુણીત થયો સાહેબજીનો. અહોરાત જાગ્રત એવા તેઓની તબિયત ભલે દિન-પ્રતિદિન નબળી પડતી જતી હતી, પરંતુ સ્વાધ્યાય, ભક્તિ ને ચિંતન તો ચાલતા જ રહે. શાસ્ત્રના પદાર્થોનું ગહન ચિંતન ને તેમાંથી આવતી અનુપ્રેક્ષાઓ કલમ વડે કાગળમાં ઉતારતા પણ રહે ને શ્રમણો ને શ્રાવકોના પત્રોના ઉત્તરો પણ લખે. એમાં એકવાર પિંડવાડા સંઘના જૈનો તથા ગામના અન્ય અજૈનો વચ્ચે જોરદાર સંઘર્ષ જાગ્યો. મતભેદ પછી મનભેદ પણ શરુ થઇ ગયા. ત્યાં જ સાહેબજીની સમજાવટ, સમાન ન્યાય આપવાની પ્રજ્ઞા અને દરેકનું હિત સચવાય તેવી લાગણીને કારણે સુંદર ઐક્ય સધાઇ ગયું ફરીથી.

समे य जे सव्व पाणभूएसु सो खु समणे । જે સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખે તે શ્રમણ છે.

प्रश्नव्याकरण માં કહ્યા મુજબ એક સાચા શ્રમણે રૂપી પંન્યાસજી મહારાજે સમભાવથી કરેલું આ સમાધાન રૂપી તપ ખરેખર ફળ્યું અને સમસ્ત સંઘ ફરી એકરાગ થઇ આરાધનામાં વળ્યો. વળી નિશીથચૂર્ણિની ગાથા ૪૬ માં કહ્યું છે તેમ સૌને સત્ય પ્રતીત થયું કે:

तप्पन्ते अणेण पावं कम्ममिति तपो । જે સાધનાથી પાપ કર્મ તપ્ત થાય તે તપ છે.

કશા ય કોલાહલ વિના કઠણ ગાંઠનો ઉકેલ લાવવો હોય તો તે તેમનું જ કામ. સૌને એ સ્વાર્થવિહીન તેજસ્વી મેધા એવી તો અસાધારણ લાગે કે મહામંથન પછી નીકળતુ અમૃત નવનીત સૌને સ્વીકાર્ય જ લાગે સુમેળ કરવા માટે. ફાગણ સુદ અગ્યારસના સાહેબજીએ મૈત્રી વિશે અનોખી વાતો કહી:

''મૈત્રી એટલે માત્ર ભાવના રૂપ નહીં, પણ તે ચારે ભાવનાથી ઉત્પન્ન થયેલ એક ઉચ્ચતમ ચિત્તપ્રસાદાત્મક અવસ્થા છે. જીવમૈત્રી એ તો ધર્મ રૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. સંયમ વિરાધના કરતા આત્મવિરાધના બળવત્તર છે. પ્રવચન વિરાધના તો ઉત્તરોત્તર અધિક બળવાન છે કારણ કે આત્મ વિરાધના કેવળ સ્વદેહ રક્ષણ પૂરતી મર્યાદિત નથી પણ વિરતિ અને મૈત્રી જેવી મૂલ્યવાન વસ્તુના રક્ષણાર્થે છે. વળી પ્રવચન વિરાધના તો નિકૃષ્ટ મનાઇ છે. તેમાં ઘણાના હિતનો પ્રશ્ન છે. મૈત્રી ને ભક્તિ મધુર પરિણામી છે. શાંતરસના આવિર્ભાવમાં બંનેની આવશ્યકતા છે.''

शिवमस्तु सर्वजगतः, सर्वत्र सुखी भवतु लोकः અને सुहिणो भवन्तु जीवाः ઈત્યાદિ ભાવનાઓ સાહેબજીની રગેરગમાં વણાયેલી. સંઘજનો જ્યારે આભાર માની અહોભાવ દર્શાવે ત્યારે તેઓ અચૂક સમજાવે કે:

"ઋણમુક્તિ માટે માનવજન્મ છે. મારા નિમિત્તે બધા સંપ-સુલેહ-સુમેળથી રહી શકે તો એમાં મારું જ ઋણમુક્તિનું કર્તવ્ય અંશતઃ સધાય છે. ખરા માર્ગદર્શક તો અરિહંત પરમાત્માઓ જ છે. ઉપકારીઓના ઉપકારના સ્વીકારપૂર્વક ઋણમુક્ત થવાનો મારો આ લઘુ પ્રયત્ન છે. ઋણને જાણવું તે સમ્યક્ જ્ઞાન, ઋણને સ્વીકારવું તે સમ્યગ્ દર્શન અને ઋણમુક્ત થવાનો પ્રયત્ન તે સમ્યગ્ ચારિત્ર છે. સંસારનું સ્વરૂપ જ એવું છે કે તેમાં વસનારને બીજાના ઋણ તળે આવવું જ પડે. દેહજન્મ માટે માતા-પિતાનો, ધર્મજન્મ માટે દેવ-ગુરુનો, આહારાદિ માટે બીજા અનેકોનો ઉપકાર માથે તો ચડાવવો જ પડે.

संसारवर्तिनोऽन्योऽन्यमुपकारं वितन्वते ।

સંસારવર્તી જીવો પરસ્પર ઉપકાર કરે છે.

બીજાનો ઉપકાર લીધા વિના કેવળ બીજા ઉપર ઉપકાર કરવાની સ્થિતિ તો ફક્ત સિદ્ધાવસ્થામાં અગર વીતરાગ અવસ્થામાં જ છે. ત્યાં સુધી ઋણ ચડે જ છે. તેથી તેનો સ્વીકાર કરવામાં મારા જ પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રગુણની સાર્થકતા છે."

તત્ત્વપારગામી પંન્યાસજી મહારાજ તો સ્યાદ્વાદી. જેઓને નિયમા જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે, તેઓને વિચાર પુષ્ટ હોય છે. બુદ્ધિ સ્વ-પર શાસ્ત્રોમાં પ્રવર્તમાન હોય છે. તેઓ માટે જ ज्ञानस्य फलं विरतिः હોય છે. સાહેબજીની આવી સાલસતા ને વિનમ્રતા સર્વને શુભપ્રદ લાગે. તેમની સાથે નિકટવર્તી સંબંધ રાખનારા કૃતકૃત્યતા અનુભવે. પરંતુ આ અતિરાગ જોઇ તરત જ સાહેબજી એક વાક્ય ટાંકે: "પ્રભુને છોડીને અજ્ઞાનતા કે અતિરાગથી જ્યાં સુધી આપણો જીવ બીજાનું શરણ ઈચ્છે છે ત્યાં સુધી તે અશરણ જ છે." આમ પ્રભુનું અનન્ય શરણ સ્વીકારવા તરફ જ સૌને તરત વાળી દે. વળી એમાં સાહેબજી વિનોબાજીનું એક વાક્ય ઉમેરે: "પ્રયત્ન તો આનંદ-શુદ્ધિનો થવો જોઇએ, આનંદ-પ્રાપ્તિનો નહીં. ઉત્તરોત્તર આનંદ શુદ્ધ થતો જાય તે આનંદ શુદ્ધિની પ્રક્રિયાને જ અધ્યાત્મ કહે છે. આપણું ગમતું વિશ્વ શોધવા જઇએ તો ન મળે. તેને સર્જવું જ પડે."

સાહેબજી મૂઠી ઊંચેરા મહાત્મા તરીકે સૌના હૃદયમાં અંકાઇ જાય તેમાં શી નવાઇ? સાહેબજીના વિશિષ્ટ આરાધનાસમૃદ્ધ શ્રાવક ભક્તો માટે ઉપનામ હતું: નવરત્નો. દરેકનું અધ્યાત્મ અજવાળું ઉજળું. પોતે જ માત્ર નહીં, પરિસરના ભાગ્યશાળીઓ પણ તેઓનો અજવાસ પામે તેટલું તે દરેકનું વલય મોટું! એમાંના એક રિખવદાસજી ૬ મહિનાની નવકાર આરાધના વખતે અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરે ને પારણું અવઢ્ઢ સમયે કરે. આ ઋષભદાસજીમાં સાહેબજીના સંસર્ગથી શરીરના પ્રત્યેક રુંવાડે જીવમૈત્રી સધાયેલી.

દેરાસરની ઈંટોને પરિમાર્જે. ક્યાંય પણ કીડી જેવો કોઇ નાનો જીવ પણ જો પોતાનાથી ક્વચિત્ હણાઇ જાય તો તેમને તાવ આવી જાય. આ સાધકની ઉત્કૃષ્ટ મૈત્રીનું પ્રત્યક્ષ દર્શન સૌએ તેઓના જીવનમાં કર્યું. શ્રેણીક મહારાજાને જેમ 'વીર-વીર' રોમેરોમ છવાયેલ તેમ પ્રત્યેક જીવ પરત્વેની મૈત્રી અહીં સતત ઘૂંટાયેલ. જો સાહેબજીના નવ રત્નો આવી ઉચ્ચકક્ષાની ફળશ્રુતિ પામેલા હોય તો સાહેબજીની સ્વયંની શું કક્ષા હોઇ શકે તે અનિર્વચનીય જ રહે!

નવે રત્નોમાં સુગ્રથિત સુમેળભર્યા સંબંધો. બધા સાથે ઉભા હોય ત્યારે સાહેબજીનો પરિશ્રમ સાર્થક લાગે. આલોચના, અતિક્રમણ, અસુખ, અસુવિધા, અસ્વાસ્થ્ય ઇત્યાદિને અસહજ ભાવે ન લેવાની દેશના મળેલી. સૌએ માનવીય મૂલ્યોને વીસર્યા વિના જીવતરમાં સાધનાનો દીવો પ્રગટાવ્યો.

સાહેબજીના બીજા એક કૃપાપાત્ર ભક્ત એટલે મૂળ રાધનપુરના ને મદ્રાસમાં સ્થાયી શ્રી લલિતભાઇ મુક્તિલાલ શાહ (મસાલીઆ). તેમણે મંત્રદીક્ષા લીધી હતી શેરીસામાં પણ શંખેશ્વરમાં યોજાયેલ ઉપધાન અનુષ્ઠાનમાં તેઓ સાહેબજીની સૌ પ્રથમ વાર નિશ્રા પામ્યા. આ સમયે શ્રી રિખવદાસજી રાંકા પણ ત્યાં મદ્રાસથી આવ્યા. તેઓ ફાંકડું અંગ્રેજી બોલે. તેમના નવકાર ઉપરના પ્રવચનો તો જાણે સાંભળ્યા જ કરીએ તેવું થાય. તેમનાથી પ્રભાવિત થઇ લલિતભાઇએ પૂછ્યું સાહેબજીને એકવારઃ 'મારે થોડો સમય આ ઋષભદાસજીની સાથે નવકારની આરાધના કરવા રહેવું હોય તો શક્ય બને ખરું?' સાહેબજીએ જવાબમાં કહ્યુંઃ "શા માટે નહીં? જાવ, હમણા જ નાહીને પૂજાના કપડે શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દરબારમાં જઇ તેમને કાનમા કહી આવો. તે જ યોગ્ય કરશે."

લલિતભાઇએ તો ગુરુવચન 'તહત્તિ' કહીને પડિવજ્યું. બીજે દિવસે તો તેઓ ઘરે જવા નીકળી ગયા. આશરે ૩ મહિના પછી ફરીથી જ્યારે પત્ની અશ્રુમતીબેન સાથે વંદન કરવા આવ્યા તો સાહેબજીએ ખૂલ્લા હાસ્ય સાથે કહ્યુંઃ "લલિતભાઇ, શંખેશ્વર દાદાએ તમારી વાત રિખવદાસજીના કાનમાં કહી દીધી લાગે છે. આજે જ મદ્રાસથી ટપાલ આવી છે, જેમાં તેઓ લખે છે કે કોઇ યોગ્ય આત્માને નવકારની આરાધના માટે અહીં મોકલવા હોય તો મદ્રાસથી ૧૪ કિ.મી. દૂર આવેલ આદિશ્વર દાદાના ૨૫૦૦ વર્ષ પ્રાચીન તીર્થ કેસરવાડી-રેડ હિલ્સમાં છ માસ રહેવા આવવા આમંત્રિત કરું છું. તો બસ, તમે હવે જઇ પહોંચો."

ઉત્તરસાધકો શ્રી રસિકભાઇ દોશી તથા શ્રી સુકેતુભાઇ સાથે લલિતભાઇ ત્યાં પૂ...રા આઠ મહિના રહ્યા ત્યારે નિત્યક્રમ હતોઃ સવારે રાઇય પ્રતિક્રમણાદિથી પરવારી બપોરે બે વાગ્યા સુધી તો થાય દેરાસરમાં જ પ્રભુભક્તિ અને નવકાર મંત્રની આરાધના. એ પછી ફક્ત બે જ દ્રવ્યો - રોટલી અને દૂધ વાપરીને રોજ બપોરે અઢી વાગે એકાસણુ કરવાનું. બપોરે ત્રણ-સાડાત્રણે પૌષધ લઇ સવારે પારવાનો. શ્રી ઋષભદાસજીના માર્ગદર્શનમાં ત્રણે ય ઉગતા સાધકોએ આ રીતે ઉત્કૃષ્ટ સાધના કરી.

આ સમયે સાહેબજી તો કચ્છના ભુજપુરથી નીકળી ડીસા તરફ ગયા હતા કિન્તુ સાધકોને તો એવું લાગ્યું જાણે અદશ્યરૂપે તેઓની સંનિધિ અહીં જ હતી. ૮ મહિનાની સાધના પછી સૌની સ્વયંસ્ફૂરણા ખૂબ વધી. અન્ય ભક્તો જ્યારે પણ મદ્રાસ આવે, આ ગુરુભાઇઓ વચ્ચે ઘણા પ્રશ્નોની ચર્ચા થાય. તેમણે સાહેબજીના શીખવ્યા મુજબ કરોડરજ્જુમાં કઇ રીતે લોગસ્સ ગણાય તે પણ જણાવ્યું અહીં. બ્યાવરના શ્રી સૌરીલાલજી નાહર પણ પછી મદ્રાસમાં જ રહેવા આવી ગયા જેથી સમુહમાં આવી અદ્‌ભૂત સાધના કરી શકાય. આ પછી ભક્તામર સ્તોત્ર, અજીતશાંતિ સ્તોત્ર તથા પંચસૂત્ર ઉપર એટલી તો પક્કડ આવી કે સૂત્રની પ્રત્યેક ગાથા ઉપર લલીતભાઇ ૪ કલાક સુધી વક્તવ્ય પ્રવાહિત કરી શકે.

એકદા શેષકાળમાં ભારજા (રાજસ્થાન)માં રહેલા સાહેબજીના વંદન કરવા શ્રી લલિતભાઇ મદ્રાસથી એકલા જ આવવા નીકળ્યા. ટ્રેનમાંથી ઉતર્યા તો ખબર પડી કે ગામના બે જૂથો વચ્ચે અટંસ પડતા મારામારી થઇ હતી. બધી દુકાનો બંધ. વળી વરસાદ કહે મારું કામ. રાત પડી ગઇ હતી. જે નદી ઓળંગીને ઉપાશ્રયમાં જવાનું હતું ત્યાં પાણી બે કાંઠે હિલ્લોળા લે. નદીનો પ્રવાહ હજુ વધતો જ જતો હતો. લોકોએ નદીપાર ન કરવા ચેતવ્યા. નવકારનું સ્મરણ કરી ધ્યાન ધર્યું અસહાય લલિતભાઇએ.

ત્યાં જ અંધારામાં નજીક આવીને એક ખૂબ ઊંચા ભાઇએ સાથેનો બિસ્તરો માથે મૂકી ભાતાનો ડબ્બો પોતાના હાથમાં લઇ લીધો. બીજા હાથે લલિતભાઇનો હાથ પકડી ધોધમાર વરસાદમાં ઝપાટાભેર નદી ઓળંગાવવા માંડી... ને જાણે પલક ઝપકતાં જ પહોંચાડી દીધા પેલી પારના ઉપાશ્રયની ડેલીની બહાર. ગુરુકૃપાથી જ આ શક્ય બન્યું છે એમ વિચારે ત્યાં તો તે ભાઇ અંધારામાં ઓગળી ગયા.

અંદર સંથારો કરી ગયેલા સાહેબજીને દૂરથી વંદન કરતા હતાં ત્યાં જ સાહેબજીએ ધીમેકથી પૂછ્યું: ''કેમ... નદી ઓળંગતા ડર તો ન્હોતો લાગ્યો ને?'' જવાબ દેવાઇ ગયો લલિતભાઇથી:

'સાહેબજી, આપ જ બીજું રૂપ કરી મને લેવા આવ્યા હતા, પછી ડર શાનો?'

પૂજ્ય પંન્યાસજી મહારાજની આવી કૃપા પામેલા શ્રી લલિતભાઇ દર રવિવારે ધાર્મિક અધ્યયન પઠન-પાઠન કરાવે. તેમાં ચાલીસેક જિજ્ઞાસુઓ આવે. એકવાર પૂજનમાં પ્રભુ સામે ભક્તિપૂર્વક ચામર નૃત્ય કરવું શરુ કર્યું લલિતભાઇએ. પૂજનમાં સંગીતની સુરાવલિ સાથે તેઓને એવો તો અવર્ણનીય ભાવોલ્લાસ થયો કે કુંડલિની શક્તિ જાગૃત થઇ ઉપર ચડવા માંડી. ભક્તિનૃત્ય એટલું તો વધી ગયું કે પછી આત્મમસ્તીમાં રમમાણ તેઓની અશરીરી ચેતનાની જ્યોતને પરમાત્મ જ્યોત સંગે ભળવામાં જાણે વેંત એકનું જ છેટું રહ્યું. ત્યાં જ એકાએક સંગીત વાગતું બંધ થયું.

ભાવીભાવ કે એ ઉર્ધ્વ કુંડલિની શક્તિ તેથી સાવ નીચે મૂલાધારમાં ફરીથી સરકીને સરખી બેસી શકી નહીં અને કરોડરજ્જુમાં જ અટકી ગઇ. તેથી એ પછીના ૧૪ વર્ષ તેથી તેઓ બિમાર રહ્યા.

આ બિમારીને આશીર્વાદરૂપ ગણનાર લલિતભાઇ તો પુત્ર દીપકને એમ જ કહે કે સાહેબજીની કૃપાથી આત્મા ને શરીરનું ભેદજ્ઞાન આ બિમારીને કારણે જ મને પ્રત્યક્ષ થયું છે. નહીંતર હું એ અનુભવ રસ પીવામાંથી તો બાકાત જ રહી જાત! અજાહરા તીર્થમાં જેઓ સાથે અન્ય સાધકોએ પણ અનેક પારલૌકિક અનુભૂતિઓ કરી હતી તેવા તેઓ ધ્યાનમાં ખૂબ આગળ વધેલા પરંતુ પ્રચારમાં ઓછું માને. એકવાર પ્રશ્ન થયો તેઓના મનમાં કે: 'શત્રુંજયના સિદ્ધક્ષેત્રમાં કરેલ તપ, સાધુ વૈયાવચ્ચ કે પ્રતિષ્ઠાદિ પુણ્યકાર્યોનું ફળ અનેકગણું કેમ?' ત્યારે તેઓએ ગિરિરાજની તળેટીમાં મહિનાઓ સુધી રહી અવિરત રાતો સાધના કરી. તેના ફળસ્વરૂપે તેઓને દાદા શ્રી ઋષભદેવથી માંડીને કરોડો આત્માઓની ઓરા એવી સ્પર્શી કે 'શત્રુંજય મહાત્મ્ય' અને 'શત્રુંજય લઘુકલ્પ'માં લખેલ દરેક વાતો યથાતથ સત્ય જ છે તેની પ્રતીતિ થઇ ગઇ.

વિચારરત્નોનો નિત્યનૂતન ભંડાર ખોલતા-ખોલતા પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ દરેકને વિનામૂલ્યે અને વાત્સલ્યપૂર્વક પોતાનો સ્નેહખજાનો પણ ઉપહાર રૂપે દેતા આવ્યા ને પિંડવાડાનું ચાતુર્માસ પૂર્ણ થયું. ઠાણાઓઠાણંના વિદાય પ્રવચનમાં તેમણે સંઘ સમક્ષ ઉત્તમ વિચારો મૂક્યા:

''નવકાર મંત્રની ભાવથી પ્રાપ્તિ થવી તે ચિંતામણી રત્ન કરતા પણ વધુ કિંમતી છે. તેનાથી પ્રભુ સાથે એક્તાનતા સાધજો. નવપદજી મહારાજાનું ધ્યાન પણ નિયમિત ધરજો. ૐ હ્રીં નમો અરિહંતાણં થી શરુ કરી ૐ હ્રીં નમો તવસ્સ સુધીના નવપદની ૯ માળાનો નિત્ય જાપ કરજો. તેનાથી આપણને જે શાંતિ મળે છે તે વિશ્વના સર્વજીવોને મળો એવી ભાવના સાથે રોજ 'મોટી શાંતિ' નો પાઠ પણ કરજો. રોજેરોજ સ્વદોષ ગર્હા અને સુકૃત્યોની અનુમોદના કરવાપૂર્વક યથાશક્તિ પ્રભુ આજ્ઞાનું પાલન કરજો. તે જ આ દુષમકાળમાં તરવાનું આલંબન છે. પંચસૂત્રના પ્રથમ સૂત્રને રોજે મંત્રરૂપ માનીને ભણવાથી મંત્ર ચૈતન્યનો લાભ થાય છે તો તે ભણજો. બહારના જે કાંઇ સારા-નરસા બનાવો બને તે પૂર્વકૃત આપણા જ શુભાશુભ કર્મના વિપાકરૂપ છે તેમ સમજી માધ્યસ્થ ભાવ કેળવજો.

ધર્મમાં કેવળ પુરુષાર્થ જ કાર્યકારી બને છે. કર્મકૃત ભાવો ઉપર મનુષ્યનું કાંઇ ચાલતું નથી એ જ્ઞાન સમતાભાવને અખંડ રાખે માટે જ્ઞાનસારમાંથી 'કર્મ વિપાક' ચિંતવજો. શરીર પુદ્ગલ છે. પુદ્ગલનો સ્વભાવ જ પૂરણ-ગલનનો છે. તેથી શરીર જ્યારે સ્વભાવ મુજબ વર્તે ત્યારે પણ 'મારા આત્માએ શુદ્ધ ઉપયોગમાં રહેવાનો સ્વભાવ શા માટે છોડવો' એ વિચાર કરી તે મુજબ અનુસરજો.

અશુભ ધ્યાનથી બચવા શુભ ધ્યાન માટે જિનમૂર્તિ ને જિનાગમ રૂપ બંને આલંબનો સેવવામાં સતત ઉદ્યમશીલ બનજો. રોગ એ પણ એક પરિષહ છે એમ માની અશાતાવેદનીય કર્મને સહન કરતા નિજ આત્મામાં રમજો. ચિત્તની સમાધિ માટે સર્વ જીવો સાથે મૈત્રીભાવ સાધજો ને સંકલ્પ-વિકલ્પરહિત આત્માભાવમાં રમણતા કરવી એ જ જિનવચન પામ્યાનો સાર છે એ વચન યાદ રાખજો.''

પિંડવાડાથી સાહેબજીએ પ્રસ્થાન કર્યું ત્યારે જાણે સમગ્ર ગામનો પિંડ ધ્રૂસકે રોયો! પરંતુ નિષ્પરિગ્રહી પંન્યાસજી મહારાજે તો તેઓના સ્નેહ, અહોભાવને પણ જાણે પરિગ્રહ માની તેનો ત્યાગ કરી, વિહારમાં પ્રયાણ કર્યું! સાહેબજીના પુણ્યદેહે અવારનવાર ઉભી થતી ગઇ તકલીફો. લાંબો વિહાર તો થાય એમ જ ન્હોતો. આથી સંવત ૨૦૨૮ અને ૨૦૨૯ (ઇ.સ.૧૯૭૨ અને ૧૯૭૩)નો બહુધા સમયખંડ તેઓનો સત્સંગ પામવા લુણાવાનો સંઘ ભાગ્યશાળી બન્યો. એક જંગમ વિશ્વમહાવિદ્યાલય અને અધ્યાત્મના અક્ષયપાત્ર સમા પૂજ્ય પંન્યાસજી મહારાજનું આવી માંદગીમાં પણ સંકલેશ વિનાનું ચિત્તરત્ન જોઇ લુણાવાના સંઘજનો તથા તબીબો આશ્ચર્યાન્વિત થયા.

સાહેબજીની સેવામાં ખડે પગે તૈયાર રહેતા ડૉ. ગંગાસિંહજી, મુંબઇના ડૉ. કીર્તિભાઇ, ડૉ. ભણશાળી, ડૉ. શરદભાઇ શાહ, અમદાવાદના ડૉ. મનુભાઇ શાહ, ડૉ. રસિકભાઇ પરીખ ઉપરાંત અન્ય સેવાભાવી તબીબોને સાહેબજીનું પરીક્ષણ કરવા માટે ધીખતી પ્રેક્ટીસ છોડીને આવા સંતની સેવા માટે આવવું તે જાણે ગૌરવની બાબત હતી. કોઇ ઈલાજ માટે સર્વાનુમતે નિર્ણય લેવાનો થાય ત્યારે પણ બધા તબીબો એકબીજા સંગે વિચાર-વિમર્શ કરવા રાજી રહે. આ સૌમ્ય આનંદમૂર્તિના દર્શન-વંદન કરીને તો સ્વયં તેઓનું ભાવ આરોગ્ય વધુ પુષ્ટ બને. ઉપચાર માટે જ્યારે સહવર્તી મહાત્માઓ પૂજ્ય પંન્યાસજી મહારાજને તેમનો મત જાણવા પૃચ્છા કરે તો સાહેબજી સસ્મિત ઉત્તર આપે:

''જે કરવાથી સત્ય, શુભત્વ ને શિવત્વને હાનિ ન થાય એવા ઉપચારો કરવામાં મને બાધ નથી!''

આત્મિક સુખ પ્રાપ્તિ માટે વિભાવદશાનો સર્વથા ત્યાગ કરી, સ્વભાવ દશામાં કઇ રીતે જવું અને જીવનને જ સ્વયં એક તપ તરીકે કઇ રીતે જીવવું તે સમજતાં આ જ્ઞાનાચાર તીર્થ પાસેથી સૌ!

શ્રમણોત્તમની પ્રાસાદિક ભાષામાં વહેતી દેશના હવે ક્યારેક ધીમી પડતી પરંતુ બંધ ન થતી અહીં લુણાવામાં. જિનશાસનની પ્રભાવના કર્યા વિના મારું આજનું સર્વ ઉપરનું ઋણ કઇ રીતે હું ચૂકવી શકીશ તેની ચિંતા રહે પૂજનીય પંન્યાસજી મહારાજને.

नमस्कार समो मंत्र न भूतो न भविष्यति । એમ કહી નવકારના પ્રથમ પદનો વિસ્તાર કરવાનું ચાલુ કરી દે. એ રીતે જિનેન્દ્રોના ચરણોમાં કરાયેલી ભાવસ્તુતિનો સંતોષ માણે તેઓ. સાહેબજીના દર્શન-શ્રવણ કરનાર તો તેઓની અનુપ્રેક્ષામાં શબ્દસૌંદર્ય સાથેના અર્થચાતુર્યનું આયોજન જોઇ ઓવારી જાય.

એક-એક પદના અર્થનું રહસ્યોદ્ઘાટન થતું જાય ને તેના ગૂઢાર્થનું ચિત્તહર-મનોહર રસદર્શન થતું જાય ત્યારે સૌને થવા માંડે કે આજ સુધી જાણે અમે ધર્મ રૂપી વૃક્ષના પાંદડે પાણી પાયું, પણ મૂળસિંચનનો માર્ગ હવે ખૂલ્લો થયો! મનોભૂમિ ફળદ્રુપ બને ને શુભ સંકલ્પબીજનું વાવેતર થવા માંડે લુણાવાના કેન્દ્રમાં આવેલા ઉપાશ્રયને છોડતા પૂર્વે જ.

ગુરુ મહારાજના જ્ઞાનદીપનો સંયોગ થવાથી સૌનું આંતરતમસ ઉલેચાવા માંડયુ. ગુણવિકાસે સાતત્ય રહે તે હેતુથી પોતાના વિશિષ્ટ શ્રાવક ભક્તોનું પણ દૂરદૂરથી આવાગમન ચાલુ જ રહ્યું. ગુણસૌરભથી મ્હેંક્તા આ ઉપાશ્રયેથી કોઇને ઘરે પરત ફરવાનું મન ન થાય. સદા યે વાતાનુકુલિત રાહતમાં રહેતા અનેક શ્રાવકોને પણ લુણાવા ગામની ગરમી અકળાવે નહીં તેના કારણ રૂપે સાહેબજીની શીતળ વાણીની સરવાણી અને સમતામયી આચરણની લ્હાણી જ હોય. હરેક ક્ષણે જાણે ઉજવાય અહીં સમતા પર્વ. અનાસક્તિ પર્વ. સાધનામગ્ન એવા તેઓની અપ્રમત્ત આરાધનાના શુભ અધ્યવસાયનું ઘૃત સૌનો અંતરંગ દીવો એવો તો પ્રગટાવે કે બાહ્યાંતર અજવાળા-અજવાળા થઇ જતા સૌ અનુભવે!

લુણાવા ગામના લગભગ ૬૦ વર્ષ પ્રાચીન ચૌમુખજી શ્રી આદિશ્વર ભગવાન, પદ્મપ્રભુજી, શાંતિનાથજી તથા વાસુપૂજ્યસ્વામીજીના જિનોલયોની છત્રછાંયામાં નમસ્કાર મહામંત્ર સમારાધક એવા પૂજ્ય પંન્યાસજી મહારાજને શાતા વળી ને તેથી સાધનાભૂમિ પણ બની આ લુણાવાની જ. તેમની અધ્યાત્મ સાધનાની વાતો સાંભળીને બાલી, રાતા મહાવીરજી, સાદડી, ફાલના આદિ ગામોમાંથી ભાવિકોનો પ્રવાહ આવે અને આ પ્રશાંત પાવન મૂર્તિનું દર્શન કરતો રહે તેવું બનવા લાગ્યું. બાલીથી લુણાવા જતા પશુચિકિત્સક ડૉ. ચંદ્રપ્રકાશજી જૈનને બે પ્રૌઢ જર્મન ભાઇઓ લુણાવા ગામે સાહેબજી પાસે જવાની વાતો કરતા સંભળાયા. તેથી પૂછ્યું તેમણે: 'આપ તો વિદેશી છો. ગુરુ મહારાજનો પરિચય ક્યાંથી?'

જવાબ મળ્યો: 'એમની પાસે જે જ્ઞાન છે તેમાંથી ૧૦% સાહિત્ય પણ પ્રકાશિત કરીને જો 'નૉબેલ પ્રાઇઝ સમિતિ' સમક્ષ રાખવામાં આવે તો વિશ્વનું ઉચ્ચતમ સન્માનરૂપ એ નૉબેલ પ્રાઇઝ તેઓને જ મળી શકે તેમ છે.' આ સાંભળી તેમને મનમાં વિચાર જન્મ્યો કે: વિદેશ સુધી સાહેબજીની પ્રશસ્તિ પહોંચી છે પણ નિકટ રહેલા તેમના પૂર્ણ વિરાટ વ્યક્તિત્વથી કદાચ આપણે જ અનભિજ્ઞ રહી ગયા છીએ. બાલીથી લુણાવા તથા સેવાડી આ જ ડૉ. ચંદ્રપ્રકાશજી જૈન નિયત સમયે પશુઓની ચિકિત્સા કરવા રોજેરોજ આવાગમન કરે. ચારેક દિવસ પૂર્વે તેઓ નિયત સમયથી એક કલાક મોડા હતા.

રસ્તામાં તેમની ગાડીની અડોઅડ જોધપુરથી આવતી એક બસ આવીને ઉભી રહી. તેમાંથી બાલી નગરપાલિકાના પ્રશાસન અધિકારીએ બહાર આવી તેમને પૂછ્યું કે: 'આપ લુણાવા જઇ રહ્યા છો? તો આ ગ્રંથ પંન્યાસજી મહારાજને કૃપા કરી આપી દેશો કે?' તબીબ તો એ ગ્રંથ લઇ પહોંચ્યા લુણાવા.

પોતાનું કાર્ય પૂર્ણ કરી તેઓ સાહેબજીને વંદન કરવા ઉપાશ્રયમાં ગયા કિન્તુ એ ગ્રંથને પોતાની ગાડીમાંથી સાથે લઇ જવાનું વિસરાઇ ગયુ. દસેક મિનિટ સાહેબજી પાસે બેસી જેવા તેઓ ઉભા થવા ગયા કે સાહેબજીએ કહ્યું: ''જોધપુરથી આવેલ ગ્રંથ જો તમારી ગાડીમાં પડયો હોય તો મને દેતા જજો.'' તબીબના આશ્ચર્યની તો અવધિ ન રહી! પૂછાઇ જ ગયું: 'પણ આપને કઇ રીતે જ્ઞાત થયું કે મારી સાથે જોધપુરથી કોઇ ગ્રંથ આવ્યો છે?'

સહેલાઇથી તો જવાબ ન મળતા ખૂબ જ આગ્રહ કર્યા પછી ધીમી મુસ્કુરાહટ સંગે ઉત્તર મળ્યો: ''મેં એ ગ્રંથ જોધપુર યુનિવર્સિટીના વિભાગ અધ્યક્ષ દ્વારા ટેલીપથીના પ્રયોગથી મંગાવેલ છે.''

કચ્છ વાગડમાં ભીમાસર ગામના અભણ કહી શકાય તેવા શ્રી નારાયણ ચત્રભૂજ. તેઓ અહીં લુણાવામાં સાહેબજી પાસે આવીને કહે: 'સાહેબ, મારી આ માળા મંત્રિત કરી આપો.' સાહેબજીએ વિનંતીનો સ્વીકાર કર્યો. ગૃહે પરત ફરી તેઓ નિત્યમેવ એ મંત્રિત માળાથી નવકારના જાપ કરવા લાગ્યા. તેમની શ્રદ્ધાને કારણે એ પછી તેમનો એટલો તો જ્ઞાનનો ક્ષયોપશમ થયો કે તેમણે પદ્યમાં નવકાર આદિ સાહિત્યની અનેક રચનાઓ કરી ને તેઓ પાછળથી 'કવિ' તરીકે ઓળખાયા.

સંવત ૨૦૨૮ (ઇ.સ.૧૯૭૨)ના ધનતેરસના દિને અહીં સાહેબજીને પ્રથમવાર પ્રોસ્ટેટની તકલીફ એવી તો ઉભી થઇ કે એકાએક બ્લડપ્રેશર ખૂબ ઘટી ગયું. ડૉ. ગંગાસિંહજી ચૌહાણે તપાસતા નીચેનું લોહીનું દબાણ ફક્ત ૪૦ આવ્યું. 'તબિયત ઘણી જ ગંભીર ગણાય' એમ કહી ડોક્ટરે તો જાણે આ દસ જ મિનિટનો ખેલ બાકી છે એમ માની અન્ય મહાત્માઓને ચેતવી દીધા. સાહેબજી તો સંપૂર્ણ ભાનમાં ને મહામંત્રના તાનમાં! ડૉક્ટરને સ્વયં એટલું તો આશ્ચર્ય થયું કે ત્રણ વખત જૂદા-જૂદા સાધનોથી તપાસવા છતાં લોહીના દબાણમાં જરા યે ફેર નહીં. બહુ જ વિરોધાભાસી બે ચિત્રો હતા - આટલા ઓછા દબાણે કોઇ દર્દી સંપૂર્ણ સજાગ હોય ને વળી બીજા મહાત્માઓ જે આરાધનાના સૂત્રો સંભળાવે તેમાં યે કોઇ ભૂલ જણાય તો પોતે તરત જ તેની ભૂલ કાઢી ધ્યાન દોરે - સુધારે... તેવું બને નહીં!

થોડી વધુ સ્વસ્થતા આવ્યા પછી ડૉક્ટરે સાહેબજીને પૂછ્યું: 'આ સ્થિતિમાં પણ આપ કઇ રીતે આટલા સ્વસ્થ ને શાંત રહી શક્યા?' સાહેબજીની બદલે સમીપવર્તી ભક્ત શ્રી સી.કે.મહેતાએ ઉત્તર આપ્યો:

''ડૉક્ટર, શરીર ને આત્મા અલગ છે તેનો એમને સતત અનુભવ થાય છે. એ જાગૃતિ થકી ત્યારે પણ તેઓ આત્મામાં જ સ્થિર હશે. તમે તમારું કામ કરતા હતા - તેઓ તેમનું. સમગ્ર અસ્તિત્વને સમેટીને તેઓ આત્મામાં લઇ ગયા હશે. શરીરમાં થતી વેદનાનો એમને તો અનુભવ જ નહીં થયો હોય. તેથી જ સ્વમાં સ્થ રહી શાંતિથી પ્રભુનામ લઇ શક્યા હશે.''

જીવન આખું ય જેમણે નખશીખ ધર્મમાં ગાળ્યું હોય તેને જ આ શક્ય બની શકે એમ વિચારી ડૉ. ગંગાસિંહજી માટે ય આ અધ્યાત્મયોગી ભવરોગ મટાડવા માટેના મહાવૈદ્ય બની ગયા! જન્મ પછી મરણ કોને નથી? પરંતુ મૃત્યુ પૂર્વે જિનશાસન પામીને, આરાધીને જવાય તે જ બલિહારી છે તેવું ડૉક્ટરશ્રી પણ માનતા થઇ ગયા. ફરી આજ રીતે એકવાર ડૉ.ગંગાસિંહજીને બોલાવવા પડયા.

સાહેબજીને માત્રું થવું બંધ થઇ ગયેલુ. ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો ત્યારે જોયું કે એક સ્થાનિક તબીબ એનેસ્થેશીયા આપ્યા વગર જ નાની શસ્ત્રક્રિયા કરી કેથેટર મૂકી રહ્યા હતા.

સાહેબજીના મુખમંડળ ઉપર તેમણે દ્રષ્ટિ કરી તો આશ્ચર્યાન્વિત થઇ ગયા... કેમ કે ત્યાં વેદનાના રતીભાર ચિહ્નો ન હતા. ખરે જ સ્થિતપ્રજ્ઞ, અજપાજાપના સાધક, બેજોડ એવા આ અધ્યાત્મયોગીની નિઃસ્પૃહતાની પરાકાષ્ઠા લાગી તબીબને.

અન્ય સંપ્રદાયના વિદ્વાનો પંડિત દુર્ગાનાથજી કે પછી મુંબઇ યોગાશ્રમના યોગી શિવાનંદજી વગેરે પણ સાહેબજીની મુલાકાતે આવીને પોતાને કૃતાર્થ થયેલા માને. એમાં એકવાર તબીબ શ્રી કન્હૈયાલાલ કલ્લાજીને ચિકિત્સાના કારણે સાહેબજી પાસે જવાનું થયું. ઉપાશ્રયમાં પ્રવેશતા જ શાંતિ ને તપસ્યાની એક મૂર્તિના જ જાણે દર્શન થયા. સ્વાસ્થ્યને લગતી વાતો પૂર્ણ થયે ડૉક્ટર કલ્લાજીએ અનેક તર્ક-વિતર્કો સહિતના પ્રશ્નો પૂછ્યા જેનો સાહેબજીએ નિરાવેશ થઇ તર્કસંગત ઉત્તરો આપી તેઓને નિરાશંસ કર્યા. ઘણા કલાકોના વાર્તાલાપ પશ્ચાત્ એક અતિપ્રશ્ન પૂછ્યો કે જેનો ઉત્તર જ ન હોય. તે સ્વયંસિદ્ધ જ હોય. તેના સંદર્ભે સાહેબજીએ કહ્યું કેઃ ''તમે પાલી તમારા ઘરે પહોંચશો ત્યાં તમને હું આ પ્રશ્નનો ઉત્તર આપીશ.'' કાર્ય-કારણના સંબંધની શૃંખલાનો પણ એક અંત હોય છે તે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરાવીને પાછા આવતા ડૉ. કલ્લાજીને ઘરે પરત ફરતા હૃદયમાં પરમ શાંતિ અનુભવાતી લાગી. સાથે-સાથે ઉત્સુક્તા પણ હતી કે ઘરે પહોંચીને મને શો જવાબ મળશે?

સાંજ પડી. ઘરે પહોંચી ડૉ. કલ્લાજી પોતાના નિત્યક્રમ મુજબ ધ્યાનમાં બેઠા. થોડીવારે એક હલ્કો'શો ધ્વનિ સંભળાયો. ડૉક્ટરની આંખો આકસ્મિક રીતે ખૂલી ગઇ. સામે જુએ છે તો એક ખૂબ લાંબો હાથ તેમના તરફ લંબાયેલો. તેમાં એક નાનકડી ચિઠ્ઠી. એક વાક્ય લખેલું વંચાયુંઃ 'આ જ છે જૈન દર્શનનો પ્રત્યક્ષ ઉત્તર.' નિરખીને જોયું તો નિઃસંદેહ રીતે હતા તો અક્ષરો સાહેબજીના જ. પણ એ કેવી રીતે શક્ય બને? ડૉક્ટર કલ્લાજી અવસર મળ્યે સાહેબજીને મળવા ફરીથી ગયા. તેમને જોતાવેંત જ પૂજ્ય પંન્યાસજી મહારાજ બોલ્યાઃ

''કેમ કલ્લાજી! એ હાથ મારો જ હતો કે કોઇ બીજાનો?'' તેથી પુનઃ ચકિત થઇ તબીબે કહ્યુંઃ 'મહારાજજી, હાથ તો નિશ્ચય આપનો જ હતો પરંતુ તે પકડમાં ન આવ્યો!' આ સાંભળી સાહેબજીએ સહાસ્ય કહ્યુંઃ ''આવો. બેસો. હવે ચર્ચા કરીએ.''

એકવાર અહીં શ્રી સી.કે.મહેતા સાથે ડૉ. શરદ શાહ મુંબઇથી આવ્યા ને પોતાના ગમતા આ દર્દીને તપાસીને બેઠા. સાહેબજીએ ધીમેથી તેઓને કહેવા માંડયુઃ ''પૂર્વના ચારિત્રધર મહાપુરુષોના ગુણો ઉપરના અનુરાગથી જ આજે સહેલાઇથી તરી શકાય એવો માર્ગ ખૂલ્લો છે. જ્યાં-જ્યાં ગુણ અને ગુણીનો અનુરાગ બેઠેલો છે, ત્યાં-ત્યાં જિનશાસન કે પ્રભુનું શાસન અડોલ-અડગ રહીને સ્થિર ઉભું છે. આયુષ્ય ક્ષણભંગુર છે અને બોધિ દુર્લભ છે એ બે વસ્તુને સદા ય સ્મરણમાં રાખીને જો આપણું કર્તવ્ય કરીશું તો જ આ આત્મા ભવભ્રમણ નિવારી શકશે.

આપણને સૌને મોક્ષ માટે જોઇતા ૧૫ અંગોમાંથી ૧૨ અંગો તો મળી જ ગયા છે, હવે ત્રણ જ અંગો મેળવવાનો પુરુષાર્થ કરવાનો છે. એ ૧૨ અંગો એટલે ત્રસપણું, પાંચ ઈન્દ્રિયો, મનુષ્યપણું, આર્ય દેશ, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, પાંચે ઈન્દ્રિયોની પૂર્ણતા, નિરોગી શરીર, દીર્ઘ આયુષ્ય, ક્ષયોપશમ ભાવના જ્ઞાન, દર્શન અને ચારિત્ર. હવે માત્ર એ રત્નત્રયી – જ્ઞાન, દર્શન ને ચારિત્ર ને આપણે ક્ષયોપશમ ભાવમાંથી ક્ષાયિક ભાવના કરવાના છે. તે માટેના ઉદ્યમમાં પણ જો આપણે પ્રમાદ કર્યો તો અનંતકાળ સુધી હવે આ દુર્લભ સામગ્રી ફરી મળશે કે નહીં તે પ્રશ્ન છે!'' વિશ્વવિખ્યાત એવા આ તબીબ સાથે સાહેબજીની આસપાસ નજીક બેસી ગયેલા દરેક મહાત્માઓ કે અન્ય શ્રાવકો પણ આ દેશના પામી ધન્ય બન્યા! સાહેબજીએ અંતમાં ઠાણાંગ સૂત્રની આઠમી ગાથામાં કહ્યું છે તેમ ઉમેરણ કર્યું:

सुयाणं धम्माणं ओगिण्हणयाए उवधारणयाए अब्भुट्ठेयव्वं भवति ।

સાંભળેલા ધર્મને ગ્રહણ કરીને તેનું આચરણ કરવા તત્પર રહેવું જોઇએ.

ખરે જ, જ્ઞાનાદિગુણોના ને ક્ષમાદિધર્મના ધારક એવા આ ગુરુવર્યશ્રીની અજોડ હિતશિક્ષાને તત્પરતાથી પામવાની યોગ્યતા વિકસાવવા સૌ પ્રાર્થના કરવા લાગ્યા. બીજા દિવસે વ્યાખ્યાનમાં અમદાવાદના શ્રાવક ભક્ત શ્રી ચંદ્રકાંતભાઇએ પૂછ્યું: 'સાહેબજી, સાચા મનુષ્યની વ્યાખ્યા શું?' સાહેબજીએ ટૂંકાણમાં સુંદર જવાબ આપ્યો: ''ઉત્તરાધ્યયનની ચૂર્ણીના તૃતીય પ્રકાશમાં કહ્યું છે તેમ:

मनसि शेते इति मनुष्यः ।

જે મનમાં સૂઇ જાય છે (જે ચિંતનમાં લીન રહે છે) તે મનુષ્ય છે.

મનુષ્યનું મન જ બંધન ને મોક્ષના કારણ રૂપ છે. જે અન્ય કાંઇ ચિંતવ્યા વિના શાસ્ત્રનું જ ચિંતન-મનન કરે તે સાચો સત્ત્વશાળી મનુષ્ય.'' પોતાના ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય કે દૈવી શ્રમણના ચરણોમાં બેસીને પોતાનું સત્ત્વ કઇ દિશામાં ફેરવવું તેનું જ્ઞાન મળી રહ્યું છે એવુ વિચારતા સૌ વિનંતી કરે કે સાહેબજી, હવે શ્રમ પડશે. થોડીવાર પછી બીજા પ્રશ્નોના જવાબો આપજો. પરંતુ પંન્યાસપુંગવ શ્રુતરત્ન નિત્યમેવ દરેકના આત્માના તારકની ભૂમિકામાં એવા તો રમમાણ હોય કે પોતાના તનનો થાક તો તેઓને વરતાય જ નહીં. ભારતીય યોગીઓની વિશ્રુત પરંપરામાં શિરમોર ગણાય તેવા આ ગુરુપ્રવરે પોતાના સ્વાસ્થ્યને પરમશક્તિના હાથમાં સોંપી દીધું હતુ. એ જ પરમશક્તિએ શ્રી સી.કે.મહેતા ને બે વર્ષ પૂર્વે પ્રથમ વાર સ્ફૂરણા કરી કે જેમનો સમય લેવા માટે મુંબઇના દર્દીઓએ ૩૦ દિવસ સુધી રાહ જોવી પડતી હોય છે તેવા ડૉ. ભણશાલીને ગુરુ મહારાજ સમીપ લઇ આવવા. એટલે પળવારે ય ગુમાવ્યા સિવાય તેમણે એમ કર્યું. મુંબઇથી ઉદયપુર પ્લેનમાં ને ત્યાંથી ટેકસીમાં લુણાવા ગામને શોધતા-શોધતા ડૉક્ટર સાહેબ તો આવી પહોંચ્યા.

આ વેળાએ ત્યાં હાજર હતા પૂજ્ય પંન્યાસજી મહારાજનું નાનામાં નાની વસ્તુથી દરેક મોટી વસ્તુ સુધીનું ધ્યાન રાખનાર પૂજ્ય મુનિવરશ્રી વજ્રસેનવિજયજી આદિ મહાત્માઓ તથા સ્વયં શ્રી સી.કે.મહેતા, જેમણે ફાલના જઇને ડૉક્ટર સાહેબને ફોન કરીને ફક્ત સંદેશામાં કહેલ કે: 'અહીં ગુરુ મહારાજ માટે આપની સેવાની જરૂર છે. આપ વહેલામાં વહેલા ક્યારે આવી શકો? વળી રાજસ્થાનનું આ નાનકડું ગામ શોધવામાં પણ ક્વચિત્ આપને તકલીફ પડે. માટે મને જણાવો તો ત્યારે આપને માટે અમદાવાદ કે ઉદયપુરથી અહીં લઇ આવવા માટે ગાડીની વ્યવસ્થા કરાવી દઉં.'

પરંતુ આટલા પ્રખ્યાત ને કૌશલ્યવાન ડૉક્ટર ભણશાલીએ તો નમ્રતાથી કહી દીધું હતું: 'સી.કે., તમે ચિંતા ના કરો. હું મારી જાતે પહોંચી જઇશ.'

...અને મુંબઇની બધી જ નિયત મુલાકાતો મુલતવી રાખીને તરત જ અહીં આવીને ઉત્તમ સારવાર આપી. એ પછી કાયમ 'સાહેબજી તમને યાદ કરે છે' એટલું જ કહેતાની સાથે તેઓ પોતાના મહત્ત્વના કાર્યો બાજુ ઉપર મૂકી દઇને સાહેબજી જ્યાં હોય ત્યાં આવવા નીકળી પડે. સાહેબજીની સાધનાની ને સાત્ત્વિકતાની એટલી તો ઊંડી અસર તેઓને પણ પડેલી કે ગુરુભક્ત બનીને ડૉક્ટર પોતે રોજ ૧૦ બાંધી નવકારવાળી ગણવા માંડયા.

અહીંયા આવી પોતાના સ્થિતપ્રજ્ઞ ગુરુદેવને જોઇ ચરણોમાં નમી પડે આ ડૉક્ટર ભણશાલી! પોતાના આ દર્દી બીજા હજાર દર્દીઓ કરતા અલગ છે એવું તેઓ જાણે. પોતાના શરીરની વેદનાની અસર જાણે થતી જ ના હોય તેમ સહિષ્ણુતા ધારણ કરી એ જ ખળખળ વાત્સલ્યધારા વહેતી હોય સાહેબજીની આંખોમાંથી! બધું તપાસી, સારવાર-દવા વગેરેનું સમજાવી, તેઓ પાસે શાંતિથી બેસે આ તબીબ.

એકવાર તેમણે બીજા એક ડૉક્ટર વિશેષજ્ઞને લઇને ફરીથી પંદરેક દિવસ પછી આવશે તેમ જણાવી ગુરુ મહારાજની આંખોમાં આંખ પરોવીને આશ્વાસન આપ્યું કે:

'તમને કાંઇ જ નહીં થવા દઉં - હજુ હું બેઠો છું ત્યાં સુધી તો નહીં જ.'

સંવત ૨૦૨૮ના દિવાળીના દિવસોમાં પણ સાહેબજીના ભક્ત શ્રાવકો કે તબીબોને ઉત્સવોની ઉજવણી કે પરિવાર સાયુજ્ય કરતા ગુરુ મહારાજ પાસે તેમની નિશ્રામાં રહેવા મળે એ જ સુઅવસરનું ટાણું લાગે! કારતક સુદ ચૌદસનો એ દિન હતો. ભવિતવ્યતા એવી થઇ કે મુંબઇની ટાટા હોસ્પીટલમાં પોતાના કોઇ દર્દીને જોવા ગયેલા ડૉ. ભણશાલીને ત્યાં જ હૃદયનો ભારે હુમલો આવ્યો અને તેઓનું દેહાવસાન થયું. ફરીથી લુણાવા પહોંચી ગયેલા શ્રી સી.કે.મહેતાને આ વાત સાહેબજીને કેમ કહેવી તેની વિસામણ થઇ. પરંતુ સ્વાસ્થ્ય, મનની સ્થિતિ વગેરે જોઇને મુનિવરશ્રી વજ્રસેનવિજયજીની સંમતિ મેળવી સુશ્રાવક ચીમનભાઇએ આસ્તેકથી રહીને સંભાળપૂર્વક આ વાત કહેવી શરુ કરી:

'આવતી કાલે ડૉક્ટર ભણશાલી મુંબઇથી અહીં આવવાના હતા તેથી ઘરે શ્રાવિકાને મેં આજે ફાલના જઇને ફોન કરેલો. કારણ કે અમુક વસ્તુઓ અને અન્ય દવા વગેરે તેમની સાથે અહીં મોકલવા બાબત વાત કરવી હતી. પરંતુ કાન્તુએ તો એક બહુ જ દુઃખદ સમાચાર આપ્યા.' આ સાંભળતા જ હવે બહુધા મૌનધારી એવા પંન્યાસજી મહારાજે પ્રશ્નાર્થ નજરે ફક્ત ઊંચે જોયું. બીજા બે મહાત્માઓ પણ એ જોતા નજીક સરકી આવ્યા. વાત આગળ વધારી:

'ડૉ. ભણશાલી આજે ટાટા હોસ્પીટલમાં પોતાના કોઇ દર્દીને તપાસવા ગયા ત્યાં જ હૃદયરોગનો હુમલો થતાં તેઓનું દુઃખદ અવસાન થયું છે.' સૌની નજર પૂજ્ય પંન્યાસજી મહારાજ ઉપર હતી. તેઓને આઘાત લાગે તો કઇ રીતે પહોંચી વળાશે તેની ચિંતામાં હતા સૌ. પરંતુ પ્રભુ-પ્રભાવિત સમત્વી આત્મા કોઇ પણ સારી-માઠી ઘટનાથી પ્રભાવિત ન થાય. પૂજ્યશ્રી ફક્ત એટલું જ ધીરેકથી બોલ્યા:

''સાધુની સેવા કરતા-કરતા ગયા.''

લુણાવાના ઉપાશ્રયનો એ ખંડ પણ સાહેબજીના અનાસક્તિના આ આંદોલનો ઝીલી બડભાગી બન્યો! શાશ્વતીના લયમાં જે કાંઇ થાય છે તે યોગ્ય જ થાય છે તેવી શ્રદ્ધેયતા સાથે જીવતા આ પાવક આત્માને વંદી તેમના આભામંડળમાં સૌ આપાદમસ્તક નાહી રહ્યા! ભગવાન વસી ગયા હતા તેઓના હૃદયમાં, જ્યારથી તેઓ બાળક નામે 'ભગવાન' હતા ત્યારથી જ! તેમને કોઇ ઘટના નિર્ભાર બની રહેવામાંથી ચ્યૂત કરી શકે ખરી? ના, નહીં જ.

રાધનપુરના ડૉક્ટર શ્રી પન્નાભાઇએ અચંબાભરી વાત કહી એકવાર: 'મારો અનુભવ છે કે સાહેબની નાડી મેં જેટલી વાર તપાસવા હાથમાં લીધી છે, મને તેમાંથી કોઇ રોગ પકડાવાને બદલે તેમાંથી 'અરિહંત - અરિહંત' નો નાદધ્વનિ જ સંભળાયો છે.'

સંવત ૨૦૨૮ના ચાતુર્માસ પછી તરત જ લુણાવામાં ઉપધાન તપના મંડાણ થયા. શાહ હિંમતમલજી રૂપાજી પરિવાર તરફથી ખૂબ ઉચ્ચતર ભાવમાં ૩૦૦ આરાધકોએ પૂજ્ય સાહેબજીની પાવક નિશ્રામાં આરાધના કરી. સૌ સાધકોને સાહેબજીની વાણીનું જાણે વળગણ લાગી ગયેલુ:

''અધ્યાત્મના અગમપંથે વધવા સૌએ સ્વ-પરને વિસરીને મૈત્રીભાવ આરાધવો જરૂરી છે. સ્વને ભૂલવાનો છે કારણ કે તે અપૂર્ણ છે. તે કર્મથી પરાધીન પણ છે. અનિત્ય સંસારમાં રોજ તમારે વિચારવાનું છે કે: અધ્યાત્મના ધવલ અજવાસનો ઝળહળતો પ્રવેશ મને ક્યારે વધુ શાંત બનાવશે? સર્વ શુભ તત્ત્વોને ગ્રહણ કરવાની પાત્રતા મુજમાં ક્યારે પ્રગટશે? અજ્ઞાનાવસ્થાના અનેક ભ્રમ વિદારી ક્યારે નિરાશંસ સત્ય મળશે? યથાર્થ બની ક્યારથી હું જગત મારો સ્વીકાર કરે તેમાં રાજીપો ને અસ્વીકારથી નારાજગી અનુભવવાનું બંધ કરીશ?''

સાહેબજીની આવી વાણી તેમની જ આંતરિક ઋદ્ધિના દર્શન કરાવે. વળી તે તેમની તારકતા, મોક્ષસાધકતા ને નિષ્પરિગ્રહી સત્ત્વશીલતા જોવા માટે ય સુલભ બનાવે. ઉપધાન સંપન્ન થતા સૌને લાગ્યું કે સદ્દગુરુની વિચારબારીમાંથી વૈશ્વિક ચેતનાનું આકાશ જોવાનો લાભ મળ્યો. ઉપધાન તપ પછી લુણાવાથી વિહાર કરી સેવાડી જતા રાહમાં મર્ગેશ્વર ગામ આવે. ગ્રામ્યજનોએ સાહેબજીને પસાર થતા જોઇ વિનંતી કરી: આપ અમને પણ વ્યાખ્યાન સંભળાવો. સાહેબજી તો પરહિતકાંક્ષી જીવ! પોતાની મધુર વાણીથી પર્વત સમાન ઊત્તુંગ વાતોથી સદ્દધર્મનું દાન કર્યું. સૌ ધન્ય થઇ ગયા.

મહાન યોગીપુરુષોની નાની-નાની વાતો છાની હોય પણ બહાર આવે તો રિદ્ધિવંત ભક્તશ્રાવકો પણ આનંદાશ્ચર્ય પામે. તેમાંથી ઉપદેશ પામી વર્ષીતપ, સિદ્ધિતપ, શ્રેણીતપ, ૧૬ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૫૦૦ આયંબીલ, નવપદજીના નવ અઠ્ઠમ, ઉપધાન તપ મૂળવિધિથી તથા આજીવન નવપદજીની વિધિસહિત ઓળી આદિ કરનાર તપસ્વીઓને જોઇ સર્વ સાધર્મિકો અચંબો પામે. પ્રભુમાર્ગના આવા અજોડ પ્રણેતા હોય તેના અનુસરનાર સૌભાગી પથિકો પણ ધર્મરમણતામાં લીન થવાનો જ પ્રયત્ન કરતા હોય ને? ભક્તિ અને વિરતિનો સમન્વય જોવા મળે સાહેબજીની પરિસર! શબ્દનું સામર્થ્ય અને મૌનનો મહિમા બંને એકીસાથે દર્શાવી શકે સાહેબજી! સૌ ઇચ્છી રહે કે અધ્યાત્મના આ મહાસૂર્યમાંહેથી અમે દિવ્ય તેજ ગ્રહીને કોડિયા રૂપે પણ ગુણ અનુસંધાન રચીને જ્યોતિ બની અહીંથી વિદાય પામીએ તો આગળની કેડી આનંદમયી બની શકે. સાહેબજીના શાશ્વત મંગલ મધુર સહસ્ર આશીર્વચનો પામવા સૌ દોડી-દોડીને તેથી જ તેઓના પ્રવચનો સુણવા પહોંચે.

परोपकाराय सतां विभूतयः ।

મહાન પુરુષોનું સમગ્ર જીવન જગતના
જીવોના કલ્યાણ અર્થે જ હોય છે.

“શાસ્ત્રોમાં કહ્યું છે કે समत्वं योगं उच्यते । જીવ જ્યારે મન-વચન-કાયાથી સર્વાંગપણે ‘સમ’ પરીણામવાળો બને છે ત્યારે પ્રતિક્ષણ નવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોને પામે છે. સમતા એ પરમેષ્ઠી થવાની સાધના છે, માટે તેને સાધવી.”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૬ | ધન્ય શ્રમણ – ધન્ય શ્રદ્ધા

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

શોહામણું આ સેવાડી તીર્થ ફાલનાથી ૧૬ કિ.મી. ને બાલીથી ૧૧ કિ.મી. દૂર. આ પ્રાચીન તીર્થનું બાવન જિનાલય ઘણુ જ રમણીય ભાસ્યું સાહેબજીને. સંવત ૧૧૭૨માં મૂળનાયક તરીકે સોળમા શ્રી શાંતીનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા આ જિનાલયમાં થયેલ. તેની ગભારાની કલાકારીગરી શ્રી પંન્યાસજી મહારાજના મનને મોહાવી ગઇ. ૧૬ વિદ્યાદેવીની પ્રતિમાજીઓ તથા કુબેરયક્ષની પ્રાચીનતા પણ કોઇથી અછતી ન રહી. થોડે દૂર આવેલ બીજા 'વાસુપૂજ્ય વાટિકા' નામક સુંદર દેરાસરમાં ય મનની શાંતિમાં વૃદ્ધિ થતી ભાળી સૌએ.

સેવાડી તીર્થમાં સાહેબજીએ જે એક મહિનાની સ્થિરતા કરી એમાં એકદા તેઓ એક શિષ્ય સહ બહારે સ્થંડિલ જઇ રહ્યા હતા. ખુશનુમા વાતાવરણમાં ચોમેર પ્રગાઢ નિરવતા ને પ્રસન્નતા ફેલાયેલ. મંદ ગતિથી સાહેબજીએ આગળ પગલા માંડતા એકાએક ખૂલ્લા ચોગાનમાં નજર પડી. પગ થંભી ગયા. ત્યાં બે ગધેડા નિજાનંદમાં મગ્ન રહી ચરી રહ્યા હતા. તે તરફ અંગૂલિનિર્દેશ કરી સાહેબજીએ સાથે રહેલ મુનિશ્રી જયભદ્રવિજયજીને કહ્યું: ''મનુષ્યો આમને કેટલી બધી મજૂરી કરાવે છે. વળી હદ ઉપરાંતનો ભાર પણ ઉપાડાવે છે. છતાં જૂઓ, તેઓ કેવા મસ્તીથી ચરી રહ્યા છે. તિર્યંચ ગતિમાં ઠંડી કે ગરમીની કાંઇ ફરિયાદ થઇ શકે છે? બસ, સદા પરિસ્થિતિને સ્વીકારી સંતોષથી જ જીવે છે તેઓ. જ્યારે માનવીઓને તો કેટલી બધી અનુકૂળતાઓ મળે છે તે છતાં દરેક વખતે તેને ઉણપ જ લાગે છે. ખરું જોતા સંતોષ જ જીવન છે. આપણે સૌ માનવીઓ આમનામાંથી કંઇક શીખીએ તો પણ ઘણું છે.''

સાહેબજીને નિમિત્તોમાંથી અધ્યાત્મગગનમાં વિહાર કરવાનું કારણ જડી જ જાય. તોલી-તોલીને બોલે.

વળી ઓછા શબ્દોમાં પત્રો લખી સામેવાળાનાં સાધના માર્ગો પણ ખોલી આપે. પર્યુષણ જેવો ઉત્સાહ પ્રસરી ગયેલ સુંવાળા સેવાડી તીર્થમાં! જ્યાં સંચરે તે ગામમાં બધા ફિરકાઓમાં અપૂર્વ ભાવથી તેમની ગુણગરિમા ગવાય. તેઓની ક્રિયા-ભાવની શુદ્ધિથી સર્વે આકર્ષાય. મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી, આનંદઘનજી ને દેવચંદ્રજી મહારાજાની ત્રણ ચોવીશીનું સાહેબજીને અનેરું આકર્ષણ.

ભગવદ્‌ભક્તિ અને ભવવિરક્તિનું કારણ તે સ્તવનો બને. પાંચમા એવા કઠણ આરામાં ચોથા આરાની કોઇ વિભૂતિ અહીં ભૂલી પડી હોય તેવું લાગે. દેવાધિદેવ પરત્વેનો રાગ જેટલો અખંડ એવો જ દેહાધ્યાસનો ત્યાગ તેઓનો! દેશ-પરદેશથી જ્યારે સાહેબજી પાસે ભાવિકો ખાસ નવકાર ગ્રહણ કરવા આવે તે હવે પછી ક્યારેય દુર્ગતિના ખાડામાં તો ન જ પડે તેવો પુરુષાર્થ દિવસ-રાત રહે તેઓનો!

પૂજ્ય પંન્યાસજી મહારાજના હસ્તે વાસક્ષેપ નખાશે તો મારું સુદીર્ઘ તપ નિર્વિઘ્ને પૂર્ણ થશે એવી શ્રદ્ધા સાથે પણ લોકો દૂર-સુદૂરથી આવે. ઘરે પરત પહોંચી ઉલ્લાસથી તપ પૂર્ણ કરે. આવું સ્વાનુભવે અનુભવી ભાવુકો બીજી વાર આવે ત્યારે હોંશેથી વિગતવાર વાત કરી શ્રદ્ધા વૃદ્ધિ અનુભવે.

ઘણા યોગીઓ, સાક્ષરો, ચિંતકો આવી તેમની પ્રાણાધિક વ્હાલી મૈત્રીની ભાવનાને સમજે. જિજ્ઞાસુને આપવામાં કદાપિ તેઓને શ્રમ લાગે જ નહીં. બાટલીબોયવાળા શ્રી પ્રતાપભાઇ ભોગીલાલના ભાઇશ્રી મહેશભાઇ આત્મસાધના અંગે માર્ગદર્શન લેવા થોડા દિવસો અહીં સેવાડી ગામમાં જ રોકાયા. પૂજ્ય પંન્યાસજી મહારાજના કહેવાથી તેમણે 'પ્રશમરતિ'નો અંગ્રેજીમાં અનુવાદ પણ કર્યો. કોઇપણ પ્રચાર-પ્રસાર વિના પણ સાહેબજીની આસપાસ રહેવા માટે ભાવિકો દૂર-દૂરથી આવ્યા કરે.

રાજકોટના શ્રી શશિકાંતભાઇ મહેતાએ એકવાર પ્રશ્ન પૂછ્યો: 'સાહેબજી, સંઘનો કોઇ પ્રશ્ન સુલઝે નહીં ત્યારે આપ શું કરો?' સસ્મિત વદને ઉત્તર મળ્યો: ''પ્રભુ પાસે જાઉં અને સમાધાન મેળવી લઉં. ન મળે ત્યાં સુધી પરત ન ફરું. અને પ્રભુ પાસેથી મળેલો જવાબ દરેકને સંતોષ પ્રદાન કરે જ. તેથી પ્રશ્ન સૂલઝી જ જાય!''

વંદન હો અગણિત, એ પ્રભુ ઉપરની શ્રદ્ધાને નિત-નિત!

સાહેબજીનું સ્વાસ્થ્ય નરમ-ગરમ રહે તેથી ઘણીવાર એવુ બને કે તેમની નિશ્રામાં રહીને, તેમની કાળજી ને વૈયાવચ્ચ કરીને, ગામે-ગામથી તબીબો લઇ જઇને હજુ તો તેઓના પરમ વિશિષ્ટ શ્રાવકો પોતાના ઘરે પહોંચ્યા જ હોય, ત્યાં ફરીથી જો સમાચાર મળે કે સાહેબજી જરાક ઢીલાશ અનુભવે છે, તો સૌને રાજસ્થાનના એ ગામડાઓમાં ફરીથી પહોંચી જવાનું મન થઇ જાય!

વળી તેઓની શ્રાવિકાઓ પણ જીદ કરીને સાથે જાય કે જેથી તે ગામની બહેનોને મળીને અનુકૂળ ગોચરી બનાવતા શીખવી શકાય. શ્રાવકોએ નક્કી જ કરી લીધું હતું કે હવેથી કોઇએ ને કોઇએ તો સાહેબજીની સમીપ તે ગામમાં રહેવું જ. તેમના 'સેક્રેટરી મહારાજ' તરીકે હવે ઓળખાવા માંડેલા શિશુશિષ્ય મુનિવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબજીનું પાકીટ સંભાળે. તેઓનું પત્ર સાહિત્ય, દવા આપવાની સમયસારિણી વગેરે વ્યવસ્થિત સાચવે. આ શ્રાવકોના અહીં રહેવાથી તેમને પણ રાહત રહે તથા અન્ય દરેક સંઘોને સાહેબજીના સ્વાસ્થ્ય સમાચારો પણ મળતા રહે.

સૌ ભક્ત શ્રાવકોને થાય કે વીસમી સદીના પ્રથમ હરોળના અધ્યાત્મયોગી પંન્યાસજી મહારાજે જે રીતે શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરી એક પ્રખર તત્ત્વચિંતક તરીકે શ્રી નમસ્કાર મહામંત્ર, નવપદજી તથા જીવમૈત્રીની ભાવનાના અહાલેક અને આહ્લાદ્ શ્રી જિનશાસનમાં જગાવ્યા છે, તેનો પ્રત્યુપકાર વાળવા આપણા સો-સો જન્મો પણ ઓછા પડે! તેઓની સાધના સંપન્નતા ને પરહિતચિંતા સદાકાળ પ્રશસ્ય છે. તેઓની કાયોત્સર્ગ સાધના અને અરિહંત ઉપાસના સદાકાળ અનુકરણીય છે.

સેવાડી તીર્થનું પ્રાચીન નામ શતવાટીકા. પૂર્વે ચૌહાણ રાજા શ્રી કટુરાજના સેનાપતિ શ્રી યશોદેવે અહીંના જિનાલયના એક ગોખલામાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવ્યાનો સંવત ૧૧૭૨ના શિલાલેખોમાં ઉલ્લેખ છે. તે પૂર્વે મૂળનાયકજી તરીકે અહીં ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીજી બિરાજમાન હતા. સંવત ૧૨૩૮ના એક તામ્રપત્રમાં સો જેટલી વાવ ધરાવનાર આ સમૃદ્ધ સમીપાટી અથવા શતવાટીકા ગામના અનિલ વિહારમાં ભગવાન શ્રી પાર્શ્વનાથનું ચૈત્ય હોવાના ઉત્કીર્ણ ઉલ્લેખો પણ અહીં મળ્યા છે. પાલી જિલ્લાના આટલા પ્રાચીન કલાત્મક અને ઐતિહાસિક તીર્થ એવા સેવાડીને છોડીને જવાનું મન પૂજ્ય પંન્યાસજી મહારાજને જરા ય ન હતું, પરંતુ શ્વેતવર્ણના સોહામણા શાંતિનાથદાદાની રજા લઇ બાવન જિનાલયો પરત્વે બહુમાનભરી દ્રષ્ટિ નાંખીને, સ્વાસ્થ્યની જાળવણી અર્થે અન્ય મહાત્માઓનું મન રાખવા સાહેબજીએ સેવાડી તીર્થ છોડયું.

સાહેબજી જ્યારે વિહારની વિદાયવેળાનું માંગલિક બોલે ત્યારે તો સૌના કર્ણયુગલમાં નવકારના પ્રતિધ્વનિ પડઘાયા જ કરે ને ગયા પછી તેમના પુનિત ચરણારવિંદો નીચેની ભૂમિને લોકો વંદનાપૂર્વક બહુમાન કરતા ય જોવા મળે. સાહેબજીની નિશ્રામાં એ પછી નવકાર આરાધકો તરફથી રાણકપુરજીમાં ૯ લાખ નવકારનું અનુષ્ઠાન થયું. વિહાર કરી સૌ લુણાવા પરત ફર્યા. એક ઉમદા વિચારક, સુલેહકારક, અતંદ્રચેતનાના વાહક, તત્ત્વ રહસ્યોના ધારક, શ્રી સિદ્ધચક્રજીના પરમ ચાહક, અનુપ્રેક્ષાકારક થઇને મુમુક્ષુઓના તારક બન્યા સાહેબજી.

સંવત ૨૦૨૯ (ઇ.સ.૧૯૭૩)માં લુણાવાના ચાતુર્માસમાં સાહેબજીએ ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અધ્યાય ઉપર વ્યાખ્યાનો કર્યા. આ વર્ષે બિલકુલ વરસાદ જ ન થયો. શ્રાવણ સુદ ચૌદસ સુધી એક ટીપું પણ બારિશનું પડેલું નહીં. સહુને સાહેબજીએ ઉપાય બતાવતા સૂચવ્યું: ''સામુહિક રીતે ખીરના એકાસણા ને નવકારના જાપ કરાવી શકાય.'' રસ્તો મળતા જ ૬૦૦ સાધર્મિકોના એકાસણા તુરંત નક્કી થઇ ગયા.

સાહેબજી પોતે ત્યારે નબળી તબિયતને કારણે બે સમયના વ્યાખ્યાનો તો આપી શકે નહીં, પરંતુ આવી પ્રેરણાઓ અવશ્ય કરે. હજુ તો સંકલ્પ જ કર્યો અને સવાર પડે તે પૂર્વે તો આખી રાતમાં ૧૫ ઈંચ પાણી પડી ગયું. ચિક્કાર પાણીમાં લુણાવા ગામ બેટ બની ગયું. એ પછી પર્યુષણમાં ય વરસાદ તો ચાલુ જ હતો. પ્રથમ દિવસના વ્યાખ્યાન પહેલા સુધી ઉપાશ્રયમાં પાણીનો ખૂબ ચૂવાક થાય.

પરંતુ જેવું સાહેબજીએ માંગલિક શરુ કર્યું કે ઉપાશ્રય સાવ કોરો. એક બુંદ પણ એ પછી પાણી અંદર ન પડે. રોજ ૩ કલાક વ્યાખ્યાન ચાલે. બે વારના પ્રતિક્રમણો થાય. આઠે દિવસની અતૂટ ને અખૂટ આરાધના થઇ. છેલ્લા દિવસે સંવત્સરી પ્રતિક્રમણ પૂર્ણ થયું અને સૌએ બે જ મિનિટ પછી જોયું તો ઉપાશ્રય ભીનો! આખા હોલમાં ફરીથી પાણી-પાણી થઇ ગયું. ભાદરવા સુદ દસમના લોકો પાણીના સુકાળથી - અતિવૃષ્ટિથી કંટાળીને ફરી આવ્યા પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે. પ્રશ્નનો પ્રકાર સાંભળીને સાહેબજીએ હસીને કહ્યું: ''સામુદાયિક આયંબીલ કરાવવાથી પુણ્યવૃદ્ધિ થાય અને તમારો સંકલ્પ પાર પડી વરસાદ બંધ થઇ શકે.'' બીજા જ દિવસે ઉલ્લાસપૂર્વક ૪૦૦ આયંબીલ થયા. સાંજે પ્રતિક્રમણ પછી ૭ વાર શાંતિપાઠ બોલવાનું સૂચન હતુ તેઓનું. એ પછી તરત જ વરસાદ બંધ થઇ ગયો! બારસથી તો સાવ ઉઘાડ થઇ ગયો - આકાશમાં અને લોકોના મનમાં પણ!

न गुरोः अधिकं तपः । न गुरोः अधिकं तत्त्वः ॥

પરમ ગુરુથી વધીને નથી કોઇ તપ, કે નથી કોઇ તત્ત્વ!

આવી વિભાવનામાં શ્રદ્ધા રાખતા શ્રેષ્ઠિવર્ય જિનશાસન સ્નેહીશ્રી કસ્તુરભાઇ પણ પંન્યાસજી મહારાજને વંદન કરવા સમયાંતરે આવતા રહે. ગ્રામજનો આ મહાનુભાવને જોઇને વિચારે કે આવા મહાજનો જો સાહેબજીના દર્શનાર્થે આવે છે તો આ ગુરુ તો કેટલા બધા મહાન હશે! શ્રી કસ્તુરભાઇનો જન્મ ઇ.સ.૧૮૯૪માં અમદાવાદના નગરશેઠ ઝવેરી પરિવારના શ્રી મોહિનીબેન અને લાલભાઇ દલપતભાઇના દ્વિતીય પુત્ર તરીકે થયેલો. મોગલો, મરાઠાઓ ને બ્રિટીશરો પણ તેમના પૂર્વજોને અત્યંત માન આપતા. પરદાદા શ્રી શાંતિદાસ ઝવેરી તો અકબર રાજાના દરબારના મુખ્ય ઝવેરી હતા. શ્રી કસ્તુરભાઇના દાદાજી શ્રી દલપતભાઇ ભગુભાઇ ઇ.સ.૧૮૭૦થી સુતરાઉ કાપડના ધંધામાં અગ્રેસર રહેલા. પિતાશ્રી લાલભાઇએ ઇ.સ.૧૮૯૬માં હીરા-ઝવેરાતના વારસાગત ધંધા ઉપરાંત 'સરસપુર કોટન મીલ' નામે વેપાર વિકસાવી સ્વદેશી ચળવળમાં પણ અગ્રિમ કક્ષાના સ્વાતંત્ર્ય સેનાની તરીકે ભાગ લીધેલ. ઝવેરીવાડના આવા ગર્ભશ્રીમંત જૈન પરિવારમાં જન્મીને પણ શ્રી કસ્તુરભાઇએ પ્રાથમિક શિક્ષણ અમદાવાદની મ્યુનિસિપાલીટીની શાળામાં જ લીધેલું જેથી સામાન્ય લોકોની સાધારણ જીવનશૈલીનો ખ્યાલ.

સત્તરમા વર્ષે ગુજરાતી કોલેજમાં શિક્ષણ કાર્ય હજુ તો શરુ કર્યું, ત્યાં પિતાજી લાલભાઇનો દેહાંત થયો. પિતાની રાયપુર મીલ્સ સંભાળવા ભણવાનું છોડી ઇ.સ.૧૯૧૫માં શારદાબેન સંગે પરિણયસૂત્રે બંધાઇ શ્રેણિકભાઇ તથા સિદ્ધાર્થભાઇના પિતા થવાનું તેમણે સદ્ભાગ્ય મેળવ્યું. અમદાવાદમાં પોતાની ૭ કાપડ મીલો ધમધમતી હોવા છતા ૩ વર્ષ પર્યંત વિધાનસભાના સભ્ય બની ઔદ્યોગિક ફેરફારો થકી વિશ્વભરમાં ડંકો વગાડયો. પિતાશ્રી લાલભાઇ દલપતભાઇના નામે અનેક શિક્ષણ સંસ્થાઓ ખોલીને જૈન હસ્તપ્રતોના સંમાર્જન ને સંવર્ધનનું કાર્ય પણ હાથમાં લીધુ.

પણ એ પહેલા ઇ.સ.૧૯૨૫થી ૩૦ વર્ષની યુવાન ઉંમરે જૈન તીર્થોના સુવહીવટ અર્થે તેઓએ 'શ્રી આણંદજી કલ્યાણજી પેઢી'નો વહીવટ હાથમાં લઇને રાણકપુર, દેલવાડા, ગિરનારજી, તારંગા, શત્રુંજય સમા અનેક તીર્થોનો જિર્ણોદ્ધાર કરાવ્યો. ધીમે-ધીમે નાના-મોટા અનેક પ્રાચીન તીર્થોના સુવહીવટ માટે ઇ.સ.૧૯૬૦થી તેઓએ વેપારનું કામકાજ ઓછું કરી જિનશાસનની સેવાનું જ કાર્ય ઉપાડી લીધું.

શ્રી કસ્તુરભાઇ અમદાવાદથી રાણકપુર તીર્થના કામે જવા નીકળેલા ત્યારે લુણાવામાં સાહેબજી અસ્વસ્થ છે એવા સમાચાર મળતા જ તેઓ અહીં ખબર કાઢવા પધાર્યા. ઉપાશ્રયમાં જોયું કે સાહેબજી તો પ્રસન્ન વદને સ્વાધ્યાય કરે છે. મહાત્માઓ તથા શ્રાવકોએ દૂર ખસી જઇ વાતો કરવા માટે અવકાશ આપ્યો જિનશાસનના રક્ષકોને. શ્રી કસ્તુરભાઇએ વાત માંડી:

''સાહેબજી, જૈન સંઘની અમુક વર્તમાન પરિસ્થિતિ અંગે મારા હૃદયમાં ઊંડુ દુઃખ રહ્યા કરે છે. આપનું પુણ્ય સમગ્ર સંઘોમાં ઘણું છે. આપ આ વિષયમાં મહેનત કરો તો જરૂર એકતાનો સુવર્ણ સૂરજ ઊગે. શું આપ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સાથે વાત કરીને નિવેડો ન લાવી શકો?'' જે આચાર્યશ્રીનું નામ લીધેલ, તેમનું જ નામ લઇને સાહેબજીએ પ્રત્યુત્તર દેતા કહ્યું: ''કસ્તુરભાઇ, જૈન સમાજમાં જેમ એ પૂજનીય આચાર્ય મહારાજશ્રીનું પુણ્ય તપે છે, તે જ રીતિએ તમારું પણ અનુપમ વિશિષ્ટ કોટિનું પુણ્ય તપે જ છે. તમે એવો પ્રયત્ન કરો કે તમારા બંને વચ્ચેનું અંતર ઓછું થાય તે માટે અવારનવાર મળવાનું ગોઠવો. તમે બન્ને જેટલા વિષયમાં એક, એટલો જ જૈન સંઘ એક.''

ઓછા શબ્દોમાં મોટા દ્વાર ખોલી નાખ્યા ઉકેલના પૂજ્ય પંન્યાસજી મહારાજે. શ્રી કસ્તુરભાઇ સમા શ્રેષ્ઠીને પણ સાહેબજીની અનેક વાતો આમ જ સચોટ રીતે બેસી જાય. વળી ઘણીવાર મુલાકાતોની પંદર મિનિટોમાં કદાચ કાંઇ જ વાતો ન થાય, ત્યારે તેમનું મૌન પણ એટલું જ સચોટ રીતે સમજાઇ જાય. ચેતનાના ઉજ્જવળ રંગોમાં ઝબકોળાઇને આવી કેટલીયે મુલાકાતો શાશ્વતીના વહેણમાં અભિરામ સુંદર સ્મૃતિઓ મૂકી ગઇ. તેનું અવિરામ સ્મરણ આજે પણ ઘણાંયની સ્મૃતિસંદુકોમાં અકબંધ છે. દર્શન ને શ્રવણરમ્ય આવી પળોનું અસંગ અનુષ્ઠાન મંડાય ત્યારે તો કાળ પણ જીવંત થઇ જ જાય તે નિર્વિવાદ છે.

परस्पृहा महादुःखम् निःस्पृहत्वम् महासुखम् ।

બીજાની પાસેથી કરવી અપેક્ષા, કારણ બને મહાદુઃખનું;<br>
નિઃસ્પૃહ થઇ ગાળવું જીવન, કારણ બને મહાસુખનું!

સંવત ૨૦૨૯ (ઇ.સ.૧૯૭૩)ના ચાતુર્માસ પશ્ચાત્ શ્રેષ્ઠી બંધુઓ ભીખમચંદજી તથા શ્રી ચુનીલાલ હંસાજી પરિવાર તરફથી અહીં લુણાવા તીર્થ મધ્યે ઉપધાન તપના મંડાણ થયા.

અસ્વસ્થ હોવા છતાં આ મહાતપના ૨૦૦ આરાધકોને અધ્યાત્મની મહેંકનો અભિષેક કરાવ્યો સાહેબજીએ. અનુષ્ઠાન સંપન્ન થયા પછી માળારોપણ બાદ ક્ષેત્રસ્પર્શનાનો યોગ ઉપડયો તીર્થક્ષેત્ર મૂછાળા મહાવીરજીનો. દક્ષિણ રાજસ્થાનમાં અરવલ્લીની પહાડીઓના ૧૩ શિખરોની વચ્ચે જંગલમાં સ્થિત ને જેની અતિ પ્રાચીનતાનું પ્રમાણ પણ મળતું નથી તેવું આ મૂછાળા મહાવીરજી તીર્થ ઘાણેરાવથી ૫ ને રાણકપુરથી ૨૪ કિ.મી. દૂર આવેલું ગોડવાલની પંચતીર્થીમાંનું એક છે.

આ અદ્ભૂત મહિમાવંત દેરાસરના ચોક, મંડપ, સ્તંભો, ભમતી અને બહારના ૨૪ જિનાલયોના શિખરો ઉપર ઉત્કીર્ણ કોતરણી પ્રેક્ષણીય છે. તીર્થ પ્રવેશ વેળાએ બે વિશાળ કદના પાષાણમાં કોતરેલા ગજરાજોએ દ્વાર ઉપર જ સૌનું સ્વાગત કર્યું. ૪૮ ઈંચના પદ્માસનસ્થ મહાવીરપ્રભુની શ્વેત પ્રતિમાજીના દર્શન કરી સૌ મહાત્માઓના હૃદય ભક્તિભાવથી ઉભરાઇ રહ્યા.

ઉપાશ્રયમાં જઇ સૌ ઠરીઠામ થયા ત્યાં તો ફાલનાથી પાઠશાળાના ત્રીસેક બાળકો પંન્યાસજી મહારાજના દર્શનાર્થે આવ્યા. ઉપાશ્રય કિલબિલાટથી ભરાઇ ગયો. મોટેથી વંદન કરતા 'સ્વામી શાતા છે જી?' એમ જ્યારે સહુ એકસાથે બોલ્યા ત્યારે તો નાના મહાત્માઓની અશાતા એમ વિચારીને જ વધી ગઇ કે થાકેલ સાહેબજીથી આ ઘોંઘાટ કેમ કરીને સહન થશે? પરંતુ આ શું? અહીં તો દ્રશ્ય સાવ અલગ જ હતું. સાહેબજીએ વંદન પછી બધાને પાસે બોલાવી વાતો કરવી શરુ કરી: 'મહારાજ, અમે ઘાણેરાવ, બાલી, સાદડી, નાડલાઇ અને નાડોલ તીર્થોની પંચતીર્થી કરવા ફાલનાથી નીકળ્યા છીએ. આપ અહીં છો તેમ ખબર પડી તેથી વંદન કરવા આવ્યા. રાત ઘાણેરાવ રોકાશું અને કાલે સાંજે તો બધા ઘરે!'

બાળકોની કાલીઘેલી વાણીથી પ્રસન્ન થયેલા સાહેબજીએ આટલું સાંભળી પ્રશ્ન કર્યો: ''કોઇને ખબર છે ખરી કે આ ભગવાનનું નામ કેમ 'મૂછાળા મહાવીરજી' પડ્યું છે?'' બધાએ એક્કી સાથે જવાબ આપ્યો: 'ના... આ... આ!' ૩૦ બાળકોએ એક્કી અવાજે ને મોટ્ટા સાદે એવી રીતે ના પાડી કે સહવર્તી મુનિવરો તેમને ધીમેથી બોલવા માટે સમજાવવા આવી ગયા સમીપ. ઈશારાથી જ પૂજ્ય પંન્યાસજી મહારાજે 'તમે તમારો સ્વાધ્યાય કરી શકો છો' એમ ઇશારાથી સમજાવી તેઓને પરત મોકલી દીધા ને કુતૂહલથી રાહ જોઇ રહેલા બાળકો સમક્ષ વાત માંડી:

''બહુ વર્ષો પહેલા મેવાડમાં ઉદયપુરના રાણા જંગલમાં શિકાર કરવા નીકળેલા. જંગલમાં મંગલ સમાન આપણું આ તીર્થ અને દેરાસર જોઇ ઘોડો ઉભો રાખી તેઓએ અંદર આવી વૃદ્ધ પૂજારીજી પાસે પીવાનું પાણી માંગ્યું. મેવાડના રાણાને આવેલા જોઇ પૂજારીજીએ તો આનંદમાં આવી જઇ જલપાન કરાવી કહ્યું કે: 'તમારા કપાળે આ કેસરનું તિલક કરું છું. એ પછી તમે અંદર મારા મહાવીર ભગવાનના દર્શન કરવા પધારો, રાણાજી!' કપાળે તિલક કરતી વેળાએ રાણાએ જોયું કે કેસરની વાટકીમાં એક નાનકો શો વાળ છે. તેથી મશ્કરીના સૂરમાં કહ્યું કે: 'શું તમારા મહાવીર ભગવાનને મૂછો પણ છે?'







સંવત ૧૧૭૨માં મૂળનાયક તરીકે સોળમા શ્રી શાંતીનાથ પ્રભુજી જ્યાં પ્રતિષ્ઠિત છે તેવા સોહામણાં આ સેવાડી તીર્થમાં ઈ.સ.૧૯૭૨માં એક માસની સ્થિરતામાં સાધના કરવા પધાર્યા પૂજ્ય સાહેબજી.

અરવલ્લીની પહાડીઓની વચ્ચે જંગલમાં સ્થિત પ્રાચીન તીર્થ એટલે શ્રી મૂછાળા મહાવીરજી. પદ્માસનસ્થ શ્રી મહાવીર પ્રભુજીની દાઢી-મૂછ સાથેની આ પ્રતિમાની ઐતિહાસીક કથા સાહેબજીએ બાળજિજ્ઞાસુઓને કહી.

પોતે શું જવાબ આપે? તેથી પૂજારીથી તો ભક્તિભાવે બોલાઇ ગયું કે: 'હા, અમારા ભગવાન તો મૂછાળા છે.' રાણા તો સમજી જ ગયા કે ફક્ત ભાવપૂર્વક આમ બોલે છે પૂજારીજી. પરંતુ તે મશ્કરીને આગળ વધારતા તેમણે કહ્યું: 'સારું, તો શિકારમાંથી જ્યારે આજથી ત્રીજે દિવસે હું પરત ફરું ત્યારે તારા આ ભગવાનના દર્શન કરવા અંદર આવીશ. જો ત્યારે મૂછ વગરના ભગવાન હશે તો ખેર નથી તારી.' આટલું સાંભળીને પૂજારીજી તો ભયથી કાંપવા લાગ્યા.''

એક્કાન થઇ સાંભળતા આ બાળટોળકીનું દ્રશ્ય હવે જ ખરું જોવાલાયક બની ગયું હતું. બાપ રે, શું થશે હવે એ પૂજારીજીનું? તેની ચિંતા સૌના મુખ ઉપર દેખાઇ. 'જલ્દી આગળની વાત કહો' તેવી ઈંતઝારીનો અંત આણવા સાહેબજીએ સહેજ થાક ઉતારી ફરી દોર સાંધ્યો: ''હે ભગવાન! રાણાને તો તમારી મૂછો જોવી છે. હવે શું થશે? તે વિચારથી વૃદ્ધ પૂજારીજીની આંખોમાંથી આંસુ વહેવા માંડયા. 'હે પ્રભુ! તમારે તો મૂછો નથી જ... અને મારાથી ભૂલમાં આમ બોલાઇ ગયું છે. હવે ૩ દિવસ પછી આપને જ્યારે રાણા આ સૌમ્ય રૂપમાં જોશે ત્યારે મારી તો ઠીક, જૈન ધર્મની પણ નામોશી થશે. અરે... રે...! પ્રભુ હવે તમે જ મદદ કરો.' એમ કહી દિવસ-રાતના જાપ કરવા લાગ્યા પૂજારીજી.

ત્રીજા દિવસની સવાર પડવા આવી. ભયથી થરથર કાંપતા પૂજારીજીએ વિચાર્યું:

રાણા પાસે મારા ધર્મની હિલના થાય તે કરતા તેઓ આવે તે પહેલા જ મારું બલિદાન દઇ દઉં. તેથી બાજુમાં રહેલ ભૈરવની મૂર્તિમાંથી તલવાર કાઢી લઇ જેવું પોતાનું માથું વાઢવા ગયા કે ત્યાં જ સ્વયં શાસનદેવ પ્રગટ થયા. તેઓએ કહ્યું કે: 'આજે રાણા આવે તે પહેલા પ્રભુજીની ઉપર એક કપડું ઢાંકી દો અને પછી તેમને જ એ કપડું ખોલવા માટે કહેજો.' આટલું કહીને શાસનદેવ તો થઇ ગયા અલોપ! થોડીવાર થઇ અને ખરેખર જ પધાર્યા રાણાજી. પ્રભુજી પાસે લઇ જઇ કપડું હટાવવાની વિનંતી કરી. પૂજારીજી પોતે પણ ચિંતામાં હતા કે શું થશે? લાજ રહી તો જશે ને? ત્યાં જ રાણાએ ગભારામાં પૂજાના વસ્ત્રોમાં અંદર જઇ અવિશ્વાસ સાથે પેલું કપડું ખેસવ્યું... અને જે દ્રશ્ય જોયું તેનાથી તો બંને હતપ્રભ થઇ ગયા! જુએ છે કે મહાવીર સ્વામીજીને તો ફક્ત મૂછો જ નહીં, લાંબી દાઢી પણ હતી!''

સાહેબજીના મુખેથી આ સાંભળતા જ બધા બાળકોએ મોટ્ટેથી હર્ષની કિલકારીઓ સાથે તાળીઓ પાડી. કેટલાંક બાળકોની આંખોમાંથી તો આનંદના આંસુ વહેવા માંડયા. પાઠશાળાના શિક્ષકે માંડ સૌને શાંત કર્યા... ને સાહેબજીએ છેલ્લે ઉમેર્યું: ''રાણાજીએ તો આ ચમત્કાર જોઇને તરત પ્રભુની અને વૃદ્ધ પૂજારીજીની માફી માંગી. જૈન ધર્મ ઉપરની તેઓની શ્રદ્ધા વધી ને પસ્તાવો કરતા જેવા દેરાસરની બહાર ગયા ત્યાં પ્રભુજીના દાઢી-મૂછ ગૂમ! પણ ત્યારથી જ આ ભગવાનનું નામ 'મૂછાળા મહાવીરજી' પડયું. ભાવભક્તિપૂર્વક પ્રભુ પાસે જિનશાસનની રક્ષા માટે જે પ્રાર્થના કરો તે સફળ થાય જ છે. બાળકો, શ્રદ્ધા કેવું કામ કરે છે તે જોયું ને?''

બધા બાળકોએ કોરસમાં જવાબ આપ્યોઃ હા... આ... આ... ! "તો બાળકો, આપણા ધર્મને આગળ વધારી જિનશાસનની રક્ષા માટે તમે બધું જ કરી છૂટશો ને?" સર્વેએ હોંશે-હોંશે હા પાડી ને સાહેબજીનું માંગલિક સાંભળીને વિદાય થયા. સાહેબજીની કેસર-બરાસ સમી આ વાત કાયમ માટે ઘુંટાઇ ગઇ કિલ્લોલતા આ બાળમાનસમાં!

પંન્યાસજી મહારાજને બાળકો સાથે બાળક જેવા બનેલા જોવાનો આ એક લ્હાવો જ હતો! વિહારના થાકને ગૌણ કરીને ૨૧,૦૦૦ વર્ષ સુધી ધર્મધૂરા જેઓના હાથમાં રહેવાની છે તે બાળકો અને યુવાનોના મૂળમાં જ સિંચન કરવાની તેમની નેમ હતી. 'શ્રી નવપદ આરાધક સમાજ'ના સ્થાપક એવા પંન્યાસજી મહારાજની નિશ્રામાં સંવત ૨૦૩૦ (ઇ.સ.૧૯૭૪)ની ચૈત્ર માસની શાશ્વતી ઓળીનું અહીં જ આયોજન થયું. ભાવભેર લાભ લેનાર હતા શા.કસ્તુરચંદજી ભીખાજી. શ્રી મૂછાળા મહાવીરજી તીર્થમાં ૭૦૦ તપસ્વીઓની ઓળી થઇ. ગયા વર્ષે રાતા મહાવીરજી તીર્થમાં શા.જુહારમલજી પ્રતાપજી તરફથી થયેલ ઓળીમાં ભાગ લીધેલ ૬૦૦ તપસ્વીઓને સાહેબજીનો એવો તો રંગ લાગી ગયેલ કે તેમની નિશ્રામાં ઓળી કરવા બને તેટલા સહુ ફરીથી પધાર્યા ને એક વિશેષ ઉજમણું પણ ભળ્યું.

સાહેબજીની પાવનકારી નિશ્રામાં શ્રીમદ્ બાપજીમહારાજ સમુદાયના આચાર્યશ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાથે પોતાના તપોરત્ન શિષ્યો શ્રી પ્રદ્યોતનવિજયજી, શ્રી કલ્યાણપ્રભવિજયજી તથા શ્રી જયમંગલવિજયજી મહારાજોની ૧૦૦ ઓળીની પૂર્ણતાનું ભવ્ય ઉજમણું કરવાનું નિર્ણિત થયું.

૫૧ છોડ સહિતની ભવ્યાતિભવ્ય ઓળીની આરાધના સંપન્ન થઇ ત્યારે નવપદજી ભગવાને સર્વના મનોમાલિન્યને જાણે હરી લીધા અને એક દિવ્ય હળવાશ સૌ તપસ્વીઓને વરતાઇ. ક્રમશઃ પુણ્ય એવા ઉદયમાં આવ્યા કે સાહેબજીના નવપદજી ઉપરના ગુણાનુરાગને તેઓના ૯ શિષ્ય-પ્રશિષ્યોએ જીવનમાં ઉતારી ૧૦૦ ઓળી પૂર્ણ કરી. સાહેબજીએ અહીં દેશના વખતે કહ્યું:

"શ્રી દેવચંદ્રજી મહારાજ ૨૨૦ વર્ષ પૂર્વેની તેમની ચોવીસીના પદમાં ગાય છે તેમ:

મનમોહન જિનવરજી! મુજને અનુભવ પ્યાલો દીધો રે!
પૂર્ણાનંદ અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઇ પીધો રે.

તેઓએ જેમ સાધના, તપ અને ભક્તિ દ્વારા તીર્થંકર સાથેનું દેશ-કાળનું અંતર તોડી નાંખી અનુભવ ગોચર દિવ્ય રસ પીધો, તે જ રીતે આજે પારણું કરતી વખતે પણ જીવનનો સૌથી મધુરો રસ પ્રભુપ્રેમનો રસ છે તેમ તમે સૌ પણ ચિંતન કરી અનુભવજો. વળી નેમિનાથજીના તેમના જ સ્તવનમાં કહ્યું છે તેમ ત્યાગીને સવિ પરપરિણતિ રસ રીઝ જો, જાગી છે નિજ આત્મ અનુભવ ઈષ્ટતા જો. નવપદજી આરાધનાથી સ્વરૂપની અનુભવ પ્રાપ્તિના માર્ગે સૌનું પ્રયાણ થાઓ."

પંન્યાસજી મહારાજને ઉજમણાંના હર્ષમાં તો ખબર ન પડી, પણ હવે તેઓની તબિયત વધુ નરમ થઇ. પોતાના શરીરને પાડોશી માનનાર સાહેબજીને તેની નરમ તબિયત વેળાએ પણ તેમાં ખાસ રસ નહીં. તે કાર્ય તબીબોએ ઉપાડી લીધુ હતું. સાહેબજી તો 'પોતાના ઘરમાં' જ ધ્યાનલીન રહે.

પાલી જિલ્લાનું મુંડારા ગામ. ખૂબ જ શ્રદ્ધાળુ જૈન સંઘ. ત્યાંના શ્રેષ્ઠીઓ ૨૭ કિ.મી. દૂર રહેલા મૂછાળા મહાવીરજી તીર્થમાં રહેલ પૂજ્ય પંન્યાસજી મહારાજને ચાતુર્માસ માટેની વિનંતી કરવા પધાર્યા. મુંડારા સંઘની આગ્રહભરી વિનંતી જોઇ અનુમતિ આપી અને તેઓ સૌ આ જૈનશાસનના ઝવાહરને વધુ સારી રીતે કેમ પોતાના સંઘમાં સાચવી શકાય તેની મંત્રણાઓ કરતા વિદાય થયા.

સંવત ૨૦૩૦ (ઇ.સ.૧૯૭૪)નું ચાતુર્માસ ખૂબ જ સુંદર રીતે મુંડારામાં શરુ થયું.

''પરહિતનો વિચાર કરવો ને પરદોષદર્શન ન કરવું તે જ વિશ્વશાંતિ સ્થાપવાની ગુરુ ચાવી છે.'' તેમ કહેતા સાહેબજીએ અહીં મુંડારા સંઘની દેશનામાં ઉમેર્યું કે:

''દેહાધ્યાસ નિવારણનો ઉપાય નામ આદિ નિક્ષેપો વડે થતી પ્રભુ ભક્તિ છે. 'નમો અરિહંતાણં' પદને મુખ્ય બનાવી મહત્તમ જાપ થાય તે કર્મનિર્જરા માટે સહાયક છે. એક 'નમો' પદમાં જ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને શરણગમન એમ ત્રણે પદાર્થોનો સંગ્રહ થઇ જાય છે. પાપનો અનુબંધ ટળે, પુણ્યનો અનુબંધ પડે અને નિર્ભયતા પ્રાપ્ત થાય એવું આ પદ છે. નવકારની ધૂન મનમાં સતત ચાલુ રાખવી. સંતિકરંનો મૂળમંત્ર ગણવાનું પણ ચૂકાવું ન જોઇએ. જન્માવસ્થા, રાજ્યાવસ્થા અને છદ્માવસ્થા દ્વારા પ્રભુનું પિંડસ્થ ધ્યાન કરવુ. પદસ્થ ધ્યાન માટે પ્રભુનું નામ, મંત્ર, સ્નાત્ર આદિ આલંબનો ધરવા. રૂપસ્થ ધ્યાન માટે સમોવસરણ અને અષ્ટપ્રાતિહાર્યો આદિનું આલંબન લેવું અને રૂપાતીત ધ્યાન પ્રભુના ગુણોના ચિંતનથી શક્ય બને તો આત્મા ઘણો પ્રસન્ન થાય. એકાગ્રચિત્તે નવકારનું સ્મરણ, નવપદજી ધ્યાન, જીવરાશિ પ્રત્યેના સ્નેહ પરિણામનો વિકાસ, પરોપકાર, તપ, સ્વાધ્યાય વગેરેથી ભાવિત થવાથી ચિત્ત ઉપશમ ભાવમાં સ્થિર રહેશે.''

પાર્થિવી, આગ્નેયી, વાયવી, વારુણી તથા તત્ત્વ ભૂ - એમ પાંચ ધારણા દ્વારા સાહેબજીએ પિંડસ્થ ધ્યાન કરાવીને તે દ્વારા મોક્ષસુખની ઝાંખી પણ કરાવી આરાધકોને. એ ઉપરાંત પૂજ્ય આચાર્યશ્રી સિંહતિલકસૂરીશ્વરજી રચિત 'પરમેષ્ઠી વિદ્યામંત્ર કલ્પ'માં દર્શાવ્યાનુસાર વર્ણમાતૃકાનું ધ્યાન સાતે ચક્રમાં ને વળી નવકાર મહામંત્રના અક્ષરોના ધ્યાનની સાથે મંગલમય કલશાકૃતિ, કલ્પવૃક્ષાકાર ને ચક્રાકાર સહ શ્રી સિદ્ધચક્ર યંત્રાધિરાજનું ધ્યાન પણ સમજાવ્યું સૌને પ્રભુના સદા તત્પર સેવક સાહેબજીએ.

પોતાની નરમ તબિયતે પણ પૂરતી જાગૃતિ સહ પૂજ્ય સાહેબજીના આવા તત્ત્વલક્ષી વ્યાખ્યાન સૂણી સૌ વિરતિના વૃંદાવનમાં સ્વરૂપની સૌરભ માણી રહે.

એકવાર પૂજ્ય મુનિશ્રી કલ્યાણસાગરજીને ૨૭ મણકાની શ્યામવર્ણની માળાની જરૂર પડી. તેમની આવશ્યકતા જાણીને સાહેબજીએ તરત કહ્યું: ''મારી પાસેની આ શ્યામ સૂતરની માળા તમને આપી દેવામાં મને કોઇ બાધ નથી. હું પોતે જે ત્રણ મંત્રોની માળા આની ઉપર નિત્ય ગણું છું તે મંત્રો જો તમે રોજ ગણવાની બાહેંધરી લેતા હો તો પ્રસન્નચિત્તે તે આપવા તૈયાર છું.'' સુંદર ગૂંથણીવાળી સ્વયં સાહેબજીની માળા પામીને તો કોણ અહોભાવિત ના થાય?

શ્રી આનંદરાજજી ગેમાવત નામના એક સુશીલ શ્રાવક એકદા પોતાની ભવ આલોચના લેવા પહોંચ્યા પૂજ્ય આચાર્યશ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી સમીપ. કિન્તુ તેમણે કહ્યું: ''ગેમાવતજી, અહીં નિકટમાં પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ બિરાજે છે. તેઓ ઘણા જ અનુભવી મહાન પુરુષ છે. આપ એમની પાસેથી જ ભવ આલોચના ગ્રહણ કરો.'' આ સુણી ત્યાં સ્થિત ઘણા ભવિજનોની ભ્રાંતિ ભાંગી કે ભવ આલોચના તો આચાર્ય મહારાજો પાસેથી જ લઇને જીવનનું શુદ્ધિકરણ કરાય.

શ્રમણો હોય, ભક્તો હોય કે પછી રસોયા ભૂરાલાલ કે પછી નાઇ લખમણજી હોય: સાહેબજી માટે સૌ સરખા. ભૂરાલાલને સૌ ભૂરીઓ કહી શકે એટલી નાની ઉંમરથી તે સાહેબજીની સાથે અને લખમણજી તો ઘર છોડીને પરિવાર સાથે સાહેબજી જ્યાં વિચરે ત્યાં સદાયે સેવામાં હાજર જ જોવા મળે. બંનેનો સેવાભાવ પ્રશંસાને પાત્ર. આ બે ઇતરધર્મી નિકટવર્તી સેવકો માટે તો સાહેબજી એટલે જાણે સ્વયં ભગવાન! એવું માને કે ચમત્કારો સાહેબજીની આજુબાજુમાં જ વસે છે. યાદ આવે અવારનવાર એવા ઘણા પ્રસંગો. એમાં એક સૌથી પ્રિય પ્રસંગને વાગોળે બંને સૌ સમક્ષ: 'એકદા સવારે ૬:૩૦ના સમયે સાહેબજીના ચાતુર્માસ પ્રવેશનું હતું મુહૂર્ત. સવારે પાંચ વાગ્યા સુધી આખી રાત હતા બારે મેઘખાંગા. વરસાદ કહે મારું કામ! થયું, પ્રવેશ કેમ થશે? ટ્રસ્ટીઓ મુંઝાયા. સાહેબજી પાસે ગયા. તેઓ કહે: પ્રવેશ આપણા નિર્ધારીત સમયે જ થશે. ચિંતા ન કરો. બધું જ સારું થશે. ઈશાન ખૂણેથી હંસનું ટોળું ઉડતું ઉડતું આવ્યું અને થયો બરાબર ૬:૩૦ના સમયે નિર્વિઘ્ને ચાતુર્માસ પ્રવેશ.'

શિખરજી જતા પૂર્વે એક મુમુક્ષુભાઇ સાહેબજીના દર્શનાર્થે મુંડારા પધાર્યા. સુપ્રસન્ન વદને પોતાની વૈરાગ્ય ભાવના ને એ માટે માતા-પિતાની અનુમતિ નહીં મળવા વિશે સાહેબજીને વાત કરી. પ્રત્યુત્તર મળ્યો: ''ધીરજ ધરો. વિઘ્નોના વાદળો દૂર કરવા નવકારની સાધના વધારો. માતા-પિતા તો લૌકિક મહાઉપકારી છે. તેઓની આજ્ઞા ઉલ્લંઘીને ચારિત્ર ધર્મની સફળતા પ્રાપ્ત કરી શકાય ખરી?'' એ ભાઇ વિચાર કરતા થયા. થોડીવાર શાંત રહી ફરીથી પૂજ્ય સાહેબજીએ કહેવા માંડયું: ''એક જ ઘરમાં રહેતા બે સગા ભાઇઓ વચ્ચે પણ મનમેળ જોવો મુશ્કેલ છે. તો અહીં ઉપાશ્રયમાં પ્રવજ્યા લઇને સમુદાયમાં ગુજરાતી ને મારવાડી, તપસ્વી ને વૈયાવચ્ચપ્રેમી, સાજા ને માંદા, ભિન્ન પરિવારો, પ્રદેશો, ભાષાઓ, વિચારો, રહેણીકરણી વગેરેમાંથી આવતા સાધુઓ સાથે સમન્વય સાધી સમાધાન વૃત્તિ કેળવવી.

ઉપાશ્રયમાં, સમુદાયમાં અને જીવનમાં શાંતિ રહે તે માટે મૈત્રી ને આત્મીય ભાવ કેળવીને અહીં અવાય તો જ આપણુ સાધુપણુ દીપી ઉઠે ને સાધનામાં સફળતા સાંપડે. નવકારની આરાધના વધારો તો વિઘ્નો ટળી જશે.'' મુલાયમ પીંછા જેવી સાહેબજીની વાણી... નૈસર્ગિક સપ્રમાણ આરોહ - અવરોહ સાથે નિખરે જે. આ મુલાકાત પછી તે મુમુક્ષુભાઇએ આરાધના વધારી. ગુરુકૃપાથી પછી તેઓને માતા-પિતાની સંમતિ મળી અને ધામધૂમે દીક્ષા પણ લેવાઇ.

અહીંયા સાહેબજીએ એક નવી જ વાત કરી કેઃ ''મહાપુરુષોએ સત્યુગ પૂરો થઇ ગયો છે તે વાતે ખિન્ન થવાને બદલે કલિકાલને વખાણતા કહ્યું છે કેઃ

यत्राऽल्पेनाऽपि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ॥

જે કાળમાં ભક્તિનું થોડા જ સમયમાં ફળ મળે છે તે કલિકાલ છે. તેથી કૃત્યયુગ (સત્યુગ)થી સર્યું. અલ્પકાળમાં પણ સાચા આરાધકો કલિકાલના જ પ્રભાવે મહાન લાભ મેળવી શક્યા છે.

આ કલિકાલમાં નવકારના વાક્યનો જાપ કરવો તે પદસ્થ જાપ. શરીર સ્થાનોમાં જાપ કરવો તે પિંડસ્થ જાપ. સર્વજ્ઞના રૂપનું ધ્યાન તે રૂપસ્થ જાપ. નિરંજન સિદ્ધ પરમાત્માનું ધ્યાન તે રૂપાતીત જાપ.''

મુંડારાનું ચાતુર્માસ પૂર્ણ થાય તે પૂર્વેની એક વાચનામાં મહાત્માઓ, શ્રાવક-શ્રાવિકાઓ તથા અમદાવાદ-મુંબઇથી પધારેલા મહેમાનો સમક્ષ પૂજ્ય પંન્યાસજી મહારાજે આ તીર્થમાં બનેલી એક અદ્ભૂત પ્રાચીન ચમત્કારિક ઘટના કહીઃ ''વીર સંવત ૯૬૯માં શાસનદેવી બદરીદેવીની સહાયથી પ્રભુ વીરની પાટપરંપરાના ઓગણચાલીસમા યુગપ્રધાન પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજે એક જ દિવસે અને એક જ સમયે મુંડારાના શ્રી શાંતીનાથ પ્રભુની તથા ૨૫ કિ.મી. દૂર રહેલા સાંડેરાવ તીર્થમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા સ્વહસ્તે કરેલી. બંને જગ્યાએ એકી સાથે કરેલી આ પ્રતિષ્ઠા સેંકડો વર્ષો સુધી જૈન ધર્મના ગુણગાનનું કારણ બનેલ. વળી રાણકપુરમાં 'ધરણવિહાર' દેરાસરના મુખ્ય શિલ્પકાર દિપા સોમપુરા પણ આ મુંડારા ગામના જ હતા. પરંપરાએ તેમનો પરિવાર આજે પણ અહીં જ રહે છે અને પથ્થરમાં જાણે કવિતા કોતરીને આ શિલ્પકળાને જાળવે છે.''

વાચનાઓમાં તત્ત્વ ઉપરાંત આવી વાતોથી દરેકને ભાવવૃદ્ધિ અનુભવાય. ચાતુર્માસ પૂર્ણ થતા સાહેબજી તો લુણાવા ગયા પણ ત્યાંથી સાહેબજીના જ ઉપદેશથી પ્રેરિત થઇ મુંડારાથી રાણકપુરની પંચતીર્થીનો સંઘ નીકળ્યો. ૧૭ કિ.મી. દૂરે રાણકપુરજી પહોંચીને મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી તથા કુંદકુંદવિજયજી મહારાજે અરવલ્લી ગિરિમાળામાં ટેકરીઓની વચ્ચે અરણ્યમાં વહેતી મઘાઇ નદીને કિનારે વસેલ આ તીર્થનો ઇતિહાસ સંઘમાં જોડાયેલા સૌ ભવિજનોને કહ્યોઃ

'એકવાર ધરણાશાહને સ્વપ્નમાં નલિનીગુલ્મ દેવવિમાનના દર્શન થતા તેના જેવું જ આદિનાથ ભગવાનનું એક ભવ્ય દેરાસર બંધાવવાની ભાવના થઇ. અલૌકિક એવું ૧૪૪૪ થાંભલાવાળું દેરાસર આચાર્યશ્રી સોમસુંદરસૂરીજીની પ્રેરણાથી મુખ્ય શિલ્પકાર દિપા સોમપુરા પાસે બંધાવી, વિશ્વમાં જૈન ધર્મની સ્થાપત્યકલાનું ગૌરવ વધાર્યું. વળી ધર્મનિષ્ઠ રાણા કુંભાએ આ વાતથી પ્રસન્ન થઇ અહીં એક નગર બાંધવા ઉલ્લેખનીય યોગદાન કર્યું. એ નગર પહેલા રાણપુર અને પછી રાણકપુરથી ઓળખાયું. આ કૌશલ્ય ભરપૂર સ્થાપત્ય આજે પણ અનન્ય લેખાય છે. આ જ રાણકપુર તીર્થમાં અમારા ગુરુ શ્રી પંન્યાસજી મહારાજને આદીનાથજીની ચૌમુખ જિનપ્રતિમાજીના મંગલકારી મુખારવિંદ ઉપર મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ ભાવ પૈકી એક-એક ભાવ સજીવ કરેલા છે એ વિચાર સૌ પ્રથમ આવેલ.'

મહાત્માઓના આવા વચનો સુણીને સૌ ભાવોલ્લાસથી અહીં સેવા-પૂજા-ભક્તિ કરી મૂછાળા મહાવીર, નાડલાઇ, નાડોલ અને વરકાણાજીની યાત્રાઓ સંપન્ન કરી મુંડારા પરત ફર્યા. પૂજ્ય પંન્યાસજી મહારાજની ગેરહાજરી ન સાલે તે રીતે આ છ'રી પાળતા સંઘની પૂર્ણાહૂતિ કરાવી સૌ મહાત્માઓ એ પછી સાહેબજી સમીપ લુણાવા પરત ફર્યા. એમાં એકદા શ્રી જૈન સંઘ તરફથી સંવત ૨૦૩૧ના બેડામાં થનાર ઉપધાન તપ મહોત્સવની પત્રિકાનું કાચું લખાણ સાહેબજીની નજરમાં આવ્યુ. તેમાં પોતાના નામની આગળ 'પ્રશાંતમૂર્તિ' વિશેષણ લાગેલું જોતા જ તેની ઉપર છેકો મારી દેતા કહ્યું આ નિઃસ્પૃહ શિરોમણી સાહેબજીએઃ ''મુનિને પ્રશાંત જ હોવું ઘટે. પછી આવા વિશેષણોની આવશ્યકતા જ ક્યાં છે?'' સમતા, નમ્રતા, સરળતા, ઉદારતા ને પ્રસન્નતાના પર્યાય એટલે પૂજ્ય સાહેબજી. બીજાના ગુના હોય તો નમ્ર થવું ને પોતાના ગુના સામે કડક થવાની સૂચના આપનાર આ ગુરુ માટે જોધપુરના નિવૃત્ત મેજીસ્ટ્રેટશ્રી ગોરધનચંદજી ભંડારીએ એકદા એટલે જ કહ્યું હશે ને કેઃ

'તમે બધું જ છોડીને પંન્યાસજી ભગવંતની સામે બેસી જાઓ. તમને પરમ પ્રશાંતિનો અનુભવ થયા થશે જ.' આમ પૂજ્ય સાહેબજીને આ તીર્થભૂમિઓમાં વિચરતા પોતાના આત્માનો જ જાણે પરિચય થયો, અંદરની ઓળખાણ થઇ અને એમાંથી પ્રગટેલી શાંતિને તેઓએ હવે રાતા મહાવીરજીમાં થનાર ચૈત્રી ઓળીના દિવસોમાં ભાવિકોમાં પણ વહેંચવા ધારી.

એક જૂદા જ પરિવેશમાં અધ્યાત્મને અનાવૃત્ત કરતા વ્યાખ્યાનોની અભિજાત શૈલીથી સૌ ભાવિકો દ્રવીભૂત થતા જાય. જાણીતા પ્રસંગોની અણપ્રીછી બાજુઓ ખોલતા જાય તેવા સાહેબજીનો રસસિદ્ધ નાદ સૌના કાન અને મનને આકંઠ ભરી દે તેવો હતો... ને શબ્દચિત્રો તો એવા દોરાય કે કલ્પના કરવી સહેલ બને સૌને. સાહેબજી પત્રો લખે તેમાં રસઝરતી લેખણથી નહીં લખાયેલું પણ હૃદયથી વિચારાયેલું, હૃદયથી બોલાયેલું, હૃદયથી લખાયેલું પહોંચે સીધુ વાંચનારના હૃદય સુધી.

એ તેજકિરણોનો ચમકારો વાંચનારના હૃદયમાં એવો ઝીલાય કે ઓજસ પ્રગટે.

રોજ ૬ કલાક નિયમિત વાંચન કરે સાહેબજી અને તે પછી સૌ વિસ્મિત થઇને સાંભળી રહે તેઓ જ્યારે કહે કે: ''દુઃખને અપાતી આમંત્રણ પત્રિકા એટલે પાપ. ખરાબ કામ કરવાથી બધા ભય પામે છે. કેમ કે એથી લોકમાં પણ અપકીર્તિ થાય છે. માટે ઘણા ભાગે મોટા પાપ ગુપ્ત રૂપે કરવામાં આવે છે. પણ પાપ કરનારને ખબર નથી કે તું જે પાપ કરી રહ્યો છે એ તારા પાપને જોનારા અનંતા સિદ્ધો છે. માણસ ગુપ્ત રૂપે પાપ કરતા ભય પામતો નથી કારણ કે એની બુદ્ધિમાં સિદ્ધોના અસ્તિત્વનો અસ્વીકાર છે જો સિદ્ધોના અસ્તિત્વની આપણને દ્રઢ શ્રદ્ધા હોય તો ગુપ્ત પાપ થાય ખરા? કોઇ મને જોઇ ન જાય, એ ભયથી જ્યારે આપણે છડેચોક પાપ કરતા નથી. અપકીર્તિનો ભય છે. સામાન્ય માણસથી પણ પાપ કરતા આપણે જો ભય પામીએ છીએ, તો સિદ્ધોની સાક્ષીએ પાપ કરતા ભય ન લાગે?''

સકલ ગુણની ખાણ સમા સાહેબજી સકલ જીવોથી પાપ કરવાના જ બંધ થાય એ વિચારી આનંદ લે તે જોઇ તેમના વત્સ મુનિવરો પણ પ્રેરણા લે. સાહેબજીને નિરખીને સૌ અનુભવે કે જે ઇહલોક કે પરલોકમાં પરમ સુખ ચાહે તેણે સ્વીકારવો જ રહે શાલીન માર્ગ સંયમનો, જ્યાં જ્ઞાન, ભક્તિ ને શરણાગતિ આયુધ બની રહે મોક્ષપથિકો માટે. સંયમ જ છે સુલભ રાજમાર્ગ સિદ્ધશીલા સુધીનો.

चत्तारि परमंगाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥३-१॥
—उत्तराध्ययन सूत्र

આ સંસારમાં જીવને માટે ચાર પરમ વસ્તુઓ અત્યંત દુર્લભ છે :
૧. મનુષ્યજન્મ ૨. શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણ ૩. ધર્મમાં શ્રદ્ધા
૪. સંયમપાલન માટે વીર્ય એટલે આત્મબળ.

"આસક્તિથી બાર ગાઊ દૂર વસે છે મુક્તિ! આસક્તિ હોય ત્યાં વિવેકહીન થતાં જ આંતરસાધનાનાં સદ્અનુષ્ઠાનો સમા શ્રવણ-મનન-કથન-વર્તન-અનુકરણ આદિ અફળ બનવાનાં જ. મોહ અને રાગ આમંત્રણ અર્પે છે સંસારના ગૂઢ બંધનને."

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૭ મરુભૂમિમાં કલ્પતરુ

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

સાહેબજી સંગે શ્રમણો નવપદ આરાધક સમાજના ઉપક્રમે સંવત ૨૦૩૧ (ઇ.સ.૧૯૭૫)ની ઓળી કરાવવા શ્રી રાતા મહાવીરજી મહાતીર્થમાં પધાર્યા. યોજના એવી હતી કે પંન્યાસશ્રીજી મહારાજની નિશ્રામાં થનાર આ ઓળી પ્રસંગે એક મોટા ગજાની સાધક બેલડીની સાધનાથી શ્રી રાતા મહાવીરજીનું અંબર પણ રાતુંચોળ થઇ જાય! એ બંને મૂઠી ઉંચેરા સાધકો એટલે પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ! ચૈત્રી મહીનાની શાશ્વતી ઓળીમાં ગગન ને ગુરુજીઓ – એમ બંનેની તપ્ત પણ તૃપ્ત ધારાઓ વૃષ્ટિ કરે તે માટે આ ગુરુદ્વયની આરાધનાનું આયોજન શા.જયચંદજી દેવીચંદજી બેડાવાળા પરિવાર તરફથી થયેલું.

આ ટાણે અન્ય સ્થળેથી પધારેલા એક નાના મુનિને ટાઇફોઇડ થયેલો. સખત તાવમાં આ બાળમુનિથી તો વિહાર થાય એમ હતું જ નહીં. તેથી સેવા માટે બે મહાત્માઓને રાખીને પછી જ સાહેબજીએ રાતા મહાવીરજી જવાનું નિરધાર્યું. સવારે વિહારની વેળાએ સાહેબજી તેમને તબિયત સાચવવાની ભલામણ કરવા ગયા. પણ તેઓ તો આ વાત્સલ્યમયી ગુરુમાને જવા દેવા કેમે ય તૈયાર ન થાય. કહેઃ 'ગુરુજી, પછી મને રોજ શાસ્ત્રના અમૃતનું પાન કોણ કરાવશે? હું તો તમારી સાથે જ આવીશ પછી ભલે મને ગમે તે થાય... તમારી વાણી વિના હું મારા દુ:ખ-દર્દ કેમ ભૂલી શકીશ? મને સાથે જ લેતા જાઓ.'

આ પિપાસાભરી જીદ પારખીને પ્રેમલ શબ્દોથી સાહેબજીએ તેમને કહ્યું: ''મારા નાના મહારાજ! તમારી તબિયત તો બિલકુલ સારી નથી. અશક્તિ એટલી બધી છે કે આ કઠિન એવા ચૈત્ર માસના આકરા તાપમાં ૧૮ કિ.મી.નું અંતર તમે કઇ રીતે પાર કરશો? પણ તમારે તત્ત્વ જ સાંભળવું છે ને? તો આવો, જતાં પહેલા એક સાથે બધું આપતો જાઉં. જેથી તમે ૯ દિવસ સુધી તેના ઉપર બરાબર વિચાર કરી શકો. પાછો આવું પછી મને કહેજો કે તમે એ બાબતમાં શું વિચાર્યું?''

મહાત્માઓની બાંધેલી ભેટ પાછી ઉતરાવીને સાહેબજી બાજુમાં બેસી ગયા તેઓની. એ પછી વ્હાલની વેણુમાંથી જે સ્વરો નીકળ્યા તે સરોવરમાં કમળ ખીલે તેમ તેઓના કર્ણસંપૂટમાં ખૂલ્યાં! ખીલ્યાં!

ઘૂંટાયેલો અવાજ, શબ્દોનું સાદ્યંત ભાવાનુરૂપ ઉચ્ચારણ, સમુચિતપણે સ્વરભાર મૂકવાનું કૌશલ્ય અને ઉત્તમ પ્રસ્તુતિ સાથે સાહેબજીએ તો તેમને પુણ્યના ૯ પ્રકારો સમજાવ્યા. આજુબાજુ ભ્રમરની જેમ બેસી ગયેલા થોડા શ્રાવકો તથા શ્રમણોને વિચાર આવ્યો કે નાદ થકી બ્રહ્મની પ્રાપ્તિ થવી તે આવી જ પળોમાં શક્ય બનતું હશે ને? નાદબ્રહ્મ ઈન્દ્રિયો સાથે આત્માને પણ સ્પર્શી જાય તે આનું જ નામ ને? એમાં વળી એક સત્ત્વશીલ ગુરુવર્યની આંતરસમૃદ્ધિનો અદ્‌ભૂત આલેખ આનાથી બીજો શો હોઇ શકે?

तत्त्वं गृणातीति गुरुः । તત્ત્વ સમજાવે તે ગુરુ. આગવી રજૂઆતની રસાનુભૂતિમાં વહી ગયો દોઢ કલાક! સાહેબજીની પોતાની નરમ તબિયત છતાં બાળમુનિને ૯ દિવસ ચાલે તેટલું પ્રેરણાપીયૂષ પાઇને પછી જ મોડો વિહાર કરવો શરુ કર્યો. ચૈત્રી ઓળીની શાશ્વતી આરાધના કરાવવા આ અનોખા સૂરમણિએ વિલંબથી વિહાર માંડીને ચૈત્રના ચળકતા તાપનું ય અભિવાદન જ કર્યું ને સાહેબજીના ધ્વનિસ્પંદનોથી ઉત્પન્ન થયેલ હર્ષતરંગોથી બાળમુનિ ય તૃપ્ત થયા.

સંવત ૨૦૩૧માં જાપમાં એકાગ્રતા આવતી ન હતી તે અનુભવીને એકદા વડોદરાના એક સુશ્રાવકશ્રી શિવલાલભાઇએ પૂછ્યું કે જાપ છોડી દેવા કે ચાલુ જ રાખવા? તો અનેરા ઉપાસક સાહેબજીએ કહ્યું:

जपात् सिद्धिः जपात् सिद्धिः जपात् सिद्धिर्न संशयः ।

જાપથી જ સિદ્ધિ છે તેમાં કોઇ સંશય નથી. પુરુષાર્થ ચાલુ રાખો. એક દિવસ અવશ્ય સિદ્ધ થશે જપ. અને ખરેખર થયું તેવું જ. તેઓ રોજ સામાયિકમાં વાંચન સાથે એકાગ્ર થઇ જાપનો આનંદ લેતા થયા.

પ્રાત:કાળની મધુર વેળા હોય, વૈશાખી કોયલના કૂહુ-કૂહુ વચ્ચે શિષ્યોમાંથી કોઇને જાપ કરતા જુએ તો ખૂબ આનંદિત થાય સાહેબજી... પરંતુ એકાગ્રતા માટે સમક્ષ રાખેલ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી અને નવકાર મંત્રની તસ્વીરો સંગે જો પોતાની પણ તસ્વીર મૂકેલી ભાળે, તો તત્કાળ કહે: ''મારી પ્રતિકૃતિ રાખવાની અહીં કોઇ જ જરૂર નથી.'' સાહેબજીની તસ્વીર કોઇ મંગાવે તો યે ના પાડતા કહે: ''પોતાના નામ ને રુપની મમતા જ સંસારના મૂળીયાંને મજબૂત બનાવે છે.''

કોઇ હિતશિક્ષા સાંભળવા આવે ત્યારે ય સાહેબજી સૌ પ્રથમ તેઓને ૧૨ નવકાર ગણવા કહે. તેઓને શ્રદ્ધા કે કોઇપણ શુભ કાર્યનો આરંભ આ મહામંગલના જાપથી થાય તો તેના સ્મરણથી વિઘ્નો ટળે અને શુભત્વમાં વૃદ્ધિ થાય. વળી આગળ કહે: ''મનની ચાર અવસ્થાઓ હોય છે. પહેલી વિક્ષિપ્ત અવસ્થા કે જ્યારે મન આર્ત-રૌદ્રધ્યાનથી યુક્ત હોય છે. બીજી યાતાયાત અવસ્થા જ્યારે મનનું શુભ ને અશુભ ધ્યાનમાં આવાગમન થતું રહે છે. ત્રીજી છે સુશ્લિષ્ટ અવસ્થા કે જેમાં જાપને કારણે મન ધીમે-ધીમે આત્મસ્વભાવમાં રમણતા કરી સ્વરૂપચિંતન કરવાનું શરૂ કરે છે. અને અંતિમ સુલીન અવસ્થામાં આત્મસાક્ષાત્કાર થવા યોગ્ય મનની પૂર્ણ સ્થિરતા પ્રાપ્ત થાય છે.

છેલ્લી બંને આનંદદાયી અવસ્થામાં પહોંચવા માટે સતત જપ કરવા જરૂરી છે. જપના શુભ આલંબનથી શનૈઃ શનૈઃ પારલૌકિક આનંદ અનુભવાય છે.''

રાતા મહાવીરજીમાં આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજીને પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીની સાધનાનું ખૂબ જ આકર્ષણ. તેઓ ફાગણ મહિનામાં છ'રી પાલિત સંઘમાં દહેગામ, પ્રાંતિજ, હિંમતનગર વગેરે જગ્યાએ થઇને ૭ દિવસે ઇડર પહોંચેલ. હિંમતનગરના સંઘે ચોમાસાની આગ્રહભરી વિનંતી કરેલ કિન્તુ આચાર્ય મહારાજને તો રાજસ્થાનમાં પંન્યાસજી મહારાજ પાસે અહીં પહોંચવાની લગની લાગેલી.

પોશીના, રોહિડા વગેરેના ડુંગરા ખૂંદતા ને સૂકી નદીની તપતી રેતીના અનુભવો મેળવતા તેઓ ચૈત્ર સુદ પાંચમે રાતા મહાવીરજી પહોંચ્યા. દૂર-સુદૂરથી જ લીમડાના ઘનઘોર વૃક્ષની નીચે ઓટલા ઉપર રાહ જોઇને બેઠેલા પૂજ્ય પંન્યાસજી મહારાજને જોતાવેંત જ મન ઠંડક અનુભવી રહ્યું. પાસે આવી પૂજ્ય આચાર્ય મહારાજે વંદન કરીને બે વાત કહીઃ

'સાહેબજી, આપની પાસેથી કંઇક મેળવવા આવ્યો છું.
આપનું સાંન્નિધ્ય માણવા આવ્યો છું.'

પરિસર રહેલા શ્રમણો એવં શ્રાવકોની આંખો ભરાઇ આવી આ અદ્‌ભૂત મિલન જોઇને! બે જ દિવસમાં તો ચૈત્રી સામુદાયિક ઓળી શરુ થનાર હતી 'બહુરત્ના વસુંધરા' બનેલ આ ગામમાં. શ્રી રાતા મહાવીરજી તીર્થનું મૂળ નામ એટલે હસ્તિકુન્ડી, હાથીકુંડી, હસ્તકુંડિકા કે પછી હથુન્ડી. અહીં ભગવાન મહાવીરની પ્રતિમાજી નીચે જે સિંહનું લાંછન છે તેનું મુખ હાથીનું હોવાથી જ કદાચ આ નગરીનું નામ હસ્તિકુન્ડી પડયું. ઓળીના પ્રથમ દિવસે શ્રીપાળ રાજાના રાસ વાંચન પૂર્વે સૌ પ્રથમ તીર્થનો ઇતિહાસ જણાવાયોઃ ''આ દેરાસરનું નિર્માણ સંવત ૩૭૦માં વીરદેવ શ્રેષ્ઠી દ્વારા ને આદિનાથની પ્રતિષ્ઠા આચાર્યશ્રી સિદ્ધિસૂરીશ્વરજીના સુહસ્તે થયેલ. મહાપ્રભાવક આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજીના શિષ્ય આચાર્ય બલિભદ્રસૂરીશ્વરજીએ સંવત ૯૭૩માં જિર્ણોધ્ધાર કરાવેલ. સંવત ૧૩૩૫માં સેવાડીના ભાવિકોએ રાતા મહાવીરજીના દેરાસરમાં ધ્વજા બદલવાનો આદેશ લીધેલો તેવા પણ ઉલ્લેખ મળે છે.''

ચૈત્ર મહિનામાં આકરા થતા આદિત્ય દેવમાંથી છૂટતી સહસ્ર તડકાની સેરો પણ જાણે રાતા મહાવીરજી તીર્થમાં આયંબીલના તપસ્વીઓને મોક્ષ મૌક્તિકની શુદ્ધ ને ધવલ કંઠમાળા સમી લાગી. જેમાં ચિત્તની એકાગ્રતા છે, જે શાસ્ત્રોક્ત વિધિથી યુક્ત છે, જેમાં શુભભાવની અત્યંત વૃદ્ધિ છે, જે કરતી વખતે ભવનો અતિશય ભય છે, ચિત્તમાં વિસ્મય છે, શરીરમાં રોમાંચ ખડા થાય છે અને દરિદ્રને નિધાનની કે જન્માંધને નેત્રની પ્રાપ્તિથી પણ અધિક આનંદ જેમાં થાય છે એ પ્રકારના લક્ષણવાળા અમૃત અનુષ્ઠાન સમી અનુભૂતિઓ સૌને નવપદજીની ઓળીમાં અહીં થઇ. તેનો રસાસ્વાદ સૌએ મન ભરીને માણ્યો.





ઈ.સ.૧૯૭૩માં હથુંડી, હસ્તિકુંડી, હાથીકુંડી, હસ્તકુંડીકા અથવા શ્રી રાતા મહાવીરજી તીર્થમાં ૨૦૦ આરાધકોએ પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં નવપદજીની સામુદાયિક ઓળીની આરાધના કરી.

મરુભૂમિમાં કલ્પતરુ સમ વીર પ્રભુનું આ તીર્થ સંવત ૩૭૦માં નિર્માણ પામી આચાર્યશ્રી સિદ્ધસૂરીશ્વરજીના હસ્તે પ્રતિષ્ઠિત થયેલું. ચોથી શતાબ્દીની પ્રતિમા જોઈ પંન્યાસજી મહારાજ સાથે સૌ શ્રમણો હર્ષાન્વિત થયા.

નવપદજી મહારાજાની અભૂતપૂર્વ આરાધના થકી ચૈત્ર મહીનો ઉજમાળ બન્યો ને સમાપ્તિ વેળા આવી. બીજાપુરથી ૩, ફાલનાથી ૨૮, રાણકપુરથી ૪૦ ને બાલીથી ૨૫ કિ.મી. દૂરના આ અલૌકિક તીર્થમાં ઓળીની આરાધના પૂર્ણ કરી ૪૫૦ આરાધકોને ઘરે પરત ફરવા ટાણું થયું, પણ કોઇને ય વ્યવહાર ને નિશ્ચયના આદર્શ સંયોજનની વાચના આપનારા આવા ગુરુદેવો સમીપથી ખસવાનું મન ન થયું ને લાગ્યું કે આ નવનવોન્મેષધારી નવપદજી આપણા આત્માના નવે નિધાનની જરૂર પ્રાપ્તિ કરાવશે જ.

બીજાપુરના નિવાસીઓને યાદ આવ્યું કે સાહેબજીએ આ પૂર્વે સંવત ૨૦૨૩ના મહા મહિનામાં રાતા મહાવીરજી તીર્થમાં જ ૧૦ દિવસ એકાંતમાં રહી 'અનુપ્રેક્ષા'નું પ્રથમ કિરણ લખેલ. એ જ રીતે દિયાણા તીર્થમાં ૧૦ દિવસ રહી 'અનુપ્રેક્ષા'નું બીજું કિરણ અને પછી લુણાવામાં રહીને તેનું ત્રીજું કિરણ તૈયાર કરીને તો નવકારની અગાધ શક્તિનું દર્શન સૌને કરાવ્યું છે ને શ્રી નવકાર આરાધનાનો પરિપાક સંગ્રહાયો છે 'નમસ્કાર મીમાંસા' અને 'નમસ્કાર દોહન'માં.

ઘણા વર્ષોથી રાજસ્થાનના નાના પાવન તીર્થોમાં વિચરીને જ સાહેબજીએ વિશિષ્ટ સાધના કરીને જિનેશ્વરમાં જાત ઓગાળી પ્રભુના અનુગ્રહની ધારા ઝીલેલી. આ પ્રદેશના પ્રશાંત વાતાવરણમાં જ સાહેબજીનું ચિંતન પરિપક્વ બનેલું. આ ભૂમિમાં જ તેઓની ઋતંભરા પ્રજ્ઞાને પરમાત્મ પ્રકાશ મળ્યો. તેના અજવાસમાં તેઓની પરાવાણીના બોલ પ્રવચનોમાં ગૂંજ્યા.

યોગ ને ભક્તિમાર્ગના મિલન સમા આ બે અવધૂતો. બંને અધ્યાત્મયોગી. બંને શ્રુત મહોદધિ.

પરમાત્મા ને પરમાર્થમાં ઓળઘોળ એવા આ બંને મહાપુરુષોનું સંવત ૨૦૩૧ (ઇ.સ.૧૯૭૫)નું ચોમાસુ એકસાથે બેડા થાય એવી આગ્રહભરી વિનંતી અહીં આવી ને વિધેયાત્મક નિર્ણય થતા જ રાજસ્થાન આખું ય જાણે હિલ્લોળે ચડ્યું! પૂજ્ય હરિભદ્રાચાર્ય શાસ્ત્રકારે કહેલા યોગના ૩ પ્રકારો પ્રમાણે:

ઈચ્છાયોગ એ પાલનમાં અપૂર્ણ પરંતુ ભાવનામાં પૂર્ણ છે, શાસ્ત્રયોગ એ નિરતિચાર અહિંસાદિના પાલન સ્વરૂપ છે અને સામર્થ્યયોગ તો તત્કાળ કેવળજ્ઞાનને આપનાર છે. સંઘ આ ત્રણે યોગમાં સામર્થ્ય કેળવવા કટિબદ્ધ થયો. 'શુદ્ધાત્મા એ જ પરમાત્મા'નો અનુભવ કરી ચૂકેલા આ મહાન આત્માઓની જુગલબંદી ઝીલવા રાજસ્થાનનું વ્યોમ ને ભોમ બંને તૈયાર થઇ રહ્યાં હતા બેડા ગામના ચંદરવા તળે. શાસ્ત્રમાં ૪ પ્રકારે યોગી કહ્યા છે:

| | | |
|---|---|---|
| ગોત્રયોગી | – | જેઓ યોગશાસ્ત્રના શ્રવણ સુધી પહોંચ્યા છે. |
| કુળયોગી | – | જેઓ પૂર્વભવની અધૂરી યોગસાધના આ ભવે આગળ વધારનારા છે. |
| પ્રવૃત્તચક્રયોગી | – | જેઓ યોગની સાધના થકી ષટ્ચક્ર ભેદનમાં પ્રવૃત્ત છે. |
| નિષ્પન્નયોગી | – | જેઓ યોગસાધના દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે. |

બેડા ગામ આવા જ બે કુળયોગીઓની દિવ્ય યોગસાધનાનું સૌભાગી સાક્ષી બનનાર હતું. બંને અધ્યાત્મયોગીનું નિર્વિવાદ વ્યક્તિત્વ ને જિનશાસન સમર્પિત અસ્તિત્વ. બંને શાંત, નમ્ર, ક્રિયા તત્પર, નિરાડંબર, જિતેન્દ્રિય અને સત્ત્વધારી. બંનેનો જ્ઞાન-ધ્યાન-ભક્તિયોગ બળવાન. બંનેની અનુપ્રેક્ષાઓ ધોધમાર. બંને શ્રુતપ્રકાશે દેદીપ્યમાન. બંનેની અખંડમૈત્રી, અજાતશત્રુતા ને ગુણાનુરાગીતા પ્રશસ્ય. અહીંયા રોજ કલાકો સુધી શ્રી આચાર્ય મહારાજ બેસે સાહેબજી પાસે. સાંજેકના તેઓના અન્ય મહાત્માઓ પણ કામો પતાવીને જેવા પરવારે કે તરત જ પોતાની સાથે સૌને બેસાડી દે.

વળી આચાર્ય મહારાજ કહે પણ ખરા કેઃ 'બધા મહાત્માઓ પૂજ્ય પંન્યાસજી મહારાજને એકાગ્ર થઇને સાંભળજો. તેમની વાણી ઘણી સૂત્રાત્મક અને ગંભીર અર્થવાળી છે. એમનામાં વિદ્વત્તા, ગીતાર્થતા, આરાધકતા વગેરેનો જે સંગમ છે તે હમણાં જ વાણીમાં ઉતરી આવશે. સાધનાથી રસાઇને નીકળતી એમની એ વાણીને હૃદયગ્રાહી બનાવજો.'

ખરેખર જ સાહેબજી સંક્ષેપમાં ઘણુ કહી દે. શરુમાં તો આચાર્ય મહારાજ સ્વયં તે લખવા બેસી જાય પણ ઝડપ ઓછી પડે તેથી ફક્ત આદરપૂર્વક સાંભળવાનું જ શરુ કર્યું. વળી તેઓ માત્ર સાંભળવા ખાતર જ નહીં પણ એ પદાર્થોને હૃદયમાં ભાવિત કરી જીવનમાં ઉતારે. ઘણુ કરીને તેઓ સાથે જ રહે અથવા સાહેબજી આજ્ઞા કરે ત્યાં જાય. તેઓની આ ગુરુ પરત્વેની પ્રીતિ જોઇ સાહેબજીની પણ આંખો ઠરે. આચાર્ય મહારાજ સ્વયં કહે કે તેમણે સમજાવેલ વીતરાગ સ્તોત્રથી મારી પ્રભુપ્રીતિ ઘનિષ્ઠ બની ને જ્ઞાનસાર અષ્ટકથી આત્મજાગૃતિ! અદ્ભૂત ભાવોર્મિનું આચમન લઇ નવપદજીની ઓળી પૂર્ણ થતા તપસ્વીઓ જ્યારે છૂટ્ટા પડયા ત્યારે મૈત્રી ને કરુણાની આ સાક્ષાત્ બે આનંદમૂર્તિઓના ગુણવૈભવથી સર્વે છલોછલ હતા. તેઓના મિશ્ર આભામંડળની પરમ પ્રશાંતિને ઝીલવાથી તૃપ્ત થઇ પોતાને બડભાગી માનતા હતા.

પૂજ્ય આચાર્ય કલાપૂર્ણસૂરીશ્વરજી યોગસાધનામાં આગળ વધેલા તો હતા જ પણ રાતા મહાવીરજીમાં શિષ્યભાવે આવેલા. એમની અધિક શક્તિ પ્રમાણે સાહેબજીએ ઉત્કૃષ્ટ આપ્યું તેમને. વળી આચાર્ય મહારાજશ્રીમાં કૃતજ્ઞતાનો ગુણ અધિક. તેથી પોતાના દરેક વક્તવ્યમાં તત્ત્વની વાતો કહેતી વખતે અચૂક કહેઃ ''પૂજ્ય પંન્યાસજી મહારાજે મને આનો અભ્યાસ કરાવી સમજાવ્યું છે. મને ભણાવીને આ તત્ત્વાર્થ સમજવા મોટી સહાય કરી છે.'' બધાએ નિરખ્યું હતુ કે સ્વયં આચાર્ય પદે આરુઢ હોવા છતાં સાહેબજીને દૂરથી આવતા જુએ કે તરત જ પોતાના આસન ઉપરથી ઉઠી જાય. અપૂર્વ સમર્પણ ભાવથી ગુરુવંદન કરી સેવકની જેમ વાચના ગ્રહણ કરે. એક શિષ્યને આંટી દે તેવો તેમનો વિનયગુણ.

શાસ્ત્રોમાં લખ્યું જ છે ને કે બધા ગુણોનું મૂળ વિનય છે. તેના પાયા ઉપર જ સાધનાની ઇમારત ખડી થાય છે. અહંકારનો છાંટો ય ન દેખાય તેવા તેઓ પંન્યાસજી મહારાજને પોતાના 'સાધના ગુરુ' માને.

ઓળી પશ્ચાત્ સકલ શ્રમણસંઘ સહિત બંને ગુરુવર્યો ૭ દિવસ માટે ફરી સેવાડી ગામ પધાર્યા. અહીં સંપ્રતિ મહારાજાના સમયના મનાતા આ જિનાલયનો કેટલોક ભાગ જમીનમાં દટાયેલો જોઇને સૌ આશ્ચર્યચકિત થયા. બાવન જિનાલય સહિતના આ દેરાસરમાં સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુ સમક્ષ ભક્તિ કરી ઓતપ્રોત થઇ જતા બંને ગુરુવર્યોને સહુ મહાત્માઓ રોજ જુએ. એકવાર તો સાત કલાક સુધી દેરાસરમાં રહી સાધના કરી ત્યારે તો આ ઊંડાણ જોઇ બધા દંગ રહી ગયા.

જેઓનો લયયોગ અને નાદયોગ સિદ્ધ થઇ ગયેલો હોય તેમની ઉન્નત આત્મદશાનો જાણે આ પરિચય હતો. વૈરાગ્યની રસધારા સંગે અંગેઅંગ જ્યારે ભક્તિ જાગે ત્યારનો જાણે મુદ્રાલેખ હતો એ. ભક્તિ ને મૈત્રીના સાયુજ્યે પ્રગટેલી શુદ્ધિનો આલેખ હતો એ. સૌને એમ જ લાગ્યું તે દિવસે કે મહાપુરુષોના જીવન ખરેખર હિમશિલા જેવા જ હોય છે. બહાર તો માત્ર થોડોક જ ભાગ દેખાય અને અંદરનું ઊંડાણ કળી પણ ન શકાય! અને એમાં યે સિદ્ધિ ને શુદ્ધિનો કૂપ એટલે સાહેબજી.

મગનલાલ એટલે પાઠશાળા ભણાવતા એક શિક્ષક. જરૂર પડે તો સાહેબજી જ્યાં હોય ત્યાં તેમના ચાતુર્માસ કે ૨૦ દિવસના અનુષ્ઠાનોમાં રસોડું ય સંભાળે. શરમાળ પ્રકૃતિ. બોલે ખૂબ ઓછું. દીક્ષાની ભાવના ખરી પણ એક તો કમજોર શરીર ને સંસારના સુખો પણ ન ગમે તેવુ નહીં. તેથી 'ધાર્મિક અભ્યાસ કરાવું ને નિષ્પાપ જીવન જીવું' એમ વિચારી સાહેબજીના સંગમાં આવ્યાને ૯ વર્ષના વ્હાણા વિતી ગયા, પરંતુ ક્યારેય પંન્યાસજી મહારાજે તેમને દીક્ષા લેવાનું સૂચન ના કર્યું.

વળી બીજા એક મુમુક્ષુની અહીં દીક્ષા થવાની છે તે જાણી હિંમત કરીને પોતે પણ દીક્ષાનું મન કર્યું. સાહેબજીને વાત કરી તો જવાબ મળ્યોઃ ''પહેલા ઘરે જઇ પૂછી આવો.'' ઘરે મોટાભાઇને ફ્રેક્ચરને કારણે ૪ મહિનાનો ખાટલો હતો. તેમણે ના પાડી પરંતુ માતા-પિતાએ સંમતિ આપી. પરત ફર્યા.

બીજા મુમુક્ષુની દીક્ષા થઇ ગઇ છતાં સાહેબજી તો કાંઇ બોલ્યા જ નહીં. તેથી દીક્ષાવિધિ સંપન્ન કરીને ઉપાશ્રયના પગથિયા ચડતા સાહેબજીની પાછળ રહી મગનલાલે ફક્ત એટલું કહ્યું: 'સાહેબજી, તમે મને રાખી દીધો. દીક્ષા ન આપી.' ઉત્તરમાં સંભળાયું: ''મેં નહીં, તારા કર્મે તને પાછળ રાખ્યો છે.''

મગનલાલે પ્રશ્ન કર્યો: 'મારા સંયમ જીવનનો અંતરાય તોડવા હું શું કરી શકું?' સાહેબજી કહેઃ

''તમને વારેવારે અભરખો થાય છે ને તૂટી જાય છે દીક્ષા લેવાનો. હવે જો તમારે નિશ્ચયાત્મક બનવું જ હોય તો રોજ ૨૭ નવકાર અને ૨૭ વાર કરેમિ ભંતે સૂત્રના જાપ ઉપરાંત ચારિત્ર મોહનીયનો અંતરાય તોડવા શ્રી ગૌતમસ્વામીના ॐ नमो गोयमाइणं महामुणीणं મંત્રનો જાપ કરવો. વળી બુદ્ધિની નિર્મળતા માટે તમે ॐ ह्रीं अर्हं नमो कुट्ठबुद्धिणं મંત્રનો જાપ કરો. આમ કરવાથી સંયમ લેવામાં આવતા દરેક વિઘ્નો ટળી જશે. હા, પણ એમાં તમારો સંકલ્પ સો ટકા સ્થિર રહે એ જરૂરી છે.''

ને ખરેખર... ૧૨ મહિનામાં જ વૈશાખ સુદ ત્રીજ, સંવત ૨૦૩૧માં લાસમાં તેઓએ પ્રવજ્યા લીધી ને બન્યા પૂજ્ય પ્રદ્યોતનવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી મનમોહનવિજયજી મહારાજ. બીજા ૧૨ મહિનામાં તો આકંઠ તપ, સાધના, વૈયાવચ્ચ ને જાપ કરવામાં ખૂબ આનંદ મેળવ્યો. સ્વાસ્થ્ય બગડે ત્યારે સાહેબજીની નિશ્રામાં હોય ને તે માથે હાથ મૂકે તો સાધના કરવાનું બળ આવી જાય અને આરાધનાથી કર્મકચરો બહાર નીકળતો જાય. ધીમે-ધીમે રોગ થયો ઉપશાંત. વિચારો થતા ગયા શુદ્ધ. વિષય-કષાયો બન્યા ક્ષીણ. પણ તો યે ક્યારેક ભૂલો થાય તો વળી સાહેબજીને ત્યારે પૂછે: 'કેમ ક્યારેક હું આપની આજ્ઞા અવગણીને ધાર્યું જ કરું છું? કેમ હું સદા ય સાવધાન રહી શકતો નથી?' પંન્યાસજી મહારાજ ગંભીરતા ધારણ કરી કહે: 'ભાવીભાવ'.

મુનિશ્રી મનમોહનવિજયજીને કોઇ પૂછે કે આટલા બધા જાપ કરો તો વચ્ચે વિચારો ન આવે? તેના જવાબમાં એક જ વાત હોય: 'મારા ગુરુજીની ઈચ્છા વિરુદ્ધ કાંઇ જ કરતો નથી હવે. જ્યાં સુધી જાતે વિચાર ક્યોં ત્યાં સુધી માર ખાધો. હવે ગુરુદેવના શરણે ગયા પછી આગળ જ વધું છું.' આ શરણગમનના કારણે જ પીઠિકામાં થઇ તેઓને નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિની ઝાંખી!

કચ્છના વાંકી ગામે રહે ચાર બહેનો અને બે ભાઇ - નામે યોગેશ ને અશોક. પિતા પ્રેમજીભાઇ ને માતા તેજીબાઇના સૌ તેજવંત આત્મજો. એમાં અશોક અહીં દીક્ષાર્થી રૂપે મળ્યો ત્યારે સાહેબજીએ કહ્યું: ''વાંકીથી આવ્યો છો ને? દીક્ષા તો શુરવીરનું કામ છે.'' તો એણે ય સામે કહ્યું કે: 'આપની કૃપાથી વાંધો નહીં આવે.' ને યાદ આવી એક કવિતા: શૂર સંગ્રામ કો દેખ ભાગે નહીં, દેખ ભાગે સોઇ શૂર નાહિ. તે જ ક્ષણે સાહેબજીએ માથે હાથ મૂકી સંયમ માર્ગના આશિષ આપ્યા. પાંચ દિનની તેમની છત્રછાયામાં રહી નિર્ણય દૃઢ કર્યો. એ પછીથી તેઓની બે ભગિનીઓ સાથે પારમેશ્વરી પ્રવજ્યા સ્વીકારી શાસન સમર્પિત થયેલા અશોકને સૌએ ઓળખ્યા મુનિશ્રી હેમપ્રભવિજયજી તરીકે.

જે તીર્થના મહિમાનો 'પ્રાચીન તીર્થમાળા'માં પણ ઉલ્લેખ છે તેવા કળા-સ્થાપત્ય ને રંગીન ભીંતચિત્રોથી શોભતા આ જૂનાબેડાના દેરાસરમાં ૯ ફણાવાળા મોહક શ્યામવર્ણા પાર્શ્વનાથ જોઇ સૌનું મન મોહાઇ ગયું. હવે આ તીર્થ ભાવિક લોકોથી ઉભરાવા માંડ્યું. વળી જ્યાં મહારાણા પ્રતાપે પોતાના દિકરા રાણા શેખાને અહીં બેડા ગામમાં કિલ્લો અને મહેલ બંધાવી નિવાસ કરાવેલો ને જેનો સંબંધ જોધપુરના ઉમેદસિંહના પરિવાર સાથે ય હતો, ત્યાં આજથી બીજો ઇતિહાસ રચાનાર હતો.

અનેક અનોખા શિષ્યોના ધારક એવા બે અધ્યાત્મયોગીઓનો સંવત ૨૦૩૧ (ઇ.સ.૧૯૭૫)માં ચાતુર્માસ પ્રવેશ થયો બેડામાં. પ્રતિદિન આચાર્ય મહારાજ દેરાસરમાં દેવવંદન કરવા જઇ સૌ સાથે ભક્તિ કરે. વળી નિત્ય સવારે પૂજ્ય આચાર્ય ભગવંત 'ભગવતી સૂત્ર' ઉપર પ્રવચનો દે અને સાંજના પ્રતિક્રમણ પછી ભાઇઓ માટે 'નવતત્ત્વ'ના માધ્યમથી તત્ત્વજ્ઞાન બોધ પીરસે. જાણે જ્ઞાન-ભક્તિનો યજ્ઞ મંડાયો.

શૈલી ઘણી જ સરળ તેથી જૈન તત્ત્વજ્ઞાનથી અજાણ લોકો પણ પદાર્થને પચાવી શકે. વળી જેની ગ્રહણશક્તિ ઓછી લાગે તેને પૂછી લે કે સમજાય છે ને? આચાર્ય મહારાજ સાથે એમના ૯ શિષ્યો ને પંન્યાસજી મહારાજ પાસે ચાર-પાંચ મહાત્માઓ. દરેક શિષ્યો અન્યોન્ય સહાયરૂપ થઇ સંઘમાં શ્રેષ્ઠ ધર્મપ્રભાવના કરે. 'જેહ ધ્યાન અરિહંતકો, સોહિ આતમધ્યાન'માં માનનાર આ મહાનાત્માઓની સાધના પ્રતીતિકર હતી. આત્મસાધનામાં પાવન પ્રવેશ, પ્રગતિ ને પ્રચંડ પુરુષાર્થ સાધવાની પ્રદીપ્ત ઈચ્છા સાથે પ્રવજ્યા પ્રાપ્ત કરનાર હતા તેઓ સૌ.

અહીંના જૂના ઉપાશ્રયમાં સરસ્વતીદેવીની પ્રાચીન મૂર્તિ સમક્ષ પૂજ્ય પંન્યાસજી મહારાજે આચાર્ય મહારાજશ્રીના સમુદાયના મુનિરાજોશ્રી મુનિચંદ્રવિજયજી, શ્રી પૂર્ણચંદ્રવિજયજી આદિને આયંબીલ સાથે શ્રી બપ્પભટ્ટસૂરીજીના ૧૧૦૦ વર્ષ પ્રાચીન સિદ્ધસારસ્વત સ્તોત્ર સંગે શ્રી સરસ્વતીદેવીના સવા લાખ મંત્રના જાપ કરાવ્યા. તે દિવસો દરમ્યાન મહાત્માઓને નવું-નવું ચિંતન સંભળાવ્યું. સાહેબજી વળી વારંવાર સૂચવે પણ ખરા કે "ક્યારેય કોઇ અનુષ્ઠાન સામેથી ઉભુ ન કરવું. ગૃહસ્થોને ભારરુપ ન થવામાં જ સાધુપદની શોભા છે. જે સહજ રીતે થતું હોય તે સ્વીકારવું." કોઇ શ્રમણ ક્વચિત પૂર્વના કર્મોદયે બીજે ક્યાંય ગોઠવાઇ શકાતા ન હોય તે અનુવર્તક એવા સાહેબજી પાસે તો ગોઠવાઇ જ જાય.

अनुवर्तक भावानुकूल्येन सम्यक्पालकः उच्यते ।

શિષ્યના ભાવની અનુકૂળતા અનુસાર જોડનાર અનુવર્તક કહેવાય છે.

કોઇપણ અઘરા સંજોગોનું અર્થઘટન કરવા નિર્મલપ્રજ્ઞાધારક સાહેબજી એક જ વાત શિષ્યોને સમજાવે: "કોઇ બાબતમાં ચિંતા ન કરવી. કેવળી ભગવંતે પોતાના જ્ઞાનમાં જે જોયું છે તે જ થઇ રહ્યું છે. શું આપણે કેવળીથી યે મોટા છીએ કે વિચારીએ છીએ કે આવું શું કામ થયું?"

એકવાર આચાર્યશ્રી નાના મહારાજે જિજ્ઞાસાવશ પંન્યાસજી મહારાજને પૂછ્યું: 'સાહેબજી, આપે નવકારને જ કેમ પકડયો?' બાળસહજ સ્મિતસહ ઉત્તર મળ્યો: "આ બધા સૂત્રો, વિધિ, વિધાનો વગેરે જોઇએ ત્યારે એમ થાય કે આમાનું બધું ક્યારે જીવનમાં ઉતારીશું? જો મૂળસૂત્રથી પણ થાય તેમ નથી તો અર્થથી કે તદુભયથી તો શી રીતે શક્ય થશે? એટલે એક દિવસે મેં વિચાર્યું: બધું તો નહીં પકડી શકાય. ૧૪ પૂર્વના સાર સમા એક નવકારને પકડી લઇએ તો ય તરી જઇએ. આયુષ્ય ઓછું ને શ્રુતસાગર નિરવધિ! આથી એક નવકાર પકડયો."

એકવાર પરમ વૈયાવચ્ચધારી મુનિવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજને પ્રશ્ન થયો કે આપણા આ સાધ્વાચારની નાનામાં નાની એવી પ્રત્યેક ક્રિયા અપ્રમત્ત ભાવે, એકાગ્રતાપૂર્વક, તન્મય બનીને કરનાર વર્તમાનમાં કોણ હશે? ત્યાં અંતરમાંથી જ સહસા ઉત્તર મળ્યો:

'અરે, હું કેવો સુભાગ્યશાળી કે આ બંને મહાન આત્માઓ મારી પ્રત્યક્ષ જ છે કે જેઓની દરેક આરાધના ઉત્તમ એવા સાતમા ગુણસ્થાનકને સ્પર્શે છે. જેમનો અંતરાત્મા પરમાત્મમિલનની અનુભૂતિ કરતો હોય તે આત્માની આંતરિક પ્રસન્નતાનું પ્રગટીકરણ એની બાહ્ય મુખાકૃતિની ચમકમાંથી જ અનુભવી શકાય તેમ છે. નિકટ મોક્ષગામી મહાત્માઓના આભામંડળો પરમાત્મ સ્વરૂપ જ લાગે જ્યારે અરિહંતમાં લયલીન બને! અધ્યાત્મરૂપી માનસરોવરના બે હંસ જ જોઇ લો જાણે!'

હિંમતભાઇ જેવા ઘણા સુશ્રાવકો મુંબઇ ને અમદાવાદથી વતન બેડામાં પોતાના ઘર ખોલીને ગુરુવર્યોની નિશ્રામાં ચાતુર્માસ કરવા સપરિવાર આવી ગયા. જંગલમાં મંગલ તે આનું જ નામ. ભક્તગણમાંથી જ્યારે કોઇ પંન્યાસજી મહારાજને પૂછે કે આપ કેમ મોટા શહેરોને બદલે મરુભૂમિના આવા નાના ગામે રહેવુ પસંદ કરો છો? ત્યારે થોડા જ શબ્દોમાં નિષ્કર્ષ કહી દે કે:

''ભક્તોને સાચવવા જતા જો ભગવાન વિસરાઇ જાય તો શું થાય? લાખો ભક્તોને સાચવવા કરતા એક ભગવાન સાથેનો આત્મિક સંબંધ સાચવી લઇએ તો બેડો પાર છે. જે ક્રિયાઓથી મારું ખરું સ્વરૂપ નજીક આવે છે તે ક્રિયાઓ અહીં નાનકડા ગામમાં વધુ સારી રીતે થાય છે.''

ખરેખર ક્ષણેક્ષણનો ઓચ્છવ પ્રગટ્યો હતો બેડાના આ ચાતુર્માસમાં. બંને મહાન આત્માઓ ઓછું બોલે. ધીમું બોલે. મસ્તકથી જ હા કે ના કહેવાઇ શકાતી હોય તો વાણીનો ઉપયોગ ટાળે. બે શબ્દથી કામ થતું હોય તો આખું વાક્ય ના બોલે. કોઇ શ્રમણ કે શ્રાવક જો ચિંતાકારક પ્રશ્ન કરે તો ભાવપૂર્વક બેસાડી સાંભળે બધું. પણ જવાબમાં ફક્ત બે-ત્રણ જ શબ્દો હોય:

''ચિંતા ન કરશો. થઇ જશે.'' ઉત્તર પૂરો. વાત સમાપ્ત. બધા જ કાર્યોના સમયની ગણતરી પાક્કી, સિવાય એક - સ્વરૂપરમણામાં સમયની ગણતરી રહે નહીં.

બેડા સંઘ વિચારે કે પૂજ્યોની વાતમાં વિકલ્પ પણ ન આવે તે જ આપણી અંતરંગ પરિણતિ અને અનાગ્રહભાવની પરીક્ષા છે. પોતાની નિશ્રામાં યશસ્વી કાર્યો સંપન્ન થયા હોવા છતાં કર્તૃત્વનો ભાર ન રાખનારા આ બે હળવાફૂલ ઉત્તમ આત્માઓને એકસાથે જોવા તે 'મણિકાંચન યોગ' જ છે તેમ માની ભાવિકો આવતા જ રહે.

એકવાર જામનગરથી શ્રાવકો સાહેબજી પાસે અહીં આવ્યા. જામનગરમાં એક ઉપાશ્રયમાં સંઘ સાથે કંઇક મતભેદ થતા વાતાવરણ ડહોળાયું. નિશ્રાવર્તી આચાર્ય મહારાજ ચાતુર્માસમાં જ અન્ય જગ્યાએ ફેરબદલી કરી ગયા. તે સંઘના ભાઇઓ આખી વાત જણાવવા અને આમાં કોની ભૂલ હતી તે નિયત કરવા સાહેબજી પાસે આવ્યા હતા. વાત આખી સંભળાવી. સૌ શ્રાવકો સરવા કાને હવે સાહેબજી શું કહે છે તે અર્થે આતુર બન્યા. કોઇનો પક્ષ લેવાને બદલે મૈત્રીના પરમ ઉપાસકે માત્ર એટલું જ કહ્યું:

''આચાર્ય પદે વિભૂષિત થયેલાને પણ જો આમ કરવું પડે તો આપણે તો કેટલી બધી સાવધાની રાખવી પડે?'' રાગદ્વેષથી વિમુક્ત આત્મા કેવો હોય તેનું સાકાર સ્વરૂપ આનંદપૂર્વક જોયું સર્વેએ સાહેબજીમાં! વળી ન કોઇની નિંદા, ન કોઇની પ્રશંસા!

એકદા દેરાસરની સામે જ આવેલા ઉપાશ્રયની મેડી ઉપર પંન્યાસજી મહારાજ બિરાજ્યા હતા. ત્યાં સાંજે ચારેક વાગ્યે બહારગામથી એક ભાઇએ આવીને પહેલા તો અલકમલકની વાતો કરી. પછી પોતે ખૂબ જ જાણકાર છે તેવો દેખાવ શરુ કર્યો. વાતોમાં અભિમાન છલકતું દેખાયુ. પાસે એક અન્ય ભાઇ પણ બેઠા હતા. તેઓ સામે જોઇ સાહેબજીએ કહ્યું:

''બોલો, સામે દેરાસર ઉપર જે વાદળ છે તે કેટલી વારમાં વિખેરાઇ જશે?''

માહિતીના ભંડાર સમા પેલા ભાઇ સાનમાં સમજી ગયા. અહંકાર ઓગળી ગયો ને પગમાં પડયા. પછી ધીમા સાદે બોલ્યાઃ 'સાહેબજી, જાણવા જેવું જ્ઞાન શું છે? આપ જ મને પમાડો.'

નમ્ર વિભૂતિએ જિનવચનની ભાવિતતાથી રંગી દીધા તે ભાઇને. સાહેબજી પોતે ભલે ગીતાર્થ શિરોમણી કિન્તુ સામેવાળાની પાત્રતા મુજબ ધર્મધ્યાન કરાવે સૌમ્યતાથી. મરુભૂમિમાં ઉગ્યા હતા આ કલ્પવૃક્ષો - બે પુણ્યાત્માઓ રૂપે!

एगभत्तं च भोयणं । ભગવાનની આજ્ઞાનો લોપ ન થાય માટે પૂજ્ય આચાર્ય ભગવંત સ્વયં નિયમિતપણે એકાસણાનો તપ કરે. પરિણામે તેઓના શિષ્યવૃંદને પણ એકાસણાથી ઓછો તપ ન હોય. નિર્દોષ ગોચરીના આગ્રહી આ મહાત્માઓ. અહીં ગરમ પાણી વાપરનારા ઘણા શ્રાવકો. તેથી મહાત્માઓ ઘરે-ઘરે જઇ નિર્દોષ ઉકાળેલું પાણી બંને કાળ વહોરી આવે. સવારનું પ્રતિક્રમણ માંડલીમાં સાગમટે હોય ને રાત્રિ પ્રતિક્રમણ પછી પણ દસ વાગ્યા સુધી સ્વાધ્યાય થાય. આચાર્ય ભગવંત સંથારા પોરિસી ભણાવે પછી જ દરેકનો સંથારો પથરાય. ૨૪ કલાકની ૮૬,૪૦૦ સેકંડમાં એક પણ એવી નહીં હોય, જ્યારે આ પૂજ્યશ્રીઓ પરમાત્માને વિસરી શક્તા હોય! અને હંમેશા બીજું તેઓને યાદ રહેતું એક સૂત્રઃ

सव्वे जीवा कम्मवसा ।

બધા જ જીવો કર્મને આધીન છે - પરાધીન છે, પરંતુ મૂળ જીવદ્રવ્ય તો અનંત ગુણોના ભંડાર સ્વરૂપ જ છે. સાહેબજી વ્યાખ્યાનમાં જ્યારે કહે કેઃ ''સોનાની કચોળીમાં કચરો આવી જાય તો આપણે શું ફેંકીએ? સોનાની કચોળી કે કચરો? દોષ કચરા જેવો જ છે... ને આત્મા સોનાની કચોળી સમો. સામો માણસ દોષિત હોય તો તેના જીવદળ પરત્વે નહીં, તેના દોષો પ્રત્યે કઠોર બની શકાય.''

આવા વખતે સૌને મહાન સાધકોની સાધનાના રત્નાકરમાં ડૂબકી માર્યાનું સદ્ભાગ્ય ફળતું દેખાય.

આ ચાતુર્માસમાં મહાબલ-મલયાની કથા ને ભગવતી સૂત્રથી પ્રવચનો રસ ભરપૂર બન્યા. પૂજ્ય આચાર્ય મહારાજ સદા કહે કે: 'નવકાર મંત્રના વિશિષ્ટ આરાધક પંન્યાસજી મહારાજનો યોગ સાંપડયો તેથી મારા આત્મપ્રદેશોમાં આનંદ-આનંદ છવાઇ ગયો છે. તેઓ સાથે રહી ધ્યાનમાર્ગે વિશેષ પ્રગતિ-સ્થિરતા પ્રાપ્ત કરી શક્યો છું. ધ્યાન સાધનાનો મેળવેલ આ ખજાનો અદ્દભૂત છે!'

પંચાચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો.

જ્યારે બેડામાં ચાતુર્માસ પૂર્ણ થયું ત્યારે પૂજ્ય આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજીએ સકળ શ્રી સંઘ સમક્ષ છેલ્લી હિતશિક્ષા દેતા કહ્યું કે: 'જીવો ઉપર દયા, મૈત્રી, દાન અને મધુર વાણી જેવો અન્ય બીજો કોઇ વશીકરણ મંત્ર ત્રણે ય લોકમાં વિદ્યમાન નથી. દયા તો જ સફળ કહેવાય જો આપણામાં આ પંન્યાસજી મહારાજ સમી મૈત્રી હોય. દયા અને મૈત્રીપૂર્વકનું દાન અને મીઠી વાણી બધા ધારણ કરજો.'

શેષકાળમાં સંવત ૨૦૩૨ (ઇ.સ.૧૯૭૬)માં પૂજ્ય સાહેબજી સંગે સૌ મુનિવરોએ જવાનું હતું હવે રાણકપુર તીર્થમાં. ત્યાં એક લાખ નવકાર મંત્રનું ૨૦ દિવસીય અનુષ્ઠાન ચૈત્રની ઓળીના દિવસોમાં જ નિર્ણિત થયેલુ. ફાગણ વદ અગ્યારસથી ચૈત્રી પૂર્ણિમાના ૨૦ દિવસમાં બંને પૂજ્યશ્રીઓની તારક નિશ્રામાં શરુ થયું આ અભૂતપૂર્વ અનુષ્ઠાન. પ્રત્યેક જાપકારે પ્રતિદિન કરવાના હતા:

ઉભયકાળ પ્રતિક્રમણ ને જિનવાણી શ્રવણ, ત્રિકાળ દેવવંદન, પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા, સામુદાયિક સ્નાત્રપૂજા ભક્તિ, ૨૪ લોગસ્સનો ઉભયકાળ કાઉસ્સગ્ગ, ૫૦૦૦ નવકારનો જાપ, પ્રત્યેક નવકાર સાથે ૫૦૦૦ શ્વેત પુષ્પોથી પ્રભુજીની પ્રતિમાજીનું નિત્ય પૂજન, ૨૦ દિવસના ખીરના એકાસણા અથવા આયંબીલનો તપ અને રાત્રે શ્રીપાળ-મયણા ચરિત્ર શ્રવણ : શ્રાદ્ધવર્ય શ્રી બાબુભાઇ કડીવાળા થકી.

રોજ નવકારના મહારહસ્યગર્ભિત હૃદયસ્પર્શી તાત્ત્વિક પ્રવચનો સુણવાથી ધરણવિહાર જિનમંદિરનું વિશાળ પ્રાંગણ જાણે 'નવકાર ધરણવિહાર' બની ગયુ.

બપોરે ત્રણ વાગે આચાર્યશ્રીની નવકાર ઉપરની વિશિષ્ટ અનુપ્રેક્ષાઓનું પાન કરે સેંકડો સાધકો. ત્યાં જ ચાર વાગે થાય આગમન પંન્યાસજી મહારાજનું. સભા તો બહુમાન વ્યક્ત કરવા ઊભી થાય જ કિન્તુ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીજી સ્વયં પણ વ્યાખ્યાનની પાટથી નીચે ભૂમિ ઉપર ઉભા રહી જાય. એવું વિરાટ હતું આભ્યંતર વ્યક્તિત્વ સાહેબજીનું કે પંચપરમેષ્ઠીના તૃતીય પદે વિરાજીત આચાર્ય પણ આ વચનસિદ્ધ પુરુષને આટલું બહુમાન અર્પે! સવારે પ્રતિક્રમણ પશ્ચાત્ પ્રાતઃકાળના સામુદાયિક દર્શનમાં પણ વાદ્ય સંગીત સાથે મધુર સ્વરે સમુહ ભક્તામર સ્તોત્રપાઠ ને રાત્રે પણ શાસ્ત્રીય સંગીત આધારિત મંગળમય ભાવના થાય. બંને અનુષ્ઠાનના મળીને નોંધપાત્ર એવા કુલ ૧૧૦૦ આરાધકો સંમિલિત થયા અહીં. અનુષ્ઠાનનો લાભ લેનાર હતા કૈલાસનગરવાળા શા.રતનચંદ ફૂલચંદ ભીખાજી.

જ્યારે સાહેબજી રાણકપુરમાં બિરાજમાન હતા ત્યારે હિમાલયમાં યોગસાધના કરવામાં પ્રવૃત્ત એવા અનેક યોગીઓ ઉદયપુર જતા રસ્તામાં થોડી વાર માટે રોકાવાનું નક્કી કરીને અહીં આવ્યા. પરંતુ સાહેબજી સાથેની યોગનિષ્ઠ વાતોમાં કલાકો વીતી ગયા જેનો કોઇને ખ્યાલ પણ ન રહ્યો. સૌને થયું યોગના હિમાલય તો અહીં બાજુમાં જ બિરાજમાન છે. હવે સાધનાર્થે દૂર જવાની ક્યાં જરૂર છે?

આમ સાહેબજી પોતાના ગુણાનુરાગીતાના ગુણ માટે પરિસર સરાહના પામે.

નવકારના આ અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ પછી આચાર્યવરશ્રી સમુદ્રસૂરીશ્વરજી મહારાજ તો દરેક ગામોમાં કહેવા લાગ્યા: 'ગોડવાડ પંથક ખરે જ સુભાગ્યશાળી છે કે રાણકપુરમાં પંન્યાસજી મહારાજે જે રીતે અંત:કરણમાંથી આવેલા નવકારના સ્રોતને વહાવ્યો તેમાંથી તો જાણે તીર્થંકરની સમોવસરણમાં વહેતી ગિરાની જ ઝાંખી થઇ.'

જીવતત્ત્વ, નવકાર, નવપદજીના માહાત્મ્ય વગેરે વિષયો રહે પ્રવચનોના. વળી આરાધકોને વિશેષ સૂચનાઓ પણ અપાઇ: બને તેટલું મૌન રાખવુ. સંથારા ઉપર ભૂમિશયન કરવુ. સ્પષ્ટ અક્ષરોથી એકાગ્ર ચિત્તે જાપ કરવો. પદ્માસન કે સુખાસનમાં બેસવુ. જાપ વખતે યોગમુદ્રા રાખવી. નાસિકાના અગ્રભાગે, નવકારના કમળચિત્ર ઉપર કે જિનવરજીની પ્રતિમા ઉપર જ દ્રષ્ટિને સ્થિર રાખવી. નવકારવાળી સફેદ વર્ણના પારાવાળી જ વાપરવી. વિજાતીય પરિચય ત્યાગી, બ્રહ્મચર્યનું પાલન કરવું.

જાપના સ્થળને પણ ખાસ કાળજી રાખીને મંગલ બનાવાયું. એકાંત પવિત્ર સ્થળે ગાયના ઘીનો અખંડ દીપક ને મઘમઘાયમાન અખંડ ધૂપ કરી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પંચતીર્થી પ્રતિમાજીનું સ્થાપન કરાયું. શ્રી નવકાર મંત્રની મહિમા દર્શાવતી ચિત્રાવલી પણ દરેક ભાવિકોના ભાવવૃદ્ધિનું કારણ બની. પ્રથમ દિવસથી જ શિષ્ટ સાધકો મુખ્ય જિનાલયની બહાર સામેના ચોગાનમાં બાંધેલ કાપડના તંબુમાં અખંડ દીપક સમક્ષ દિવસ-રાત અખંડ સાધના કરે. ત્યાં જ કોઇ અકળ કારણસર ચૈત્ર મહિનામાં ય ભારે વાવાઝોડુ, પવનનું તોફાન અને વરસાદ ત્રાટક્યા. આખી રાત ગાજવીજ સાથેના કુદરતના રૌદ્ર સ્વરૂપને સૌ વિવશપણે જોતા રહ્યા. આ તાંડવ વેળાએ ધર્મશાળામા રહ્યે-રહ્યે મંડપ અને અખંડ દીપક સ્થાપનાની સૌ એ ચિંતા કર્યા કરી.

સવારે તોફાન શમતાં સૌ મંડપમાં ગયા. આજુબાજુમાં કેટલાયે વૃક્ષો પડી ગયેલા. છતાં ય આરાધનાનો કપડાનો મંડપ એવો ને એવો સુરક્ષિત. ન મંડપને નુકસાન, ન અખંડ દીપક સ્થાપનામાં કોઇ વિક્ષેપ.

અરે! મંડપ પણ આટલા વરસાદમાં કોરો. આ જોતા અનેક વિચારો ઉઠયા... પણ મંડપમાં પ્રવેશતા જ આ રહસ્યનું સમાધાન આપોઆપ મળી ગયુ. આવી આંધીના સમયે પણ રાત્રિભર સાહેબજીના ભક્ત શ્રાવકશ્રી હિંમતભાઇ બેડાવાળા અડગ-અડોલ-રહીને કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર ઉભા રહેલ દેખાયા.

આનંદ, આશ્ચર્ય અને અહોભાવથી પૂજ્ય પંન્યાસજી ભગવંતના આશીર્વાદ પ્રાપ્ત આ સુશ્રાવકશ્રીની નિર્ભય પ્રસન્ન મુખમુદ્રાને સૌ જોતા જ રહ્યા. એ છબી સૌના માનસપટ પર દીર્ઘ સમય સુધી અંકાયેલી રહી. સાહેબજી પણ ઘણીવાર પોતાના ભક્તશ્રાવકો-નવરત્નોની શ્રદ્ધા ને નમ્રતા જોઇ ગળગળા થઇ જાય. કુલપાકજી તીર્થની પાવન ભૂમિ ઉપર એકદા રાત્રે માંગલિક કરવાના સમયે પૂજારીજીએ જ્યારે અંદર તપાસ કર્યા વિના જ દરવાજે તાળું મારી દીધું ને પછી ઠે...ઠ સવારે જ્યારે ૬ વાગ્યે દ્વાર ખોલીને દીવો પ્રગટાવ્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે સાહેબજીના પરમોચ્ચ ભક્ત શ્રાવકશ્રી હિંમતભાઇ તો કાયોત્સર્ગ ધ્યાન ધરતા આખી રાત ભગવાન સામે ઉભા છે. આ જોઇ પૂજારીને પોતાની ભૂલ સમજાઇ ને તેથી પગે પડી માફી માંગી.

પછીથી જ્યારે મુનિશ્રી વજ્રસેનવિજયજીએ પૂછ્યું કેઃ ''હિંમતભાઇ, તમને ખબર પડી કે દેરાસરમાં તમે પૂરાઇ ગયા છો ત્યારે સૌ પ્રથમ શું વિચાર આવ્યો?'' હિંમતભાઇએ નમ્રભાવે કહ્યું કેઃ 'મહારાજજી, સાહેબજીની કૃપાથી ઈચ્છા થઇ જ હતી કે એકવાર પ્રભુજીની સમક્ષ રાત આખી ઉભા રહી કાઉસ્સગ્ગ કરવા છે. તો મને થયું, આ દેવ-ગુરુની અસીમ કૃપા જ થઇ કે મારી એ ઈચ્છા અનાયાસે પૂર્ણ થઇ જશે તેવો સંયોગ ઉભો થયો. રાત્રિજગો કે ધર્મજાગરિકા પર્વ ઉજવ્યું મેં તો આત્મા ને પરમાત્મા સંગે.'

महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद् बहिः ।<br>
स्तम्भवत् स्कन्धकर्षणं, वृषाःकुर्युः कदा मयि? ॥

મધ્યરાત્રિએ નગરીની બહાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા મને થાંભલો સમજીને<br>
ક્યારે વૃષભ પોતાના ખાંધની ખરજ દૂર કરશે?

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે શ્રાવકના મનોરથ યોગશાસ્ત્રમાં વર્ણવ્યા છે તેવા જ શ્રાવકની ઉપમામાં શતપ્રતિશત બંધ બેસે તેવા પડિમાધારી હિંમતભાઇની સમતાનું આ શ્રેષ્ઠ ઉદાહરણ હતું.

મુનિમહંતશ્રી સુમિત્રવિજયજીની પ્રેરણાથી સંવત ૨૦૩૨માં રાણકપુરમાં સ્થિરપ્રજ્ઞાવંત સાધ્વીશ્રેષ્ઠાશ્રી પદ્મલતાશ્રીજી, પૂજ્ય સાધ્વીજી ભાવપૂર્ણાશ્રીજી આદિ સમુદાયે સાહેબજીની વાંચના સુગ્રહણ કરી.

''આપણે શ્રમણોની હિતચિંતા કરી દરેકને અનુકૂળતા કરી દેવી ઘટે.'' એમ એકદા સાહેબજીએ કહ્યું ત્યારે શ્રમણી સમુદાયમાંથી એક ટકોર મળીઃ 'પણ સાહેબજી, આપણે સગવડ આપીએ તે ન ગમે. એટલે દરેક પોતપોતાની સગવડ કરી લે છે.' આટલું સાંભળીને સાહેબજીએ તુરંત ચશ્મા કાઢીને જરા ઉંચા સ્વરે કહ્યુંઃ ''તો... તો પછી સર્વને અનુકૂળતા કરી આપવાનું સૂચન કરનાર ભગવાને ભૂલ કરી એમ જ ને?'' ફક્ત ગણતરીના જ શબ્દો - પણ સૌના હૈયા સોંસરવા ઉતર્યા. શબ્દથી શક્તિપાત કરી સાહેબજી અન્યોના જીવનમાં મૈત્રી ને પરોપકારનું સહજ આરોપણ કરી દે.

પરમ જ્ઞાની સાધ્વીજીશ્રી પદ્મલતાશ્રીજી મહારાજને એ પછી સ્વપ્નમાં એકવાર ઝાંખી થઇ કે જાણે સાહેબજીએ તેઓના સહસ્રારચક્ર ઉપર દૂરથી હસ્ત સ્થાપી શક્તિપાત કર્યો. સવારે આ સ્વપ્નની વાત કરતા સાહેબજીએ સસ્મિત અનુમોદન કર્યું. તે દિવસથી તેઓના જીવનમાં ઉઘાડ થયો ને દેહાત્માનું ભેદજ્ઞાન અનુભવાયું. આત્માનુભૂતિ પછી તો જાણે તેઓના અંતરમાંથી શુદ્ધ ચૈતન્યના ચિંતનની સરવાણી ફૂટી તેને લેખિત સ્વરૂપે અંકિત કરાઇ તેમાં પણ સાહેબજીની જ અપ્રતિમ કૃપા હતી.

એક નવપરિણિત યુગલ શ્રી પંકજભાઇ ને પારૂલબેન ઝવેરીએ સાયન, મુંબઇના દેરાસર બહાર લગાડેલ પૂંઠામાં વાંચ્યુ: 'નવપદ આરાધક સમાજની સંવત ૨૦૩૨ના વર્ષની આયંબીલ ઓળી રાણકપુર તીર્થમાં પંન્યાસજી મહારાજની નિશ્રામાં યોજાનાર છે.' સાહેબજી સાથે તો ખાસ પરિચય નહીં, પરંતુ એ બહાને રાણકપુર તીર્થે જવાનો લાભ મળશે તેમ વિચારીને તેઓ અહીં આવ્યા. પ્રથમ ઓળી વખતની મુલાકાત જ એવી જાદુઇ નીવડી કે એ પછી નવમી ઓળી તેઓની જ નિશ્રામાં કરતી વેળા સાહેબજીને પૂછ્યું : '૯ ઓળી તો પૂરી થવા આવી. હવે શું કરીએ?' સાહેબજીએ પ્રત્યુત્તર આપ્યો:

''નવમી ઓળી પછી આગળનો રસ્તો આપોઆપ દેખાશે.'' દસમી ઓળીનો સમય આવ્યો. થયું, શા માટે છોડવી જોઇએ આ નવપદજીની અદ્ભૂત આરાધના? સાહેબજીના એક જ નાના વાક્યે જાણે ધક્કો માર્યો! એ પછી તો ૮૦ ઓળી પૂર્ણ થઇ શકી. સાહેબજી જ્યાં હોય ત્યાં ઓળીમાં તેઓ જાય જ.

સો જેટલા શેઠિયાઓની કતાર લાગી હોય પણ મધ્યમ વર્ગના આ દંપતિ ઉપર સાહેબજીની કૃપા એટલી બધી ઉતરી કે સાહેબજીની માંદગીમાં ઈલેક્ટ્રાલ પાવડર કે મામરો બદામ વગેરે વહોરાવવાનો ભાવ થાય અને શ્રી હિંમતભાઇ બેડાવાળાને મારવાડ પહોંચાડવા માટે આપી આવે... ને ત્યારે થાય છ ખંડનું સામ્રાજ્ય મેળવી લીધાનો આનંદ! એ પછી તો પોતાના થાપાનું હાડકું તૂટયું ત્યારે ય સાહેબજીની કૃપાથી ન દુઃખાવાની ગોળી લેવી પડી કે જીવનભર માથું દુઃખવું એ શું તે ય ખબર ન પડી!

આરાધનાના ઉત્કૃષ્ટ કાળમાં જગતને આરાધનાને માર્ગે ચડાવવા સાહેબજીએ રાજસ્થાનના અજ્ઞાત ગામડાઓમાં પણ વિચરીને સૂક્ષ્મ શક્તિઓને ઉજાગર કરી. આથી જ તેમના મૌનમાં વાણી, સ્મિતમાં વાત્સલ્ય ને સત્સંગમાં પરમાનંદ વહે. તેઓ કહે કે:

''ભાવના ફક્ત ૪ જ છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ. પાંચમી ધિક્કાર ભાવનાનું અસ્તિત્વ જ નથી. મધુરતા એ ધિક્કારને પીગળાવી દે છે. માટે કર્મોદય વખતે ખૂબ શાંત જ રહેવું. આત્માના મોક્ષાર્થે સદૈવ પ્રશમરસમાં સ્નાન કરવું.''

गुरू आज्ञा हि केवलम् પંક્તિ અનુસાર સાહેબજીના દૂરના કે નિશ્રાવર્તી સાધુઓ આ હિતશિક્ષા પછી મૂર્છિત ન રહીને પ્રતિપળ જાગૃત રહેવાય તેવા પ્રયત્નો ન આદરે એવું બને ખરું?

''મોક્ષ માર્ગની આરાધના માટે યંત્રાધિરાજ સિદ્ધચક્રયંત્ર ઉત્તમોત્તમ દ્રવ્ય છે. તીર્થાધિરાજ શત્રુંજય તીર્થ ઉત્તમોત્તમ ક્ષેત્ર છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વ ઉત્તમોત્તમ કાળ છે અને મંત્રાધિરાજ મહામંત્ર નવકાર ઉત્તમોત્તમ ભાવ છે. પંચપરમેષ્ઠીઓ સર્વ ઉત્તમોત્તમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં વ્યાપક છે. માટે મુક્તિ પદની આરાધના-સાધના-ઉપાસના માટે પંચપરમેષ્ઠી ભગવંતોની સતત ભક્તિ કરવી જોઇએ, જેનાથી મોક્ષ ન મળે ત્યાં સુધી સમતાની પ્રાપ્તિ તો અવશ્ય થાય જ છે.'' સાધુપણાનું સાચું સુખ સમતા છે એ વચન જ્યારે પોતાના નામ સાથે પંન્યાસજી મહારાજ કોઇ શિષ્યને કહે પછી તે ગુણ આત્મસાત્ કર્યા વિના રહે તો એ મોક્ષમાર્ગી શિષ્યરત્નો પણ શાનાં?

''કોઇ પૂછે કે જડને પૂજવાથી જડ જેવા ન થઇ જવાય? તો હું કહું છું કે શાસ્ત્રો, વસ્ત્ર, પાત્રા, કંબલ, રજોહરણ, જિનચૈત્ય, જિનપ્રતિમા, પૂજાના ઉપકરણો વગેરેથી આપણને ઘણીવાર રોમાંચ ખડા થઇ ગયાના અનુભવ નથી થતા શું? આપણા ચેતનવંત સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રના વિકાસ માટે ઉપયોગી એવી આ દરેક વસ્તુ શું જડ નથી? આમ જડતાને દુર કરવા માટે પણ અમુક જડ પદાર્થો જ સાધનરૂપ બંને છે. ફક્ત તે જડ વસ્તુઓ વડે વિધિપૂર્વક ઉપાસના કરવી એ આપણું કર્તવ્ય છે.''

પૂજ્ય પંન્યાસજી મહારાજનો સમુહ પોતાના ગામમાં વધુ ને વધુ ચાતુર્માસો કરે તેવી ભાવના ભાવે સંઘજનો, જ્યારે આવી અનુપ્રેક્ષાઓની બૌછાર થાય સંઘ ઉપરે. 'મા'ની કૂખમાંથી જન્મ લીધા પછી જેઓ આવા મહાજ્ઞાની વિવેકી ગુરુની કૂખમાં પોષણ પામી ફરીથી જન્મ લે તે અતુલિત બુદ્ધ પુરુષ થઇ નવો અવતાર જ ધારણ કરે છે.

कडाण कम्माण ण मुक्खो अत्थि ।
– उत्तराध्ययन सूत्र

પૂર્વે કરેલા કર્મનો ક્ષય કર્યા વગર મોક્ષ નથી.

"શાસ્ત્રનું અધ્યયન અને પરિશીલન છે આપણા આ લોકોત્તર ધર્મની મંગળમયતા દ્રઢ કરવાનો નિશ્ચિત ઉપાય. સમ્યક્ જ્ઞાન અને ક્રિયા સહિતના સુધર્મ સિવાય ભવાટવીમાં ભ્રમણ કરતાં જીવને શરણ કે રક્ષણ આપવા અન્ય કોઇ સમર્થ નથી."

– પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૮ | आनंद आमार गोत्र ।

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

જૈનશાસનના બે જ્યોતિર્ધરો પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી રાતા મહાવીરજી તીર્થમાં સંવત ૨૦૩૨ (ઇ.સ.૧૯૭૬)માં ૧૦૦ ઉપાસકોના ઉપધાન શરૂ થયા, જેના લાભાર્થી બન્યા શા.નિહાલચંદજી શેષમલજી તથા દેવીચંદજી બીજાપુરવાળા. જે શ્રાવક-શ્રાવિકાઓ પંન્યાસજી મહારાજના દર્શનાર્થે આવે, બે દિવસનું વિચારીને આવ્યા હોય ને ચાર-છ દિવસ રહી જાય. પરિવારો જે આવ્યા હોય તેમાં સાથે કિશોરવયના બાળકો પણ હોય. તેઓને ખાસ સમય આપી જૈનધર્મની વિશિષ્ટતા અને ઉત્કૃષ્ટતા સમજાવે.

સૌ બાળગોપાળને લાગે કે આ સાહેબજી તો બહુ માયાળુ છે. આપણા જેવા જ થઇ જાય છે આપણી સાથે. એટલે જે કહેવું-પૂછવું હોય તે સૌ માટે શક્ય બને.

રાતા મહાવીરજીમાં ઉપધાન તપ સુપેરે ચાલતા હતા ત્યારે મુનિશ્રી પ્રીતિવિજયજી મહારાજે નવકારના જાપપૂર્વક બાંસઠમી ઓળીના અંતે ઉપવાસની મહાન તપશ્ચર્યા શરુ કરી. એક તો રમણીય ડુંગરની હારમાળામાં રહેલું રાતા મહાવીરજી તીર્થ સાધના માટેનું સુંદર સ્થાન ને એમાં તેઓ ઉપવાસ દરમ્યાન આખો દિવસ ભગવાન પાસે જાપમાં જ સંલગ્ન રહેલા. અગિયારમા ઉપવાસે રાતના સમયે એમને કંઇક અવર્ણનીય આનંદનો અનુભવ થયો ને એકાએક મોટા અવાજે નવકાર ગણવા મંડી પડયા. બધા સાધુઓ સાથે સૂરીજી અને સાહેબજી પણ જાગી ગયા. પૂછ્યું:

''આ શું કરો છો? નવકાર મનમાં ગણો... મોટેથી કેમ ગણો છો?'' 'તમારી વાત સાચી હશે... પણ અંદરથી નવકારનો ધ્વનિ આનંદ એટલો બધો ઉમટી રહ્યો છે કે હું રહી શક્તો નથી. આનંદથી હું બેવડો વળી જાઉં છું. કોઇ શબ્દ જ નથી એ આનંદને વર્ણવવા. નવકાર હું બોલતો નથી, અત્યંત આનંદના આવેશમાં મારાથી બોલાઇ જવાય છે!' આમ કહીને પાછા સરળ સ્વભાવી મુનિશ્રી 'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' 'નમો આયરિયાણં...' આમ બોલતા જ રહ્યા. બીજે દિવસે બપોર સુધી ઉચ્ચારપૂર્વક જાપ ચાલુ રહ્યો. ખુલાસો કરતા પૂજ્ય પંન્યાસજી મહારાજે સૌને જણાવ્યું કે:

''સરળ અને એકાગ્રચિત્તે સતત નવકાર ગણવાથી આવા પ્રકારની અનેક અનુભૂતિઓ થાય છે. કોઇ ને પ્રકાશનો પુંજ દેખાય છે. કોઇને આનંદના ઓઘ પ્રગટે છે. અન્તર્ગ્રન્થિનો ભેદ થતા ભવચક્રમાં કદી નહીં અનુભવેલા આનંદની અનુભૂતિ થતા સાધક આનંદથી નાચવા લાગે એમાં પણ નવાઇ નથી.''

એકવાર રસોયાભાઇ રસોડામાં ચક્કર આવતા પડીને બેભાન થઇ ગયા. આ નાના ગામમાં તરત ડૉક્ટરનો જોગ તો થાય એમ હતો નહીં એમ જાણનાર એક મહિલા તબીબે પોતે ઉપધાનમાં હોવા છતાં તરત દોડી જઇને ભાઇની નાડી તપાસી, મુખ ઉપર પાણી છાંટી, અન્ય યોગ્ય ઉપચારો કર્યા. થોડીવારમાં રસોયાભાઇને જાગૃતિ આવી. બ્લડ પ્રેશર વધી જવાથી તેમ થયેલું. તરત દવા લીધી અને ધીમે-ધીમે ઠીક થઇ ગયું. પૌષધ લીધેલા અનેક બહેનો ઉભા રહીને રસોડામાં ઝાંકતા હતા. જેવા મહિલા તબીબ પોતાનો ચરવળો-કટાસણું-શાલ સાચવતા રસોડાની બહાર આવ્યા કે તરત જ સૌ બહેનોએ પોતાનો મત પ્રગટ કર્યો: 'ઘણું જ મોટું પ્રાયશ્ચિત આવશે આનું તમને ડૉ. કુસુમબેન.' તબીબ બહેન તો ગયા સીધા જ સાહેબજી પાસે. પરમ વિનયી મુનિવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજે સમગ્ર બીનાનો વૃત્તાંત જાણી લઇને કહ્યું: 'સાહેબજીને મળવા તમે કાલે આવજો. હું આ બધી વાત કરી રાખીશ.' બીજે દિવસે પોતાની ભાણીને લઇને એ મહિલા તબીબ ફરીથી ગયા અને પૂજ્ય પંન્યાસજી મહારાજને વંદન કરીને હજુ તો બેઠા ત્યાં જ સાહેબજી પ્રકાશ્યા:

''તમે શું છો? ડૉક્ટર ને? તો તમારી ફરજ શી હતી? તમારા માટે એ રસોયાભાઇ માત્ર દર્દી હતા. તમે એને સારવાર માટે જ સ્પર્શ કરેલો ને? અન્ય કોઇ કામના તો હતી નહીં. જો તમે કંઇ ખોટું કર્યું જ નથી તો પ્રાયશ્ચિત શેનું આપવું? આપણો ધર્મ એ ભાવધર્મ છે. દરેક ક્રિયા કે પ્રવૃત્તિમાં આશય, હેતુ અને ભાવ જ મુખ્ય છે.'' આજે આગારી ધર્મ અને અણગારી ધર્મ એમ બંને શોભી રહ્યાં. જ્યારે ગતાનુગતિક ચીલેથી બહાર હટીને કોઇ વિચારવંત મહાપુરુષની કલ્પના કરવી હોય તો તરત જ સૌને પૂજ્ય સાહેબજી સ્મરણમાં આવે ને મનથી કહેવાઇ જાય: This is Him.

ધર્મનું મૂળ મૈત્રી છે કારણ કે મૈત્રીનું મૂળ કરુણા છે, જે પરદુ:ખ છેદનની વૃત્તિમાંથી ઉત્પન્ન થાય છે. કરુણા વિના કોઇ પણ સાચા ગુણની, સુખની કે આનંદની ઉત્પત્તિ જ નથી. સર્વ પ્રત્યે સમાન પ્રેમવાળા હોવાના કારણે જ સત્પુરુષોને પરમેષ્ઠીપદની પ્રાપ્તિ થાય છે. વ્યષ્ટિ ભાવમાંથી છોડાવનાર સમષ્ટિભાવ છે... જે જીવને પરમેષ્ઠીભાવમાં લઇ જાય છે. ગુરુજનો ચિત્તવૃત્તિને બ્રહ્મમાં-આત્મ સ્વરૂપમાં પરોવી રાખે છે તેથી પરબ્રહ્મરૂપ દેવતત્ત્વ ને તેમણે પ્રરૂપેલા ધર્મતત્ત્વની કૂંચી ગુરુતત્ત્વમાં છે. ગુરુના પ્રત્યક્ષ સંબંધથી જ પરોક્ષ એવા બ્રહ્મસ્વરૂપે દેવ અને બ્રહ્મમાં ચર્યા રૂપ ધર્મનો સંબંધ થાય છે.

સુમતિઓમાં રહેલ અભેદ-પ્રણિધાનની શક્તિને કારણે સાધકો પણ સત્ત્વગુણી થાય છે એ વાતની પ્રતીતિ મહિલા તબીબને એ વખતે થઇ ગઇ.

અન્ન એ પ્રાણનું, પ્રાણ એ મનનું, મન એ બુદ્ધિનું પોષક તત્ત્વ છે. બુદ્ધિ એ આત્મામાં પ્રવેશવાનું દ્વાર છે. આવી બુદ્ધિને પંડિત બુદ્ધિ કહેવામાં આવે છે જે સાહેબજીમાં અથ થી ઇતિ દરેક વિષયોમાં સૌને દેખાતી. કોઇપણ વિષયના ગમે તે પ્રશ્નો સાહેબજીએ ક્યારે ય અનુત્તર રાખ્યા નથી તે આવી પંડિત બુદ્ધિને કારણે જ. કર્મસત્તાની ઉપર પણ ધર્મસત્તા છે. કર્તૃત્વભાવમાંથી નીકળી જઇ સાક્ષીભાવમાં આવીને જે કંઇ કરીએ તો તેનું કર્મ કઇ રીતે લાગે? યોગીઓ સદૈવ જ્ઞાતાદ્રષ્ટાભાવમાં રહેતા હોવાથી તેઓને કર્મબંધન ક્યાં છે? પ્રભુ સર્વત્ર છે. વ્યક્તિત્વ તોડી નાખીએ તો પ્રભુનું અસ્તિત્વ આપણામાં આવી જાય. પરમગુરુ સાથે સંબંધ કરાવે તે સદ્‌ગુરુ. જેનું પોતાનું વ્યક્તિત્વ ના હોય તે સદ્‌ગુરુ. ફક્ત પ્રભુનું જ અસ્તિત્વ માને તે સદ્‌ગુરુ. સાહેબજીએ અહીં સદ્‌ગુરુ કેવા હોય તેની ઝાંખી કરાવી. ગૃહસ્થો માટે શ્રમણોનો વેશ અને શ્રાવકો માટે તો વર્તન એ જ વંદનીય છે.

એ જ રીતે ગયા વર્ષે રાજકોટના પોતાના ખાસ શ્રાવક ભક્તની જ કિશોરી દિકરી જયશ્રી પોતાની માતાની સમજાવટથી પોતાના આ તબીબ માસી સાથે બેડામાં અઢારીયું કરવા જઇ પહોંચી. પુનિત સાધ્વીજીઓના સમુદાયમાં ક્રિયા વગેરે સમયે ભળી જાય. શ્રાવિકાઓમાં મારવાડી બહેનો વધુ દેખાય. મુહપત્તિના ગમણા-ગમણેના બોલ કે વાંદણા કેમ કરવા તેની પૂરતી શાસ્ત્રીય સમજ નહીં. પ્રતિક્રમણ પણ આવડે નહીં. નવકારવાળી ગણેલી નહીં. દેવવંદન તો જરા ય ગમે નહીં. પણ એ બધા કરતા તેણીને સૌથી મોટો વાંધો એ હતો કે: સાહેબજી અમને સમય આપશે તે આશાથી અઢારીયામાં જોડાયેલ ને પોતે તો મળતા નથી. આથી કૃતનિશ્ચયી થઇને ૧૪ વર્ષીય એ બહેનબા તો પહોંચી ગયા સાહેબજી પાસે ફરિયાદ કરવા.

બપોરની વેળા હતી. મુનિશ્રી વજ્રસેનવિજયજીએ સાહેબજીને મળવાનું કારણ પૂછ્યું તો કહે:

'કાલથી મારે પૌષધ લેવો જ નથી. બધામાં કંટાળો આવે છે. ગુરુ મહારાજ તો મળતા જ નથી. પછી શું ફાયદો? રોજ એક કલાક જો સાહેબજી અમને ન આપવાના હોય તો હવે આગળ વધવામાં કોઇ રસ નથી.' ને વરઘોડો પહોંચ્યો સાહેબજી પાસે. તેણીએ તો નિર્દોષતાથી ફરિયાદો કરવી શરુ કરી:

'સાહેબજી, અઢારીયાના પ્રવેશનો મારો આ ત્રીજો દિવસ છે ને કાલથી તો પૌષધ લેવો જ નથી. તમે આજ્ઞા આપો એટલે પારી લઉં. દેવવંદનમાં ખૂબ કંટાળો આવે છે ને આ પ્રતિક્રમણમાં વાંદણા કેમ કરાય તે પણ સરખી રીતે આવડતું નથી. તમે તો સમય આપતા જ નથી. અમે તો અહીં આવ્યા છીએ ફક્ત તમારા કારણે. હવે કાલથી નીકળી જવાની આજ્ઞા આપો.' આ સૂણી સાહેબજી તો સ્નેહપૂર્વક મર્માળુ હસ્યા. કિશોરીને તો જાણે પિતા પાસે જ હક્ક કરતી હોય તેવું સહજ વર્તન લાગતું હતુ પોતાનું. નિ:સંકોચપણે બધી જ વાતો જણાવી શકાય તેવું વ્યક્તિત્વ હતું સાહેબજીનું તેનું આ ખૂલ્લું પ્રમાણ હતું. ધીમું ને મીઠું સ્મિત કરતા સાહેબજીએ પૌષધવ્રતનો મહિમા દર્શાવવા તેને જવાબમાં કહ્યું કે:

सगवीस य कोडिसया, सत्तहुत्तरि कोडि लक्ख सहसा य ।
सत्तसया सत्तहुत्तरी, नव भागा सत्त पलियस्स ॥
– रत्नसंचय प्रकरणम्

સત્યાવીશ અબજ, સીત્તોતેર કરોડ, સીત્તોતેર લાખ, સીત્તોતેર હજાર, સાતસો સીત્તોતેર પલ્યોપમ અને એક પલ્યોપમના નવીયા સાત ભાગ એટલે કે ૨૭ ૭૭ ૭૭ ૭૭ ૭૭૭ ૭/૯ પલ્યોપમ, એટલું દેવનું આયુષ્ય એક વખત આઠ પહોરનો પૌષધ કરનાર બાંધે છે. આ ફળ એક સામાયિકના ફળ કરતા ૩૦ ગણું વધુ છે.'' ક્ષણેક વિચારીને પછી બોલ્યા સાહેબજી: ''બોલ, હજુ ય છોડવા છે પૌષધ? વળી સવાર-સાંજના દેવવંદનમાં પણ કંટાળો આવે છે ને? તમને હું રોજ સમય આપીને સમજાવું તો અહીં રહેવું છે?'' કિશોરીએ તો બેધડક રીતે આંખનું મટકું ય માર્યા વિના કહી દીધું: 'હાસ્તો. અહીં આવવાનું કારણ જ તો તમે છો. હવે તો અઢારે દિવસ રહીશું. પણ શરત એ કે રોજે એક કલાક આપવાનો.'

પળવાર થંભીને સાહેબજી બોલ્યા: ''આપણે બપોરનું વ્યાખ્યાન જ શરુ કરીએ તો? બધાને લાભ મળે.'' બહેનબા બોલ્યા: 'હા, તો યે હું તો તૈયાર જ છું.'

બીજા દિવસથી જ બપોરે ૩ થી ૪ વાગ્યાનું પૂજ્ય સાહેબજીનું વ્યાખ્યાન શરુ થયું. નિવિ સંપન્ન કરી, ડાયરી-પેન્સિલ લઇ ભૂંડોથી બચીને વ્યાખ્યાનમાં આવતા આ કિશોરીને પાંચ-સાત મિનિટ મોડું થઇ ગયું. સાહેબજીએ સાધ્વીજી મહારાજોને 'આમને આગળ બેસવા દો' એમ ઈશારાથી સૂચન કર્યું. ને પછી આ...ટલા જ્ઞાની, ધ્યાની, તપસ્વી વિભૂતિએ સ્વયં પાટ ઉપર જ ઉભા થઇને સૌ પ્રથમ તો પ્રતિક્રમણમાં વાંદણા કઇ રીતે દેવાય તેનું નિર્દેશન કર્યું. વળી તેમાં આવતા 'જત્તા ભે! જવ્વણિજ્જં ચ ભે!' વગેરે શબ્દો બોલતી વેળાએ મસ્તક કેવી રીતે સાવ નીચે નમવું જોઇએ તે પણ દર્શાવીને સમજાવ્યુ. આ જોઇ બહેનબા તો ખુશ!

પછી તેમણે તે દિવસે વ્યાખ્યાનનો વિષય લીધો 'દેવવંદન'. ઉપધાનમાં કોને-કોને અને શા માટે આપણે રોજ ત્રણ વાર વંદન કરીએ છીએ તે સવિસ્તાર સમજાવ્યું. ભાષા એટલી તો સરળ અને એ...ટલા તો સ્નેહથી સમજાવ્યું કે બધાની દેવવંદનની ક્રિયા સાંજથી જ અતિશય ભાવપૂર્વક થવા માંડી. પછી જ્યારે આ કિશોરી તેની સખીમંડળી સાથે બીજા દિવસે પૂજ્ય પંન્યાસજી મહારાજને વંદન કરવા ગઇ ત્યારે સાહેબજીએ પૂછ્યું: ''હવે તો બધું બરાબર છે ને?'' તો જવાબ મળ્યો આ રૂપકડા બહેનબા પાસેથી: 'સાહેબજી, કાલે તમે બધું દેખાડયું ને સમજાવ્યું ત્યારે તો મને આંખમાં હર્ષના આંસુ આવી ગયેલા. ભગવાન આવા હોય તે તમારે અમને પહેલેથી જ સમજાવવું જોઇએ ને? તેથી હવે તો દેવવંદન પણ ગમવા માંડયુ ને વાંદણા પણ આવડી ગયા!' ઉપધાન તપના બે પ્રવેશ થઇ ગયા પૂરા પછી તો સહજ રીતે. ત્યાં સુધી આ કિશોરીના મનમાં તો એમ જ ચાલતુ હતુ કે:

'વાંક આમાં ગુરુ મહારાજનો જ હતો. પણ હવે બધું ઠીક થઇ ગયું.' પરંતુ વર્ષો પછી સમજણ ફૂટતાં ને ગુરુ મહારાજની મહાનતા ને નમ્રતા સમજાતા તે યુવતીને પોતાના બાલીશ વર્તન ને અસમજણ માટે ઘણો જ પસ્તાવો થયો. પણ ગુરુ મહારાજ એટલે ગુરુ મહારાજ! કારુણ્યના મૂર્તિ! થોડા વર્ષો પછી તે યુવતીની સગાઇ થઇ. ઉપધાન તપની માળ પહેરીને પછી જ તેણીની લગ્ન કરવાની ઉત્કટ ઈચ્છા. પરંતુ મુહૂર્ત નીકળ્યું લગ્નનું એવા દિવસે કે જ્યારે અહીં રાતા મહાવીરજીના ઉપધાન તપની માળનો જ દિવસ હોય. થનારા સાસુજીએ કન્યાના આંતરભાવની કસોટી કરતા કહ્યું કેઃ 'લગ્ન તો એ જ દિવસે કરવા છે. નહીંતર સગાઇ ફોક! માટે તમે રાતા મહાવીરજી માળ પહેરવા નહીં જતાં.'

આ સાંભળી પૂજ્ય ગુરુ મહારાજશ્રીની પાવન નિશ્રામાં સુધર્મિષ્ઠ બનેલી સૌભાગ્યકાંક્ષિણી કન્યકાએ તો કહી જ દીધું કેઃ 'તો ભલે સગાઇ ફોક થાય. પરંતુ સાહેબજીની નિશ્રામાં માળ તો પહેરીને જ રહીશ.' ત્યારે આવા ભાવ જોઇ તે ઉપધાનમાં તેના ભાવિ પતિ પણ જોડાઇ ગયા! ને સાસુજી તો આવી કુળવધુ મેળવવા બદ્દલ ધન્ય થઇ ગયા. પછી તો અઢારીયું કરનાર પોતાના અમેરીકા સ્થિત મામા, ડૉક્ટર માસી, નાના ભાઇ-બેન વગેરે સાથે તેણીએ અહીં રાતા મહાવીરજીમાં ઉપધાન તપની છેલ્લી આરાધના પૂર્ણ કરી. અંતિમ દિવસોમાં તેઓના માતા-પિતા પણ જોડાયા અને ત્રણેએ સાથે જ માળ પહેરવાનો અનન્ય લાભ પણ લીધો. આ રીતે સાહેબજીની શ્રેષ્ઠ રીતિએ અપાતી અમૃતવાણી સાથે રાતા મહાવીરજીમાં ઉપધાન પૂર્ણ થયા. લગ્ન પછી એ નવયુગલ જ્યારે-જ્યારે પૂજ્ય ગુરુ મહારાજને વંદન કરવા ગયા હોય, એકાદ કલાકના વાર્તાલાપમાં આગળની સાધના દિશા લઇને જ પરત ફરે. સાહેબજીની આંખોમાં કરુણાનું અમી જોઇ સ્હેજે વિચાર આવેઃ 'સવિ જીવ કરું શાસનરસીની ભાવનામાં રત એવા દરેક તીર્થંકરોની આંખોના ભાવથી સ્હેજે ઉતરતા આ ભાવ ન હોઇ શકે!'

આમ ૯ ઓળી પૂર્ણ થઇ. તો જય ને શ્રીની ધારક હવે આ પરિણીત યુવતીએ સાહેબજીને પૃચ્છા કરીઃ 'સાહેબજી, હવે કેટલી ઓળી કરવાની?' સસ્મિત જવાબ મળ્યોઃ "નવપદજીના બધા મળીને કેટલા ગુણો છે? તેના કુલ સરવાળા જેટલી. એટલે... આખી જીંદગી જ વળી!" જાતને ઘડવી અને ઉઘાડવી - એ બંને માટે સાહેબજી એટલે સ્વયં વિશ્વમહાવિદ્યાલય જ જાણે!

પોતાની પાટ પાસે જ નીચે હંમેશા બેસતા કિશોર વયના તેના જ નાના ભાઇને એકદા અઢારીયામાં પૂછ્યું હતુ સાહેબજીએઃ "દીપક, તને શું વાંચવું ગમે?" નાનો ભાઇ પણ ગમે તેમ તો યે તે કિશોરીનો જ ને! જવાબમાં નિખાલસતાથી કહી દીધુંઃ 'મને આપણા બધા શાસ્ત્રો કે ગ્રંથો તો સા...વ ઉપરથી જાય છે. હું તો અખંડ આનંદ, નવનીત, સમર્પણ, રીડર્સ ડાયજેસ્ટ, ઈન્ડિયા ટુડે એવું બધું વાંચુ છું.'

"હવેથી અખંડ આનંદ વાંચે ત્યારે આગળના જે અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના ત્રણ-ચાર પાના આવે છે ને, તે પણ વાંચવાના શરુ કરજે. ને એમાં હવેથી 'યુનિટી' માસિક વાંચવાનું પણ ઉમેરજે."

એ કિશોરે પણ જોયું કે આપણા જ શાસ્ત્રો વાંચવા એવી કોઇ મમત નથી સાહેબજીને તો. આજે 'વનની વય'માંથી બહાર નીકળી ગયેલા એ શ્રાવકજીએ સદા સાહેબજીનું કહેવુ માન્યું છે. પોતાના ભાણેજો સાથે શિકાગો રહેતા તેઓના આ મામા તે પછી મહેસાણાથી બસના છાપરા ઉપર બેસીને પણ જ્યારે-જ્યારે પૂજ્ય સાહેબજી સાથે રહેવા ગયા, ત્યારે સવારે અને બપોરે એમ એક-એક કલાક આ સેનાને દેશના આપે સાહેબજી. તેમાં એક વાક્ય રોજ સૌથી ઉપર રહે:

કાયાને સુખ તે આત્માને દુઃખ!

આજે આટલા દસકા પછી યે સોનામાં મઢાવવા લાયક આ વાક્ય મુજબ અનુભૂતિ કરી વર્તન કરતા અનેક શ્રાવકો સંઘમાં ઉત્તમ આરાધના કરી રહ્યા છે. શાસ્ત્રીય રહસ્યોના અપૂર્વ ચિંતક સાહેબજી પોતાના ચિંતનથી કઠિનતમ વિષયોને પણ સરળતાથી સમજાવે. 'ષડ્ આવશ્યકો મુજ મતિમંદને સમજાતા નથી. સહેજ સરળ કરી સમજાવો.' એવી વિનંતી આવે ત્યારે સાહેબજી સમજાવે કે:

| | | |
|---|---|---|
| સામાયિક | = | ચિકિત્સાલય, હોસ્પીટલ કે દવાખાનું. |
| ચઉવીસત્થો | = | ૨૪ ભગવાનની સ્તુતિ, સર્જન કે ડોક્ટર. |
| પ્રતિક્રમણ | = | ડ્રેસિંગ, પાપ કરવાથી લાગેલ ઘાવ ઉપર પાટાપીંડી. |
| પચ્ચક્ખાણ | = | દવા, ઔષધ. |
| ગુરુવાંદણા | = | તબીબને કરાતા વિનય-વંદના. |
| કાઉસ્સગ્ગ | = | સાજા થવાનો વિશ્રામ, દેહનો ઉત્સર્ગ કરી લીન થવું તે. |

આવી ભદ્રંકર વાણી સુણી મતિમંદ પણ સુમતિવાન થઇ જાય તેમાં શી નવાઇ? શ્રાવકશ્રી પ્રેમજીભાઇ કોરશી તો ઘણીવાર કહેતા હોય કે: ભક્તિયોગ તો પૂજ્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજીનો, જ્ઞાનયોગ પૂજ્યશ્રી જંબૂવિજયજીનો ને ચારિત્રયોગ તો પૂજ્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજીનો - પણ ત્રણે ય યોગને એકી સાથે એક જ યોગીમાં અવતારીત જોવા હોય તો પૂજ્યશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યમાં.

સાહેબજીના ગુણવૈભવ ને ગુણાનુરાગીતા તો એવા કે કોઇની પણ જિનભક્તિ મહોત્સવની પત્રિકાઓ આવે ત્યારે તેને વાંચીને કહે: ''આપણને અનુમોદના કરવાની તક આપી.'' પડિલેહણની વિધિ દરમ્યાન તેમને ઓઘો બાંધીને જો કોઇ નાના મુનિવર આપે તો તરત કહે: ''અરે, આ ઓઘો તો કેટલો સુંદર રીતે બાંધ્યો છે તમે!''

લુણાવાના ચાતુર્માસ પૂર્વે પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ સાતેક ઠાણા સાહેબજીના દર્શન-વંદનાર્થે ચાર દિવસ પધાર્યા. સૂરીજી મહારાજે વ્યાખ્યાનો આપ્યા અને પંન્યાસજી મહારાજે શ્રમણોને નવકાર મંત્ર તથા કરેમિ ભંતે સૂત્ર ઉપર વાચના આપી.

દાક્ષિણ્યમૂર્તિ આચાર્ય મહારાજશ્રી પ્રતિદિન સાહેબજીને અબ્ભુઠ્ઠિઓ ઠાવી ભક્તિપૂર્વક વંદન કરે. તેઓ પાસે પચ્ચક્ખાણ પણ ગ્રહણ કરે. તેઓ સામે પાટ ઉપર બેસવાથી વિનયોપચારમાં ખામી આવશે તેવું માને. આ બધું જોઇ બંને સમુદાયના નાના મુનિમહારાજોને પૂજ્ય પંન્યાસજી મહારાજ ઉપરનું બહુમાન શતગણું વધતું જોવાય. પૂજ્ય આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી તથા તેઓના ૧૦ ઠાણા સહિતના સંવત ૨૦૩૨ (ઇ.સ.૧૯૭૬) લુણાવાના ચાતુર્માસમાં સાહેબજી તો ક્યારેક જ વાચના કરે.

એકદા તેમને અસ્વસ્થતા જણાતા ડૉક્ટર ગંગાસિંહજી આવ્યા. પરીક્ષણ કર્યું. હાલત ગંભીર લાગી. રક્તચાપ ખૂબ ઊંચુ હોવાથી લકવો કે બ્રેઇનહેમરેજ થતા હવે વાર ન લાગે. બાજુમાં જ એક મહાત્મા સંસ્કૃત-પ્રાકૃત ગાથાઓનો અભ્યાસ કરી રહેલા. એમના બોલવામાં ક્યાંક ભૂલ થયેલી જોતા જ સાહેબજીએ તરત જ તેમને સુધારતા કહ્યું: ''આ ગાથા આમ નહીં, પરંતુ આ રીતે બોલો.''

ડૉક્ટર ગંગાસિંહ આ સાંભળી હજુ તો વિચારતા જ હતા કે આટલા ઊંચા બ્લડપ્રેશરમાં કોઇ કઇ રીતે આટલો સંતુલિત વ્યવહાર જાળવી શકે? ત્યાં જ તેમની દુવિધા દૂર કરતો ધ્વનિ સંભળાયો:

''ચિંતા ન કરો. હવે તપાસો. મારું બ્લડપ્રેશર હવે નોર્મલ આવશે.''

તબીબે તપાસતા ખરેખર જ તે આવ્યું નોર્મલ! કોઇ જ દવાની મદદ વગર આ શક્ય ન જ બને તેમ વિચારી તબીબે બીજું એક રક્તચાપ દબાવ માપક યંત્ર મંગાવી તેનાથી ફરીથી તપાસ્યું. છતાં ખરેખર જ તે સંપૂર્ણ નોર્મલ આવ્યું. યોગસાધક માટે દેહમાં પરિવર્તનો લાવવા સહજ જ હોય તેનો ફરી એકવાર પરિચય થયો ત્યાં રહેલા સહુને. એકવાર કોઇ જિજ્ઞાસુએ પૃચ્છા કરી: 'ઉદાસીનતા એટલે શું? ધર્મમાં તો પ્રસન્નતા જ હોય ને?' તો પંન્યાસજી મહારાજે સંક્ષિપ્ત ઉત્તર આપતા કહ્યું:

''ઉદ્ એટલે ઊંચે ને આસીન એટલે બેસવું. કોઇપણ અનુકૂળ-પ્રતિકૂળ બનાવોની ઉપર રહેવું. મનને તેમાં રાગી કે દ્વેષી બનવા ન દેવું તે ઉદાસીન ભાવ છે. औदासीन्यस्य फलं कैवल्यम् । ધર્મમાં સુપ્રસન્ન રહેવું તે એક વાત છે પરંતુ આવો ઉદાસીન ભાવ તો કૈવલ્યજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવી શકે છે. એટલે જ અમૃતવેલીની સજ્ઝાયની અંતે ગાથા ૨૮ માં એ જ વાત કહી છે કે: 'દેખીયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે... તેહ અણછોડતા ચાલીએ, પામીએ જેમ પરમધામ રે.' પરના દોષોના દર્શનમાં ઉદાસીન રહીને આગળ વધવાથી તો ક્ષાયિક ભાવમાં તે પરિણત થઇ શકે છે. માટે ઔદાસિન્ય ભાવ સેવવો શ્રેયસ્કર છે. એક બાજુ પાંચ વિષયો છે તો બીજી બાજુ પાંચ પરમેષ્ઠીઓ પણ છે ને?

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ - જ્ઞાનેન્દ્રિયોના આ પાંચે વિષયો આમ તો સૌને ખૂબ ગમે, પરંતુ એમાં યે જો વિષમતાનું વિષ ભળે તો તે વિષયો પણ અરુચિકર જ લાગવાના. સમતાના સુખમાં રહીએ તો વિષમતાની વેદના વેઠવાની જ ના આવે.

જીવન સાર્થક કરવા એ પાંચે ઇન્દ્રિયોના વિષયો તરફ સ્વતઃ વળી રહેલી ચેતનાને પંચપરમેષ્ઠીઓ તરફ વાળવાની પ્રક્રિયા એ નવકારની આરાધનાનું રહસ્ય છે. નવકાર એ સમકિતનું બીજ બની શકે એમ છે. શુદ્ધ ભૂમિમાં ઘણી વૃષ્ટિ થાય પરંતુ બીજ વાવ્યા વિના હજાર હેતુઓ વડે પણ ધાન્ય ઊગી ન શકે!''

પુનાના એક મુમુક્ષુને દીક્ષાની ભાવના થઇ. વિવિધ શ્રમણોના પરિચયમાં અવાય અને અભ્યાસમાં આગળ વધાય તે ભાવનાથી તેઓ મહેસાણા આવીને પાઠશાળામાં જોડાઇ ગયા. શિક્ષક હતા પંડિતશ્રી વસંતલાલભાઇ ભાભરવાળા. તેમણે એકદા હેમસંસ્કૃતપ્રવેશિકાનો શ્લોકાર્થ સમજાવ્યા પછી કહ્યું કે: 'તમે દીક્ષા ભલે ગમે તેની પાસે લો, પરંતુ અનુકૂળતાએ એ પૂર્વે પૂજ્ય પંન્યાસજી મહારાજના દર્શન કરવા અવશ્ય જજો.' મનમાં ધારી લીધી આ વાત મુમુક્ષુએ. એ પછી તો અનેક આચાર્યો અને મુનિવરશ્રીઓનો પરિચય થયો. ત્યાં જ મનફરા-કચ્છના શ્રી પ્રભુલાલભાઇ વાઘજી છેડા સાથે સાહેબજીના દર્શને લુણાવા જવાનો અવસર પણ સાંપડી ગયો. ઉપાશ્રયની એક નાનકડી રૂમમાં બિરાજમાન હતા સાહેબજી. દૂરથી નજર પડતા જ જાણે મોહાઇ ગયા અને વિચાર્યું કે આવી સૌમ્ય ચંદ્ર સમી મુખમુદ્રાના સ્વામી જ મારા ગુરુ હોઇ શકે. ઓળખાણ કરાવી પ્રભુલાલભાઇએ તેમની. એટલે સાહેબજીએ પૂછ્યું: ''મારું નામ તમને કોણે સૂચવ્યું? આવા નાના ગામડામાં કોણે મોકલ્યા?'' જવાબમાં મુમુક્ષુએ કહ્યું: 'મહેસાણામાં મને ભણાવનાર પંડિતશ્રી વસંતભાઇએ.' આથી પંન્યાસજી મહારાજે સ્પષ્ટ રીતે દીક્ષા દેવાની ના પાડતા કહ્યુ: ''હું નથી આ પંડિતજીને ઓળખતો કે નથી અવાયું હમણા ઘણા વર્ષોથી મારે પુના! એવું શું ન થાય કે ખોટી પ્રશંસા સાંભળી મારી પાસે આવી દીક્ષા લઇને તમે ફસાઇ જાવ? જો કે એક કામ કરી શકો કે મારા પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો પરિચય તો તમોને છે જ. તેઓ પાસે દીક્ષા લો તો વધુ લાભ થશે.'' આમ સાંભળતા જ મુમુક્ષુએ પણ સામે અશ્રુભીની આંખે પોતાનો અફર નિર્ણય જણાવી દીધો: 'દીક્ષા લઇને હું શિષ્ય તો તમારો જ થવા માંગુ છું.'

આવો મક્કમ સંકલ્પ સાંભળી છેવટે સાહેબજીએ તેમને અહીં રહી ફક્ત આરાધના ને અભ્યાસ કરવાની પરવાનગી તો આપી પણ સાથે કહ્યું કે: ''ક્યારેય મારી પાસે દીક્ષા લેવાનો આગ્રહ સેવશો નહીં.'' સાહેબજીની નિશ્રાછાયામાં રહેતા ને અનેક કસોટીઓમાંથી પસાર થતા આ મુમુક્ષુને એકદા પોતાના અગ્રજ ભાઇનો પુનાથી તાર મળ્યો: સંવત ૨૦૩૩ના કારતક વદ પાંચમનું તમારું દીક્ષા મુહૂર્ત નીકળી ગયું છે. ઝડપથી પુના આવો. મુમુક્ષુ તો હતપ્રભ થઇ ગયા આ વાંચીને. સાહેબજીને કહ્યું કે: 'મારે તો અહીં આપની નિશ્રામાં જ દીક્ષા લેવી છે. જો પુનામાં દીક્ષા લઉં તો પછી આપશ્રીને ફરીવાર ન મળું ત્યાં સુધી આપની સેવાનો લાભ પણ મને ન મળે ને?' હસતા મુખે સાહેબજી કહે: ''વડીલોની ઈચ્છા પ્રમાણે ઘર આંગણે પુનામાં જ દીક્ષા લો. હું તો મારા ગુરુદેવની આ ઉંમરે સેવા ન કરી શક્યો, પરંતુ મારો એકાદ શિષ્ય તેઓશ્રીની સેવામાં રહે તો મારી અંતિમ ભાવના પણ પૂર્ણ થાય.''

આવા ઉત્કૃષ્ટ કરુણાવાન અને પોતાના ગુરુદેવ પ્રતિ અસીમ બહુમાનધારી આત્મા પોતાના ગુરુ થશે એ વિચારે જ તેમની આજ્ઞા શિરોધાર્ય કરી એ બપોરે. એ પછી ગચ્છાધિપતિશ્રીના વરદ હસ્તે પુનામાં એ મુમુક્ષુ દીક્ષા ગ્રહણ કરી સાહેબજીના શિષ્ય બની ઓળખાયા મુનિવરશ્રી ચારિત્રભૂષણવિજયજી તરીકે.

એકદા વૃષભ રાશિમાં રહેલ ઉચ્ચનો ચંદ્ર અવની ઉપર પૂનમનું અમરત રેલાવી રહ્યો હતો અને લુણાવાની રેતાળ વસુધા જાણે રજતથી મઢાઇ ગઇ લાગતી હતી ત્યારે સંવત ૨૦૩૨ (ઇ.સ.૧૯૭૬)માં રાજકોટના શ્રી શશિકાંતભાઇ તથા મહેન્દ્રભાઇ કીરચંદભાઇ મહેતા પરિવાર તરફથી સાહેબજીની નિશ્રામાં નવલાખ નવકારના જાપનું અનુષ્ઠાન મંડાયુ. સૌને અપરિશ્રમાલાધ્ય અનોખી અનુભૂતિઓ થઇ. પ્રભુજીનું પહેલા ક્યારેય ન સધાયું હોય તેવું નૈકટ્ય સધાયું નિરભ્ર આકાશ નીચે નિરવ રીતે! સાચવીને અલગ મૂકાયેલુ પોતાનું આત્માસ્તિત્વ જાણે સૌને અહીં ફરી સાંપડી ગયું. એ પછી ગોડવાડના દાનેશ્વરીશ્રી કનકરાજજી સાંવતરાજજી લોઢા તરફથી ઘાણેરાવમાં સાહેબજીના શિષ્યોની નિશ્રામાં ૫૧૬ આરાધકોના ઉપધાન મંડાયા. આખું નગર ધજાપતાકાઓથી શણગારાયું. ભવ્ય આંગીથી જિનાલયો શોભાયમાન થયા. સાહેબજીની તબિયત અઠીક હોવા છતાં આયોજક પરિવારનો અદમ્ય ઉત્સાહ જોઇ ઉપધાન તપ પૂરા થવા આવ્યા તે પૂર્વે મહા વદ અગ્યારસ, ૧૪ ફેબ્રુઆરી, ૧૯૭૭ના શુભ દિવસે સાહેબજી અહીં ઘાણેરાવમાં પધાર્યા. ઉપધાનની પૂર્ણાહુતિએ ૧૫,૦૦૦ ભાવિકોની મેદની થઇ.

મહા સુદ તેરસ, સંવત ૨૦૩૩ (ઇ.સ.૧૯૭૭)ના દિને સાહેબજીના અંતિમ શિષ્ય તરીકે રાજસ્થાનના બાલી શહેરમાં ૧૮ વર્ષની બાલી વયે દીક્ષા લેનાર મહાત્મા એટલે મુનિશ્રી રત્નસેનવિજયજી મહારાજ. શરૂથી જ સંસ્કૃત વ્યાકરણ-પ્રકરણ-કર્મગ્રંથાદિના અભ્યાસમાં લીન. વક્તવ્યો પણ ખુબ જ તાત્વિક આપે. અહીં જ ઘાણેરાવમાં અન્ય ૧૩ મહામુનિઓની નિશ્રામાં નૂતન મુનિશ્રીની વડી દીક્ષા ૨ માર્ચ, ૧૯૭૭ના સવારે થઇ. સાહેબજીના વરદ હસ્તે શુભાશીર્વાદ મળે ત્યારે મુનિઓના મુખારવિંદ ઉપર પંચમહાવ્રત પ્રતિજ્ઞાપ્રદાન કરાવવાનો ઉલ્લાસ મા'તો ન હોય. તે દિવસથી જીવન જાણે આ ગુરુદેવ જ ચલાવશે તેવી શ્રદ્ધેયતા પણ જાગે. ખરે જ તેથી જ કદાચ મુનિશ્રી રત્નસેનવિજયજી હિન્દી ભાષામાં સાહેબજી વિશે તથા તે ઉપરાંત બીજા અનેક ગ્રંથો વિશે ક્રમશઃ લખી કે અનુવાદિત કરી શક્યા.

ઘાણેરાવથી સાદડી, મુંડારા, લુણાવા, સેવાડી, બીજાપુર, બેડા, સિવેરા આદિ તીર્થસ્થાનોમાં થઇને ચૈત્ર સુદ પાંચમના રોજ સર્વે મુનિરાજો બ્રાહ્મણવાડાજી તીર્થમાં પધાર્યા.

પિંડવાડાવાળા શા.મૂલચંદજી રાજમલજી પરિવાર તરફથી આ તીર્થમાં ૧૦૦૦ આરાધકોની સામુદાયિક ઓળી પંન્યાસજી મહારાજની નિશ્રામાં યોજાઇ. વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી, આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયરવિચંદ્રસૂરીશ્વરજી સહિત ૨૯ શ્રમણોએ નિશ્રા પ્રદાન કરી. રોજ રાત્રે શ્રી બાબુભાઇ કડીવાળાની સ્વરલહેરીઓ સાથે શ્રીપાળ-મયણાનો સુમધુર રાસ સૂણે સૌ અને દિવસે કરે નવપદજીની આરાધના!

ઓળી પછી સાહેબજી સાથે આચાર્ય શ્રીમદ્દ વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં બ્રાહ્મણવાડાજી તીર્થના નૂતન જિનબિંબોની, તેના પર્વત ઉપર સમ્મેતશિખરજી તીર્થની, ચંડકોશિક દ્વારા થયેલા મહાવીર પ્રભુના ઉપસર્ગ મંદિર વગેરેની સ્થાપના થઇ. તેનો ભવ્યાતિભવ્ય અંજનશલાકા ને પ્રતિષ્ઠા મહોત્સવ જેઠ સુદ્દ પાંચમથી જેઠ વદ બીજ દરમ્યાન હર્ષોલ્લાસ સહ સંપન્ન થયો.

આગમજ્ઞાતા પૂજ્ય મુનિવર્યશ્રી જંબૂવિજયજી નિત્ય બપોરે શ્રી સૂયગડાંગ સૂત્ર ઉપર વાચના ફરમાવે ત્યારે સૌ તે સાંભળવા અધીરા બને ને સૌને દેશનાદાતા આગમપ્રજ્ઞ મુનિવર્યશ્રી ઉપર બહુમાન વધે. આમ ગોલવાડ પ્રદેશે અનેક શાસનપ્રભાવનાના કાર્યો સાહેબજીની નિશ્રામાં થયા.

सातत्यं सिद्धिदायकम् ।

આરાધનાનું સાતત્ય એ જ સફલતા.

જેમ સમોવસરણમાં આવી સૌ પોતાની વેરભાવના, ઈર્ષ્યા, અહંકાર, જાતિમદ્દ વગેરે વિસરી જાય, તે જ રીતે સાહેબજીના સ્નેહ ને કરુણામય વચનોમાંથી એક માતાનું વાત્સલ્ય જ વરસતું લાગે. મારવાડની મરુભૂમિના તેર જેટલા ચાતુર્માસો દરમ્યાન દર વર્ષે પૂજ્ય સાહેબજીને ચૌદ-પંદર ક્ષેત્રોમાંથી ચાતુર્માસ માટે વિનંતીઓ આવે. એમાં લગભગ સાત-આઠ સ્થાને તો તેઓ મહાત્માઓ પહોંચાડે જ.

ઉદયપુર જેવા સુશિક્ષિત ક્ષેત્રમાં ૭૦૦ માણસો સામે બેઠા હોય, માત્ર ૨૪-૨૬ વર્ષની ઉંમર હોય, વ્યાખ્યાનની ખાસ ફાવટ કે અનુભવ હોય નહીં અને છતાં ગુરુદેવ પૂજ્ય પંન્યાસજી મહારાજનું સ્મરણ કરીને પાટ ઉપરથી વ્યાખ્યાન દઇ ૯૦ મિનિટ પછી ઊઠે, ત્યારે તે મહાત્માઓ સ્વયંને જ આશ્ચર્ય થઇ જાય કે આવા ગૂઢ વિષયો ઉપર તેઓથી કઇ રીતે આટલું સુંદર બોલી શકાયું? 'ધર્મબિંદુ' ઉપરના કે ત્રિષષ્ટીશલાકાના પ્રથમ પર્વ ઉપરના પ્રવચનો હોય, ઉદયપુરમાં હિન્દીમાં ચારે મહિના વ્યાખ્યાનો કરવાના હોય કે વિશ્વ હિંદુ પરિષદની ધર્મસભામાં બોલાતુ હોય કેઃ आर्य इति गच्छति - આ લોકથી પરલોકમાં આત્મા જાય છે એવું જે માને છે તેઓ 'આર્ય' કહેવાય છે ને આત્માને ફરતો ન માને તે 'અનાર્યો'. આત્માને જે ચાલતો એટલે કે હિંડતો માને તે 'હિંદુ'. આવું બધુ પરિષદોમાં ને વ્યાખ્યાનમાં પોતાનાથી બોલાય ત્યારે સભાને સ્તબ્ધ બનતી જોઇ દૂર ચાતુર્માસ કરાવવા જનાર સૌ શ્રમણોને આ ગુરુની જ કૃપા વરસતી દેખાય!

આ નવા વ્યાખ્યાતા મહાત્માઓને પંન્યાસજી મહારાજના સ્મરણ ને શરણથી દરેક પરિસ્થિતિમાં ઉકેલ પણ મળી જ રહે. ધુંવાધાર વ્યાખ્યાન પણ અપાય, અવાજ પણ ખૂબ મોટો અને ભાર સહિતનો નીકળે અને પદાર્થ જે લીધો હોય તેના રહસ્યો પણ આપમેળે ઉઘડતા જાય. આમાં પરમ ગુરુદેવની નિષ્કારણ કરુણા સિવાય બીજું શું સમજી શકાય?







૨૯ વિદ્વદ્વર્ય શ્રમણો સાથે પૂજ્ય પંન્યાસજી મહારાજની નિશ્રામાં ઈ.સ.૧૯૭૭માં ૧૦૦૦ આરાધકોની સામુદાયિક ઓળી થઈ શ્રી બ્રાહ્મણવાડાજી તીર્થમાં. ગુરુના શ્રીમુખે નવપદજી વરસ્યા નવલખધારે...!

સમીપે પર્વત ઉપર શ્રી સમ્મેતશિખરજી તીર્થની તથા વીર પ્રભુના કાનમાં ખીલાં ઠોક્યાના ઉપસર્ગ મંદિરની સ્થાપના. અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ અપૂર્વ હર્ષોલ્લાસ સહ સાહેબજીની પરમપાવક નિશ્રામાં થયા.

પૂજ્ય પંન્યાસજી મહારાજના માર્ગદર્શન તળે રોજ ત્રણે સમય બાર-બાર વાર શક્રસ્તવના પાઠ કરવાનાં નિયમ સાથે એક મહાત્માએ અઠ્ઠાઇ તપ શરુ કર્યો. રોજના ૩૬ વાર લેખે ૮ દિવસમાં ૨૮૮ વાર શક્રસ્તવના પાઠમાં તેમને અલૌકિક આનંદ આવ્યો. ફક્ત બે જ કલાકની ઉંઘ લે. ભૂખ્યા પેટે ય અજબની સ્ફૂર્તિ અનુભવાય!

એ જ રીતે સાહેબજી કોઇ મહાત્માને ઋષિમંડલના જાપ કરાવીને એવા જ આનંદની અનુભૂતિ કરાવે. અંતર્યાત્રાનો આવો આનંદ એકવાર કરી લીધા પછી સંયમ માર્ગમાં સૌ મહાત્માઓ વધુ સ્થિર થાય. સાહેબજીના આશીર્વાદથી તેમનાં અનેક શિષ્યોને ગ્રંથિભેદથી ગજબ પ્રક્રિયા ભીતરમાં અનુભવાઇ. કોઇ દેરાસરમાં એકાંતમાં પ્રભુજીની સામે બેઠા હોય અને એકાએક તેને આર્હન્ત્ય સ્વરૂપ સાથે અપૂર્વ એવી આ વિશ્વની વ્યવસ્થા સમજાવા માંડે. દોઢ-બે કલાકની પરમ આનંદની એ પળોમાં નાચવાનું મન થઇ જાય. પોતે વ્યક્તિ તરીકે તૂટી જાય - ફક્ત આત્મા તરીકે જ જૂદો બહાર આવી દ્રષ્ટિગોચર થાય. તે વેળાના શું સ્પંદનો હોય તે અવર્ણનીય બને.

સંવત ૨૦૩૩ (ઇ.સ.૧૯૭૭)માં સાહેબજીનું ચાતુર્માસ પિંડવાડામાં થયું. પંન્યાસશ્રી ધર્મજીતવિજયજી મહારાજ તથા મુનિ જગવલ્લભવિજયજી મહારાજ પણ ગુજરાતથી અહીંયા ચાતુર્માસ માટે જોડાયા. અહીંના અનુષ્ઠાનોમાં સાહેબજી અનુકંપા, જીવદયાદિની પ્રેરણા પણ અચૂક કરે. એટલું જ નહીં, તે દ્રવ્યનો યોગ્ય સંસ્થાઓમાં તત્કાલ ઉપયોગ થાય તેનું પણ અવશ્ય ધ્યાન રાખે. ક્યારેય કોઇ અનુષ્ઠાન ઊભુ ન કરે સામેથી. ન ક્યારેય પ્રેરણા કરે કે સૂચન આપે. પણ કરાવનારને ભાવના થાય તો પહેલા પૂરતી ચકાસણી કરાવે. પૂર્ણ ઉદારતાથી ને ઉલ્લાસથી કરવા સક્ષમ છે એવું લાગે તો જ તે લાભાર્થીને સંમતિ મળે. ઉપરાંત દેવદ્રવ્ય, સાધારણ આદિની થતી ઉપજનો અમલ યથાસ્થાને જ થાય તેની ખૂબ જ તકેદારી રાખે સાહેબજી. મોટા ભાગે કોઇની વાતનું ખંડન ન કરે. કરવું જ પડે તો ખંડન માટે નહીં, મંડન માટે. સામાની વાત સાંભળીને તેમાં ખૂટતું તત્ત્વ પૂર્ણ કરે સાહેબજી.

ઉત્સર્ગ-અપવાદ, વ્યવહાર-નિશ્ચય, દ્રવ્ય-ભાવ, રાગ-વૈરાગ્ય, ત્યાગ-ભોગ વગેરે દ્વન્દ્વોનો સમન્વય સાહેબજી એવી રીતે કરે કે વિરોધ શમી જાય અને અંતે સત્ય સ્થપાય.

એકવાર એક ઉત્સુક શ્રાવકે પ્રશ્ન કર્યો: 'સાહેબજી, દરરોજ પ્રભુપૂજા, વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ કરનાર જો દુકાને જઇ અસત્ય બોલે ને અનીતિ આચરે તો તેનાથી ધર્મ વગોવાય છે. તેના કરતા પૂજા ન કરે તો શું ખોટું?' ઉત્તર મળ્યો: ''સમાજમાં નીતિમય આચરણ થકી ધર્મની પ્રતિષ્ઠા જાળવવી તે શ્રાવકોનું કર્તવ્ય છે. પરંતુ દેરાસર જવાની કે પૂજા કરવાની વાતનું ક્યારેય ખંડન ન કરવું. દેરાસર એ એક એવું અદ્દ્ભૂત સ્થાન છે કે ત્યાં જનારને મોડી-મોડી પણ સદ્દ્બુદ્ધિ આવવાની શક્યતા છે. પણ જો તે સ્થાનથી કાયમ માટે દૂર જ થઇ જાય તો બુદ્ધિ વધુ બગડી શકે.

આ મહામૂલો માનવજન્મ લગભગ એળે જાય. પૂજા છોડી દેવી એ અનીતિથી છૂટવાનો ઉપાય કઇ રીતે હોઇ શકે? એમ કરવાથી તો અનીતિ છૂટવાની શક્યતા ય નાશ પામે છે. માટે પૂજા ચાલુ રાખવાની જ હિતાવહ છે.'' સમીપ રહેલા જિજ્ઞાસુએ બીજો પ્રશ્ન કર્યો: 'ધર્મ આરાધના માટે શું દીક્ષા લેવી જરૂરી જ છે?' સાહેબજીએ માર્મિક ઉત્તર આપ્યો: ''વિજ્ઞાનના પ્રયોગો ગમે ત્યાં કરાય કે પ્રયોગશાળામાં? તે રીતે સંપૂર્ણ ધર્મની સાધના માટે સર્વવિરતિ જરૂરી છે.'' એટલા તો તર્કપૂર્ણ લાગે આ ઉત્તરો કે પછી આગળ નવા પ્રશ્નો ઉદ્‌ભવે જ નહીં!

સાહેબજીના સંસારી ભત્રીજા શ્રી ચીમનલાલ ભોગીલાલના દિકરા હસમુખભાઇએ અહીં વંદનાર્થે આવીને સૌને એક વાત કહી: 'સંવત ૧૯૬૫માં સાહેબે મને બેસાડીને પૂછ્યું: ''હસમુખ, આટલી દોડધામ કરે છે. કંઇ કમાય છે કે કેમ?'' મેં કહ્યું: 'સાહેબ, મુંબઇના રૂ તથા શેરબજારમાં દલાલને ત્યાં માસિક રૂપિયા ૨૫૦ના પગારથી સવારના નવથી રાતના નવ સુધી કામ કરું છું.'

સાહેબે જવાબમાં સમજાવ્યું મને: ''જ્યાં સુધી તારા પૂર્વના પાપોનો ક્ષય થશે નહીં ત્યાં સુધી કંઇ મળશે નહીં અને પાપક્ષય માટે તો નવકારમંત્ર એટમબોમ્બ સમાન છે. તેનાથી એકી સાથે મોટા પાયે પાપોનો નાશ થશે. જેટલા તું નવા પાપો નહીં કરે એટલું તારું પુણ્યનું બેલેન્સ વધશે.'' તેમની વાત મને જચી ગઇ. મેં કહ્યું: 'સાહેબ, આજથી હું નવકાર મંત્રને શરણે છું. મને આશીર્વાદ આપો.' તેમણે મને રોજ એક બાંધી નવકારવાળી ગણવાનું સૂચવી નવકાર મંત્રનું દાન કર્યું. તેઓ એક-એક પદ બોલાવતા ગયા ને હું બોલતો ગયો. પછી વાસક્ષેપ નાખીને આશીર્વાદ આપતા કહ્યું: ''તું છ મહિના નિયમિત ગણજે. જરૂર ઉપર આવી જઇશ. કેટલો ઉપર આવીશ તે તું કંઇ રીતે નવકાર ગણી શકે છે તેના ઉપર આધારિત રહેશે.'' મેં તે જ દિવસથી એક બાંધી માળા ગણવા માંડી.

જાપ શરુ કર્યાના ત્રણેક મહિના પછી મારા એક મામાજી જે વર્ષોથી જાપાન રહે છે, તેમનો અચાનક પત્ર આવ્યો કે અહીં એક ઘરના માણસની જરૂર છે. તમે જાપાન આવો તો વર્ષે ૫૦ હજાર રૂપિયાનો પગાર આપીશ. આમ ત્રણ જ મહિનામાં નવકાર મંત્રનો પ્રભાવ દેખાયો. સાહેબજી પાસે જઇને વિગત જણાવીને જાઉં કે કેમ તે પૂછ્યું. તેમણે કહ્યું: ''જહાં સુખમ્. પણ નવકાર મંત્રને ભૂલતો નહીં.''

મેં ૪ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ પરદેશગમન કર્યું. સમય વધારે મળતો હોવાથી પહેલા ૧૦ નવકારવાળી ને પછી રોજ ૨૫ નવકારવાળી ગણવાનું શરુ કર્યું. પહેલા નવ લાખ જાપ પૂરા થયા ત્યારે વાર્ષિક પગાર બે લાખ ઉપર પહોંચ્યો. ત્યાં ૧૩ વર્ષ સુધી કામ કર્યા પછી જ્યારે તેમનું કામ છોડ્યું ત્યારે મારે વાર્ષિક આવક ત્રણ લાખ રૂપિયા પહોંચી. ૧૯૭૭ની સાલમાં નોકરી છોડી મુંબઇ આવ્યો. સાહેબજીને જાપની પ્રગતિ જણાવી તો ખુશ થઇ કહે: ''તને નવકાર ફળ્યો છે.'' હવે હું દરરોજની ૫૦ બાંધી નવકારવાળી ગણવા લાગ્યો. દર છ મહિને નવલખા નવકાર જાપ પૂરા થવા લાગ્યા.

હવે સાહેબજીએ કહ્યું: ''હવે તું નવકારનો કરોડપતિ થા!'' મેં તેમની આજ્ઞા માથે ચઢાવી. સાહેબજીની કૃપાથી મારી ગાડી પાટે ચઢી ગઇ છે. આજે મારો ચૌદમો નવલખો ચાલુ છે. એટલે ગુરુકૃપાથી નવકારનો કરોડપતિ થયો છું ને ભવોભવ ક્રોડો નવકાર ગણી શકું એવી શક્તિ માંગતો રહું છું.'

આ વાત સાંભળી સભા મુગ્ધ બની. સૌ નવકારના દાસ બનવા જાણે તત્પર બન્યા. પિંડવાડામાં ચાતુર્માસ પછી સાહેબજીએ રચેલા સાહિત્યની સમાલોચના કરતા એકદા ભક્ત શ્રાવકોને વિચાર આવ્યો કે સાહેબજીના પાટણ તથા લાલબાગના પ્રવચનોનું સાહિત્ય તેમના જેટલું જ ઉપકારી છે. વળી:

- સાહેબજીએ સાધુ ને શ્રાવક ધર્મની સાચી ઓળખાણ કરાવવા તથા જૈન દ્રષ્ટિએ પરમેશ્વરનું સ્વરૂપ સમજાવવા રચના કરી: 'જૈન માર્ગની પિછાન' ગ્રંથની.
- મુમુક્ષુઓ માટે મહાજ્ઞાનના દ્વાર ખોલવા રૂપ જૈનધર્મના અનેક આધ્યાત્મિક વિષયો ઉપર સુંદર પ્રકાશ પાડયો: 'અનુપ્રેક્ષા'ના ત્રણ કિરણો વડે.
- પ્રતિદિન સ્વાધ્યાય-ચિંતન-મનન કરવા યોગ્ય સંસ્કૃત ને પ્રાકૃતના ભાવવાહી પ્રાચીન સ્તોત્રોને ભાવાનુવાદથી મઢયા: 'જિનભક્તિ' નામના સુંદર ગ્રંથમાં.
- પ્રાર્થનાનું સાચું સ્વરૂપ પ્રગટ કરી આત્મવિકાસ કરવા 'જય વીયરાયની પ્રાર્થના' સૂત્ર ઉપર અદ્દભૂત વિવેચન કર્યું.
- ભવિજીવોની અનેક શંકાઓનું સમાધાન રૂપે રચ્યો ગ્રંથ 'ધર્મશ્રદ્ધા'.
- નવકારની ઘર-ઘરમાં અહાલેક જગાવવા રચ્યા ગ્રંથો: 'પરમેષ્ઠી નમસ્કાર અને સાધના', 'નમસ્કાર મહામંત્ર', 'નમસ્કાર દોહન' અને 'નમસ્કાર મીમાંસા'.
- વિજ્ઞાનવાદ, ભોગવાદ તથા તકવાદની નિરર્થકતા સમજાવીને આત્મવાદ અને મોક્ષવાદ તરફ વહેણ વાળવા સર્જન કર્યું 'આસ્તિક્તાનો આદર્શ' નામક ગ્રંથનું.
- 'નાસ્તિક મતવાદનું નિરસન' કર્યું સબળ તર્ક-યુક્તિઓ ને અનુભવના આધારે જ.
- ભવિજનોની સાંપ્રતકાળની વેધકમીમાંસા કરીને તેના ઉપાય તરીકે પ્રકાશ્યાં તેમણે 'ત્રૈલોક્ય દીપક મહામંત્રાધિરાજ', 'નમસ્કાર ચિંતનયાત્રા' તથા 'આરાધનાનો માર્ગ.'
- શ્રી વીતરાગ દેવના દર્શન-પૂજનાદિ માટે જૈન વિધિ-વિધાનોનું યથાર્થ રહસ્ય પ્રકાશ્યું તેમણે 'દેવદર્શન' નામના ગ્રંથ દ્વારા.
- છ આવશ્યકોના ગંભીર વિવેચનરૂપ 'પ્રતિક્રમણની પવિત્રતા' ગ્રંથ રચ્યો.
- અનેકવિધ લાભોની બુદ્ધિગમ્ય વિશદ પ્રરૂપણા કરી 'પ્રતિમા પૂજન'માં અને એ રીતે ભ્રમનું નિરસન કરનાર પણ તેઓ જ બન્યા.
- ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, હૃદય અને આત્માને શાંતિ, શુદ્ધિ તથા સમતાનો લાભ કરાવનાર 'તત્ત્વ દોહન' રૂપ ગ્રંથની જડીબુટ્ટી પણ આપી તેઓએ જ.

- જૈન ધર્મ તથા નવપદજીનો મર્મ પકડી તેને પ્રકાશિત કર્યા 'નવપદ પ્રવચનો', 'ધર્મચિંતન', 'ધર્મ અનુપ્રેક્ષા' તથા 'તત્ત્વપ્રભા' ગ્રંથમાં.
- જૈનશ્રુતનું મંથન કરી તારવેલ 'શ્રી મહાવીરદેવનું જીવન'નું પ્રકાશન મોક્ષાર્થીઓને મંગલ માર્ગ દેખાડનારું નીવડયું તે તેમનાં પુરુષાર્થને કારણે જ.
- 'અરિહંત વંદનાવલિ'ની રચના પણ સાહેબજીના કહેવાથી જ થઇ છે જે અગણ્ય આત્માને તરવા અધુનાપર્યંત મહોપયોગી છે.

'જૈન સાહિત્ય વિકાસ મંડળ'ની સ્થાપના થઇ એમાં પણ માર્ગદર્શન સાહેબજીનું જ. તેમના સંપાદન, સંશોધન, માર્ગદર્શન નીચે અને શ્રી અમૃતલાલ કાલિદાસ શેઠના સહકારથી ઘણું સાહિત્ય પ્રકાશિત થયું. તેથી સૌનો 'આત્મઉત્થાનનો પાયો' પણ મજબૂત થયો. 'પ્રાકૃતિક પરમતત્ત્વનું મિલન' થવાથી અસ્તિત્વના ઉચ્ચ સ્તરો ખોલી આપ્યા. સાહેબજીએ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ચતુઃશરણગમન એ ત્રણે પદાર્થો ઉપરનું અગાધ ચિંતન ને તલસ્પર્શી લેખન કરી આપણી ઉપર વણચૂકવાય તેટલું ઋણ ચડાવ્યું છે. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ શાસ્ત્રના અમુક શ્લોકોના આધ્યાત્મિક રહસ્યોને જ્યારે પામી ન શકે ત્યારે સાહેબજીને જ પત્ર દ્વારા લખીને મોકલે. તત્ત્વમર્મી એવા સાહેબજી અનેક સંદિગ્ધ શ્લોકોને સુસ્પષ્ટ કરીને પત્ર દ્વારા પરત મોકલે. જેનાથી રચયિતાના આધ્યાત્મિક ભાવોને સાંગોપાંગ સ્પર્શી શકાય. આ ક્ષણે બંગાળી કવિવર ગુરુદેવ ટાગોરનું કાવ્ય આવ્યું સ્મૃતિમાં:

प्रेम आमार परशमणि तारे छुंइले जे काम हय रे सेवा
तइ गोलोक चाय जे भूलोक हइ ते, मानुष हइते चाय जे देवा ।

પ્રેમ મારો પારસમણિ છે, જેના સ્પર્શથી કામ એ સેવામાં પરિણમે છે.
તેથી જ સ્વર્ગલોક પૃથ્વીલોક પામવા વાંછે ને... દેવો માનવ થવા ઝંખે છે.

"એ પ્રગટ દીવા જેવી ચોખ્ખી વાત છે કે આપવાના આનંદથી આત્મશાલીનતામાં વૃદ્ધિ થાય છે. સ્થગિત થયેલા જીવનમાં ગતિ અનુભવાય છે. આપવાનો આનંદ અપાર છે. ભરપૂર છે. માટે આપો અને પામો. GIVE & YOU WILL RECEIVE."

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૧૯ | અરવ ઘંટારવ

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

સ્વદ્રવ્યથી પિંડવાડાજીમાં શા.રીખવચંદ મહેતા પરિવારે સંગેમરમરનું વિશાળ ગગનચુંબી શંખેશ્વર પાર્શ્વનાથપ્રભુનું જિનાલય સંવત ૨૦૩૪ (ઇ.સ.૧૯૭૮)માં બંધાવ્યું. સાહેબજીની પરિસ્થિતિ ત્યારે લગભગ પથારીવશ જેવી. આ દેરાસરની અજંનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા વેળાએ ૧૧ દિવસના ભવ્ય મહોત્સવમાં નિશ્રાપ્રદાન કરવા ૫૦ મુનિવરો સંગે શાસનપ્રભાવક આચાર્યો શ્રી મુક્તિચંદ્રસૂરીજી, શ્રી કલાપૂર્ણસૂરીજી ને શ્રી રાજતિલકસૂરીજી મહારાજા જેવા ત્રણ જ્યોતિર્ધરો હાજર હોવા છતાં જ્યારે વ્યાખ્યાનની પાટ ઉપર સાહેબજીને જ કેન્દ્રમાં બેસવા એમ કહે કે:

'આપ આચાર્ય નથી, આપ તો આચાર્યોથી પણ વધીને છો.' ત્યારે તેમની મહાનતા વિસ્તાર પામે. ત્રણ-ત્રણ આચાર્યો ઉપસ્થિત હોવા છતાં સૌની હાર્દિક ઈચ્છા હતી કે મૂળનાયકજીની અંજનવિધિ તો પંન્યાસજી મહારાજના વરદ હસ્તે જ થાય. તેઓના આગ્રહથી સાહેબજીને સ્ટ્રેચરમાં અહીં લવાયા. સાહેબજીએ ભાવસભર અંજનવિધિ સંપન્ન કરી. આ પ્રતિષ્ઠાના દિનથી જ દૈવયોગે રાજસ્થાનના ધગધગતા રણપ્રદેશમાં જેઠ મહિનાની આકરી ગરમીમાં પણ જિનાલયના ગભારામાં દર કલાકે છત ઉપર એક મોટું પાણીનું ટીપું રચાય છે, જેના પડવાથી બારે માસ અહીં શીતળતા પ્રસરી રહે છે.

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબજીની નાદુરસ્ત તબિયતને કારણે ફરીથી સંવત ૨૦૩૪ (ઇ.સ.૧૯૭૮)નું ચાતુર્માસ પણ પૂજ્ય આચાર્યદેવેશશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ તથા તેમના સમુદાય સાથે પિંડવાડામાં જ થયું. સાહેબજીની તબિયત વધુ ને વધુ અસ્વસ્થ બનતી ચાલી, તેથી તબીબો ના પાડે છતાં પણ તેઓ પાંચ તિથિ ફળ-વનસ્પતિના ત્યાગ કરે જ કરે.

તેઓ શીઘ્ર સુસ્વસ્થ થાય એ માટે ૮ મહિનામાં આજુબાજુના અનેક સંઘો તરફથી નવકારના જાપ, આયંબીલ તપ તથા જિનભક્તિના કેટલાંયે અનુષ્ઠાનો થયા. સાહેબજીએ દરેકના હૃદયમાં એવું તો કેન્દ્રનું સ્થાન મેળવ્યું હતું કે આ અનુષ્ઠાનોમાં સ્વયંભૂ જોડાનારાની સંખ્યા સેંકડો વટાવી જતી. સાહેબજીની તબિયતની જાળવણી અર્થે અમદાવાદથી શ્રી ભાસ્કરરાવ હાર્ડીકર વૈદ્યને લઇને શ્રી હીરાભાઇ પણ આવે.

વળી એલોપથીના તબીબો તો સાહેબજીની તબિયત જોઇને પરત જતા પૂર્વે સૂચના પણ આપે કે: '૧૫ દિવસ બીલ્કુલ આરામ કરવો... એક શબ્દ યે કોઇ સાથે બોલવાનું નથી.' બીજી પણ અનેક ભલામણો કરીને જાય. પછી સાહેબજી કહે: ''આ ડોક્ટરો જ મને વધારે માંદો પાડી દે છે. દૂરથી વંદન કરવા ને માર્ગદર્શન મેળવવા કોઇ આવે અને છતી શક્તિએ હું એમને નિરાશ કરું તો મારી માંદગી વધે કે ઘટે?''

પરમાત્માની સામે સાહેબજી હોય ત્યારે દેખાય પ્રભુમાં ઓતપ્રોત છવિરૂપ સાધક ને પ્રણિધાનમગ્ન મૌન મુનિની હૃદયંગમ પ્રતિકૃતિ સમ આરાધક! ભાવશિખર ઉપર પરમના આનંદમાં ડૂબેલા આત્માને શબ્દમાં ઉતરી આવવું તે તળેટીએ આવવા જેવું જ લાગે વળી! મહામહિમ પરમતારક તીર્થંકરોના પાવન આંદોલનોને હજુ આજે ય પકડી શકતા હોય તેવી ચમકીલી મુખમુદ્રા બની જાય દેરાસરમાં તેમની.

સંવત ૨૦૩૪ (ઇ.સ.૧૯૭૮) પિંડવાડાનું આ બીજું ચાતુર્માસ સંપન્ન થયું. બેડા, લુણાવા ને પિંડવાડા – ત્રણે ભૂમિઓ બે યોગીઓના ચાતુર્માસ પામવા ભાગ્યશાળી બની હતી. હવે થયા નાંદીયા તીર્થમાં ઉપધાન તપ શરુ. ૪૦૦ દેશવિરતિધરોને આરાધના કરાવવા ભાગ્યશાળી બન્યા અમદાવાદના પદ્માબેન ચન્દ્રકાંતભાઇ કાન્તિલાલ પરીવારજનો.

સંવત ૨૦૩૧માં બેડામાં સાહેબજી સંગે ચોમાસુ કરનાર મુનિશ્રી કીર્તિરત્નવિજયજીના સંસારી ભાઇ નાંદીયામાં ચારિત્ર લેવાની અદમ્ય ઉત્કંઠા લઇને આવ્યા. સાહેબજીને કહે: 'ઘરેથી મને દીક્ષા લેવામાં અંતરાય ઉભો થયો છે. આપ કંઇક કરો.' ઉત્તર મળ્યો: ''એ અંતરાયો તો ફક્ત નિમિત્ત ગણવા. તમારા ચારિત્રાવરણીય કર્મો ખપી જાય તે માટે એક શાસ્ત્રીય ઉપાય છે. ૬ મહિના સુધી રોજ સ્વદ્રવ્યથી પ્રભુજીની પૂજા કર્યા પછી સોનાના વરખની આંગી કરી ચિંતવવું કે મને પણ આ સુવર્ણ સમ શુદ્ધ સંયમની આંગી પરિધાન કરવા મળે.'' તેમણે તો તરત એ ઉપાય અજમાવવાનો શરુ જ કરી દીધો અને ખરેખર ૬ મહિનામાં જ તેઓના અંતરાયો દૂર થયા. પ્રકૃષ્ઠ ઇચ્છા મુજબ દીક્ષા પછી નૂતન નામ મળ્યું મુનિશ્રી હેમચન્દ્રવિજયજી ને બન્યા આચાર્ય શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજીના શિષ્ય.

ધામધૂમથી ઉપધાન પૂર્ણ થયા પછી ય સાહેબજીનાં બિમારીના વર્ષોમાં ગુરુની સેવાનો લાભ મળે તે અર્થે પદ્માબેન તથા ચન્દ્રકાંતભાઇ મારવાડમાં સાહેબજીની આજુબાજુમાં રહે. વળી અમદાવાદના તેઓના ઘરે સમગ્ર વર્ષ દરમ્યાન દેશ-પરદેશના અગણ્ય સાધર્મિકોની આવનજાવન રહે. કલ્યાણમિત્રો પણ એવા કે દર મહિને સાહેબજી પાસે સૌ ભેગા થાય ત્યારે 'આરાધનામાં કેટલું આગળ વધ્યા? હવે આગળ કેમ વધશું?' એવી જ ચર્ચા થાય. છેલ્લા પાંચ વર્ષોમાં સાહેબજીના કહેવાથી રોજ પંચસૂત્ર ગણવાથી તેઓને અનુભવ થયો કે અંદરના રાગદ્વેષ ઝડપથી ખતમ થઇ રહ્યાં છે. જે મહિને સાહેબ પાસે ન જવાય, તરત ઘી નો ત્યાગ અમલમાં મૂકાય! પરમોચ્ચ સાધક એવા આ સમર્પિત દંપતિને પંન્યાસજી મહારાજના કહ્યા પ્રમાણે ખરે જ અનેકવાર અનુભવાયું કે:






ઈ.સ.૧૯૯૮માં ૪૦૦ દેશવિરતીધરોને ઉપધાન તપ દ્વારા આરાધના કરાવવા સાહેબજી ગયા નાંદિયા તીર્થ. જીવિત સ્વામી સહિતના આ દેરાસર ને ગામના નિર્માતા છે પ્રભુ વીરના અગ્રજ બંધુશ્રી નંદિવર્ધન.

સાહેબજી એટલે મૈત્રીનું મહાકાવ્ય. ક્રોધ ઉપર મૈત્રીના વિજય સમી સમીપની ટેકરી ઉપરની દેરીમાં સાપની આકૃતિ કોતરેલી છે જે ચંડકોશિક સર્પને પ્રભુ મહાવીરે પ્રતિબોધ આપ્યાની મૂળ જગ્યાને સ્મૃતિવંત કરાવે છે.

જેમ પારસમણિ લોખંડને સુવર્ણ બનાવે છે તેમ નમસ્કાર આતમ રૂપી સુવર્ણને પારસ બનાવે છે. પ્રભુનું નામ એ જ્ઞાન છે, નમસ્કાર એ ક્રિયા છે. નામથી વસ્તુનો બોધ થાય ને નમસ્કારથી આત્માની પરિણતિ પલટાય. માટે જ નમસ્કાર મહામંત્રને સંસારતારક નૌકાનું બિરૂદ અપાયું છે.

રાજકોટમાં પેલી નિર્દોષ કન્યકા સ્મિતા, જે પોતાના ગળામાં નવકારવાળી પહેરીને ફરતી, તે જ્યારે ૧૮ વર્ષની થઇ ત્યારે સાહેબજીની અતુલનીય વાણીથી પ્રદિપ્ત થઇ અહીં નાંદીયામાં ઉપધાન તપ કરવા આવતા પૂર્વે સાહેબજી સમીપ એક આદર્શ શ્રાવિકાના રૂપમાં સાડી પહેરી, માથે ઓઢી પિંડવાડા ઉપાશ્રયમાં વંદન કરવા ગઇ. તેઓના આશીર્વાદ મેળવી નાંદીયા ઉપધાન કર્યા. સમાપ્તિ પછી રાજકોટ ઘરે જતા પૂર્વે ફરીથી સાહેબજીના વંદન કરવા આવી ત્યારે તેનું વજન ઘણું જ ઘટી ગયેલું જોઇ સાહેબજી કહે: "સ્થૂળ શરીર ભલે ઉતર્યું, એની ફિકર ના કરશો. કાર્મણ શરીર ઉતર્યું કે નહીં તેનો જ ફક્ત વિચાર કરવો." સાહેબજીની કૃપાથી તેણીએ એ પછી જીવનમાં ક્રમશઃ એટલું બધું ચિંતન, વાંચન, પઠન, અધ્યયન કર્યું કે દુબઇ જેવા અનાર્ય દેશમાં રહેવાનું થવા છતાં પણ સૌ પ્રથમ ઘર દેરાસર તેણીએ જ કર્યું. પાઠશાળામાં અધ્યાપિકા બની. સત્સંગ વર્ગો ખોલ્યા. ત્યાંની ભાવુક શ્રાવિકાઓને અવારનવાર ભારત લઇ આવી તીર્થયાત્રાઓ કરાવી. ઘણાં વર્ષો પછી વિચારતા આજે એમ થાય છે કે જો તે દિવસે એ માસુમ કન્યકાને વઢીને ગળામાંથી નવકારવાળી કઢાવી નંખાવી હોત તો પંચપરમેષ્ઠી જે હદે આજે તેણીનાં હૃદયમાં સ્થિત છે તે થયા હોત ખરા?

પોતાની પાસે આવનાર પ્રત્યેકને સાહેબજીએ એટલું બધું આપ્યા જ કર્યું કે સંઘના, સમુદાયના, સાધકોના, ભક્તોના, જૈન ઉપરાંત અજૈનોના હૃદયમાં તેઓની સ્યાદ્વાદી દ્રષ્ટિ અને મૈત્રીની ભાવના કોતરાઇ ગઇ... અને પછી પોતાના જીવનમાં ઘણા પ્રસંગોમાં અવતરિત થતી પણ જોઇ શકાઇ.

આ જ તો ધ્યેય હતો સાહેબજીનો. સંસર્ગમાં આવનાર દરેકને વિકાસના શિખર સુધી પહોંચાડવાનો! નામ તેવા ગુણ દેખાયા તેઓમાં. જેમ ગમે ત્યાંથી કાપીએ સુખડને - તે તો સુવાસ જ આપે છે તેમ સાહેબજી સદૈવ એમ વિચારે કે: પર્યાયની ભિન્નતા કે ભેદને કારણે એક જીવના બીજા જીવ સાથેના સાચા સગપણમાં કશો ફેર પડવો ન જ જોઇએ.

પિંડવાડામાં એકદા આખા દિવસની બધી જ ઉત્તમ ક્રિયાઓ તથા જાપ પૂર્ણ કરી પંન્યાસશ્રી હજુ તો સંથારો કરવા પોતાની પાટ ઉપર બિરાજમાન થયા કે એક મુનિવર તેઓ સાથે વાત કરવા આવ્યા. મુનિની મુખાકૃતિ ઉપરના ભાવ જોઇને જ સમજી ગયેલા સાહેબજીએ તેમને થોડીવાર પછી આવવા જણાવ્યું. સમય વીત્યો. મુનિવરનું મન થોડું શાંત તો થયું, પરંતુ ઉગ્રતા ઓછી ન થઇ. પછી રાહ જોઇને બેસી જ રહેલા સાહેબજી સમીપ ફરીથી આવ્યા ત્યારે પોતે કોઇ જ વાત કહેવી પણ ન પડી કે મનમાં શેનો ઉદ્વેગ ઘોળાતો હતો.

સાહેબજીએ એવા તો મધુર શબ્દોથી તેઓને સમજાવ્યા કે ઉગ્ર બનીને આવેલ તે મુનિ પોતાની ભૂલનો એકરાર કરીને પગમાં પડીને રહ્યા! આમ કોઇવાર કોઇ શિષ્ય કે શ્રાવકનું મન ઘણું જ ઉદ્વિગ્ન થઇને આર્તધ્યાન કરવાની અણી ઉપર આવી ગયું છે તેમ લાગે કે તરત જ સાહેબજીની ચકોર નજર તે પારખી લે. પાસે બોલાવી પ્રેમથી ફક્ત એટલું જ કહે:

Everything is in order in this universe. આ દુનિયામાં બધું વ્યવસ્થિત છે.

સાહેબજીને અશક્તિના કારણે બોલવામાં પણ શ્રમ પડતો હોય અને તેવા વખતે જો બહારગામથી કોઇ શ્રાવક પરિવાર આવે તો તરત બેઠા થઇને હિતોપદેશ દેવાની તેઓની ઈચ્છા પૂર્ણ કરે. મુનિશ્રી જયમંગલવિજયજી, મુનિશ્રી જિનસેનવિજયજી આદિ ત્યારે મનમાં તો ખૂબ અકળાય પણ પરાણે મૌન રહે. શ્રાવક વિદાય થાય પછી સંયત સ્વરે પૂછે: 'સાહેબજી, હાલમાં તબિયતની પ્રતિકૂળતા હોવા છતાં શા માટે આટલો શ્રમ લો છો?' ઉત્તર તૈયાર જ હોય:

''અમે શ્રાવકપણામાં નાનપણથી જ્યારે જ્યાં પણ કોઇ મહાત્માઓના દર્શન-વંદનાર્થે જતા, તો ત્યારે તેઓ પોતાનું બધું જ કાર્ય એકબાજુએ રાખી દઇને અમને ધર્મ પમાડતા. તે ઋણ ચૂકવવાના અવસરો આવે ત્યારે હું મારી ફરજમાંથી ચૂકી જાઉં તે કેમ ચાલે? ઘણા ગુરુદેવોએ અમારી યોગ્યતા મુજબ તત્ત્વદાન કરવામાં પોતાના શરીરની ચિંતા ન્હોતી કરી. આજે જો એમાં ઉણો ઊતરું તો શાસન પ્રભાવના કરવાની મારી નેમ બર ન આવે. ચિંતા ન કરો. ભગવાન મારું ધ્યાન રાખશે.''

પળભર અંતર થિર કરી પીઓ, સાર જિનાગમ કેરો;
સુગુરુ વચન એકાદું ચાખ્યું...પરમાનંદ અપાવ્યો!

સાહેબજીના ભક્તગણ અહીં વ્યાખ્યાન લેખન કરે. થોડા દિવસો લખ્યા પછી નોંધ્યું કે તેઓ એકપણ વાર 'નથી' શબ્દથી વ્યાખ્યાન પૂરું ન કરે. સાહેબજી પત્ર લખે તેમાં પણ તેમ જ હોય. નિષેધાત્મક વાતો તેઓની ભાષામાં આવે જ નહીં. ચિંતન જ તેઓનું એટલું તો વિધેયાત્મક રીતે આત્મસાત્ કે વિચારમાં જ ભરપૂર હકાર. એમના મનમાં એક વાત કોતરાઇ ગઇ હતી કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી છદ્મસ્થ જીવોમાં દોષ તો રહેવાના જ. પણ માત્ર દોષોને જોશું તો કદી પણ ધ્યેય પ્રતિનું પ્રયાણ તૂટ્યા વગર નહીં રહે. માટે હિતકર એવા હકારને જ ૐકાર માનવો. સાહેબજી શ્રાવકોને નકારાત્મક વિચારવાની પણ ના પાડે.

''હાય-હાય, મારું શું થશે? એમ ના બોલવું. મારો હાળો આવો છે તે બોલવાનું મન થાય ત્યારે ય એમ બોલવું કે: મારો વ્હાલો આવો છે.'' ચિંતા કરશો નહીં - બોલતી વખતે છેલ્લે નકાર આવે તે ન રુચે સાહેબજીને. સમજાવે કે જૂઓ, આમ પણ બોલી શકાય કે: ''ચિંતા કરવાની ક્યાં જરૂર છે?''

જે મહાત્માઓ વંદન કરવા આવે તેને પૂજ્ય મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી મહારાજ કહે કે સાહેબજીની પ્રસન્નતામાં વૃદ્ધિ થાય તેવી સજ્ઝાયો કે સ્તવનો સંભળાવો. દરેક સાદર શિરોધાર્ય પણ કરે. એકવાર મુનિરાજશ્રી જિનચંદ્રસાગરજી વંદન કરવા આવ્યા ત્યારે તેઓએ પૂજ્ય આનંદઘનજી મહારાજ, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ વગેરેના પદ્યો શિવરંજની, માલકૌંસ, ભૈરવી આદિ શાસ્ત્રીય રાગોમાં ઘૂંટીને ગાયા. તેનાથી સાહેબજીનું ચૈતન્ય ખરે જ પ્રભુમાં વધુ તરબોળ બન્યું હોય તેમ લાગ્યું.

સ્તવનો સાંભળીને સાહેબજીએ મંદ્ર સ્વરે ટૂંકી હિતશિક્ષા આપી:

''૧૪ રાજલોકમાં સર્વોચ્ચ સ્થાને રહેલ પંચપરમેષ્ઠીઓમાંથી આપણા મસ્તકના મુકુટ રૂપે છે અરિહંતો. ભાલના તિલક રૂપે છે સિદ્ધો. કંઠના આભૂષણો છે આચાર્યો. હૈયાના હાર રૂપે છે ઉપાધ્યાયજીઓ. સુવર્ણ કંદોરા રૂપે છે સાધુ ભગવંતો. આ રીતે ધરાતા ધ્યાનથી પંચપરમેષ્ઠીઓ સર્વ પાપનો નાશ કરનારા અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ બની શકે છે. પરમેષ્ઠી ધ્યાનની આ અનોખી રીત છે.''

દુનિયાના અનેક સંત-પંથ-ગ્રંથોમાંથી સાધના શીખીને આવેલા એક સાધકે પૂજ્ય પંન્યાસજી મહારાજ સમીપ આવીને એકદા ઘણી વાતો કરવા માંડી. પ્રથમ તો ખૂબ જ શાંતિ ને સમતાથી સાહેબજીએ તે મન દઇને સાંભળી. લગભગ ૪૫ મિનિટ પસાર થઇ પછી સાધક ભાઇ જ્યારે બોલતા અટક્યા, ત્યારે સાહેબજીએ એટલું જ કહ્યું: ''ભક્તિ તો એકની જ થાય.'' સાધક તો સ્તબ્ધ! પળેકના મૌન પછી સહજ થઇ પૂછ્યું તેમણે: 'આ એક તે કોણ?' ''એ એક એટલે શુદ્ધાત્મા, પરમાત્મા.'' ઉત્તર મળ્યો.

સાધકને વર્ષોની સાધના પછી જે હર્ષ ન્હોતો થયો તે આ એક પંક્તિ શ્રવણ કરતા જે રોમરાજી પુલકિત થઇ, તેનાથી થયો. બસ, હવે તો પરમાત્મ અનુભવ લેવો જ છે. આ આત્માને પરમાત્મા બનાવવા હું શું કરું? સાધકના આ પ્રશ્નના જવાબમાં સાહેબજીએ સાધના માર્ગના રહસ્યો ખોલવા માંડયા:

''આત્માને પરમાત્મા બનાવવાની અદ્ભૂત કલા છે નવકાર મંત્રમાં. તેના સ્મરણ, જાપ અને ધ્યાનની ત્રણે ભૂમિકામાં ધીમે-ધીમે આગળ વધવું. શરુમાં રહેલો પંચપરમેષ્ઠી સાથેનો દ્વૈત ભાવ પ્રગતિ સધાતા અદ્વૈતભાવમાં પરિણમશે. આત્મતત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થશે. આ જ છે ધર્મનું અંતિમ ધ્યેય. યોગનો અંતિમ આદર્શ. સાધનાનું અંતિમ ફળ. માટે નવકાર ઉપર જ બધું છોડી દેવું. એકવાર પ્રભુમાં ચિત્ત લાગી જાય પછીનું કાર્ય આપણે કરવાનું હોતું નથી. તેના સ્વભાવથી જ તે થાય છે. આપણે મહેનત કરવાની છે ફક્ત નવકારના અક્ષરો ને અર્થમાં ચિત્ત પરોવી ધ્યાનમાં લીન થવા પૂરતી. બસ! નમસ્કારમાં ચિત્તનો પ્રવેશ થયો કે અરિહંત બનવાની પ્રક્રિયા ચાલુ!''

સાધક તો સાહેબજીના પરાવાણી સમા બોલ ઝીલી... તૃપ્ત! તેઓ ગયા પછી નાના મુનિવરે પૂછ્યું: 'ગુરુ મહારાજ, મનમાં નવકારને કોતરી રાખવો હોય તો કોની જેમ શક્તિ ફોરવવી?'

પળવારનો ય વિચાર કર્યા વિના સાહેબજીએ કહ્યું: "તમારી જેટલી મારી ઉંમર હતી ત્યારે મને પણ આ જ પ્રશ્ન થયેલો. ત્યારે મને યાદ આવ્યા હતા દેલવાડાના દહેરાના સર્જકો શ્રી વિમળશા, વસ્તુપાળ-તેજપાળ, ભામાશા ઈત્યાદિ. દીક્ષા લીધા પછી જ્યારે દેલવાડા ગયા અને ત્યાંના મુખ્ય દેરાસર વિમલવસહીના દર્શન કરી બહાર નીકળ્યા કે મને વિચાર આવ્યો: વિમળશાના હૃદયમાં અરિહંત પરમાત્માનું શાસન કેવું તો ઊંડે સુધી કોતરાઇ ગયું હશે! ૪૦૦૦ ફૂટની ઊંચાઇએ ને અગિયારમી સદીમાં ૧૮ કરોડ, ૫૩ લાખ સોનૈયાના ખર્ચે, ૧૪ વર્ષની અથાક મહેનતે, ૧૨૦૦ મજૂરો અને સેંકડો હસ્તિઓની મદદથી તેઓએ બાવન જિનાલયોમાં શિલ્પકારો પાસે સ્થાપત્યકળાના નિયમો અનુસાર કેટલા ભાવથી આ મંદિરો બંધાવ્યા હશે! બસ, આવા જ અવિહડ ભાવથી પંચપરમેષ્ઠીનું દાસત્વ સ્વીકારીને નવકારને હૃદયમાં કોતરીને પ્રતિષ્ઠિત કરી દઇએ."

મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી કૃત શાંત સુધારસના ચૌદમા પ્રકાશના પ્રમોદ ભાવના અષ્ટકના છઠ્ઠા શ્લોકનું ગેયકાવ્ય આ તકે યાદ આવ્યા વિના ન રહે:

જિહ્વા, તું મસ્ત થૈને કર સુકૃતિ તણાં સચ્ચરિત્રોનું ગાન!
અન્યોની કીર્તિના થૈ શ્રવણ રસિક હો શ્રેષ્ઠ આ બે ય કાન,
બીજાની પ્રૌઢ લક્ષ્મી નિરખી તુરત હે નેત્ર થાઓ પ્રસન્ન;
આ સંસારે તરવા જનમનું ફળ તો આજ છે, નૈવ અન્ય!

સ્રગ્ધરા છંદના ફક્ત ૨૧ અક્ષરોની ચાર પંક્તિમાં આવો સુંદર સમશ્લોકી ગુર્જરાનુવાદ કરનાર તરુણાઇની ૧૮-૨૦ વર્ષની વયના એક કવિમુનિરાજ, નામે શ્રી ધુરંધરવિજયજી, પોતાના પરિવારમાં છે તેનું ગૌરવ હતું મુનિરાજોને. દેલવાડામાં સાહેબજી હતા ત્યારે ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ તથા મુનિશ્રી અભયસાગરજી મહારાજ પણ ત્યાં જ ઉપસ્થિત હતા. સાહેબજી તથા મુનિરાજો વચ્ચે નવકાર મંત્રની ગહન શાસ્ત્રીય ચર્ચા ચાલે. અહીં અજાતશત્રુ મહાપુરુષની મંત્રમુગ્ધ વાણીથી પ્રભાવિત થઇ તેઓએ રાજકોટમાં શ્રી દિવાનસિંહજી બાફનાને કહેલું: 'પંન્યાસજી મહારાજ તો ફક્ત નિકટભવી મોક્ષગામી જીવ જ નહીં, પરંતુ તેનાથી યે આગળ વધીને તીર્થંકરનો જીવ જ લાગે છે.'

સાહેબજીએ એકદા પોતાના ભક્ત પરિવારના એક બાળક ભાઇ શિતલને આવેલો જોઇ તેને નવકાર બોલવાનું કહ્યું. નિર્દોષ એવો તે બાળ તો પલાંઠી વાળીને તરત પદ્માસનમાં બેસી ગયો. બે હાથ જોડી, આંખો બંધ કરી ખૂબ જ ભાવપૂર્વક સ્પષ્ટ ઉચ્ચારો સહિત કડકડાટ નવકાર બોલ્યા પછી યે તરત આંખો ન ખોલી તેણે. પૂજ્ય સાહેબજી તો જોઇ જ રહ્યાં નિમિલિત નયને ને સ્હેજવાર પછી ધીમેકથી બોલ્યા: "આનો નવકાર નાભિમાંથી આવે છે. પિતા થઇને તમે આને જે રીતે નવકાર આપ્યો છે, તે જ રીતે વિશ્વભરમાં તમે નવકારનો રણકાર ફેલાવજો."

અને ખરે જ, રોજની ૧૦૦ માળા કરનાર રાજકોટના એ યુવાન પિતાએ પછી આખું જીવન પોતાનાં ગુરુ મહારાજની ભાવના મુજબ નવકાર મહામંત્રના રહસ્યોનો વિશ્વભરમાં પ્રચાર-પ્રસાર કરી ગુરુભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું અને પોતે પણ 'નવકારવાળા શશિકાંતભાઇ' તરીકે ઓળખાયા.

તેમનાં ધર્મપત્નીએ એકવાર જ્યારે પૂછ્યું સાહેબજીને કે: 'મારા ચારે સંતાનોને બે પ્રતિક્રમણ આવડી ગયેલ છે. હવે ક્યાં સુધી તેઓને ધર્મનો અભ્યાસ કરાવું?' ત્યારે સ્હેજ વિચારીને સાહેબજી કહે: ''નવસ્મરણ આવડી જાય એટલું તો કરજો જ.'' અને રેવતી, સુલસા કે અનુપમાદેવી સમ શ્રાવિકા અનુપમાબેને તેમ જ કર્યું.

અનુપમાબેનેને જો અંતિમ ઈચ્છા પૂછાય તો સદા એક જ જવાબ હોય: ગુરુ મહારાજને અનુસરવાની!

પૂજ્ય પંન્યાસજી મહારાજ આ રીતે ફક્ત પરિચિતોને જ આગળની આરાધનાની કેડી દર્શાવે એવું ન્હોતું. શ્રી નેમિસૂરીજી સમુદાયના એક નવદિક્ષીત યુવાન મુનિવરને શાસ્ત્રોક્ત રીતિએ ૧ લાખ નવકારના જાપ કરવાની પ્રબળ ઈચ્છા થઇ. તેમનાં ગુરુવર્યને એ બાબત પૂછતા સૂચન મળ્યું કે તમે રાજસ્થાનમાં બિરાજતા પૂજ્ય પંન્યાસજી મહારાજને પત્ર લખી માર્ગદર્શન મેળવો તે વધુ સુયોગ્ય છે.

પોતાને કોઇ જ પરિચય નથી તેના સંકોચ સાથે આ નવદિક્ષીતે તો લખ્યો પત્ર. થોડા દિવસોમાં જ તેઓના આશ્ચર્યની અવધિ ન રહે તેવો પૂજ્ય પંન્યાસજી મહારાજનો મહામૂલું માર્ગદર્શન પમાડતો ૨૧ પાનાનો પત્ર તેમને મળ્યો! દોરવણી માંગનાર એક લાયક આત્મા છે તેવું લાગે કે દિલથી પોતાના જ્ઞાન ને કૃપા ઠાલવી દે સાહેબજી. તેઓ માટે સમગ્ર સંઘ એક જ પરિવાર હતો. વળી તેઓની કૃપા ફક્ત જૈનો પૂરતી યે ક્યાં સીમિત હતી?

અમદાવાદ સ્થિત નવકારના આરાધક બહેનના પિતાશ્રી એકવાર સાહેબજીના વંદનાર્થે પાટણ ગયા. બે કલાકે સાહેબજીની હિતશિક્ષા પામીને બહાર આવેલ શેઠશ્રીને ગાડી હાંક્નાર ડ્રાઇવરે કહ્યું: આપને હરક્ત ન હોય તો હું તમારા ગુરુના દર્શન કરી આવું. ખુશીથી રજા મળી. ઓરડામાં જઇ ડ્રાઇવરે પોતાનું નામ જણાવી આગળ કહ્યું: 'ગુરુદેવ, મને તમારો નવકાર આપો. અમારા બેન'બા આખો દિવસ નવકાર ગણીને કહે છે મારે નવકારના કરોડોપતિ થવું છે. તો મને પણ ઈચ્છા થઇ ગઇ છે.' વ્યવહારિક દ્રષ્ટિથી પ્રથમ કસોટી કરી સાહેબજીએ:

''વ્યસન છે? દર મહિને પગારમાંથી રૂપિયા બચે તે શેમાં વાપરો? ગાડી ચલાવતી વખતે રસ્તામાં અચાનક કૂતરું આવી જાય તો શું કરો? તમારા ધર્મની કઇ ક્રિયાઓ નિયમિત રીતે કરો છ??'' પ્રશ્નોના ઉત્તરોમાંથી જીવદયાના પરિણામવાળો, નિર્વ્યસની, શ્રદ્ધાળુ જીવ છે એવી ખાતરી થતા જ સાહેબજીએ તેને વિધિસહિત નવકાર આપ્યો. આનંદમગ્ન થઇ પછી તેણે ગાડી હંકારી.

શેઠશ્રીએ પૂછ્યું: 'ખુશ જણાવ છો તમે તો. અમારા ગુરુ મહારાજે શું કહ્યું?' હર્ષના અતિરેકથી જવાબ મળ્યો: 'શેઠજી, તમારા ગુરુ મહારાજ તો ઓલિયા જ છે. મને તો નવકાર ને મંત્રનો ફોટો પણ આપ્યા. હવે બેન'બાની જેમ હું પણ નવકાર મંત્રનો કરોડપતિ થવા માંગુ છું.' તે ડ્રાઇવર હતા મુસલમાન ભાઇ. સાહેબજીને ખરે જ પરોપકારનું વ્યસન જ હતું. બધા આત્માઓનો જલ્દી નિસ્તાર કરું તેવી જ ભાવના. પાત્રતા હોય તો તેમની પાસે ગયેલા કોઇ લીધા વગર પાછા ન જ ફરે. ને પછી સમૂળગું સૌનું જીવન પરિવર્તન પણ પામે.

અમદાવાદમાં જ રહેતા ભદ્રપરિણામી એક કોલેજિયન યુવક સ્નેહલભાઇ એકદા શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવતા શ્રી બાબુભાઇ કડીવાળાને પૂછી બેઠા: 'બાબુકાકા, આ પૂજન તમે મને શીખવાડશો?' બાબુભાઇએ કહ્યું કે: 'તે માટે તમારે અમારા ગુરુ મહારાજ પાસે રાજસ્થાન આવીને પૂછવું પડે. આયંબીલની ઓળીમાં હું જનાર છું. અનુકૂળતા હોય તો જોડાજો.' યુવક તો એમની સાથે પહોંચી ગયો સાહેબજી પાસે. એવું તો આકર્ષણ અનુભવાયું તેઓના વ્યાખ્યાનો તથા જીવમૈત્રીની ભાવનાનું કે એ પછી દર છ મહિને ઓળીમાં સાહેબજી જ્યાં હોય ત્યાં કોલેજ છોડીને ૧૦ દિવસ માટે પહોંચી જ જાય.

પરિવારમાં પહેલા આનંદ ને પછી ડર અનુભવાયા. આ દિકરો કોની પાસે જાય છે? કાંઇ ભભૂતિ તો છાંટી દીધી નથી ને કોઇએ? એમાં વળી ૩૦ જણાના તેમના સંયુક્ત પરિવાર સાથે એક મહીનાના યાત્રાસંઘમાં સમ્મેતશિખરજી, કુલપાકજી વગેરે યાત્રા સ્થળોએ તે યુવક ગયો ત્યારે છેલ્લે બધા સાથે કલકત્તા રોકાવાને બદલે સૌને છોડી દઇને એકલો અમદાવાદ આવીને આસો માસની ઓળી માટે તરત જ રાજસ્થાન પહોંચી ગયો. તેની આવી જીદ્દ જોઇને હવે સમસ્ત પરિવારની ચિંતા વધી ગઇ.

થોડા સમય પછી રાજસ્થાનના જોધપુરમાં કોઇ લગ્ન નિમિત્તે જવાનું થવાથી તેના માતા-પિતા આ ગુરુ મહારાજ પાસે જઇને તેમને જરૂર પડે તો ઝાટકી આવીએ એ વિચારે લગ્નમાંથી પરત ફરતાં પહોંચી ગયા સાહેબજી પાસે! ઉપાશ્રયના ઓરડાનું આભામંડળ સ્પર્શ્યું તેઓને. ગુરુ મહારાજ પાટ પર બંધ આંખે ધ્યાનમાં બિરાજિત હતા. આજુબાજુના મુનિવરો ય સ્વાધ્યાય રત હતા. મૌનના સામ્રાજ્યમાં પ્રજ્વલિત થતી હતી અહીં તેજસ્વી સ્વાધ્યાયપ્રીતિ અને ચૈતન્યની ઊંડી પ્રતીતિ! એમાં યે ગુરુ મહારાજનો ભગવદ્ અવતાર જોઇને તેઓને પ્રભુનું સગુણ-સાકાર રૂપ જ હોય તેવું જ અનુભવાયું.

બહિરંગ ક્રોધ, આશંકા, ભય આપમેળે ઠંડા પડયા. ત્યાં જ ગુરુ મહારાજે પોતાની આંખો ખોલી દિવ્યતા પ્રસરાવી ચોમેર! વંદન કર્યા બાદ પિતાએ પરિચય આપ્યો કે: 'છેલ્લા ત્રણેક વર્ષથી કોલેજ-પરિવાર-યાત્રા વગેરે છોડીને અહીં ભાગી આવતા સ્નેહલના અમે માત-પિતા અને નાના-નાની છીએ.' પછી આગળ કાંઇ બોલી જ ન શકાયું. સાહેબજી દરેકની આંખમાં કાંઇ અકળ મૂંઝવણ જોઇ સમજીને બોલ્યા: ''તમારા દિકરાને દીક્ષા આપવાનો નથી હું.''

...ને સૌના મનમાં રહેલો ભયનો ઓથાર અદ્રશ્ય થયો. સ્નેહલવારિમાં ભીંજાયેલા તેઓ પછી તો સાહેબજી પાસેથી આરાધના લઇને ઘરે આવ્યા. દિકરાને કહ્યું: 'તારા ગુરુ મહારાજ તો ખરેખર અલખને ઓટલે બેઠેલા દિવ્યાત્મા જ છે. જીવંત મૈત્રીભાવ છે તેઓમાં...' ને તેઓનો ગુણાનુવાદ ચાલે પછી ક્યારેક રાત્રિના ત્રણ વાગ્યા સુધી જ્યારે યુવક તેના આગલા અનુભવોની વાતો માંડે! આમ સમસ્ત પરિવારજનો સાહેબજીએ બતાવેલ માર્ગના પથિક બન્યા.

અજોડ બહુશ્રુત મુનિપુંગવ અસ્તિત્વ એટલે સાહેબજી.

''સ્વીકૃતિને જ આપણી પ્રકૃતિ બનાવી દઇએ તો કર્મરાજા આપણી એકપણ વિકૃતિ પકડી જ ન શકે. જે સમયે જે બને છે તેનો માત્ર ને માત્ર સ્વીકાર – ન વિરોધ, ન નિંદા. ન અપેક્ષા, ન આલોચના. ચોવીસે કલાક આપણી સમતા ખંડિત ન થાય. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય દૂર થાય. પછી મનયોગથી સર્વ જીવોના કલ્યાણની ભાવના, વચનથી દેવ-ગુરુની સ્તુતિ તથા કાયાથી પરોપકારની પ્રવૃત્તિઓ જ થાય. શાસ્ત્રોની મદદથી જ્ઞાન ને પ્રભુજીના આલંબનથી ધ્યાન થાય. જો ધ્યાનમાં આત્મા ક્ષણવાર પણ પરમેષ્ઠી બન્યો તો તેમાં એટલું બધું સામર્થ્ય છે કે મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત કર્મોનો ક્ષય થાય. જેમ શરીરને સ્વચ્છ રાખવા નિરતિચાર સંયમ, તેમ મનની સ્વચ્છતા માટે નિર્મળ ધ્યાન કહ્યું છે. એનાથી આત્મવિકાસમાં વેગ આવે છે. ભવોભવ મોક્ષમાર્ગને અનુકૂળ સામગ્રી મળતી રહે છે.''

સાહેબજી જ્યારે શ્રમણોને આમ વાચના આપતા હોય ત્યારે તો જાણે શ્રુતકેવળીઓ સમી વાણીનું અમી વરસે. નિર્દંભ હસ્તી કેવી હોય તે જ્ઞાન સૌનાથી પામી શકાય ત્યારે. સમુદાયના કર્ણધાર ગુરુ મહારાજ ઉપર પોતાનાથીયે વધુ ભરોસો મૂકીને સૌને મન થઇ જાય કે સાહેબજીની કૃપાથી બસ, એક વાર આત્મા જોવાની ઝંખના પૂરી થાય! ગુરુ મહારાજ એક તો વાચના આપવા સિવાય ઓછું બોલે ને વળી હોય સદૈવ સાધનાની મસ્તીમાં. આવા પવિત્રોત્તમ આત્માની ફકીરી જોવી ને તેમાંથી પામવું એ જ સૌ માટે આમ તો જીવનની સૌથી મોટી મૂડી હતી.

સાહેબજીને ખબર હતી કે ક્યા શ્રમણ માટે ક્યારે શું સારું છે? તેથી સૌ શ્રમણો વિચારે કે મારા માટે જે જ્યારે યોગ્ય હશે તેની જાણ સાહેબજી કરશે જ. સાહેબજી તો એક જ વસ્તુ નાણતા રહે: શ્રમણોનું ધ્યાન આત્મા સિવાય બીજી કોઇ વસ્તુઓ-વ્યક્તિઓ-પરિસ્થિતિઓ ઉપર નથી ને?

એ પછી સંયમી પણ જરૂર અનુભવે કે પોતાની ઈચ્છાથી કરેલા ધર્મ-કર્મમાં કદાચ પોતાનાં કર્માનુસાર વિઘ્નો આવે, પણ શતપ્રતિશત શરણું સ્વીકારીને જો ગુરુ મહારાજ કહે તે પ્રમાણે કર્મયોગી-જ્ઞાનયોગી થવું તેવો સંકલ્પ લે તો નિર્વિઘ્ને અખંડિત આરાધના થાય.

'આત્મા જોઇ શકાય છે ખરો ગુરુ મહારાજ?' સમૂહમાં થતી વાચના વેળાએ સાહેબજીને પ્રશ્ન પૂછાયો:

''કદાચ આંખથી ન દેખી શકાય તો પણ આત્મા અનુભવી તો જરૂર શકાય છે. જે રીતે પીડા દેખાતી નથી પણ અનુભવાય છે જરૂર તે જ રીતે. અભેદ બુદ્ધિ જો આવી જાય અને શરીરની બહાર સોંસરવા નીકળી જવાય તો આત્મા રીતસર જોઇ શકાય છે. વળી ફક્ત આંખથી જ નહીં, સાડા ત્રણ કરોડ રૂંવાડાથી તે અનુભવી શકાય છે. ૩ દિવસ થી ૯ મહિના કે વધુ સમય સુધી પણ તે અનુભવ માણી શકાય છે. તે સમય દરમ્યાન વિષયો કે કષાયો કે વિષાદો આપણા મન, બુદ્ધિ કે શરીરને સ્પર્શી શકતા નથી. પછી તેજસ્વી પ્રજ્ઞા ને વિનય જ આપણું નિયંત્રણ કરે છે. જ્યાં સુધી કોઇ મોટી ભૂલ ના થાય ત્યાં સુધી અનંત સાગરોપમનું અનુત્તરવાસી દેવલોકનું કે તેથી પણ વધુ આત્મિક સુખ અનુભવાય છે.

તલવારથી જેમ મ્યાન કે શરીરથી જેમ કપડું અલગ છે, તે જ રીતે જોઇ શકાય છે આપણા આત્માને. આપણાથી સાવ અલગ! રોમેરોમથી હર્ષ સ્ફૂરે એવા એ સમયે કર્મરોગ નાબૂદ થઇ જાય અને વિચારો શુદ્ધ થઇ જાય. શક્તિ ને સ્ફૂર્તિ તો એવા વધી જાય કે ગમે તેટલાં શ્રમ પછી યે થાક જ ના લાગે. પણ જો ભાવીભાવને કારણે ક્યારેક ગુરુની આજ્ઞા ભૂલથી યે ઉથાપાઇ જાય તો લૂંટાઇ જવાય. ઉપશાંત થયેલા કષાયો જો ઉદ્દીર્ણ થાય તો ગરબડ થઇ જાય! પછી નિયમિત સાધના કરીએ ને પુણ્ય હોય તો એ અનુભૂતિ ફરી કરવા મળે. સ્વ થી વિગ્રહ થાય તો ફરી એ અનુગ્રહ અનુભવાય ને નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચાય.''

પ્રત્યુત્તર આપનાર સ્વયં એ સુખરમણતાના સદાકાળ ભોક્તા છે તે શિષ્યગણ અનુભવી શકે. પોતાના મૂલાધાર ચક્રથી સહસ્રાર ચક્ર સુધીના સાતે ચક્રોમાંથી જાણે એ સાડા ત્રણ મિનિટમાં તો કુંડલિની શક્તિ જાગૃત થઇ ફરી વળે તેટલો આનંદ-આનંદ થઇ જાય સર્વને આવું સાંભળતા! વળી સ્હેજ વિશ્રામ લઇ વાચના આગળ વધે: ''શાસ્ત્ર પ્રમાણ જોયા વગર આવી અનુભૂતિઓ ક્યારેય કોઇને ય કહેવી-લખવી ન જોઇએ. વર્ષોની આરાધના પછી મંઝિલ દેખાવા માંડે પણ નજીક આવતી ન લાગે, ત્યારે ય અનુસંધાન રાખી અસીમ શ્રદ્ધેયતાથી પંચપરમેષ્ઠીયુક્ત જૈન શાસન માટે ચડતા પરિણામે આદર-બહુમાન રાખતા-રાખતા પૂર્ણભાવથી આરાધનાની વાવણી કર્યા કરવી. વિઘ્નો ટળતા જશે.

વળી રોજ આરાધના વખતે એક સંકલ્પ અચૂક કરવો: મારી આરાધનાથી એકઠું થતું જતું પુણ્યબળ હું ૨૧,૦૦૦ વર્ષ સુધી મારા પ્રભુએ બતાવેલ આ મોક્ષમાર્ગના સાર્થવાહોને સમર્પિત કરું છું. એમના હસ્તે જ એ પુણ્ય વપરાય તે મારા માટે હિતકર અને સંઘ શાસન માટે તે આત્મ-પ્રીતિકર બને તેવી અરજ કરું છું. મારા આત્મા સાથે જ સહુ ભવિજીવો પણ શીઘ્ર મોક્ષ પામે તેવી પ્રાર્થના કરું છું''

જિનવરનું વચન જ્યારે ગુરુવરના ગરવા મુખેથી સરે ત્યારે મુનિવરો ઓતપ્રોત થયા વગર રહે ખરા? એક તો જન-મનના પાપ-તાપ-સંતાપ હરનારા રાજસ્થાનના તીર્થોની મનભાવન ભૂમિનો પ્રતાપ, ને એમાં ભળે પૂજ્ય પંન્યાસજી મહારાજની અનુભૂત વાણીનો પ્રભાવ! પછી કહેવું જ શું?

दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरूच्यते ॥१६/६५॥
- अध्यात्मसार

**દુઃખમાં જે દીન બનતો નથી, સુખની જેને સ્પૃહા નથી, જેના ચિત્તમાંથી રાગ, ભય, ક્રોધાદિ કષાયો ચાલી ગયા છે તે મુનિ 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે.**

શ્રુતોપાસકોને ભણવામાં ખૂબ જ સહાયક થાય સાહેબજી. દરેકની પૂર્વજન્મની અધૂરી આરાધના જાણે ઓળખીને તે જ દિશામાં આગળ વધારે. કોઇ શિષ્યને ભણવાની ભાવના તીવ્ર હોય પરંતુ ક્ષયોપશમ ન હોય તો તેઓને સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ મોઢે કરી તેના તત્ત્વોમાં રમમાણ રહેવા કહે.

જે શિષ્યોને ભક્તિ અને વૈયાવચ્ચની જ રુચિ હોય તેઓને પરમાત્માની ભક્તિ ને વૃદ્ધ મહાત્માઓની સેવામાં મગ્ન બનવાનું સૂચવે. ભગવદ્ ભક્તિથી વિહારનો કે સેવા-વૈયાવચ્ચનો સઘળો ય થાક અચૂક ઉતરી જાય તેવું તેઓ દઢપણે માને. તેઓ જે પંદર વર્ષ રાજસ્થાનમાં રહ્યાં, તે દરેક વર્ષે આભમાંથી સપ્રમાણ અમૃતવૃષ્ટિ થઇ. બધે જ તળાવો ભરાયેલા જ રહ્યાં. યોગી આત્માઓનો અધિકાર પ્રકૃતિ ઉપર હોય જ છે. બડભાગી આ સંઘ અને બડભાગી આ શિષ્ય સમુહ કે જેઓને સંસાર સાગરમાંથી પાર ઉતરવા પૂજ્ય પંન્યાસજી મહારાજ સમા ખેવૈયા-ગુરુ મળ્યા, જેઓની મેઘ સમી ગંભીર અને મધુર અર્થ સહિતની ગૂઢ વૈરાગ્ય અને જ્ઞાનથી ભરપૂર વાણી, આચાર અને ક્રિયા સૌમા શ્રદ્ધાનો ઉમેરો કરતા જ જાય! પરંતુ પોતે તો સદા યે શૂન્ય સમા રિક્ત રહેવામાં જ માને.

। अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।

ખરી પૂર્ણતાનું મૂલ્ય હોય છે શૂન્યત્વમાં!

"ઈન્દ્રિય સુખની કામનામાંથી બહાર નીકળવા પ્રભુ દર્શન વેળાએ પંચેન્દ્રિય સમર્પીએ: દર્શન તે ચક્ષુરિન્દ્રિય, હાથ જોડાય તે સ્પર્શેન્દ્રિય, ધૂપ સુગંધ તે ઘ્રાણેન્દ્રિય, અક્ષત-ફળ-નૈવેદ્ય તે સ્વાદેન્દ્રિય, ઘંટ રણકાર તે શ્રવણેન્દ્રિય."

**- પૂજ્ય પંન્યાસજી મહારાજ**

# ૨૦ | સરવર તરવર સંતજન

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

દયા, કરુણા ને મૈત્રી એ જિનશાસનનો સાર છે એમ સમજાવનાર પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પાસે કોઇ હળુકર્મી, તપસ્વી પણ અબૂઝ એવા શ્રાવક જો તત્ત્વ સમજવા સમય માંગે તો તે આપતા ખચકાય નહીં. આત્માવસ્થા દરેકની સરખી જ છે એવું માનતા તેઓ સ્નેહલ અવાજે કહેશે કે: ''એમ કરોને કે સાંજે ચોવિહાર પછી ને પ્રતિક્રમણ પહેલાના સમયની વચ્ચે આવી જજો.''

વળી પોતે યાદ પણ રાખે કે મેં આ શ્રાવકને સમય આપેલ છે. તેથી સંકોચાઇને આવી રહેલા તેઓને દૂરથી જોઇને તરત પાટ પાસે સામેથી જ બોલાવી લે અને સારો એવો સમય મને એકલાને સાહેબજીએ આપ્યો તેમ જોઇ તે શ્રાવક તો વારી જાય – ઓવારી જાય આવા ગુરુ મહારાજ ઉપર. વળી શ્રાવકના મનમાં જે પણ પ્રશ્નો હોય, અચૂક તેઓની હિતશિક્ષામાં તે બધાનું સમાધાન મળી જ રહે. ગમે તેટલા કાર્યોમાં વ્યસ્ત હોય, કોઇ જીવની ઉપેક્ષા ક્યારેય ન કરે. આત્મસાત્ કરેલ જીવંત મૈત્રીભાવ ઝળહળે તેઓની પ્રત્યેક પળમાં! વાર્તાલાપ કરે હળવેકથી. કોઇને ઉગ્રતાપૂર્વક ધર્મ સમજાવવાનો નહીં.

जं इच्छसि अप्पणो, जं च न इच्छसि अप्पणो ।
तं इच्छ पइस्स वि एतियमं जिणसासणं ॥

જેમ તું તારા માટે સુખ ઈચ્છીને દુઃખ ક્યારેય ઈચ્છતો નથી, તેમ તું બીજા જીવોનું પણ સુખ ને હિત ઈચ્છી તુજ આત્માને જે પ્રતિકૂળ છે તેવું વર્તન બીજા જીવો સાથે કદી ન કરે તે જ જિનશાસન છે.

એકવાર વિધિસહિતની ઓળીમાં સંમિલિત થયેલ મુંબઇના ભાઇઓએ વિચાર્યું કે ચાલુ ઓળીમાં કાલથી જો પૌષધ પણ સાથે-સાથે લઇએ તો ચોસઠ પ્રહરી પૌષધનો લાભ પણ મળી જાય. તેથી તેઓ સાહેબજીની સંમતિ મેળવવા ગયા. સાહેબજીએ તેઓની ભાવનાનો અનાદર ન થાય તે રીતે સમજાવ્યું:

''નિશ્ચયનય અને વ્યવહારનયનો વિચાર દરેક જગ્યાએ સુયોગ્ય રીતે કરવો આવશ્યક છે. શાશ્વતી ઓળી એટલે કે આજથી નવપદજીની ભક્તિનું પર્વ ચાલુ થયું છે.

માટે સિદ્ધચક્ર મહારાજની ભક્તિ તથા આયંબિલ કરવાનું શાસ્ત્રીય વિધાન છે. હવે જ્યારે પર્યુષણા મહાપર્વ આવશે ત્યારે ૮ દિવસના ૬૪ પ્રહરી પૌષધ લેવાનું સૌનું કર્તવ્ય જ છે. આપણે ક્યાં, ક્યારે, કઇ જગ્યાએ, કોની ઉપર ભાર મૂકવો તેનો વિચાર વિવેકબુદ્ધિથી જ કરવો જોઇએ.'' આટલી અદ્‌ભૂત ને સ્પષ્ટ વિચારસરણી જોઇ સૌ દંગ રહી ગયા. કોઇપણ સમુદાયના શ્રમણ ભગવંતો વંદન કરવા આવે ત્યારે અચૂક સાહેબજી વિકાસ, વાંચન, સ્વાધ્યાય વિશે પૃચ્છા કરે.

પાટ પર ચારેકોર પથરાયેલા પુસ્તકોમાંથી એક પુસ્તક જોવા માટે એકદા આગંતુક મુનિરાજે હાથમાં લીધું તો પૂજ્ય પંન્યાસજી મહારાજ પ્રકાશ્યા કે: ''વાંચવા યોગ્ય પુસ્તક છે. લઇ જાઓ. તત્ત્વાર્થ સૂત્રની કેટલી સુંદર વિવેચના કરી છે આ લોકોએ અંગ્રેજીમાં. જરૂર જોઇ જવા જેવું આ પુસ્તક છે.''

વંદનાર્થે આવેલ મુનિરાજશ્રી મુક્તિપ્રભવિજયજીને અંગ્રેજી આવડતું ન હોવાથી તેમણે કહ્યું: 'સાહેબજી, આ તો ભેંસ આગળ ભાગવત જેવું થશે.' ત્યારે સાહેબજીએ પ્રત્યુત્તરમાં કહ્યું:

''અરે... એમ કેમ ચાલશે...? હું તમારા ગુરુવર્યને વાત કરીશ કે અંગ્રેજી શીખવા અનુકૂળતા કરાવી આપે'' આ સાંભળી મુનિરાજ કહે: 'પંન્યાસજી મહારાજ, અમારે ત્યાં એવી તો માન્યતા પ્રવર્તે છે કે અંગ્રેજી ભણવાથી અહંકાર વધે ને ઉદ્ધતાઇ પ્રવેશે છે.'

સ્હેજ વિચારીને સાહેબજીએ હકારમાં જવાબ દીધો: ''સાચી વાત છે... એમ થઇ શકે ખરું. પરંતુ જેમ અન્ય ભાષાઓ ભણવાથી અભિમાન થતું નથી, તે જ રીતે જો અંગ્રેજીને એક સામાન્ય ભાષા તરીકે જ લેવાય તો યોગ્ય વ્યક્તિના હાથમાં સુયોગ્ય પુસ્તકો આવતાં ચિંતનને દિશાઓ મળે. આપણી ભૂલો સુધારતા જઇને બીજાને ભૂલો સુધારવામાં મદદ કરવી તે એક સાધુ તરફથી અપાતો જઘન્ય ઉપદેશ છે. અન્ય ગુણીજનોના ગુણોની પ્રશસ્તિપૂર્વક અપાતો ઉપદેશ એ મધ્યમ છે. પણ પોતાના જીવાતા જીવનના સદાચાર રૂપી આદર્શથી અપાતો ઉપદેશ એ શ્રેષ્ઠ ઉપદેશ છે. ગોલ્ડસ્મિથના અગ્રેજી પુસ્તકોમાં કે યુનિટિ જેવા અગ્રેજી માસિકોમાં આવી કેટલીયે વાતો છપાયેલી જોવા મળે છે કે જે આપણા દ્રષ્ટિકોણને વિકસિત કરે. માટે ભાષા અંતરાયરૂપ ન બને તો ક્યારેક સંજીવની પ્રાપ્ત થઇ જાય!'' પંન્યાસજી મહારાજ ઉત્કૃષ્ટ આચારથી શ્રેષ્ઠ ઉપદેશ જ આપી રહે દરેક ક્ષણે.

સાહેબજી અંગત ગોષ્ઠીમાં ક્યારેક કહે:

''ભવિજનો, અનંત આકાશ ને મન - બંને એક જ છે. મન એ આકાશનો જ ટૂકડો છે. તેમાં તમે શુભ વિચાર સંકલ્પપૂર્વક મોકલો તો સર્વને તે જ દેખાય. જો મૈત્રીભાવનો સંકલ્પ કરીને આકાશમાં મોકલો તો સકળ જીવરાશિ પરત્વે મૈત્રીભાવ પથરાઇ જ જાય. જો કે તીર્થંકર તુલ્ય કરુણાની અધ્યવસાયની તીવ્રતાને તો માત્ર પહેલું સંઘયણ જ સહન કરી શકે.''

આવા શબ્દો સાંભળીને બહાર નીકળતી વખતે દરેકને અનુભવાય કે ઉપાશ્રયના આ ઓરડામાં હું આજે પ્રવેશ્યો તે સમયે જે હતો – તે બહાર નીકળતી વખતે નથી રહ્યો. વળી શ્રોતાઓ વિચારતા પણ થઇ જાય કે: અહો! હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જઇશ હવે પછી હું? અહીં હું શું કરી રહ્યો છું? મારે ખરેખર શું કરવુ જોઇએ? અને સાહેબજીના જ પ્રવચનોના સારની સ્મૃતિમાંથી જ તેના જવાબો પણ સાંપડે: હું અનંત શક્તિનો પુંજ છું. મારો આત્મા અખંડ આનંદનો જ પિંડ છે. તો વળી શોક સંતાપ શેનો? મારે દીન બનવાનું પ્રયોજન જ નથી હવે. મારામાં સુખ બેઠેલું છે ને હું તેને શોધવા બહાર દોડું છું? હું પોતે જ જ્યારે અનંત ગુણસંપત્તિનો માલિક છું તો પૌદ્ગલિક કે પરાધીન સુખ પાછળ કેમ દોટ લગાવી છે મેં?

સાહેબજીએ ઘરઘરમાં ને ઘટઘટમાં ગુંજાવેલ આ આંતરનાદ.

મારવાડના ૧૫ વર્ષમાં એવા તો ૧૫ લઘુ ને મહાઉપકારી વચનો સૌને આપ્યા કે તેના વડે ભવોદધિ તરવો આસાન થઇ જાય:

૦૧. જેનાં મનમાં શ્રી નવકાર, તેને શું કરે સંસાર?
૦૨. પરપીડાથી પાપ ને પરોપકારથી પુણ્ય જ મળે.
૦૩. પોતાના દુ:ખનો ડર એ આર્તધ્યાન. પરના દુ:ખનો ડર તે ધર્મધ્યાન.
૦૪. મંત્ર, મૂર્તિ અને પૂજા, ઉપાસનાના નથી કોઇ સાધનો દૂજા!
૦૫. ક્રિયા ને જ્ઞાનરૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ ભાવમંગલ છે.
૦૬. નમ્ર જીવો જ સલામતીપૂર્વક ઊંચાણ ઉપર ચઢી શકે છે.
૦૭. નમસ્કાર ભાવ એ ત્રિલોકના સ્વામીત્વનું બીજ છે.
૦૮. શુભ ભાવ એ જ માર્ગ અથવા તીર્થ. તેને જે કરે તે તીર્થંકર.
૦૯. માર્ગે ચાલવું એ કઠિન નથી જેટલું કઠિન માર્ગે ચઢવું તે છે.
૧૦. ઉપકારના સ્વીકારની જેમ અપકારનો સ્વીકાર પણ નમસ્કાર છે.
૧૧. પૂજ્યને પૂજવા માંગે તેને નિસર્ગના તમામ બળો સહાયભૂત થાય છે.
૧૨. 'બધાને સુખ મળો.' એ વિચાર શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવે છે.
૧૩. 'બધાનું દુ:ખ દૂર થાઓ.' એ વિચાર બધા પાપકર્મોનો નાશ કરે છે.
૧૪. સમતા વડે શ્રમણ થવાય.
૧૫. ધર્મનું મૂળ વિનય છે.

સાહેબજી આત્મિક અનુભવના ભંડાર હતા. ગૃહ ને સંસાર ત્યાગ પછીના પાંચમા દાયકાની પૂર્ણતાની આરે આવીને પણ દરેક પળ તેમણે જાગૃત ને સાવધાન રહી અવિરામ સાધનામાં જ વિતાવેલ.

તેઓની મુખકાંતિ અને શાંતિમાં થતી ઉત્તરોત્તર વૃદ્ધિ જોઇને થાય સૌને આશ્ચર્ય! પરોપકાર એ તેઓનો સ્વભાવ અને તેઓની પ્રાણપ્રિય પ્રવૃત્તિ એટલે પરમારથ જ જાણે! પ્રસન્નચિત્ત સમીપ જનાર કોણ અપ્રસન્ન રહી જ શકે? એમની પવિત્રતાની ગંગામાં પાવન થનાર અચૂક વિચારે કે:

સરવર તરવર સંતજન ચોથા બરસત મેહ...
પરમારથ કે કારણે ચારોં ધરિયા દેહ!

હળવી પળોમાં કોઇ જ્યારે કહે: 'સાહેબજી, જૂઓ આપનો કેટલો બધો પ્રભાવ છે!' ત્યારે લઘુતા દર્શાવતા તેઓ કહે: ''આમાં મારો પ્રભાવ કે ઉપકાર નથી. આ બધી તો પરમ ઉપકારી એવા શ્રી અરિહંત ભગવંતોની જ કરુણા છે. એ તારકના પ્રભાવથી જ જે શુભ છે તે થયું હોય છે. આપણે કાંઇ કરી શક્તા નથી.'' વિશુદ્ધ દિનચર્યા, પવિત્ર મુખમુદ્રા, પરિમિત સંવાદો, અદ્દ્ભૂત ચિંતન, દરેક સંયોગોમાં એકસરખી ચિત્તની સમતુલાની સાથે અનુભવાતી તેઓની આ લઘુતા થકી પરિસરના શિષ્ય કે શ્રાવકગણને આ મંગલમય મૂર્તિ પાસેથી ખસવાનું મન જ ન થાય. વાત્સલ્યની વહેતી ગંગોત્રી અને આત્મસ્પર્શી એવી તેઓની સૌમ્ય દેહાકૃતિ જોનારના મનમાં અમિટ છાપ ઉપસાવે.

અસ્વાસ્થ્યપણાની આવ-જા હવે થતી અવારનવાર. પણ તે છતાં યે નિસર્ગના મહાશાસનમાં પ્રવર્તતા અણિશુદ્ધ ન્યાયમાં ઠરેલી અનુપમ નિષ્ઠાને કારણે ક્યારેય સ્વવિષયક ફરિયાદથી તેઓએ પોતાના ઓષ્ઠદ્વયને દુષિત કરેલ નહીં. એટલે જ નિકટવર્તી પૂજ્ય મુનિવરોને લાગતું કે સૂર્યમાં જેમ અંધકારનો અભાવ હોય છે તેમ સાહેબજીના આત્મામાં દેહભાવ નિવૃત્ત થઇ ચૂક્યો છે.

મહર્ષિ શ્રી અરવિંદ ઘોષનું સાહિત્ય વાંચતા એકવાર તેઓએ અંગ્રેજીમાંથી અનુવાદ કરી એક ફકરો સહવર્તી શિષ્યોને સંક્ષિપ્તમાં સમજાવ્યો:

''આ દેહ કેવળ આત્મતત્ત્વથી ભરપૂર છે. તે આત્માની શાશ્વત જ્યોતિનો વાહક માત્ર છે. જે આ સમજે છે તે સાધકનું સમસ્ત આચરણ પોતાની આત્મપ્રકાશની અભિવૃદ્ધિ કેમ થાય તેમાં જ સંલગ્નિત હોય છે. જો આવું જીવન જીવાતું હોય તો તેની પ્રત્યેક પળ એ પ્રભુપૂજા જ છે. પ્રભુને નિરંતર સમર્પિત એવું તેઓનું જીવન સંયમ અને ત્યાગમાં જ લીન છે એમ સમજવું.'' મહાકાવ્ય 'સાવિત્રી'ના માત્ર આ ફકરાના અનુવાદ અમૃતથી આરાધકનું આખ્ખું ય જીવન અધ્યાત્મ સભરતાથી છલકાઇ ઊઠે તેમ છે... એમ લાગ્યું શ્રોતાઓને.

સાહેબજી ક્યારેક પરદેશના મુલાકાતીઓ પાસેથી એવું પણ સાંભળે કે ઇથોપિયામાં સખત ભૂખમરો વેઠીને માણસોના પેટ ને કમર એક થઇ જતા હોય છે. વળી હાડપિંજરો જેવી તેમની તસ્વીરો સામયિકોમાં જોઇને પણ મન ખૂબ જ આળું થઇ જાય.

આવા સમયે હૃદયની વેદના આંસુ થઇ બહાર પડે – ટપ્ ટપ્! ત્યાં જ માંડલીમાં ગોચરી ખોલીને બેઠેલા શિષ્યોમાંથી નવદીક્ષિત મહાત્મા જો પૂછે કે: 'ગુરુજી, આ અડધું કેળું ખરાબ છે. કાઢી નાંખુ?' તો પ્રત્યુત્તર મળે: ''ભાઇ! આપણે સાધુ છીએ. આપણા મુખમાંથી 'ખરાબ' એવો શબ્દ જ ન નીકળવો જોઇએ. એમ કહો કે અડધું સારું છે. દુનિયામાં પ્રવર્તી રહેલો ભૂખમરો આપણા કાળજામાં તિરાડ પાડે છે. છ ખંડના દેશોમાંનો ગમે તે જીવ હોય – ભૂખનું દુઃખ તો સૌને સરખું જ. માટે લાવો, એ કેળું હું જ આરોગી લઇશ. પાત્રામાં આવી ગયેલી વસ્તુ આ માંડલીમાંથી બહાર જવી જ ન જોઇએ.''

સાહેબજી સંયમ જીવનની અતિ મહત્ત્વની વાતોનો જાતે જ અમલ કરી પોતાના વિનીત શિષ્યોને ઉપદેશ આપે. એક તપસ્વી મુનિરાજને વર્ધમાન તપની લાંબી ઓળી ચાલે. આયંબિલની ગોચરીમાં જે વધે તે બીજા મહાત્માઓને ભળાવી પોતે તપ આગળ વધારે. લગભગ રોજના થઇ પડેલા આ ક્રમને તોડવા માટે એક દિવસ અન્ય મહાત્માઓએ નિર્ણય કર્યો કે જો તે તપસ્વી મુનિરાજને માપસર ગોચરી લાવતા કરવા હશે તો આજે તેમની વધેલી ગોચરી કોઇ વાપરશું નહીં. એમ જ થયું.

જૂથના બધા જ મહાત્માઓ એકાસણા-બિયાસણા કરનાર. તેથી સાંજે વાપરવામાં તો પ્રાયઃ સાહેબજી એકલા જ હોય. એમાં યે દવા સાથે સાવ થોડો અને હલકો ખોરાક જ વાપરે. ચકોર સાહેબજીની દ્રષ્ટિમાં આ ખેલ આવી જ ગયેલો. તેથી સાંજે એક મુનિવરે ગોચરીમાં શું લાવવું તેની પૃચ્છા કરી ત્યારે તેમણે કહ્યું: ''આયંબિલનાં આહારનો એ વધેલો ભાગ જ હું આજે વાપરી લઇશ.''

લાંબી ઓળી કરનાર તપસ્વી મુનિરાજે સંકોચાઇને તરત પૂછ્યું: 'પણ સાહેબજી, આપ આવું ઠંડુ પડી ગયેલું ને સ્વાદ વિનાનું વાપરશો?' સાહેબજીએ કહ્યું: ''અરે, એમાં શું? બીજા મહાત્માઓ તો રોજ આવું વાપરે જ છે ને? આયંબિલના આહારનો યોગ આજે મને અનાયાસે જ સાંપડયો છે તો હું તેનો લાભ લઇ લઉં. સંસારી અવસ્થામાં સ્હેજ પણ ધર્માદાની ચીજ ખવાઇ ન જાય તેની તકેદારી રાખીને અહીં આવેલા આપણને ગૃહસ્થો જે કાંઇ ભક્તિપૂર્વક વહોરાવે છે એ આપણા દર્શન, જ્ઞાન, ચારિત્રને જોઇને કરે છે. હવે જો આપણે એ રત્નત્રયીના પાલનમાં પ્રમાદ કરીએ તો બેચેની ન અનુભવાય?'' એમ કહી સાંજે પાંચેક વાગ્યે ખરેખર જ સાહેબજીએ એ આયંબિલનું વધેલું જ વાપર્યું. તપસ્વી મુનિરાજ તથા અન્ય દરેક સાધુઓને પોતાની ભૂલ સમજાઇ ગઇ. બીજા દિવસથી આયંબિલની ગોચરી માપસર આવતી થઇ ગઇ. સૌ નતમસ્તક થયા.

પદ અને પ્રમાદ : એ બે થી પૂજ્ય પંન્યાસજી મહારાજ સો ગજ દૂર ભાગે. પ્રમાદ માટે એકવાર સ્વાસ્થ્ય સારું હતું ત્યારે સાહેબજીએ સુંદર વાત કરેલ: ''શરીર સંબંધી વિચાર કરવો, સંસારના સુખની લાલસા કરવી, કીર્તિની કામના કરવી, કેવળ સ્વાર્થનો વિચાર કરવો અને હુંપણાંનું મિથ્યાભિમાન કરવું. આ પાંચે પ્રવૃત્તિઓ પ્રમાદના જ સ્વરૂપ છે.''

આ સાંભળી સુજ્ઞ શ્રોતાઓ વિચારમાં પડયા કે આ પાંચમાંની જ કોઇપણ એક વસ્તુમાં તેઓનું મન સતત ડૂબેલું હોય છે. તો અપ્રમત્ત આત્મા કેવો હોય? એ પ્રશ્નનો સત્વરે જવાબ મળ્યો:

''અપ્રમત્ત આત્માનું આસન આત્માના ઘરમાં જ હોય. તેઓનું મન જિનેશ્વર દેવોની આજ્ઞાપાલનના પરિણામમાં જ હોય. એક પણ સમયને વ્યર્થ જવા દે નહીં. હરક્ષણ આત્મોન્નતિના કાર્યોમાં જ રત હોય. અપ્રમત્ત આત્મા નિંદા, ઈર્ષ્યા, હરિફાઇ જેવા તત્ત્વોમાં ભાગ ન લેતા હોય. નિરંતર આરાધનાને કારણે તેઓને દેહમાં રહ્યે છતે આત્મબળ અને આત્માના અનંત વૈભવનું દર્શન થયા કરતું હોય. એટલે તેઓ ધર્મમાર્ગમાં સુસ્થિરતા પ્રાપ્ત કરતા જ જતા હોય.''

સંવત ૨૦૩૫ (ઇ.સ.૧૯૭૯)માં પિંડવાડામાં શ્રી સમરથમલજી રાયચંદજી પરિવાર નિર્મિત જિનમંદિરની પ્રતિષ્ઠાના પ્રસંગને હવે ઝાઝી વાર રહી ન હતી. આ અવસર ઉજવવાનું ઘણા સમયથી નક્કી જ હતું. પરંતુ સાહેબજીએ શ્રી સંઘને કહ્યું: ''આ પ્રસંગે મારા ગુરુ મહારાજ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજીને પધારવાની વિનંતી કરો. તેઓશ્રી પધારે તો સારું.'' પોતાના પૂજ્ય ગુરુદેવને મળવાની, તેમનું સાંન્નિધ્ય પામી સમાધિમાં વૃદ્ધિ કરતા જવાની મનોકામના પૂજ્ય પંન્યાસજી મહારાજમાં હવે દિવસે-દિવસે વધતી જતી હતી. આ તીવ્રતર ભાવનાને સાકાર કરવા પ્રકૃતિએ પણ આ રીતે અનુકૂલતા સાધી.

પિંડવાડાના સંઘે તો હર્ષભેર બીડું ઝડપ્યું. ટ્રસ્ટીમંડળ તથા કારોબારીના સભ્યો તો ઉપડયા તરત જ સુવિશાળગચ્છાધિપતિ પરમ શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવને વિનંતી કરવા. પરંતુ પૂજ્યશ્રીએ તો પિંડવાડા આવવાની અસમર્થતા દાખવી. નિરાશ વદને પાછા ફરેલ સંઘને જોઇને પૂજ્ય પંન્યાસજી મહારાજે સ્વયં પોતાના પરમોપકારી પૂજ્ય ગુરુદેવ ઉપર પત્ર લખાવ્યો: 'ગુરુજી, આપનો આ સેવક હવે આપના દર્શનને ઈચ્છે છે. આપ અહીં પધારશો તો મને સમાધિમાં વેગ મળશે અને જિનાલયની પ્રતિષ્ઠાનું કાર્ય પણ આપની નિશ્રામાં સુપેરે સંપન્ન થઇ શકશે.'

આવો ભાવભર્યો પત્ર વાંચી પૂજ્ય આચાર્ય મહારાજે પિંડવાડાની સંમતિ આપી. સમસ્ત શ્રી સંઘ સાથે સાહેબજીના ય આનંદની અવધિ ન રહી. ગચ્છાધિપતિના આગમન પૂર્વે બ્રાહ્મણવાડામાં શ્રી નવપદ આરાધક સમાજ તરફથી સંવત ૨૦૩૫ની ચૈત્રી ઓળી શ્રી મૂલચંદજી કિશોરકુમારજી તરફથી આયોજાઇ. અહીં સાહેબજીના ગુરુભાઇ પૂજ્ય આચાર્યશ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ પણ જોડાયા.

તેઓને સ્મરણમાં આવી પૂર્વના એક અનુષ્ઠાનની વાત, જ્યાં વિશાળ સભામંડપ હતો તેમાં સાહેબજીએ પ્રવેશ તો કર્યો પરંતુ મન બેચેન થઇ ગયું. આગળ વધવા માટે મન જાણે તૈયાર જ ન થયું.

તેઓ પાછા ફરી ગયા. સંઘજનો વ્યગ્ર બન્યા. થયું: શું કારણ હશે કે આમ સાહેબજી પાછા ફરી ગયા?

તપાસ કરતા જાણ થઇ કે સભામંડપની એ ભૂમિને શુદ્ધ કરવા માટે જેને કામ સોંપાયેલું, તેને પૂરતું વળતર ચૂકવાયું ન હોવાથી તે મજદૂરોનું મન કોચવાયેલું. પૂજ્ય પંન્યાસજી મહારાજે તેઓને પર્યાપ્ત ચૂકવણું કરાવી પરિશ્રમનું મૂલ્ય સરભર કરાવ્યું એ પછી તેઓ ખુશીથી એ સભામંડપમાં પ્રવેશ કરી શક્યા. તેઓનો મૈત્રીભાવ એટલો તો પ્રકૃષ્ટ હતો કે કોઇ જીવની આંતર્વેદનાનો મૌન ધ્વનિ પણ તેમની પાસે વ્યક્ત થઇ જાય. અમૈત્રી, શત્રુતા કે વેરઝેર તો સાહેબજીથી સો ગજ દૂર ભાગે!

છેલ્લા દિવસોમાં સાહેબજી અસ્વસ્થ છે એ વિચારે ભક્તોને રાત્રે નિદ્રા આવે નહીં. શિયાળાની વહેલી રાત્રે તમરાં બોલવા માંડયા હોય ત્યારે રાતના ૮:૦૦ પછી કોઇને ય સાહેબજીને ઉપાશ્રયમાં મળવા દેવાય નહીં. તેથી લોકોક્તિ તો ત્યાં સુધી થવા માંડેલી કે:

સાહેબજી રાત્રે ઘણીવાર અહીંથી દેહ ત્યાગ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જતા રહેતા હોય છે, તેથી મળવા જવા દેવાતા નથી. પણ એકવાર વિનંતી કરી મુંબઇના ભક્ત શ્રી નલીનભાઇ સુરક્ષાનો કિલ્લો ભેદીને પૂજ્ય વજ્રસેનવિજયજી મહારાજ સુધી પહોંચી જવા સફળ થઇ ગયા. સાહેબજી સંથારો કરી ગયા હતા ત્યાં પહોંચીને ગુરુના ચરણોની પ્યારી સેવા કરવામાં લીન થઇ ગયા. થોડીવારે સાહેબજી બોલ્યા:

''બસ લખમણજી, હવે પગ ન દબાવો.'' પણ ત્યાં જ નજર જતાં ખબર પડી કે આજે લખમણજીને બદલે બીજું કોઇ સેવામગ્ન છે. ત્યાં જ નલીનભાઇને જોઇ બેઠા થઇ ખભા ઉપર હાથ મૂકીને પૂછ્યું: ''શું જોઇએ છે બોલ તારે નલીન?'' એક અનેરી સ્ફુરણા થતાં જ પળવારમાં નલીનભાઇએ કહ્યું: 'મારું ઠેકાણું ના પડે ત્યાં સુધી તમારા ચરણો મારા હાથમાંથી છૂટે નહીં એનું ધ્યાન રાખજો ગુરુજી!'

આજે એ જ ચરણો ભલે ધીમા થયા હોય, ચિત્તમાં આ બ્રહ્મર્ષિના નવકાર ને નવપદજી જીવંત જ હોયે સદાકાળ. આ બાજુ પિંડવાડા સંઘે ગચ્છાધિપતિના પ્રવેશની તૈયારી કરી. ઉત્તમ નગરપ્રવેશ થયો. નિરાસક્ત સ્નેહ એવો સ્વયં ચૈતન્ય સ્પર્શ છે કે જે સમીપ હોવા માત્રથી સહજતાનો સાક્ષાત્કાર કરાવી ચિત્તને અતિપ્રસન્ન બનાવે. એ પછી પિંડવાડામાં સંગેમરમરના શ્રી સીમંધરસ્વામી જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરવા શ્રી સમરથમલજી રાયચંદજી પરિવાર તરફથી વિશ્વવંદ્ય ગુરુ-શિષ્યની આ જોડીને વિનંતી કરાઇ. સંવત ૨૦૩૫ના ચૈત્ર વદી ૧૧ થી શરુ થયેલ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં યોગાનુયોગ ૧૪ મુમુક્ષુઓની નૂતન દીક્ષા તથા ૨૧ નૂતન દીક્ષિતોની વડીદીક્ષા પણ થઇ. વળી વર્ષીતપના અનેક તપસ્વીઓના સમુહ પારણા પણ થયા.

ગુર્વાચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસેથી હિતશિક્ષા મેળવીને દરરોજ સાહેબજી સ્વસમાધિમાં વૃદ્ધિ કરે. એકદા પોતાના આવા સવાયા શિષ્યથી પ્રભાવિત ગુરુદેવ કહે:

'ગુજરાતમાં આવીને એક ચોમાસુ તો મારી સાથે કરો!'





બારમી સદી પહેલાનું એક મનભાવન તીર્થ એટલે પિંડરવાટક અથવા પિંડવાડાજી. ઈ.સ.૧૯૭૯માં અહીં જિનમંદિરની અંજનશલાકા-પ્રતિષ્ઠાના પાવન પર્વે પૂજ્ય ગચ્છાધિપતિ ગુરુવર્ય સાથે સાહેબજી પધાર્યા.

પૂજ્ય પ્રેમસૂરીદાદાની આ જન્મભૂમિમાં જીવનપ્રસંગોની ચિત્રાવલી દ્વારા તેઓ જાણે હજુ જીવંત છે. સાહેબજીની આ સાધનાભૂમિ, જ્યાં તેઓ અંતિમ વર્ષોમાં સમતા સાગર રૂપે ભવિજનોના હૃદયમાં અંકાયા.

પંન્યાસજી મહારાજ આ સાંભળી ખૂબ ભાવનાશીલ થઇ જઇને જવાબ આપે: ''ગુરુદેવ! મારાથી હવે વિહાર થાય એમ નથી.'' ત્યારે ગુરુદેવ કહે: 'ડોળીનો ઉપયોગ કરીને ય આવતું ચોમાસુ પાટણમાં મારી સાથે કરવાનું છે.' ''गुर्वाज्ञा अविचारणीया ।'' ઉત્તરમાં આ બે જ શબ્દો કહી પંન્યાસજી મહારાજ થઇ ગયા મૌન! વહેતી-વહેતી આ વાત પિંડવાડા સંઘને પહોંચી. તરત જ શ્રીસંઘે ભેગા થઇ ગચ્છાધિપતિશ્રીજીને પણ આગ્રહભરી વિનંતિના સૂરે કહી જ દીધું:

'અમે અમારા પ્રાણ સમ પંન્યાસજી મહારાજને અહીંથી જવા નહીં દઇએ.'

આચાર્યશ્રી અજાણ ન હતા કે સંવત ૨૦૩૩-૩૪ (ઇ.સ.૧૯૭૭-૭૮)ના બે વર્ષોની તેમની માંદગીની વેળાએ ઠેર-ઠેરથી પધારતા ભાવિકો, તબીબો, વૈદ્યો, શ્રમણ ભગવંતો આદિની ખડે પગે પિંડવાડાના સંઘે જે ભક્તિ કરી હતી તે અમૂલ્ય હતી. સમય થતાં પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી તો વિહાર કરી જઇ બાજુના ગામમાં ગયા. પરંતુ શ્રી સંઘે પંન્યાસજી મહારાજને રોકાઇ જવા માટે ખૂબ જ દબાણ કર્યું જે તેઓ સહન કરી શક્યા નહીં. કહ્યું: ''જાઓ, મારા ગુરુ મહારાજની રજા લઇ આવો.'' એ સાંભળી શ્રી પિંડવાડાના ભાવિકોએ ફરી બાજુના ગામે જઈ આચાર્ય મહારાજને વિનંતીના સૂરે કહ્યું કે: 'પંન્યાસજી મહારાજ અમારા ગુરુ છે. અમે તેમને કોઇપણ ભોગે જવા નહીં દઇએ. અમે અમારું જીવન ન્યોચ્છાવર કરી દઇને પણ તેમની સેવા કરીશું. ચાલીને વિહાર કરવા જેવા થાય પછી જ બીજે મોકલશું.'

આ સાંભળી પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ અનેક પ્રકારની વાત્સલ્યમય સમજાવટ પછી કૃત્રિમ ગુસ્સાથી પણ પિંડવાડા સંઘને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો:

'જેમ તેઓ તમારા ગુરુ મહારાજ છે, જેમ તમારે તેઓની ભક્તિ, સેવા ને વૈયાવચ્ચ કરવી છે તે જ રીતે તેઓ મારા પરમ વિનયી શિષ્ય છે. અમારા મહારાજની સમાધિ કેમ રહે તે જોવાની મારી પણ ફરજ છે. માટે તેઓને ઝટ તૈયાર કરી ડોળીમાં વિહાર કરાવો. આમ કરશો તો સહુ આનંદિત થશે.'

આમ કહેવાથી પીઢ આગેવાનો તો સમજી શક્યા પણ યુવાન વર્ગ તો ભક્તિની પરાકાષ્ઠામાં આંખો બંધ અને હૈયું નીતરતું હોય તેમ વર્ત્યા. સૌએ નક્કી કરી લીધું કે આવતી કાલે પૂજ્ય પંન્યાસજી મહારાજનો થનાર વિહાર બંધ રહે તે માટે રસ્તા ઉપર સૂઇ જઇશું. અમારા ઉપકારી ભગવંતો અમારા ઉપરથી ચાલીને તો નહીં જ જાય ને? નિકટવર્તી મહાત્માઓ મુંઝાયા. એક તરફ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા ને બીજી બાજુ પંન્યાસજી મહારાજના ક્ષીણ સ્વાસ્થ્ય સામે સંઘનો ભક્તિપૂર્વકનો આગ્રહ જ નહીં, દુરાગ્રહ જ જોઇ લો જાણે! ગુરુભક્તિની પરાકાષ્ઠાનું એ ઉત્કૃષ્ઠ નિર્મળ પ્રતિબિંબ હતું.

હવે નાછૂટકે મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજે રાત્રે પ્રતિક્રમણ પછી નવલોહિયા યુવાનોને સમજાવવાનું કષ્ટસાધ્ય કાર્ય હાથમાં લીધું. પિંડવાડાના પીઢ શ્રાવકો પણ એમાં સામેલ થયા.

૧૨ નવકાર ગણીને મુનિશ્રીએ સૌ પ્રથમ તો માંગલિક ફરમાવી ગુરુની મહત્તા સમજાવી. છેવટે મૂળ મુદ્દા ઉપર વાત આવી: 'જુઓ, જેમ તે તમારા ગુરુદેવ છે તેમ અમારા પણ છે. ને પ્રાણ જાય તો જાય પણ અમારા ગુરુજી તો અહીંથી નહીં જ જાય એવી પ્રતિજ્ઞા લઇને તમો બધા તો બેઠા છો. આવા તંગ વાતાવરણમાં તમારો ભક્તિભર્યો ઉશ્કેરાટ જોઇને મારું યે શિર ઝુકી જાય છે. પરંતુ આપણે શું જાણતા નથી કે તેઓની તબિયત સારી થાય એ માટે હવાફેર જરૂરી છે? પરમ ગુરુદેવને નવજીવન આપવા ખાતર પણ આ જીદ્દ છોડી દો. તમે સમજો અને પ્રેમથી જવા દેશો તો જ ગુરુદેવના હૈયે ટાઢક થશે. તમારું હૃદય દુભવીને જવાથી તેઓનું સ્વાસ્થ્ય પાછું નહીં આવે.'

आयओ गुरुबहुमाणो ।
– पंचसूत्रक (चतुर्थ सूत्र)

ગુરુનું બહુમાન તે જ મોક્ષ.

યુવાવર્ગ અશબ્દ બન્યો. આંખોથી આંખો મળી ને ઘણા યે સંદેશાઓની મૌન આપ-લે જ થઇ ગઇ. નિર્ણય થતાં તો રાત્રે ૧૨ વાગી ગયા. સવારે વિહાર કરવાનું નિર્ણિત થયું. સૌ છૂટાં પડયા ભારે હૃદયે.

ઘરે જઇને ય નિદ્રા આવવાનું નામ લેતી ન હતી. સવારે પાંચ વાગ્યામાં તો ફરીથી ઉપાશ્રય બહાર માનવ મહેરામણ ઉમટી પડયો. છ ના ટકોરા થયા. પૂર્વમાં આછેરો ભગવો રંગ થવો શરુ થયો. સૌ આ અણધારી પરિસ્થિતિ સાથે સુમેળ સાધવાનો ભાંગતા હૈયે પ્રયત્ન કરી રહ્યાં. પરિશુદ્ધ પ્રેમના હજ્જારો ઝરણાં આજે અહીં વહ્યા! પાતક્નો ઘાત કરનાર ને સમ્યગ્ શાસ્ત્રાદિનો પરિચય કરાવનાર આ સદ્દગુરુને કઇ રીતે વિદાય થતા જોઇ શકાશે એ વિચારે કેટલાયના અશ્રુ ફોરાં ટપકવા શરુ થઇ ગયા.

સાહેબજીને વિહારમાં ચલાય તેમ તો હતું જ નહીં અને ડોળીમાં બેસવાનું તો મન જ ન હતું. તેથી પાટણ જવાનું જ્યારે નક્કી થયું ત્યારે શ્રાવકોએ ભેગા થઇને વિચાર્યું કે સાહેબજીનો ખૂબ ઉપકાર છે આપણી ઉપર. તો આપણે શ્રાવકો જ ડોળી ઉપાડીને રોજનો વિહાર કરાવીશું અને તેમ જ થયું.

ગુરુ બહુમાનની આ ઊંચાઇ હતી! સ્થિર આત્મસ્વભાવ સંગે નિશ્ચલ રત્નાકર સમા ગાંભીર્યધારી એવા પંન્યાસજી મહારાજે ઉપાશ્રયની બહાર નીકળી સૌ પ્રથમ સહુ સાથે જિનાલયજીમાં ભક્તિભાવપૂર્વક ચૈત્યવંદન કર્યું. મુનિ ભગવંતોએ દેરાસરમાંથી સાહેબજીને પોતાનાં ખભે ઉપાડીને બહાર લાવી ડોળીમાં બેસાડ્યા. સામે વિશાળ જનસમુદાય. મુનિઓને ચાલવા માટે પણ જગ્યા મળે નહીં તેવી પરિસ્થિતિ. મહાત્માઓએ વિનવણી કરી: 'હવે સમય બહુ થઇ ગયો છે. અમોને જવા દો.' અંતે ગામની બહાર આવીને પંન્યાસજી મહારાજે ડોળી ઉભી રખાવી. વદન ઉપર વેદના સાથે સૌએ ગુરુવંદન કર્યું. 'સ્વામી શાતા છે જી? ભાત-પાણીનો લાભ દેજો જી.' એમ બોલતા તો કોઇ ભાવિકોની આંખો કોરી ન રહી.

પરાણે ડોળી ઉપાડી. પણ કોઇ જયનાદ કરવા તૈયાર નહીં. સાહેબજીએ માંગલિક ફરમાવવાનું શરુ તો કર્યું પણ એક નવકારથી આગળ તેઓ પણ બોલી શક્યા નહીં. તેઓ બીજાને દુઃખકર બનીને જાય છે તે વિચાર જ આ મંગલમય કરુણામૂર્તિ માટે આકરો હતો. સૌનું દુઃખ ને દ્રવેલું હૃદય જોતા મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજીએ જ માંગલિક પૂર્ણ કર્યું.

છેલ્લે સૌને થોડી શાતા પહોંચશે એમ વિચારી સાહેબજીએ પોતાના પ્રિય શિષ્યરત્ન મુનિરાજશ્રી કુંદકુંદવિજયજીને અહીં રહી હજુ એક ચાતુર્માસ કરાવવાની સંમતિ આપી. આ આજ્ઞા થતા જ સંઘની ઊંડી વેદના ઉપર સ્હેજ શીળો લેપ થયો જાણે!

વિહાર શરુ થયો. શ્રી સી.કે.મહેતા તથા શ્રી ચંદ્રકાંતભાઇના પરિવારોએ આખા વિહારમાર્ગનો અનેરો લાભ લઇ ગુરુભક્તિનું અપૂર્વ દર્શન કરાવ્યું. પિંડવાડાથી પેશવા આવ્યા ત્યારે નાના અંતરની ડોળીમાં પણ અતિશય શ્રમ પડયો. તકલીફ અસહ્ય બનતા પેશવામાં ગ્લુકોઝના બાટલા ચડાવવા પડયા.

પૂજ્ય વજ્રસેનવિજયજી મહારાજ આદિ દરેક શ્રમણો સાહેબજીની વેદના જોઇ ન શકે. તે સમજી જઇ પંન્યાસજી મહારાજ તેમને સાંત્વનાદાયક શબ્દો કહે: ''જે વેદનાગ્રસ્ત (શરીર) છે એ મારું નથી અને જે મારું (આત્મા) છે તે વેદનાગ્રસ્ત થતું નથી. માંદગી આત્માના ઘરમાં સ્થિર થવા સહાયરૂપ છે. આવી સહાય ભાગ્યે જ કોઇ સન્મિત્ર પણ કરી શકે!'' ફરી ધીમે-ધીમે વિહાર શરુ થાય. વચ્ચે આવતા ગામોના સંઘોમાં પૂજ્ય પંન્યાસશ્રી મિત્રાનંદવિજયજીએ વ્યાખ્યાન આપવાનું કર્તવ્ય બજાવ્યું.

પેશવાથી સરુપગંજ થઇ ભીમાડા આવી બે દિવસ રોકાઇને થાક ઉતાર્યો. પછી ક્રિવરલી પહોંચ્યા ત્યાં સાહેબજીએ બે દિવસ ફરી વિશ્રામ કર્યો. જો કે સાહેબજીના અપ્રમત્ત નિત્ય આરાધના ક્રમમાં કાંઇ જ ફેર પડયો નહીં. તેની અનુમોદના કરતા આબુ રોડ પહોંચ્યા. અહીં ત્રણ દિવસ રોકાવું પડયું.

શરીર સ્હેજ શ્રમ ખમે તેવું થયું કે ફરી નાનો વિહાર કરી સૌ અમીરગઢ થઇ ઇકબાલગઢ પહોંચ્યા. અહીં સાહેબજીના લોહીનું દબાણ ખૂબ જ ઘટી ગયું. આગળ વધી શકાય તેવા ચિહ્નો દેખાતા જ ન હતા. છતાં સાહેબજીની ઈચ્છાશક્તિથી ત્રીજા દિવસે સૌ ચિત્રાસણી આવ્યા.

પોતાના ગુરુદેવની આજ્ઞા છે અને તેને અનુસરવાની છે એ જ લક્ષ્ય હતું સાહેબજીનું. ત્યાં ડીસાથી આવેલા યુવાનોએ ડોળીમાં પડતા સાહેબજીના શ્રમને જોયો. તેઓએ જાતે જ સ્ટ્રેચર ઉપાડવાની જવાબદારી લઇ લીધી. દરરોજ સવારના ૪ વાગ્યે તેઓ આવી જાય અને આગલા મુકામે સાહેબજીને પહોંચાડી, ફરી ડીસા ભેગા થઇ જાય. દિવસે-દિવસે શારીરિક વેદના વધતી જાય ને નબળાઇ પણ એટલી બધી કે ઝાઝી વાર બેઠા રહી ન શકાય. પરંતુ જો તેઓની વિચારધારાને અનુકૂળ હોય એવા કોઇ સુજ્ઞ શ્રોતાઓ આવે તો ત્યારે તેઓ હડપ દઇને બેઠા થઇ જાય.

૩ નવકાર સંભળાવે પોતાના દેહને એટલે દેહ થઇ જાય જાણે કહ્યાગરો દિકરો ને પીડા થઇ જાય શાંત.

પછી જેવી વાતો પૂરી થાય ને પાટ ઉપર લાંબા થાય કે જાણે વેદનીય કર્મોને ફરીથી આવકાર આપી દે. જાણે દૂર ટાંગેલા કપડા સાથે પોતાની વેદના અને નબળાઇને પણ થોડીવાર માટે પોતાના શરીરથી દૂર ટાંગીને પરહિત પુરુષાર્થમાં લીન હોય તેવું લાગે! આવી વેળાએ એક વાત યાદ આવે:

અધ્યાત્મયોગીશ્રી આનંદઘનજીએ મારવાડના ગિરિવિસ્તારોમાં વિચરતા-વિચરતા જોધપુરની ટેકરીઓની એકાંત જગ્યાએ દેવકુલમાં વાસ કરેલો એકવાર. આ વાત જોધપુરના મહારાજાને ખબર પડતા તે યોગીજી પાસે આવ્યા. હિતશિક્ષા સાંભળતી વખતે તેઓનું ધ્યાન ગયું કે થોડે દૂર પડેલા યોગીજીના કપડા થર-થર ધ્રુજે છે. ઉપદેશ પૂર્ણ થતા જ તે વિષે પ્રશ્ન કર્યો રાજાજીએ. જવાબમાં શ્રીમદ્જીએ કહ્યું: 'તે કપડામાં મારા તાવના પુદ્ગલો છે. રાજન્, આપને ઉપદેશ દેવો હતો તેથી મારા શરીરમાં ભરાયેલા તાવને ઉતારીને મેં કપડામાં રાખ્યો હતો. હવે ફરીથી લઇ લઇશ.'

પિંડવાડાથી પાટણના વિહારમાં એકવાર સહવર્તી મુનિશ્રી પ્રભાકરવિજયજી મહારાજે બહુશ્રુત એવા સાહેબજીને પચ્ચક્ખાણ પરાવ્યું. પચ્ચક્ખાણ બોલતી વેળાએ બે-ત્રણ શબ્દો ગૂંચવાઇ ગયા. તારી ભૂલ છે અથવા આમ ભૂલોવાળું કેમ બોલાય છે એમ કહેવાને બદલે એટલું જ કહ્યું: ''ફરી બોલો.''

સાહેબજીની આ અદ્ભૂત વિશેષતા સમક્ષ સૌનું શિર નમી જાય. આમ ને આમ પાલનપુર થઇ ચંડીસર આવ્યા. ત્યાંના સંઘે ભવ્ય સામૈયું કર્યું. ખૂબ નાજૂક તબિયતે વિહાર કરતા જ્યારે ડીસા આવ્યું ત્યારે સાહેબજીની પધરામણીથી રોમાંચિત સંઘે ભવ્ય સામૈયું કર્યું. ચાર દિવસ અહીં રોકાઇને ૫૦ કિ.મી. દૂર રહેલા પાટણ પહોંચવા માટે ચારૂપ તરફ વિહાર મંડાયો. રસ્તામાં રાજપુર, જૂના ડીસા, આસેડા, કોયટા, જગરાણ વગેરે જગ્યાઓએ એક-એક દિવસ રોકાયા ત્યાં ચારૂપ આવી ગયું. પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી રામચંદ્રસૂરીશ્વરજી પણ પાલનપુરથી વિહાર કરી અહીં ભેગા થઇ ગયા. ગુરુને જોઇ શિષ્યની આત્મજ્યોતિ પુનઃ વધુ પ્રજ્વલિત થઇ ગઇ.

ગઇ ચોવીસીમાં અષાઢી શ્રાવકે ભરાવેલ ૩ પ્રતિમાજીમાંના એક પ્રતિમાજી એટલે શ્રી ચારૂપ પાર્શ્વનાથ! આ નયનરમ્ય પ્રભુજીના દર્શન થતા જ સાહેબજીનું ચિત્ત તો પ્રસન્ન થઇ ગયું! અહીં અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાયો. સાહેબજીએ આ અશક્તિમાં યે ચાર પ્રહરના પ્રભુજીના અલગ ચાર રૂપ નિહાળ્યા.

ચારૂપ તીર્થે ચાર રૂપ કરતી પ્રતિમા આપની,
જોતા હરે નયનો હમારા, જે કરે મોહ તાપણી;
અષાઢીના વ્હાલા વિભુ લાગી ધૂન અજપાજાપની...
શ્રી ચારૂપ પાર્શ્વજિનને વંદના હો અમૃત પાવની!

એમ અનેક સ્તુતિઓથી વંદાયેલા પારસનાથની નિશ્રામાં આ અજોડ ગુરુ-શિષ્યે મન ભરીને સંવાદિત સાયુજ્ય માણ્યું. તેઓના સાંન્નિધ્યમાં રહેવા દૂર-દૂરથી ભક્તો પધાર્યા તે સહુ ભાગ્યશાળીઓએ પણ અપૂર્વ ક્ષણો માણી. મહાન યોગી શ્રી ચિદાનંદજી મહારાજે ગાયુ હતું તેમ:

અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.

મોક્ષ થવામાં કારણભૂત સર્વકર્મક્ષય કષ્ટભર્યો જરૂર છે,પરંતુ અનુભવના અભ્યાસથી ઉભી થયેલી આત્મશક્તિમાં વૃદ્ધિ થતા જ એ કર્મક્ષય સરળ બનાવી દે છે. જૈન શાસનના અનેક સદ્અનુષ્ઠાનો એવા સમર્થ બન્યા છે કે તેનાથી આત્મામાં રહેલા વિશુદ્ધ અધ્યવસાયો જાગી જાય. અહીં થયેલ અનુષ્ઠાન તેવું જ હતું. પંચાસરા ને શામળા પાર્શ્વનાથની ભૂમિ એવી પાટણ દૂર હતી ફક્ત ૧૨ જ કિ.મી. હવે તો.

સંવત ૨૦૩૫ના અષાઢી બીજના પાવન પ્રભાતે ઉગેલા સોનાના સૂરજને આવકારતા હતા પાટણ નગરીની શેરીઓના ધજા-પતાકા-તોરણ-દરવાજાઓ!

અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય સંગે શ્રી જિનશાસન પ્રભાવક સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, સુદીર્ઘ સંયમી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય ઉપાધ્યાયશ્રી મહિમાવિજયજી ગણિ, પંન્યાસશ્રી ભદ્રાનનવિજયજી ગણિ, પંન્યાસશ્રી પ્રદ્યોતનવિજયજી ગણિ, પંન્યાસશ્રી વિચક્ષણવિજયજી ગણિ આદિ ૬૩ સાધુ ભગવંતો અને ૩૦૦ સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ હેતુ ઠેર-ઠેરથી વિહાર કરતા પાટણની પુણ્યભૂમિ સમીપ પહોંચેલ.

અનેકાંત સેવતા આત્મચેતનાની જાગૃતિ જગવવા સંયમ-તપ ઉપર આધારિત જીવનચર્યા ગોઠવનાર ઉર્ધ્વગામી જ્ઞાન-કર્મ-ભક્તિમાર્ગના વૈરાગી પથિકો હતા આ દરેક ૩૬૩ મહાત્માઓ! 'મને જ સુખ મળો અને મારું જ દુઃખ ટળો'ની કનિષ્ટ કોટીની ઇચ્છાઓ ત્યાગીને 'જીવમાત્ર પરમ પદને પામો' એવી ઉત્કૃષ્ટ ઈચ્છાના આવિર્ભાવપ્રાપ્ત હતા સર્વે. વિવેક, વૈરાગ્ય અને વિરતિનું તેજ તેઓના વદન ઉપર વિલસતું હતું. તત્ત્વ, સત્ત્વ અને મર્યાદાનું મહત્ત્વ સમજતા તેઓ સર્વે હવે આવી જ પહોંચ્યા હતા સદીઓથી મંદિરો દ્વારા વિભૂષિત એવી પાટણ નગરીના મહામંગળ દ્વારે!

''સંસાર દુઃખરૂપ છે છતાં સુખરૂપ લાગે છે. મોક્ષ સુખરૂપ હોવા છતાં એમાં સંદેહ થાય છે. સંસાર સારો નથી પણ ખારો છે. જે જેવું હોય તેને તેવું માનવું જોઇએ છતાં આપણે એમ માનતા નથી એ આપણી કઠણાઇ છે. એ જ ખોટો આગ્રહ, દુરાગ્રહ અને કદાગ્રહ છે. એ દુરાગ્રહને ટાળવા માટે જ દરરોજ પ્રભુ પાસે મનથી પ્રાર્થના કરવાની છે. અનેક વખતની હાર્દિક પ્રાર્થના વગર આ દુરાગ્રહ ટળી શક્તો નથી.

પ્રાર્થનાના બળે અને પ્રભુની કૃપાથી જ સંસાર પ્રત્યે નિર્વેદ પેદા થઇ શકે છે. સંસારનું સુખ ઈચ્છવું એ પાપ છે. નવકારથી સંસારનું સુખ પણ મળે એમ આપેક્ષિક ભાવે કહેવામાં નવકારની મહત્તા છે પણ સંસારના સુખ માટે નવકાર ગણાય નહિ.

નવકારમાં મોક્ષ આપવાની તાકાત છે.
મોક્ષ વિના બીજું માંગવુ એ માંગનારની નબળાઇ છે.

ઈચ્છા કઇ કરાવી જોઇએ? શુભ જ. ધર્મના ફળ રૂપે પણ ધર્મ જ માંગવો જોઇએ, બીજું નહીં. બીજું માંગ્યા પછી તે વસ્તુ મળી તો જાય છે પણ મૂળ વસ્તુ જ ખોવાઇ જાય છે. માટે નવકારમાં ફળ રૂપે મોક્ષ અને મોક્ષની સાધનાની પ્રાપ્તિની જ માંગણી કરવી જોઇએ. બીજી કોઇ પણ માંગણી નહીં જ.''

પાટણમાં છેલ્લા ચાતુર્માસ વખતે કહેલા શ્રી પંન્યાસજી મહારાજના ઉપરોક્ત શબ્દામૃત હજુ તો ત્યાંના ભાવિકોના કર્ણયુગલમાં પડઘાતા હતા અને તે મુજબ જીવન ગોઠવાયેલું. ત્યાં આટલા વર્ષો પછી સાહેબજીને ફરીથી પોતાના સંઘમાં પધારેલા જોઇ સૌને હર્ષ તો ઉપન્યો જ, કિન્તુ તેઓની શારીરિક સ્થિતિ જોઇને ગ્લાનિ પણ ઉદ્ભવી. જો કે તેઓની ચિત્તપ્રસન્નતા જોઇ સૌનું શિર ઝુકી પણ ગયું અને તેઓનો જ્ઞાતાદ્રષ્ટા ભાવ જોઇ જાણે વિદેહી થઇ ગયા હોય તેવું લાગ્યું સૌને. મૂળ વિનાના આ કાયા ઝાડવાને નિર્લેપ રહી સાચવવાની કલા તેઓએ હસ્તગત કરી હતી જાણે!

गुरौ मानुषं बुद्धिं मा कुर्यात् देवमिति मन्यमाना
जीवनं सफलं करिष्यति ॥

ગુરુને એક મનુષ્ય જ નહીં, કિન્તુ દેવ તરીકે માનીએ
તો જીવન સફળ બનશે.

“ પોતાની આત્મચેતના પ્રગટ કરવા માટે ઈશ્વરીય ચેતના વડે ઉભરાતી સભરતાથી વધુ ને વધુ અનુપ્રાણિત થવું. અંદર કાંઇક નવું ઉગે, સળવળે, આપમેળે બને તે બનવા દેવું. આમ કરીને શું ઉમેરાયું તે વિચારવું. બાદ થયું તેને જવા દેવું. ”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ

# ૨૧ | અર્હત સાથે અનુસંધાન

**નવકાર, પરોપકાર ને મૈત્રીનાં મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

બાળપણથી જેની યશોગાથા મનમાં રમી રહી હતી ને જ્યાંના પન્ના, સ્ફટિક, સુવર્ણ, રૌપ્ય, પાષાણ અને ધાતુના આહ્‌લાદક, અગણ્ય પ્રાચીન પ્રતિમાજીઓના દર્શને જવા મન થનગનતું હતું તેવા પાટણમાં સંવત ૨૦૩૫ (ઇ.સ.૧૯૭૯)નાં ચાતુર્માસ માટે પ્રવેશવા હવે વાર ન હતી. પણ પૂજ્ય પંન્યાસજી મહારાજનું તન હવે વિશ્રામ માંગતુ હતું. ખડાખોટડીના પાડામાં આવેલ ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પલાંઠીમાં સવા મણ ચોખા જો સમાઇ શક્તા હોય તો સવા મણ રૂ ની તળાઇઓથી અનંતગણું વધુ અપાર્થિવ સુખ પણ સમાયેલું છે તેઓના ચરણોમાં જ...

એવું ચિંતન કરતા-કરતા પાટણની પનોતી ભૂમિના આખરે દર્શન થયા.

એક લાખની પાટણ નગરની વસ્તી. એમાંથી ૭૦-૮૦ હજાર માણસો પ્રવેશ વખતે સામૈયામાં હાજર. પાણીની નીંક ઉપર, છાપરા ઉપર, ઘરના ધાબા ઉપર એમ દરેક જગ્યાએ આ બે ગુરુજીના સામૈયામાં કીડીયારું જ જાણે ઉભરાયું. ન ભૂતો ન ભવિષ્યતિ સમું સામૈયું હતું જાણે એ.

ચાર કલાક પાટણની શેરીઓમાં ફર્યા પછી ચતુર્વિધ સંઘ સહ સૌ પંચાસરા પહોંચ્યા. બાળપણમાં સુખડીવટથી આગળ વધતા સોપારી વેચનારા જ્યાં વસતા, એ પોતાના જન્મસ્થાન એવા પ્રાચીન ફોફલિયાવાડાની પોળની શેરીના શાંતિનાથજી જીનાલયે, મનમોહનજીની શેરીના મનમોહન પાર્શ્વનાથ જિનાલયે, વખતજીની શેરીના સંભવનાથજી અને મુનીસુવ્રતસ્વામી જિનાલયે તથા ચૌધરીની શેરીના નેમિનાથ જિનાલયે ગાયેલી પ્રાચીન સ્તુતિઓ ફરી-ફરી સ્મૃતિવંત થતી રહી સાહેબજીને.

...ને મનમાં સ્ફૂરતી રહી બારમી સદીમાં વિરચિત 'સુકૃત સંકીર્તન'ના સંસ્કૃત મહાકાવ્યોની અમુક એવી કડીઓ, જેમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ, પંચાસરા મહાવીર ને પંચાસરા ચંદ્રપ્રભુ સ્વામીના ઉલ્લેખો છે:

ફોફલિઆવાડઇ પઢમ જિન અઠોતર જિનબિંબ;
બીજું દેહરું શાંતિનું એ, પડિમા પંચવીસ હોઇ.

ત્રિભુવનધણી પંચાસરા પાર્શ્વના ચૈત્યમાં રોજેરોજ દર્શન કરવા જાય ત્યારે મનની ગૂહામાં ભંડારાયેલી વિવિધ પંક્તિઓ વિસ્ફૂટ થાયઃ સુષકર શ્રી પંચાસરો પાસ, પાટણપુરનો રાજીઓ..., સખે પાસુ પંચાસરાધીશ પેખઉ, હુયઉ હર્ષ્યું કેતઉ ન જાણઉં સુલેખઉં; કિયાં પાછિલઇ જન્મિ જે પુણ્ય કાજ, ફલિયાં સામટાં દેવ દીઠઇ તિ આજુ..., પાસ પંચાસર ભેટ્યો હો, દૂષ મેટ્યો મુઝ ઘર આંગણે...

અહીંયા ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાથે જે ૬૩ મહાત્માઓ નિશ્રાપ્રદાન કરી રહેલા, તેમને સૌને ય પરહિતરત પંન્યાસજી મહારાજ રુગ્ણાવસ્થામાં પણ સ્વકેન્દ્રિત થવાની બદલે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષાદિ માટે પ્રેરણા કર્યા કરે ને તેઓને સ્વાધ્યાય શેનો ચાલે છે, કોની સાથે ચાલે છે, બધું બરાબર સમજાય તો છે ને આદિ પૃચ્છા કરી જ લે.

પોતાના જન્મસ્થાન, ભગવાન અને ગુરુદેવ એમ ત્રિવેણી પરિતોષધારામાં આચમન લેતા પૂજ્ય પંન્યાસજી મહારાજ પાટણમાં બહારથી તો પ્રફૂલ્લિત જ લાગે, પરંતુ શારીરિક તકલીફો વધતી જ જતી હતી. જેમ જેમ માંદગી ને નબળાઇ વધતા ગયા, પોતાનો સમાધિરસ પણ વધારતા ગયા સાહેબજી. દિવસે-દિવસે કૃશ થતા સાહેબજીએ લગભગ બધું અનાજ તો ઘણા વર્ષોથી બંધ કરેલું જ, હવે પ્રવાહી લેવાનું પણ એકદમ ઘટી ગયુ. સાંજે અશક્તિને કારણે સંથારાવશ હોય. રાત્રે પણ ખાસ નિદ્રા આવે નહીં તેટલા વેદનાવશ હોય... પરંતુ જેવી સવાર પડે કે દર્શન કર્યા વિના ક્યારેય મુખમાં જલબિંદુ ય ના નાખનાર સાહેબજી આસ્તે-આસ્તે ચાલીને દેરાસરે પ્રભુદર્શન કરવા રોજે જાય જ. ન વાપરવાની ઉતાવળ, ન અશક્તિની પરવા!

પ્રભુને જોતા જ જાણે દેહ વિસરાઇ જાય. રોગ ને પીડા જાણે થાયે અદૃશ્ય. ને પછી દેરાસરેથી પરત ફરી ઈચ્છાશક્તિના બળે પોતાના ગુરુદેવશ્રીના દર્શન કરવા બાજુના ખંડમાં લઇ જવા કહે. ત્યાં અત્યંત ભાવસભર રીતે વંદન કરે. એ દ્રશ્યને નિરખવા તો ક્વચિત દેવો પણ ઉતરી આવતા હશે પાટણની અવનિ પરે! ગુરુ-શિષ્યનો પ્રત્યેક સવારે થતો આ અદ્દ્ભૂત મેળાપ જોનારની આંખોમાં હર્ષનાં અશ્રુઓ છલકાવે. વંદન પશ્ચાત્ અત્યંત લઘુતા સહ સાહેબજી પોતાની આગળની આરાધનાર્થે માર્ગદર્શન પામે.

ગુરુ ચરણે સાહેબજી બહુમાનપૂર્વક બેસે. હૈયું ખોલી વાતો પણ થાય. પ્રશ્નો પૂછાય તેના જવાબમાં આચાર્યશ્રી વાત્સલ્યમયી ગિરામાં હિતશિક્ષા આપે. એકવાર સાહેબજીએ કહ્યું:

''સાહેબ, હવે તો મારું આયુષ્ય પૂર્ણ થવામાં ખાસ વાર હોય તેમ લાગતું નથી.''

જવાબ મળ્યોઃ 'એમાં ચિંતા શી છે? મરશું તો ઝટ ભગવાનને મળવાનું થશે. આ ભવમાં આપણે આરાધના સારામાં સારી જ રીતે કરી છે. તેથી જે દેવલોક મળવાનો છે તે મુંઝવે તેમ નથી. વળી દેવલોકમાંથી તો ઝટ સીમંધર સ્વામીને ભેટવા ય જઇ શકીશું.

ત્યાંથી અમારી શંકાના સમાધાન કરાવવા આવજો. શું કરણીય-અકરણીય છે તે કહેવા તમે આવશો ને? તમારા જેવા આરાધક મહાત્માને વળી ચિંતા શી? આપણે તો અહીં રહીને ય ભગવાનની આજ્ઞા મુજબ જ જીવવાનું છે. જીવીએ તો સમાધિમાં ને મૃત્યુ વેળાએ પણ તે જ સમાધિ સાધીને અરિહંતને શરણે જવું છે. રોજ પ્રભુ પાસે 'સમાધિ-વર' માંગવું. શરીર છે તો કષ્ટ તો આવે. પણ તે કષ્ટ આપણને ક્યાં નુકસાન કરી શકે તેમ છે? કષ્ટ છે તો સારું છે કે ભગવાનને વધુ યાદ કરીએ છીએ.

દુ:ખના નાશની ઈચ્છા એ આર્તધ્યાન છે, જ્યારે પાપના નાશની ભાવના એ ધર્મધ્યાન છે. દુ:ખનો નાશ તો એના સમયે થશે જ. તમે દેવલોકમાં હશો તો ત્યાં કાંઇ આમ બેઠા રહેવાના નથી. ઝટ ભગવાન પાસે દોડી જ જવાના છો. અહીં આરાધના પણ તમે એવી જ કરી છે ને? એક ક્ષણ પણ પ્રમાદમાં ગાળ્યો હોય તો કહો મને! તમે તો નવકારને આત્મસાત્ કર્યો જ છે તેથી સતત તેના ધ્યાનમાં જ રહો છો. પછી તમને શી ફિકર છે?' કેવું સુંદર ઉદ્બોધન!

પિંડવાડાથી પાટણ આવ્યા બાદના ૧૦ મહિના દરમ્યાન પોતાના ઉપકારી ગુરુદેવ પૂજ્ય પંન્યાસજી મહારાજની સુખશાતા પૃચ્છા કરવા જેમ દેશના દરેક ખૂણેથી શ્રાવક પરિવારો આવે, તેમ અનેકાનેક શ્રમણ સમુદાયો પણ તેઓના વંદનાર્થે પધારે.

પૂજ્ય બાપજી મહારાજ સમુદાયના વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી પાટણ નજીક આવેલ ધીણોજ સંઘમાં ચાતુર્માસ પૂર્ણ કરી પોતાની ઉપર સાહેબજીનો અસીમ ઉપકાર છે તેમ વિચારી સમુદાયસહિત પાટણ પધાર્યા. આચાર્ય હોવા છતાં તેઓએ સાહેબજીના ચરણોમાં નમીને ભાવપૂર્વક વંદના કરી. થોડા દિવસની સ્થિરતા દરમ્યાન સાહેબજી પાસેથી અત્યંત સારગર્ભિત હિતશિક્ષા સાથે નમસ્કાર મહામંત્રની અપૂર્વ અનુપ્રેક્ષાઓ પણ પામ્યા.

આચાર્યદેવ શ્રીમદ્ વિજયૐકારસૂરીશ્વરજી મહારાજ, મુનિવરશ્રી યશોવિજયજી મહારાજ આદિ ઠાણા ખાસ વિહાર કરી સાહેબજીના વંદનાર્થે પાટણ પધાર્યા. રોજ રાત્રિએ બધા મહાત્માઓ એક સાથે બેસે. આ આચાર્યશ્રી સાહેબજીની ઉપબૃંહણા કરી સમાધિ હેતુ માર્ગદર્શન આપે. એકદા તેઓએ કહ્યું:

'આપ તો મૈત્રી માર્ગ પ્રરૂપક છો. તીર્થંકર પદ કાજે તપની આવશ્યકતા એટલી નથી જેટલી જગતના સર્વ જીવો સાથેનો મૈત્રીભાવ! આ શરીરનો તો મૂળ સ્વભાવ જ છે જીર્ણ-શીર્ણ થવાનો પણ રોગને નિમિત્તે આવેલી આપત્તિમાં આપે જે સમતા ને સમાધિ દાખવ્યા તે આદર્શરૂપ છે. મેં પોતે આપની વિરુદ્ધ અનેક તર્ક કરેલા પરંતુ આપે મારા માટે ક્યારેય દુર્ભાવ સેવ્યો નથી. આવી સહનશીલતા દુર્લભ છે. જ્યારે છેલ્લે લુણાવામાં મળ્યા ત્યારે 'ચેતન જ્ઞાન અજુવાળીએ' ઉપર મેં જે આપનું પ્રવચન સાંભળેલું ત્યારે જ મને પ્રતીતિ થઇ ગઇ હતી કે આ શબ્દો હોઠેથી નહીં, હૈયેથી જ નીકળી રહ્યા છે.'

પહેલેથી જ અધ્યાત્મનું અદ્ભૂત ઊંડાણ ધરાવનાર મુનિવરશ્રી યશોવિજયજી મહારાજને માથે હાથ ફેરવીને સાહેબજીએ એકવાર અહીં સ્નેહપૂર્વક કહ્યું: ''ચાર ભાષાઓ ઉપર ઊંડું અનુપ્રેક્ષણ કરજો.'' જેનો ગૂઢાર્થ હતો: વૈખરીની ભૂમિકાને પરા સુધી લઇ જવા પ્રયત્ન કરજો.

આધોઇમાં સંવત ૨૦૩૫નું ચાતુર્માસ સાફલ્યતાથી પૂર્ણ કરી અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ પણ સપરિવાર પાટણ પધાર્યા. આ મૂલ્યશીલ આત્માની પુનરપિપુન: કદર સાથે સુખ-શાતા પૃચ્છા કરી. બંનેએ ફરી સાથે મળીને એકાગ્રતાપૂર્વક સ્વરૂપ ધ્યાન તથા અધ્યાત્મ વિષયક સર્વાંગીણ સૂક્ષ્મ વિકાસની વિશુદ્ધ વાતોનો આવિર્ભાવ કર્યો.

આ સદ્ગુરુના સાધનાભૂત દેહમાંથી નીકળતા આંદોલનોને અનુભવતા વિચારી રહ્યા મનમાં જ તેઓ:

'સાધનાની પ્રસ્તુતિના સંદર્ભે એક ક્રમ આજે બરાબર ગોઠવાય છે મનમાં. પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા ને પૂજ્ય પંન્યાસજી ભગવંતશ્રી ભદ્રંકરવિજયજી મહારાજા.'

આ વિચારક્રમ ધીમેકથી તૂટ્યો સાહેબજીની સમીપ બેસી ધીમેકથી ગાઇ રહેલા શ્રી બાબુભાઇ કડીવાળાના સુમધુર સ્તવનથી: 'પાસ શંખેશ્વરા, સાર કર સેવકા...'

સાહેબજીના આતમ ને દેહના ક્ષેમકુશળાર્થે તેઓના સુજ્ઞભક્ત પરિવારો ઉપરાંત જામનગરથી શ્રી બાલકૃષ્ણ વૈદ્ય ને પંડિતશ્રી વ્રજલાલભાઇ, પંડિતશ્રી વસંતલાલભાઇ ભાભરવાળા, પાટણથી પંડિતશ્રી શિવલાલ નેમચંદજી, ઝીંઝુવાડાથી વૈદ્યશ્રી કાંતિલાલ દેવચંદ શાહ, શ્રી લાલચંદભાઇ, શ્રી ભાણાભાઇ, શ્રી દલપતભાઇ શાહ, શ્રી હરગોવિંદભાઇ મણિયાર, શ્રેણિકભાઇ શાહ, શ્રી પંકજભાઇ ઝવેરી, શ્રી રાજુભાઇ, શ્રી જયેન્દ્રભાઇ, પંડિતશ્રી ધનંજયભાઇ, શ્રી કપુરચંદજી, શ્રી ઈંદ્રચંદ્રભાઇ વાલચંદ દોશી, સાહેબજી પાસેથી છેલ્લો નવકાર ગ્રહણ કરનાર શ્રી હેમેન્દ્રભાઇ વગેરે પણ અવારનવાર આવે.

સ્નેહથી ઉભરાતી આંખે ગળા ઉપર આંગળી મૂકી સૂચવે સાહેબજી કે તેઓ બોલી શકે તેમ નથી. વળી આંખોના ભાવમાં પણ એમ વંચાય કે: 'તમે લોકો મારી પાસે કાંઇક પામવા આવો છો પણ હું કાંઇ આપી શકતો નથી.' જો કે તેમના આંદોલન વલયના વિશ્વમાં પ્રવેશીને બેસવા આવનારને એવી કોઇ અપેક્ષા પણ ન હોય. અસહ્ય નબળાઇ વખતે સાહેબજીને વંદન લેવું પણ ભારરુપ લાગવા માંડ્યું ત્યારે એકદા મનમાં ઘોળાતી વાત કહી: ''આટલા બધા ભવિજીવો મને વંદન કરવા આવે છે અને હું કોઇને બે શબ્દો યે ઉપદેશના કહી તો શકતો નથી. મને ખૂબ દુ:ખ છે.'' ત્યારે સહવર્તી મુનિઓ ગૌરવ સંમિશ્રિત સ્વરે કહે: 'આપને ખબર છે ખરા કે આપ કોણ છો? આપ જેવા અલગારી આતમનાં દર્શન કરી પાવન થવા જ દર્શનાર્થીઓ હવે આવે છે આપની પાસે. તેઓની કોઇ અપેક્ષા બાકી રહેતી નથી.'

આદ્યગુરુ પૂજ્ય મોહનવિજયજી મહારાજ કહે છે તેમ:

પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો... તુજ વિરહો કિમ વેઠિયે રે.

લથડતી-કથળતી તબિયતે પણ સાહેબજી રોજ સવારે પંચાસરા પાર્શ્વનાથ સમીપ જાય ત્યારના સાહેબજીના પારલૌકિક ભાવો જોવા સહુ દેરાસરમાં એકઠા થાય. પ્રાર્થ્ય પરમાત્માના અચિંત્ય સામર્થ્યમાં વહી જાય તેઓ. જીવને શિવપુરીમાં લઇ જવાનું વાહન જ છે દર્શન. સાહેબજી માને કે આ દર્શનથી તેઓના મનની શુદ્ધિ અને આત્માના આરોગ્યની પુષ્ટિ જળવાય છે. દેરાસરથી આવીને પાટ ઉપર લંબાવતા પ્રકાશે સાહેબજી: ''તત્ત્વજ્ઞોની દ્રષ્ટિએ મરકી, કોલેરા કે કોઢ આદિ બાહ્ય રોગો કરતા યે ભયંકર છે નાસ્તિકતાનો મહારોગ. સૌ શ્રદ્ધાવાન થાય. પ્રભુ સૌનું કલ્યાણ કરે.''

પાટણમાં અશાતાના ઉદયથી ગ્રસ્ત થયેલા શરીરે ન ખોરાક લેવાય, ન ઝાઝું બોલી શકાય. સહવર્તી મુનિઓ તેમના દેહના ટકાવ માટે ખોરાક કેવી રીતે આપી શકાય તેની ચિંતામાં દેખાય ત્યારે સાહેબજી પોતે તો હવે અનશન જ કેમ લઇ શકાય તેવી ભાવનામાં રાચે. સાહેબજીએ દીક્ષા બાદ શરુમાં પાંચ વર્ષ તો એકાસણા જ ચાલુ રાખેલ. વળી રોટલી, દાળ, ભાત, શાક અને દૂધ - એમ પાંચ જ દ્રવ્યો વાપરેલ. પાછળથી નરમ તબિયતે પણ તેઓએ વર્ધમાન તપની ૫૧ ઓળીઓ પૂર્ણ કરેલ. આવા 'નમો'ના સાધક અને 'ખમો'ના ઉપાસકની ચડ-ઉતર થતી તબિયતની અસર ફક્ત તેમના દેહ ઉપર જ થતી અનુભવાય. આત્મા તો અનર્ગળ જ રહે.

ગમે તેવી વિકટ પળો વચ્ચે માંદગીના બિછાને પણ પંચપરમેષ્ઠીઓની પરોપકારિતા, ઉપયોગિતા ને અગ્રિમતા અંગેની અનુપ્રેક્ષાઓ ચાલુ જ રહે. દિન-રાત સાહેબજીની આંગળીના વેઢે નવકાર મંત્ર ગણાતો જ હોય. પરમહિતૈષી એવા આ આત્માની અપૂર્વ દેહનિરીહતાના દર્શન કરાવતા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીના વિહારનો સમય થતા કઠણ મન કરી ગુરુ-શિષ્ય અલગ પડયા. મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની સ્તવના કરતા ગાયેલા શબ્દો: 'તુમ બિનુ કોઇ ચિત્ત ન સુહાવે...' થકી સાહેબજીએ પછી જિનભક્તિમાં ચિત્ત પરોવ્યું.

આ દિવસોમાં સાહેબજી પાણી પણ લે તો અલ્સરને કારણે પેટ ભારે લાગે. શરીરમાં દાહ થાય. ગળું સુકાય. પાણીના પોતાં મૂકવાથી કાંઇક રાહત અનુભવાય, છતાં નાછૂટકે જ તેમ કરવા દે.

પોતાનું હાડ મુંબઇમાં પણ હૈયું મારવાડમાં એવા સાહેબજીના પરમ ભક્તશ્રી સી.કે.મહેતા આ દિવસોમાં ચિકિત્સા માટે મુંબઇનાં તબીબોનાં સતત સંસર્ગમાં રહી સાહેબજીને કેમ જલ્દી શાતા વળે તેના પુરુષાર્થમાં નિમગ્ન રહી પાટણ વારંવાર આવ-જા કરે. તેઓ સાથે લઇને આવે મુંબઇના અતિ પ્રસિદ્ધ ડૉક્ટર શરદ શાહને, જે કાર્ય કોઇ ઋષિકાર્યથી કમ ન હતુ. એક વાર તો તેમણે હદ જ કરી.

વધુ સઘન સારવાર માટે સાહેબજીને મુંબઇ જ લઇ જવા શ્રી સી.કે.મહેતાએ દિલ્હીથી પાટણ બોલાવવા માટે હેલિકોપ્ટર પણ તૈયાર કરાવી લીધું, પણ સાહેબજી જ્યાં ડોળીમાં બેસવા યે તૈયાર ન થતા હોય ત્યાં હેલીકોપ્ટરની તો વાત જ ક્યાં શક્ય બને?

ડૉક્ટર શરદ શાહની જ દેખરેખ નીચે હવે સાહેબજીને નળી દ્વારા જ પ્રવાહી તથા દવા આપવાના શરુ થયા. દર અઠવાડિયે નળી બદલવાની હોય. નાકના છિદ્ર વાટે રબરની એ નળીને અન્નનળીમાં દાખલ કરાય. પણ ક્યારેક એવું થઇ શકે કે ભૂલથી તે નળી શ્વાસનળીમાં જો આવી જાય તો દર્દીને અસહ્ય પીડા થઇ શકે. તે માટે પાટણના ખ્યાતનામ તબીબ ડૉ. જીવણલાલ શાહનું સમગ્ર ગ્લાનકાળ દરમ્યાન મુખ્ય સુશ્રુષા કરવા લગભગ રોજ ઉપાશ્રયમાં આવાગમન થાય.

સંવત ૨૦૨૦માં સાહેબજીના ગુરુભાઇ સ્વ. પૂજ્ય પંન્યાસશ્રી કાંતિવિજયજી મહારાજ ક્ષયની બિમારીથી પથારીવશ હતા ત્યારે બે મહિના સુધી તેઓને દરરોજ તપાસવા આવતા આ જ ડૉ. જી. વી. શાહ. તે વખતે મુનિવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ દર્દી મહારાજની જે રીતે સેવા-શુશ્રુષા કરતા તે આ તબીબ જોઇ રહેતા. ૧૫ વર્ષ બાદ આજે ફરીથી સંવત ૨૦૩૫માં નગીનદાસ મંડપમાં ચાતુર્માસ સ્થિત સાહેબજીની દૈનિક શારીરિક દેખભાળની જવાબદારી પણ તેઓ ઉપર જ આવી.

પૂજનીય સાહેબજીની સમાધિ જોતા તેમના મનમાં પણ ધર્મભાવ ક્રમશઃ વૃદ્ધિ પામ્યો. સાહેબજી પરત્વેનો તેમનો અહોભાવ પણ ટોચ ઉપર પહોંચ્યો. જ્યારે નળી બદલવાની થાય એટલે સાહેબજીનાં કહેવાનુસાર ડૉક્ટર પોતે શાંતિથી ને ભાવપૂર્વક સૌ પ્રથમ ૧૨ નવકાર ગણે પછી જ નળી નાંખે એટલે ખૂબ જ સરળતાથી બરાબર અન્નનળીમાં જ બેસી જાય.

સાહેબજીના ભક્ત પરિવારો દૂરદૂરથી હવે તો વારંવાર આવી પાટણમાં લાંબો કાળ રહેવા માંડયા. પહોંચે ત્યારે જીવ અદ્ધર હોય પણ સાહેબજીને જુએ તો અનુભવાય એ જ પ્રશમરસનાં રત્નાકરરૂપે! થાય કેઃ

सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति ।

પુણ્યશ્લોકી સંત પુરુષોનો સમાગમ કોઇ મહાપુણ્યે જ સંભવે છે.

જેમ સૂર્યની હાજરીથી જીવમાત્રને પ્રકાશ, શક્તિ ને સ્ફૂર્તિ મળે છે તેમ સાહેબજીની હાજરીમાત્રથી જ્ઞાનનો પ્રકાશ, તપની શક્તિ અને આરાધનાની સ્ફૂર્તિ મળે છે તેમ ભાસે સૌને. કોણ-કોણ આવ્યા અને મારી ખબર પૂછવામાં કોણ બાકી રહી ગયું તે જાણવામાં તેઓને તલભાર પણ રસ ન હોય.

નિઃસ્પૃહશિરોમણી એવા તેઓ એકમેવ પોતાના આત્માના દર્શનમાં જ લીન રહેતા દેખાય. વચનમાં એ જ કોમળતા, દ્રષ્ટિમાં એ જ શીતળતા. સદા યે પ્રસન્ન પ્રકૃતિ અને સ્વભાવમાં પ્રશાંતિ.

સંવત ૨૦૩૬ના ફાગણ મહિનામાં સાહેબજી ગુરુવર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીની ફરીથી ત્રણ દિવસની નિશ્રા પામવા બડભાગી બન્યા. પોતાનો આ કોઇ મોટો પુણ્યોદય છે તેવું લાગ્યું તેઓને. તેઓ નિશ્ચય માને કે મારા ગુરુજીમાં શાસ્ત્રચુસ્તતા, માનાપમાન સમાનતા ને શરણાગત વત્સલતા રૂપી ત્રણ અપૂર્વ ગુણો છે એનો જોટો જગતમાં જડવો મુશ્કેલ છે. સાથે રહ્યા તેમાં લાગણીપૂર્વક એક જ માગણી ફરી-ફરી સાહેબજીએ વ્યક્ત કરી કે: ''આપ એવો ઉપાય બતાવો કે હું અનશન જેવી સ્થિતિની સાધના કરીને સમાધિ મરણ પામી શકું!''

ગુરુવર્યશ્રી પધાર્યા ત્યારે સાહેબજીનાં સહવર્તી મુનિવરોને યાદ આવ્યો એ પ્રસંગ જ્યારે પિંડવાડામાં ચાતુર્માસમાં પ્રશાંતમૂર્તિ પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી ગણિવરે કેન્સરના ભયંકર દર્દમાં ભાવ આરોગ્ય પામવા અને સમાધિભાવના દીપકને વધુ ઝળહળતો રાખવા અંતરથી વિનંતી કરી. ત્યારે તરત જ સાહેબજીએ ત્રણ કલાકના જિનવાણીના અપૂર્વ રસાયણથી સમાધિના ચાહક એવા તે પાવન આત્માને અપૂર્વ ભાવ આરોગ્યમાં હસતા-રમતા કરી દીધા હતા. આજે જાણે તે જ પુણ્ય ઉદયમાં આવ્યું અને ગુરુવર્ય ત્રણ દિવસની નિશ્રા આપવા પધાર્યા. અરિહંત પરમાત્માના ગુણોમાં એકાકાર રહેતા પોતાના આ સવાયા શિષ્યને જોઇ-મળીને સંતોષ થયો ગુરુવર્યને. મનમાં હવે કોઇ દુવિધા રાખ્યા વિણ ત્રણ દિવસ પૂરા થયેથી ગુરુ મહારાજે વિહાર કર્યો. 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે...' પરમાત્માના પૂજનના ફળ રૂપી ચિત્તની પ્રસન્નતા સાથે શ્રી નવપદ આરાધનાના એક પુસ્તકમાંથી સંસ્કૃત શ્લોકો મુનિવરશ્રી જિનસેનવિજયજી મહારાજ પાસે વંચાવ્યા પછી તરત જ આટલી નબળાઇ હોવા છતાં સાહેબજી આજે તે કડકડાટ બોલી ગયા તે જોઇ સર્વે આશ્ચર્યમાં ગરકાવ થયા.

સાહેબજીના મનમંદિરમાં ત્રિલોકીનાથ પરમાત્માની પધરામણી એવી તો વિશિષ્ટ રીતિએ થઇ હતી કે જનમ-જનમના બંધન તૂટવા માટે જાણે હવે ઝાઝી રાહ જોવાની ન હતી. સાહેબજી સદૈવ પ્રસન્ન દેખાતા તેનું રહસ્ય હતું તેમની સાતેક દાયકાની અનવરત પરમાત્મભક્તિ.

''શ્રી અરિહંત પરમાત્માનું નામ એ તેમનો મંત્રાત્મક દેહ છે. નિર્વાણ પૂર્વે સર્વ અરિહંતો વિશ્વના જીવોના ઉદ્ધાર કાજે તેને અહીં મૂકતા જાય છે કે જેથી સાધકો તેના આલંબનથી મોહનો ક્ષય કરી સ્વયં શીઘ્ર મુક્તિની માળ પહેરી શકે.'' સાહેબજીએ આ શબ્દો અનેક વ્યાખ્યાનોમાં કહ્યા હતા તેટલું જ નહીં, સતત પ્રભુનામ સ્મરણથી જીવનમાં પણ ઉતાર્યા હતા તે હવે સ્પષ્ટ રીતે પ્રતીત થતું હતું. કોઇ આવે ત્યારે 'હું અસ્વસ્થ છું' એ બતાવવું તેઓને બિલકુલ રૂચે નહીં. શરીરે પરસેવો થયો હોય અને કોઇ લૂછવા જાય તો કહે કે: ''આપણે સાધુ છીએ... એમ લૂછો નહીં. એ તો ફરી થવાનો જ છે.'' હથેળીમાં મેલ દેખાય અને જો કોઇ ભીના લૂગડે સાફ કરવા માંગે તો તરત કહે: ''બહારનો નહીં, મારે તો અંદરનો મેલ દૂર કરવો છે.''

स्वशरीरेऽपि न रज्यति, शत्रावपि न प्रद्वेषमुपयाति ।
रोगजरामरणभयै-रव्यथितो, यः स नित्यसुखी ॥२४०॥
– प्रशमरति

જેનામાં પોતાના શરીર ઉપરનો રાગ નથી, શત્રુ ઉપર દ્વેષ નથી અને રોગ, ઘડપણ કે સન્મુખ આવેલ મૃત્યુનો ભય જેઓને દુઃખ પમાડી શક્તા નથી, એ જ નિત્ય સુખી છે.

વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ઉપરોક્ત શ્લોકમાં જણાવ્યું છે તે ખરું જ છે તેવું જન્મથી અજૈન એવા જંબૂસરના પ્રોફેસર કે.ડી.પરમારને પણ લાગે જ. રીતભાતથી પૂરેપૂરા જૈનત્વથી રંગાયેલા. સૌ પ્રથમ સંવત ૨૦૨૭ની સાલમાં સાદડીના ચાતુર્માસમાં સાહેબજીને મળ્યા પછી તેમને એવી આત્માની શાંતિ અનુભવાઇ કે જીવન પરિવર્તન પામ્યું. જપધ્યાનની પદ્ધતિ શીખવાડી એમને સાહેબજીએ જ.

તેઓનું મન વારેવારે ગુરુદેવ સમીપ જવા ખેંચાયા કરે. તેથી સાદડી પછી પિંડવાડા, લુણાવા, બેડા, બ્રાહ્મણવાડા અને છેલ્લે પાટણમાં પણ સાહેબજીના સત્સંગનો લાભ લીધો. સાહેબજીએ 'ચોવિહાર કરજો' એ આશીર્વાદ આપી ભવ આલોચના કરાવીને આ અજૈનના જીવનમાં તપને પણ પ્રવેશ કરાવી દીધો. તેમના ચિંતન અને લેખન પણ એટલા જ સારા કે સાહેબજીનું જીવનચરિત્ર લખવા હૈયું થનગને.

''સુખ શબ્દમાંઃ 'સુ' એટલે સમ્યક્. 'ખ' એટલે અવકાશ.
ને દુઃખ શબ્દમાંઃ 'દુ' એટલે દુષિત. 'ખ' એટલે અવકાશ.

જે પંચતત્ત્વમય આ શરીર છે તેમાંથી જેનું અવકાશ તત્ત્વ સમ્યક્ હોય – દુષિત ન હોય તે સુખી છે. આ અવકાશ તત્ત્વ તપથી જ ખાલી પણ રહે અને સમ્યક્ (અદુષિત) પણ રહે.''

ધ્વનિથી મૌન તરફ સરક્તા સાહેબજીના આવા સંક્ષિપ્ત વચનો થકી સાંભળનારના ચિત્ત પરિતોષ પ્રેરક બને અને અનુભવ વિસ્તાર અધિક વિસ્તૃત બને. પણ સાહેબજી સ્વયં તો એમ જ વિચારે કેઃ

આવો માનવ-જનમ ફરી શું મળે? જે કરે, મન... ત્વરાથી કર આ ભવે!

પોતાના સંસારી એકમાત્ર સંતાન શ્રી જીતુભાઇને ફક્ત ૪ વર્ષની બાલી ઉંમરમાં તેના માતા શ્રી હીરાબેન પાસે મૂકીને સાહેબજી સંસાર ત્યાગ કરી ગયા હતા. તેઓએ ૧૧ વર્ષની કિશોરવયમાં નિપાણીમાં ઉપધાનની આરાધના કરી ત્યારે સાહેબજીને અતીવ ગૌરવાનંદ ઉપન્યો હતો. તેઓની પ્રવજ્યા પણ નક્કી થવાને જ આરે હતી, પણ અંતરાયકર્મના ઉદયે માતાના મોહનું નિમિત્ત મળ્યું. સંયમ ભલે સ્વીકારી ન શક્યા, પરંતુ જીતુભાઇની સમાધિ પણ જીવનના તડકા-છાંયડામાં એકસરખી જળવાઇ રહેલી. સમતા એવી તો આત્મસાત્ થયેલી કે વિભાવમાંથી સ્વભાવમાં આવ્યા છે તેની ખાત્રી થાય.

તેમની અપ્રતિમ ઉદારતા પણ પ્રશસ્ય જ બની હંમેશા. શરીરથી ભલે નબળા હોય, મનનું ઔદાર્ય સબળું. ગોડીજીના ઘરે ચોથે માળે રહે. ત્યાં સાંજે થાક્યા-પાક્યા ઉપર પહોંચે અને જો ઘરના કોઇને દ્રાક્ષ કે એવા બીજા કોઇ ફળો ખાવાનું મન થયું એમ ખબર પડે તો તરત ફરીથી નીચે ઉતરીને લઇ આવી, ખવડાવે. જો કે પોતે તો ચાખે ય નહીં. સાહેબજીને વંદન કરવા સિરોહી જાય ત્યારે ય સ્ટેશને ઉતરીને પહેલા બિસ્કીટના પડીકા લઇ કૂતરાને જમાડે. પોતાના પગમાં ચપ્પલ પણ ન હોય ને તેની કાંઇ પડી પણ ન હોય. જીતુભાઇ વંદન કરીને બેસે ત્યારે સાહેબજી આમ તો કાંઇ પૂછે – બોલે જ નહીં... સિવાય એક વાતઃ ''તમે ભવ આલોચના લઇ લો.''

જીતુભાઇને ઘણો સંકોચ થાય. પણ એક વાર ભવ આલોચના લખીને આપી જ દીધી. પુત્રના આત્મહિતૈષી પિતા મહારાજે આલોચના રૂપે દેરાસરજીમાં જઇ પ્રભુજી સમક્ષ બાધાપારાની નવકારવાળી ગણવાની સૂચના પણ આપી દીધી.

કોઇ મુલાકાતીએ સાહેબજીને વળી કહ્યું હશે કે જીતુભાઇ તેમનાં બાળકો વિજય, હેમંત, જ્યોતિ તથા નયનાને લઇને ફિલ્મ જોવા ગયેલા. તેથી એ પછી જ્યારે જીતુભાઇ સાહેબજીને વંદન કરવા ગયા ત્યારે સાહેબજીએ એટલું જ કહ્યુંઃ ''તમે સૌ ફિલ્મ જોવાનું છોડી ના શકો?'' તરત જ જીતુભાઇએ લઇ લીધી બાધા. સાથે આવેલી દિકરી નયનાને સાહેબજીએ કહ્યુંઃ ''તું ભક્તામર સ્તોત્ર મોઢે કરી લે.'' અને માનવામાં ન આવે પરંતુ ફક્ત ચાર જ દિવસમાં તે કડકડાટ મોઢે થઇ ગયું! ગુરુકૃપાથી શું અશક્ય છે?

विद्या सिध्यति सद्गुरोः सुकृपया पियूषमय्यद्रुतम् ।

સદ્ગુરુની સુકૃપાથી અમૃતમયી વિદ્યા શીઘ્ર સિદ્ધ થાય છે.

સાહેબજીના સંસારી પૌત્રો વિજયભાઇ કે હેમંતભાઇ સાહેબજી હોય ત્યારે મુંબઈથી પાટણ આવી ક્યારેક ઘર ખોલે. જૂનું ને કેટલાયે સમયથી હોય બંધ ઘર. ખાસ કોઇ સગવડતા વિનાનું. ઇ.સ.૧૯૭૯-૮૦નો એ સમય. ન મળે ગેસનો ચૂલો ઘરમાં કે ન હોય કોઇ સહાયક નોકરો. તો યે તેઓનો પંદરેક દિવસનો એ અગવડતાભર્યો વસવાટ વર્ષનો શ્રેષ્ઠ સમય હોય એમ કહે તેઓનાં સહધર્મચારિણી દીનાબેન કે પરેષાંબેન. શ્રમણો તથા અતિથિઓ માટે તેઓના દ્વાર હોયે સદૈવ ખૂલ્લા! ગમે તેટલું કામ હોય, પહોંચી વળાય. ન લાગે શ્રમનો કોઇ થાક, ન થાયે મનમાં કોઇ ઉદ્વેગ... કે ન ઉગે અગવડતાની કોઇ ફરિયાદ મનમાં! કુદરતી રીતે બધું સહજ કેમ થઇ જતું તે સમજાય નહીં તેઓને ય ક્યારેય.

તેઓના ગોરેગામ રહેતા માસી સરલાબેન તથા માસા રસિકભાઇ તો સાહેબજી હોય ત્યાં અચૂક લાંબા સમય માટે ઘર ખોલીને રહે ને આરાધના કરે. આવી જ રીતે એક્વાર લગભગ ૧૩ જણા સાહેબજી સાથે પિંડવાડા આરાધનાર્થે રહ્યા પછી મુંબઇ પરત જવા નીકળ્યા.

માસા-માસી તો ચોમાસુ કર્યા પછી પાછા ફરતા હતા તેથી સામાન પણ ઘણો હતો. મુંબઇ ઉતર્યા પછી જીતુભાઇ તથા રસિકમાસાને ટિકિટો જોતા ખ્યાલ આવ્યો કે અરે... ટિકિટો તો હજુ તે પછીના દિવસની હતી અને આપણે સહુ કઈ રીતે એક દિવસ વહેલા આવી ગયા? સ્ટેશનથી ઘર સુધીના પ્રવાસમાં સહુ એ જ વિચાર્યા કર્યા કે આ તે કેવી ગુરુકૃપા કે રસ્તામાં ન તો ટિકિટચેકર આવ્યા કે ન તો આવ્યા એ સીટ ઉપર બેસવા કોઇ અન્ય મુસાફરો!

સાહેબજીના સંસારી ભાર્યા હીરાબેન પણ સાહેબજી પાસે વર્ષમાં ચાર-છ વાર જાય.

સાહેબજી તો એમની સાથે વાત પણ ન કરે. છતાં આત્મહિતાર્થે તેમને અહીં સાધ્વીજી મહારાજો સાથે રહીને આરાધના કરવી ખૂબ ગમે. એકવાર પુત્ર જીતુભાઇ અને હીરાબેન આ રીતે થોડા દિવસ રહીને છેલ્લે વંદન કરી મુંબઇ જવા નીકળ્યા ને હીરાબેનને ઠેસ વાગી. દૈવયોગે એ દ્રશ્ય ઝીલાયું સાહેબજીની આંખોમાં. જીતુભાઇને પાછા બોલાવી ભાવી પારખી જનાર સાહેબજીએ કહ્યું:

''એમને હવે અમે તો દર્શન આપી શકીશું નહીં તેથી શેષ આયુષ્યમાં પરભવો સુધરી જાય તેવી ઉત્તમ આરાધના કરાવજો તમારા બા ને.''

રોજ સ્નાત્રપૂજા, બે પ્રતિક્રમણ, નિયમિત વ્યાખ્યાન શ્રવણ કરતા હીરાબેને પ્રભુ દર્શન કર્યા પહેલા ક્યારેય પાણી વાપર્યું ન હતું. જીવન સમસ્ત ભાવપૂર્વકની ધર્મક્રિયાઓમાં જ ગયેલું. ઉકાળેલું પાણી જ પીવે. ત્રણ ઉપધાન, નવપદજીની ઓળીઓ, ૪૫૦ ઉપવાસ સાથે વીસ સ્થાનકની ઓળી, વર્ષીતપ, બે વાર અઠ્ઠાઇ તપ, વર્ધમાન તપની ૩૦ ઓળી, ચોમાસુ, નવ્વાણુ યાત્રા કરી હતી તેઓએ. છ'રી પાલિત સંઘમાં પણ બે વખત મુંબઇથી પાલીતાણા ગયેલા હીરાબેન.

મુંબઇ પરત ફર્યા પછી ખરેખર જ હીરાબેનને કેન્સરની વ્યાધિએ દેખા દીધી. શેષ આયુના આઠ-નવ મહિનામાં રોજેરોજ કોઇ ને કોઇ સાધુ-સાધ્વીજી મહારાજ તેમને પમાડવા ઘરે પહોંચી જાય સામેથી જ. સાહેબજી તરફથી પણ સમાધિ ને આત્મતરફી વલણ કાયમી રહે તે માટે લગભગ રોજેરોજ પત્ર આવે. આટલી વેદનામાં યે ઘણું જ પરિવર્તન પામી ગયું હીરાબેનનું જીવન છેલ્લા આ કાળમાં. ધર્મ હૈયે તો હતો જ - આચરણમાં પણ ઉતારી શકેલા. તેથી જ પોષ સુદ પૂનમ, ૨૦૨૪નાં સવારે શુદ્ધિપૂર્વક પુણ્યપ્રકાશનું સ્તવન સાંભળતા, સમાધિમરણ સાધી ગયા. વય હતી ત્યારે ૬૭. માતાના દેહવિલયથી વ્યથિત જીતુભાઇએ અનુભવ્યું:

નિરંતર કંપનો હતા જ્યાં શ્વાસના, થઇ ગયા નિષ્કંપ હવે.<br>
આત્માને સા...વ કોરેકોરો પામવાની યાત્રાનો છે આ શુભારંભ!!<br>
શબ્દ-નિ:શબ્દ એકાકાર. આનંદબ્રહ્મ પારાવાર.

પાટણના ચીમનલાલભાઇ ગાંધીના ધર્મપત્ની કાંતાબેન વૈધવ્ય આવ્યા બાદ ખૂબ હતાશામાં ડૂબી ગયેલા. સાહેબજીએ ૨૦ દિવસ સુધી રોજ વ્યાખ્યાન આપ્યું. એ પછી તેઓ ત્રણે ઉપધાન કરી શક્યા અને ૪ પ્રકરણાદિનો સાર્થ અભ્યાસ કરી પાઠશાળા ભણાવવી પણ ચાલુ કરી. ૭૫ વર્ષે નવું જીવન આપનાર સાહેબજી તેઓના પરિવાર માટે જાણે ભગવાનનું જ રૂપ બન્યા. એમના ધર્મિષ્ઠ દિકરી કલાબેન ઝવેરી બાળપણથી જ સાહેબજીની વાત્સલ્ય કૃપાથી અભિભૂત.

૧૨ મહિનાની કાચી મલમલ વહોરાવવાનો લાભ લેવાનો હોય કે દવા વગેરેનો - તેઓ પ્રથમ ક્રમે જ હોય. પુત્રના જન્મ પછી જ્યારે તેઓ વાસક્ષેપ નંખાવવા મુંડારા ગયા ત્યારે સાહેબજીએ સૌને નવકાર મંત્ર સંભળાવીને કહ્યું: "હવે તમારા બધાનો બેડો પાર. જ્યાં પ્રેમ હોય ત્યાં ક્ષેમ હોય." તે વચનો કહી વિદાય કર્યા. ૩૬ વર્ષથી શંખેશ્વરની અખંડ પૂનમની યાત્રા કરનાર કલાબહેને સવા કરોડ નવકારનો સંકલ્પ લઇને ૮ વર્ષમાં નવકારની એવી તો અહાલેક જગાવી કે ૪૧ લાખ જાપ પૂરા કરી લીધા.

તેઓને સાહેબજીનાં દેશનારત્નોનો ઝળહળાટ અત્યંત પ્રિય: "ભાવપૂર્વક ગણાતા નવકાર છે ભવ-મુક્ત થવાનો રામબાણ ઉપાય. ભાવધર્મની આરાધનાથી ભવ તૂટે. ભાવધર્મ એટલે મોક્ષે જવાની તીવ્ર તાલાવેલી! જ્યાં સુધી આવી તે તીવ્રતા ન જાગે, ત્યાં સુધી દાન-શીલ કે તપ રૂપ સાચા ધર્મ ન થઇ શકે. ભાવ વગરના દાનથી ભોગ મળે, શીલથી સ્વર્ગ મળે, તો પણ તે સંસાર વૃદ્ધિનું જ કારણ બને. માટે ભાવ ધર્મથી યુક્ત દાન, શીલ અને તપ ધર્મનાં અનુષ્ઠાન માટે પ્રયત્નશીલ બનવું જોઇએ.

જૈન શાસનની એ ખૂબી છે કે તે એક પણ કારણનો અપલાપ કરતું નથી. જૈન શાસન ઉદ્યમપુરુષાર્થની સાથે-સાથે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને કર્મને પણ માને છે. એક પણ કારણનો જે અપલાપ કરે છે તેનું જૈન શાસનમાં સ્થાન નથી. આત્માના વિકાસ ક્રમમાં કોઇ કાળે કોઇ કારણની પ્રધાનતા કે ગૌણતા હોઇ શકે, જેમ કે અનાદિ નિગોદમાં અનંતાનંત જીવો છે, તેમાંથી એક જીવ બહાર નીકળે છે, તેમાં કારણ ભવિતવ્યતા છે. તે જીવ સંજ્ઞી પંચેન્દ્રિય કે મનુષ્ય સુધી આવે છે, તેમાં પ્રધાન કારણ કર્મ છે, પરંતુ મનુષ્ય થયા પછી ભવિતવ્યતા કે કર્મને વાતે-વાતે આગળ કરી શકાય નહીં કેમ કે હવે તો ભવિતવ્યતા અને કર્મ અનુકૂળ બનેલ છે. સ્વભાવ પણ ભવ્ય છે અને કાળ પણ સારો છે. એથી આત્મ-વિકાસ સાધવા માટે 'ઉદ્યમ-પુરુષાર્થ' ને જ મુખ્ય બનાવવો જોઇએ.

જગતમાં જે જીવો વધારે પાપ-પ્રવૃત્તિ કરી રહ્યા છે એવા જીવો વધારે દયાને પાત્ર છે. માટે તે જીવો પ્રત્યે ઘૃણા-તિરસ્કાર કે દ્વેષભાવ ન કરતા એમ વિચારવું કે જ્યાં સુધી કોઇ પણ જીવને દોષ મુક્ત કરી શકાય નહીં, જ્યાં સુધી દોષ મુક્ત થવાની ઈચ્છા થાય નહીં અને જ્યાં સુધી મુક્તિની તીવ્ર અભિલાષા થાય નહીં, ત્યાં સુધી શ્રી તીર્થંકરો પણ તે જીવને તારી શક્તા નથી. માટે દોષ-યુક્ત જીવો પ્રત્યે હૈયામાં રોષ પેદા ન થાય એ હેતુથી હૃદયમાં ભાવ-દયા રાખી, માધ્યસ્થ ભાવના ભાવવી જોઇએ."


આવી ધર્મ ચૈતન્યની વર્ષા કરનારા ને અજોડ આજાનુવિલમ્બિત ભૂજાઓવાળા પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ સાવ અનોખા. લાખોમાં એક પણ ન હોય તેવા તેઓના ગ્રહો!

દિનાંક ૩ ડિસેમ્બર, ૧૯૦૨, સંવત ૧૯૫૯ના માર્ગશીર્ષ શુક્લ તૃતીયા, બુધવારે ૨૩.૦૮ મિનિટે થયેલો તેઓનો જન્મ. એ સમયની આકાશી ઘટનાઓનો પરીચય કરાવે છે નિમ્નલિખિત કુંડળીઓ:

જન્મલગ્ન કુંડળી




નવમાંશ કુંડળી




કર્ક લગ્નમાં લગ્નેશ ચંદ્ર ગુરુના ઘરમાં છઠ્ઠે જાતકને યોગનિષ્ઠ ભાવમુદ્રા અર્પે. ગુરુ-ચંદ્રનો ગજકેસરીયોગ દાર્શનિક અને તાર્કિક બનાવે. શની અને ગુરુની સાતમા સ્થાને થતી યુતિમાં વળી શની છે સ્વગ્રહી, જેણે તેઓને હિમાલય સમું વિરાટ અધ્યાત્મભર્યુ જીવન આપ્યું. દસમા સ્થાનનાં કેતુએ વૈરાગ્ય આપ્યો.

પાંચમા પૂર્વજન્મનાં પુણ્યનાં સ્થાને સૂર્ય, શુક્ર, બુધની મંગળના ઘરમાં થતી યુતિએ સાહેબજીને નિપૂણ યોગ કરાવ્યો. વળી સુષુમ્ણાજાપની સિદ્ધિ આપી. સૂર્ય-મંગળના પરિવર્તનયોગે વચનસિદ્ધિ, મહામંત્રની આરાધના તથા અંતર્મુખીપણું પણ મળ્યા. અષ્ટમેશ થઇ શની ત્યાંથી બારમે વ્યયમાં હોતા નિકટભવી મોક્ષગામી જીવ પુરવાર થયાં. શનીએ ગુરુનાં સહયોગમાં સાહેબજીને તપ, જપ ને બ્રહ્મચર્ય વ્રતનાં રાગી બનાવ્યા. દસમે કેતુ તથા બીજે મંગળ એમ બંને નવપંચમયોગમાં હોવાથી સ્વપરાક્રમ ને ધર્મપુરુષાર્થથી અનેકોને સત્યનાં માર્ગે ચડાવ્યા. ચોથે શુક્રના ઘરના રાહુએ તેમને પેટનો અકળ રોગ આપ્યો. અનાજ છોડવું પડયું. પ્રવાહી પણ ઓછું લઇ શકાય તેવી રહસ્યમય પેટની બિમારી આપી.

વળી મેષ રાશિમાં રહેલ દસમા કેતુએ પિતાનું છત્ર વહેલું છીનવી લીધું. છઠ્ઠે ગુરુની ધનરાશિમાં બેઠેલા ચંદ્રે ધન રાશિ તો આપી જ, પરંતુ એક પ્રકાંડ ઉપાસકને શોભે તેવી દઢતા ને ભક્તિ પણ આપી. જન્મલગ્ને ગુરુની કર્ક રાશિમાં થતી સાતમી ઉચ્ચની દ્રષ્ટિએ તેમને ચુંબક સમું વ્યક્તિત્વ આપ્યું.

મંગળની ચોથી સ્વગ્રહી દ્રષ્ટિ થકી હિંમત, સ્પષ્ટવક્તાપણું, પરાક્રમીપણું તથા ધારેલું કામ પાર પાડવાની શક્તિ મળી. ભાગ્યેશ ગુરુએ ત્યાંથી અગ્યારમે રહી પોતાની મક્કમતાથી સત્ય ધર્મનો લાભ અપાવ્યો. શુક્રની સ્વગ્રહી દ્રષ્ટિ અગ્યારમા સ્થાને લાભકારક હોવાથી તેઓને મૈત્રીભાવમાં અનન્ય રીતે મન ઠર્યું. મિથુનમાં સ્થિત વ્યયેશ બુધ સંસારનો વ્યય અને સમીપ મોક્ષ દેખાડે છે.

સાતમા પરિણય સ્થાને ગુરુ મકરમાં નીચનો હોવાથી બે વાર લગ્ન કરવા પડયા અને પછી શની સાથે હોવાથી તે પત્નીનો પણ ત્યાગ કરી સંન્યાસ પણ લઇ શક્યા.

નવમાંશ કુંડળી જોઇએ તો:

લગ્નેશ ગુરુ નવપંચમયોગ બનાવે છે. ગુરુ-ચંદ્રનો પરિવર્તનયોગ તો વળી નમ્રતા, લઘુતા અને સમતાદાયક બનાવે છે જાતકને. બીજે મંગળના ઘરનો મિત્રક્ષેત્રી કેતુ ધર્મમય પરિવારજનો, ધાર્મિક કાર્યમાં રૂચિ ને ઉદારતા અર્પે છે. ચોથા સુખસ્થાનનો માલિક બુધ ત્યાંથી નવપંચમયોગમાં હોવાથી મોક્ષસુખ સિવાયના સુખ ઉતરતી કોટીના લાગે. ઉચ્ચનો ગુરુ પાંચમે શ્રેષ્ઠ વિદ્યા અપાવે. જ્ઞાનદાનમાં પણ અગ્રેસર રાખે. ષષ્ટમસ્થાનનો માલિક સૂર્ય ત્યાંથી નવપંચમયોગમાં હોવાથી અજાતશત્રુ બને. સાતમા સ્થાનનો માલિક બુધ ત્યાંથી બીજે હોવાથી વિશ્વવિખ્યાતિ મળે.

શુક્રની તુલા રાશિમાં બુધ ને રાહુ પરમ મિત્રોની યુતિ છે અષ્ટમ સ્થાનમાં. તે દર્શાવે છે કે જાતકનું મૃત્યુ રાત્રિનાં પ્રથમ પ્રહરમાં, એકાએક, હિતેચ્છુઓથી વીંટળાયેલા હોય ત્યારે, સભાનાવસ્થામાં અને શુભ લેશ્યામાં થાય. ગુરુની નવમી સ્વગ્રહી દ્રષ્ટિ નવમાંશના લગ્નસ્થાનમાં થતી હોવાથી જાતકને જ્ઞાન, ધ્યાન, જાપ પરત્વે પ્રીતિ આપે. ભાગ્યકારક મંગળ ત્યાંથી બીજે હોવાથી જાતકને અતિ ભાગ્યવાન, રૂપવાન તથા શીલવાન બનાવે. કર્મસ્થાનનો માલિક ગુરુ હોવાથી જીવનભર આત્મલક્ષી ધર્મ અને પરહિતકારી કર્મ કરાવે. લાભસ્થાનમાં સ્વગ્રહી શનીગ્રહનું હોવું સૂચવે છે કે નિંદા, નકાર અને નિષેધાત્મક વાતોથી જાતક દૂર રહે. વળી સમન્વયાત્મક નયગર્ભિત વિચારધારા અર્પી સમ્યગ્દર્શી બનાવી આત્માનુભવના માર્ગે ય વિહાર કરાવે.

જન્મના ગ્રહોના આવા વિશ્લેષણ તદનંતર સમ્યગ્દર્શી સાહેબજીના વાચિક, ઉપાંશુ ને માનસ જપમાં નવકારનું ને મૈત્રીનું જ પર્યવસાન થતું જોઇ ત્યારે શિષ્યોને નવાઇ ન જ ઉપજે ને? નવકાર જો તેમનો શ્વાસ હોય તો ઉચ્છ્વાસ હોય જ મૈત્રીભાવ. શ્વાસોચ્છ્વાસ રૂપે તે બંને હજારોમાં પરિણત થયા તેનો યશ સાહેબજીના અથાક પુરુષાર્થ અને પરિશ્રમને જ.

જ્યારે અન્ય શ્રમણો સાહેબજીની તબિયત કાજે ચિંતા કરતા જણાય ત્યારે તેઓ સૌને આશ્વાસન આપી પંન્યાસજી મહારાજ અચૂક એક શ્લોક વારેવારે સ્મરે:

विपतौ किं विषादेन, संपतौ हर्षणेण किं?
भवितव्यं भवत्येव, कर्मणो गहना गतिः ॥

વિપત્તિમાં વિષાદથી શું અને સંપતિમાં હર્ષ થવાથી શું?
જે થવાનું હોય તે થાય જ છે. કર્મની ગતિ ગહન છે.

રોગને પરિષહ માની તેને સમતાભાવે સહેવાનું બળ દેવગુરુકૃપાથી વધતું રહે એ જ ભાવના ભાવે તેઓ! દેહને ટકાવનાર આત્મા છે. દેહ પોતાના સ્વભાવથી ટકતો નથી. દેહ તો જડ છે અને પૂરણગલન કે મરણ એનો સ્વભાવ જ છે. માટે દેહના નાશમાં કાંઇ આશ્ચર્ય છે જ નહીં. 'નાશ' એ દેહનો સ્વભાવ છે તો એના નાશમાં શોક કેમ કરાય? આવા દેહને ટકાવનાર જો કોઇ હોય તો એ આત્મા છે.

ને પૂજ્ય સાહેબજીનું પારલૌકિક જીવન સાર્થ કરે તેવી આ દિવ્ય પંક્તિઓ સ્ફૂરે સૌ ભવિકોને મનમાં:

આરાધી અરિહંતને ઉરમહીં, સ્વાનંદમાં મ્હાલતા;
મૈત્રી માર્ગ જણાવી આ જગતને, ક્લેષાદિને ટાળતા.
જે આધ્યાત્મિક પૂજ્યના પ્રવચનો, મિથ્યાત્વને તોડતા...
તે ભદ્રંકર રામનંદન નમું, કરદ્વયને જોડતા !!

ऐसो अणाई कालो, अणाई जीवो य अणाई जिणधम्मो ।
तइयाविते पढंता, ऐसुच्चिय जिण नमुक्कारो ॥

કાળ અનાદિ છે. જીવ અનાદિ છે. જિનધર્મ પણ અનાદિ છે. આ નમસ્કાર મહામંત્ર અનાદિ કાળથી ભણાતો આવ્યો છે ને અનંત કાળ સુધી ભણાશે. એ ભણનાર અને ભણાવનારનું અનંત કલ્યાણ કરશે.

“ શું આપણે અંદરનો સૂક્ષ્મ ધ્વનિ સાંભળવો છે? તો કર્ણદ્વય બંધ કરીએ. આંતર ઝળહળાટ જોવો છે? તો આવો, બાહ્ય અક્ષિયુગલને નિમીલિત કરીએ. સાધના થકી સિદ્ધિ પામવી છે? તો શબ્દો વેડફાય નહીં તે રીતે ઓષ્ઠદ્વયને બીડી રાખીએ. ”

- પૂજ્ય પંન્યાસજી મહારાજ






પ્રીતિ, ભક્તિ, વચન, અસંગ, તદ્હેતુ ને અમૃત અનુષ્ઠાનોમાં એકાકાર સાહેબજી લાગે અધ્યાત્મના પરિપક્વ અંશ. નવકાર ને સિદ્ધચક્રમંડલના આરાધક એટલે પરહિતચિંતક અધ્યાત્મસલૂણા સાહેબજી.

પાટણના પનોતા પુત્ર પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની સુરમ્ય દેહયષ્ટિ, ગોઠણ સુધી હાથ પહોંચે તેવા દુર્લભ આજાનબાહુ, તેજસ્વી આંખો, તપોબળ અને આર્ષવાણી સૌને પૂનમના ચંદ્ર સમી શીતળતા પહોંચાડે.

# ૨૨ | મહાપ્રસ્થાન – પશ્યંતીને પેલે પાર

**નવકાર, પરોપકાર ને મૈત્રીના મહાસાધક**
**પૂજ્ય પંન્યાસજી મહારાજ**

૨૯ એપ્રિલ, ૧૯૮૦ને સુમંગલવારે સવંત્ ૨૦૩૬ના ગુજરાતની સુપાવન ભૂમી પાટણમાં વૈશાખ સુદ ચૌદસની સાંજે અસ્તાચળ તરફ જતાં આદિત્યદેવે વિચાર્યું: 'હું તો રોજ આથમું છું, પરંતુ જેઓ સ્વયં અધ્યાત્મના પારસમણિ છે તેવા અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીનું પરલોક પ્રયાણ જોઇ શકવા આજે હું કેમ સમર્થ બની શકીશ?' તેથી તે જાણે વહેલો આથમવા તૈયાર થઇ ગયો.

અડધી સદીનો યોગની સાધનાભર્યો દીક્ષા પર્યાય પાળનાર સાહેબજીએ આગલા જ દિવસે સુશ્રાવક વેલજીભાઇની ભાગવતી દીક્ષા થયેલી તે નૂતન મુનિવરશ્રી વીરસેનવિજયજીને સવારે આશીર્વાદ પ્રદાન કરી ભલામણ કરી કે: ''૬૦-૬૨ વર્ષની મોટી વયે દીક્ષા આપી છે તો સૌ એમને સાચવી લેજો.'' એ પછીનો સમય એમણે જાગૃતિપૂર્વકની અપૂર્વ કોટીની સયંમ આરાધના કરી. વૈશાખની બળબળતી ગરમીમાં એક શ્રાવકે પૂંઠાથી પવન નાખવાનું શરુ કર્યું કે તરત સાહેબજી એનો હાથ પકડી બોલ્યા:

''સંયમ જીવનમાં એ ઉચિત નથી.''

પૂજનીય પંન્યાસજી મહારાજ એટલે અધ્યાત્મના અનસ્ત સૂર્ય. તેમની સેવામાં દિન-રાત તત્પર બનેલા સૌ મુનિવરો તો ભરગ્રીષ્મની આવી માંદગીમાં પણ ઝળહળતો આવો અવિહડ શાસનરાગ જોઇ અચંબિત થઇ નમી રહ્યા. રસાધિરાજ એવા શાંતરસમાં એકાકાર રહે સાહેબજી અકથ્ય પીડામાં પણ! કમજોરી હોવાથી ડૉક્ટરશ્રી જીવણભાઇએ ગ્લુકોઝ ચડાવવા અનુરોધ કર્યો. ત્યાં જ સાહેબજી બોલ્યા:

''આ જીર્ણ દેહને હજુ ક્યાં સુધી દવાઓની સહાયથી ટકાવશો?''

તેમને હજુ જાણે ઉમેરવું હતું કે: 'જન્મજન્માંતર સુધી કર્મ ઉપાર્જન કર્યા એટલે દેહ તો મળ્યા જ કરવાનો, પણ ખરો જાળવવાનો તો આત્મા છે! અજ્ઞાનથી મુક્ત. મનના બંધનથી મુક્ત. હું આનંદમાં છું. હું મારામાં અંદર પ્રવેશી ગયો છું. આ મન-શરીરની દોડમાં ય ભીતર વસેલો આત્મા જ યાદ છે. રાગ-દ્વેષથી પર રહીને દેહતત્ત્વ ને નિજતત્ત્વનો ભેદ ભાળી શક્યો છું.'

સાહેબજીને બાહ્યોપચારો સાથે સમાધિ માટેના ય અનેક ભાવોપચાર પણ ચાલુ જ હતા. પંન્યાસશ્રી પ્રદ્યોતનવિજયજી, મુનિવરશ્રી કુંદકુંદવિજયજી, વજ્રસેનવિજયજી, જિનસેનવિજયજી મહારાજ વગેરેએ નમસ્કાર મહામંત્ર, ચત્તારિ મંગલં, નવસ્મરણ તથા અન્ય અનેક સમાધિપ્રેરક સ્તોત્રોનું શ્રવણ કરાવ્યું. આજે પણ ભાવિકોનો પાર ન હતો. સૌનાં મનમાં ઘણી વિહ્વળતા હતી. જેમ-જેમ સમય પસાર થયો તેમ-તેમ વેદના વધતી દેખાઇ. પરંતુ સાહેબજીની સમતા અને સમાધિ પણ સાથે જ વૃદ્ધિ પામતા દેખાયા. મધ્યાહ્ન સમય પસાર થયો. બપોરે ૩ વાગ્યા. પ્રતિલેખનની ક્રિયા પ્રારંભ થઇ. સાહેબજીએ સ્વયં તેના આદેશો માંગ્યા. આથમતી સંધ્યાને સમયે પચ્ચક્ખાણ લઇ સૂર્યાસ્ત પૂર્વે જ સૌએ ચૌદશનું પક્ખિ પ્રતિક્રમણ શરુ કરવા નિરધાર્યું.

નીચેના ઉપાશ્રયમાં શ્રાવકોને પ્રતિક્રમણ કરાવવા ગયા પૂજ્ય પંન્યાસશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજ. ને અહીંયા ઉપરના ઓરડામાં સાહેબજી સાથે પ્રતિક્રમણ કરવા રોકાયા તેમના પરમ વિનીત શિષ્યો પૂજ્ય મુનિવરશ્રીઓ શ્રી કુંદકુંદવિજયજી, વજ્રસેનવિજયજી, જિનસેનવિજયજી, ચારિત્રભૂષણવિજયજી તથા રત્નસેનવિજયજી મહારાજ. સૂત્રો બોલવાનો આદેશ લઘુવયના મુનિશ્રી રત્નસેનવિજયજીને મળ્યો. અત્યંત જાગૃતિમાં સાહેબજીએ શુદ્ધ ઉચ્ચારોમાં બોલાતા અર્થગંભીર સૂત્રોનું મનનપૂર્વક શ્રવણ શરુ કર્યું.

દરેક વખતે આવતા કાઉસ્સગ્ગ તથા મુહપત્તિનું પડિલેહણ આદિ ક્રિયાઓ અત્યંત ભાવપૂર્વક કરતા ગયા સાહેબજી. ખૂબ જ જાગૃતિમાં રહીને દૈવસિક આલોચના કરી પાક્ષિક અતિચાર અને પછી પક્ખિસૂત્રનું પણ સાહેબજીએ કર્યું સુશ્રવણ. અચાનક પૂજ્ય સાહેબજીને માત્રું કરવાની આશંકા થઇ. મહાતપસ્વી મુનિવર્યશ્રી જિનસેનવિજયજી મહારાજે તેઓને ધીમેકથી પાટ ઉપરથી નીચે ઉતાર્યા. માત્રું કર્યા પશ્ચાત્ સંથારા ઉપર ફરીથી બિરાજ્યા સાહેબજી.

આજે કફની તકલીફ વધી હોવાથી દિવાલને સહારે બેસવાનું સૂચન કરાયું ત્યારે જાણે હવે શું થવાનું છે તેની આગોતરી જાણ જ થઇ ગઇ હોય તેમ ભીંતના ટેકે બેસતા સાહેબજી સ્પષ્ટ રીતે બોલ્યા:

"આજે છેલ્લો દિવસ છે."

નેત્રોમાંથી વહેતો હતો એ સમયે પણ મૈત્રીના મહાકાવ્યનો સલૂણો સ્રોત. હતી એ જ પ્રશાંત ને ગંભીર મુખમુદ્રા. વેદના સંબંધી ન એક્કે ય રેખાઓ ફરતી દેખાઇ, ન એક્કે ઉંહકારો સુણાયો! પાક્ષિક પ્રતિક્રમણ અંતર્ગત ૧૨ લોગસ્સના કાઉસ્સગ્ગ બાદ પક્ખિખામણા પણ સુવિધિપૂર્વક ભાવથી કર્યા સાહેબજીએ સૌને. રોજની સામાચારીને અનુસરીને પ્રતિક્રમણમાં સકળ જીવોને ખમાવી તેમણે સ્વરૂપાનુસંધાન કર્યું ને એટલું તો ઊંડે ઉતરી જવાયું કે ધીમા પડતા શ્વાસ સાથે માત્ર એટલું જ બોલી શકાયું કે:

"હવે પૂરું થાય છે."

સાહેબજીનાં ગળામાંથી જે કફનો અવાજ આવતો હતો તે મંદ પડવા લાગ્યો. મહાત્માઓ હળવા થયા કે હાશ! આપણા ગુરુજીને રાહત થવી શરુ થઇ. પણ એ રાહત તો સા...વ ઠગારી નીવડી. કારણ કે મુનિશ્રી વજ્રસેનવિજયજી મહારાજે સાહેબજીની નાડી તપાસી ત્યાં તો તેઓની ચીસ નીકળી ગઇ:

'ગુરુ મહારાજ! નાડી જાય છે...!'

પોતાના પ્રાણપ્યારા પરમ ગુરુદેવની છેલ્લા પંદર-પંદર વર્ષથી ખડે પગે સેવા કરીને સ્વયંને ગુરુજીમાં વિલીન કરી દેનાર શિષ્ય પોતાના ગુરુજીની નાડી બંધ પડતી જૂએ ત્યારે એ શિષ્યની ચીસ નીકળે તેમાં નવાઇ ન હતી. સંયમના વર્ષોમાં સાહેબજીની આંતરિક સત્ત્વશક્તિ કસાઇને સવિશેષ ધારદાર બનીને એટલી તો વિકાસ પામી હતી કે શ્વાસ ઓલવાતા જતા હતા છતાં તેમનો આતમ તમસમાંથી જ્યોતિ પ્રતિ ગતિ કરી વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં પ્રવાહિત થવા ધૃતિમાન ચિત્તે જાણે આતુર હતો.

તરત મુનિવરશ્રી કુંદકુંદવિજયજીએ સાહેબજીના કાન સમીપ મુખ રાખી નમસ્કાર મહામંત્ર સંભળાવવાનું ચાલુ કર્યું. શ્વાસ મંદ પડતો ગયો... આઠનાં ટકોરા થયા...

સમય અસ્ખલિત રીતે આગળ વધ્યો. રાત્રિના બરાબર ૮:૦૫ મિનિટ થઇ.

સાહેબજીના ધીમા શ્વાસની ગતિમાં સ્હેજ પરિવર્તન દેખાયું. તત્ક્ષણ જ પ્રતિક્રમણની ક્રિયા અટકાવીને મહાત્માઓએ નજીક આવી શ્રી નમસ્કાર મંત્રની ધૂન ચાલુ કરી દીધી.

ગુરુદેવની અંતિમ સ્થિતિનું અનુમાન કરી નીચે ઉપાશ્રયનાં હોલમાં પ્રતિક્રમણ કરી રહેલા મહાત્મા તથા શ્રાવકોને પણ ત્વરીત સૂચના મોકલાવાઇ. સૌ તુરંત આવી ગયા ઉપર. એક વિભૂતિના જીવનની અંતિમ ક્ષણોનાં સાક્ષી બનવાના સૌભાગ્યને વધાવતા નવલા નવકારની ધૂનમાં ગયા સૌ જોડાઇ!

બરાબર ૮:૧૦ મિનિટ થઇ. છેલ્લી ક્ષણનો અહેસાસ થયો. સાહેબજીએ હવે નેત્રો ખોલી નાખ્યા. શ્રી નમસ્કાર મહામંત્રનું અખંડ-અનવરત રીતે શ્રવણ કરવામાં લયલીન થયેલા વીસમી સદીનાં મહાન અધ્યાત્મયોગી મહાપુરુષ પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજી ગુરુવર્યનાં અતીવ પાવક આત્માએ એ જ ક્ષણે દેહપિંજરમાંથી મુક્ત થઇ અનંતની અસીમ યાત્રાએ જવા મહાપ્રયાણ આદર્યું.

બસ, થયું પૂરું આયખું!

॥ मरणं मंगलं यस्य, सफलं तस्य जीवनम् ॥

જિનશાસનની એક ઝળહળ જ્યોતિ કાળના ગાઢ અંધકારની ઓથે વિલીન થઇ ગઇ! મૈત્રી ને ભક્તિના સંગમનો પ્રવાહ થયો સ્થંભિત. વિયોગધારાનો અનિર્વચનીય વરસાદ શરુ થયો એ ગોઝારી રાત્રિએ.

સહન કરે તે વહન કરે, પણ જૈનશાસનનું સ્વાતિ નક્ષત્રમાં પાકેલા આ મોતી સમું રત્ન જ્યારે કાળ ઝૂંટવી લે ત્યારે કાળજાના ઘા સહન કરવા સ્હેલા ક્યાં હોય છે? આવા ગુરુનો વિરહ પણ સહજ સહ્ય નથી હોતો. સાહેબજી અજવાળું પાથરીને પછી કો' દિવ્ય આભામાં સ્વયં પ્રવેશ કરી ગયા... પણ કાળની છીપમાં પાકેલું આ પાણીદાર મોતી અમરત્વ પામશે લખચોરાસી સુધી!

સમય થંભી ગયો. શોરબકોર, રવ, ધ્વનિ, નાદ, નિનાદ - બધા સમાઇ ગયા જાણે સાહેબજીની અંદર. બસ, હતો તો મૌન પ્રતિઘોષ! જયઘોષ! હવે તેઓની શ્યામ-શ્વેત તસ્વીર પાસે ય કાન ધરશું, તો યે સંભળાશે તે શબ્દાતીત ગંભીર ઘોષ! નવપદજી સાથેની મંગલ મૈત્રીનો ઉદ્દ્ઘોષ! નામ ભલે નામશેષ બન્યું - તેઓનો નવકારનો નાદ હવે નાદબ્રહ્મ થઇને ગૂંજ્યા કરશે આ ભરતક્ષેત્રમાં.

આમ વિચારી શાશ્વત શાંતિના કાળમાં હવે સાહેબજીને જ કહેવાનું થાય છે મન:

'...હવે તો આપ જ અમારા વિશ્વાનલ છો. મહાનલ છો. આ વિયોગની ક્ષણે આપ કનેથી અમે પણ અધિક કાંઇ ન માંગીએ, સિવાય એક જ ચિનગારી... મૈત્રીની! અંતિમ ૩૦૦ વર્ષોમાં શ્રી નમસ્કાર મહામંત્ર ઉપર જેટલું ગહન ચિંતન ને અનુપ્રેક્ષણ નહીં થયું હોય એટલું આપે પોતાના તીવ્ર ક્ષયોપશમથી કર્યું. શાસ્ત્રોનું યથાર્થ ચિંતવન કરી જિનેશ્વરની બાનીને આપે અમારા સુધી યથાતથ પહોંચાડી વિભૂષિત કરી. આજે ભલે આપ અમરત્વના એ અકળ પ્રદેશમાં જઇ વસી ગયા હો, પણ અમ હૃદયની અંદર જે પલાંઠી વાળીને બેસી ગયા છો તે કદાપિ ખૂલી શકવાની નથી. ભવિજનો સમક્ષ અધ્યાત્મનો અધધધ... અસબાબ ખોલી દેનાર આપ હવે પરિવર્તિત થયા છો શબ્દદેહમાં. સંચિત થયેલું ક્યારેક તો વપરાય જ છે અને બંધાયેલું ક્યારેક તો ધ્વસ્ત થાય જ છે. પરિવર્તન અનિવાર્ય છે. વૈશાખી વાદળ જેવો હોય છે આ દેહ... થોડીવારમાં જ વિખેરાઇ જાય તેવો, પરંતુ શબ્દ તો અમર છે.

બસ, આશ્વાસન તો એક જ - અમે આપના યુગમાં જન્મ્યા. સાંભળ્યું છે કે કબૂતરો સ્પર્શથી, કાચબાઓ ધ્યાનથી અને મત્સ્યો દ્રષ્ટિપાત માત્રથી ઈંડાને સેવે છે. પણ આપ ગુરુજીએ તો સ્પર્શ, ધ્યાન અને દ્રષ્ટિ - ત્રણેયથી અમારા આત્માને પોષવા પ્રયત્ન કરી મોક્ષમાર્ગ સેવવા પ્રેરણા કરી છે એ ઉપકાર કેમ માનવો હવે?' દેહાત્મબુદ્ધિથી પર બનેલા સાહેબજીએ ઉત્તરમાં જાણે એમ કહ્યું કે:

''ચરણ વિના પણ નહીં લાગે, પ્રભુ તવ ધામ મને બહુ દૂર...''

સાધનાના દુર્ગમ ગિરિની વાટના આવા પથિકોને પ્રભુ મિલન માટે ચરણોની ક્યાં જરૂર રહેતી હોય છે? પ્રભુ પરત્વેની અવિચ્છિન્ન અનુરક્તિ થકી સ્વ-સ્વરૂપ સંગે જોડાવું સ્હેલ જ બન્યું હશે સાહેબજીને નિર્વિકલ્પ રીતે! જેમની સેવામાં સ્વયં દેવો ઉપસ્થિત રહેવા ઉત્કંઠિત હોય તેવા અધ્યાત્મપ્રહરી, સાધનામનીષી પૂજ્ય પંન્યાસજી મહારાજને ધર્મસત્તાએ જ હેમખેમ શિવપુરીમાં પહોંચાડયા હશે.

જેમણે આયુની હર પળે મન પ્રભુને, મગજ પ્રભુની આજ્ઞાને અને શરીર પંચાચારને સોંપ્યું હોય એની ચેતનાને પ્રભુ સ્વયં અવધારે તેમાં શી નવાઇ? જેનો ઉપયોગ રતીભારે ય પરમાં આસક્ત ન થયો હોય, ચિત્તને પ્રભુ ગુણમાં જ સ્થાપિત કરેલું હોય અને જેનું ચૈતન્ય સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવમાં જ વિસ્તર્યું હોય એ શુક્લભાવની ધારામાં પ્રવેશી સ્વરૂપદશાને અનુભૂત કરવા આમ જ્યોતિ સ્વરૂપ થઇને પાંખો વગરે ય ઊડી જ જઇ શકે તેમાં શી નવાઇ? હિમાલય સમું વિરાટ જીવન હતું સાહેબજીનું. એમની હિમગિરામાંથી ઓગળતી જ્ઞાનગંગાનું નિરંતર વહેવું ક્યારેય બંધ થઇ જ ન શકે.

એક યોગીપુરુષની મૌન સાધનાથી પ્રગટેલી દીપ્તિ ક્યારેય બુઝાઇ ન શકે.

સૌ સ્તબ્ધ બન્યા. આભમાંથી દ્રશ્યમાન થતાં ઉગતી પૂર્ણિમાના ચંદ્રકિરણોની સાક્ષીએ હવે એકલા પડેલ મુનિરાજશ્રી વજ્રસેનવિજયજીએ સ્વસંગે જ જાણે મૌન સંવાદ માંડ્યો:

'આજે હવે સમજાય છે પ્રભુ મહાવીરના નિર્વાણ પછીનો ગૌતમસ્વામીનો વિલાપ! સાહેબજી, આપ મને નિરંતર આત્મશુદ્ધિ પરત્વે દોરતા... હવે એ કાર્ય કોણ કરશે? અમે મુનિઓ નિશદિન આપની સેવામાં એવા તો તત્પર હતા કે જાણે આપના પ્રત્યેક ધબકારા અમને સંભળાતા. આપની સેવામાં જ અમને રોજનો ખોબો આનંદ મળી જતો. આજે પ્રથમવાર સ્હેજ નિરાધારપણું અનુભવાય છે. ગુરુકૃપાની સુવર્ણરજથી દમકતું હતું આજ સુધીનું જીવન... હવે એ ઓજસ્વી દિવસો શું ક્યારેય પુનર્જીવિત નહીં થાય? આ અજંપાનો કોઇ અર્થવિસ્તાર કરવાનું કહે તો કેમે ય ન વર્ણવી શકાય!

મુનિ છું. સુખ-દુઃખની અનુભૂતિથી પર રહેવાનું છે મારે – પણ આજે કેમ એ થોડું કષ્ટસાધ્ય લાગે છે? મારી હયાતિનો જ સમૂળગો છેદ ઊડી ગયો હોય તેવું કેમ લાગે છે? ગુરુદેવ, આપની ચરણરજ લીધા વિના વિતાવવા પડનારા અનાગતના દિવસોનો ભાર કેમ આજથી જ લાગે છે? આપના વિના જે ખાલીપો સર્જાયો છે અહીં... તે હવે શેનાથી ભરાશે? આપ મુજ અસ્તિત્વના ચિત્તનો વિશ્રાંતિ ઘાટ હતા. વેદનાની આ લાગણીઓ, જાણે કે न ययौ न तस्थौ । ન ઊભી છે કે ન જાય છે... શું થશે આગળ?? કાળની યે ચાલ્યા ગયા પાર, મૂકીને મુજ બાળ. ક્યાં ગોતવી ભાળ? મહાવિદેહની પાળ?

પળ-પળ મળતું આપનું અધ્યાત્મ બળ, જેનાથી મંજાયું મુજ તળ;
આજે કેમ લાગે છે જાણે બની ગયું હોય એ રણનું મૃગજળ?
નથી થવાનું વિહ્વળ, યત્ન છતાં થવાય છે કેમ તેમાં નિષ્ફળ?
વહેશે જ હજુ ય કૃપાસરિતા, વહી જે અડધી સદી ખળખળ!

વૈખરી, મધ્યમા, પશ્યન્તિ ને પરાવાણીમાં આપની હતી નાભીય વાણી. સ્વની જ નહીં, સર્વની કલ્યાણક. અન્યોનું ભલું કરવા જ બોલાતા આપના શબ્દો હવે ચાલ્યા ગયા છે પશ્યન્તિને પેલે પાર !!'

ત્યાં જ વિચારધારા તૂટી... બાળસૂર્યનાં કોમળ અજવાસમાં ભળભાંખળે ગુરુવર્યનો દેહાકાર પુનઃસન્મુખ થયો. તેમની આત્મચેતના તો હવે નિસરીને વિસ્તરી ગઇ હતી ત્રણે લોકને અજવાળવા! ને તે ક્ષણે જાણે પ્રેરક વચનો સુણાયાઃ

"વજ્રસેન, ॥ जातस्य हि ध्रुवो मृत्युः ॥ વિચાર તંદ્રામાંથી જાગી જા. મારા વેણ ને નેણ બંને સમજી જાવ એવા શિષ્ય બની રહ્યા છો તમે સદૈવ... તો આજે સૂક્ષ્મરૂપે મારી ચૈતસિક અનુસંધાનની અનભૂતિથી કેમ કરી વેગળા રહો છો? જીવન ક્ષણભંગુર છે એ જોયું ને? હવે ક્ષણનો ય પ્રમાદ ના સેવશો. જ્ઞાનયોગ-કર્મયોગ-ભક્તિયોગ હજુ ઘણા સાધવાના છે. નવી દિશામાં પ્રસ્થાન કરો. જ્ઞાતાદ્રષ્ટાભાવ કેળવીને કર્તવ્યપાલન કરો." આ અનુભવી તેઓને થયું કે અરે, ગુરુ મહારાજ તો સતત મારી સાથે જ છે અને સદૈવ રહેશે જ. અમ શિશુને છોડીને દૂર ગયા જ નથી. તેઓનો વિયોગ થયો જ નથી. ...ને વીસમી સદીની આ વિચક્ષણ વિભૂતિનાં અધ્યાત્મવારસાને ઉજાગર કરવા ગઇકાલ, આજ અને આવતીકાલનાં ત્રિભેટે શૂન્યમનસ્ક બનેલા તેઓ હૈયાની ભીનાશને કોરાણે મૂકીને સ્વ-સ્થ થયા!

यत्राऽपि तत्राऽपि गता भवन्ति, हंसा महिमंडलमंडनाय ।
हानिस्तु तेषां हि सरोवराणां, येषां मरालैः सह विप्रयोगः ॥

હંસ ગમે ત્યાં જાય - પૃથ્વીની શોભા જ વધારે છે.
હાનિ તો તે સરોવરને થાય છે કે જેને હંસનો વિયોગ થાય છે.

આવા ઉત્તમોત્તમ સમાધિ મૃત્યુનાં સમાચાર વાયુવેગે પાટણ શહેરમાં તથા ટ્રંકકોલ દ્વારા ભારતભરમાં ફરી વળ્યા. કોણ કોને આશ્વસ્ત કરે તેવી પરિસ્થિતિ હતી. સાહેબજીના સંસારી પુત્ર શ્રી જીતુભાઇની તબિયત પણ થોડા સમયથી મુંબઇમાં કાંઈ ખાસ સારી રહેતી ન્હોતી. આથી સાહેબજીના નબળા સ્વાસ્થ્યના સમાચારો આવે ત્યારે હૈયું હાથ ન રહે પરંતુ પાટણ જવા અસમર્થ બને.

રોજ જીતુભાઇને થાય કેઃ હેમંત-વિજય મને પાટણ લઇ જાય. પરંતુ દિકરી નયનાનાં લગ્ન નજીક આવતા હતા અને પોતે પણ ખૂબ નબળા પડી ગયા હતા. ખોરાક ઓછો લેવાય, શક્તિ લાગે નહીં. તેથી સંતાનોને ય સમજ ન પડે કે પિતાજીને લઇ જવા પણ કઇ રીતે?

આજે ઘરનાં સૌ પક્ખિ પ્રતિક્રમણ કરીને ઉઠયા ત્યાં આવ્યો પાટણથી ટ્રંકકોલ. જીતુભાઇ તો પિતાજી મહારાજના અરિહંત શરણ થવાના સમાચાર મળતા જ બોલ્યાઃ 'જાત ચાલે કે ન ચાલે, હવે તુરંત નીકળીએ.' પાટણ જતી છેલ્લી ટ્રેન બાકી હતી. પરિવારજનો સાથે ગમગીન હૃદયે જીતુભાઇ બીજે દિવસે સાંજે પહોંચ્યા પાટણ. આ દુઃખદ સમાચારને અમદાવાદ, વડોદરા, રાજકોટ તથા મુંબઇ રેડિયો સ્ટેશનોએ પણ પ્રસારિત કર્યા. દેશનાં ખૂણે-ખૂણે હતા સાહેબજીના ભક્તો! સૌ બન્યા વિષાદગ્રસ્ત.

પાટણ, મારવાડ, જામનગર, અમદાવાદ, રાજકોટ, સુરત, નવસારી, મુંબઇ, પુના, મુરબાડ, મદ્રાસ, કલકત્તા, બિયાવર ઉપરાંત અગણ્ય નાના-મોટા ગામ-નગરોથી સાહેબજીના અંતિમ દર્શનાર્થે ભક્તો આવવા નીકળી ગયા. જેઓ અહીં ત્વરિત આવવા માટે પ્રસ્થાન ન કરી શક્યા તેઓએ પોતાના જ સંઘમાં રહી સાહેબજીની આત્મશાંતિ અર્થે સમુહ જાપ કર્યા. જોતજોતામાં હજારો લોકો ત્યાં એકઠા થઇ ગયા. પરમ પૂજ્ય મુનિરાજશ્રી હર્ષવિજયજી, ચરણવિજયજી, મહાનંદવિજયજી, ચંદ્રાનનવિજયજી, પ્રદ્યોતનવિજયજી, કુંદકુંદવિજયજી, કલ્યાણપ્રભવિજયજી મહારાજ આદિની વર્ષો પૂર્વે થયેલી જોરદાર ને ઐતિહાસિક દીક્ષાઓ જેમની સુમંગલ નિશ્રામાં થયેલી તેવા સાહેબજીના પાર્થિવ દેહની અત્યંત શોકાતુર હૃદયે પંન્યાસશ્રી પ્રદ્યોતનવિજયજી મહારાજે અંતિમ વિધિ કરી. દેહને વાર ત્રણ 'વોસિરે' કહી શ્રી સંઘને સોંપી દીધો. પોતાના ૨૦ ને પરિવારના સૌ શિષ્ય-પ્રશિષ્યો છત્રવિહિન થઇ ગયા.

સવાર થતાં તો સુવિશાળ શ્રી નગીનભાઇ પૌષધશાળા પણ ટૂંકી પડે એટલો માનવ મહેરામણ છલકાઇ ગયો. સાહેબજીનું અંતિમ વાસક્ષેપ પૂજન કરવા મૌન કતારો લાગી. ભુવનભાસ્કર એવા સાહેબજીના અંતિમ દર્શન કરવા તે દિવસનો ગગનભાસ્કર જેવો મધ્યાકાશમાં પહોંચ્યો કે વધતા હૃદયના ઉલ્લાસે ગુરુપૂજનાદિના ચડાવા સંપન્ન થયા. ને બરાબર ૧૨:૩૦ કલાકે પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજની સુપવિત્ર ને સુરભિત કાયાને જરીની સુંદર મજાની પાલખીમાં વિરાજિત કરાઇ. 'જય જય નંદા, જય જય ભદ્દા'ની ગગનભેદી ઘોષણા સંગે સાહેબજીની આ વિદાય યાત્રા શરુ થઇ. અશ્રુરત્નાકરથી તેઓની જન્મભૂમિની શેરીઓ ઉભરાઇ ગઇ. પાટણના આ પનોતા પુત્રની વિદાયે જાણે શિરછત્ર જ હટી ગયું હોય એવું લાગ્યું સૌને! સ્વયંભૂ બંધ રહ્યા પાટણના સઘળા યે કાર્યક્ષેત્રો.

લોકો સ્વયમેવ જોડાતા ગયા તેઓની અંતિમ વિશાળ જનયાત્રામાં... પોતાની ધરતીના આ સવાયા સપૂતના ઉપકારોને યાદ કરતા-કરતા! નગરના મુખ્ય રાજમાર્ગો ઉપર ગૂંજવા માંડી બેન્ડની સુમધુર પણ કરુણ સુરાવલિઓ! શોકાતુર જનમેદની પહોંચી પ્રાંતે શ્રી ભોગીલાલ લહેરચંદ ઉદ્યાનમાં, જ્યાં ચંદનના કાષ્ઠની ચિતા ઉપર આ સુંદર પાલખીને સ્થાપિત કરાઇ.

अब चलो संग हमारे, काया चलो संग हमारे ।
तुम्हें बहोत यत्न करी राखी, अब चलो अगन सहारे ॥
- आनंदघनजी

જાણે હમણાં જ 'નમો અરિહંતાણં' બોલી કાઉસ્સગ્ગ પારશે એ રીતે પાલખીમાં બેઠેલા સાહેબજીને જોઇ વિચાર આવ્યોઃ 'સ્થિર થઇને આમ બેસી જવું એ તો સાહેબજી, તમારી જીવનયાત્રાનો જ એક પાવન ભાગ રહ્યો છે. વિશ્રાંત થવા માટે કરાતો એ તમારો નવી ઉર્જા પામવાનો રાગ છે. પણ આજે પુનઃ જાગવાની પ્રક્રિયા કરવાને બદલે તમે ભળી ગયા છો વીતરાગમાં!'

પંચમહાભૂતમાં ભળી જાય તે પૂર્વે તેઓના સા...વ છેલ્લા દર્શન માટે લોકો ઉત્સુક થયા. સમ ખાવા પૂરતી યે ક્યાંય પગ મૂકવાની જગ્યા ન રહી. સંયમ ને શિસ્તપૂર્વક બરાબર ૨:૩૦ વાગ્યે પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના સંસારી એકમેવ સુપુત્ર જીતુભાઇએ અવસાદથી સાહેબજીની ચિતામાં અગ્નિ પ્રજ્વલિત કર્યો. બોલીનો લાભ લેનાર દાનવીરશ્રી પરિવારની હતી એ અપૂર્વ ઉદારતા!

જેમણે 'એક જ દે ચિનગારી, મહાનલ...' એમ સંન્યસ્ત જીવનના પ્રથમ દિવસે પરમાત્મા સમક્ષ યાચના કરેલી તેવા પરમ પૂજ્ય સાહેબજી અનેકોના જીવનમાં અધ્યાત્મચિનગારી પ્રગટાવીને સ્વયં અધ્યાત્મમહાનલ બની આજે પાવન અગ્નિને ય ભાગ્યશાળી બનાવી રહ્યા હતા - સ્વના દૈહિક સ્પર્શથી! ''મારું છે એ બળતુ નથી અને જે બળે છે એ મારું નથી'' એમ કહેનાર સાહેબજી ગયા પછી આ બાજુ નગીનભાઇ હોલમાં આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચંદ્રસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં શ્રમણોએ દેવવંદનાદિ સંપન્ન કર્યા. તેમણે ભવિજનોને આત્મોપકારી હિતશિક્ષા પણ આપી. વળી હૃદયના ભાવભીના સ્વરે સાહેબજીના ભવ્ય જીવનને ભાવાંજલી અર્પતા કહ્યું કે: 'તેઓએ ચીંધેલા આદર્શ માર્ગ ઉપર હવે આપણે સૌએ વિચરણ કરવું રહ્યું.'

સ્વયં આચાર્યશ્રી હોવા છતાં આ પાવનાત્માની જીવનસરણી અનુસરવા સૌને અનુરોધ કર્યો. બુદ્ધ પૂર્ણિમાના પાવન દિને આ પ્રબુદ્ધ પૂર્ણયોગીના ઉર્ધ્વારોહણ સંદર્ભે ભારતના અસંખ્ય જૈન સંઘોમાં નિવાપાંજલી-આદરાંજલી અર્પણ કરાઇ. ૩૦ સંઘોમાં તો પછીથી પંચાન્હિકા કે અષ્ટાન્હિકા મહોત્સવો પણ આયોજિત થયા.

પોતાના ગયા પછી આ શ્રમણ સમુહે શું કરવું તેની એક માર્ગદર્શિકા બનાવી પરબીડિયામાં બંધ કરી સાહેબજીએ પોતાના પરમ ભક્ત રાજકોટના પુણ્યશ્રાવકશ્રી શશિકાંતભાઇ મહેતાને અંગત રીતે આપી રાખેલ. તે કવર તેમણે યથાતથ સોંપી દીધું. આ દીર્ઘદ્રષ્ટિથી પાછળથી પણ કોઇ પ્રશ્નો ઉભા ન થયા.

એકમની બપોરે જ જીતુભાઇએ પાટણમાં કહી દીધેલું: 'આવતી પૂનમે હું પણ નહીં હોઉં.' મુંબઇ આવી, દિકરી નયનાના લગ્ન કરી બરાબર ૨૩/૨૪ દિવસે જેઠ સુદ નોમના દિવસે સાહેબજીના એકમાત્ર સંસારી સંતાન જીતુભાઇ પણ પોતાના વચનાનુસાર આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલી નીકળ્યા.

સાહેબજીનું એક આબેહુબ તૈલિય ચિત્ર મૂકાવવાનું નક્કી કર્યું પરમ ભક્ત શ્રી નલીનભાઇએ. તેમણે એ માટે જે.જે.સ્કૂલ ઑફ આર્ટ્સ, મુંબઇના સિદ્ધહસ્ત કલાકાર શ્રી સિદ્ધાર્થ અર્જુન વાડે નામના એક મહારાષ્ટ્રીયન ભાઇને રોક્યા. સ્ટુડિયોમાં ચિત્ર બનાવવાનું શરુ કર્યું ત્યારે તેઓને આ મહામાનવના એવા તો શુભ આંદોલનો સ્પર્શ્યા કે ચિત્ર બનતા સુધી તેઓએ સપરિવાર માંસાહારનો ત્યાગ કર્યો!

પાટણમાં પંચાસરા દેરાસરની સામે જ ઉપાશ્રયમાં બીજે માળે જતાં વચ્ચે આ છબીની પ્રતિષ્ઠા કરાઇ.



















૨૯ એપ્રિલ, ૧૯૮૦ - વૈશાખ સુદ ૧૪, સંવત ૨૦૩૬ની રાત્રે અધ્યાત્મના અનસ્ત સૂર્ય દેહથી દિગંત થયા ત્યારે પણ પ્રશાંત મુખમુદ્રા સંગે રૂંવે રૂંવેથી પ્રગટતો હતો જાણે જીવો પરત્વે મૈત્રીનો સલૂણો સ્રોત.

સાહેબજી, આજે ય તવ કૃપા પામવી એ આકાશકુસુમવત્ નથી જ. આપ સમા મહામાનવનું પુણ્યસ્મરણ એ અમ જીવનમાં બનતી રોજની વસંતમય ઘટના છે. જેમાં અહોભાવ-બહુમાન છે વીતરાગના આ વારસ ઉપર.

તેમાં દર્શન કરતા એવું જ લાગે કે જાણે સાહેબજી બોલી ઉઠશે કે: ''શાસ્ત્ર ભણ્યા પૂર્વે અર્થ જાણવાની ઉતાવળ ના કરશો. શાસ્ત્રાભ્યાસ પછી તેના અર્થો આપોઆપ ઉઘડવા માંડશે. છતાં ન ઉઘડે તો નવકારમાં મન પરોવી દઇને શ્રદ્ધાશીલ બનવાથી અર્થ અને ભાવાર્થ બંને તમારા બની જશે.''

સાહેબજીએ જ્યારે દીક્ષા લીધી ત્યારે એક તબીબે કહેલું: 'આપ હવે ૧૦૦૦ દિવસથી વધુ આયુષ્ય પામો તેવું લાગતું નથી. એથી ત્રણેક વર્ષમાં જ આત્મ આરાધનાદિ જે કરવું હોય તે કરી લેજો.'

પૂજ્ય ગુરુદેવે ક્વચિત્ તેથી જ દરેક દિવસને પોતાના જીવનનો અંતિમ દિન માની આરાધના કરી અને એ રીતે તેઓએ જીવનમાં શેષ ૧૮,૦૯૮ દિવસ સાર્થક કર્યા.

સાહેબજી ગયા પછી સૌને ગુરુનો વિયોગ ખૂબ જ સાલે. ભક્તો-જિજ્ઞાસુઓ-આરાધકોના જીવનમાં જાણે શૂન્યાવકાશ ઉભો થઇ ગયો! દરેકને કામના કે મહાઉપકારી એવા આ અનોખા ગુરુ મહારાજનું એક ગુરુમંદિર પાટણમાં બને. સાહેબજીના અગ્નિસંસ્કાર જ્યાં થયેલા તે પરિસરની જમીન ખેડૂતભાઇ આપવા માને નહીં. વળી અન્ય સરકારી મંજૂરી વગેરે ય ઝડપથી મળે નહીં. પણ સૌને સદૈવ લાગતું કે આ કામ કરવા જેવું જ છે તેથી એક દિવસ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ, શ્રી શશિકાંતભાઇ, શ્રી સી.કે.મહેતા તથા શ્રી ધીરેનભાઇ ચંદ્રકાંતભાઇએ સાથે મળી અમદાવાદમાં ઘણી ચર્ચાઓ કરી. અંતે બધું નિર્ણિત થઇ જતા શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇએ તો ત્યાં સુધી કહ્યું કે:

''આજથી ૧૦૦ વર્ષ પછી મહોપાધ્યાય અંતિમ શ્રુતપારગામી શ્રી યશોવિજયજી મહારાજની જેમ જ જિનશાસનમાં અમર નામના પામનાર છે આ અધ્યાત્મયોગી શ્રી પંન્યાસજી મહારાજ. તેઓનું સુયોગ્ય ગુરુમંદિર બનાવવું એ આપણું પરમ કર્તવ્ય છે.'' આ નિર્ણય વેળાએ સ્મૃતિવંત થઇ સાહેબજીની એક પંક્તિ વિવેકવંતશ્રી વજ્રસેનવિજયજી મુનિવરને: 'જો તું મારો સાચો શિષ્ય હોય તો મારા પછી કોઇ વિશેષાંક કે મારું ગુરુમંદિર ન કરવા દઇશ.' તેથી તેમને વિચાર આવ્યો: 'અગ્નિસંસ્કારની પાવન ભૂમિ ઉપર પ્રથમ પરમાત્માનું જિનમંદિર કેન્દ્રમાં બંધાવીને બાજુમાં નાનું સમાધિ મંદિર રાખીએ.'

જેવો આ વિચાર આવ્યો કે તરત જ બધી મંજૂરી મળવા માંડી ને ફક્ત ૪ જ મહિનામાં અપ્રતિમ સુંદર દેરાસર ને અપૂર્વ ગુરુનું અનુપમ સમાધિ મંદિર થઇ ગયા તૈયાર! સાહેબજીને પહેલેથી જ પોતાનું નામ, તસ્વીર કે મૂર્તિ મૂકાય એ ગમતું નહીં એ જાણે ફરીથી સિદ્ધ થયું. ત્રિલોકી પરમાત્માને પહેલેથી આગળ કર્યા ન હતા તેથી જ કદાચ આ કામ પૂરું થવામાં લગભગ ૩૦ વર્ષ પસાર થઇ ગયા.

શ્રી સી.કે.મહેતાએ ગુરુઋણ ચૂકવવાના અનુપમ અવસર તરીકે પાટણમાં આ સમાધિ મંદિરનો લાભ લેવા ઉપરાંત શ્રી શંખેશ્વર તીર્થ, શ્રી આરાધના ધામ (હાલાર) તથા શ્રી કસ્તુરધામ (પાલીતાણા)માં પણ પોતાના આ ગુરુની સોહામણી આરસમૂર્તિની પ્રતિષ્ઠા કરાવીને ગુરુભક્તિનો અનન્ય લાભ લીધો.

સાહેબજી જન્મ્યા પાટણમાં. કેળવાયા પાટણમાં. દીક્ષાના પ્રથમ તથા અંતિમ ચાતુર્માસ પણ પાટણમાં. દેહવિલય પાટણમાં. અંતિમ અગ્નિસંસ્કાર પણ પાટણમાં. આ તીર્થભૂમિ પાટણમાં જ તેઓની સમાધિ ભૂમિ ઉપર આજે ગુરુમંદિર બનાવી મારું યત્કિંચિત્ ઋણ ઉતારું એવા મનોભાવથી શ્રી સી.કે.મહેતાએ તેનો સંપૂર્ણ લાભ લીધો. વળી સાહેબજીને આપેલા વચન અનુસાર જ તેમણે છપમાં વર્ષે અબજો રૂપિયાનો કારોબાર કરવો એક ઝાટકે છોડી દઇને ક્ષેત્રસંન્યાસ પણ સ્વીકારી જ લીધો.

આ હતી જાણે અંતિમ પરમ ગુરુ દક્ષિણા શ્રી કાંતાબેન તથા સી.કે.મહેતાની.

સકળ કાર્યોની સિદ્ધિને ગુરુ પરત્વેનો અનુરાગ જ શક્ય બનાવે છે. પણ અહીં એક મોટી શરત હોય છે: ગુરુ કૃપા અવતારિત કરવી હોય તો પ્રથમ આપણે અંદરથી ખાલી થઇ જવું પડે. રિક્ત થઇને ગુરુને સમર્પિત જો થવાય તો ભીતરના સુખથી છલોછલ આપણે!! ગુરુ કૃપાનું આવું વહેણ ક્યારેય ન સૂકાય.

પાટણમાં રહી શ્રી ચંદ્રકાંતભાઇ પંડિત દર વર્ષે સો જેટલા શ્રમણો તથા મુમુક્ષુઓને ભણાવે. કોઇવાર શાસ્ત્રમાં કહેલી કોઇ વાતોનો બરાબર અર્થ ન બેસે ત્યારે સાહેબજીની આ સમાધિ પાસે જઇ ચિઠ્ઠીમાં પ્રશ્ન લખીને મૂકી આવે. બીજા દિવસ સુધીમાં જવાબ મળી જ જાય. આમ ગુરુની કૃપા દેખાતી ભલે નથી છતાં પ્રત્યક્ષ દેખાતી કોઇ પણ વસ્તુ કરતા સૌથી અધિક ઉપકાર કરે જ છે. નિર્વિષયી પરમાત્મપ્રીતિમાં અપૂર્વરતિપૂર્વકનું જોડાણ કરાવીને ગુરુતત્ત્વ દ્વારા જ દેવતત્ત્વની પ્રાપ્તિ થાય છે. દેવતત્ત્વ એ સાર છે, ગુરુતત્ત્વ એ દ્વાર છે, ધર્મ એ માર્ગ છે.

અઢારમી સદીમાં રચાયેલા જેમના ચોવીશી ને પદોમાં અધ્યાત્મ યોગજ્ઞાનના ઊંડા રહસ્યો સમાયા છે, જેઓ અક્ષરદેહે ને કીર્તિદેહે સદા જીવંત છે તેવા વૈરાગી આનંદઘનજી મહારાજ તથા પૂર્વાચાર્યશ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજા ગુજરાતના ઇડરની બહારની એકાંત ગુફાઓમાં ધ્યાન કરી આત્માનંદમાં મસ્ત રહેતા. તે જ ગુફાઓમાં રહીને સાહેબજી પણ સહજ સમાધિના આનંદસાગરમાં ઝુલ્યા. અભંગ સુખ પામ્યા. અહીંયા જ તેઓના મનમાં પરમાત્મપ્રાપ્તિના ઉભરાઓ પ્રગટ્યા. શરીરમાં હોવા છતાં શરીરથી રહિત એવી નિ:સંગ દશાનો અનુભવ પણ તેમને અહીં ઉપરાંત જુનાગઢની ગુફાઓમાં જ થયો. શ્રી ગિરનારજી મહાતીર્થ ઉપર પહેલી ટૂંકની ભમતીમાં એક જગ્યાએ શ્રી અમીઝરા પાર્શ્વનાથના પ્રાચીન નયનરમ્ય પ્રતિમાજી છે. અમદાવાદથી શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ વ્યવસ્થા કરી આપે એ સમયમાં ત્યાં ઉપર રહેવાની ને સાહેબજી અઠ્ઠમ તપ કરી ચોથે દિવસે જાપાનુષ્ઠાન પૂર્ણ કરી પછી જ નીચે ઉતરે. આ પ્રભુજીની પ્રતિમામાં એક ખાસ વિશેષતા એ છે કે તેમની કરાંગુલિઓ અતિ કોમળ તથા ખુલ્લી છે. સાહેબજીને અહીં જ આ રીતે એકવાર ધ્યાન ધરતાં વિસ્ફોટ થયેલો. કષાયો મંદ થઇ સામર્થ્ય ઊંચકાયું. આત્માના ગુણોનો વિચાર કરવા મન વિશેષ અન્તર્મુખવૃત્તિથી ચિંતવન કરવા લાગ્યું. નાભિમાંથી અધ્યાત્મરસ ઝરવા લાગ્યો... અને વચનાતીત અનુભૂતિઓ થયેલી.

જૈન શાસ્ત્રો, સાહિત્ય ને જૈન દર્શનથી અભિમુખ બન્યા છે અગણ્ય આત્માઓ પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજા થકી જ. કેટલાયની હૃદયગુહાને પ્રકાશિત કરી અધ્યાત્મના વણખુલેલા દ્વારો ખૂલી રહ્યા છે આજે ય હજુ આ ગુરુશ્રેષ્ઠની કૃપા થકી જ!

આદરણીય ગુરુ મહારાજ અધ્યાત્મયોગી, નિઃસ્પૃહ શિરોમણી, મૈત્રીભાવપ્રરૂપક પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રાંતે 'મૃત્યુંજયી' તરીકે પણ સિદ્ધ ને પ્રસિદ્ધ થયા.

સાહેબજી, આપ સમા વિશ્વવંદ્ય આનંદનિધાન ગુરુરત્નને જે નામથી ઓળખીએ: આપના સત્યનિષ્ઠ શીલ અને અનાસક્ત સ્નેહને વર્ણવી શકે તેવા શબ્દો વર્ણમાતૃકામાંથી અદ્યપર્યંત રચાઇ શકાયા નથી તે નિર્વિવાદ વાત છે. માઇલો સુધી પદસંચાર ન હોય ને પરિસરમાં જીવસૃષ્ટિ પણ ન હોય, ત્યારનો એ ખાલીપો, એકાંત ને એકલતા જેમ ભીષણ લાગે તેવી જ અનુભૂતિ થાય છે મનોહૃદયમાં - સાહેબજી આપના ગયા પછી. સમ્યક્ જ્ઞાન, પરહિતકારી પ્રજ્ઞા, કુલીન સંસ્કારીતા, સ્વપરાક્રમ, સંયમિત જીવન, મૈત્રીભાવ, કરુણાનું સુકૃતદાન અને ભરપુર કૃતજ્ઞતા - આ છે આપના અધ્યાત્મનું અષ્ટમંગલ.

સત્યસ્થતા ને તટસ્થતા એ બે બાહુના જોરે આપનું જીવન ભલે વહ્યું... પરંતુ આપની દેશના તો શાશ્વતો વેણુનાદ છે! તે કાળના પ્રવાહમાં વહી જઇ ન શકે. પૂજ્ય પંન્યાસજી મહારાજ... આપના મૈત્રીપૂર્ણ હૃદયની વિશાળતામાં સવિ જીવ સમાયા. સૌના અજ્ઞાનતિમિરને દૂર કરવા આપ વિરલ વિવસ્વાન બન્યા. આપની આંખોમાં રહેલ કરુણા ને પ્રેમ - તીર્થંકરો સમકક્ષ ગણાયા. ક્રિયાશીલ અધ્યાત્મ થકી આપ નવકારના એક નૂતન યુગનું મંડાણ કરનારા થયા. શિવમસ્તુની ભાવનામાં પરહિતનિરત બની આપ ભવિજીવોના સકલકુશલવલ્લી બન્યા. આત્મારોહણ દ્વારા આપ જ સાધકોને અતિમાનસની અનંત ભવ્યતાની અનુભૂતિ કરાવનારા બન્યા.

एगे आया ।

સર્વ જીવો એક જ છે.

તે આચાર આપના પ્રતિપલના સત્યાચરણમાં પ્રતીત થયા. બીજા-ત્રીજા ધોરણમાં ભણતો બાળક બે વત્તા બે કેટલા થાય તે પૂછવા પાયથાગોરસના ઘરે જઇ ચડે તેવું ય ઘણી વાર થયું. છતાં નિત્ય જોયું કે માધુકરી માંગવા જે આવે - ઝોળી ભરી જ દો આપ ગુરુ મહારાજ! સૂર્યોદય અને સૂર્યાસ્ત જેટલા સહજ - સહજ એવી જ આપની જીવનશૈલી. પરમનો સંપર્ક, ચૈતન્યનો સંસ્પર્શ અને મૈત્રીની સૌરભ ઘૂંટાઇ-ઘૂંટાઇને એકરસ થયેલી જોવા મળી ફક્ત આપનામાં જ. પ્રભુ સામે બેસી રૂપમાં અરૂપને પામ્યા આપ. પરાર્થપણે જીવ્યા આપ અને પરિણામે કૃતાર્થ થયા અમે. તીર્થંકર કે વીતરાગને ભલે ન જોયા હોય અમે - પણ ઓછો વસવસો છે હવે જાણે.

ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના એમ સમ્યગ્દર્શનના ચતુઃઆચારોનો કાયમી વસવાટ હતો જ આપમાં. આપ સમા આત્માનું દૈહિક, માનસિક, વાચિક સાંન્નિધ્ય પામવું એ જ વરદાન છે.

આપના સ્વરાભિષેકનું આકંઠ પાન હવે ભલે ન થાય, પરંતુ બારીક ચિંતનધારાઓ તો છે જ આપના પત્રોની વિદ્યાપીઠ રૂપે અમ પાસે હવે. સાહેબજી, આપનું જે વિપુલ પત્રવિશ્વ છે તે આપના ગયા પછી વધુ મુખરિત થયું છે. આપને પત્ર લખતી વેળાએ સમય કે સંજોગોના બંધન ક્યારેય નડયાં નહીં અને એટલે જ પામી છે આજે અમે એ શબ્દોની મિરાત. વિરાસત. આપના પત્રો થકી જ રહેશે હજુ યુગો સુધી સ્મરણમાં જીવંત આપનું ઉજળું ને અર્થસભર જીવતર. આપ કર્મશીલ મહાયોગીએ પાડેલા નૂતન ચીલા દ્રશ્યમાન રહેશે યાવત્ ચંદ્રદિવાકરૌ ને સ્મૃતિવંત રહેશે આપનું નિર્વિવાદ અધ્યાત્મ સ્વરૂપ પણ!

એક પત્ર લખાય છે ત્યારે કોરા કાગળ ઉપર કેવળ અક્ષર જ નહીં, પોતાની વિચારયાત્રાનો પમરાટ પણ વેરાય છે તેમાં. પત્રમાં હોય છે એક નરી આંખે ન દેખાય તેવું જોડાણ - બે વ્યક્તિઓના મનોવિશ્વનું, બે માનસનું, બે મંતવ્યોનું અને બે તરસનું. હોય છે તેમાં સ્નેહની સૌરભ. સંવાદ. ટેરવાનો ઉમળકો. અશબ્દ રણકો. પત્રથી જોડાવાય છે. પત્ર લખવા અને પામવા - બંનેથી ભીતરના પોલાણને સભરતાનો સ્પર્શ થાય છે. ઋણાનુબંધના તારનો ઝંકાર થાય છે. એક અદૃષ્ટ સેતુનું નિર્માણ થાય છે પત્રથી. એ વાણી-વિચાર-આચરણનું પ્રતિબિંબ ઝીલનાર બને છે અરીસો. વિસામો. થાકલો.

અંતરની અમીરાત ને હૃદયના હેતમાં ઝબોળાઇને જ્યારે કલમ ચાલે છે ત્યારે ઝરે છે તેમાંથી વાત્સલ્યભરી જાણે રૂબરૂ મુલાકાત. પછી તેમાંથી વંચાય માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, અંતરજ્ઞાન પણ.

વસંતપંચમીની સવારે આમંત્રણ મોકલ્યા વગર જ થતો પંખીઓના કલરવનો ધ્વનિ કે પછી અરવ રીતે ખુલતો પુષ્પ ખીલવાનો અરવ અસબાબ - એ બંને આપે છે સૌને જેટલી તૃપ્તિ, સાહેબજી! આપના પત્રવિશ્વમાંથી છલકાતો અધ્યાત્મનો મૂક સંદેશ આજે આપે છે તેથી પણ શતાધિક સંતૃપ્તિ!

વિશુદ્ધ વિજ્ઞાનઘન આત્મસ્વરૂપમાં અવસ્થિત સાહેબજીની ચિન્મયી શક્તિ એકરસ થઇ છે હવે પત્રો સ્વરૂપે - નિર્ગુણ નિરાકાર થઇ! સમાવિષ્ટ છે જેમાં તેઓનું ભાવાવરણ ને પરહિતચિંતક સ્પંદનો!

ક્ષર અને અક્ષરનું છે સાહેબજીના પત્ર સાહિત્યમાં અતુલનીય સાયુજ્ય.

સાહેબજી, આપના નાદબ્રહ્મની નિરવતા ટાળવા શબ્દબ્રહ્મની સમરસતાનું કલકલ ઝરણું વહે છે તેમાં! અમારા અસ્તિત્વનું ગુરુત્વમધ્યબિંદુ જો ક્યારેય વિચલિત ન થવા દઇને આપના એ શબ્દોમાં સંનિહિત રાખીશું તો અમારા જીવતરની સમતુલા સદૈવ જળવાશે. અમારા ઉધામા બંધ થશે. પ્રસન્નતા ચોમેર પ્રસરી ઉઠશે ને અમે પણ સ્વ અને સર્વ માટે શિવંકર-ભદ્રંકર બની રહેશું. બસ, આપ 'તથાસ્તુ' કહો!

સાહેબજી, આપનું પુણ્યસ્મરણ એ અમારા જીવનમાં આજે પણ બનતી રોજની વસંતમય ઘટના છે. જેમાં અહોભાવ છે. થોડો ખટકો પણ છે કે આવા મહામાનવની હાજરીમાં અમારાથી આપને ઓછા ઓળખી શકાયા! અપૂર્વ યોગની સાધનાથી પુષ્ટ થયેલું તમારું આ જીવન સદૈવ રહે છે અમ અક્ષિ સમક્ષ જ, સાહેબજી! દિવ્યતમ હતી આપની સંગે ગાળેલી એક-એક ક્ષણ... પણ ત્યારે એ સ્પંદનો જાણે ઓછા ઝીલી શકાયા!

એ સ્પંદનોનું પાન કરવું છે ફરી વાર - પણ હવે સ્મરણપૂર્વક.
એ કૃતજ્ઞતાગુણને જીવવો છે જીવનભર - પણ હવે મોક્ષના સંકલ્પપૂર્વક.
એ નવકારનું અભિવાદન કરવું છે વારંવાર - પણ હવે શ્રદ્ધાપૂર્વક.
મૈત્રીની એ માયામાં જ રહેવું છે અનેકવાર - પણ હવે સમજણપૂર્વક.

સલૂણા સાહેબજી, આજે ય તમારી કૃપા પામવી એ આકાશકુસુમવત્ નથી જ. એક પુષ્પ ખીલે છે ત્યારે ક્યાં તે અલગ-અલગ ભાગમાં વારાફરતી ખૂલે છે? એ તો આખું જ ખીલે છે એક સાથે જ! તમારી કૃપા પણ એક સાથે આખી ખીલતી નિત-નિત અનુભવાઇ છે. આપ અમારી સન્મુખ જ છો!

અંતિમ છોર સુધી ગમે અકબંધ, તેવી મૂકી ગયા છો અગણ્ય અનુપ્રેક્ષા;
સરળ રાખીશું હવે અવશ્ય અમ વાણી, વર્તન અને વ્યવહારની ચેષ્ટા!
આનંદ તરબોળ થઇ અધ્યાત્મ શિખરે હો તમે ને ભલે હો અમે તળીયે,
પરભવ ઉજળે એવા ધ્યાન-મૌન-એકાંત સહ નવકાર છાયામાં હવે ભળીએ.

આપ છો અમ ભાવિકોને કાજ ત્વરિત ફલિત રૂડો કલ્પતરૂ,
અવનીમાંથી તાજા જ બહાર નીકળેલ અધ્યાત્મરત્નના ચરુ!
મૈત્રી, પ્રમોદ, કરુણા ને માધ્યસ્થ રૂપી છો ચતુર્મુખી પ્રતિમા...
આપ થકી જ નવપદજી પામ્યાના મહાનંદની નથી કોઇ સીમા!

પરોપકારના રહ્યા છો આપ મહાગિરિ;
જીવમાત્રના કલ્યાણ કાજે સદા સુરગિરિ!
છો આપ જ જગતારણ ભદ્રંકર મુક્તિગિરિ
વળી બન્યા છો આપ જ અકલંક કંચનગિરિ.

આપીએ અર્ઘ્ય એવી અશ્રુમાલાનું, આપના નામસ્મરણ મોતીથી મઢેલી જે;
અવતરે કૃપા એવી આપની કે સિદ્ધશિલા સુધી બને અમ શાશ્વત શરણ તે!

## પૂ જ્ય પં ન્યા સ જી મ હા રા જ

અમારી માટે દસાક્ષરી આ જાણે એવો મંત્ર છે જે આત્મમંગલરૂપ છે.
કર્મનિર્જરા માટે તે પરમ આયુધ, પરંપરાએ દુઃખોચ્છેદક ને મંગલસુખપ્રાપક છે.

દૈવે દીધાં જગતનાં સુખ તે તજીને,
ભાવે ભજ્યા જગપતિ જિનરાજ નિત્યે,
હા હાસ્ય જો પૂનમ ચંદ્ર તણું સમીપે,
ભદ્રંકરી તવ કૃતિ જગ એમ દીપે.



।। समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ।।

શત-સહસ્ર ત્રિકાળ વંદના.

“સાહેબજી, આપ અહીં જ છો.

અમારી પરિસર.

સદાકાળ.”

- આપના ચરણકમળે સ્થિત શિશુવૃંદ

# પૂજ્ય પંન્યાસજી મહારાજની સંક્ષિપ્ત જીવન તવારીખ


| | | |
|---|---|---|
| મંગલ જન્મદિન | : | માગસર સુદ ત્રીજ, સંવત ૧૯૫૯ |
| સુજન્મસ્થળ | : | ફોફલિયા વાડો, પાટણ (ઉત્તર ગુજરાત) |
| શુભ નામ | : | ભગવાનદાસ |
| માતા - પિતા | : | ચુનીબાઇ - હાલાભાઇ |
| શૈક્ષણિક અભ્યાસ | : | ૧૬ વર્ષની ઉંમરે ઈન્ટર સુધી. |
| ધાર્મિક અભ્યાસ | : | ૧૨ વર્ષે પંચપ્રતિક્રમણ, યોગશાસ્ત્રનાં ૪ પ્રકાશ, ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાનાં સુદીર્ઘ સ્તવનો કંઠસ્થ. તીવ્ર સ્મરણ શક્તિ. |
| રોજનીશી | : | બાલીવયથી જ પ્રભુપૂજા કરવી, પાઠશાળા જવું, ભાવના ભણાવવી. રાત્રિભોજન, કંદમૂળ, અભક્ષ્યનો સદૈવ ત્યાગ. |
| વૈરાગ્યવૃદ્ધિ | : | યૌવનવયે પ્રવેશતા પૂર્વે જ વિરક્તિ પરત્વે અનુરાગ. પૂજ્ય મુનિશ્રી રામવિજયજીનાં વ્યાખ્યાનોથી વૈરાગ્ય પુષ્ટિ. |
| પ્રમુખ તપસ્યા | : | નિત્ય એકાસણા આયંબીલ, નવપદ આરાધક સમાજના આદ્યસ્થાપક, છ માસ સતત આયંબીલ, અઠ્ઠાઈતપ, વર્ધમાન તપની પર ઓળી. |
| પત્ની - પુત્ર | : | હીરાબેન - જીતુભાઇ |
| પ્રવજ્યા ગ્રહણ | : | કારતક વદ ત્રીજ, સંવત ૧૯૮૭ (ભાયખલ્લા, મુંબઇ) |
| દીક્ષાદાતા | : | મહાગીતાર્થ પૂજ્ય આચાર્યપ્રવરશ્રી દાનસૂરીશ્વરજી મહારાજ |
| શિક્ષાદાતા | : | સિદ્ધાંતમહોદધિ ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મહારાજ. |
| ધર્મદાતા | : | વ્યાખ્યાનવાચસ્પતિ ગુરુવરશ્રી પંન્યાસ રામવિજયજી ગણિવર્ય |
| સર્વવિરતિધર નામ | : | મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી |
| અનુપ્રેક્ષા | : | શ્રી નવકાર મંત્ર, લોગસ્સ સૂત્ર તથા ઉવસ્સગ્ગહરં સૂત્રના પ્રબોધક |
| મનન-સાધના | : | નવકાર, નવપદજી, પરોપકાર અને મૈત્રીના મહાસાધક |
| શિષ્ય પરિવાર | : | શિષ્યો - ૨૦ / પ્રશિષ્યો - ૮૫ |
| પદવીદાન દિન | : | પંન્યાસ પદવી - મહા સુદ બારસ, સંવત ૨૦૦૭ (પાલીતાણા) |
| વિહારક્ષેત્રો | : | મહારાષ્ટ્ર, ગુજરાત, કાઠીયાવાડ, હાલાર, સૌરાષ્ટ્ર, કર્ણાટક, મારવાડ |
| દેહાત્મક સુલક્ષણો | : | સૌમ્ય મુખમુદ્રા, વિશાળ ભાલ, ટટ્ટાર ચાલ, કરૂણામય આંખો, આજાનબાહુ, ગૌર વર્ણ, પ્રભાવક વાણી, નિર્ભય સાંન્નિધ્ય. |
| પ્રથમ-અંતિમ ચાતુર્માસ | : | પાટણ |
| દીક્ષાપર્યાય | : | ૪૯ વર્ષ - ૬ માસ (આયુષ્ય - ૭૯ વર્ષ) |
| દેહવિલય | : | વૈશાખ સુદ ૧૪, સંવત ૨૦૩૬, રાત્રે ૮ : ૧૦ કલાકે, પાટણ. |

# વીસમી સદીના આ મહાન યોગીની સાહિત્ય સૃષ્ટિ

પરમેષ્ઠિ નમસ્કાર અને સાધના, જૈન માર્ગની પીછાણ, અનુપ્રેક્ષા, પ્રતિમાપૂજન, જિનભક્તિ, દેવદર્શન, આરાધનાનો માર્ગ, આસ્તિક્તાનો આદર્શ, નમસ્કાર મહામંત્ર, નમસ્કાર દોહન, ધર્મશ્રદ્ધા, તત્ત્વ દોહન, પ્રાર્થના, તત્ત્વપ્રભા, મંગલ વાણી, સંત વચન સોહામણા, અજાતશત્રુની અમરવાણી, અનુપ્રેક્ષાનું અમૃત, મનન માધુરી, આત્મચિંતન, ધર્મચિંતન, નમસ્કાર મીમાંસા, નિત્ય સમરો નવકાર, અનુપ્રેક્ષાના અજવાળાં, અનુપ્રેક્ષા અમૃત, જિનશાસનનો સાર, જૈન તત્ત્વ રહસ્ય, ધર્મ સાધના, આરાધના સંગ્રહ, પ્રતિક્રમણની પવિત્રતા, નાસ્તિક મતનું નિરસન, આસ્તિક્તાનો આદર્શ, મંગલ વાણી, ચૂંટેલુ ચિંતન, ચિંતન સુવાસ, ચિંતન ધારા, ગુરુદેવશ્રીનાં વચનામૃતો, વચનામૃત સંગ્રહ, આત્મ ઉત્થાનનો પાયો, પ્રવચનો (પાટણ, લાલબાગ, અંધેરી), તાત્ત્વિક પત્રવેલી, અમીદ્રષ્ટિથી સંયમ્દ્રષ્ટિ, આધ્યાત્મિક પત્રમાળાઓ, પ્રેરણાનું અમૃતપાન, નમસ્કાર ચિંતનયાત્રા ઈત્યાદી ગ્રંથો.



धम्मो मंगलमुक्किठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥







# પારસમણિ

## પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

